III/1922 1274



65

Reg. No. 244.

1922

સેવાસદન

65

સેવા સદન.

સમાજના સ્પષ્ટ
અંગો ચર્ચતી અતિ
રસિક સચિત્ર વાર્તા.

મુળ લેખક:

શ્રીયૂત પ્રેમચંદ.

અનુવાદક:

સ્વર્ગસ્થ હાજીમહમદ અલારખિયા શિવજી.

કિંમત રૂ. ૪-૪-૦

પ્રકાશક: શિવજી દેશાઇ એન્ડ કુંપની.

નાથાની બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, મુંબઇ, નં. ૩.

સાંજ વર્તમાન પ્રીન્ટીંગ પ્રેસમાં
રૂસ્તમ ન. વાચ્છા ગાંધીએ
શિવજી દેશાઈ એન્ડ કું. માટે છાપ્યું.
[ગુલામ હુસેન હાજી મહમદે શિવજી દેશાઈ એન્ડ કું૦ વતી નાથાણી બીલ્ડીંગ,
મસજીદ બંદર રોડ, મુંબઈ, નાં૦ ૩, માંથી પ્રગટ કર્યું.]

સેવા સદન

લખનાર:

રા. પ્રેમચંદ

ચિત્રકાર: રા. માલી.

પ્રકરણ ૧ લું.

પશ્ચાતાપના કડવાં ફળ કોઇ ને કોઇ-વાર સર્વને ચાખવાં પડે છે, પરંતુ બીજાં લોક કરેલી બુરાઇઓ માટે પસ્તાય છે. દારોગા કૃષ્ણચન્દ્ર પોતે કરેલી ભલાઇ માટે પસ્તાવો કરી રહ્યા હતા. તેમને થાણેદારી કરતાંએ પચ્ચીસ વર્ષ થવા આવ્યાં હતાં પણ તેમણે કદીએ પોતાની દાનત બદલી ન હતી. યૌવન કાલમાં પણ જ્યારે ચિત્ત ભોગ–વિલાસ માટે વ્યાકુલ રહે છે, તે વખતે પણ તેમણે નિસ્પૃહ ભાવથી પોતાનું કર્તવ્ય પાલન કર્યું હતું. પણ આટલા દિવસો બાદ આજે તે પોતાની સરળતા અને વિવેક માટે હતું તેમ કરવામાં પોતે ખોટું કર્યું, કરી હાથ ખંખેરતા હતા. તેમની પત્ની ગંગાજલી સતી સાધ્વી સ્ત્રી હતી. તેણે સદૈવ પોતાના પતિને કુમાર્ગથી બચાવ્યો હતો. પણ આ સમયે તો તે પણ ચિન્તામાં ડૂબી હતી. તેને પોતાને હવે સંદેહ લાગ્યો કે આ જીવન પર્યન્તનું સદ્ચરિત્ર બિલકુલ વ્યર્થ પાણીમાં તો નથી ગયું ?

દારોગા કૃષ્ણચન્દ્ર રસિક, ઉદાર અને સજ્જન મનુષ્ય હતા. હાથ નીચેનાઓ સાથે તે ભાઇચારાથી વર્તતા હતા. પણ હાથ નીચેનાઓની દૃષ્ટિમાં તેના આ વ્યવહારની કંઇ કિમ્મત ન હતી. તેઓ કહ્યા કરતાં કે અહિં અમારૂં પેટ નથી ભરાતું, અમે એમની ભલમનસાઈને લઇને તે શું કરિયે? –ચાટિયે ? એમની ધમકી, ગાળગળોચ, સખ્તી, સર્વ સ્વીકારીએ પણ કેવલ અમારૂં પેટ ભરવા માગિયે છિયે. લુખી રોટલીઓ ચાંદીની થાળીમાં પીરસાય તો પણ તે પૂરિયો તો નથી બનવાની.

દારોગાજીનો વડો પણ તેમનાથી હમેશાં પ્રસન્ન ન રહેતો. તે બીજા થાણામાં જતાં તો તેનો બહુ બહુ આદરસત્કાર થતો હતો. તેમના મુનશી, નવીશન્દો અને હજુરીયા, બહુ નિમંત્રણોની મોજ ઉડાવતા. મુનશીને નજરાણાં મળતાં, હજુરીયા ઇનામ મેળવતા અને અફસરોને નિત્ય મેવા ફલાદિ ભેટ મળતાં. પણ કૃષ્ણચન્દ્રને ત્યાં આદરસત્કાર ક્યાં ? ન તો તે નિમંત્રણો કરતા કે ન ઇનામો આપતા હતા કે ન ફળ મેવા આપ લે કરતા. જે કોઇ પાસેથી કંઇ પણ લે નહિં તે કોઇને કંઇ આપશે પણ ક્યાંથી? દારોગા કૃષ્ણચન્દ્રની આ શુષ્કતાને લોક અભિમાન સમજતા હતા.

પણ આટલા નિર્લોભી હોવા છતાંએ દારોગાજીના સ્વભાવમાં કરકસરનું નામ ન હતું. તે પોતે તો શોખિન ન હતા. પોતાના ઘરનાઓને આરામ આપવો પોતાનું કર્તવ્ય સમજતા હતા. તેમના સિવાય ઘરમાં ત્રણ જીવ બીજા પણ હતા, સ્ત્રી અને બે પુત્રીઓ. દારોગાજી આ પુત્રીઓને પ્રાણથી અધિક પ્યાર કરતા હતા. તેમના માટે સારામાં સારા કપડાંલત્તાં અને શહેરમાંથી નિત્ય તરેહ તરેહની ચીજો મંગાવ્યા કરતા. બજારમાં કોઈ તરેહદાર કપડું જોતાં તેમનું મન ન માનતું; દીકરીઓ માટે તે જરૂર વેચાતું લઈ જતા. ઘરમાં સામાન એકઠો કરવાની પણ તેમને ધુન હતી. તમામ ઘર ખુરસી, મેજ, કબાટથી ભરપૂર હતું. નગીનાના કલમદાન, ઝાંસીના ગલિચા, આગ્રાની સતરંજીયો બજારમાં નજરે પડતાં તે પર તે લટ્ટુ થઇ જતા. કોઇ લૂટના ધન પર પણ આ રીતે ન ટૂટે. પુત્રીઓને લખવું વાંચવું અને સીવવું ભરવું શિખવવા તેમણે એક ખ્રિસ્તી લેડી શિક્ષક રાખી હતી. કોઇ કોઇ વાર પોતે પણ તેમની પરીક્ષા લેતા હતા.

ગંગાજલી ચતુર સ્ત્રી હતી. તેમને સમજાવ્યા કરતી કે જરા હાથ ખેંચી ખરચ કરો. જીવનમાં જો બીજુ કંઇ કરવું ન પડે તો ભલે, પણ આ દીકરીઓના વિવાહ તો કરવાજ પડવાના. તે વખતે કોની સામે જઇ હાથ ધરશો ? હમણા તો તેમને મખમલી સપાટ પહેરાવો છો, પણ આગળ શું થશે તેની પણ કંઇ ચિંતા છે કે નહિ ? દારોગાજી આ વાતો હસવામાં ઉડાવી દેતા, કહેતા, જેમ બીજાં બધાં કામ ચાલે છે તેમ એ કામ પણ થઇ જશે. કોઇવાર ચિઢાઇ કહેતા કે મારા ઉપર ચિન્તાનો બોજો આવી વાતો કરી ન નાંખ. આ રીતે અહિં દિવસો વિતતા ચાલ્યા અને ત્યાં બન્ને છોકરીઓ કમલ માફક ખિલતી જતી હતી. મોટી દિકરી સુમન સુંદર, ચંચલ અને અભિમાનિની હતી. ન્હાની શાંતા ભોલી, ગંભીર અને સુશીલ હતી. સુમન બીજાંથી સરસ રહેવા ઈચ્છતી. જો બજારમાંથી બન્ને બહેનો માટે એક પ્રકારની સાડિયો આવતી તો સુમન મ્હોં ચઢાવી દેતી. શાંતાને જે કંઇ મલતું તેમાં પ્રસન્ન રહેતી.

ગંગાજલી, પુરાણા વિચારોનુસાર દિકરીઓના ઋણથી શીઘ્ર મુક્ત થવા ચાહતી હતી. પણ દારોગા કહેતાઃ "હજી એ વિવાહ યોગ્ય નથી, શાસ્ત્રોમાં લખ્યું છે કે કન્યાઓના વિવાહ

સોળ વર્ષની પહેલાં કરવા એ પાપ છે.” બસ આ પ્રકારે મનને સમજાવી વાત ટાળી દેતા. સમાચાર પત્રોમાં જ્યારે તેઓ દાયજાની વિરૂદ્ધમાં મોટા મોટા લેખ વાંચતા તો બહુ પ્રસન્ન થતા. ગંગાજલીને કહેતા કે: “જો હવે એક બે વર્ષમાં આ કુરીતિ નીકળી જવાની. ચિંતા કરવાની કંઇ જરૂર નથી.” એમ કરતાં સુમનનું સોળમું વર્ષ પણ આવી પહોંચ્યું.

હવે કૃષ્ણચન્દ્ર પોતાને વધુ વાર ઠગી ન શકયા. તેમની પૂર્વ નિશ્ચિન્તતા એવી હતી કે જે મનુષ્યને પોતાના સામર્થ્યના જ્ઞાનથી ઉત્પન્ન થાય છે. તેનું મૂળ કારણ તેમની અકર્મતણ્યતા હતી. કોઇ વટેમાર્ગુ જે આખો દિવસ કોઇ વૃક્ષ નીચે આરામથી સુઇ રહ્યા પછી સંધ્યાના પડતાંજ, સામે એક ઉંચો પહાડ જોઇ હિમ્મત હારી બેસે છે તેની માફક દારોગાજી પણ ગભરાઇ ગયા. વરની શોધમાં દોડધામ કરવા લાગ્યા. ઠેકઠેકાણેથી ટપકાઓ મંગાવ્યા. તેમને શિક્ષિત કુટુંબ જોઇતું હતું. તેમનું ધારવું હતું કે એવા ઘરોમાં લેવા દેવાની ચર્ચા ન હશે. પણ તેમને આ જોઇ બહુ આશ્ચર્ય ઉપજ્યું કે વરની કિમ્મત તો તેના શિક્ષણ પર આધાર રાખે છે. રાશિ વગેરે બરાબર આવતાં, જ્યારે શું આપવું કરવું એ ઉપર વાત આવતી ત્યારે કૃષ્ણચંદ્રની આંખ સામે અંધારૂ છવાઇ જતું. કોઇ ચાર હજાર કહેતા, કોઇ પાંચ હજાર, અને કોઇ તો એથીએ બહુ આગળ વધી જતા, બિચારા નિરાશ થઇ પાછા વળતા. આજ છ મહીના થયાં દારોગાજી એજ ચિંતામાં પડયા છે. બુદ્ધિ કંઇ ચાલતી નથી. એમાં સંદેહ નથી કે શિક્ષિત સજ્જનોને તેમનાથી સહાનુભૂતી હતી પણ તેઓ એકને એક એવી મુશ્કેલીઓ કાઢી બેસતાં કે દારોગાજીને નિરૂત્તર થઇ જવું પડતું. એક સજ્જને કહ્યું: “મહાશય, હું સ્વયં આ કુપ્રથાનો અંતરથી દુશ્મન છું. પણ કરૂં શું, હજી હમણાજ ગઇ સાલ છોકરીના વિવાહ કર્યા, બે હજાર રૂપિયા કેવલ દાયજામાં આપવા પડયા, બે હજાર બીજા ખાવા પીવામાં ખર્ચ થયા, હવે આપજ કહો કે આ તોટો કેવી રીતે પૂરાય ?”

બીજા મહાશય એમનાથી પણ અધિક નીતિકુશલ હતા. બોલ્યા: “દારોગાજી, મેં છોકરાને પાળ્યો પોષ્યો, સેંકડો રૂપિયા ભણાવવા પછવાડે ખરચ્યા છે. આપની દીકરીને એથી એટલોજ લાભ થશે જેટલો મારા દિકરાને થવાનો. તો આપજ ન્યાય કરો કે એ સર્વ ભાર હું એકલો તે કેવી રીતે ઉપાડી શકું ?”

કૃષ્ણચન્દ્રને પોતાની ઇમાનદારી અને સચ્ચાઇ પર પશ્ચાતાપ થવા લાગ્યો. પોતાની નિસ્પૃહતા પર તેમને જે ગુમાન હતો તે તૂટી ગયો. તે વિચારતા હતા કે જો હું પાપથી ન ડરતે તો આજ મને આ ઠોકરો ખાવી ન પડતે. આ સમયે બન્ને સ્ત્રી પુરૂષ ચિન્તામાં ડુબ્યાં બેઠાં હતાં. બહુ વાર રહી કૃષ્ણચન્દ્ર બોલ્યા: “જોઇ લીધું, સંસારમાં સન્માર્ગ પર ચાલવાનું આજ ફળ મળે છે. જો આજ મેં લોકોને લુંટી પોતાનું ઘર ભરી લીધું હતે તો લોક મારી સાથે સંબંધ કરવામાં પોતાનું સૌભાગ્ય સમજતે. અહિં તો, કોઇ સીધી રીતે વાત સરખીએ કરતું નથી. પરમાત્માના દરબારમાં આ ન્યાય છે ! હવે બેજ ઉપાય છે, કાં તો સુમનને કોઇ કંગાલને પાલવે બાંધું કે કોઇ સોનાની ચલ્લીને જળમાં સપડાવું. પહેલી વાત તો બનનાર નથી, ત્યારે હવે કોઇ સોનાની ચલ્લી હાથ કરવી જોઇએ. ધર્મની મજાહ ચાખી લીધી, સુનીતિની હાલત પણ જોઇ લીધી. હવે તો લોકોનાં ખુબ ગળાં દબાવીશ, સારી પેઠે લાંચરૂશવતો લઇશ. એજ અંતિમ ઉપાય છે. સંસાર એ જ ચાહે છે, આપણી જ્ઞાતિ પણ એ જ ચાહે છે, અને કદાચ ઇશ્વર પણ એ જ ઇચ્છતો હશે, તો એજ ઠીક. આજ હું પણ એમ જ કરીશ, જેમ આખું જગત કરે છે.

પ્રકરણ ૨ જું.

દારોગાજીના વિભાગમાં એક મહન્ત રામદાસ કરી રહેતા હતા. તે સાધુઓની એક ગાદીના મહન્ત હતા, તેમને ત્યાં સર્વ કારોબાર “શ્રી બાંકેબિહારીજી”ના નામે થતો. “શ્રી બાંકેબિહારીજી” લેણુ દેણ કરતા હતા અને ૩૨) ટકાથી ઓછુ વ્યાજ ન લેતા હતા. તેઓજ ભાડાં અને ઠેકા વસુલ કરતા. તેઓજ નામુ ઠામુ વગેરે હિસાબ લખાવતા. શ્રી બાંકેબિહારીજીની રકમ દબાવવાનો કોઇને સાહસ ન થતો, અને ન પોતાની રકમ માટે કોઇ બીજો માણસ તેમની સાથે કડાઇએ કરી શકતો. “શ્રી બાંકેબિહારીજી”ને રૂષ્ટ કરી તે ઇલાકામાં રહેવું કઠિણ હતું. મહન્ત રામદાસને ત્યાં દસ વીસ મોટા તાજા સાધુ સ્થાયી પણે રહેતા હતા. તેઓ અખાડામાં દંડ પિલતા, ભેંસનું તાજું દુધ પીતા,

સાંજના દુધિયા–ભાંગ છાણતા અને ગાંજા ચરસની ચલમ તો કદી ઠંડી થવા ન પામતી હતી. આવા બળવાન સંગ વિરૂદ્ધ કોણ માથું એ ઉપાડે?

મહન્તનું અધિકારીયોમાં બહુ માન હતું. "શ્રી બાંકેબિહારી" તેમને ખૂબ મોતીચૂરના લાડુ અને મોહનભોગ ખવાડતા હતા. તેના પ્રસાદનું કોણ ઇન્કાર કરી શકતું? ઠાકોરજી સંસારમાં આવી સંસારની રીતિનીતિ પર ચાલતા હતા.

મહન્ત રામદાસ જ્યારે પોતાની સેવક સૃષ્ટિની તપાસણીના પર નિકળતા તો તેમની સવારી રાજવંશી ઠાઠ સાથે નીકળતી. સઉથી મોખરેના હાથી પર "શ્રી બાંકેબિહારીજી"ની સવારી રહેતી. તેની પછી પાલખીમાં મહન્તજી બિરાજતા, તે પછી સાધુઓની સેના ઘોડાઓ પર સવાર, રામ નામના ઝુંડાઓ લઇ પોતાની વિચિત્ર શોભા પ્રત્યક્ષ કરતી હતી. ઉંટો પર ડેરા અને તંબુઓ લાધ્યા રહેતા હતા. આ ટોળું જે ગામ જઇ પહોંચતુ તેની કમબખ્તી આવતી.

આ વર્ષ મહન્તજી તીર્થયાત્રા કરવા ગયા હતા. ત્યાંથી આવી તેમણે એક મોટો યજ્ઞ કર્યો. એક મહીના સુધી હવનકુંડ પ્રજ્વલિત જ રહ્યો, મહીનાઓ સુધી કઢાઇઓ ન ઉતરી, પૂરા દસ હજાર મહાત્માઓના નિમન્ત્રણ હતા. આ યજ્ઞ માટે ઇલાકાના પ્રત્યેક આસામી પાસેથી તેના ખેતરમાંના હળ પાછળ પાંચ રૂપિયાનો ફાળો ઉઘરાવવામાં આવ્યો હતો. કોઈએ ખુશીથી આપ્યું, કોઇએ ઉધાર કઢાવી આપ્યા! અને જેની પાસે ન હતા તેને ચીઠી લખી આપવી પડી. "શ્રી બાંકેબિહારીજી"ની આજ્ઞા કોણ ટાળી શકે તેમ હતું? જો ઠાકોરજીને હાર માનવી પડી હોય તો તે કેવલ એક અહીરથી, જેનું નામ ચેતુ હતું. ચેતુ બુઢો, દરિદ્ર માણુસ હતો. ઘણા વર્ષો થયાં તેનો પાક બગડતો હતો. તે ઉપર થોડા દિવસ થયાં "શ્રી બાંકેબિહારીજી"એ પોતાની લ્હેણી નીકળતી રકમની ફરિયાદી કરી તેને કરજના બોજામાં વિશેષ દબાવ્યો. તેણે આ ફાળાની રકમ આપવાની ના પાડી. એટલે સુધી કે તે રકમની ચીઠી પણ લખી ન આપી. ઠાકોરજી એવા દ્રોહીને તે કેવી રીતે ક્ષમા કરે? એક દિવસ કેટલાક મહાત્માઓ ચેતૂને પકડી લાવ્યા. ઠાકોરદ્વારની સામેજ તેના પર માર પડવા લાગ્યો. ચેતૂનું પણ માથું ફર્યું. હાથ તો બાંધેલા હતા, મ્હોંથી લાત અને મુક્કીઓના જવાબ આપતો રહ્યો અને જ્યાં સુધી જીભ બંધ ન પડી ત્યાં સુધી ચુપ ન થયો. આટલું કષ્ટ આપતાંએ ઠાકોરજીને સંતોષ ન થયો. તે જ રાતના તેને જાનથી મારી નાખવામાં આવ્યો. પ્રાતઃકાલે ચોકીદારે થાણામાં રીપોર્ટ કર્યો.

દારોગા કૃષ્ણચન્દ્રને ખબર થઇ. જાણે ઇશ્વરે ઘેર બેઠાં સોનાની ચલ્લી તેમની પાસે મોકલી દીધી. પૂછપરછ કરવા ચાલ્યા.

પણ મહન્તજીનો આ ઇલાકામાં એવો ધાક બેઠો હતો કે દારોગાજીને કયાંથીએ એ બાબતના સાક્ષી પૂરાવા ન મળી શકયા. લોક એકાન્તમાં આવી તેમને સર્વ વૃતાંત કહી જતા હતા, પણ કોઇ પોતાની સાક્ષી ન નોંધાવતું.

આ રીતે ત્રણ ચાર દિવસ વીતી ગયા. મહન્ત પહેલાં તો અકડાઇમાં રહ્યા. તેમને એવી ખાત્રી હતી કે ભેદ નથી ખૂલવાનો. પણ જ્યારે તેમને પત્તો મળ્યો કે દારોગાજીએ કેટલાક જણાઓને ફોડ્યા છે, તો કંઇક નરમ પડ્યા. પોતાના મુખત્યારને દારોગાજી પાસે મોકલ્યા. કુબેરને શરણે ગયા. લેણદેણની વાત થવા લાગી. કૃષ્ણચંદ્રે કહ્યું: "મારી વાત તો તમે જાણો છો કે લાંચ રૂશ્વત હું કદી લેતો નથી."

મુખત્યારે કહ્યું: "હા, એ તો જાણિયે છિયે, પરંતુ સાધુસંતો પર તો કૃપા કરવી જોઇએ."

આ પછી આ બન્ને સજ્જનોએ કંઇક છૂપી વાતો કરી. મુખત્યારે કહ્યું: "ના સરકાર, પાંચ હજાર તો બહુ થયા. મહન્તજીને તો આપ જાણો છો. તેઓ જો પોતાની ટેક પર આવી જશે તો ભલે ફાંસી ચઢશે પણ પોતાની વાતથી એક ડગલું ન હટશે. ચાલો ત્યારે તેમને પણ ભારી ન પડે અને આપનુંએ કામ થાય." આખરે ત્રણ હજાર પર વાત નક્કી થઇ.

પણ કડવી દવા ખરીદી લાવી, તેનો કાઢો બનાવી અને તે ઉપાડીને પીવામાં બહુ અન્તર છે. ત્યાં મુખત્યાર તે મહન્ત પાસે ગયો અને કૃષ્ણચન્દ્ર વિચારમાં પડયા કે "આ અહિં હું શું કરી રહ્યો છું?"

એક તરફ રૂપિયાનો ઢગલો હતો અને ચિંતા વ્યાધીથી મુક્ત થવાની આશા, બીજી તરફ આત્માનો સર્વ નાશ અને પરિણામનો ભય. ના હા કરતાં પણ બને તેમ ન હતું.

જન્મ સુધી નિર્લોભ રહ્યા પછી આ સમય પોતાના આત્માનું બલિદાન કરવામાં દારોગા-

જીને બહુ દુઃખ થતું હતું. તે વિચારતા હતા, જો આમજ કરવું હતું તો આજથી ૨૫ વર્ષ પહેલાં જ કાં ન કીધું? હમણા સુધીમાં તો સોનાની દીવાલ ઉભી કરી દીધી હતે. ઇલાકો આખો લઇ લીધો હતે. આટલા સમય સુધી ત્યાગનો આનંદ લીધા પછી બુઢાપામાં આ કલંક! પણ મન કહેતું કે, એમાં તારો તે શું અપરાધ? તારાથી જ્યાં સુધી નિભે ત્યાં સુધી નિભાવ્યું. ભોગવિલાસ ખાતર જ અધર્મ નથી કર્યો. પણ જ્યારે દેશ, કાલ, પ્રથા અને આપણા પોતાનાજ જ્ઞાતિ ભાઇઓનો લોભ, તને કુમાર્ગ તરફ લઇ જાય છે તો તેમાં તારો તે શું દોષ? તારો આત્મા તો હજીએ પવિત્ર છે. તું ઇશ્વર સમક્ષ હજીએ નિરાપરાધી છે. આ પ્રકારના તર્ક કરી દારોગાજીએ પોતાના મનને સમજાવી લીધું.

પરંતુ પરિણામનો ભય કોઇ રીતે પીછો મૂકતો ન હતો. તેમણે કદી લાંચ ખાધી ન હતી. એટલે એ વિષયમાં તેમને હિમ્મત ન હતી. જેણે કદી કોઇ પર હાથે ન ઉગામ્યો હોય તે એકાએક તલવારનો ઘા નથી કરી શકતો. જો કયાં વાત ખૂલી ગઇ તો? કેદખાના સિવાય બીજે કયાં ઠેકાણું થનાર નથી, સર્વ નેકનામી ધૂળમાં મળી જવાની. આત્માને તર્કથી સમજાવી શકાય પણ પરિણામનો ભય તર્કથી દૂર નથી થઇ શકતો. તેને તો ઢાંકપિછોડાની જરૂર છે. દારોગાજીએ પણ બનતી રીતે આ મામલાને ગુપ્ત રાખ્યો. મુખત્યારને તાકીદ કરી દીધી કે આ વાતનો ભણકારો પણ કોઇના કાનમાં ન જવા પામે. થાણાના કૉન્સટેબલો અને બીજા માણસોથી પણ સર્વ વાત ગુપ્ત રાખવામાં આવી.

રાતના નવ વાગ્યા હતા. દારોગાજીએ પોતાના ત્રણે કૉન્સટેબલોને કોઇ બહાનાથી થાણા પર મોકલી દીધા. ચોકીદારોને પણ કંઇ કામ સોંપી અહિં તહિં મોકલ્યા અને પોતે એકલા બેઠા મુખત્યારજીની વાટ જોઇ રહ્યા હતા. મુખત્યાર હજી પાછો વળ્યો ન હતો. "એ કરવા શું માગે છે? ચોકીદાર બધા આવી ઘેરી લેશે તો મુશ્કેલી થઇ પડશે. એથી તો મેં એને જલ્દી આવવા કહ્યું હતું. ઠીક, પણ બે ઘડી એમ પણ માનીયે કે મહન્ત ત્રણ હજાર આપવા ખુશી ન થયો તો? ના, એથી ઓછા તો નહિંજ લેવાનાં. એથી ઓછે વિવાહ થઇ શકે તેમ નથી."

દારોગાજી મનમાં જ હિસાબ ગણતા હતા કે કેટલા રૂપિયા દાયજામાં આપીશ અને કેટલા જમણવાર વગેરેમાં ખરચીશ.

આસરે અરધો કલાક રહી મુખત્યાર સાહેબના આવવાની ખબર મળી. તેમની છાતી ધડકવા લાગી. તે ખાટલા પરથી ઉઠી બેઠા, પછી પાનદાન લઇ પાન બનાવવા લાગ્યા. એટલામાં તો મુખત્યાર અંદર આવ્યો.

કૃષ્ણચન્દ્ર: "બોલો!"

મુખત્યાર: "મહન્તજીએ......"

કૃષ્ણચન્દ્રે દરવાજા તરફ જોઇ કહ્યું: "રૂપિયા લાવ્યા છો કે નહિં?"

મુખત્યાર: "જી હા, લાવ્યો તો છું પણ મહન્તજીએ...."

કૃષ્ણચન્દ્રે પાછું ચારે તરફ બારીક નજરે જોઇ કહ્યું: "હું એક કોડી પણ કમતી નથી લેવાનો."

મુખત્યાર: "ઠીક, પણ મારો હક તો આપશોને?"

કૃષ્ણચન્દ્ર: "તમારો હક મહન્તજી પાસેથી લેજો!"

મુખત્યાર: "સેંકડે પાંચ ટકા તો અમારા બાંધેલાજ છે."

કૃષ્ણચન્દ્ર: "આમાંથી તો એક કોડીએ મળનાર નથી. હું આત્મા વેચી રહ્યો છું. કંઇ લુટી નથી લેતો."

મુખત્યાર: "આપની જેવી મરજી, પણ મારો હક માર્યો જાય છે."

કૃષ્ણચન્દ્ર: "મારી સાથે થાણા સુધી ચાલવું પડશે."

તરત ગાડી તૈયાર થઇ અને બન્ને જણ બેસી, ચાલ્યા. ગાડીની આગળ પાછળ ચોકીદારોનું ટોળું હતું. કૃષ્ણચન્દ્ર ઉઠી ઘર પહોંચવા ચાહતા હતા. ગાડીવાનોને વારંવાર ઝડપથી હાંકવા કહેતા.

અગીયાર વાગતે ઘર પુગ્યા. દારોગાજી મુખત્યારને લઇ પોતાના ઓરડામાં ગયા અને બારણા બંધ કર્યાં. મુખત્યારે થેલી કાઢી. થોડી ગીનીયો હતી, થોડી નોટ અને બાકી નગદ રૂપિયા. કૃષ્ણચન્દ્રે ઝટ થેલી લઇ લીધી અને વગર જોયે તપાસે પોતાની પેટીમાં નાંખી તાળું મારી દીધું.

ગંગાજલી હમણા સુધી તેમની વાટ જોઇ રહી હતી. કૃષ્ણચન્દ્ર મુખત્યારને વિદાય કરી ઘરમાં ગયા. ગંગાજલીએ પૂછ્યું: "આટલી વાર કાં કરી?"

કૃષ્ણચન્દ્ર : "કામ એવું આવી પડયું અને બહુ દૂરનું એ હતું."

ભોજન કરી દારોગાજી લેટયા, પણ ઉંઘ આવતી ન હતી. સ્ત્રીને રૂપીયાની વાત કહેતા તેમને સંકોચ થતો હતો. ગંગાજલીને પણ ઉંઘ ન આવતી હતી. તે વારંવાર પતિના મ્હોં સામે જોતી. જાણે પૂછતી હોય કે બચ્યા કે ડૂબ્યા?

અંતમાં કૃષ્ણચન્દ્ર બોલ્યા: "જો તું નદીને કિનારે ઉભી હો અને પછવાડેથી એક વાઘ તારી પર તુટી પડે તો તું શું કરે?"

ગંગાજલી આ પ્રશ્નની મતલબ સમજી ગઇ. બોલી: "નદીમાં કુદી પડું."

કૃષ્ણચન્દ્ર: "પછી ભલે ડૂબી જાય?"

ગંગાજલી: "હા. ડૂબી જવું વાઘના મ્હોંમાં પડવા કરતાં સારૂં છે."

કૃષ્ણચન્દ્ર: "ઠીક, જો તારા ઘરમાં આગ લાગી હોય અને દરવાજામાંથી નિકળવાનો રસ્તો ન હોય તો તું શું કરશે?"

ગંગાજલી: "છાપરાં પર ચઢી જઇશ અને નીચે કૂદી પડીશ."

કૃષ્ણચન્દ્ર: "આ સવાલોનો મતલબ તારી સમજમાં આવ્યો?"

ગંગાજલીએ દીનભાવથી પતિની તરફ જોઇ કહ્યું: "હજી શું હું એવી અણસમજ છું?"

કૃષ્ણચન્દ્ર: "હું કૂદી તો પડયો છું. બચીશ કે ડૂબીશ તે ખબર નથી."

પ્રકરણ ૩ જું.

પંડિત કૃષ્ણચન્દ્ર લાંચ લઇ તેને છૂપાવવાના સાધન ન જાણતા હતા. આ વિષયમાં હજી નવા નિશાળિયા હતા. તેમને ખબર ન હતી કે હરામનો માલ એકલા તો મુશકેલીએ પચે છે. મુખત્યારે પોતાના મનમાં કહ્યું: "મેં તો સર્વ કંઇ કીધું અને મારાથીજ આ વર્તણુક! મને તે એટલી શું પડી હતી કે આ ઝગડામાં જઇ રાત દિવસ તારી ખુશામત કરૂં. મહન્ત ફસતે કે બચતે, તે તો તેનું ભાગ્ય—મને તો કંઇ પોતા સાથે ન લઇ જતે. તું ખુશી થતે કે નારાજ તેમાં મારે શું? મેં જે આ કંઇ દોડધામ કરી તે તો કંઇ આશાને અંગે જ કરી હતી."

તે દારોગાજી પાસેથી ઉઠી સીધો થાણા પર આવ્યો અને વાત વાતમાં ઘડો ફોડી નાખ્યો.

થાણાના અમલદારોએ કહ્યું: "વાહ! અમારાથી આ ચાલબાજી! અમારાથી છૂપાવી આમ રકમો ઉડાવવામાં આવે છે! જાણે અમે સરકારના નોકરજ નથી. જોઇએ છિયે આ માલ કેમ હજમ થાય છે. જોજો આ બગલા ભક્તિની મજાહ કેવી ચખાડિયે છિયે."

કૃષ્ણચન્દ્ર તો વિવાહની તૈયારીઓમાં મગ્ન હતા. વર સુંદર, સુશિક્ષિત હતો. કુળ ઉંચુ, અને ધનવાન. બન્ને તરફથી લખાવટો થતી હતી. ત્યાં ઉપરી અમલદારો પર ગુપ્ત ચિઠિયો પહોંચી ગઇ હતી. તેમાં તમામ વાત એવી સફાઇથી સમજાવેલી હતી તેમજ તહોમતના એવા સબલ પ્રમાણ આપેલા હતા, કે અમલદારોના મનમાં સંદેહ ઉત્પન્ન ગઇ ગયો. તેઓએ ગુપ્ત રીતે તપાસ કરી. સંદેહ જતો રહ્યો. તમામ ભેદ ખૂલ્લો થઇ ગયો.

એક મહીનો વીતી ચૂકયો હતો. કાલે વેશવાલનું તિલક મોકલવાની ક્રિયા હતી. દારોગાજી સાંજ સમયે થાણામાં ગાદીએ બેઠા હતા, તે જ સમયે સામેથી પોલીસ સુપ્રીનટેંડંટ આવતો દેખાયો. તેની પછવાડે બે થાણેદાર અને કેટલાક કોન્સ્ટેબલો ચાલ્યા આવતા હતા. કૃષ્ણચંદ્ર તેમને જોતાંજ ગભરાઇ ઉઠયા. એક થાણેદારે આગળ વધી તેમને પકડવાનુ વારંટ બતાવ્યું. કૃષ્ણચંદ્રનું મ્હો પીળું પડી ગયું. તેમણે જડ મૂર્તિની પેઠે ચુપચાપ ઉભા થઇ ગઇ માથું ઝૂકાવી દીધું. તેમના ચહેરા પર ભય નહોતો, લજ્જા હતી. આ તે જ બન્ને થાણેદાર હતા, જેમની સામે તેઓ અભિમાનથી માથું ઉપાડી ચાલતા હતા, જેને તેઓ નીચ સમજતા હતા. જન્મભરની નેકનામી ધૂળ મળી ગઇ. થાણામાંના માણસોએ મનમાં કહ્યું: "અને એકલા એકલા લાંચની રકમો ઉડાવો."

સુપ્રીન્ટેન્ડંટે કહ્યું: "વેલ" કિશનચંદ, ટુમ અપને બારેમેં કુછ કરના ચાહટા હૈ?

કૃષ્ણચંદ્રે વિચાર્યું, શું કહુ? શું કહી દઉં કે હું બિલકુલ નિરાપરાધી છું, આ સર્વ કંઇ મારા શત્રુઓની દુશ્મનાઇ ને બનાવટ છે. થાણાવાળાઓ મારી ઇમાનદારીથી થાકી મને અહિંથી કાઢવા માટે આ ચાલ ચાલ્યાં છે.

પણ તેઓ પાપાભિનયમાં એવા સિદ્ધ હસ્ત ન હતા. તેમનો આત્મા સ્વયં પોતાને અપરાધના બોજા નીચે દબાવી રહ્યો હતો. તેઓ પોતાની નજરમાંએ પોતાને હલકો ગણતા હતા.

જે પ્રકારે વિરલા જ દુરાચારિયોને પોતાના કુકર્મોનો દંડ મળે છે તે જ પ્રકારે સજ્જનતાનો દંડ પામવો એ અનિવાર્ય છે. તેનો ચેહેરો, તેની આંખો, તેના આકાર પ્રકાર, સર્વ કોઇ જાણે જીભ બની તેની વિરૂદ્ધ સાક્ષી આપી રહ્યા છે. તેનો આત્મા સ્વયં પોતાનો જ ન્યાયાધીશ બની જાય છે. સીધા માર્ગે વિચરનાર મનુષ્ય ગુંચવણભરી ગલીઓમાં ઘુસી જતાં અવશ્ય માર્ગ ચૂકી જાય છે.

કૃષ્ણચંદ્રનો આત્મા તેને બાણોથી વિંધી રહ્યો હતો. લે તારા કર્મોના ફળ. હું ન કહેતો હતો કે સાપના દરમાં હાથ ન નાંખ. તેં મારૂં કહ્યું ન માન્યું. આ તેનું જ ફળ છે.

સુપ્રીનટેંડેંટે ફરી પૂછ્યું: "તુમ અપને બારેમેં કુછ કહેના ચાહતા હૈ?"

કૃષ્ણચંદ્ર બોલ્યા: "જી હા, હું એજ કહેવા ચાહું છું કે મેં અપરાધ કર્યો છે, અને તેનો કઠોરમાં કઠોર દંડ મને આપવામાં આવે. મારૂં મ્હોં કાળું કરી મને તમામ કસબામાં ફેરવવામાં આવે. મેં જૂઠી મર્યાદા વધારવા માટે, મારી ગુંજાસ કરતાં પણ મને પોતાને વિશેષ બતાવવા માટે, મારી મોટાઇ માટે એક અનુચિત કામ કીધું છે અને હું તેની શિક્ષા ચાહું છું. આત્મા અને ધર્મના બંધન મને રોકી ન શકયા. આ કારણે હું આ કાનૂનની બેડીયોને જ યોગ્ય છું. મને એક ક્ષણ માટે ઘર જવાની આજ્ઞા આપો. ત્યાંથી આવી આપની સાથે ચાલવા તૈયાર છું."

કૃષ્ણચન્દ્રની આ વાતોમાં ગ્લાનિ સાથે અભિમાન પણ મિશ્રત હતું. તેઓ તે બન્ને થાણેદારોને બતાવવા ચાહતા હતા કે જો મેં પાપ કીધું છે તો મર્દો માફક તેનું ફળ ભોગવવા માટે પણ તૈયાર છું. બીજાઓની માફક પાપ કરી તેને છુપાવવા નથી ઇચ્છતો.

બન્ને થાણેદાર આ વાર્તા સાંભળી એક બીજાનું મ્હોં જોઇ રહ્યા હતા. જાણે કહી રહ્યા હતા કે આ માણુસ પાગલ થઈ ગયો છે શું? પોતાની શુદ્ધિમાં એ નથી જણાતો. જો ઇમાનદારજ બનવું હતું તો આ કામ જ શું કામ કીધું? પાપ કરતાં તે કરવું ન આવડયું!

સુપ્રીન્ટેન્ડન્ટે કૃષ્ણચન્દ્રને દયાની દૃષ્ટિએ જોયું અને અંદર જવાની આજ્ઞા આપી.

ઘરમાં ગંગાજલી બેઠી ચાંદીના થાલમાં તિલકની સામગ્રી સજાવી રહી હતી. કૃષ્ણચંદ્રે આવી કહ્યું: "ગંગા, વાત ખૂલી હું કેદી થઇ કબજામાં આવી ગયો."

ગંગાજલીએ તેની તરફ વિસ્મિત ભાવથી જોયું. તેના ચેહેરાનો રંગ ઉડી ગયો. આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં.

કૃષ્ણચંદ્ર: "રડે છે કાં? મારી સાથે કોઇ અન્યાય નથી થતો. મેં જે કઇં કીધું તેનું તે પ્રકારે ફળ ભોગવી રહ્યો છું. મારા પર ફોજદારી મુકદમો ચાલશે, તું કઇં ચિંતા ન કરતી. હું સર્વ કંઇ સહેવા તૈયાર છું. મારા માટે વકીલ મુખત્યારોની કંઇ જરૂરત નથી. એમાં વ્યર્થ રૂપિયા નહિં ખોતી. મારા આ પ્રાયશ્ચિતથી તે પાપનું ધન પવિત્ર થઈ જશે. તેનો તું સુમનના વિવાહ કરવામાં ઉપયોગ કરજે. તેની એક પાઇ પણ મુકદમામાં ન વાપરતી, નહિં તો મને દુઃખ થશે. પોતાના આત્માનો, પોતાની નેકનામીનો, પોતાના જીવનનો સર્વ નાશ કર્યા બાદ મને આ સંતોષ તો રહેશે કે હું એક રૂણમાંથી મુકત થઇ ગયો. આ છોકરીની ફરજ તો મેં અદા કરી.

ગંગાજલી બન્ને હાથેથી પોતાનું માથું પિટવા લાગી. તેને પોતાની અદૂરદર્શિતા પર એવો ક્રોધ આવી રહ્યો હતો કે ધરતી ફાટી જાય તો તે તેમાં સમાઇ જાય. શોક અને આત્મવેદનાની એક લહર, વાદળમાંથી નીકળનાર તડકીના સદૃશ તેના હૃદય પર આવતી જણાઇ. તેણે નિરાશા થી આકાશ તરફ જોયું. હાય! જો હું જાણુતે કે આ પરિણામ આવશે તો મારી દીકરી કોઇ કંગાલને લગ્નમાં આપી દેતે. કે તેને ઝેરજ પાઇ દેતે. તે ઝપાટામાં ઉઠી, જાણે ઉંઘમાંથી ચોંકી ઉઠી છે અને કૃષ્ણચન્દ્રનો હાથ પકડી બોલી: "હાય ઈશ્વર મારી મતી કાં મારી ગઇ! હું સાહેબ પાસે ચાલીશ. હવે તે લાજ શરમ કેવી?"

કૃષ્ણચન્દ્ર: "જે કંઇ બનનાર હતું તે બની ચૂકયુ, હવે કંઇ થાય તેમ નથી."

ગંગાજલી: "મને સાહેબ પાસે લઇ ચાલો. હું તેમને પગે પડીશ અને કહીશ, આ આપના રૂપિયા છે, લ્યો અને જે કંઇ શિક્ષા કરવી છે તે મને કરશો. વિષની ગાંઠ હુંજ છું. આ પાપના બી મેં વાવ્યાં છે."

કૃષ્ણચન્દ્ર: "આટલું મોટેથી ન બોલ. અવાજ જાય છે."

ગંગાજલી: "મને સાહેબ પાસે કાં નથી લઇ ચાલતા? તેમને એક અબલા પર અવશ્ય દયા આવશે."

કૃષ્ણચન્દ્ર: "સાંભળ, આ રડવા કરવાનો સમય નથી. હું કાયદાની ચુંગાલમાં ફસી ચૂકયો છું અને કોઇ રીતે બચી નથી શકતો. ધીરજથી કામ લે. પરમાત્માની ઇચ્છા હશે તો ફરી મળશું."

આટલું કહી તેઓ બાહર જવા ચાલ્યા. ત્યાં બન્ને દિકરીઓ આવી તેમના પગે વળગી પડી. ગંગાજલીએ બન્ને હાથોથી તેમની કમર પકડી લીધી અને ત્રણે જણા ઉછળી ઉછળી રડવાં લાગ્યાં.

કૃષ્ણચન્દ્ર પણ રડમસ બની ગયો. તેણે વિચાર્યું, "આ અબળાઓની શું ગતિ થવાની? પરમાત્મન, તું દીનનો રક્ષક છે. આમની પણ રક્ષા કરજે."

એક ક્ષણમાં તે પોતાને છોડવી બાહર ચાલ્યા ગયા. ગંગાજલીએ તેમને પકડવાને હાથ ફેલાવ્યા, પણ તેના બન્ને હાથ લંબાવેલાજ રહી ગયા, જેવી રીતે કોઇ ગોળીથી વિંધાઇ પડનાર પક્ષીની બન્ને પાંખો ખૂલી રહી જાય છે.

પ્રકરણ ૪ થું.

કૃષ્ણચન્દ્ર પોતાના કસ્બામાં સર્વપ્રિય હતા. આ ખબર ફેલાતાંજ તમામ વસ્તીમાં હિલચાલ થઇ ગઇ. અનેક ભલા માણસ તેમના જામીન થવા આવ્યા, પણ સાહેબે તેમને જામીન પર ન છોડયા.

આ પછી એક અઠવાડિયું રહી કૃષ્ણચન્દ્ર પર લાંચ લેવાનો આરોપ મૂકી મુકદમો ચલાવવામાં આવ્યો. મહંત રામદાસને પણ પકડવામાં આવ્યો. બન્ને મુકદમા મહીનાઓ સુધી ચાલ્યા. મેજીસ્ટ્રેટે તેમને સેશન્સ કમીટ કર્યા.

ત્યાં પણ એક મહીનો થયો. અંતમાં કૃષ્ણચંદ્રને પાંચ વર્ષના કેદખાનાની સજા થઇ. મહંતજી સાત વર્ષ માટે ગયા. અને બન્ને ચેલાઓને કાળાપાણીની શિક્ષા થઇ.

ગંગાજલીનો એક સગો ભાઇ પંડિત ઉમાનાથ હતો. કૃષ્ણચન્દ્ર સાથે તેને મુદ્દલ બનતું ન હતું. તે તેને ધૂર્ત અને પાંખડી કહ્યા કરતા, તેના લાંબા તિલકની મશ્કેરી કરતા. આ કારણે ઉમાનાથ તેમને ત્યાં બહુ જ ઓછું જતો આવતો હતો.

પણ આ દુર્ઘટનાના સમાચાર સાંભળી ઉમાનાથથી ન રહેવાયું. તે આવી પોતાની બહેન અને ભાણેજને પોતાને ઘેર લઇ ગયો. કૃષ્ણચંદ્રનો કોઇ સગો ભાઇ ન હતો. કાકાના બે દિકરા હતા. પણ તેઓ અલગ રહેતા હતા. તેમણે પૂછા સુદ્ધાંએ ન કરી.

કૃષ્ણચંદ્રે જતી વેળાયે ગંગાજલીને રામદાસ મંહતના રૂપીયાઓમાંથી એક કોડી પણ મુકદમામાં ન ખરચવાની સખત તાકીદ કરી હતી. તેમને ખાત્રી હતી કે સજા અવશ્ય થવાની, પણ ગંગાજલીનું મન ન માન્યું. તેણે એકલે મને મુકદમા પાછળ રૂપિયા ખરચ્યા. વકીલ લોક છેવટ સુધી એમજ કહેતા રહ્યા કે એઓ છૂટી જશે.

જજના ચુકાદા પર હાઇ કોર્ટમાં અપીલ થઇ. મહંતજીની સજા કમી ન થઇ. પણ કૃષ્ણચંદ્રની સજા ઘટી પાંચના ચાર વર્ષ થયાં.

ગંગાજલી આવતાં તો પિયર આવી, પણ પોતાની ભૂલ પર પસ્તાતી હતી. આ હવે તે આગળનું પિયર ન હતું કે જ્યાં એક વખતે તે પોતાની બાલપણની રમતો રમી હતી, માટીના ઘરો બનાવ્યા હતા, માતાપિતાની ગોદમાં બેસતી હતી. માતાપિતાનો સ્વર્ગવાસ થઇ ગયો હતો, ગામમાં આગળના આસામીઓ ન દેખાતા હતા, અહિં સુધી કે વૃક્ષોની જગ્યાએ ખેતર અને ખેતરોની જગ્યાએ વૃક્ષ ઉગ્યા જણાતા હતા. તે પોતાનું ઘર પણ મુશ્કેલીથી ઓળખી શકી. અને સઉથી દુઃખની વાત તો એ હતી કે ત્યાં તેને માટે પ્રેમ કે આદર પણ ન હતાં. તેની ભાભી જાન્હવી તો તેના આવવા પછી સદા મોઢું ફુલાવતી. રાતના જાન્હવી હવે પોતાના ઘરમાં બહું ઓછું રહેતી. પડોસિયોને ત્યાં બેસી રહી ગંગાજલીના દુખડાં રડયા કરતી. તેની બે પુત્રીઓ હતી. તે પણ સુમન અને શાન્તાથી દૂર દૂર રહેતી.

ગંગાજલી પાસે રામદાસ મહંતના રૂપિયાઓમાંથી કંઇ બચ્યું ન હતું. એજ ચાર પાંચસો રૂપિયા રહી ગયા હતા જે તેણે પહેલા કરકસર કરી બચાવ્યા હતા. એ કારણે ઉમાનાથને સુમનના વિવાહના વિષયમાં તે કંઇ ન કહેતી. અહિં સુધી કે છ મહિના વીતી ગયા. કૃષ્ણચન્દ્રે જ્યાં પહેલા વેશવાળ નક્કી કર્યાં હતા ત્યાંથી ના નો સાફ જવાબ આવી ગયો હતો.

પણ ઉમાનાથના મનમાં આ ચિન્તા ચાલુ રહેતી હતી. તેને જ્યારે પણ અવકાશ મળતો ત્યારે બે ચાર દિવસ માટે વરની શોધમાં નિકળી પડતો. જેવો તે કોઇ ગામમાં પહોંચતો કે ત્યાં ચળવળ મચી રહેતી. યુવક ગાંસડીઓમાંથી સુંદર કપડાં કાઢતા કે જે માત્ર લગ્ન પ્રસંગોએ

પહેરતા. વીટી અને મોહનમાળા માગી તાગી લાવી પહેરી લેતા. માતાઓ પોતાના બાળકોને નહવાડી, ધોવાડી, આંખોમાં કાજળ નાંખી, ધોયેલાં કપડાં પહેરાવી રમવા મોકલતી. વિવાહની ઇચ્છાવાળા બુઢાઓ, હજામ પાસે મૂછો કતરાવી અને પાકેલા વાળ ચૂંટાવી નાખતા. ગામના હજામ અને કહારને ખેતરોમાંથી તેડાવવામાં આવતા. કોઇ પોતાનું વડપણ દેખાડવા તેમની પાસેથી પગચંપી કરાવતા, કોઇ બીજા કામ કરાવતા. જ્યાં સુધી ઉમાનાથ ત્યાં રહેતો, સ્ત્રીઓ ઘરમાંથી બહાર ન નીકળતી, કોઇ હાથે પાણી ન ભરતી, કોઇ ખેતરે ન જતી. પણ ઉમાનાથની નજરમાં આ વર ઠીક નહોતા લાગતા. સુમન કેવી રૂપવતી, કેવી શીલવતી, ભણેલીગણેલી છોકરી! આ મૂર્ખોને પનારે તો તેનું જીવન નષ્ટ થઇ જાય.

અંતમાં ઉમાનાથે નિશ્ચય કર્યો કે શહેરમાં કોઇ વર શોધવો જોઇએ. સુમનને યોગ્ય વર ગામડામાં નથી મળવાનો પણ શહેરવાલાઓની લાંબી ચોડી વાતો સુણી તેના હોશ ઉડી જતા. મોટા માણસોનું તો કહેવુંજ શું? ઓફીસના મેનેજર અને કલાર્ક પણ હજારોની માંગણી કરતા. લોક તેમની સૂરતજ જોતાં ભડકી ઉઠતા. બે ચાર સજ્જન તેમના કુળ–મર્યાદાનાં વર્ણન સાંભળી વિવાહ કરવા ઉત્સુક થયા, પણ કયાં તો કુંડલી મળતી ન આવી અને કયાં તો ઉમાનાથનું મન ન માન્યું. તે પોતાના કુળ–મર્યાદાથી નીચે ઉતરવા ન ઇચ્છતો હતો.

આ પ્રકારે એક આખું વર્ષ વીતી ગયું. ઉમાનાથ હવે દોડી દોડી થાકયો. અહિં સુધી કે તેમની દશા તે ઔષધિયોની જાહેરખબર વહેંચવાવાળા મનુષ્ય જેવી થઇ પડી કે જે આખો દિવસ ખાસ શેઠ સાહેબોને ખોળી ખોળી વિજ્ઞાપન વહેંચ્યા બાદ સંધ્યા સમય, હજી નહિં વહેંચાયલા હેન્ડબીલોના ઢગને પોતાની સામે જોતા તે બોજામાંથી મુક્ત થવા તે સર્વસાધારણને પણ આપવા માંડે છે. તેણે માન, વિદ્યા, રૂપ અને ગુણ તરફ આંખ બંધ કરી. કેવલ કુલીનતાને લક્ષમાં રાખી. તેને તો તે કોઇ રીતે વિસારી શકે તેમ ન હતું.

માહ મહીનો હતો. ઉમાનાથ સ્નાન કરવા ગયો. ઘર પાછા વળતાં સીધા ગંગાજલી પાસે જઇ બોલ્યો: "લ્યો બહેન મનોરથ પૂરો થયો બનારસમાં વિવાહ નક્કી કર્યો."

ગંગાજલી: "ઠીક થયું, કોઇ રીતે પણ તમારી દોડધામ ને મહેનત તો કામ લાગી. છોકરો ભણે છે ને?"

ઉમાનાથ: "ભણતો નથી, નોકરી કરે છે. એક કારખાનામાં ૧૫ રૂપિયે કલાર્ક છે."

ગંગાજલી "ઘર બાર તો છે ને?"

ઉમાનાથ: "શહેરમાં તે કોના ઘર હોય છે. સઉ કોઇ ભાડાના ઘરમાં રહે છે."

ગંગાજલી: "ભાઇ, બહેન, મા, બાપ છે?"

ઉમાનાથ: "મા બાપ બન્ને મરી ગયાં છે, અને ભાઇ બહેન પણ શહેરમાં તે કોના હોય છે?"

ગંગાજલી: "ઉમર શું છે?"

ઉમાનાથ: એજં. કોઇ ત્રીસ વર્ષને લગભગ હશે."

ગંગાજલી: "જોવા કરવામાં કેવો છે?"

ઉમાનાથ: "સોમાં એક. શહેરમાં કોઇ કુરૂપ તો હોતુંજ નથી. સુંદર વાળ, ઉજળાં કપડાં સઉ કોઇના હોય છે. અને નીતિ રીતિ તથા ગુણ વગેરે વાતચીતનું તો પુછવુંજ શું? વાત કરતાં મ્હોમાંથી ફૂલ ઝરે છે, નામ ગજાધરપ્રસાદ છે."

ગંગાજલી: "તો બીજવર હશે?"

ઉમાનાથ: "હા. છે તો બીજવર, પણ તેથી શું? શહેરમાં કોઇ બુઢા તો થતાજ નથી. જવાન છોકરા થતા જાય છે અને બુઢા જવાન થતા જાય છે. તેમની જવાનીની સદા બહાર હોય છે. તેજ હસવું મશકરી, તેજ તેલ ફૂલેલનો શોખ. લોક જવાનજ રહે છે અને જવાનજ મરી જાય છે."

ગંગાજલી: "કુળ કેવું છે?"

ઉમાનાથ: "બહુ ઉંચું. આપણાથી પણ બે વીસી વધુ છે. પસંદ છે ને?"

ગંગાજલીએ ઉદાસ ભાવે કહ્યુ: "જયારે તમને પસંદ છે તો મને પણ પસંદજ છે."

પ્રકરણ ૫ મું.

ફાગણમાં સુમનના વિવાહ થઇ ગયા. ગંગાજલી જમાઇને જોઇ બહુ રડી. તેને એવું દુ:ખ થયું કે જાણે કોઇએ સુમનને કુવામાંજ નાંખી દીધી.

સુમન સાસરે આવી તો અહિંની અવસ્થા તેને તેથી પણ બુરી જણાઇ જેની કલ્પનાએ ન હતી. મકાનમાં ફકત બેજ કોટડિયો હતી. બાહરથી ખાળની દુર્ગંધ આવતી હતી. તડકા ને પ્રકાશનો તો કેથે પણ

પત્તો જ ન હતો. આ મકાનનું ભાડું રૂ. ૩) માસિક આપવું પડતું હતું.

સુમનના બે મહીના તો ચેનથી ગુજર્યા. ગજાધરની એક વૃદ્ધ ફોઇ ઘરનું સર્વ કામ-કાજ કરતી હતી. પણ ગરમીના દિવસોમાં શહેરમાં કોગળિયું ફેલાતાં ડોશીએ કુચ કરી દીધી. હવે સુમન બહુ મુંઝવણમાં આવી પડી. વાસણકુસણ માંજનારી–ધોનારીઓ ત્રણ રૂપિયાથી ઓછે કામ કરવા રાજી ન થતી. બે દિવસ ઘરમાં ચૂલો ન સળગ્યો. ગજાધર સુમનને કંઇ કહી ન શકતો હતો. બહુ દિવસોએ બજારમાંથી પૂરીઓ લાવ્યો. તે સુમનને પ્રસન્ન રાખવા ચાહતો હતો. તેના રૂપ લાવણ્ય પર મુગ્ધ થઇ ગયો હતો. ત્રીજે દિવસે તે ઘડી રાત રહેતાં ઉઠયો અને સર્વ ઠામ–વાસણ તેણે માંજી નાંખ્યા, ચોકો કરી નાંખ્યો, નળ પરથી પાણી ભરી લાવ્યો. સુમન સુઇ જ્યારે ઉઠી તો આ કૌતુક જોઇ દંગ થઇ ગઇ. સમજી ગઇ કે એમણેજ આ સર્વ કામ કર્યાં છે. લજ્જાને મારે તેણે કંઇ ન પૂછ્યું. સાંજના તેણે પોતેજ સર્વ કામ કરી નાંખ્યાં. ઠામ માંજતી જતી હતી અને રડતી જતી હતી.

પણ થોડાજ દિવસોમાં તેને આ કામોની ટેવ પડી ગઇ. તેને પોતાના જીવનમાં આનંદ જેવું જણાવા લાગ્યું. ગજાધરને એવું લાગ્યું કે જાણે જગ જીતી લીધું. પોતાના મિત્રોમાં સુમનની પ્રશંસા કરતો ફરતો. સ્ત્રી નથી દેવી છે. આટલા મોટા ઘરની છોકરી, ઘરમાંનું ન્હાનામાં ન્હાનું કામ પણ પોતાને હાથે કરી લે છે. રસોઇ તો એવી બનાવે છે કે દાળ રોટલીમાં પણ પકવાનનો સ્વાદ આવે છે. બીજે મહીને તેણે પગાર મળતાં તે સર્વસ્વ સુમનના હાથમાં મૂકી દીધો. સુમનને આજે સ્વચ્છંદતાનો અતિ આનંદ પ્રાપ્ત થયો. હવે તેને એક એક પૈસા માટે કોઇની આગળ હાથ ધરવો નહિ પડે. તે આ રૂપિયા જોઇએ તેવી રીતે ખરચી શકે છે, જે ચાહે તે ખાઇ પી શકે છે.

પણ ગૃહ–વ્યવસ્થામાં કુશલ ન હોવાના કારણે તે જરૂરી અને બીનજરૂરી ખરચની સમજ ધરાવતી ન હતી. પરિણામ એ આવ્યું કે મહીનો પૂરો થવાને હજી દશ દિવસ બાકી હતા ત્યાં સુમને સર્વ રૂપિયા ખરચી નાંખ્યા. તેણે ગૃહિણી બનવાની નહિં, ઇંદ્રિયોના આનંદ ભોગની કેળવણી લીધી હતી. ગજાધર આ સાંભળતાં તો અવાક્જ બની ગયો. હવે મહીનો કેમ પૂરો થશે? તેના માથા ઉપર જાણે એક પહાડ સમાનજ તુટી પડયો. આવું કંઇ બનવાની તેને પહેલેથી કંઇક શંકા થઇ રહી હતી. સુમનને તો તેણે કંઇ ન કહ્યું પણ આખો દિવસ તેના મન પરની ચિંતા હટી નહિં. હવે મહીનાની વચમાં તે રૂપિયા કયાંથી આવે?

ગજાધરે સુમનને ઘરની સ્વામિની બનાવી તો ખરી પણ તે સ્વભાવથી કૃપણ હતો. સવારના વખતે જલપાનની જલેબી તેને વિષ સમાન લાગતી હતી. દાળમાં ઘી જોઇ તેના હૃદયમાં શૂળ થવું શરૂ થતું. તે જમવા બેસતો તો તપેલાં તરફ જોતો કે કયાં વધુ તો નથી રંધાયું. દરવાજા પર દાળભાત ફેંકેલાં જોઇ તેના શરીરમાં જવાલા પ્રગટતી. પણ સુમનની મોહિની સૂરતે તેને વશીભૂત કર્યો હતો. મ્હોંમાંથી તે કંઇ કહી ન શકતો.

પણ આજ જ્યારે અનેક જણાઓ પાસેથી ઉધાર માંગતાં પણ તેને રૂપિયા ન મળ્યા ત્યારે તો તે અધીર થઈ ગયો. ઘરમાં આવી બોલ્યો: "રૂપિયા તો તેં સર્વ ખરચી નાંખ્યા. હવે બતાવ, કયાંથી કોઇ ચીજ આવે?"

સુમન: "મેં કંઇ ઉડાવી તો નથી નાંખ્યા."

ગજાધર: "ઉડાવ્યા તો નહિં, પણ આ તો તને ખબર હતી કે આટલા રૂપિયાથી મહીનો વિતાડવો છે. એ હિસાબે ખરચવા હતા."

સુમન: "આટલા રૂપિયામાં તો બધુંજ પૂરૂં થઇ જાય. એટલે વધ થોડીજ થઇ જવાની."

ગજાધર: "તો હું કયાંથી લુંટ તો નથી મારી લાવી શકતો."

વાત વાતમાં ઝગડો થઇ પડયો. ગજાધરે કંઇ કઠોર વાતો કહી. અંતે સુમને પોતાની હાંસડી ગિરવી રાખવા આપી અને ગજાધર ગડબડ કરતો તે લઇ ચાલતો થયો.

પણ સુમનની જીંદગી સુખમાં વીતી હતી. તેને સારૂ ખાવા, સારૂ પહેરવાની ટેવ હતી. તેના દરવાજા પાસેથી મ્હોં સ્વાદિયાના થાળવાળાઓને જતા સાંભળી તેનાથી રહેવાતું ન હતું. હમણા સુધી તો તે ગજાધરને પણ ખવાડતી હતી. હવેથી તે એકલીજ લઇને ખાઇ જતી. જીભના રસભોગ માટે પતિથી કપટ કરવા લાગી.

પ્રકરણ ૬ ઠું.

ધીરે ધીરે સુમનના સૌન્દર્યની ચર્ચા મહોલ્લામાં ફેલાઇ. પાડાપડોશની સ્ત્રીઓ આવવા લાગી. સુમન તેમને હલકી નજરે જોતી, તેમની સાથે મન મેળવી ન મળતી પણ તેના રીત વ્યવહારમાં એ ગુણ હતો જે ઉંચા કુળમાં સ્વાભાવિક હોય છે. પડોશીયોએ શીઘ્ર તેના આધિપત્યનો સ્વીકાર કરી લીધો. સુમન તેઓ વચ્ચે રાણી જેવી જણાતી હતી. તેની સગર્વા પ્રકૃતિને આમાં અત્યન્ત આનંદ મળતો હતો. તે આ સ્ત્રીઓ સામે પોતાના ગુણોને વધારી દેખાડતી. તેઓ પોતાના ભાગ્યને રડતી, તો સુમન પોતાના ભાગ્યને વખાણતી. તેઓ કોઇની નિન્દા કરતી તો સુમન તેમને સમજાવતી. તે તેમની સામે પીયેરથી લાવેલી રેશમી સાડી પહેરી બેસતી. રેશમી પોલકું કે ચોળી ખૂંટી પર લટકાવી રાખતી. તેઓ પર આ પ્રદર્શનનો પ્રભાવ સુમનની વાતથી પણ કંઇક અધિક પડતો હતો. તેઓ વસ્ત્રાભૂષણના વિષયમાં તેની સમ્મતિને બહુ મહત્વ આપતી. નવા ઘરેણાં બનાવતી તો સુમનથી સલાહ લેતી, સાડિયો લેતી તો પહેલાં સુમનને અવશ્ય દેખાડી જતી. સુમન ઉપરથી તો તેમને નિષ્કામ ભાવે સલાહ આપતી, પણ તેને મનમાં તો બહુ દુઃખ થતું. તે વિચારતી, "આ સર્વ નવાં નવાં ઘરેણાં બનાવે છે, નવાં નવાં કપડાં લે છે અને અહિં રોટલીયોના પણ વાંધા છે. શું સંસારમાં સઉથી અભાગિણી હું છું ?" તે પોતાના ઘરમાં એજ શીખી હતી કે મનુષ્ય જીવનમાં સુખ ભોગ ભોગવવાજ જોઇએ. તેણે કદી આ ધર્મ-ચર્ચા ન સુણી હતી, કે ધર્મની કેળવણી પણ ન મેળવી હતી કે જે મનુષ્યના મનમાં સંતોષના બીજારોપણ કરે છે. તેનું હૃદય અસંતોષથી વ્યાકુલ રહેવા લાગ્યું.

ગજાધર હાલમાં સખત મહેનત કરતો. કારખાનાથી પાછા વળતાં એક બીજી દુકાન પર હિસાબ કિતાબ લખવા ચાલ્યો જતો. ત્યાંથી આઠ વાગે રાતના પાછો ફરતો. આ કામ માટે તેને પાંચ રૂપિયા બીજા મળતા હતા. પણ તેને પોતાની પૈસા સંબંધી સ્થિતિમાં ફેર પડતો જણાતો ન હતો. તેની સર્વ કમાઇ ખાવા પીવામાં જ પૂરી થઇ ઉડી જતી. તેનું સંચયશીલ હૃદય આ "ખાઇ પી બરાબર" વાળી દશાથી બહુ દુઃખી રહેતું હતું. આ ઉપર વળી સુમન તેની સામે પોતાના ફુટેલા ભાગ્યની કથા રડી વધુ નાહિમ્મત કરતી હતી. તેને ખુલ્લુ દેખાતું હતું કે સુમનનું હૃદય તેની તરફ દિવસે દિવસે શિથિલ થતું જતું હતું. તેને આ ખબર ન હતી કે સુમન મારી પ્રેમરસપૂર્ણ વાર્તાથી મિઠાઇના પડીકાને અધિક રૂચિકર સમજે છે. રેશમી સાડી અને સુગન્ધિત તેલને અધિક આનન્દપ્રદ ગણે છે. ટુંકામાં તે પોતાના પ્રેમ અને પરિશ્રમનું મનમાનતું ફળ ન મેળવતાં, તેને પોતાના શાસનાધિકારથી કબજે કરવાની ચેષ્ટા કરવા લાગ્યો. આ રીતે રસ્સીમાં બન્ને તરફથી તાણાતાણી શરૂ થઇ.

આપણું ચારિત્ર ભલે ગમે તેટલું દૃઢ હોય પણ તે પર સંગતની અસર અવશ્ય થાય છે. સુમન પોતાના પડોસિયોને જેટલી શિખામણો દેતી હતી તેથી અધિક તેમની પાસેથી તેમની રીત તે પણ ગ્રહણ કરતી હતી. આપણે આપણા ગૃહ-જીવન તરફ કેટલા બેદરકાર છિયે તે માટે કોઇ પ્રકારની તૈયારી કે કેળવણીની જરૂરી સમજતા નથી. પુતળિયો સાથે રમનારી બાલિકા, સાહેલિયો સાથે વિહાર કરનારી યુવતી, ગૃહિણી બનવાને યોગ્ય સમજવામાં આવે છે. બિનઅનુભવી વાછેડાની બાંધ પર ભારી જોતર મૂકવામાં આવે છે. એવી દશામાં જો આપણું ગૃહ-જીવન આનંદમય ન હોય તો આશ્ચર્ય નથી. જે મહિલાઓ સાથે સુમન ઉઠતી બેસતી હતી, તેઓ પોતાના પતિઓને ઇંદ્રિય સુખના યંત્ર જ સમજતી હતી, પતિ જોઇએ તેમ હો, પોતાની સ્ત્રીને સુંદર આભૂષણોથી, ઉત્તમ વસ્ત્રોથી સજાવે, તેને વિશિષ્ટ પદાર્થ ખવાડે, જો તેમાં એ સામર્થ નથી તો નમાલો છે, નકામો જ છે, તેને વિવાહ કરવાનો કોઇ અધિકાર ન હતો, તે આદર અને પ્રેમને યોગ્ય નથી. સુમને પણ એજ શિક્ષા પ્રાપ્ત કરી અને ગજાધરપ્રસાદ હવે કોઇ વાર તેના કોઇ કામથી નારાજ થતા તો તેને પુરૂષોના કર્તવ્ય પર એક લાંબો ઉપદેશ સાંભળવો પડતો.

તે મહોલ્લામાં રસિક યુવકો તથા ભામટાઓની પણ કમી ન હતી. સ્કૂલથી વળતા યુવક સુમનના ઘેરની તરફ એકીટશે જોતા ચાલ્યા જતા. ભામટાઓ ત્યાંથી નિકળતા રાધા અને કનૈયાના ગીત લલકારતા હતા. સુમન કંઇ કામ કરતી હોવા છતાં એ ચકની સળિયોમાંથી તેમને તેની કંઇક ઝલક

દેખાતી હતી. તેના ચંચલ હૃદયને આ જાતની દેખાદેખીથી અસીમ આનંદ પ્રાપ્ત થતો હતો. કોઇ કુવાસનાથી નહિં, કેવલ પોતાની યૌવનની છટા દેખાડવા માટે, કેવલ બીજાના હૃદયપર વિજય પામવા માટે, તે આ ખેલ ખેલતી હતી.

પ્રકરણ ૭ મું.

સુમનના ઘર સામે ભોલી નામની એક વેશ્યાનું મકાન હતું. ભોલી નિત્ય નવા શણગાર કરી પોતાની બારી પાસે બેસતી હતી. પહોર રાત સુધી તેના ઓરડામાંથી મધુર ગાનની ધ્વનિ આવ્યા કરતી. સુમન તેને ઘૃણાની દૃષ્ટિએ જોતી હતી.

સુમને સાંભળ્યું હતું કે વેશ્યાઓ અત્યંત દુશ્ચરિત્ર અને કુલટા હોય છે. તે પોતાના કૌશલથી નવયુવકોને પોતાની માયા જાલમાં ફસાવી લે છે. કોઇ ભલું માણસ તેમની સાથે વાતચિત નથી કરતું કેવલ લુચ્ચા અને વિલાસીઓ રાતના છુપાઇ તેમને ત્યાં જવા કરે છે. ભોલીએ કોઇવાર તેને ચીકની આડમાં ઉભેલી જોઇ ઇશારાથી બોલાવી હતી પણ સુમન તેનાથી બોલવું એ પોતાનું અપમાન સમજતી હતી. તે પોતાને તેનાથી શ્રેષ્ટ સમજતી હતી. "હું દરિદ્ર સહી, દીન સહી, પણ પોતાની મર્યાદપર તો દૃઢ છું. કોઇ સારા માણસના ઘરમાં મારા માટે અટકાવ તો નથી. કોઇ મને નીચ તો નથી સમજતું. તે ભલે જોઇએ તેટલો ભોગવિલાસ કરે પણ તેનો કયાં આદર તો નથી થતો. બસ તે પોતાની બારીએ બેસી પોતાની નિર્લજ્જતા અને અધર્મનુ ફળ ભોગવ્યા કરે." પણ સુમનને તરતમાંજ જણાયું કે "હું એને જેટલી નીચ સમજુ છું, તેથી તે કઇંક ઉંચ છે."

આષાડના દિવસ હતા. ગરમીના કારણે સુમનનો શ્વાસ ગુંગળાતો હતો. સાંજ સમયે તેનાથી કોઇ રીતે રહેવાઇ શકાયું નહિં. તે ચક ઉપાડી લઇ દ્વારપર બેસી પંખો ખાવા લાગી. જુએ છે તો ભોલીબાઇના દરવાજા પર કાંઇ ઉત્સવની તૈયારિયો થઇ રહી છે. ભીસ્તી પાણીનો છંટકાવ કરતો હતો. આંગણામાં મંડપ બનાવવામાં આવ્યો હતો. તેને શણગારવા ફૂલપાનની તૈયારીઓ થતી હતી, હાંડી ઝુમર અને બિલોર કામ ટાંગવા માટે મજુરો લાગી ગયા હતા. ગાલિચા બિછાવવાની ધમાલ ચાલતી હતી. કુંડીબંધ માણસો અહિંથી તહિં દોડતા ધામધુમમાં પડયા હતા. એવામાં ભોલીની નજર તે ઘર પર ગઇ. સુમનની સમીપ આવી બોલી: "આજ મારે ત્યાં મૌલુદનું કીર્તન છે. જોવા ઇચ્છા હોય તો પરદો બંધાવી આપું."

સુમને બેપરવાથી કહ્યું: "હું અહિંથી બેઠા બેઠા જોઇ લઈશ."

ભોલી: "જોઇ તો લેશો, પણ સાંભળી ન શકશો. વાંધો શું છે, ઉપર પરદો કરાવી આપું?"

સુમન: "મને સાંભળવાનુ બહુ મન નથી."

ભોલીએ તેની તરફ એક કરૂણાસૂચક દૃષ્ટિથી જોયું અને મનમાં કહ્યું: "આ ગમાર પોતાના મનમાં ન જાણે શું સમજે છે. ઠીક છે, આજે તું જોઇ લે કે હું કોણ છું?" તે વધુ કંઇ કહ્યા વિના ચાલી ગઇ.

રાત થવા આવી હતી. સુમનનો જીવ ચુલા પાસે જવા ન થતો હતો. શરીરમાં એક તો એમજ લ્હાય સળગી હતી. ત્યાં આ આંચ કેવી રીતે સહી શકાય? પણ કંઇક વિચાર કરી ઉઠી. ચુલો સળગાવ્યો. ખિચડી ચઢાવી અને પછી આવી ત્યાં તમાશો જોવા લાગી. આઠ વાગતામાં તો મંડપ ગેસની રોશનીમાં ઝગમગી રહ્યો. ફૂલપાનની સજાવટ તેની શોભાને ઓર પણ વધારી દેતી હતી. ચારે તરફથી જોનારાઓ આવવા લાગ્યા. કોઇ બાઇસીકલ પર બેસી, કોઇ ગાડીમાં બેસી, કોઇ પગે ચાલીને આવ્યા. થોડી વારમાં બે ત્રણ ફેટીન ગાડીઓ પણ આવી પહોંચી અને તેમાંથી કેટલાક શેઠ લોકો ઉતર્યા. એક કલાકમાં આખું આંગણું ભરાઇ ગયું. ચાર પાંચસો માણસોનો જમાવ થઇ ગયો. આ પછી કીર્તનકાર મૌલાના સાહેબની સવારી આવી. તેમના ચેહરા પર પ્રતિભા ઝલકી રહી હતી. તેઓ શણગારેલી બેઠક પરના સિંહાસન પર બેઠા અને કીર્તન શરૂ થયું. ઘણા માણસો મહેમાનોનો સ્વાગત સત્કાર કરી રહ્યા હતા. કોઇ ગુલાબ છાંટી રહ્યા હતા, કોઇ ખાસદાન આપતા હતા. સભ્ય પુરૂષોનો આવો સમૂહ સુમને કદી જોયો સાંભળ્યો ન હતો.

નવ વાગે ગજાધરપ્રસાદ આવ્યો. સુમને તેને ભોજન કરાવ્યું. ભોજન કરી ગજાધર પણ જઇ ઉપલી મંડળીમાં બેઠો અને સુમનને તો ખાવાનીએ શુદ્ધિ ન રહી. રાતના અગીયાર વાગા સુધી તે ત્યા બેઠી રહી. અહિ સુધી કે મૌલુદની ક્રિયા સમાપ્ત થઇ ગઇ. આ પછી

પ્રસાદીની મિઠાઇ વહેંચાઇ. બાર વાગે સભા વિસર્જન થઇ. ગજાધર ઘરમાં આવતાં સુમને કહ્યું: "આ સઉ કોણ બેઠા હતા ?"



"આજ મારે ત્યાં મૌલુદનું કીર્તન છે. જોવા ઇચ્છા હોય તો પરદો બંધાવી આપું."

ગજાધર: "હું સર્વને થોડાજ ઓળખું છું. પણ ભલા બુરા સર્વ હતા. શહેરના કેટલાક રહીશ પણ હતા."

સુમન: "શું એ લોકો એક વેશ્યાને ઘેર જવામાં પોતાનું અપમાન નથી સમજતા?"

ગજાધર: "અપમાન સમજતે તો આવતેજ શું કામ ?"

સુમન: "તમને તો ત્યાં જતાં સંકોચ થયો હશે ?"

ગજાધર: "જ્યારે આટલા બધા સારા માણસો બેઠા હતા તો મને શું કામ સંકોચ થાય ? જેમને ત્યાં હું દરરોજ સાંજે નામું લખવા જાઉં છું, તે શેઠજી પણ આવ્યા હતા."

સુમને વિચારપૂર્ણ ભાવથી કહ્યું: "હું તો ધારતી હતી કે વેશ્યાઓને લોક બહુ તિરસ્કારની નજરે જુએ છે."

ગજાધર: "હા, એવા મનુષ્ય પણ છે, પણ ગણ્યાગાંઠ્યા. અંગ્રેજી કેળવણીએ લોકોને ઉદાર બનાવી દીધા છે. વેશ્યાઓનો હવે એટલો તિરસ્કાર નથી કરવામાં આવતો. પાછું ભોલીબાઇનું શહેરમાં પણ અતિ માન છે."

આકાશમાં વાદળાં છવાઇ રહ્યાં હતાં. હવા બંધ હતી. એક પાંદડું પણ હલતું ન હતું. ગજાધર આખા દિવસનો થાકયો હતો. બિછાનાપર પડતાંજ નિદ્રામાં મગ્ન થઇ ગયો. પણ સુમનને બહુવાર સુધી નીંદ ન આવી. બીજે દિવસે સાંજે જયારે તે પાછી ચક ઉપાડી બેઠી તો તેણે ભોલીને પાછી ઝરૂખે બેઠેલી જોઇ. તેણે બહાર વરંડા પર આવીને ભોલીને કહ્યું: "રાતે તો તમારે ત્યાં બહુ ધુમ હતી!"

ભોલી સમજી ગઇ કે મારી જીત થઇ. સ્મીત કરી બોલી: "તમારે માટે પ્રસાદની મિઠાઇ મોકલું ? હલવાઇની બનાવેલી છે. બ્રાહ્મણ લાવ્યો છે."

સુમને સંકોચથી કહ્યું: "મોકલજો."

પ્રકરણ ૮ મું.

સુમનને સાસરે આવે દોઢ વર્ષ લગભગ થઇ ચૂકયા છે. પણ તેને પિયર જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું ન હતું. ત્યાંથી કાગળ આવતાં. સુમન જવાબમાં પોતાની માને સમજાવ્યા કરતી કે: "મારી ચિન્તા ન કરશો. હું બહુ આનંદમાં છું." પણ હવેના તેના પત્રો વિપત્તિની કથાઓથી ભરેલાં હતા: "મારા જીવનના દિવસો રડી રડી વિતાડું છું. મેં તમારા લોકનું શું બગાડયું હતું કે મને આ અંધા કુવામાં ઢકેલી દીધી.

અહિં રહેવાને ઘર નથી, પહેરવા વસ્ત્ર નથી, ખાવાને અન્ન નથી. પશુની માફક રહું છું."

તેણે પોતાની પડોસણ પાસે પોતાના પિયરના વખાણ કરવાએ મુકી દીધાં. ક્યાં તો તે પોતાના પતિના વખાણ કર્યા કરતી હતી, ક્યાં હવે તેની નિન્દા કરવા લાગી: "મારૂં કોઇ પૂછવાવાળું નથી, માબાપવાળાઓએ તો એમજ સમજી લીધું છે કે દિકરી મરી જ ગઇ, ઘેર સર્વ કંઇ છે પણ મારે શા કામનું? મા સમજતી હશે કે હું અહિં ફૂલોની સેજ પર સુઇ રહું છું. પણ અહિં મારી પર જે વીતી રહ્યું છે તે તો હુંજ જાણું છું."

ગજાધરપ્રસાદની સાથ તેનું વર્તન પહેલાં કરતાં કંઇક લુખું થઇ ગયું હતું. તે તેને પોતાની આ દશા માટે જવાબદાર ગણતી હતી. તે મોડી સુઇ ઉઠતી, અનેક દિવસો સુધી તો ઘર પણ ન ઝાડતી. કોઇ કોઇ વાર ગજાધરને પણ વિના ભોજન કરે કામ પર જવું પડતું. તેને પણ ન સમજાતું કે આ મામલો તે શું છે, આમ બધું બદલાઇ કેમ ગયું?

સુમનને પોતાનું ઘર ઠીક ન લાગતું. ચિત્ત દર પલે ઉચાટ રહેતું. આખો દિવસ પડોસણોને ત્યાં બેઠી રહેતી.

એક દિવસ ગજાધરે આઠ વાગે પાછા વળતાં ઘરનો દરવાજો બંધ જોયો. અંધારૂં છવાયલું હતું. વિચારવા લાગ્યો રાતના તે એ ક્યાં ગઇ હશે? શું હવે વાત આ હદે આવી પહોંચી? બારણા ખડખડાવવા લાગ્યો કે ક્યાંક પડોસમાં હશે તો સાંભળી દોડી આવશે. મનમાં નિશ્ચય કર્યો હતો કે આજે તો એની ખબર લેવી. સુમન આ સમયે ભોલીબાઇના ઝરૂખા પર બેઠી વાતો કરી રહી હતી. ભોલીએ આજે તેને અતિ આગ્રહ કરી બોલાવી હતી. સુમન ના તે કેવી રીતે પાડે? પોતાને ત્યાંના દરવાજાનો ખડખડાટ સાંભળતાં ઉઠી ઉભી થઇ જઇ તે ઘેર દોડતી આવી. વાતોમાં તેને ખબરે ન રહી કે રાત કેટલી થઇ ગઇ હતી. તે જલ્દી કમાડ ખોલી, ઝટપટ દીવો કરી, ચૂલો સળગાવવા મંડી. તેનું મન પોતાનો અપરાધ સ્વીકારી રહ્યું હતું. એકાએક ગજાધરે ક્રોધીત થઇ કહ્યું: "તું આટલીવાર રાત સુધી ત્યાં બેસી શું કરી રહી હતી? શું લાજ શરમ બિલકુલ છોડી બેઠી છે?"

સુમને દીન ભાવે ઉત્તર આપ્યો: "તેણે અનેક વાર બોલાવી ત્યારે હું ગઇ. કપડાં ઉતારો. હમણા રસોઇ તૈયાર થઇ જશે. આજે તમે હમેશ કરતાં કંઇક વ્હેલા આવ્યા છો."

ગજાધર: "રસોઇ પછી બનાવજે, હું એવો ભૂખ્યો નથી. પહેલા બતાવ કે તું ત્યાં મને પૂછ્યા વિના ગઇ કેમ? શું તેં મને તદ્દન માટીનું ઢેપું સમજી લીધું છે?"

સુમન: "આખો દિવસ એકલાં આ મકાનમાં હવે બેસાતુંયે નથી."

ગજાધર: "તો એટલા માટે હવે વેશ્યાઓ સાથે હળશે ભળશે? તને તારી ઇજ્જત આબરૂનો પણ કંઇ તો વિચાર છે?"

સુમન: "કાં, ભોલીને ત્યાં જવામાં કંઇ હાની છે? ત્યાં તો મોટા મોટા આવે છે, મારી તે શું ગણત્રી?"

ગજાધર: "મોટા મોટા ભલે આવે, પણ તારૂં ત્યાં જવું એ બહુ લજ્જાની વાત છે. હું મારી સ્ત્રીને વેશ્યાથી હળતી મળતી નહિંજ જોઇ શકવાનો. તું શું જાણે, કે જે મોટા મોટા લોક તેને ઘેર જાય છે તે લોક કોણ છે? કેવલ ધનથી કોઇ મોટું થોડું જ બની જાય છે. ધર્મનો મહત્વ ધનથી બહુ અધિક છે. તું તે મૌલુદના દિવસનો જમાવ જોઇ ઠગાઇ ભોળવાઇ છે. પણ આ જાણી લે કે તેમાં એક પણ સજ્જન પુરૂષ ન હતો. મારા શેઠજી લાખ ધનવાન છે પણ તેમને હું મારૂં ઉંમર ઓળંગવા ન આપું. આ લોક ધનના ઘમંડમાં ધર્મની પરવાહ નથી કરતા. તેમના આવવાથી ભોલી પવિત્ર નથી થઇ ગઇ. હું તને ચેતવી દઉં છું કે આજથી પાછી કદી ત્યાં ન જતી, નહિં તો ઠીક નથી થવાનું."

સુમનના મનમાં વાત બેસી ગઇ. "વાજબી છે. હું શું જાણું કે એ લોક કોણ હતા. ધનવાનો તો વેશ્યાના દાસ જ હોય છે. એમજ રામભોલી પણ કહેતી હતી. હું જબરી ભોળવાઇ ગઇ. ખરેખર ઠગાઇ."

સુમનને આ વિચારથી બહુ સંતોષ થયો. તેને વિશ્વાસ આવી ગયો કે આ લોક નીચ પ્રકૃતિના, વિષયવાસનાવાલા મનુષ્ય છે. તેને હવે પોતાની દશા એટલી દુ:ખદાયી ન જણાતી હતી. તેને ભોલીથી પોતાને શ્રેષ્ટ ગણવા માટે એક આધાર મલી ગયો હતો.

સુમનની ધર્મનિષ્ટા જાગૃત થઇ ગઇ. તે ભોલી પર પોતાની ધાર્મિકતાનો સિક્કો જમાવવા માટે નિત્ય ગંગાસ્નાન કરવા લાગી. એક રામાયણ મંગાવી અને કોઇ કોઇ વાર પોતાની સાહેલિયોને તેમાંની કથાઓ સંભ-

બાવતી. કોઇ કોઇ વાર સ્વયં ઉંચા સ્વરે વાંચતી. આથી તેના આત્માને તો શું શાંતિ થતી, પણ મનને બહુજ સંતોષ થતો હતો. ચૈત્રનો મહીનો હતો. રામનવમીને દિવસ સુમન કેટલીક સાહેલિયો સાથે એક મોટા મંદિરમાં જન્મોત્સવ જોવા ગઇ. મંદિર ખૂબ શણગારેલું હતું. વિજળીની બત્તિયોથી દિવસ જેવો પ્રકાશ થઇ રહ્યો હતો. બહુ ભીડ હતી. મંદિરના આંગણામાં તલ ભાર જેટલી જગ્યા ન હતી. સંગીતનો મધુર ધ્વનિ થઇ રહ્યો હતો. સુમને બારીમાંથી આંગણામાં નજર નાખી તો શું જુએ છે કે તે જ તેની પડોસણ ભોલી ત્યાં બેસી ગાઇ રહી છે. સભામાં એક એકથી મોટા આસામીઓ બેઠેલા હતા, કોઇ વૈષ્ણવ તિલક લગાડેલા, કોઇ ભસ્મ લગાડેલા, કાને, ગળામાં કંઠી-માળા નાંખેલા અને રામ નામની ચાદર ઓઢેલા, કોઇ ગેરૂઆ વસ્ત્ર પહેરેલા વિગેરે. આમાંના કેટલાકોને સુમન નિત્ય ગંગાસ્નાન કરતી વખતે જોતી હતી. તે તેમને ધર્માત્મા વિદ્વાન સમજતી હતી. તે જ આસામીઓ અહિં આ રીતે તન્મય થઇ રહ્યા હતા જાણે સ્વર્ગલોકમાં પહોંચી ગયા હોય! ભોલી જેની તરફ કટાક્ષપૂર્ણ નેત્રોથી જોતી તે મુગ્ધ બની જતો હતો, જાણે તેને સાક્ષાત રાધા કૃષ્ણના દર્શન થઇ ગયાં! આ દૃષ્યે સુમનના હૃદયપર વજ્ર સમાન આધાત કર્યો. તેના અભિમાનના ટૂકડે ટૂકડા થઇ ગયા. તે જે આધાર પર પગ રાખી ઉભી હતી તે જ પગ, નીચેથી સરકી ગયો. સુમન ત્યાં એક ક્ષણ પણ ઉભી ન રહી શકી. ભોલીની સામે માત્ર ધન જ માથું નથી નમાવતું, પણ ધર્મ પણ તેનો કૃપાકાંક્ષી છે. ધર્માત્મા લોક પણ તેનો આદર કરે છે. "તે જ વેશ્યા જેને હું મારા ધર્મપાખંડથી પરાસ્ત કરવા ચાહતી હતી, અહિં મહાત્માઓની સભામાં, ઠાકોરજીના પવિત્ર નિવાસસ્થાનમાં, આદર અને સન્માનને પાત્ર બની છે અને મારે માટે તો કેથે ઉભા રહેવાની જગ્યાએ નથી!"

સુમને ઘેર આવી રામાયણ બસ્તામાં બાંધી રાખી દીધું. ગંગાસ્નાન તથા વ્રત ઉપરથી તેનું મન ફરી ગયું. કર્ણધાર રહિત નૌકા સમાન તેનું જીવન પાછું ડામાડોળ થવા લાગ્યું.

પ્રકરણ ૯ મું.

ગજાધરપ્રસાદની દશા તે મનુષ્ય સમાન હતી જે ચોરોની વચ્ચે સોના મહોરની થેલી લઇ બેઠો હોય. સુમનનું તે મુખકમલ જે પર કોઇ વાર ભ્રમરની માફક વિંટાયા કરતો હતો, હવે તે તેની આંખોમાં જલતા અંગારા સમાન હતો. તે તેનાથી દૂરનો દૂર રહેતો, તેને ભય હતો કે એ મને દઝાડી દેશે. સ્ત્રીઓનું સૌન્દર્ય તેમનો પતિપ્રેમ છે. તે વિના તેની સુંદરતા ઇન્દ્રાયણનું વિષમય અને દગ્ધકારી ફળ છે.

ગજાધરે સુમનને સુખમાં રાખવા માટે પોતાથી જે કંઇ બની શકતું હતું તે સર્વ કરી જોયું, પણ પોતાની સ્ત્રી માટે આકાશના તારા તોડી લાવવા એ એના સામર્થ્યથી બાહરની વાત હતી.

હમણા તેને સર્વથી વધુ ચિન્તા પોતાનું ઘર બદલવાની હતી. આ ઘરમાં આંગણું ન હતું. આ કારણે જ્યારે પણ તે સુમનને કહેતો કે ચક પાસે ઉભી ન રહેતી. તો તે ઝટ જવાબ દેતી: "શું આ કાળ કોટડીમાંજ પડી પડી મરી જાઉં?" ઘરને આંગણું હોતાં તે આ બહાનું ન લાવી શકશે. આ ઉપરાંત તે આ પણ ઇચ્છતો હતો કે સુમનનો આ સ્ત્રીઓ સાથનો સંબંધ પણ છુટી જાય. તેને આ નિશ્ચય થઇ ગયો હતો કે, એ લોકનીજ કુસંગતિથી સુમનની આ દશા થઇ હતી. તે બીજા ઘરની શોધમાં ચારે તરફ જતો, પણ ભાડું સાંભળી ભડકી ઉઠતો. નિરાશ થઇ પાછો વળતો.

એક દિવસ શેઠજીને ત્યાંથી આઠ વાગે રાતના પાછા વળતા તેણે જોયું ભોલી બાઇ તેની ખાટ ઉપર બેસી સુમન સાથે હસી હસી વાતો કરી રહી હતી. ક્રોધના માર્યે ગજાધરના હોઠ ફડફડવા લાગ્યા. ભોલી તેને જોતાંજ જલદીથી બાહર નીકળી આવી અને બોલી: "જો મને ખબર હતે કે આપ શેઠજીને ત્યાં નોકર છો તો તો હમણા સુધીમાં આપની કેટલી ઉન્નતિ થઇ ગઇ હતે. આ તો આજે વહુજીથી મેં જાણ્યું. શેઠજીની મારા ઉપર અતિ મહેરબાનીભરી નજર છે."

આ શબ્દોએ ગજાધરના ઘા પર જાણે લુણ છાંટયું. "એ મને એટલો નીચ સમજે છે કે એની સિફારશથી હું મારી ઉન્નતિ કરીશ. એવી ઉન્નતિને હું લાત મારૂં છું." તેણે ભોલીને કંઇ જવાબ ન વાળ્યો.

સુમન તેનો રંગ જોઇ સમજી ગઇ કે આગ ભડકવાની તૈયારીમાં છે. તે પણ તે માટે તૈયાર બેઠી હતી. ગજાધરે પણ પોતાનો ક્રોધ છુપાવ્યો નહિં. ખાટ ઉપર બેસતાં તેણે કહ્યું: "તેં ફરી

ભોલી સાથે સંબંધ જોડયો? મેં તે દિવસે મના ન કરી હતી?"

સુમને સાવધાન થઇ ઉત્તર આપ્યો: "તેમાં કોઇ છૂત વટાળ તો નથી. સ્વભાવ શીલતામાં તે કોઇથી ઉતરે તેમ નથી, માન મર્યાદમાંએ કોઇથી કમ નથી, પછી તેની સાથે વાત કરવામાં મારૂં શું ઓછું થાય છે? તે ચાહે તો અમ જેવાને નોકર રાખી લે."

ગજાધર: "ફરી તેં ઢંગધડા વગરની વાત ચલાવી? માનમર્યાદ ધનથી નથી થતાં."

સુમન: "પણ ધર્મથી તો થાય છે."

ગજાધર: "તો શું તે મોટી ધર્માત્મા છે?"

સુમન: "તે તો ભગવાન જાણે. પણ ધર્માત્મા લોક તેનો આદર કરે છે. હમણાજ રામનવમીના ઉત્સવમાં મેં તેને મોટા મોટા પંડિતો અને ધર્માત્માઓની મંડળીમાં બેસી ગાતી જોઇ. કોઇ તેનો તિરસ્કાર ન કરતો હતો. સર્વ કોઇ તેનું મુખ જોઇ રહ્યા હતા. લોક તેનો માત્ર આદરસત્કારજ કરતા હતા પણ એટલુંજ નહિં, ઉલટાં તેની સાથે વાતચીત કરવામાં અહોભાગ્ય સમજતા હતા. મનમાં તેઓ તિરસ્કાર કરતા હતા કે નહિ, તે તો ઇશ્વર જાણે, પણ જોવામાં તો તે સમયે ભોલી ભોલીજ દેખાતી હતી. સંસાર તો વ્યવહારોને જોતોજ નથી, મનની વાત, કોણ કોની જાણે છે?"

ગજાધર: "તો તેં તે લોકના મોટા મોટા તિલક છાપા જોઇ તેમને ધર્માત્મા માની લીધા? આજ કાલ ધર્મ તો ધૂતારાઓનું ઘેર બની બેઠું છે. આ નિર્મલ સાગરમાં એકથી એક મગરમચ્છ પડયા છે. ભોલા ભાલા ભકતોને ઓહિયાં કરી જવું એમનું કામ છે. લાંબી લાંબી જટાઓ, લાંબા લાંબા તિલક છાપા અને લાંબી લાંબી દાઢીયો જોઇ લોક ભૂલાઇ ફસાય છે. પણ એ સર્વ મહા પાખંડી, ધર્મના ઉજ્જ્વલ નામને કલંકિત કરવાવાળા, ધર્મના નામ પર ટકા કમાનારા, ભોગવિલાસ કરવાવાળા પાપી છે. ભોલીનો આદર, સન્માન તેમને ત્યાં ન થશે તો બીજે તે ક્યાં થશે?"

સુમને સરલ ભાવથી પૂછ્યું: "ફૂસલાવો છો કે સાચી વાત કહો છો?"

ગજાધરે તેની તરફ કરૂણા દૃષ્ટિથી જોઇ કહ્યું: "ના, સુમન! વાસ્તવમાં એજ વાત છે. આપણા દેશમાં સજ્જન મનુષ્ય બહુ ઓછા છે, પણ હજી દેશ તેથી ખાલી નથી. તેઓ દયાવાન હોય છે, સદાચારી હોય છે, સદા પરોપકારમાં તત્પર રહે છે. ભોલી જો અપ્સરા બનીને પણ આવે તો તે તેની તરફ આંખ સુદ્ધા ઉપાડે નહિ."

સુમન ચુપ થઇ ગઇ. તે ગજાધરની વાતો સાંભળી વિચારમાં પડી ગઇ હતી.

પ્રકરણ ૧૦ મું.

બીજે દિવસે સુમને ચક પાસે ઉભા રહેવું મૂકી દીધું. થાલ લઇ વેચવાવાળા આવતા તે પોકારી ચાલ્યા જતા. છેલ લોક ગઝલ ગાતા પસાર થઇ જતા. ચકની આડમાં હવે તેમને કોઇ ન દેખાતું હતું. ભોલીએ ઘણીવાર બોલાવી, પણ સુમને બહાનું કર્યું કે મારા જીવને ઠીક નથી. બે ત્રણવાર તે પોતે આવી પણ સુમને તેની સાથે મોકળા મને વાત ન કરી.

સુમનને અહિં આવે હવે બે વર્ષ થઇ ગયા હતા. તેની રેશમી સાડીઓ હવે ફાટતી જતી હતી, રેશમી પોલકાના તાર તાર થઇ ગયા હતા. સુમન હવે પોતાની મંડળીની રાણી ન હતી. તેની વાતો એટલા આદર સાથે હવે સાંભળવામાં ન આવતી હતી. તેની મોટાઇ ભુસાતી જતી હતી. ઉત્તમ વસ્ત્ર વિહીન થઇ તે તેના ઉચ્ચાસન પરથી નીચે પડી ગઇ હતી. આ કારણે તે પડોસણોના ઘેર પણ ન જતી હતી. પડોસણોનું આવવું જવું પણ ઓછું થઇ ગયું હતું. આખો દિવસ પોતાની કોટડીમાં પડી રહેતી હતી. કોઇક વાર કંઇક વાંચતી તો કોઇવાર સુઇ રહેતી.

બંધ કોટડીમાં પડયા પડયા તેનું સ્વાસ્થ્ય બગડવા લાગ્યું. માથામાં પીડા થયા કરતી. કોઇવાર તાવ આવી જતો, કોઇવાર છાતીમાં થડકો થતો. મંદાગ્નિના લક્ષણો દેખાવા લાગ્યા. સાધારણ કામોમાં પણ જીવ ગભરાતો. શરીર ક્ષીણ થઇ ગયું. અને કમલ જેવું બદન કરમાઇ ગયું.

ગજાધરને ચિન્તા થવા લાગી. કોઇ કોઇવાર તે સુમન પર ખાર કાઢતો અને કહેતો કે: "જ્યારે જોઉં ત્યારે પડીજ રહે છે. જ્યારે તું હોવા છતાંય મને આટલું સુખ પણ નહિં કે ઠીક સમય પર ભોજન મળે, તો તારૂં રહેવું ન રહેવું બન્ને સરખા છે. પણ તેને સુમનપર દયા પણ તત્કાળ આવી જતી. પોતાના સ્વાર્થીપણા પર તેને લજ્જા ઉત્પન્ન થતી.

તેને ધીરે ધીરે જણાવા લાગ્યું કે સુમનના સર્વ રોગનું મૂળ અપવિત્ર વાયુ છે. ક્યાં



ચિત્રકાર] [રા. અ. મ. માળી.

" અરે આ કોણ ઓરત બાંકપર બેઠી છે ? ઉઠ ત્યાંથી. "

તો તે તેને ચક પાસે જઇ ઉભા રહેવાની મના કરતો, મેળામાં જવા અને ગંગાસ્નાન કરતા રોકતો હતો. ક્યાં તો હવે તે પોતે ચક ઉપાડી લેતો અને સુમનને ગંગાસ્નાન કરવા માટે તાકીદ કરતો. તેના આગ્રહથી સુમન કેટલાક દિવસ સુધી ચાલુ સ્નાન કરવા ગઇ અને તેને અનુભવે થયો કે મારૂં મન કંઇ હવે હલકું લાગે છે. આ પછી તો તે નિયમિત રૂપે ન્હાવા જવા લાગી. કરમાઇ ગયેલી વેલ ફરી પાણી મળતાં તાજી થઇ.

માહ મહીનો હતો. એક દિવસ સુમનની કેટલીક પાડોસણો પણ તેની સાથે ન્હાવા ચાલી. માર્ગમાંજ બેની-બાગ આવતો હતો. તેમાં નાના પ્રકારના જીવજન્તુ પાળેલાં હતાં. પક્ષિયો માટે લોઢાના પાતળા તારથી એક વિશાલ ગુંબજ બનાવેલો હતો. પાછા ફરતાં સઉએ મનસૂબો કર્યો કે બાગની લટાર પણ લઇયે. સુમન તત્કાલ પાછી વળી આવતી હતી પણ આજ સહેલીયોના આગ્રહથી તેને પણ બાગમાં જવું પડ્યું. સુમન બહુ વાર સુધી ત્યાંના અદ્ભુત જીવોને જોતી જ રહી. અંતમાં થાકી તે એક પત્થરની બેઠક પર બેશી ગઇ. એકાએક તેના કાનમાં અવાજ થયો: "અરે આ કોણ ઓરત બેઠક પર બેઠી છે? ઉઠ ત્યાંથી. શું સરકારે તારે માટે આ બેઠક રાખી છે?"

સુમને પછવાડે ફરી કાતરતાભર્યાં નેત્રોએ જોયું. બાગનો રક્ષક ઉભો ઉભો ધમકાવી રહ્યા હતો.

સુમન લજ્જીત થઇ બેઠક પરથી ઉઠી ગઇ અને આ અપમાનને ભૂલાવવા માટે ત્યાં મૂકેલી ચકલીઓને જોવા લાગી. મનમાં પસ્તાતી હતી કે ક્યાંથી હું આ બેઠક પર જઇ બેઠી. એવામાં એક ભાડાની ગાડી આવી. તે પક્ષીઓવાળા પાંજરા સામે થોભી. બાગના તે રક્ષકે દોડી આવી ગાડીના દરવાજા ખોલ્યા. બે મહિલાઓ ઉતરી તેમાંની એક તે જ સુમનની પાડોસણ ભોલી હતી. સુમન એક ઝાડની આડમાં છૂપાઇ ગઇ અને તે બન્ને બીઓ બાગમાં ફરવા લાગી. તેઓએ વાંદરાઓને ચણા ખવાડ્યા, ચકલીયોને દાણા આપ્યા અને સરોવરમાં માછલીઓ જોવા ચાલી ગઇ. રક્ષક તેમની પછવાડે પછવાડે સેવક માફક ચાલતો હતો. તેઓ સરોવર કિનારે માછલીયોની ક્રીડા જોઇ રહી હતી. એટલી વારમાં તો તે રક્ષકે દોડી જઇ બે ફૂલોના તોરાઓ બનાવ્યા અને તે મહિલાઓને ભેટ કર્યા. થોડી વાર રહી તે બન્ને જે બેઠક પરથી સુમનને ઉઠાડી દેવામાં આવી હતી. તે જ બેઠક પર બેસી ગઇ, રક્ષક એક બાજુએ અદબથી ઉભો હતો. આ દશા જોઇ સુમનની આંખોમાં ક્રોધથી ચણગારિયો નિકળવા લાગી. તેના રોમ રોમમાંથી પરસેવો ટપકવા લાગ્યો. દેહ તૃણ માફક કંપવા લાગ્યો. હૃદયમાં અગ્નિની એક પ્રચંડ જવાળા ભડકી ઉઠી. તે પાલવમાં મ્હોં છુપાવી રડવા લાગી. જેવી બન્ને વેશ્યાઓ ત્યાંથી ચાલી ગઇ, સુમન સિંહણ માફક કુદી રક્ષક સામે આવી ઉભી રહી અને ક્રોધથી કાંપતી બોલી: "કેમ તેં મને તો બેઠક પરથી ઉઠાડી દીધી, જાણે તારા બાપનીજ હોય, પણ આ બન્ને રાંડોને કંઇ ન બોલ્યો."

રક્ષકે અપમાનપૂર્વક ભાવથી કહ્યું: "તે અને તું બરાબર?" આગ પર ઘીની જે અસર થાય તે આ વાક્યે સુમનના હૃદય પર કરી. હોઠ દબાવી બોલી: "ચુપ રહે મૂર્ખ. ટકા માટે વેશ્યાઓના જોડા ઉપાડે છે, તે માટે શરમ નથી આવતી. લે જો, તારી સામે ફરીઆ બેઠક પર બેસું છું, જોઉં તું મને કેમ ઉઠાડે છે?"

રક્ષક પહેલાં તો કંઇક ડર્યો, પણ સુમનના બેઠક પર બેસવા સાથે તે તેની તરફ કુદ્યો કે તેનો હાથ પકડી ઉઠાડી દે. સુમન સિંહણ માફક આગ જેવા નેત્રો તાકતી ઉઠી ઉભી થઇ. આવેશના કારણે તેના મ્હોંમાંથી શબ્દ ન નિકળતા હતા. તેની સહેલિયો જે આ સમયે ચારે તરફ ફરી હરી આ ચકલીના પાંજરા પાસે આવી ગઇ હતી, દુરથી ઉભી ઉભી તેઓ આ તમાશો જોતી જ રહી. કોઇની બોલવાની હિમ્મત ન થતી હતી.

એવામાં એક ગાડી સામેથી આવી પહોંચી. રક્ષક હજી સુમન પર હાથચાલાકી કરવા જતો હતો કે ગાડીમાંથી એક ભલાં માણસે ઉતરી ચોકીદાર પાસે દોડી આવી જોરથી ધક્કો દઇ કહ્યું: "કેમ રે! એમનો હાથ કેમ પકડ્યો છે? દૂર હઠ."

ચોકીદાર અવાચક બની પછવાડે હઠી ગયો. બોલ્યો: "સરકાર, શું એ આપના ઘરનાછે?"

ભદ્ર પુરૂષે ક્રોધથી કહ્યું: "અમારા ઘરના હો કે ન હો, તું એમનો હાથ કેમ પકડવા જતો હતો? આ ભીનીટ રિપોર્ટ કરૂં તો નોકરી પરથી હાથ ધોઇ બેસીશ."

ચોકીદાર હાથે પગે પડ્યો. એવામાં ગાડીમાં બેઠેલી મહિલાએ સુમનને ઇશારાથી બોલાવી અને પૂછ્યું: "એ તમને શું કહેતો હતો?"

સુમન : "કંઇ નહિ, હું આ બેઠક પર બેઠી હતી, તે મને ઉઠાડવા માગતો હતો. હમણાજ બે વેશ્યાઓ આ બેઠક પર બેઠી હતી. શું હું એટલી બધી હલકી છું કે આ વેશ્યાઓથી પણ નીચ સમજે?"

રમણીએ તેને સમજાવ્યું કે: "આ હલકા માણસો જેની પાસેથી ચાર પૈસા મેળવે છે તેની ગુલામી કરે છે. એને મ્હોં આપવું ઠીક નથી."

બન્ને સ્ત્રિયોમાં પરિચય થયો. રમણીનું નામ સુભદ્રા હતું. તે પણ સુમનના મહોલ્લામાં, પણ તેના ઘરથી જરા દૂર રહેતી હતી. તેનો પતિ વકીલ હતો પતિ પત્નિ ગંગાસ્નાન કરી ઘર જતા હતા. અહિં આવતા તેના પતિએ જોયું કે ચોકીદાર એક ભલા ઘરની સ્ત્રીથી તકરાર કરી રહ્યો છે તો તેઓ ગાડીમાંથી ઉતરી પડયાં.

સુભદ્ર સુમનના રંગ, રૂપ, વાતચીત પર એવી મોહિત બની કે તેને પોતાની ગાડીમાં તેણે બેસાડી દીધી. વકીલ સાહેબ કોચબોકસ પર જઇ બેઠા. ગાડી ચાલી. સુમનને એવું લાગતું હતું કે જાણે વિમાન પર બેસી સ્વર્ગ તરફ જાય છે. સુભદ્રા જો કે બહુ રૂપવંતી ન હતી અને તેના વસ્ત્રાભૂષણ પણ સાધારણજ હતા છતાં તેનો સ્વભાવ એવો નમ્ર અને વ્યવહારીક, તથા સરલ અને વિનયપૂર્ણ હતો કે સુમનનું હૃદય પુલકિત બની ગયું. રસ્તામાં તેણે પોતાની સાહેલિયોને જતાં જોઇ બારી ખોલી તેમની તરફ ગર્વથી જોયું, જાણે એમ કહેતી હોય કે તેમને પણ આવું સૌભાગ્ય કદી પ્રાપ્ત થાય છે કે? પણ આ ગર્વ સાથે એને એવો ભય પણ હતો કે રખેને મારૂં ઘર જોઇ સુભદ્રા મારો તિરસ્કાર ન કરી બેસે! જરૂર એમજ થશે. તે શું જાણેજ છે કે હું કેવા ફાટેલા વસ્ત્રોમાં રહું છું. આ કેવી ભાગ્યવાન સ્ત્રી છે! કેવો દેવરૂપ પુરૂષ છે! એ ન આવતે તો આ નિર્દય ચોકીદાર ન જાણે મારી કેવી દશા કરતે. કેટલી બધી સજ્જનતા છેકે મને અંદર બેસાડી પોતે કોચવાન સાથે જઇ બેઠા!

તે આ વિચારોમાં નિમગ્ન હતી કે તેનું ઘર આવી પહોંચ્યું. તેણે સંકોચાતાં સુભદ્રાને કહ્યું: "ગાડી થોભાવજો, મારૂં ઘર આવી પહોંચ્યું છે."

સુભદ્રાએ ગાડી થોભાવી. સુમને એકવાર ભોલીબાઇના ઘર તરફ વધુ તાકીને જોયું. તે પોતાની અગાશી પર ફરતી હતી. બન્નીને આંખો મળી. ભોલીએ જાણે કહ્યું: "કઠી, આ ઠીક!" સુમને જાણે ઉત્તર આપ્યો: "સારી પેઠે જોઇ લે! આ કોણ લોક છે. તું મરી જાય તો પણ આ દેવી સાથે બેસવાનું નસીબ ન મેળવે."

સુમન ઉઠી ઉભી થઇ અને સુભદ્રાની તરફ સજલ નેત્રોથી જોઇને બોલી: "આટલો પ્રેમ બતાવી વિસારી ન દેશો. મારૂં મન તો તમારામાં પરોવાયલુંજ રહેશે:"

સુભદ્રાએ કહ્યું: "નારે બહેન, હજી તો હું તમારાથી કંઇ વાતોય કરવા નથી પામી. હું તો હજી તમને કાલેજ બોલાવીશ."

સુમન ઉતરી પડી. ગાડી ચાલી ગઇ. સુમન પોતાના ઘરમાં જતાં તેને જાણે એવું લાગ્યું કે કોઇ આનંદમય સ્વપ્ન જોઇ જાગી છે."

ગજાધરે પૂછ્યું: "આ ગાડી કોની હતી?"

સુમન: "અહિંના કોઇ વકીલ છે. બેની—બાગમાં તેમની સ્ત્રી સાથે ભેટ થઇ. હઠ કરી તેણે ગાડીમાં બેસાડી લીધી. તેણે માન્યું જ નહીં."

ગજાધર: "તો શું તું વકીલની સાથે બેઠી હતી?"

સુમન: "કેવી વાતો કરો છો. તે બિચારા તો કોચવાનની બાજુમાં બેઠા હતા."

ગજાધર: "ત્યારે આટલી બધી વાર થઇ?"

સુમન: "બન્ને જણા સજ્જનતાના અવતાર છે."

ગજાધર: "ઠીક. ચાલો હવે ચૂલો સળગાવો, બહુ વખાણ કર્યાં."

સુમન: "તમે વકીલ સાહેબને જાણત તો હશો?"

ગજાધર: "આ મહોલ્લામાં તો તે જ એક પદ્મસિંહ વકીલ છે. તેઓ જ હોવા જોઇએ."

સુમન: "ગોરા ગોરા લાંબા માણસ. ચશ્મા પહેરે છે."

ગજાધર: "હા હા તેજ એ. શું એ પૂર્વ તરફ રહે છે?"

સુમન: "કોઇ મોટા વકીલ છે?"

ગજાધર: "હું તેમની આવક ખરચનો હિસાબ થોડો જ રાખું છું. આવતા જતાં કોઇવાર દેખું છું. માણસ ભલા છે."

સુમન સમજી ગઇ કે વકીલ સાહેબની ચર્ચા ગજાધરને ઠીક નથી લાગી. કપડાં બદલી, અને ભોજનની તૈયારી કરવા લાગી.

પ્રકરણ ૧૧ મું.

બીજે દિવસ સુમન ન્હાવા ન ગઇ. તે સવારથીજ પોતાની એક રેશમી સાડી સીવી સાંધી દુરસ્ત કરવામાં લાગી.

બપોરના સુભદ્રાની એક દાસી તેને તેડવા આવી. સુમને મનમાં તો ધાર્યું હતું કે ગાડી પણ લેવા આવશે. તેનું મન તેથી કંઇક ન્હાનું પડી ગયું. જેનો ભય હતો તે જ બન્યું.

તે દાસી સાથે સુભદ્રાને ઘેર ગઇ અને બે ત્રણ કલાક ત્યાં બેઠી. તેનું ત્યાંથી ઉઠવા મન જ ન થયું હતું. તેણે પોતાના પિયરની રજે રજ વાત કરી સંભળાવી પણ સુભદ્રા પોતાના સાસરિયાંને ત્યાંનીજ વાતો કરતી રહી.

બન્ને સ્ત્રીઓમાં મેળમેળાપ વધવા લાગ્યો. સુભદ્રા જ્યારે ગંગા પર ન્હાવા જતી તો સુમનને પણ દરરોજ એક વાર સુભદ્રાને ત્યાં ગયા વિના કલ ન પડતી.

કિનારે પડેલી માછલી પાછી જલધારામાં પડતાં ગેલ કરવા લાગી જાય છે તે જ રીતે સુમન પણ સુભદ્રાની સ્નેહરૂપી જલધારામાં પોતાની વિપત્તિઓ ભૂલી આમાદ પ્રમોદમાં મગ્ન રહેવા લાગી.

સુભદ્રા કંઇ કામ કરતી હોય તો સુમન પણ પોતે તે કામ કરવા લાગી જતી. કોઇ કોઇવાર પંડિત પદ્મસિંહ માટે જલપાન તૈયાર કરતી, કોઇવાર પાન બીડા તૈયાર કરી મોકલતી. આ કામો કરતાં તેને જરા પણ આળસ ન આવતું. તેની દૃષ્ટિમાં સુભદ્રા જેવી સુશીલ સ્ત્રી અને પદ્મસિંહ જેવો સજ્જન મનુષ્ય સંસારમાં ન હતો. એકવાર સુભદ્રાને તાવ આવતો હતો, સુમન તેની પાસેથી મુદલ ખસતી ન હતી. પોતાને ઘેર એક ક્ષણ માટે જઇ કાચું પાકું રાંધી ફરી ત્યાં આવી પહોંચતી. પણ ગજાધર એની એ વાતોથી મનમાંજ બળ્યા પર કરતો હતો. તેને સુમન પર વિશ્વાસ ન હતો, તે તેને સુભદ્રાને ત્યાં જતાં રોકતો હતો, પણ સુમન તેનું કહેવું માનતીજ ન હતી.

ફાગણના દિવસ હતા. સુમન આ ચિંતામાં હતી, કે હોલીના તહેવારમાં પહેરવા માટેના કપડાંઓનો શો બંદોબસ્ત કરવો. ગજાધરને અહિં એક મહીનો થયાં શેઠજીએ નોટીસ આપી દીધી હતી. તેનો હવે ફક્ત ૧૫ રૂપિયા પરજ આધાર હતો. તે એક તંજેલની સાડી અને રેશમી મલમલના કબજા માટે ગજાધરને અનેક વાર કહેતી હતી, પણ ગજાધર હા હું કરી ટાળ્યા કરતો હતો. તે વિચારતી, આ પુરાણાં કપડાં પહેરી સુભદ્રાને ઘેર હોલી ખેલવા તે કેવી રીતે જઇશ?

એટલામાં સુમનને તેની માતાના સ્વર્ગવાસના શોક સમાચાર મળ્યા. સુમનને જેટલો થવો જોઇએ તેટલો શોક ન થયો, કારણ તેનું હૃદય તેની માતા તરફથી તુટી ગયું હતું. પણ આ બનાવથી હોલી માટેના નવા ઉત્તમ વસ્ત્રની ચિન્તાથી નિવૃતિ થઇ ગઇ. તેણે સુભદ્રાને કહ્યું: "ભાભીજી! હવે તો હું નમાઇ, દુઃખી થઇ ગઇ, હવે ઘરેણા કપડાં તરફ આંખીને જોવાએ મન નથી થતું. બહુ પહેર્યું ઓઢયું આ દુઃખે હવે શ્રંગાર અંલકારની અભિલાષા નથી રહેવા દીધી. આ મુવો જીવ અધમ છે, કે શરીરથી નિકળતો નથી. બાકી હૃદયમાં જે કંઇ થાય છે તે તો હુંજ જાણું છું." પોતાની સખીઓ સાથે પણ તેણે એવી જ શોકપૂર્ણ વાતો કરી. સઉ કોઇ એની આ માતૃભક્તિની પ્રશંસા કરવા લાગ્યા.

એક દિવસ તે સુભદ્રા સાથે બેસી રામાયણ વાંચી રહી હતી કે પદ્મસિંહ પ્રસન્નચિત્ત ઘરમાં આવી બોલ્યાં: "આજે બાજી મારી લીધી."

સુભદ્રાએ ઉત્સુક બની પૂછયું: "સાચે?"

પદ્મસિંહ: "અરે શું કરૂં આ વખતે પણ મને સંદેહ જ હતો."

સુભદ્રા: "ઠીક તો લાવો, મારા રૂપિયા અપાવો, ત્યાં આપની બાજી હતી, અહિં મારી બાજી છે."

પદ્મસિંહ: "હા, હા. તારા રૂપિયાએ મળશે, જરા ધીરજ તો ધર. મિત્રલોક આગ્રહ કરી રહ્યા છે કે ધૂમધામથી આનંદોત્સવ કરવામાં આવે."

સુભદ્રા: "હા કંઇક તો કરવું જ પડશે અને જરૂર પણ છે."

પદ્મસિંહ: "મેં પ્રીતિભોજન માટે કહ્યું છે, પણ આ વાત કોઇ કબુલતું નથી. લોક ભોલીબાઇના મુજરા માટે હઠ કરી રહ્યા છે."

સુભદ્રા: "ઠીક. તો તેમનું માની લ્યો, ક્યાં હજારોનો ખરચ છે. હોળી પણ આવી પહોંચી છે, બસ હોળીનોજ દિવસ નક્કી કરો. એક પંથ ને બે કાજ થશે."

પદ્મસિંહ: "ખરચની વાત નથી. સિદ્ધાંતની વાત છે."

સુભદ્રા: "ભલા, આ વખતે સિદ્ધાંતથી વિરૂદ્ધ જરા સહી લેવું."

પદ્મસિંહ: "વિઠ્ઠલદાસ તો કોઇ રીતે રાજી થતા નથી. એ તો કેડો નહિં મૂકે."

સુભદ્રા: "તેમને બકવા દો. સંસારના સર્વ કોઇ કંઇ થોડાંજ તેમના જેવા બનવાના."

પંડિત પદ્મસિંહ આજ કંઈ વર્ષોના વિફલ પ્રયત્ન બાદ મ્યુનિસિપાલિટિના મેમ્બર બનવામાં સફળ થયા હતા. તેના જ આનંદોત્સવની તૈયારીયો થઇ રહી હતી. જો કે તેઓ પોતે તો બહુ આચારવાન મનુષ્ય હતા, તથાપિ પોતાના સિદ્ધાંતોપર સ્થિર રહેવાનું સામર્થ્ય તેમનામાં ન હતું. કંઇક શરમાશરમી, કંઇક પોતાના સરળ સ્વભાવથી અને કંઇક મિત્રોની વ્યંગોક્તિના ભયથી તેઓ પોતાના પક્ષપર સ્થિર રહી શકતા ન હતા. બાબુ વિઠ્ઠલદાસ તેમના પરમ મિત્ર હતા. તેઓ વેશ્યાઓના નાચ ગાનના કટ્ટા શત્રુ હતા. આ કુથલા કાઢી નાખવા તેમણે સુધારક સંસ્થા સ્થાપિ હતી. પંડિત પદ્મસિંહ તેમના આ ગણ્યાગાંઠ્યા અનુયાયીઓમાંના હતા. પંડિતજી એ કારણે વિઠ્ઠલદાસથી ડરતા હતા પણ સુભદ્રાના ઉત્તેજનથી તેમનો સંકોચ દૂર થઇ ગયો. તેઓ પોતાના વેશ્યાભક્ત સહમિત્રોથી સંમત થઇ ગયા. ભોલીબાઇનો મુજરો નક્કી કર્યો,

ચાર દિવસ રહી હોળી આવી પહોંચી અને તે જ રાતે પદ્મસિંહને ત્યાંની બેઠકે નૃત્યશાળાનું રૂપ ધારણ કીધું. સુંદર રંગીન ગાલીચાઓપર મિત્રવૃન્દ બેઠું હતું અને ભોલીબાઇ પોતાના સમાજીયો સાથે મધ્યમાં બેસી ભાવ બતાવતાં મધુર સ્વરે ગાઇ રહી હતી. ઓરડો વીજળીની દીવ્ય બત્તિઓથી જ્યોતિમય થઇ રહ્યો હતો. અતર અને ગુલાબની સુગંધી ઉડી રહી હતી. હાસ્ય પરિહાસ્ય, આમોદ પ્રમોદનું બજાર તેજી બન્યું હતું.

સુમન અને સુભદ્રા બન્ને ઝરૂખામાં ચકની આડમાંથી આ જલસો જોઇ રહ્યાં હતાં. સુભદ્રાને ભોલીનું ગાનું નીરસ, ફીકું માલમ પડતું હતું. તેને આશ્ચર્ય થતું હતું કે લોક આટલા એકાગ્રચિત્ત થઇ શું સાંભળી રહ્યાં છે. બહુવાર પછી ગીતના શબ્દ તેમની સમજમાં આવ્યા. શબ્દાલંકારથી તે દબાઇ ગયા હતા. સુમન અધિક રસ લેતી હતી. તે ગાનું સમજતી હતી, અને તાલસ્વરનું જ્ઞાન તેને હતું. ગીત કાને આવતાં સ્મરણ પટ પર અંકિત થઇ જતું હતું. ભોલીબાઇએ ગાયું :

એસી હોલી મેં આગ લગે,
પિયા બિદેશ,
મેં દ્વારે ઠાઢી,
ધીરજ કૈસે રહે,
એસી હોલી મેં આગ લગે.

સુમને એજ પદ ધીરે ધીરે ગણગણતા ગાયું અને પોતાની સફલતા પર તે મુગ્ધ થઇ ગઇ. કેવલ ગિટકિરી ન ભરી શકી. પણ તેનું તમામ ધ્યાન ગાનાં પરજ ન હતું. તે જોતી હતી કે સેંકડો આંખો ભોલીબાઇના પર ઠરેલી છે. તે નેત્રોમાં કેટલી તૃષ્ણા હતી! કેટલો વિજય! કેટલી ઉત્સુકતા! તેમની પુતલિયો ભોલીના એક એક ઇશારા પર એક એક ભાવપર નાચતી હતી, ચમકતી હતી. જેની પર પણ તેની નજર પડતી હતી તે આનંદથી ગદગદ થઇ જતો હતો અને જેની સાથે પણ તે હસીને બે વાતો કરી લેતી તેને તો જાણે કુબેરનું ધન મળી જતું. તે ભાગ્યશાળી પુરૂષ પર સર્વ સભાની સન્માનપૂર્ણ દૃષ્ટિ પડતી હતી. તે મહેફિલમાં એકથી એક ધનવાન, એકથી એક વિદ્વાન, એકથી એક રૂપવાન, સજ્જન ઉપસ્થિત હતા, પણ તેઓ સર્વ વેશ્યાના હાવભાવપર મરી ફીટતા હતા. દરેક મુખ ઇચ્છા અને લાલસાનું ચિત્ર બન્યું હતું.

સુમન વિચારવા લાગી, આ સ્ત્રીમાં તે ભલાં કયું જાદુ છે?

સૌંદર્ય? હા, તે રૂપવતી છે, તેમાં સંદેહ નહિં. પણ હું તે કંઇ દેખાવે એટલી ખરાબ નથી. તે શામળી છે તો હું ગોરી છું. તે ભરેલી છે તો હું પાતળી છું.

પંડિતજીના ઓરડામાં એક અરીસો હતો. સુમન આ અરીસા સામે જઇ ઉભી રહી અને તેમાં તેણે પોતાને માથાથી પગ સુધી જોવા લાગી. ભોલીબાઇના પોતાના હૃદયાંકિત ચિત્ર સાથે પોતાની અને અગની સરખામણી કરવા લાગી. તેણે નિશ્ચય કર્યો કે હું તેથી તો કઇંક સુંદર જ છું. આટલું થતાં તેણે સુભદ્રા પાસે આવી કહ્યું: "વહુજી, એક વાત પૂછું, માઠું ન લગાડતા; આ ઇન્દ્ર રાજાની પરી કંઇ મારાથી વધુ સુંદર છે?

સુભદ્રાએ કંઇક કુતુહલથી તેના તરફ જોઇ સ્મિત કરી કહ્યું: "એ કાં પૂછે છે?"

સુમને લજ્જાથી માથું ઝુકાવી કહ્યું: "કંઇ નહિં, એમજ કહો ને?"

સુભદ્રા: "તેનું સુખનું શરીર છે, તેથી કોમલ છે, પણ રંગરૂપમાં કંઇ એ તારી બરોબર નથી."

સુમને ફરી વિચાર્યું: "તો શું તેના વસ્ત્ર શણગારપર અને ઘરેણાપર લોક આટલા

રીઝે છે? હું પણ જો આવીજ રીતે સજાવટ કરૂં, આવાજ ઘરેણા કપડાં પહેરૂં તો મારૂં યૌવન હજીએ વધુ ચમકી ઉઠે? પણ એ બધું મળે ક્યાં?”

“શું લોક તેના સ્વરલાલિત્ય પર આટલા મુગ્ધ બની રહ્યા છે? એના ગળામાં લોચ નથી. મારો અવાજ એથીએ બહુ સરસ છે. અગર કોઇ મને ફક્ત એક મહીનો શિખવે તો હું એનાથી પણ સરસ ગાવા લાગું. હું પણ વાંકા નયન કરી જોઇ શકું છું. મને પણ લજ્જાથી આંખો નીચે ઢાલી સ્મિત કરતાં આવડે છે.”

સુમન બહુવાર સુધી ત્યાં બેસી કાર્યથી કારણનું અનુસંધાન કરતી રહી. અંતમાં તે આ પરિણામ પર આવી કે તે સ્વાધીન છે, મારા પગોમાં બેડિયો છે, તેની દુકાન ખૂલ્લી પડી છે, તેથી ગ્રાહકોની ભીડ છે, મારી દુકાન બંધ છે એ કારણે કોઇ આવી ઉભું નથી રહેતું. તે કુત્રાઓના ભસવાની પરવાહ નથી કરતી, હું લોકનિન્દાથી ડરૂં છું. તે પરદાની બાહર છે, હું પરદાની અંદર છું. તે ડાળીપર મનમાની રીતે ગાઇ રહી છે, હું પીંજરમાં બંધ તડપ્યા કરૂં છું. તેણે લજ્જા ત્યાગી દીધી છે, મેં તે પકડી રાખી છે. એજ લજ્જાએ એજ ઉપહાસના ભયે મને બીજાની દાસ બનાવી રાખી છે.



બોલી: “પિયા બિદેશ, મૈ દ્વારે ઠાઢી.”

અરધી રાત વીતી ચુકી હતી. સભા વિસર્જન થઇ. લોક પોતપોતાને ઘેર ગયાં. સુમન પણ પોતાના ઘર તરફ ચાલી. ચારે તરફ અંધારૂં છવાઇ ગયું હતું. સુમનના હૃદયમાં પણ નિરાશીનો કંઇક એવોજ અંધકાર છવાયો હતો. તે ઘેર તો જતી હતી, પણ બહુ ધીરે ધીરે; અભિમાન જે રીતે નીચતાથી દૂર ભાગે છે, એજ પ્રકારે તેનું હૃદય તે ઘરથી દૂર ભાગતું હતું.

ગજાધર નિયમાનુસાર નવ વાગે ઘર ગયો. દરવાજા બંધ હતા. ગુંચવાયો કે આ સમયે સુમન ક્યાં ગઇ? પડોસમાં એક વિધવા દરજણ રહેતી હતી તેને જઇ પૂછ્યું. જણાયું કે તે સુભદ્રાને ત્યાં કંઇ કામે ગઇ છે, ચાવી અંહિથી તેને મળી. આવી કમાડ ખોલ્યાં તો જમવાનું રાંધેલું તૈયાર હતું. તે દરવાજા પર સુમનના આવવાની રાહ જોતો બેઠો. જ્યારે દસ વાગી ગયા ત્યારે તેણે જમવાનું પીરસી ક્રોધમાં કઇં ખાધું ન ખાધું કરી તમામ ભાણું ઉપાડી બાહાર ફેંકી દઇ, અંદરથી કમાડ બંધ કરી સુઇ રહ્યો. મનમાં આ નિશ્ચય કર્યો કે આજ જોઇએ તેટલું માથું પટકી મરી જાય પણ કમાડ ન ખોલીશ. જોઉં તો ખરો કયાં જાય છે. પણ તેને બહુ વાર સુધી ઉંઘજ ન આવી. જરાક ખડખડાટ થતાં તે દંડો ઉપાડી કમાડ પાસે જતો. આ સમયે

જો સુમન એને મળી જતે તો તેના માટે ઠીક ન થતે. અગિયાર વાગી જવા બાદ તેને નિદ્રાદેવીએ તેને સપાટામાં લીધો.

સુમન જ્યારે પોતાના દ્વાર પર પહોંચી તો તેના કાને એક વાગાની ઘંટીનો અવાજ આવ્યો. તે અવાજ તેની નસેનસમાં ગુંજી ઉઠ્યો. તે હમણા સુધી દશ અગિયાર વાગ્યા હશેના અનુમાનમાં હતી. પ્રાણ સૂકાઇ ગયા. તેણે કમાડની ફાટમાંથી જોયું, છાણા બળી રહ્યા હતા, અને તેના ધુમાડાથી કોટડી ભરાઇ ગઇ હતી. ગજાધર હાથમાં દંડો લઇ ચત્તોપાટ પડી ઘોર્યા કરતો હતો. સુમનનું હૃદય કંપી ઉઠ્યું. કમાડ ખડખડાવવાનો સાહસ ન થયો.

પણ આ સમયે જાઉં પણ ક્યાં? પદમસિંહના ઘરના દરવાજા પણ બંધ થઇ ગયા હશે. બન્ને નોકર પણ સુઇ ગયા હશે. બહુ બુમ બરાડા પાડતાં દરવાજા તો ખુલશે પણ વકીલ સાહેબ પોતાના મનમાં ન જાણે શું સમજશે. ના, ત્યાં જવું તો ઉચિત નથી. કાં ન અહિંજ બેઠી રહું? એક તો વાગી ચુકયો છે, ત્રણ ચાર કલાકમાં સવાર થવા આવશે. આ વિચારે તે બેસી ગઇ, પણ આ દગદગો તો ચાલુજ હતો કે કોઇ મને આ રીતે અહિં બેઠેલી જોઇ લે તો શું કહે? સમજશે કે ચોર છે, તક સાધતો બેઠો છે. સુમન ખરેખર પોતાનેજ ઘર પોતે ચોર બની હતી.

ફાગણમાં રાતના ઠંડી હવા નિકળે છે. સુમનના શરીરપર એક ફાટેલો રેશમી કબજો હતો. હવા તીર માફક તેના હાડકાઓમાં સુસવાટ કરતી હતી. હાથપગ ઝકડાઇ જતા હતા, તે ઉપર વળી નીચેની ગટરમાંથી એવી દુર્ગંધ નીકળતી હતી કે શ્વાસ લેવો કઠણ હતો. ચારો તરફ ઘનઘોર છાયું હતું. કેવળ ભોલીબાઇની બારીમાંથી પ્રકાશની રેખાઓ અંધારી ગલી તરફ દયાની સ્નેહ રહિત દૃષ્ટિથી ઝાંખી રહી હતી.

સુમને વિચાર્યું, હું કેવી હતભાગિણી છું! એક તો તે સ્ત્રીઓ છે, જે આરામથી તકિયાઓ માથા નીચે મૂકી સુતી પડી છે, દાસીઓ પગ દબાવી રહી છે. એક હું એ છું કે અહિં બેઠી મારા નસીબને રડી રહી છું. હું આ સર્વ દુઃખ કાં ઝીલું છું? એક ઝુંપડી જેવી કોટડીમા તુટેલા ખાટલા પર સુવું છું, લુખી રોટલીઓ જમું છું, નિત્ય ધમકિયો ખાયા કરૂં છું, કાં? મર્યાદા પાલન કરવાને? પણ સંસાર મારા આ મર્યાદાપાલનને શું સમજે છે, તેની દૃષ્ટિમાં એનું શું મૂલ્ય છે? શું એ મારાથી હવે છૂપું રહ્યું છે? દશેરાના મેળામાં, મહોરમના ફુલ બાગમાં, મંદિરોમાં સર્વ જગ્યાએ તો હું જોઇ રહી છું. આજસુધી હું સમજતી હતી કે કુચરિત્ર લોકજ આ રમણિયો પર જાન આપે છે, પણ આજ ખબર પડી કે તેમની પિછાન સુચરિત્ર અને સદાચારશીલ પુરૂષોમાં પણ ઓછી નથી. વકીલ સાહેબ બહુએ ભલા અને સજ્જન પુરૂષ છે. પણ આજે તો તેઓએ ભોલીબાઇ પર લટ્ટુ થઇ રહ્યા હતા.

આ રીતે વિચારતાં તે ઉઠી કે કમાડ ખડખડાવું, પછી જે બનનાર હશે તે બનશે. એવું તે કયું સુખ ભોગવી રહી છું જે માટે આ સંકટો સહુ. એ તે મને ક્યાં સોનાના કોળિયા ખવાડી દે છે? કઈ ફૂલની સેજપર સુવાડે છે? આખો દીવસ છાતીતોડ મહેનત કરૂં છું ત્યારે એક રોટલી ખાવા મળે છે, તે પર વળી કરડાકી! પણ ગજાધરના દંડાને જોતાં તેની છાતી બેસી ગઈ. પશુબળે મનુષ્યતાને પરાસ્ત કરી દીધી.

અકસ્માત સુમને બે પોલીસ સિપાઇઓને ખભે લાઠી મુકી આવતાં જોયા. અંધકારમાં તેઓ બહુ ભયંકર દેખાતા હતા. સુમનનું રક્ત સૂકાઇ ગયું. ક્યાં પણ છૂપાવાની જગ્યા ન હતી. વિચારવા લાગી કે જો અહિં બેસી રહું તો આ અવશ્ય કંઇ પણ પૂછશે તો ઉત્તર શું આપીશ? તે વેગથી ઉઠી જોરથી કમાડ ખડખડાવા લાગી. જોરથી બુમો પાડી: "ખોલો કેટલીવાર થઇ રાડો નાખું છું, સાંભળતાએ નથી."

ગજાધર ચોંકયો. પહેલી ઉંઘ પૂરી થઇ ચૂકી હતી. ઉઠી કમાડ ખોલી નાખ્યા. અવાજમાં કંઇ ભય હતો, કંઇ ગભરાટ હતો. સુમને કૃત્રિમ ક્રોધ કરી કહ્યું: "વાહરે સુવાવાળા! ઘોડા વેચી સુતા હતા કે? કેટલીવાર થઇ રાડો નાખું છું, જરા ચું એ નથી કરતા. ઠંડીથી આ હાથ પગ અકડી ગયા."

ગજાધર નિશંક બની બોલ્યો: "મને ઉડાવ નહિં, બોલ, આખી રાત ક્યાં હતી?"

સુમન નિર્ભય થઇ બોલી: "આખી રાત તે કેવી? હજી નવ વાગે તો સુભદ્રાદેવીને ઘેર ગઇ હતી. આમંત્રણ હતું, તેડવા માણસ આવ્યું હતું. દસ વાગે તેમને ત્યાંથી વળી બે કલાક થયા તમારે દરવાજે ઉભી રાડો

નાખું છું. બાર વાગ્યા હશે, તમને કંઇ તમારી ઉંઘમાં કોઇ ચીજની શુદ્ધ પણ છે કે?"

ગજાધર: "તું દસ વાગે આવી હતી?"

સુમને દૃઢતાથી કહ્યું: "હા, હા, દસ વાગે."

ગજાધર: "તદ્દન જૂઠું. હું બારની ઘંટડીઓ મારા કાને સાંભળી પછી સુતો છું."

સુમન: "સાંભળી હશે, ઉંઘમાં શરીરની તો શુદ્ધ નથી, ત્યાં ઘંટડીઓ ગણુવા બેઠા હતા."

ગજાધર; "હવે તારી જરાપણ ધાંધલ ચાલવાની નથી. સાફ સાફ બતાવ તું હમણા સુધી કયાં હતી? હું તને આજકાલ જોઉં છું તો તારા ચેનચાળા કંઇ બરાબર નથી. હું કંઇ આંધળો નથી. મેં પણ સ્ત્રીના ચરિત્ર વાંચ્યાં છે. ઠીક ઠીક, બતાવ જોઉં, નહિં તો આજે તો જે કંઇ બનનાર હશે તે બનવાની."

સુમન: "એકવાર તો કહી દીધું કે હું દશ અગિયાર વાગે:અહિં આવી પહોંચી. તમને વિશ્વાસ ન આવતો હોય તો ભલે ન આવે. જે ઘરેણા અપાવતા હો તે ન અપાવતા. જ્યારે જુઓ ત્યારે વઢવા તૈયાર છો. નથી ખબર કે શું ધાર્યું છે?"

આ કહેતાં કહેતાં સુમનને ભાન થયું. તે સમજી ગઇ કે બોલબોલમાં તે હદ બાહેર નીકળી ગઇ હતી. હમણાજ દરવાજા બાહર બેઠાં બેઠાં તેણે જે વાતો વિચારી મનમાં ઠરાવ પર આવી હતી, તે સર્વ તે ભૂલી ગઇ. લોકાચાર અને હૃદયમાં જમેલા વિચાર આપણા જીવનમાં આવા અકસ્માતિક પરિવર્તન થવા દેતા નથી.

ગજાધર સુમનની આ કઠોર વાતો સાંભળી સજ્જડ થઇ ગયો. આ પહેલોજ અવસર હતો કે સુમન આ રીતે તેને મ્હોંએ ચઢી બોલી હતી. ક્રોધાંધ થઇ બોલ્યો: "શું તું એમ ચાહે છે કે તારા મનમાં આવે તેમ તું કર્યા કરે અને હું એક શબ્દ ન કહું? તું આખી રાત ન જાણે કયાં રહી. હવે જો પુછું છું તો કહે છે કે મને તમારી પરવાહએ નથી, તમે તે મને શું કરનાર છો? મને ખબર પડી, તને પણ શહેરનું પાણી લાગ્યું જણાય છે. તેં પણ તારી સખીઓનો રંગ પકડયો. બસ હવે તારી સાથે મારો નિભાવ નથી થવાનો. કેટલું સમજાવી રહ્યો છું કે આ રાંડો સાથે ન બેસ; મેળા જાત્રાએ ન જા, પણ તેં સાંભળ્યું તે ન જ સાંભળ્યું. મને તું જ્યાં સુધી ન બતાવશે કે તું આખી રાત ક્યાં રહી, ત્યાં સુધી હું તને ઘરમાં બેસવા નથી દેવાનો. ન બતાવીશ તો સમજી લેજે કે આજથી તને મારી સાથે કંઇ સંબંધ નથી, તારો જ્યાં જીવ ચાહે ત્યાં જા, જે મનમાં આવે તે કર."

સુમને દયાભર્યા ભાવે કહ્યું: "વકીલ સાહેબના ઘર સિવાય હું કયાંએ નથી ગઇ. તમને વિશ્વાસ ન હોય તો તમે પોતે જઇ પૂછી લ્યો. જેટલીએ વાર થઇ તે ત્યાંજ થઇ છે. ગાણુ થતું હતું, સુભદ્રાદેવીએ આવવા ન દીધી."

ગજાધરે લાંછનાયુકત શબ્દોમાં કહ્યું: "ઠીક, તો હવે વકીલ સાહેબથી મન મળ્યું છે એમ કહેને? પછી તે ભલા મારા જેવાની તે તું પરવાહ શેની કરે?"

આ લાંચ્છનાથી સુમનના હૃદય પર જબરો આઘાત થયો. ખોટો આરોપ કદી નથી સહી શકાતો. તે રોષે ભરાઇ બોલી: "કેવા બોલ મ્હોંમાંથી કાઢો છો? વગર ફોકટના નાહક કોઇ ભલા માણસને બદનામ કરો છો! મને આજે વાર થઇ ગઇ છે તો મને ગમે તે કરો, મારો પીટો, વકીલ સાહેબને કાં વચમાં ઘસડો છો? તેઓ બિચારા તો જ્યાં સુધી હું ઘરમાં રહું છું, ત્યાં સુધી ઓરડાની અંદર પગે મૂકતાં નથી.

ગજાધર: "ચાલ છોકરી, મને ન બનાવ, એવા એવા તો કેટલા ભલા માણુસ જોઇ લીધા. તે દિન છે, તેની પાસે જાની. આ ઝુંપડી તારા રહેવા યોગ્ય નથી. તારો લોભ વધી ગયો છે, તારાથી હવે અહિં ગુજારો થાય તેમ.નથી."

સુમને જોયું કે વાત વધતી જાય છે. જો તેનાથી માન વાળી શકાતે તો તે તેમ કરતે. પણ છૂટેલો તીર કદી પાછો વળે છે? સુમન રડવા લાગી તે બોલી: "મારી આંખો ફૂટે જો મેં તેમના તરફ ધારીને જોયુંએ હોય તો. મારી જીભ બળે જો મેં તેમની સાથે એક વાતે કરી હોય તો. જરા મનને ગોઠાવવા સુભદ્રા પાસે જાઉં છું, હવે ના કહો છો તો ન જઇશ."

મનમાં જ્યારે એક વાર પણ ભ્રમનો પ્રવેશ થાય છે તો તેનું નિકળવું કઠણ થઇ પડે છે. ગજાધરે ધાર્યું કે સુમન આ સમયે કેવલ મારો ક્રોધ શાન્ત કરવા માટે આ નમ્રતા દેખાડી રહી છે. કટુતાપૂર્ણ સ્વરે તે બોલ્યો: "ના, જઇશ કેમ નહિં. ત્યાં ઉંચી અટારી સહેલ કરવા મળશે, પકવાનો ખાવાના

મળશે, પુલોની સેજ પર સુવા મળશે. નિત્ય રાગ–રંગની ધૂમ રહેશે."

વ્યંગ અને ક્રોધને આગ અને તેલનો સંબંધ છે. વ્યંગ, હૃદયને એ પ્રકારે વિદીર્ણ કરી નાંખે છે કે જેવીરીતે છીણી બરફના ટૂકડાને કરી દે છે. સુમન ક્રોધથી વિહ્વલ બની બોલી:" ઠીક, તો હવે જીભ સંભાળો. બહુ થયું. કલાક થયાં મ્હોંમાંથી ગમે તે ફાટયું ફાટયું બકો છો, હું બોલતી નથી એટલે તમે છેકજ ચાલ્યા. શું મને કોઇ કુલટા સમજી છે?"

ગજાધર: "હું તો એમજ સમજું છું."

સુમન: "તમે મારા પર મિથ્યા પાપારોપ ચઢાવો છો, પરમેશ્વર તમારી પાસેથી બદલો લેશે."

ગજાધર: "ચાલ નિકળ મારા ઘરમાંથી, રાંડ શાપે છે?"

સુમન: "હા, હા. એમજ કહોને કે તને રાખવા જ નથી માંગતો. મારે માથે પાપ કાં ચઢાવો છો? શું તમે જ મારા અન્નદાતા છો? જ્યાં મજુરી કરીશ ત્યાં પેટ ભરીશ."

ગજાધર: "જાય છે કે ઉભાં ઉભાં ગાળોજ આપવાની?"

સુમન જેવી સ્વમાની સ્ત્રી આ અપમાનને સહન ન કરી શકી. ઘરથી નિકળવાની ધમકી ભયંકર મનસુબાઓને પૂરા કરી દે છે.

સુમન બોલી: "ઠીક, લ્યો ત્યારે આ જાઉં છું."

આમ કહી તેણે દરવાજાની તરફ એક પગલું ભર્યું. પણ હજી તેણે જવાનો નિશ્ચય કર્યો ન હતો. ગજાધર એક મિનિટ કંઇક વિચારતો રહ્યો, પછી બોલ્યો: "તારા ઘરેણાં કપડાં લેતી જા, અહિં તેનું કઇ કામ નથી."

આ વાકયે ટમટમી રહેલી આશા–દીપકની શિખાને બુઝવી દીધી. સુમનને વિશ્વાસ થઇ ગયો કે હવે આ ઘરથી નાતો છૂટયો. રડતાં બોલી: "હું તે લઇને શું કરવાની?"

સુમને ટ્રન્ક ઉપાડી લીધી અને દ્વારમાંથી નીકળી પડી; પણ હજી તેને કંઇક આશા હતી. તે સમજતી હતી કે ગજાધર હજીએ મનાવવા આવશે. આથી દરવાજાની સામે સડક પર તે ચૂપચાપ ઉભી રહી. રડતાં રડતાં તેના વસ્ત્ર ભીંજાઇ ગયાં. એકાએક ગજાધરે બન્ને બારણા જોરથી બંધ કરી દીધાં. આ જાણે સુમનની આશાના દ્વારજ હતાં જે સદૈવ માટે તેની તરફથી બંધ થઇ ગયાં. વિચારવા લાગી, "કયાં જાઉં?" તેને હવે ગ્લાનિ અને પશ્ચાતાપને બદલે ગજાધર પર ક્રોધ આવતો હતો. તેણે પોતે પોતાની સમજણ પ્રમાણે એવું કંઇ કામ ન કર્યું હતું જે માટે આવો કઠોર શિક્ષા તેને મળવી જોઇએ. તેણે ઘેર આવતાં વાર કરી હતી. તે માટે બે ચાર ધમકીયો બસ હતી. આ દલીલથી તેને પોતા તરફ ઘોર અન્યાય થયેલો પ્રતીત થતો હતો. તેણે ગજાધરને મનાવવા માટે શું ન કીધું? વિનંતી કરી, ખુશામદ કરી, રોઇ, પણ તેણે માત્ર સુમનનું અપમાનજ ન કર્યું, તેના પર મિથ્યા દોષારોપણ પણ કર્યું. આ સમય જો ગજાધર મનાવવા પણ આવતે તો સુમન રાજી ન થતે. તેણે જતાં જતાં કહ્યું હતું. "જા, હવે મ્હોં ન બતાવીશ." આ શબ્દ તેને કાળજામાં અટકયા હતા. હું એ દરજ્જે ઉતરી ગયેલી છું કે એ મારૂં મ્હોં પણ જોવા નથી ચાહતા, તો પછી એમને કાં મ્હોં બતાવું? શું સંસારમાં સર્વ સ્ત્રીઓને પતિ હોય છે? શું અનાથ સ્ત્રીઓ નથી? હું પણ હવે અનાથ જ છું! વસંતના સમીર અને ગ્રીષ્મની લૂમાં કેટલો અંતર છે? એક સુખદ અને પ્રાણ-પોષક છે, બીજો અગ્નિમય અને વિનાશક છે. પ્રેમ વસંત સમીર છે, દ્વેષ ગ્રીષ્મની લૂ છે. જે પુષ્પને વસંત સમીર મહીનાઓની મહેનતે ખિલવે છે, તેને લૂનો એક ઝોંકો રાખ કરી દે છે.

પ્રકરણ ૧૨ મું.

સુમનના ઘરથી થોડે છેટે એક ખાલી વંડો હતો. ત્યાં જઇ તેણે પેટી માથા નીચે મુકી લેટી ગઇ. ત્રણ તો વાગી ચૂકયા હતા. બે કલાક તેણે આ વિચારમાં કાપ્યા કે કયાં જવું? તેની ઓળખાણમાંથી એક હિરિયા નામે દુષ્ટ સ્ત્રી હતી. ત્યાં આશ્રય મળી શકે તેમ હતું, પણ સુમન ત્યાં ન ગઇ. આત્મસન્માનનો કંઇક અંશ હજી બાકી હતો. હવે તે એક પ્રકારે સ્વચ્છન્દ હતી અને તે દુષ્ટકામનાઓને પૂર્ણ કરી શકતી હતી જે માટે વર્ષો થયાં તેનું મન તલસી રહ્યું હતું. હવે તે સુખમય જીવનના માર્ગમાં કંઇ બાધ ન હતો. પણ જે પ્રકારે બાળક કોઇ ગાય કે બકરીને દુરથી જોઇ પ્રસન્ન થાય છે, પણ તેની નિકટ થતાં ભયથી મ્હોં છૂપાય છે, તે જ પ્રકારે સુમન અભિલાષાઓના દ્વારપર પહોંચતાંય ભીતર પ્રવેશ ન કરી શકી. લજ્જા, ખેદ, ઘૃણા, અપમાન એ બધાં મળીને તેના પગમાં બેડીરૂપ થઇ પડયાં હતાં. તેણે નિશ્ચય કર્યો કે સુભદ્રાને ઘેર જવું. ત્યાં રસોઇ રાંધી આપીશ, સેવા

ચાકરી કરીશ અને પડી રહીશ. આગળ આગળ પરમેશ્વર જેવો ધણી છે.

તેણે પેટી પાલવમાં સંતાડી પંડિત પદ્મસિંહના ઘર સુધી આવી પહોંચી. સુમનને અંદર જતાં કંઇક સંકોચ થયો. પણ જીતનને આવતાં જોઇ તે શીઘ્રતાથી અંદર ચાલી ગઇ. સુભદ્રાએ આશ્ચર્યથી પૂછ્યું: "આજે આટલાં સવારના પહોરમાં?"

સુમને કુંઠીત સ્વરે કહ્યું: "ઘરમાંથી કાઢી મૂકી છે."

સુભદ્રા: "અરે! એ શા કારણે?"

સુમન: "એજ કે રાતે મને અહિંથી જતાં વાર થઇ."

સુભદ્રા "આ જરા જેટલી વાતમાં રજનું ગજ! જો હું એને તેડાવું છું, વિચિત્ર મનુષ્ય લાગે છે."

સુમન "ના, ના, તેમને ન તેડાવશો. હું તો રડી કકળી હારી ગઇ. પણ એ નિર્દયીને જરા જેટલીએ દયા ન આવી. મ્હારો હાથ પકડી ઘરથી બહાર કાઢી મૂકી, તેને ગર્વ છે કે એજ મને પાળે છે, હું એનું એ અભિમાન ઉતારીશ."

સુભદ્રા: "ચાલ, ચાલ. એવી વાત કરવી મૂક. હું એને બોલાવી લઉં છું."

સુમન: "હું હવે એનું મ્હોં જોવા નથી ચાહતી."

સુભદ્રા: "તો શું એટલે બધે દરજ્જે બગાડ થઇ ગયો છે?"

સુમન: "હા, હવે તો એમજ છે. હવે એની સાથે મારે કંઇ નાતો નથી."

સુભદ્રાએ વિચાર્યું હમણા તકરારની ગરમીમાં કંઇ સુઝવાનું નથી, બે ત્રણ દીવસમાં શાંત થશે. તે બોલી:" ઠીક, મ્હોં હાથ તો ધોઇ લે. આંખો ભારે થઇ ગઇ છે. જણાઇ આવે છે, આખી રાત ઉંઘી નથી. થોડીવાર સુઇ લે, પછી વાતો થયા કરશે."

સુમન: "ચેનથી સુવું લખ્યું હતે તો કદી આવા કુપાત્રના પનારે પડતે? હવે તો તમારી શરણે આવી છું. શરણ આપશો તો રહીશ, નહી તો મ્હોં કાળું કરી ડૂબી મરીશ. મને એક ખુણામાં થોડી જગ્યા આપશો તો ત્યાં પડી રહીશ. મારાથી જે કંઇ પણ બની શકશે તે સેવા ચાકરી કરીશ."

જ્યારે પંડિતજી અંદર આવ્યા ત્યારે સુભદ્રાએ સર્વ કથા તેમને કહી. પંડિતજી બહુ ચિંતામાં પડયા. એક અપરિચિત સ્ત્રીને તેના પતિને પૂછ્યા વિના પોતાના ઘરમાં રાખવી અનુચિત તેઓને જણાયું. નિશ્ચય કર્યો કે જઇને ગજાધરને તેડાવું અને સમજાવી તેનો ક્રોધ શાન્ત કરૂં. આ સ્ત્રીનું અહીંથી તો જવુંજ ઠીક છે.

તેમણે બાહર આવી તરત ગજાધરને તેડવા માણસ મોકલ્યો. પણ તે ઘરમાં ન હતો. કચેરીથી આવી પંડિતજીએ ફરી ગજાધરને તેડાવ્યો, પણ ફરી તે જ સ્થીતી થઇ. ત્યાં ગજાધરને જેવું જણાયું કે સુમન પદ્મસિંહને ઘેર ગઇ છે, તેનો સંદેહ પૂરો થયો. તે ફરી ફરી સર્વત્ર પંડીતજીને બદનામ કરવા લાગ્યો. પહેલાં વિઠ્ઠલદાસને ત્યાં પહોંચ્યો. તેણે તેની વાતને વેદવાકય માફક સાચી માની. આ દેશસેવક અને સામાજિક અત્યાચારોના શત્રુ, ઉદારતા અને અનુદારતાના વિલક્ષણ સંયોગ હતા. તેના વિશ્વાસી હૃદયમાં સર્વ જગત પ્રત્યે સહાનુભુતિ હતી, પણ પોતાના વિરોધીઓ તરફ લેશ માત્ર પણ સહાનુભુતિ ન હતી. વૈમનસ્યમાં અન્ધ વિશ્વાસીની ચેષ્ટા હોય છે. જ્યારથી પદ્મસિંહે વેશ્યાના ગાયનનો મુજરો કર્યો હતો, વિઠ્ઠલદાસને તેના ઉપર દ્વેષ થઇ ગયો હશે. તે આ સમાચાર સાંભળતા હરખથી ગાંડો બની ગયો. પંડિતજીના મિત્રો અને સહયોગિયો પાસે જઈ એ વાતની તેણે ખબર આપી. લોકોને કહેતો: "જોયું આપે? હું કહેતો ન હતો કે આ મુજરો કંઇ રંગ લાવશે!" એક બ્રાહ્મણીને તેના ઘરમાંથી કાઢી પોતાને ત્યાં રાખી લીધી છે. બિચારો પતિ ચારે બાજુ રડતો ફરે છે. ઉચ્ચ શિક્ષણના આદર્શ તે આ! હું તો આ બ્રાહ્મણીને જોતાંજ પામી ગયો હતો કે દાલમાં કંઇ કાળું છે. પણ આ ન જાણી શકયો કે ખિચડી તો અંદરને અંદર રંધાતી હતી."

આશ્ચર્ય તો એ હતું કે જે લોક પંડિતજીના સ્વભાવથી સારી રીતે વાકેફ હતા તેમને પણ આ વાતો ઉપર વિશ્વાસ આવી ગયો.

બીજે દિવસે પ્રાતઃકાલે જીતન કોઇ કામસર બજારમાં ગયો. ચારે તરફ એજ ચર્ચા સાંભળી. દુકાનદારો પૂછતા હતા: "કાં જીતન! નવી શેઠાણીના શા રંગઢંગ છે? બોલને જીતન! નવી બાઇ તારાથીએ લાજ કાઢે છે કે સામી આવે છે?"

જીતન આ ચર્ચા સાંભળી ગભરાયલો ઘેર આવ્યો, અને સીધો શેઠ આગળ જઇ બોલ્યો: "ભાઇ સાહેબ, વહુજીએ જે ગજાધરની સ્ત્રીને ઘરમાં રાખી લીધી છે તે ઉપર બજારમાં બહુ બદનામી થઇ રહી છે. એવું જણાય

છે કે તે ગજાધર સાથે લડી ઝગડીને ભાગી આવી છે.”

વકીલ સાહેબ આ વાત સાંભળતાં સડપજ થઇ ગયા. કચેરીએ જવા માટે ડગલો પહેરતા હતા; એક હાથ બાંયમાં હતો, અને બીજો બહાર હતો. કપડાં પહેરવાનીએ શુદ્ધિ ન રહી. અને તેમને જે વાતનો ભય હતો તે જ વાત બની. હવે તેમને ગજાધરની બેદરકારીનો ભેદ સમજાયો. મૂર્તિની માફક વિચારમાંજ ઉભા રહી ગયા કે “શું કરવું? આ ઉપરાંત બીજો તે કયો ઉપાય યોજું અને એને ઘરમાંથી કાઢું. તેનું જે થવાનું હશે તે થશે તેમાં હું તે શું કરૂં. કોઇ રીતે બદનામીથી તો બચું. સુભદ્રા પર મનમાંને મનમાં ક્રોધ ઉપજ્યો. એને તે એવી શું પડી કે તેને ઘરમાં રાખી લીધી. મને પૂછ્યું સુદ્ધાં નહિં. તેને તો ઘરમાં બેસી રહેવાનું છે; બીજાઓ સમક્ષ આંખો તો મારે નીચી કરવાની છે. પણ અહિંથી કાઢી મૂકીશ તો બિચારી જશે તે કયાં? અહિં તો એનું કયાંએ ઠેકાણું જણાતું નથી. ગજાધર હવે તેને કદાચ ઘરમાં નએ રાખે. આજ બીજો દીવસ થવા આવ્યો. તેણે તેની ખબર સુદ્ધાં લીધી નથી. એથી તો એમજ જણાય છે કે તેણે તેને તજી દેવાનો નિશ્ચય કર્યો છે. પોતાના દિલમાં તે મને દયાહીન અને ક્રૂર ધારતો હશે. પણ બદનામીથી બચવાનો એક માત્ર એજ ઉપાય છે. એ સિવાય બીજુ કંઇ થઇ શકે તેમ નથી” આટલું વિચારી તેમણે જીતનને કહ્યું: “તેં હમણા સુધી મને કાં ન વાત કરી?”

જીતન: “સરકાર મને પણ તો આજેજ ખબર થઇ. નહિં તો હું આપને તે કહ્યા વિનાએ રહું?”

પંડિતજી: “ઠીક, તો ઘરમાં જા અને સુમનને કહે કે તારા અહિં રહેવાથી એમની બદનામી થાય છે. કોઇપણ રીતે આજેજ અહિંથી ચાલી જા. જરા માણુસાઇથી વાત કરજે, લાકડી ના ઉપાડતો. બહુ સમજાવી કહેજે કે એમ કર્યા વિના તેમનો કંઇ આરો નથી.”

જીતન બહુજ પ્રસન્ન થયો. તેને સુમન પર બહુ ચીઢ હતી. સુમનની ચાલ તેને સારી નહોતી લાગતી. વૃદ્ધ લોક શૃંગારની સાધારણ ટાપટીપને પણ સંદેહની દૃષ્ટિએ જુએ છે. ત્યાં આ તો ગામડીયોજ હતો. કાળાને કાળુંજ અને ઉજળાને ઉજળુંજ કહેતો હતો. કાળાને ઉજળું કહેવાના ઢંગ તેનામાં ન હતા. તો પણ પંડિતજીએ સમજાવી દીધું હતું કે સાવધાનીથી વાત કરજે. છતાં જતાં વાર તેણે સુમનનું નામ લઇ જોરથી પૂકાર્યું. સુમન પંડિતજી માટે પાન તૈયાર કરતી હતી. જીતનનો અવાજ સાંભળી ચોંકી ઉઠી અને દયાભરી નજરે તેની તરફ જોવા લાગી. જીતને કહ્યું: “જુએ છે શું? વકીલ સાહેબનો હુકમ છે કે આજેજ અહિંથી ચાલ્યા જવું. આખા ગામમાં બદનામી કરી દીધી છે. તને લાજ નથી, પણ તેમને તો પોતાના નામની લાજ છે.”

સુભદ્રાના કાનોમાં પણ આની ભણક પડી, આવી, અને બોલી: “શું છે જીતન, શું કહે છે?”

જીતન: “કંઇ નહિં, સરકારનો હુકમ છે કે આ હમણાજ અહિંથી ચાલી જાય, આખા ગામમાં બદનામી થઇ રહી છે.”

સુભદ્રા: “તું જઇને જરા એમનેજ અહિં મોકલી દે.”

સુમનની આંખોમાં આંસૂ ભર્યાં હતાં. ઉભી થઇ જઇ બોલી: “ના, વહુજી, તેમને કાં બોલાવો છો? કોઇ કોઇના ઘરમાં જબરદસ્તીથી થોડુંજ રહે છે. હું હમણાજ ચાલી જાઉં છુ. હવે આ ઉંબરમાં કદી પગ ન મૂકીશ.”

વિપત્તિમાં આપણી મનોવૃત્તિઓ બહુ પ્રબલ બની જાય છે. તે સમયે નિર્લજપણું તે ઘોર અન્યાય ભાસે છે અને સહાનુભૂતિ તે અસીમ કૃપા દેખાય છે. સુમનને પંડિતજી તરફથી આવી આશા ન હતી. તેને આ આપત્તિકાલમાં પંડીતજી, દુરાત્મા, ભીરૂ, દયા–શૂન્ય તથા નીચ દેખાયા. તમે આજે પોતાની બદનામીથી ડરો છો, તમને ઇજ્જત બહુ પ્યારી છે! હમણા ગઇ કાલેજ એક વેશ્યા સાથે બેઠા હતા અને ફૂલ્યા ન સમાતા હતા, તેના પગો તરફ આંખો માંડી જોયા કરતા હતા, ત્યારે ઇજ્જત ન જતી હતી! આજે તમારી ઇજ્જતને બટ્ટો લાગી જાય છે!

તેણે સાવધાનીથી પેટી ઉપાડી લીધી અને સુભદ્રાને પ્રણામ કરી ઘરથી બહાર ચાલી.

પ્રકરણ ૧૩ મું.

દરવાજાપર આવી સુમન વિચારવા લાગી કે હવે કયાં જાઉં? ગજાધરની નિર્દયતાથી તેને જેટલું દુઃખ ન ઉપજેલું તેટલું તેને હમણા લાગતું હતું. તેને હવે જણાયું કે મેં મારા ઘરમાંથી નીકળવામાં બહુ ભુલ કરી છે. હું સુભદ્રાના બલપર કુદી રહી હતી. હું આ

પંડિતજીને કેવા ભલા માણુસ સમજતી હતી, પણ હવે જણાયું કે એ રંગેલા શિયાલ છે. મારા ઘર સિવાય હવે બીજે કયાં મારૂં ઠેકાણું નથી. મને બીજાઓની સરખામણીમાં ઉતરવાની જરૂર શું છે? શું મારે ઘર ન હતું? શું હું તેમને ત્યાં જન્મ વિતાડવા ગઇ હતી? બે ચાર દીવસમાં એમનો ક્રોધ શાન્ત થઇ જતાં સ્વયં ચાલી જતે. ઓ! નારાયણ! ક્રોધમાં બુદ્ધિ કેવી ભ્રષ્ટ થઇ જાય છે, મારે આ લોકને ઘેર ભુલે ચૂકે પણ ન જવું હતું. મેં મારા પગમાં મારે હાથેજ કોદાળી મારી. તે લોક પોતાના મનમાં ન જાણે શું સમજતા હશે.

આમ વિચારતાં સુમન આગળ ચાલી, પણ થોડે દૂર ગઇ હશે ત્યાં તેના વિચારોએ પલટો લીધો. હું કયાં જાઉં છું? તેઓ તો હવે કદાપિ ઘરમાં ઘુસવા ન દેશે. મેં કેટલી વિનંતી કરી પણ તેમણે એકે ન સુણી. જો તેમને રાતના થોડા કલાક મોડું થતાં આટલો સંદેહ આવી ગયો તો હવે તો મને પૂરા ચોવીસ કલાક થઇ ચૂકયા છે; અને હું પણ કોઇ અભાગી ચોઘડિયે જ્યાં મને ન જવું જોઇયે ત્યાંજ ગઇ. તેઓ તો હવે મને દૂરથીજ ધુતકારશે. એ ધુતકાર કેમ સહું? મને કેથે પણ રહેવાને સ્થાન જોઇએ. ખાવા જેટલું તો કોઇને કોઇ રીતે હું જરૂર કમાઇ લઇશ. ફકત કપડાંજ સિવીશ તો પણ પેટ જેટલું મળી રહેશે. ત્યારે કોઇના ઓશિયાળા શા માટે થવું? એમને ત્યાં તે મને કયું સુખ હતું? વ્યર્થમાં એક બેડી પગમાં પડી હતી. અને લોકલાજે તેઓ મને ઘરમાં રાખીએ લે તો પણ ઉઠતાં બેસતાં તાણાં તો સંભળાવ્યાજ કરશે. બસ, ચાલ જીવ એક ઘરનો બંદોબસ્ત કરી લઉં. ભોલી શું મારી સાથે આટલીએ સલુકાઇ ન કરશે? તે મને પોતાને ઘેર વારંવાર બોલાવતી હતી, શું આટલીએ દયા ન કરશે?

પિયર અમોલા ચાલી જાઉં તો કેમ? પણ ત્યાં ને ત્યાં તે હવે કોણ આપણું બેઠું છે. મા તો મરી ગઈ. ન્હાની બ્હેન શાન્તી છે પણ ત્યાં તેનોએ નિભાવ થવો કઠણ છે તો મને તે કોણ પૂછશે? મામી જીવવાએ ન દેશે. શબ્દોના બાણે વિંધી નાખશે. જઇ ભોલીને કહું, જોઉં શું કહે છે. કંઇ ન બન્યું તો ગંગા તો પછી કયાંએ નથી ગઈ? આ નિશ્ચય કરી સુમન ભોલીના ઘર તરફ ચાલી. અહિં તહિં નજર કરતી જતી હતી કે કયાં ગજાધર ન આવતો હોય.

તે ભોલીના દ્વાર પર પહોંચી. સુમને વિચાર્યું એને ત્યાં કાં જાઉં? કોઇ બીજી પાડોસણને ત્યાં જવાથી કામ સરશે? એવામાં ભોલીએ તેને જોઈ અને ઇશારાથી ઉપર બોલાવી. સુમન ઉપર ચાલી ગઇ.

ભોલીનો ઓરડો જોઇ સુમનની આંખો ખૂલી ગઇ. એકવાર તે પહેલાં પણ અહિં આવી હતી પણ નીચેના આંગણામાંથી પાછી વળી ગઇ હતી. ઓરડો, ગાલીચા, બેઠક, ચિત્રો, અરિસા, કાચકામ વગેરેથી સજાવેલો હતો. એક ન્હાની બેઠક પર ચાંદીની તશીરી અને ચાંદીનો એક ગલાસ રાખેલો હતો. સુમન આ સામાન જોઇ દંગ થઇ ગઇ.

ભોલીએ પૂછ્યું: "આજે આ પેટી લઇ અહિંથી કયાં ચાલ્યા?"

સુમન: "એ રામકથા પછી કહી સંભળાવીશ. આ સમય તમે મારા ઉપર આટલી કૃપા કરો, કે મારા માટે કયાંક એક અલગ ન્હાની સરખી ઓરડી ઠીક કરાવી અપાવો. હું તેમાં રહેવા ચાહું છું."

ભોલીએ વિસ્મીત થઇ પૂછ્યું, "એમ કાં? શું વર સાથે કજીયો થયો કે?"

સુમન: "ના, કજીયાની કયાં વાત છે. મારી એ જરા હઠ છે."

ભોલી: "જરા મારી સામે તો આંખથી આંખ મેળવી વાત કર. હા. ચેહેરો સાફ કહી દે છે. વાત શું બની?"

સુમન: "સાચું કહું છું, કંઇ નથી બન્યું જો પોતાના રહેવાના કારણે કોઇને અડચણ થતી હોય તો કાં રહેવું જોઇએ?"

ભોલી: "અરે મને ખુલાસાથી તે કાં કહેતી નથી; કઇ વાત પરથી મામલો બગડયો?"

સુમન: "બગડવાની વાત નથી. જ્યારે આપણે બુરા ઠર્યા પછી તે રહ્યુંજ શું?"

ભોલી: "તું લાખ છુપાવને પણ હું તો પામી ગઇ." સુમન તું ખરાબ ન લગાડે તો કહી દઉં. હું જાણતીજ હતી કે કોઇને કોઇ દીવસ તમારા વચ્ચે અટકવાનુંજ. એકજ ગાડીમાં અરબી ઘોડી અને બુઢું ટટ્ટુ કંઇ જોડી શકાય? તને તો કોઇ મોટા ઘરની રાણી બનવું હતું, પણ પાલે પડી તું આ નમાલાને, જે તારા પગ ધોવાને પણ લાયક નથી. એ તો તુંજ છે જે એને નિભાવી લે છે, બીજી હતે તો એવા વરને લાત મારી કયારની

ચાલીએ ગઇ હતે. જો અલ્લાહમિયાંએ તારી શીકલ સુરત મને આપી હતે તો મેં હમણા સુધીમાં સોનાની દીવાલ ઉભી કરી દીધી હતે, પણ તારા સ્વભાવની તો ખબર પણ પડતી નથી! તેં ખરેખર સારી તાલીમ નથી મેળવી.”

સુમનઃ “હું તો બે વર્ષ સુધી એક ખ્રીસ્તી મડમ પાસે ભણી છું.”

ભોલીઃ “એ ત્રણ વર્ષની હજી કસર રહી ગઇ. એટલા દીવસ જો હજી ભણુતે તો પછી આ હાલત ન થતે. ખબર પડી જતે આ જીંદગીની શું મકસદ છે. આપણે જીંદગીની કેવી મજાહ ઉડાવવી જોઇએ. આપણે કંઇ ભેંસ બકરા તો છીયે નહિં કે બાપ જેના ગળે ઓળવી દે તેનાજ થઇ રહિયે. જો અલ્લાહને આ મંજુર હતે કે તું દુઃખ ને મુસીબતોજ વેઠે તો પછી તને આ પરી જેવી સુરત કાં દેતે? આ બેહુદો રિવાજ તો અહિંના લોકોમાંજ છે કે ઓરતોને આટલી હલકી ગણે છે, નહિં તો બીજા બધા મુલ્કોમાં ઓરતો આજાદ–સ્વતંત્ર છે, પોતાની પસંદગીથી શાદી કરે છે, અને જ્યારે તેનાથી મેળ નથી જમતો ત્યારે તલાક લઇ છુટા છેડા કરી લે છે. બાકી આપણા લોક એજ જુની રીત ચલાવ્યા કરે છે.”

સુમને વિચારી કહ્યું: “શું કરે બ્હેન, લોકલાજનો ડર છે, નહિં તો આરામથી રહેવું કોને બુરૂં લાગે.”

ભોલીઃ “આ સર્વ કંઇ અજ્ઞાનતાનુંજ પરિણામ છે. મારા માબાપોએ મને પણ એક બુઢાને ગળે બાંધી હતી. તેને ત્યાં દોલત હતી અને સર્વ રીતનો આરામ પણ હતો, પણ મને તો તેની સુરત જોતાં ધિક્કાર આવતો. મેં કોઇ રીતે ૬ મહીના તો કાઢ્યા, આખર બહાર નીકળી પડી. જીંદગી જેવી ઉમદા બક્ષેશ, રડી રડી દિવસ કાઢવા માટે નથી મળી. જો જીંદગીની મજાહજ ન મેળવી કે ન મળી તો પછી એ જીંદગીથી ફાયદોએ શું? પહેલાં મને પણ બ્હીક લાગતી હતી કે બહુ બદનામી થશે, લોક મને હલકી સમજશે, પણ ઘરથી નિકળવા જેટલીજ ખોટી હતી; પછી તો મારો એ રંગ જામ્યો કે સારાસારાઓ પણ મારી ખુશામત કરવા લાગ્યા. ગાવું તો મેં ઘરમાં શિખ્યું હતું, કંઇક વધુ શિખી લીધું, બસ આખા શહેરમાં ધુમ મચી ગઇ. આજે અહિં કયા રહીશ, કયા મહાજન, કયા મોલવી, કયા પંડીત એવાં છે જે મારા પગના તળીયાં પખારવામાં પોતાની ઇજ્જત નથી સમજતા! મંદિરોમાં, ઠાકોરદ્વારોમાં મારોજ મુજરો થાય છે. લોક વિનંતીઓ કરી કરી લઇ જાય છે. આને હું મારી બેઇજ્જતી તે કેવી રીતે સમજું? હમણા માણસ મોકલું તો તમારા કૃષ્ણ મંદિરના મહંતજીએ દોડતા ચાલ્યા આવે. જો આને કોઇ બેઇજ્જતી સમજે તો ભલે સમજે.”

સુમનઃ “ભલા, સંગીત કેટલા દિવસોમાં આવડી જાય?”

ભોલીઃ “તને તો ૭ મહીનામાં આવડી જાય. અહિં ગાનાને તે કોણ પૂછે છે, ધ્રુપદ અને તિલ્લાનાની તો જરૂરીએ નથી. બસ લોકમાં ચાલુ રીતે માન્ય થયેલી ગઝલોનીજ ધુન છે; બેચાર ઠુમરીઓ અને થોડાક થીયેટરના ગાના આવડી જાય તો તો પછી તું તે તુંજ છો. અહિં તો સુંદર સુરત અને મજેહદાર વાતો જોઇએ, અને ખુદાએ આ બન્ને વાતો તારામાં કુટી કુટી ભરી છે. હું કસમ ખાઇ કહું છું સુમન, તું એકવાર લોખંડી બેડીને તોડી દે પછી જો લોક કેવા દીવાના માફક દોડે છે તે.”

સુમને ચિંતિત ભાવથી કહ્યું: “એજ બૂરૂં લાગે છે કે—”

ભોલી: “હા, હા, બોલને, એમજ કહેવા માંગે છે ને કે એવા તેવા બધાની સામે બેશરમી કરવી પડે છે. શરૂમાં હું પણ અચકાતી હતી. પણ પછવાડેથી જણાયું કે આ ખ્યાલો ફકત ખ્યાલોજ છે. અહિં એવા લોફર સોફર જેવાઓની તો આવવાની હિમ્મતજ નથી થતી. અહિં તો ફકત રઈસ લોકજ આવે છે. બસ તેમને ફસાવી રાખવા જોઇએ. જો તેઓ ખાનદાની અને સજ્જન છે તો આપણું મન પણ આપોઆપ તેમની સાથે મળી જાય છે અને બેશરમીનું ધ્યાન પણ નથી થતું; પણ જો તેમની સાથે આપણું મન ન લાગ્યું તો તેને વાતોમાંજ લગાડી રાખવા, અને બને તેટલાં લુંટી ટૂંપી ખાયા કરવું. આખરે કંટાળી તેઓ પોતેજ ચાલ્યા જશે અને તેમના બીજા ભાઇઓ આવી ફસશે. એ તો પહેલ પહેલા જીવ અચકે, શું પતિ સાથે તેમ નથી થતું. જે રીતે ધીરે ધીરે તેની સાથે અચકવું દૂર થાય છે તે જ રીતે અહિં પણ બને છે.”

સુમને સ્મીત કરી કહ્યું: “તમે મારા માટે એક ઘર તો ઠીક કરી આપો.”



ચિત્રકાર]

[રા. ત્રિભુવન પટેલ.

ભોલીએ તેને જોઈ. તે સ્મિત કરી બોલી:–"જરા જઇ અરીસામાં મ્હોં તો જોઇ લે !"

ભોલી પરખી ગઇ કે માછલી ગલમાં આવતી જાય છે. હવે વધુ ઝડપી લેવાની જરૂર છે. બોલી : "તારા માટે તો આજ ઘર હાજર છે. આરામથી રહે."

સુમન : "તમારી સાથે તો ન રહીશ."

ભોલી : "બદનામી થશે તે માટે કાં?"

સુમન : "ના, એમ નથી."

ભોલી : "કુળને કલંક લાગશે કે?"

સુમન : "તમે તો મશ્કરીજ કર્યા કરો છો."

ભોલી : "તો પછી શું પંડિત ગજાધર પંડ્યા નારાજ થઇ જશે?"

સુમન : "હવે હું તે તમને શું કહું?"

સુમન પાસે જો કે ભોલીને જવાબ દેવા માટે કોઇ દલીલ ન હતી; ભોલીએ તેની શંકાઓની મશ્કરીઓ ઉડાવી તેને પહેલાંથીજ નિર્બલ કરી દીધી હતી, તો પણ અધર્મ અને દુરાચારથી મનુષ્યને જે સ્વાભાવિક ઘૃણા થાય છે, તેણે તેનાએ હૃદયને ડામાડોળ કરી દીધી હતી. તે આ સમયે પોતાના મનોભાવને શબ્દોમાં વર્ણવી ન શકતી હતી. તેની દશા તે મનુષ્ય સમાન હતી જે કોઇ બાગમાં પાકેલું ફળ જોઇ લલચાય છે, પણ માલેક હાજર ન હોવા છતાંએ તે તોડી શકતો નથી.

એવામાં ભોલીએ કહ્યું: "તો કેટલાં ભાડા સુધીનું ઘર જોઇએ છે? હું પણ મારી દાસીને બોલાવી તેને તાકીદ કરી દઉં."

સુમન: "એ જ બે ત્રણ રૂપિયા."

ભોલી: "ને કામ શું કરવાની?"

સુમન: "સીવવાનુ કામ કરી શકું છું."

ભોલી: "તે એકલી જ રહેશે?"

સુમન: "હા બીજું કોણુ છે?"

ભોલી: "કેવી બચ્ચાસઈ વાતો કરી રહી છે! અરે દીવાની તું આંખોથી જોતાંએ અંધી બને છે. ભલા એકલાં ઘરમાં એક દીવસ પણ તારો નિભાવ થવાનો? આજ નહિ તો કાલે પણ આબરૂ લુટાવાની જ. એથી તો હજાર વાતે એ જ ઠીક છે કે તારા ધણીને ત્યાં પાછી ચાલી જા."

સુમન: "તેમનું તો મ્હોં જોવા જીવ નથી થતું. હવે તમારાથી તે શું છુપાવું? આ પરમ દીવસેજ વકીલ સાહેબને ત્યાં તમારો મુજરો હતો. તેમની સ્ત્રીનો મારાપર બહુ પ્રેમ છે. તેમણે મને મુજરો જોવા આમંત્રણ મોકલ્યું હતું અને ૧૨–૧ વાગ્યા સુધી મને ઘર જવા ઉઠવાજ ન દીધી. જેવું તમારૂં ગાનું પુરૂં થયું કે હું જવા ઉઠી. બસ આટલી સરખી વાતપર તેઓ એટલા બગડ્યા કે જે કંઇ મ્હોમાં આવ્યું તે બકતા ગયા. અહિં સુધી કે વકીલ સાહેબ સાથેનું પાપ કર્મ પણ મારે માથે મૂક્યું. કહેવા લાગ્યા: 'ચાલી જા, હવે મ્હોં ન બતાવતી.' બહેન, હું પરમેશ્વરની સમક્ષ બોલું છું કે મેં તેમને મનાવવાનો બહુએ યત્ન કર્યો, રડી, પગે પડી, પણ તેમણે ઘરમાંથી કાઢીજ મૂકી. પોતાના ઘરમાં કોઇ ન રાખે તો કંઇ આપણી જબરદસ્તી છે? વકીલ સાહેબને ઘેર ગઇ, કે બે પાંચ દીવસ રહીશ, પછી જે કંઇ બને તે જોઇ લઇશું. પણ આ નિર્દયીએ વકીલ સાહેબને પણ બદનામ કર્યા. તેમણે મને કહી મોકલ્યું કે અહિંથી ચાલી જા. બ્હેન, બીજાં સર્વ દુઃખ હતાં પણ આટલો સંતોષ હતો કે નારાયણ આબરૂ દરકારમાં નિભાવતો હતો. પણ કલંકનું કાજળ કપાળે હવે તો લાગીજ ગયું. હવે તો જે માથે પડે તે ભલે પણ એ ઘરમાં તો ન જ જવાની."

આ કહેતાં કહેતા સુમનની આંખો ભરાઇ આવી. ભોલીએ દીલાસો આપી કહ્યું: "ઠીક, પહેલાં હાથ મ્હોં ધોઇ લે, કંઈ નાસ્તો તો કર પછી આપણે વિચાર કરિયે. જણાય છે કે આખી રાત ઉંઘ નથી આવી."

સુમન: "અહિં પાણી મળશે?"

ભોલી સ્મીત કરી બોલી: "બધો બંદોબસ્ત થશે. મારો પાણી ભરનારો નોકર હિંદુજ છે. અહિં દરરોજ અનેક હિંદુઓ આવે છે, એટલે તેમના માટે એક હિંદુ નોકર રાખ્યો છે."

ભોલીની વૃદ્ધ દાસી તેને સ્નાનગૃહમાં લઇ ગઇ. ત્યાં તે સાબુથી ન્હાઇ. આ પછી તે દાસીએ તેના બાલ બનાવ્યા. એક નવી રેશમી સાડી પહેરવા માટે લાવી. સુમન જ્યારે ઉપર આવી અને ભોલીએ તેને જોઇ તો સ્મીત કરી બોલી: "જરા જઇ અરીસામાં મ્હોં તો જોઇ લે!"

સુમન અરીસા સામે ગઇ. તેને લાગ્યું કે સૌંદર્યની મૂર્તિ સામે ઉભી છે. સુમન પોતાને આ દરજ્જે સુંદર કદી ન જાણી શકી હતી. લજ્જાયુક્ત અભિમાનથી તેનું મુખકમલ ખિલી ઉઠ્યું અને આંખોમાં ઘેન છવાઇ ગયું. તે એક કોચ પર લેટી ગઇ.

ભોલીએ પોતાની દાસીને કહ્યું: "કાં જહુરન! હવે તો શેઠજી આવશેને પંજામાં?"

જહુરન: "તલીયાં ચાટસે, તલીયાં!"

થોડી વારમાં હિંદુ નોકર મિઠાઇ લાવ્યો. સુમને નાસ્તો કર્યો અને પાછી અરીસા સામે

ઉભી રહી. તેણે પોતાના મનમાં કહ્યું: "આ સુખ મુકી દઇ ને અંધારી કોટડીમાં કાં જઇ રહું?"

ભોલીએ પૂછ્યું: "ગજાધર કદાચ મને તારી બાબતમાં પૂછે તો તેને શું જવાબ દઉં?"

સુમને કહ્યું: "કહેવાડી દેજો કે અહિં નથી."

ભોલીના મનોરથ પૂરા થયા. તેને નિશ્ચય થઇ ગયો કે શેઠ બલભદ્રદાસ, જે હમણા સુધી તેને દાદ ન આપતા હતા, આ લાવણ્યમયી સુંદરી પર ભ્રમર માફક ગુંજશે.

સુમનની દશા તે લોભી ડાકતર સમાન હતી જે પોતાના કોઇ રોગી મિત્રને જોવા જતાં ફીના રૂપિયા પોતાને હાથે નથી લેતો. સંકોચ વશ કહે છે, આની શું જરૂરી છે. પણ જ્યારે રૂપિયા તેના ખીસામાં નાખવામાં આવે છે ત્યારે હર્ષથી સ્મીત કરતાં ઘરનો રસ્તો લે છે.

પ્રકરણ ૧૪ મું.

પદમસિંહના એક ભાઇ મદનસિંહ કરી હતા. તે ઘરનું કામકાજ જોતા. થોડીક જમીનદારી હતી, કંઇ લેણુ દેણુ કરતા અને બે ત્રણ હળની ખેતીએ કરાવી લેતા. તેમને એકજ દિકરો હતો, જેનું નામ સદનસિંહ હતું. ત્રણ પુત્રીઓ હતી, મુન્ની, ઝુન્ની અને ચુન્ની. સ્ત્રીનું નામ ભામા હતું.

માબાપનો એકનો એક પુત્ર બહુ ભાગ્યશાળી હોય છે. તેને મીઠી ચીજો પુશ્કળ ખાવા મળે છે; પણ કડવી કદી નથી મળતી. સદન બાલ્યકાલમાં જીદ્દી, ઠોઠ અને મ્હોંચઢાવેલો લાડકો હતો. વય વધતાં તે આળસુ, ક્રોધી અને ઉદ્ધત થતો ગયો. માબાપને આ બધુ માન્ય હતું. તે ભલે જોઇએ તેટલો બગડે પણ આંખ પાસેથી ખસતો ન હતો. તે તેનાથી એક દિવસ પણ વિખુટાં ન થઇ શકતા. પદમસિંહે અનેકવાર હઠ કરી મારી સાથે એને મોકલો, હું એનું નામ કોઇ અંગ્રેજી નિશાળમાં નોંધાવી દઇશ" પણ માબાપે કદી એ ન સ્વીકાર્યું. સદને પોતાના ગામડાનીજ નિશાળમાં ઉર્દુ અને હિન્દી શિખી હતી. ભામાના વિચારે તેને અધિક શિખવાની જરૂરે ન હતી. ઘરમાં ખાવા પૂરતું પુષ્કળ છે ત્યારે વનેવન કાં એને રખડાવિયે? ન ભણ્યો તોય શું! એને નજરે જોવાથીએ ઠંડક રહેવાની.

સદન પોતાના કાકા સાથે જવા માટે બહુ ઉત્સુક હતો. કાકાના સાબુ, જોડા, ઘડિયાળ અને કોલર વગેરે જોઇ તેનું મન આ વસ્તુઓની મજાહ લેવા બહુ તત્પર થઇ જતું. ઘરમાં સર્વ કંઇ હતું પણ આ ફેશનની વસ્તુઓ ક્યાં હતી? તેનું મન થતું કે હું કાકા માફક સુસજિત થઇ ગાડીમાં હવા ખાવા નિકળું. તે પોતાના કાકાનું બહુ સન્માન કરતો હતો. તેમની કોઇ વાત ન ટાળતો. માબાપની વાત તે કાને ન ધરતાં ઉલટો સામે થઇ વિવાદ કરતો. પણ કાકા સામે તો સજ્જનતાનો નમુનો બની જતો. તેમના ઠાઠમાઠે એને વશીભૂત કરી દીધો હતો. પદમસિંહ ભાઇને ઘેર આવતા તો સદન માટે સારા સારા કપડા, બૂટ, મોજાં વગેરે લાવતા. સદન આ ચીજોપર લટ્ટુ થઇ જતો.

હોળીના દિવસોમાં પદમસિંહ ઘણું કરી જરૂર જ ભાઇને ત્યાં જતા. આ વેળાએ પણ એક અઠવાડીયું પહેલાંથી પત્ર આવી ગયો હતો કે અમે આવીશું. સદન રેશમી ડગલો અને વારનિશના બુટના સ્વપ્ન જોઇ રહ્યો હતો ત્યાં હોળીની એક દિવસ પહેલાં મદનસિંહે સ્ટેશનપર પાલખીએ પણ મોકલી દીધી. સવારના, સાંજે, બીજે દિવસ પણ એમ બન્ને દિવસે વાહન મોકલ્યાં. પણ ત્યાં તો ભોલીબાઇનો મુજરો નક્કી થઇ ચૂક્યો હતો એટલે ભાઈને ત્યાં તે કોણ જનાર હતું? આ પહેલીવારની હોળી હતી કે પદમસિંહ ભાઇને ત્યાં ન ગયા હતા. ભામા રડવા લાગી. સદનની નિરાશાનો તો પારજ ન હતો. જ્યાં નવાં ન કપડાંલત્તા મળે ત્યાં હોળી તે કેમ રમાય? મદનસિંહ પણ મન મારી બેસી રહ્યા. એક ઉદાસી જાણે ફેલાઇ ગઇ હતી. ગામની રમણીઓ હોળી રમવા આવી. ભામાને ઉદાસ જોઇ દિલાસો દેવા લાગી: "બ્હેન, પારકું કદી પોતાનું નથી થતું. ત્યાં બન્ને જણ વરવહુ શહેરની મોજ કરતા હશે તે ગામડામાં આવીને શું કરે?" ગાવું બજાવું થયું પણ ભામાનું મન ન માન્યું. મદનસિંહ હોળીના દિવસોએ ભાંગ બહુ પીતા. આજે ભાંગને અડકયાએ નહિં. સદન આખો દિવસ ખુલ્લે શરીર, ઉદાસ મ્હોંએ બેઠો હતો. સાંજના જઇ માને કહેવા લાગ્યો. "હું કાકાને ત્યાં જવાનો."

ભામા: "ત્યાં તે તારૂં કોણ બેઠું છે?"

સદન: "કાં, કાકા છે ને?"

ભામા: "હવે એ તે કાકા નથી રહ્યા. ત્યાં કોઇ તારી વાતે નથી પુછનાર!"

સદન: "હું તો જવાનો."

ભામા: "એકવાર કહી દીધું, મને હેરાન ન કર; ત્યાં જવા હું ના કહું છું."

જેમ જેમ ભામા ના કહેતી હતી સદન વધુ હઠ કરતો હતો. અંતમાં તે ચીઢાઇ ત્યાંથી ઉઠી ગઇ. સદન પણ બાહર ચાલ્યો ગયો. હઠની સામે કરેલો હુમલો સહી નથી શકાતો; તેને માટે તો બાજુમાંથી ધસારો લઇ જવો જોઇએ.

સદને મનમાં નિશ્ચય કર્યો કે કાકા પાસે ભાગી જવું જોઇએ. ન જઈશ તો એ લોક ક્યાં મને રેશમી ડગલો હાલને હાલ અપાવવાના છે? બહુ પ્રસન્ન થશે તો એક નેનસુખનું પહેરણ શીવડાવી દેશે. એક મોહનમાલા બનાવી આપી છે, તેમાં તો જાણે જગ જીત્યા હોય એમ સમજે છે. હું તો જવાનો, જોઉં કોણ રોકે છે.

આ નિશ્ચય કરી તે તક સાધવા લાગ્યો. રાતના જ્યારે સર્વ કોઇ સુઇ ગયાં એટલે એ ઉઠી ઘરની બહાર નીકળી પડ્યો. સ્ટેશન ત્યાંથી આસરે ત્રણ માઇલને અંતરે હતું. ચોથનો ચંદ્રમા અસ્ત થઇ ચુકયો હતો. અંધારૂં છવાઈ રહ્યું હતું. ગામને છેડે એક કોઠી હતી. સદન ત્યાં પહોંચતાં તેને "ચૂં ચૂં" જેવો કંઇ અવાજ થતો જણાયો. તેનું કાળજું થડકવા લાગ્યું. પણ તરત તેને જણાયું કે એ તો વાંસ પોતપોતામાં ખખડી અવાજ થાય છે. જરા વધુ આગળ એક આંબાનું ઝાડ હતું. ઘણા દિવસો થયાં તે પરથી એક કણબીનો છોકરો પડી મરી ગયો હતો. સદન ત્યાં પહોંચતાં તેને શંકા થઇ કે જાણે કોઇ ઉભું છે. તેના રોમરોમ ઉભાં થઇ ગયાં. માથામાં ચક્કર આવવા લાગ્યા. પણ મન સંભાળી જરા ધ્યાનથી જોયું તો કંઇએ નહતું. લપકી આગળ વધ્યો. ગામની બહાર આવી ગયો.

ગામથી બે માઇલ પર પીપળાનું વૃક્ષ હતું. લોક કહેતાં હતાં કે ત્યાં ભૂતોનું સ્થાનક છે. સર્વ ભૂત એજ વૃક્ષ પર રહે છે. એક કામળાવાળો ભૂત તેઓનો સરદાર છે. તે મુસાફરો સામે કામળી ઓઢી, પગે ચાખડીઓ પહેરી, હાથ ફેલાવી કંઇ માંગે છે. મુસાફર જેવો તેને કંઇ આપવા આગળ વધે છે, કે તે અદશ્ય થઇ જાય છે. ખબર નથી એમ કરવામાં તેનું શું પ્રયોજન છે. રાતના કોઇ મનુષ્ય એકલું ત્યાં નથી આવતું, અને જે કોઇ સાહસ કરી આવે છે તે કંઇને કંઇ અલૌકિક વાત અવશ્ય જુએ છે. કોઇ કહેતું, ગાણું થઇ રહ્યું હતું, કોઇ કહેતું, પંચ બેઠી હતી. સદન માટે હવે બાકી આ સ્થલ વટાવવાનું રહ્યું હતું. તે પહેલાંથી હૃદય સ્થિર કરી ચુક્યો હતો. પણ જેમ જેમ તે એ સ્થાન સમીપ થતો જતો હતો, તેનું હૈયું બરફની માફક પીગળતું જતું હતું. હવે એક ફરલાંગ બાકી રહેતાં તેના પગ ઉપડતા અટક્યા. તે જમીન પર બેસી ગયો અને વિચારવા લાગ્યો કે શું કરૂં. ચારે તરફ જોયું, ક્યાં કોઇ મનુષ્ય ન દેખાયું. જો કોઇ પશુએ નજર આવતે તો એને ધીરજ મળતે. અરધા કલાક સુધી તો એ કોઇ આવતા જતાની વાટ જોતાં બેઠો. પણ ગામડાના રસ્તા રાતના ચાલુ નથી રહેતા. તેણે વિચાર્યું હવે ક્યાં સુધી બેસી રહેવું. એક વાગે તો રેલગાડી આવે છે, વખત થઇ જશે તો સર્વ ખેલ બગડશે. આખરે તે હૃદયમાં બલ એવું કરી ઉઠયો, અને રામાયણની ચોપાઇયો ઉચ્ચ સ્વરે ગાતો આગળ ચાલ્યો. ભુત–પ્રેતના વિચારોને તે કોઇ બહાને દૂર રાખવા માગતો હતો. પણ આવા અવસરો પર, ગરમીની રૂતુની માખીઓ માફક, વિચાર પણ ટાળવાથી નથી ટળતા. જોઇએ તેટલા હઠાવો, પણ પાછા આવી ઉભા રહેવાના. એવામાં સદનને વૃક્ષ સામેથી દેખાવા લાગ્યું. સદને તે તરફ ધ્યાનથી જોયું. રાત અધિક વીતી ચૂકી હતી, તારાઓનો પ્રકાશ ભૂમી પર પથરાઇ રહ્યો હતો. સદનને ત્યાં કોઇ વસ્તુ ન દેખાઇ; તેણે ઓર પણ ઉંચા સ્વરે ગાવું શરૂં કર્યું. આ વેળાયે તેના રૂંવાટા સચેત થઇ ગયા હતા. કોઇવાર અહિં તાકતો, તો કોઇવાર પેલા તરફ. નાના પ્રકારના જીવજંતુ તેને દેખાતા, પણ ધ્યાનથી જોતાં તે લુપ્ત થઇ જતાં. અકસ્માત તેને જણાયું કે ડાબી બાજુએ કોઇ વાંદર જેવું બેઠું છે. કાળજામાં ફાળજ પડી! પણ ક્ષણ માત્રમાં તે વાંદરૂં મટી માટીનો ઢગલો જણાયો. જે સમયે સદન વૃક્ષ નીચે પહોંચ્યો ત્યારે તેનું ગળું થરથરવા લાગ્યું. મ્હોંમાંથી અવાજ ન નીકળ્યો. અકસ્માત તેને કોઇ વસ્તુ સામે દોડતી દેખાઇ. તે ઉછળ્યો. ધ્યાનથી જોયું તો કુતરો હતો. પણ તેણે સાંભળ્યું હતું કે ભુત કોઇ કોઇવાર કુત્રાના રૂપમાં પણ દેખાય છે. શંકા વિશેષ મજબુત થઇ. સાવધાન થઇ ઉભો રહી ગયો, જેવી રીતે વીર પુરૂષ શત્રુના હુમલાની વાટ જોતાં ઉભો રહે છે. કુત્રો માથું નમાવી ચુપચાપ સંકોચાઇ ચાલ્યો ગયો. સદને જોરથી ધમકી આપી. કુતરો પુછડી દબાવી ન્હાઠો. ભયની અંતિમ સીમા એજ સાહસ છે. સદનને વિશ્વાસ આવી ગયો

કે કુત્રો હતો, ભુત હતે તો અવશ્ય કંઇ લીલા કરતે. ભય ઓછો થયો પણ તે ત્યાંથી ભાગી ન છૂટયો. તે પોતાના ભીરૂ હૃદયને લજ્જીત કરવા કેટલીક મીનીટો સુધી પીપળાના ઝાડ નીચે ઉભો રહ્યો. એટલુંજ નહિં, તેણે પીપળાની પરિક્રમા કરી, બન્ને હાથે તેને બલ પૂર્વક હલાવવાની ચેષ્ટા પણ કરી. આ વિચિત્ર સાહસ હતું. ઉપર પત્થર, નીચે પાણી, એક સ્હેજ અવાજ, એક જરા પાંદડાનો ખડખડાટ તેના જીવનનો અંત લાવી શકતે.

આ પરીક્ષામાંથી પસાર થઇ સદન અભિમાનથી માથું ઉંચુ રાખી આગળ વધ્યો.

પ્રકરણ ૧૫ મું.

સુમનના ચાલ્યા જવા પછી પદમસિંહના હૃદયમાં એક આત્મગ્લાનિ ઉત્પન્ન થઇ, મેં આ ઠીક ન કીધું. ન જાણે તે કયાં ગઇ. પોતાને ઘેર ચાલી ગઇ હોય તો પૂછવુંજ શું રહ્યું, પણ ઘણું કરી તો તે ત્યાં ન જ ગઇ હશે. મરતો શું ન કરે? કયાંક ગીરમિટિયા મજુરોવાળાઓને હાથ ન ચઢી જાય. જો તેમ બન્યું તો તો એનું છૂટવુંજ મુશ્કેલ! એ દુષ્ટ લોક એવાજ અવસરપર પોતાનું કામ કાઢી લે છે. કોણ જાણે કયાંક એથી એ ઘોર દુષ્ટોના સપાટે ન ચઢે. સાહસી મનુષ્યને કોઇ આસરો ન રહેતાં તે ચોરીએ કરે છે, કે ભીખ માંગે છે, પણ સ્ત્રીને કોઇ આશરો ન રહેતાં તે લજ્જાહીન બની જાય છે. યુવતીનું ઘર બહાર થવું શબ્દના હોઠ બહાર થવા બરાબર છે. મારાથી મોટી ભુલ થઇ ગઇ. હવે તો આ રીતે લજ્જા મર્યાદાપાલનથી કઇં વળનાર નથી. તે ડૂબતી હશે, તેને બચાવી લેવી જોઇએ.

તે ગજાધરને ઘેર જવા કપડાં પહેરવા લાગ્યો. તૈયાર થઇ ઘરથી નિકળ્યો. પણ સંશય થયો કે કોઇ મને તેના દરવાજા પર જોઇ તો ન લે? ખબર નથી, ગજાધર પોતાના મનમાં શું ધારશે. કયાંક ગળે પડી બેસે તો મુશ્કેલ થઇ પડશે. ઘરથી તો બાહર નિકળી ચૂકયો હતો, પણ પાછા વળી આવી કપડાં ઉતારી નાંખ્યા.

જ્યારે દસ વાગે ઘરમાં ભોજન કરવા ગયા તો સુભદ્રાએ નયન વાંકા કરી કહ્યું: "એ આજે સવારના પહોરથી સુમન પછવાડે કાં પડયા છો? બાહર કાઢવીજ હતી તો રીતસર તેને કહી વિદાય કરવી હતી. પેલા બુઢ્ઢા જીતનને મોકલી દીધો, જેણે મોંમાં જે આવ્યું તે ફાટયું ફાટયું બકતો ગયો. બિચારીએ જીભ સુદ્ધાં ન હલાવી, ચુપચાપ ચાલની થઇ. મને તો લાજને મારે માથું ઉપાડવું ભારે થઇ પડયું. મને આવી કહેતે તો હું તેને સમજાવી દેતે. કોઇ ગામડીયણ પણ તે ન હતી, પોતાની ગોઠવણ કરી તે ચાલી જતે. આ તો તે કંઇ માણસાઇ કહેવાય? મુગલાઇ કહેવાય! બદનામીનો આટલો ડર છે! તે જો પાછી પોતાને ઘેર ન વળી તો કંઇ એવી બદનામી થવાની! કોણ જાણે કયાં જશે. એનો દોષ પણ કોને માથે?"

સુભદ્રાના મનમાં પુશ્કળ ભર્યું હતું તે સર્વ તે બાહર કાઢવા લાગી. પદમસિંહ પોતાનો અપરાધ સ્વીકારતાં અપરાધી માફક માથું નમાવી સાંભળતોજ રહ્યો. જે વિચાર તેના મનમાં આવતા તે જ સુભદ્રાની જીભે નિકળતા હતા. ચુપચાપ ભોજન કરી કચેરી ચાલ્યો ગયો. આજ તે મુજરા પછીનો ત્રીજો દિવસ હતો. પહેલાં પંડિતજીને કચેરીના લોક એક ચરિત્રવાન મનુષ્ય ધારતા હતા અને તેમનો આદર કરતા હતા. પણ અહિં ત્રણ ચાર દિવસથી અન્ય વકીલોને અવકાશ મળતાં તેઓ પંડિતજી પાસે આવી બેસી જતા અને તેની સાથે રંગરાગની ચર્ચા કરતા: "પંડિતજી, સાંભળ્યું છે આજ લખનવથી કોઇ બાઇજી આવી છે, તેનાં ગાનાની બહુ તારીફ થઇ રહી છે, તેનો મુજરો ન કરાવશો? અરે પંડિતજી, સાથે કઇં સાભળ્યું પણ કે, આપની ભોલી બાઇ પર શેઠ ચિમનલાલજી એકદમ રીઝી ગયા છે." કોઇ કહેતું: "ભાઇ સાહેબ, કાલે ગંગાસ્નાન છે, ઘાટપર બહુ બહાર જામશે, કાં ન એક પાર્ટી જમાવતા? સરસ્વતીને બોલાવી લઇશું, ગાનામાં તો બહુ નથી, પણ યૌવનમાં અદ્વિતીય છે." પંડિતજીને આ ચર્ચાઓથી ઘૃણા થતી હતી. તે વિચારતા: "શું હું વેશ્યાઓનો દલાલ છું જે મારી સાથે લોક આ પ્રકારે વાતો કરે છે?"

કચેરીના કર્મચારિયોના વ્યવહારમાં પણ પંડિતને એક વિશેષ અંતર દેખાતો હતો. તેમના છુટીના વખતમાં તેઓ સિગરેટ પીતા આવી પંડિતજી પાસે બેસી જતા અને આવી રીતની ચર્ચાઓ કરતા. અહિં સુધી કે પંડિતજી કોઇ બહાને ત્યાંથી ઉઠી જઇ પોતાનો પિછો છોડવતા. તેઓ તે અશુભ મુહૂર્તને શાપતા કે જ્યારે તેઓએ તે મુજરો કર્યો.

આજે તેઓ કચેરીમાં વધુ વાર ન બેઠા. એજ ઘૃણિત ચર્ચાઓથી ત્રાસી બે વાગ્યામાં

જ ઘર ચાલ્યા આવ્યા. જેવા દરવાજા પર પુગ્યા કે સદને આવી તેમના ચરણ-સ્પર્શ કર્યા.

પંડિતજી આશ્ચર્યથી બોલ્યા: "અરે સદન, તું ક્યારે આવ્યો?"

સદન: "હમણાનીજ ગાડીમાં આવ્યો છું."

પદમસિંહ: "ઘેર તો બધા ક્ષેમ કુશલ છે ને?"

સદન: "જી હા, બધા સારી પેઠે છે."

પદમસિંહ: "કેટલા વાગે નિકળ્યો? આ ૯ વાગ્યાની ગાડીમાં?"

સદન: "જી ના, નિકળ્યો તો છું હું રાતના એક વાગેનો, પણ ગાડીમાં સુઇ ગયો. અને મુગલસરાય જઇ પુગ્યો ત્યાંથી ૧૨ વાગા વાળી મેલમાં આવ્યો છું."

પદમસિંહ: "વાહ, ઠીક તો છે ને, કંઇ ખાધું પિધું કે?"

સદન: "જી, હા, ભોજન કરી ચુક્યો."

પદમસિંહ: "હું તો આ વારની હોળીમાં ન આવી શકયો, ભાભી કંઇ બોલતાં હતાં?"

સદન: "આપની વાટ બધા લોકોએ બે દિવસ તો લાગટ જોઇ. બાપા બે દિવસ પાલખી લઇ ગયા હતા. માતુશ્રી તો રડતાં હતાં, મારો પણ જીવ ન લાગ્યો એટલે રાતના ઉઠી હુંએ નિકળી પડયો."

પદમસિંહ: "તો શું ઘરમાં કહ્યા વિના?"

સદન: "ઘરમાંથી રજા તો માગી પણ આપ તો એ લોકને જાણો છો ને? મા મોકલવા ખુશી ન હતાં."

રામી: "ત્યારે તો એ લોક ગભરાતા હશે; એમ હતું તો કોઇને સાથે લઇ લેને. ઠીક. હવે જે બન્યું તે ખરૂં, મારો જીવ પણ તને જોવા લાગી રહ્યો હતો. હવે આવી પુગ્યા તો કોઇ નિશાળમાં નામ દાખલ કરાવી દ્યો."

સદન: "જી હા, એજ તો મારોએ વિચાર છે."

પદમસિંહે મદનસિંહને તાર કરી દીધો, "ગભરાતા ના, સદન અહિં આવી પુગ્યો છે, તેનું નામ કોઇ નિશાળમાં દાખલ કરી દઇશું."

તાર મોકલી સદન સાથે ઘરની વાતો કરવા બેઠા. કોઇ કણબી, કહાર, લુહાર, ચમાર એવું ન બચી ગયું કે જેના સંબંધમાં પંડીતજીએ કંઇને કંઇ ન પૂછ્યું હોય. ગામડાના જીવનમાં એક પ્રકારની મમતા હોય છે જે નાગરિક જીવનમાં નથી દેખાતી. એક પ્રકારનો સ્નેહ બંધન હોય છે જે સર્વ પ્રાણિયોમાં-પછી ભલે તે ન્હાનું મોટું હોય-બંધાયલુ હોય છે.

સાંજ થઇ ગઇ. પંડિતજી સદન સાથે ફરવા નિકળ્યા. પણ બેનીબાગ કે કવીન્સ પાર્ક તરફ ન જતાં તેઓ દુર્ગાકુંડ અને કાન્હજીની ધર્મશાળા તરફ ગયા. તેમનું ચિત્ત ચિન્તાગ્રસ્ત બની રહ્યું હતું. આંખો અહિંતહિં સુમનને શોધતી ફરતી હતી. મનમાં નિશ્ચય કરી દીધો હતો કે હવે જો તે મળી જાય તો કદી જવા ન દઇશ. પછી ભલે જોઈએ તેટલી બદનામી કાં ન થાય. એટલુંજ થશે ને કે તેનો પતિ મારા પર દાવો કરશે! સુમનની ઈચ્છા હશે તો ચાલી જશે. ચાલો ગજાધરને ત્યાં, સંભવ છે તે ઘેર આવી પણ પહોંચી હોય. આ વિચાર આવતાં તે પાછા ઘેર જ વળી આવ્યા. કેટલાક તેમના ગ્રાહક વાત જોતાં બેઠાં હતા. તેમના કાગળ પત્ર જોયાં પણ મન બીજી બાજુ ભમતું હતું. જેવા ગ્રાહકોમાંથી છુટાં થયાં કે ગજાધર તો ઘેર જવા નિકળ્યાં. પણ અહિં તહિં જોતા જતા હતા કે ક્યાં કોઇ જોતું ન હોય, કોઇ પાછળ ન આવતું હોય. એ રીતે જતા હતા. જાણે તેમને કંઇ ખાસ પ્રયોજનજ નથી. ગજાધરના દ્વાર પર પહોંચ્યા તો તે હજી હમણાજ દુકાનપરથી ઘેર આવ્યો હતો. આજે તેને બપોરના જ ખબર પડી ગઇ હતી કે પંડિતજીએ સુમનને ઘરમાંથી કાઢી મૂકી છે. તે છતાંએ તેને શક ગયો કે રખેને તેને આ બહાને બીજે ક્યાં છુપાવી ન રાખી હોય. પણ આ સમયે પંડિતજીને પોતાને બારણે જોઇ તે તેમનો સત્કાર કરવામાં વિવશ થઇ ગયો. ખાટલા પરથી ઉઠી તેમને નમસ્કાર કર્યા. પંડિતજી જરા અટકી જઇ બોલ્યા:

"કાં પંડ્યાજી? આપના પત્ની ઘર આવ્યાં કે નહિં?"

ગજાધર કંઇક સંદેહ દૂર કરી બોલ્યો: "જી નહી, જ્યારથી આપને ત્યાં ગઇ ત્યારથી તેનો પત્તો નથી."

પંડિતજી: "તમે અહિં તહિં ક્યાં શોધખોળ ન કરી? આખર એવું તે શું બન્યું કે તમે આટલા બધા નારાજ થઇ ગયા?"

ગજાધર: "મહાશયજી, મારૂં કાઢી મૂકવાનું તો એક બહાનુંજ હતું, અસલમાં તે નિકળવાજ તૈયાર હતી. પાડપાડોશી દુષ્ટોએ તેને બગાડી મૂકી હતી. કેટલા મહીનાઓ થયા ઉચાટ મનથી રહેતી હતી. હોળીના દિવસે એક વાગે રાતે ઘર આવી; મને સંદેહ ગયો. મેં ધમકાવી. બસ ઘરમાથી બાહરજ જઇ ઉભી."

પંડિતજી : "પણ તમે તેને ઘેર લાવવા ઈચ્છતે તે મારે ત્યાંથી લઇ જઇ શકતે. તેના બદલે તમે મને બદનામ કરવું શરૂ કર્યું. તો ભાઇ પોતાની બદનામી તે કોણ થવા દે? મેં આજ સવારના તેને મારે ત્યાંથી કાઢી મૂકી છે. બતાવો હું તે બીજું શું કરી શકું? પોતાની ઇજ્જત તો સર્વને વ્હાલી હોય છે. આ મામલામાં મારો એટલોજ અપરાધ હતો કે હોળીવાલા મેલાવડામાં તે મારે ત્યાં હતી. જો મને ખબર હતે કે જલસાનું આ પરિણામ આવશે તો આ જલસોએ ન કરતે ને તેને મારે ત્યાં આવવાએ ન દેતે. એટલા અપરાધ માટે તમે તો આખા શહેરમાં મારૂં નામ બદનામ કરી મૂકયું."

ગજાધર રડવા લાગ્યો. તેના મનનો ભ્રમ દૂર થઇ ગયો. રડતાં બોલ્યો: "મહાશય, આ અપરાધ માટે મને જોઇએ તે સજા દ્યો, હું ગમાર છું, મૂર્ખજ કહો; જેણે જે કહ્યું તે કબુલ. પેલા જે બેન્ડવાળા બાબૂજી છે, તેમનું કંઇક સારૂં જ નામ છે–હં, હા વિઠ્ઠલદાસ, હું તેમની શિખવણીમાં આવી ગયો. હોળીની એક દિવસ પહેલાં તે અમારી દૂકાને આવ્યો હતો, કંઇક કપડું લીધું અને મને દૂર લઇ જઇ આપના સંબંધી......હવે શું કહું. તેની વાત સાંભળવા મને ભ્રમ થઇ ગયો. હું તેમને ભલું માણસ ધારતો હતો. આખા શહેરમાં બીજાઓ સાથે ભલાઇ કરવાનો તો તે ઉપદેશ આપતો ફરે છે. એવા ધર્માત્મા માણસ કંઇ વાત કહે તો તેના પર વિશ્વાસ આવી જાય. ખબર નથી તેને ને તમને પરસ્પર શું વેર હતું, બાકી મારૂં તો ઘર ઉંધું વાળ્યું." આટલું કહી ગજાધર પાછો રડવા લાગ્યો. તેના મનમાંથી શંકા દૂર થઇ ગઇ હતી.

રડતાં તે બોલ્યો: "આપ આ અપરાધ માટે મને જે સજા કરો તે સહેવા તૈયાર છું."

પંડિતજીને એવું થયું કે જાણે કોઇએ લોખંડનો શળિયો તપાવી લાલચોળ કરી તેમના હૃદયમાં લગાડ્યો હોય. માથા પર પસીનો આવી ગયો. તે સામેથી તલવારનો ઝટકો વાળી શકતે, પણ પછવાડેથી પરોવેલી સોયની અણી સહન કરવી તેમની શકતીની બાહરની વાત હતી. વિઠ્ઠલદાસ તેમના પરમ મિત્ર હતા. પંડિત તેમનું બહુ માન રાખતા. પરસ્પર બહુ વાતોમાં મતભેદ હોય છતાં પણ તેમના પવિત્ર ઉદેશોનો આદર કરતા. આવું માણસ જાણી બુજી જ્યારે કોઇ પર કાદવ ફેંકે તો તેના સંબંધી બીજું તે શું કહેવાય કે શુદ્ધ વિચારવાળા છતાં તે ક્રુર પણ છે. પંડિતજી સમજી ગયા કે હોળીના જલસાવાળી બાબતથી નારાજ થઇ વિઠ્ઠલદાસે આ આગ લગાડી છે. કેવલ મારૂં અપમાનજ કરવા માટે, લોકની દૃષ્ટિમાં મને નીચો પાડવા માટે મારા પર આ દોષારોપણ કર્યો છે. ક્રોધથી કંપતા તેઓ બોલ્યા: "તમે તેના મ્હોં પર આ બધું કહી દેશો?"

ગજાધર: "હા સાચને શાની આંચ! ચાલો હમણાજ હું તેમને તેમના મ્હોં પર કહું. મગદુર છે કે તેઓ ઇનકાર કરે?"

ક્રોધના વેશમાં પંડિતજી સાથે ચાલવા તૈયાર થઇ ગયા, પણ પલવારમાં આ મન પરના મેઘનો વેગ ઓછો થતો ચાલ્યો. પોતાને સમજી ગયા. આ વેળાયે ત્યાં જવાથી વાત વધી જશે એમ વિચારી ગજાધરને કહ્યું: "ઠીક છે, જ્યારે તેડાવું તો આવજો. પણ નિશ્ચિંત થઇ બેસો. આપના પત્નીની શોધમાં રહો. સમય બુરો છે. જો કંઇપણ ખરચની જરૂરી હોય તો મારી પાસેથી લ્યો."

આટલું કહી પદમસિંહ ત્યાંથી ઘર આવ્યા. વિઠ્ઠલદાસની ગુપ્ત છરીના આઘાતે તેમને નિસ્તેજ બનાવી દીધા હતા. તેમનું એજ ધારવું હતું. વિઠ્ઠલદાસે દ્વેષના કારણે આ તંત્ર રચ્યો હતો.

પ્રકરણ ૧૬ મું.

બીજે દિવસ પદમસિંહ સદનને સાથે લઇ કોઇ સ્કૂલમાં દાખલ કરવા લઇ ચાલ્યા. પણ જ્યાં ગયા ત્યાંથી સાફ જવાબ મળ્યો કે "જગ્યા નથી." શહેરમાં અનેક નિશાળો હતી પણ સદન માટે સ્થાન ન હતું.

પંડીતજીએ વિવશ થઇ જઇ નિશ્ચય કર્યો કે હું પોતેજ એને ભણાવીશ. પ્રાતઃકાલે તો તેમને પોતાના ગ્રાહકોને લીધે વખત મળતો ન હતો, એટલે કોર્ટમાંથી આવીને ભણાવતા. પણ એકજ અઠવાડીયામાં હિમ્મત હારી ગયા. ક્યાં કોર્ટમાંથી આવતા અને ન્યુસપેપર વગેરે વાંચવા બેસતા, કે કોઇવાર હારમોનિયમ વગાડતા, અને કયાં હવે આ મોટી વયના બાળકને રટાવવા બેસતા. તેઓ વારંવાર ચિઢાઇ ઉઠતા, કારણ તેમને સદન મંદ બુદ્ધિનો જણાતો. જો તે કોઇ ભણાવી ચૂકેલામાંથી શબ્દ પૂછતા તો પંડીતજી ઉછળી પડતા.

જ્યાં જ્યાં તે શબ્દ પ્રથમ આવ્યો હતો, તેના તેઓ સ્થાન ઉલટાવી સુલટાવી બતાવતા પછી

પ્રશ્ન કરતા અને સદન પાસેથીજ તે શબ્દનો અર્થ કઢાવતા. આ ઉદ્યોગમાં કામ બહુ ઓછું થતું હતું અને મુઝવણ પણ બહુ થતી. સદન પણ તેમની સામે પુસ્તક ઉઘાડતા બ્હિતો. તે પસ્તાતો હતો કે ક્યાંનો ક્યાં આવી ચઢયો; એથી તો ગામડામાંજ ઠીક હતું. ચાર લિટિયો તો ભણાવશે પણ કલાકો સુધી ચિઢાયલા રહેશે. ભણાવી લીધા પછી પંડીતજી પણ કઈંક થાકી જતા. બહાર ફરવા જવા પણ દિલ ન થતું. તેમની ખાત્રી થઇ ગઇ કે આ કામની લાયકાત તેમનામાં ન હતી.

મોહલ્લામાં એક માસ્તર સાહેબ રહેતા હતા. તેણે ૨૦ રૂપિયા માસિકને પગારે સદનને ભણાવવાનું સ્વીકાર્યું. હવે આ ચિંતા સામે આવી ઉભી રહી કે તે માટે રૂપિયા કયાંથી લાવવા? પંડીતજી ફેશનેબલ માણુસ હતા; ખરચનું ત્રાજવું સર્વદા નીચેજ રહેતું. ફેશનનો બોજો ભારે તો પડતો હતો પણ તેની સામે પણ થવાતું ન હતું. બહુ વાર સુધી એકાન્તમાં બેઠા બેઠા વિચારવા લાગ્યા, પણ બુદ્ધિ કંઇ ચાલી નહિં. એટલે સુભદ્રા પાસે જઇ બોલ્યા: "માસ્તર ૨૦ રૂપિયાના પગારે ખુશી થાય છે."

સુભદ્રા: "તો શું માસ્તરજ નથી મળતા? માસ્તર તો એક નહિં સો છે, પણ રૂપિયા કયાં છે?"

પંડિતજી: "રૂપિયા પણ ઇશ્વર વળી કહિંથી આપશે."

સુભદ્રા: "તો હું તો અનેક વર્ષો થયાં રાહ જોઇ રહી છું. ઇશ્વરે તો કયારે પણ એ વિશેષ કૃપા કરી નથી. પેટમાં રોટલા જેટલું આપે છે. ઇશ્વર તો જેમ તેમ કરતાં એટલુંજ આપે છે."

પંડિતજી: "ત્યારે તુજ કંઇ ઉપાય બતાવ?"

સુભદ્રા: "મને જે કંઇ આપો છો તે ન આપશો. બસ!"

પંડીતજી: "તું તો જરા જેટલી વાતમાં ચિઢાઇ જાય છે."

સુભદ્રા: "ચિઢાવા જેવી તો વાત તમે પોતેજ કરો છો! આવક જાવક કંઇ તમારાથી છૂપી નથી; હું તે વળી કેમ કરી બચત કરી દેખાડું. દુધ ઘીની કંઇ તમારે ત્યાં નદીયો નથી વહેતી, મિઠાઇ મુરબ્બા બગડી કે સડી નથી જતા. નોકર વિના કામ ચાલે તેમ નથી, અને રસોયણ બ્રાહ્મણીનીએ જરૂરી છે. બીજા તે કયા ખરચમાં કમી કરવાનું કહો છો?"

પદ્મસિંહ: "દૂધ બંધ કરી નાંખ."

સુભદ્રા: "હા. એ બંધ કરો, પણ તમે ન પિશો, સદન માટે તો જોઇશેજ."

પદમસિંહ ફરી વિચારવા લાગ્યો. પાન તંબાકુનો ખરચ રૂ. ૧૦) માસિકથી ઓછો ન હતો. બીજી પણ કંઇક ન્હાની ન્હાની ચિજોમાં કંઇ ને કંઇ બચત થઇ શકે તેમ હતું. પણ તેની ચર્ચા કરતાં સુભદ્રા અપ્રસન્ન થઇ જવાનો ભય હતો. સુભદ્રાની વાતોથી આ સ્પષ્ટ થઇ ગયું હતું કે આ વિષયમાં તેની સહાનુભુતિ ન હતી. મનમાંજ બાહરના ખરચની ગણુત્રી કરતાં અંતમાં બોલ્યા: "વારૂ, ત્યારે રોશની અને પંખાના ખરચમાં કઇંક કરકસર થઇ શકે તેમ છે?"

સુભદ્રા: "હા, હા, થઇ શકે. રોશનીની શું જરૂર છે. સાંઝથીજ બિછાનાપર પડી રહોને. કોઇ મળવા આવશે તો બુમો પાડી પોતે ચાલ્યો જવાનો, કે રાતના ફરવાજ નિકળી પડો. નવ વાગે પાછા વળી આવો; પંખો તો હાથે પણ થઇ શકે છે. શું, વિજળી ન હતી ત્યારે લોક ગરમીના મારે બ્હાવરાં બની જતા કે?"

પદમસિંહ: "ઘોડાની ચંદીમાં કંઇ કમી કરી દઉં?"

સુભદ્રા: "હા, એ પણ ઠીક, લાંબો વિચાર સુજ્યો. ઘોડાને ચંદી આપવીજ કાં જોઇએ? ઘાસજ બસ છે. એ ન હશે તો તો હાડકાંજ નિકળી આવશે. કોઇ રીતે પડતાં આથડતાં કોર્ટ સુધી તો લઇ જશે; એમ તો કોઇ નથી કહેવાનું કે વકીલ સાહેબ પાસે ગાડી નથી."

પદમસિંહ: "કન્યા વિદ્યાલયને માસિક બે રૂપિયાની મદદ મોકલું છું, કલબના માસિક બે રૂપિયા થાય છે, એક રૂપિયો માસિક અનાથાલયને આપું છું, એ બધું આપવું બંધ કરી દઇએ તો કેમ?"

સુભદ્રા: "બહુ ઠીક થશે. સંસારની એજ રીતી છે કે પહેલાં પોતાના ઘરમાંનાને સંભાળવા પછી પારકાને ધર્મદાન દેવા."

પંડિતજી સુભદ્રાની આ વ્યંગપૂર્ણ વાતો સાંભળી મનમાં ખળભળી ઉઠયા હતા પણ ધીરજ ધરી બોલ્યા: "આ રીતે આસરે પંદર રૂપિયા માસિક તો હું આપી શકીશ, બાકી પાંચ રૂપિયાનો બોજો તારી પર છે. હું કોઇ વાર પણ તને ઘરખરચનો હિસાબ કિતાબ નથી છતો, કોઇ રીતે આ રકમ પૂરી કરી દેજે."

સુભદ્રા: "હા, થઇ જશે, કંઇ કઠણ વાત નથી. રસોઇ એકજ વાર બનાવિયે, બે વાર બનાવવાની શું જરૂર છે? સંસારમાં કરોડો મનુષ્ય એકજ સમય ખાય છે. પણ તેથી કંઇ બિમાર કે દુર્બલ નથી થતાં."

પંડિતજી અધીર બની ગયા. ઘરના કજીયાથી તેમનું હૃદય કંપતું હતું, છતાં આ ફટકો સહી ન શકાયો. બોલ્યા: "તો તું શું એમ ચાહે છે કે સદન માટે માસ્તર ન રાખું અને એ એમ જ પોતાનું જીવન નષ્ટ કરે. તારે મદદગાર બનવું જોઈએ, તેને બદલે તું તો જીવ ઉકળાવે છે. સદન મારા તે ભાઇનો દિકરો છે જે પોતાના માથા પર લોટ–દાળની ગાંસડી લાધી મને સ્કુલમાં દાખલ કરાવવા આવ્યા હતા. હું તે દિવસો ભૂલી નથી ગયો. તેમના એ પ્રેમનું સ્મરણ કરતાં તેમના ચરણો પર પડી કલાકો સુધી રડવાનું મન થઇ આવે છે. તને હમણા બતી, પંખા, પાનતંબાકું, ઘોડા સઇસના ખરચમાં કરકસર કરવી ભારે થઈ પડી છે, પણ મારા ભાઇ તો મને વારનિશના બૂટ પહેરાવી પોતે ઉઘાડે પગે રહેતા. હું રેશમી કપડાં પહેરતો તો તે ફાટયાં પહેરણો પહેરી દિવસો વિતાડતા. તેમનાં ઉપકાર અને ભલાઇઓનો બોજો મારી ગરદન પર એટલો બધો છે કે તેથી હું આ જીવનમાં તો મૂકત થઇ નથી શકવાનો. સદન માટે હું દરેક કષ્ટ સહેવા તૈયાર છું. તેને માટે જો મને પગે કોર્ટમાં જવું પડશે, ઉપવાસ કરવા પડશે, મારે હાથે તેના જોડા સાફ કરવા પડશે, તો પણ તે વાતોનો હું ઇન્કાર કરનાર નથી; નહિં તો મારા જેવો કૃતઘ્ન મનુષ્ય આ સંસારમાં કોઇ ન હશે.

ગ્લાનિથી સુભદ્રાનું મુખકમલ કુમળાઇ ગયું. ખરેખર રીતે તો પંડિતજીએ આ વાતો સાચાં દિલથી કહી હતી, પણ તે તો એમજ સમજી કે મને લજ્જિત કરવા માટેજ આ બધું કહી સંભળાવવામાં આવ્યું છે. માથું નીચું કરી બોલી: "તો મેં એમ કયારે કહ્યું કે સદન માટે માસ્તર નહીં રાખશો? જે કામ કરવાની જરૂર છે તે કરી નાંખો. જે કંઇ થશે, તે જોઇ લઇશું. જ્યારે દાદાજીએ આપના માટે આટલા કષ્ટ વેઠયાં છે તો એજ ઉચિત છે કે આપ પણ સદન માટે કોઇ વાતની કમી ન કરો. મને જે કંઇ કરવા કહો તે કરૂં. આપે હમણા સુધી કદી પણ આ વિષય પર દબાણ કરી કહ્યું ન હતું, તેથી મને એવો ભ્રમ થયો કે આ કંઇ જરૂરી ખરચ નથી. આપે પહેલેજ દિવસથી માસ્તર માટે બંદોબસ્ત કરવો હતો. આટલી બધી આગળ પાછળ વિચારવાની તે શું જરૂર હતી? તો હમણા સુધીમાં તે થોડુંઘણું ભણ્યો પણ હતે. આટલી વય ગુમાવ્યા પછી જ્યારે ભણવાનો વિચાર નક્કી થયો છે ત્યારે એક દિવસ પણ વ્યર્થ ન જવો જોઇએ."

સુભદ્રાએ તત્ક્ષણ પોતાની લજ્જાનો બદલો લઇ લીધો. પંડિતજીને પોતાની ભૂલ સ્વીકારવી પડી. જો પોતાનો પુત્ર હતે તો તેમણે આટલો લાંબો વિચાર ન કર્યો હતે.

સુભદ્રાને પોતાના પ્રતિવાદ માટે ખેદ થયો. તેણે એક પાન બનાવી પંડિતજીને આપ્યું–જાણે એ સંધિપત્ર હતું. પંડિતજીએ પાન લઇ લીધું. સંધિ સ્વીકૃત થઇ ગઇ.

તેઓ જવા લાગતાં સુભદ્રાએ પુછ્યું: "કંઇ સુમનનો પત્તો લાગ્યો?"

પંડિતજી: "કંઇ પણ નહિં, ન જાણે કયાં ગેબ થઇ ગઇ, ગજાધર પણ નથી દેખાયો. સાંભળ્યું છે કે ઘરબાર તજી દઇ કોઇ જગ્યાએ ચાલ્યો ગયો છે."

બીજે દિવસથીજ માસ્તર સાહેબ સદનને ભણાવવા લાગ્યા. નવ વાગે તેઓ ભણાવી ચાલ્યા જતા; એટલે સદન સ્નાન, ભોજન કરી બપોરના સુઇ જતો. એકલાં તેનો પણ જીવ બહુ ગભરાતો, કોઇ સંગ સાથ ન મળે, કોઇ વાતચિત્ત, મશ્કરી કરનારૂં નહોતું. મન કેવી રીતે લાગે? પ્રાત:કાલના થોડીક કસરત કરી લેતો હતો. તેનું એને વ્યસન હતું. પોતાના ગામમાં તેણે એક ન્હાનો સરખો અખાડો બનાવ્યો હતો. પણ અહિં અખાડો ન હતો એટલે ઓરડામાંજ દંડ પીલી લેતો. સાંજના પંડિતજી એને માટે ફેટીન ગાડી તૈયાર કરાવી આપતા એટલે સદન સૂટ પહેરી ગર્વથી ફેટિન ગાડીમાં બેસી ફરવા નિકળતો. પંડીતજી પગે ફરતા પાર્ક છાવણી વગેરે તરફ જતા, પણ સદન તે તરફ ન જતો. વાયુ સેવનમાં જે એક પ્રકારનો દાર્શનિક આનંદ મળે છે તેનું તેને કયાંથી જ્ઞાન! શુદ્ધ વાયુની સુખદ શીતલતા, લીલાં મેદાનોની વિચારોત્પાદક નિર્જનતા અને સુરમ્ય દૃશ્યોની આનંદમય નિસ્તબ્ધતા એમાં એના રસાસ્વાદન યોગ્યતા ન હતી. તેનામાં યૌવન કાલની ચટિયાં પટિયાં ને ટાપટીપની લેલછા માથામાં ભરાઇ રહી હતી.

તે અત્યંત રૂપવાન, સુંગઠિત, બલિષ્ટ યુવક હતો. ગામડામાં રહેલો હોવાથી ભણવું લખવું કે માસ્તરનો ભય, અથવા પરીક્ષાની ચિંતા કંઇ નહોતું. શેરના શેર દુધ ગટાવી જતો. ઘરની ભેંસ હતી, ઘીના લોંદાના લોંદા ઉપાડી ખાઇ જતો, તે ઉપરથી કસરતનો શોખ લાગ્યો હતો. આથી શરીર બહુજ સુડોલ બન્યું હતું. છાતી પહોળી, ગરદન ઉભી, જાણે કાચા કંચન જેવી જણાતી. તેના ચેહેરાપર તે ગંભીરતા અને કોમલતા ન હતાં જે શિક્ષા અને જ્ઞાનથી ઉત્પન્ન થાય છે. તેના મુખમાં વીરતા અને ઉદ્ધતા ઝળકતી હતી. આંખો મતવાલી, સતેજ અને ચંચલ હતી. બાગમાંનો કલમી રોપો ન હતો, વનનું સુદ્દઢ વૃક્ષ હતું. નિર્જન પાર્ક કે મેદાનમાં તેની પર કોની નજર પડવાની હતી? એ કારણે તે કોઇવાર દાલ–મંડીની તરફ જતો, કોઇવાર ચોકી તરફ. તેના રંગરૂપ ઠાઠમાઠ પર બૂઢા જવાન સર્વની આંખો ઉંચી થતી. યુવાન તેને ઇર્ષાથી અને વૃદ્ધ સ્નેહથી જોતા. લોક રસ્તે ચાલતા ચાલતાં તેને એક આંખે જોતાં જ રહી જતાં. દુકાનદાર સમજતા કે કોઇ રઇસનો દિકરો છે.

આ દુકાનોની ઉપર સૌન્દર્યનું બજાર હતું. સદનને જોતાંજ બજારમાં હલચલ મચી જતી. વેશ્યાઓ ઝરૂખે આવી ઉભી રહી નેન અને પ્રેમકટાક્ષના બાણ તેના પર મારતી, કે જોઇએ આ છકેલું પારેવું કયા છાપરે જઇ બેસે છે? આ સોનાની ચલ્લી કઇ જાળમાં ફસે છે?

સદનમાં તે વિવેક ન હતો કે જે સદાચરણની રક્ષા કરે. તેનામાં આ આત્મસન્માન પણ ન હતું કે જે આંખોને ઉંચી થવા નથી દેતું. તેની ફેટીન ગાડી બજારમાં ધીરે ધીરે ચાલતી. સદનની આંખો તે રમણીઓની તરફ લાગેલી રહેતી. યૌવનના પૂર્વકાલમાં આપણે આપણી કુવાસનાઓના પ્રદર્શન પર ગર્વ કરિયે છીયે; ઉત્તર કાલમાં આપણા સદગુણોના પ્રદર્શન પર. સદન પોતાને રસિયો બતાવવા ઇચ્છતો હતો; પ્રેમથી અધિક બદનામીનો આકાંક્ષી હતો. આ સમય જો તેનો કોઇ અભિન્ન મિત્ર હોત તો સદન તેની પાસે પોતાના કલ્પિત કુપ્રેમની વિસ્તૃત હકિકત કહી સંભળાવતે.

ધીરે ધીરે સદનના ચિત્તની ચંચલતા અહિં સુધી વધી કે ભણવું ગણવું એ સર્વ પણ છૂટી ગયું. માસ્તર આવતા ને ભણાવી ચાલ્યા જતા. પણ સદનને તેનું આવવું બહુ બુરું માલમ પડતું. તેનું મન હરઘડી બજાર તરફ લાગ્યું રહેતું, તેજ દશ્ય આંખો સામે તર્યા કરતું, રમણિયોના હાવભાવ અને મૃદુ સ્મિતના સ્મરણમાં તે મગ્ન રહેતો. આ રીતે દિવસ વિતતા જેવી સાંઝ થતી કે તે બની ઠની દાલમંડીની તરફ ચાલી પડતો. અંતમાં મનની આ કુપ્રવૃત્તિઓનું તેજ ફળ નિપજ્યું જે સદૈવ નિપજે છે. ત્રણ ચાર માસમાંજ તેનો સંકોચ જતો રહ્યો. ફેટીન પરના બન્ને ગાડીવાનો દૂત માફક તેની સાથે બેઠેલા રહેતા. આ કારણે તે આ બાગના ફુલોને હાથ લગાડવાનો સાહસ ન કરી શકતો હતો. તે વિચારવા લાગ્યો, કે કોઇ રીતે આ ગાડીવાનરૂપી દૂતોથી છૂટો થાઉં. વિચારતા એક ઉપાય સૂઝયો. એક દિવસ તેણે પંડિતજીને કહ્યું: "કાકાજી, મને એક સારો ઘોડો તો અપાવી દ્યો. ફેટીન પર એક લુલાપાંગળા માફક બેસી રહેવું મને નથી ઠીક લાગતું. ઘોડાની સવારીથી કસરત પણ થશે અને હું ઘોડેસવારી પણ શિખી લઇશ."

જે દિવસે સુમન ગઈ હતી, ત્યારથી પંડિતજી કંઈક ચિંતાતુર રહેતા હતા. એમના કુલો પણ કહેતા કે આજકાલ ન જાણે એમને શું થઇ ગયું છે. વાત વાતમાં ચિઢાઇ ઉઠે છે. જ્યાં અમારી વાત પૂરી નથી સાંભળતાં ત્યાં કોર્ટમાં દલીલ તે શું કરવાના? જ્યારે અમારે પૈસા આપી કામ કરાવવું છે ત્યારે શું એજ એક વકીલ છે કે? ગલીએ ગલીએ તો વકીલો રખડે છે! આથી પંડિતજીની આવક પણ દિવસે દિવસે ઓછી થતી જતી હતી. આ અરસામાં સદનની આ માંગણી સાંભળી ચિન્તિત સ્વરે બોલ્યા: " જો એજ ઘોડાપર જીન નાખી સવારી કરે તો કેમ ભલા?"

સદન: "જી ના, એ બહુ દુર્બલ છે, સવારીનું કામ ન આપશે. એની ચાલજ ન મળે! કોર્ટમાથી થાક્યો પાક્યો આવશે તે ચાલવાનોએ શું?"

પંડિતજી: "ઠીક. હું તલાશ કરૂં છું. કોઇ સારૂં જાનવર મળી જશે તો લઈ લઇશ"

પંડિતજીએ ધાર્યું કે આ રીતે વાત ટાળી દઉં. સાધારણ ઘોડો પણ અઢીસો ત્રણસોથી ઓછે નથી મળનાર, અને તે ઉપરાંત તે પર

ખરચ ૨૫ રૂપિયા માસિક આવવાનો. આ વેળાએ તેઓ આ ભાર ઉપાડવા સામર્થવાન ન હતા, પણ સદન ક્યાં માની જાય તેમ હતું. નિત્ય પ્રતિદિન તેનો આ માટેનો તકાદો ચાલુ જ હતો, એટલે સુધી કે કેટલીક વાર તો તેને ટોકવાની જરૂરી પડી. પંડિતજી તેનો ચહેરો જોતાંજ સૂકાઇ જતા હતા. જો તેને પોતાના પૈસા સંબંધી તંગ સ્થિતિ તે કહી દેતે તો સદન ચૂપ પણુ થઇ જતે, પણ પોતાની ચિંતાઓનું રામાયણુ સંભળાવી તેને દુઃખી કરવા ન ઇચ્છતા હતા.

સદને પોતાના બન્ને સઇસોને કહી રાખ્યું હતું કે ક્યાં સારો ઘોડો વેચાઉ હોય તો મને ચેતાવજે. સઇસોએ દલાલીના લોભે એકચિત્ત તલાશ કરી. ઘોડો મળી ગયો. ડીગ્બી નામે વિલાયત જતા એક સાહેબનો ઘોડો વેચાઉ હતો. સદન જાતે ગયો, ઘોડો જોયો તે પર સવાર થયો. ચાલ જોઇ મોહીત થઇ ગયો. પંડિતજીને આવી તેણે કહ્યું: "ચાલો, ઘોડો જોઇ લ્યો, મને બહુ પસંદ છે." પંડિતજીને જ્યારે ભાગવાનો કોઇ રસ્તો ન રહ્યો, જઇ ઘોડો જોઇ આવ્યા, ડિગ્બી સાહેબને મળ્યા. દામ પૂછતાં રૂ. ૪૦૦ થી એક કોડી ઓછી ન કહી.

હવે આટલા રૂપિઆ ક્યાંથી લાવવા. સો બસો રૂપિયા સુભદ્રા પાસે હતા પણ સુભદ્રાથી આ બાબતમાં પંડિતજીને સહાનુભુતિની લેશ આશા ન હતી. એક બેંકના મેનેજર બાબૂ ચારૂચન્દથી તેમને મિત્રાચારી હતી. તેની પાસેથી ઉધાર લેવાનો વિચાર કર્યો. પણ આજ સુધી પંડીતજીને કદી કરજે માગવાનો અવસર ન આવ્યો હતો. વારંવાર ઇરાદો કરતા પણ હિમ્મત હારી જતા. કદી તે આપવા ના પાડે તો? તેમને આ નકારની ચિંતા બહુ હતી. શાહુકારો સાથે વિશ્વાસ સંબંધ લોક કેવી રીતે જમાવી લેતા એ તેઓ જાણુતા ન હતા. ત્રણ ચારવાર કલમ ખડીયો લઇ તેની પર કાગળ લખવા બેઠા પણ શું લખવું તે જ સુઝતું ન હતું. આની વચમાં સદન ડિગ્બી સાહેબને ત્યાંથી ઘોડો લઇ આવ્યો. જીન વગેરેનો ખરચ રૂ. ૫૦ વિશેષ થયો. બીજે દિવસે રૂપિયા ચૂકવી આપવાનો વાયદો હતો. ફક્ત એક રાત જેટલી મેહતલ મળી હતી. પ્રાતઃકાલ રૂપિયા નિશ્ચય આપી દેવાના હતા. પંડિતજી જેવી સ્થિતિના માણુસ માટે આટલા રૂપિયાની ગોઠવણુ કરવી મુશ્કેલ ન હતી. પણુ તેમને તો ચારે તરફ અંધકાર દેખાતો હતો. તેમને આજે પોતાની ક્ષુદ્રતાનું ભાન થયું. જે મનુષ્ય કદી પહાડ પર નથી ચઢયો તેનું માથું એક ન્હાના સરખા ટેકરા પર પણુ ચકરાવાનું. આ દુખદાવસ્થામાં સુભદ્રા સિવાય તેમને કોઇ બીજો આસરો ન હતો. તેણે પંડિતજીની રોતી સૂરત જોઇ પૂછ્યું: "આજ આટલા ઉદાસ કેમ છો? જીવને તો ઠીક છે ને?"

પંડિતજીએ માથું ઝુકાવી ઉત્તર આપ્યો: "હા, જીવને તો ઠીક છે."

સુભદ્રા: "તો ચહેરો કાં ઉતર્યા જેવો છે?"

પંડિતજી: "શું બતાવું, કંઇ બોલી નથી શકતો. સદનને લીધે હેરાન છું. કેટલા દિવસ થયા ઘોડા માટે હઠ પકડી બેઠો છે. આજે ડિગ્બી સાહેબને ત્યાંથી ઘોડો લાવ્યો છે, સાડી ચારસોની કહાણુ માંડી છે!"

સુભદ્રાએ વિસ્મિત થઇ પૂછ્યું. "વાહ! આટલે સુધી બધું થઇ ગયું અને મને ખબરે નથી!"

પંડિતજી: "તને કહેતાં હું બિહતો હતો."

સુભદ્રા: "બિહવાની શું જરૂર હતી? શું હું સદનની દુશ્મન હતી કે બળી જતે? તેને રમવા ખેલવાના તે શું હવે બીજા કોઇ દિવસ આવવાના છે? કયું મોટું ખરચ છે? તમને ઇશ્વર કુશલ રાખે, આવા ચાર પાંચસો રૂપિયા ક્યાં આવ્યા ગયા થઇ જવાના. છોકરાનું મન તો રાજી થશે. એ જ ભાઇનો દિકરો છે ને જેણે તમને પાળી પોષી આજ આ યોગ્ય બનાવ્યા."

પંડિતજી આ વ્યંગ માટે તૈયાર હતા. આ કારણે જ તેમણે સદનની ફરિયાદ કરતાં આ વાત છેડી હતી. પણુ વાસ્તવમાં તેટલું તેમને સદનનું આ વ્યસન એટલુ દુખઃદાયક ન જણાયું જેટલું દુઃખ પોતાની નિર્ધનતાથી થયું. સુભદ્રાની અનુમતિ પ્રાપ્ત કરવા માટે હૃદયમાં પેસવાની જરૂરી હતી: "તું જોઇએ તેમ ધારે પણુ મને તો તને કહેતાં ડર લાગતો હતો. આ હું મારા મનની વાત કહું છું. છોકરાઓનું રમવું ખાવું સઉ કોઇને ઠીક જ લાગે પણુ એ સર્વ ઘરમાં પૂંજી હોય તો જ. આખો આખો દિવસ એજ ફિકરમાં પડયો છું. કંઇ અક્કલ કામ નથી કરતી. સવારના ડિગ્બીનો માણુસ આવશે, તેને શું ઉત્તર આપીશ. બિમારે પડી જતે તો એક બહાનું મળી જતે."

સુભદ્રા: "એમાં તે કંઇ ભારે વાત છે. સવારના ચાદર ઓઢી લેટી રહેજો, હું કહી દઇશ કે આજે તબિયત બરાબર નથી."

પંડિતજી હસવું ન રોકી શકયા. આ વ્યંગમાં કેટલી નિર્દયતા, કેટલી વિરક્તિ હતી. બોલ્યા: "વારૂં, માની લીધું કે માણસ કાલે આવીને વળી ગયો, પણ પરમ દિવસ તો ડાગ્બી સાહેબ જનાર જ છે, કાંઇ કંઇને કંઇ તોડ કાઢવોજ પડવાનો."

સુભદ્રા: "તો તે તોડ આજેજ કાં નથી કાઢતા?"

પંડિતજી: "ભઇ મને ચિઢવ ના, જો મારી બુદ્ધિ કામ કરતે તો હું તને શું કરવા કહેતે. ચૂપચાપ કામ કરી ન નાખતે? જ્યારે કંઇ ન જ બની શકયું ત્યારે થાકી તારી પાસે આવ્યો છું. બતાવ શું કરૂં?"

સુભદ્રા: "હું તે શું બતાવું? તમે તો વકીલાત ભણ્યા છો, હું તો મેટ્રીક સુધીએ નથી ભણી; મારી બુદ્ધિ તે શું કામ કરે? એટલું જાણું છું કે ઘોડો દ્વાર પર હણહણતો સાંભળી વેરીઓની છાતી ધડકી ઉઠવાની. જે વખતે સદનને તે પર બેઠેલો જોશો એટલે આંખ તૃપ્ત થઇ જશે."

પંડિતજી: "હુંએ એજ પૂછું છું કે આ બધી અભિલાષાઓ પૂરી તે કેમ થાય?"

સુભદ્રા: "ઇશ્વર પર ભરોસો રાખો, તે કંઇ ને કંઇ જુકતી સુઝાડશે."

પંડિતજી: "તેં તો તાણા મારવા શરૂ કર્યા."

સુભદ્રા: "એ સિવાય મારી પાસે બીજું છેએ શું? તમે જો એમ સમજતા હો કે મારી પાસે રૂપિયા હશે, તો તે તમારી ભુલ છે. મને ઉંધું ચતું કહેતાં સમજાવતાં નથી આવડતું. આ પેટીની ચાવી લ્યો, સો સવાસો રૂપિયા પડયા છે, કાઢી લઇ લ્યો. બાકીના માટે બીજો કયા તજવીજ કરો. આપના ઘણાએ મિત્રો છે, શું એ ચાર સોનો બંદોબસ્ત ન કરી આપશે?"

જો કે પદમસિંહ એજ જવાબ મળવાની આશા રાખતા હતા પણ તે કાને સાંભળી અધીર બની ગયા. ચુપચાપ આકાશ તરફ તાકવા લાગ્યા, જાણે કોઇ અથાક જલમાં તણાતા હોય.

સુભદ્રા પેટીની ચાવી આપવા તો તૈયાર હતી, પણ પેટીમાં ૧૦૦ ને ઠેકાણે પૂરા ૫૦૦ થેલીમાં રાખ્યા હતા. આ સુભદ્રાની બે વર્ષની કમાઇ હતી. આ રૂપિયા જોઇ જોઇ સુભદ્રા ફુલી ન સમાતી હતી. કોઇવાર વિચારતી, આ વખતે પીયર જઇશ તો ભાભી માટે એક સરસ કંગન લઇ જઇશ અને ગામની દરેક કન્યા માટે એક એક સાડી. કોઇવાર વિચારતી, અહિંથી કંઇ કામ પડતા અને પંડિતજી રૂપીયા માટે મુંઝાતા ઝટ કાઢી આપી દઇશ. તેઓ કેવા પ્રસન્ન થશે! ચકિત બની જશે. સાધારણ રીતે યુવતીઓના હૃદયમાં આવા ઉદાર ભાવ નથી ઉઠતા. તેઓ રૂપીયા એકઠા કરે છે ઘરેણા માટે. પણ સુભદ્રા ધનવાન, શ્રીમંત ઘરની દિકરી હતી, એટલે ઘરેણાથી તેનું મન ભર્યું હતું.

તેને રૂપિયાનો લોભ જરા પણ ન હતો; હા, આવા અનાવશ્યક કાર્ય માટે તે કાઢવામાં તેને કષ્ટ થતું હતું. પણ પંડિતજીની રોતી સુરત જોઇ તેને દયા આવી ગઇ. બોલી: "આપે ઘર બેઠાં આ ચિંતા માથે ઓળી લીધી છે. સીધી વાત હતી; કહી દેવું હતું કે, ભઇ હમણા રૂપીયા નથી ત્યાં સુધી તો કોઇ રીતે હાલમાં ચલાવી લ્યો. આ રીતે મનના વળગાડ વધારવા એ તે કંઇ ભલી વાત છે? આજે ઘોડા માટે હઠ છે, કાલે મોટરકારની ધુન લાગશે ત્યારે શું કરવાના? માન્યું કે દાદાજીએ આપની સાથે બહુ સલુકાઇ મહેરબાનીઓ કરી, પણ બધાં કામ પોતાની ગુંજાશ જોઇનેજ થાય છે. દાદાજી આ સાંભળી કંઇ આપ પર ખુશી ન થવાના."

આટલું કહેતાં તે ઝમકી ઉઠી, અને પેટીમાંથી સો, સો રૂપીયાની પાંચ પોટલીયો કાઢી, તે પાત સામે લાવી પટકી અને બોલી: "આ લ્યો, ૫૦૦ છે, જે ચાહે તે કરો. પડયા રહેવા દેતે તો આપને જ કામ લાગતે. પણ લઇ જાઓ, કોઇ રીતે આપની ચિંતા તો મટે. હવે પેટીમાં ફૂટી કોડી પણ નથી."

પંડિતજીએ ડગાઇ જઇ રૂપિયાની તરફ કાતર નેત્રોએ જોયું, પણ તે પર ટૂટી ન પડયા. મનનો બોજો હલકો અવશ્ય થયો, ચેહેરા પર ચિત્તની શાંતિ ઝલકવા લાગી. પણ તે ઉલ્લાસ, તે વિહ્‌વલતા જેની સુભદ્રાને આશાએ ન હતી તે દેખાઇ. એક જ ક્ષણમાં આ શાંતિની ઝલક પણ ટળી ગઇ. ખેદ અને લજ્જાનો રંગ પ્રકટ થયો. આ રૂપિયાને હાથ લગાડવો એ તેમને અતિ અનુચિત પ્રતિત થયું. વિચારવા લાગ્યા, ખબર નથી સુભદ્રાએ કઇ ઉમેદથી આ રૂપિયા બચાવ્યા હતા; ખબર નથી તે માટે એણે કેવાં કષ્ટ ઉપાડયાં હશે.



ચિત્રકાર :] [રા. ત્રિભુવન પટેલ.

" સેવા સદન.

" આ લ્યો, ૫૦૦ છે, જે ચાહે તે કરો. પડયા રહેવા દેતે તો આપનેજ કામ લાગતે "

સુભદ્રાએ પૂછ્યું: "ધન મળતાંએ પ્રસન્ન ન થયા?"

પંડિતજીએ અનુગ્રહપૂર્ણ દૃષ્ટિથી જોઇ કહ્યું: "પ્રસન્ન તે શું થાઉં? તેં નાહક આ રૂપિયા કાઢયા. હું જાઉં છું, ઘોડો પાછો મોકલી દઉં છું. કહી દઇશ બાલભમરી બરાબર નથી કે કોઇ બીજો દોષ કાઢીશ. સદનને ખરાબ લાગશે, તે માટે શું કરવું?"

જો રૂપિયા આપવા પહેલાં સુભદ્રા આ સૂચના કરતે તો પંડિતજી ગુસ્સે થઇ જતે. તેમ કરવું સજ્જનતા વિરૂધ સમજતે અને સુભદ્રાને આડે હાથ લેતે, પણ આ સમય સુભદ્રાના આત્માત્સર્ગે તેમને વશીભુત કરી લીધો હતો. સવાલ એ હતો કે ઘરમાં સજ્જનતા બતાવે કે બાહર. તેમણે નિશ્ચય કર્યો કે ઘરમાં તેની અધિક આવશ્યકતા છે, પણ આપણે બાહરનાઓની દૃષ્ટિમાં માનમર્યાદા વધારવા માટે ઘરનાઓની ક્યારે પરવાહ કરિયે છિયે?

સુભદ્રા વિસ્મિત થઇ બોલી: "આ શું? આટલી જલ્દીથી વિચાર ફરી ગયો? જાનવર લઈ તેને પાછો મોકલી આપતા શું વાતો થશે? જો ડિગ્બી સાહેબ પાછો લઇ પણ લે તોએ તેમની સાથે કેવો અન્યાય ગણાય! તેઓ બિચારા વિલાયત જવા માટે તૈયાર બેઠા છે. તેમને આ વાત કેવી ખટકશે? ના, આ ન્હાની બાબત છે, રૂપિયા લઇ જાઓ, આપી દેઓ. રૂપિયા આવા સમય માટે તો ભેગા કરવામાં આવે છે. મને એની કઇ જરૂરી નથી, હું ખુશી સાથે આપું છું ને! જો એમજ હોય તો આ મારા રૂપિયા તમને છૂટ થાય ત્યારે પાછા ફેરવી દેજો, જાણે મારી પાસેથી ઋણ સમજી લઈ લ્યો."

વાત તો એ જ હતી પણ બદલેલા રૂપમાં હતી. પંડિતજીએ પ્રસન્ન થઇ કહ્યું: "હા, એ શરતે લઇ શકું છું. માસિક હફતો બાંધી પૂરા કરી આપીશ."

પ્રકરણ ૧૭ મું.

પ્રાચીન ઋષિયોએ ઇંદ્રિયોનું દમન કરવાના બે સાધન બતાવ્યા છે, એક રાગ, બીજો વૈરાગ્ય. પહેલું સાધન અત્યંત કઠિન અને દુઃસાધ્ય છે. પણ આપણા નાગરિક સમાજે પોતાના મુખ્ય સ્થાનો પર મીના* બજાર સજાવી આ કઠિન માર્ગ ગ્રહણ કર્યો છે. તેમણે ગૃહસ્થોને કાઢવના ક્રમલ બનાવવા ઇચ્છ્યા છે.

જીવનની ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં ભિન્ન ભિન્ન વાસનાઓનું પ્રાબલ્ય રહે છે. બચપણ મિઠાઇઓનો સમય છે, બુઢાપો લોભનો, યૌવન પ્રેમ અને લાલસાઓનો સમય છે. આ અવસ્થામાં મીના બજારની સહેલ મનમાં વિપ્લવ મચાવી દે છે. જે સુદૃઢ છે, કે લજ્જાશીલ ભાવ-શૂન્ય છે તેઓ બચી જાય છે-સંભાળી શકે છે, બાકીના લપસે છે અને પડી જાય છે.

દારૂની દુકાનોને આપણે વસ્તીથી દૂર કરવાનો યત્ન કરિયે છિયે, જુગારખાનાઓ પણ આપણે તિરસ્કારિયે છિયે, પણ વેશ્યાઓના મકાનોને સુસજ્જિત ઝરૂખાઓથી ચોક કે બજારોમાં આપણે ઠાઠથી સજાવિયે છિયે. આ પાપોત્તે જના નહિં તો બીજું શું?

બજારની સાધારણ વસ્તુ ઓમાં કેટલું આકર્ષણ છે! આપણે તે ઉપર ગાંડા બનિયે છિયે અને તેની આવશ્યકતા નહોતાંએ તે આપણે ખરિદિયે છિયે. ત્યારે એવું તે કયું હૃદય છે જે કોઇ રૂપરાશિ જેવા અમૂલ્ય રત્નપર જીવ નથી આપતું? શું આપણે આટલુંએ નથી જાણતા?

વિપક્ષી કહે છે કે આ વ્યથાની શંકા છે. સહસ્રો યુવક નિત્ય શહેરોમાં ધૂમતા રહે છે, પણ તેઓમાંથી કોઇ વીરલોજ બગડતો નથી. તે માનવપતનના પ્રત્યક્ષ પ્રમાણ ચાહે છે. પણ તેને ખબર નથી કે વાયુની માફક દુર્બલતા પણ એક અદૃશ્ય વસ્તુ છે, જેનું જ્ઞાન તેના કર્મથીજ થઇ શકે છે. આપણે આટલા નિર્લજ, આટલા સાહસ રહિત કાં છિયે? આપણામાં આત્મગૌરવનો આટલો અભાવ કાં છે? આપણી નિર્જીવતાનું કયું કારણ છે? આ માનસિક દુર્બલતાના લક્ષણ છે.

કેટલાક મહિનાઓ વીતી ગયા. વર્ષા કાલ આવી પહોંચ્યો. મેળા જાત્રાની ધુમધામ મચી. સદન બાંકી સજધજ બનાવી પોતાના મનપસંદ ઘોડાપર સવાર થઇ ચારે તરફ ધૂમ્યા કરતો. તેના હૃદયમાં પ્રેમલાલસાની એક આગ બળતી રહેતી હતી. હવે તો તે એટલો નિશંક થઇ ગયો છે કે દાલમંડીમાં ઘોડાપરથી ઉતરી તંબોલીઓની દુકાનોપર પાન ખાતો બેસી જાય છે. તેઓ ધારતા કે આ કોઈ રઇસનો બગડી ગયેલો છોકરો છે. તેની પાસે રૂપરંગના બજારની નવી નવી ઘટનાઓના વર્ણન

* વેશ્યાવાડો.

તેઓ કરતા. ગાવામાં કોણ સરસ છે, કોણ સુંદરતામાં અદ્વિતીય છે, તેની ચર્ચાઓ છેડાતી. આ બજારમાં તો નિત્ય આવીજ ચર્ચાઓ થતી. સદન આ વાતો બહુ ચાહથી સાંભળતો. હવે તે પણ કંઇક રસજ્ઞ બન્યો હતો. પહેલા જે ગઝલો નીરર્થક જણાતી હતી તે સાંભળી. હવે તેના હ્રદયના એકે એક તાર સિતાર માફક ગુંજી ઉઠતા હતા. સંગીતના મધુર સ્વર તેને ઉન્મત્ત કરી દેતા. બહુ કઠીનતાથી તે પોતાને તેમને બારણે ચઢતાં અટકાવી શકતો.

પદમસિંહ સદનને ફેશનેબલ તો બનાવવા ચાહતા હતા પણ તેનું બાંકાપણું તેમની આંખમાં ખટકતું હતું. તેઓ નિત્ય વાયુ-સેવન માટે જતા, પણ સદન તેમને પાર્ક કે દાલમંડીમાં કદી ન મળતો. તે વિચારતા કે એ



સદન બાંકી સજધજ બનાવી પોતાના મનપસંદ ઘોડાપર સવાર થઇ ચારે તરફ ઘૂમ્યા કરતો હતો.

રોજ ક્યાં ઘૂમવા જતો હશે? ક્યાં તેને તો દાલમંડીની હવા નથી લાગી ને?"

તેમણે બે ત્રણ વાર સદનને દાલમંડીમાં ઉભેલો જોયો. તેમને જોતાંજ સદન ઝટ એક દૂકાન પર બેસી જતો અને કંઇ ને કંઇ ખરીદવા લાગી જતો. પંડિતજી તેને જોતા અને માથું નિચું કરી ત્યાંથી નીકળી જતા. બહુ ઇચ્છતા કે સદનને અહિં આવતા અટકાવે પણ લજ્જાવશ કંઈ કહી ન શકતા.

એક દિવસ પંડિતજી ફરવા જતા હતા કે રસ્તામાં બે સજ્જનોથી ભેટ થઇ ગઇ. આ બન્ને મ્યુનિસીપાલિટીના મેમ્બર હતા. એકનું નામ અબુલવફા, બીજાનું અબદુલ લતીફ. એ બન્ને ફેટીનમાં બેસી ફરવા જતા હતા. પંડિતજીને જોઇ થોભી ગયા.

અબુલવફા બોલ્યો: "આવો સાહેબ! આપનીજ વાત હમણાં થઇ રહી હતી. આવો, થોડેક દૂર સાથેજ ચાલિયે."

પંડિતજીએ ઉત્તર વાળ્યો: "હું હમણા ફરૂં છું. માફ કરશો."

અબુલવફા: "અરે જી આપ સાથે એક ખાસ વાત કરવાની છે, અમે તો આપના મકાને આવનાર હતા."

આ આગ્રહથી વિવશ થઇ પંડિતજી ફેટીનમાં જઇ બેઠા.

અબુલવફા: "એવી ખબર સંભળાવું કે આપ ભડકી જશો."

પંડિતજી: "કહો ત્યારે."

અબુલવફા: "આપની મહારાજણ 'સુમનબાઇ' બની ગઇ છે!"

અબદુલલતીફ: "ઇશ્વરના કસમ ખાઇ કહું છું અમે તો આપની પસંદગી પર કુરબાન છિયે. હમણા ત્રણ ચાર દિવસથી તેણે દાલમંડીમાં બેસવું શરૂ કર્યું છે, પણ એટલામાંજ એણે બધાના રંગ હરી લીધા છે.

તેની સમક્ષ હવે કોઇનો રંગજ નથી જામતો. તેના ઝરૂખામાં રંગીન મિજાજીઓનો એક સમુહ જામી રહે છે. મુખડું ગુલાબ છે અને શરીર તો જાણે તપાવેલું કુંદન! સાહેબ, હું આપને ઇમાનથી કહું છું કે આવી દિલફરેબ સૂરત મેં જોઇ ન હતી."

અબુલવફા: "ભાઇ એને જોયા પછી કોઈ પવિત્ર રહેવાનો દાવો કરે તો તો હું તેનો ચેલો બની જાઉં. આવા અમુલ્ય રત્નને ગોદડીમાંથી બાહર કાઢવું એ તો આપ જેવા હુસ્ન શિનાસ સૌંદર્ય પરિક્ષકનું જ કામ છે!"

અબદુલલતીફ: "ગજબની ચતુર ચિત્તની છે. હજી આપને ત્યાંથી નિકળે તેને પાંચ છ મહીનાથી વધુ થયાં ન હશે પણ તેનું ગાનું સાંભળતાં તો અમે દંગજ રહી ગયા. આ શહેરમાં તો તેની જોડી નથી. કોઇના ગળામાં મુલાયમતા કે કોમળતા નથી."

અબુલવફા: "અરે જ્યાં જાઉં છું, ત્યાં એનીજ ચર્ચા સંભળાય છે. લોકો પર તો જાણે જાદુ થઇ ગયું છે. સાંભળ્યું છે શેઠ બલભદ્રદાસનું આવવું જવું શરૂ થઇ ગયું છે. ચાલો આજે આપ પણ પુરાણી મુલાકાત તાજી કરી આવો. આપની બરકતથી અમે પણ ફાયદો મેળવીશું."

અબદુલલતીફ: "અમે તો આપને ખેંચી લઇ જવાના. આ વખતે તો આપને અમારી મહેમાનદારી કરવી પડશે."

પંડતજી આ સમાચાર સાંભળી ખેદ, લજ્જા અને ગ્લાનિના બોજાથી એટલા દબાઇ ગયા, કે માથું પણ ઉપાડી ન શકયા. જે વાતનો તેમને ભય હતો તેજ આખરે સામે આવી ઉભી રહી. તેમનું દિલ થતું હતું કે એકાંતમાં બેસી આ દુર્ઘટના પર પૂરો વિચાર કરી નિશ્ચય પર આવે કે આનો કેટલો ભાર તેમને માથે છે. પણ આ લોકના દુરાગ્રહથી ખિન્ન બની તેઓ બોલ્યા: "મને માફ કરશો, હું ચાલી ન શકીશ."

અબુલવફા: "કાં"?

પંડિતજી: "આ કારણે કે એક સારા ઘરની સ્ત્રીને આ દશામાં જોવી એ મારાથી સહન થાય તેમ નથી. આપ લોક મનમાં જોઇએ તે સમજો, પણ તેનો મારાથી કેવલ એટલોજ સંબંધ છે કે તે મારી સ્ત્રી પાસે આવતી જતી હતી!"

અબદુલલતીફ: "મહેરબાન, આ પવિત્રતાઇની વાતો કોઇ બીજી વેળા માટે સંભાળી રાખો. અમે પણ એજ ગલીમાં ઉમર વીતાડી છે અને આ રમુજ સારી પેઠે સમજી શકીએ છિયે. ચાલો, આપની ભલામણથી અમારું ભલું થશે."

પંડિતજીથી હવે સબુરી ન થઇ શકી. અધીર થઇ બોલ્યા: "હું કહી ચુકયો છું કે હું ત્યાં નથી ચાલવાનો. મને ઉતરી જવા દેવો."

અબદુલવફા: "અને અમે પણ કહી ચૂકયા છિયે અમે જરૂરજ લઇ ચાલવાના. આપને અમારી ખાતર આટલી તકલીફ ઉપાડવીજ પડશે."

અબદુલલતીફે ઘોડાને એક ચાબક વધુ લગાડયો. તે ચારે પગે ઉપડયો. પંડિતજીએ ક્રોધથી કહ્યું: "આપ મારૂં અપમાન કરાવવા માંગો છો?"

અબદુલવફા: "મહેરબાન, કંઇ ખાતરબરદાસ્ત તો થવી જોઇએ. આ જરા વારમાં પહોંચી જઈશું. આ લ્યો ગલી આવી ગઇ."

પંડિતજી સમજી ગયા કે આ લોક આ સમયે મારી વિનંતીને કરગરવા પર ધ્યાન આપે તેમ નથી. સુમન પાસે જવા કરતાં કુવામાં પડવું તેઓ વધુ પસંદ કરતા હતા. તરતજ તેઓએ પોતાનું કર્તવ્ય નિશ્ચય કરી લીધું. તેઓ ઉઠી વેગથી ચાલતી ગાડી પરથી કુદી પડયા. જોકે તેઓએ પોતાને બહુ સંભાળવાનો યત્ન કર્યો, છતાં તેઓ લથડી જઇ નીચે પડયા. શરીરે પરસેવો ફરી વળ્યો. હાથની કોણીઓ પર સખત માર લાગ્યો. હાંફતા બેદમ થઈ ગયા. માથું ચકરાવા લાગ્યું. જમીનપર બેસી ગયા. અબદુલલતીફે ઘોડો થોભાવ્યો. દોડતા બન્ને જણ તેમની પાસે આવ્યા અને રૂમાલ કાઢી હવા કરવા લાગ્યા. આસરે પંદર મીનીટમાં પંડિતજી સચેત થયા. બન્ને જણ પસ્તાવા લાગ્યા, બહુજ લજ્જીત થયા અને પંડિતજીની માફી માગવા લાગ્યા. બહુ આગ્રહ કર્યો કે ગાડીમાં બેસાડી આપને ઘર પહોંચાડીયે પણ પંડિતજી તેમ કરવા રાજી ન થયા. તેમને ત્યાંજ મૂકી તેઓ ઉભા થઇ ગયા અને લંગડાતા લંગડાતા ઘર તરફ ચાલ્યા. પણ હવે સાવધાન થતાં તેમને અજાયબી લાગી કે હું ફેટીન પરથી કુદી કાં પડયો? જો હું એક વાર ખખડાવીને ગાડી થોભાવવા કહી દેતે તો કોની મગદૂર હતી કે ન થોભાવતે. અને જો તેમ કરતાંએ ન માનતે તો હું તેમના હાથમાંથી લગામ છિનવી શકતો હતો. પણ ઠીક જે બન્યું તે સારૂં. કયાં એ બન્ને જણ મને વાતોમાં ભોળવી સુમનના દરવાજા પર પહોંચાડી દેતે તો મહા પંચાતી થઇ પડતે. સુમનથી હું આંખ તે કેવી રીતે મેળવતે? કદાચિત હું ગાડીમાંથી ઉતરતાંજ ભાગતે,

ાના માફક બજારમાં દોડતે. ગૌનો વધ
ાં કદી હું જોઇ પણ શકું પણ સુમનને
દશામાં દેખી ન શકતે. મોટામાં મોટો
. સદૈવ કલ્પિતજ હોય છે. આ સમય
મના મનમાં વારંવાર આ પ્રશ્ન આવ્યા
તો કે આ દુર્ઘટનાનો જવાબદાર કોણ
ાય? તેમની વિવેચનશક્તિ પાછલી
તોની આલોચના કરી રહી હતી. જો મેં
ે ઘરમાંથી કાઢી ન મૂકી હતે તો આ હદે
પતન ન થતે. મારે ત્યાંથી નિકળી
ે કોઇ ઠામ ઠેકાણું ન રહેતાં તથા કંઇક
ર અને નિરાશ અવસ્થામાં આ નીચી હદે
રવા તે તૈયાર થઇ જણાય છે. આ સર્વ
પરાધ મારે માથે છે. પણ ગજાધર સુમનથી
ટલો આડો કાં થયો? તે કંઇ પરદાનશિન
રત ન હતી, મેળા જાત્રામાં તે આવતી
તી હતી. કેવલ એક દિવસ જરા મોડું
ાના કારણે તો ગજાધર તેને આવી ક્રૂર
ક્ષા ન કરતે. તે તેને ધમકાવતે, સંભવ છે
ચાર લપડાક પણ લગાવતે, સુમન રડવા
ગતાં ગજાધરનો ક્રોધ ઠંડો થઇ જતે, ને
મનને મનાવી લેતે, એટલે ઝગડો પતીએ
તે. પણ એમ તો કંઇ બન્યું નથી કારણ
ઠ્ઠલદાસે પહેલાંથીજ આગ લગાડી દીધી
ી. નિસ્સન્દેહ સર્વ અપરાધ તેનોજ છે.
પણ તો સુમનને તેના કારણેજ ઘરમાંથી
ઢી. તેણેજ તો આખા શહેરમાં બદનામ કરી
ને નિર્દય થવાની ફરજ પાડી. આ રીતે
ઠ્ઠલદાસ પર દોષારોપણ કરતાં પંડિતજીને
કુ કંઇ શાંતિ થઇ. આ ધારણાએ પશ્ચાતાપથી
આગ ઠંડી કરી દીધી, જે મહીનાઓ થયા
મના હૃદયમાં ભભકી રહી હતી. તેમને
ઠ્ઠલદાસને અપમાનિત કરવાનો એક પ્રસંગ
ડ્યો. ઘર પહોંચતાજ તેઓ વિઠ્ઠલદાસને
ક પત્ર લખવા બેઠા. કપડા ઉતારવાનીએ
દ્ધિ ન રહી.

"પ્રિય મહાશય,

તમને આ સાંભળી અસીમ આનંદ થશે
સુમન હવે દાલમંડીમાં એક બારી પર
ારાજમાન થઇ છે. તમને યાદ હશે કે
ાલીના દિવસે તે પોતાના પતિના ભયથી
ારે ઘેર ચાલી આવી હતી અને મેં પણ
ના પતિનો ક્રોધ શાંત થાય ત્યાં સુધી મારે
ાં તેને આશ્રય આપવાનું ઘટિત ધાર્યું.
ણ આની વચમાં મારા કેટલાક મિત્રોએ
ઓ મારા સ્વભાવથી સર્વદા અપરિચિત
ન હતા તેઓએ મારી ઉપેક્ષા તથા નિંદા
કરવી આરંભી. અહિં સુધી કે હું તે અભા-
ગણી અબલાને મારા ઘરમાંથી કાઢવાને
વિવશ થયો. અને અંતમાં એ પણ તે જ
પાપ કુંડમાં જઇ પડી, કે જેનો મને ભય હતો.
હવે આપને સારી પેઠે જ્ઞાત થઇ જશે કે આ
બુરા બનાવ માટે જવાબદાર કોણ છે અને
તેને આશ્રય આપવો એ ઉચિત હતું કે નહિં.

ભવદીય પદ્મસિંહ."

પ્રકરણ ૧૮ મું.

આખુ વિઠ્ઠલદાસ શહેરની સર્વ સાર્વજનિક સંસ્થાઓના પ્રાણ હતા. તેમની સહાયતા વિના કોઇ કાર્ય સિદ્ધ ન થઇ શકતું હતું. આ પુરૂષાર્થનું પુતળું આ ભારી બોજો પ્રસન્નચિત્તથી ઉપાડતું હતું. દબાઇ જતાં એ હિમ્મત હારતો ન હતો. ભોજન કરવાનો અવકાશ ન મળતો, ઘર બેસવાનું નસિબમાં ન થતું, સ્ત્રી તેમના સ્નેહ રહિત વ્યવહારની ફરિયાદ કર્યા કરતી, પણ વિઠ્ઠલદાસ જાતિ-સેવાની ધુનમાં પોતાના સુખ અને સ્વાર્થ ભૂલી ગયા હતા. ક્યાંક અનાથાલય માટે ફંડ ભેગું કરતા ફરતા, ક્યાંક દીન વિદ્યાર્થિઓની સ્કોલરશિપનો બંદોબસ્ત કરવામાં એકચિત્ત થઇ જતા. કોઇ પણ સંકટ આવી પડતાં તેમનો દેશપ્રેમ ઉભરી આવતો હતો. દુકાલના સમયે માથા પર લોટની થેલી લાધી ગામે ગામ ઘુમતા. કોલેરા અને પ્લેગના સમયમાં તેમનો આત્મસર્પણ અને વિલક્ષણત્યાગ જોઇ આશ્ચર્ય થતું હતું. હમણાજ થોડા વખત પર ગંગામાં રેલ આવી જતાં તેમણે મહીનાઓ સુધી ઘરના દર્શને કર્યાં ન હતાં. પોતાની સર્વ સમ્પત્તિ દેશને અર્પણ કરી ચૂક્યા હતા. છતાં તે માટે રજ માત્ર પણ અભિમાન તેમને ન હતો. વાકયશક્તિ પણ સાધારણ હતી. તેમના વિચારોમાં બહુ કરી પ્રૌઢતા, દુરદર્શિતાનો અભાવ જણાતો હતો. તે વિશેષ નીતિકુશલ, ચતુર કે બુદ્ધિમાન ન હતા. પણ તેમનામાં દેશ અનુરાગનો એવો ગુણ હતો જેણે તેમને તમામ શહેરમાં સર્વમાં સન્માનનિય બનાવી દીધા હતા.

વિઠ્ઠલદાસને પંડિતજીનો પત્ર વાંચતા તે તેમને જાણે કોઇએ એક લપડાક લગાવી હોય એવો જણાયો. તે પત્રમાં કેટલું વ્યંગ હતું તે તરફ તેમણે કંઇ પણ ધ્યાન ન આપ્યું. પોતાના

એક પરમ મિત્રને ભ્રમમાં પડી જઇ તેમણે કેટલો બદનામ કર્યો, તેનું પણ તેમને દુઃખ ન લાગ્યું. તેઓ વીતી ગયલી વાતો પર પસ્તાવું જાણતા ન હતા. આ સમય શું કરવું જોઇએ તે નક્કી કરવાની જરૂરી હતી અને તેમણે તરત તે નિશ્ચય પણ કરી લીધું. તેઓ આપદામાં પડે તેવા મનુષ્ય ન હતા. કપડાં પહેરી સીધા દાલમંડી જઇ પુગ્યા. સુમન-બાઇના મકાનનો પત્તો લગાડયો. બેધડક ઉપર ચઢી ગયા—જઇ દ્વાર ખખડાવ્યા. હિરિયાએ—જે સુમનની નાયકા હતી, કમાડ ખોલ્યાં.

નવ વાગી ગયા હતા. સુમનનો મુજરો હમણાજ સમાપ્ત થયો હતો. તે સુવા જતી હતી. વિઠ્ઠલદાસને જોતાંજ ચોંકી ઉઠી. તેણે તેમને અનેકવાર પંડિતજીના મકાન પર જોયા હતા. સંકોચાઇ ઉભી થઇ જઇ માથું નમાવી બોલી: "મહાશય, આપ અહિં તે કેમ ભુલા પડયા?"

વિઠ્ઠલદાસે સાવધાનીથી સૈત્રંજીપર બેસી જઇ કહ્યું: "ભુલો તો નથી પડયો પણ ખાસ જાણી બુજી આવ્યો છું. પણ જે વાતનો કોઇ રીતેએ વિશ્વાસ ન થતો હતો તે જ અહિં જોઇ રહ્યો છું. આજે જ્યારે પદ્મસિંહનો પત્ર મળ્યો ત્યારે જાણ્યું કે કોઇએ તેમને બનાવ્યા છે ને ખોટી ખબર આપી છે, પણ હવે મારી આંખોને તે કેવી રીતે ઠગું? જ્યારે અમારી પૂજ્ય બ્રાહ્મણ મહિલાઓ આવા કલંકિત માર્ગપર ચાલવા લાગી તો અમારા અધઃપતનનો હવે પારાવાર નથી રહેનાર. સુમન? તેં તો હિંદુ જાતિનું મસ્તક નીચું નમાવ્યું છે."

સુમને ગંભીર ભાવથી ઉત્તર આપ્યો: "આપ એમ સમજતા હશો. હમણાજ કેટલાંક સજ્જન અહિંથી મુજરો સાંભળી ગયા છે, સર્વ હિંદુ હતા પણ કોઇનુંએ મસ્તક નીચું નમેલું મને ન જણાયું. તેઓ મારે ત્યાં આવવાથી તો ઉલટા બહુ પ્રસન્ન હતા. વળી આ મંડીમાં હુંજ કંઇ એક બ્રાહ્મણી નથી. બે ચારના નામ તો હમણાજ હું લઇ શકું તેમ છે, જેઓ બહુ ઉંચા કુલની છે, પણ જ્યારે જ્ઞાતિમાં આપણો નિભાવ કોઇ રીતે પણ ન થતો જોયો તો વિવશ થઇ અહિં ચાલી આવી. જ્યારે ખુદ હિંદુ જાતિને લજ્જા જેવું નથી, તો પછી અમારા જેવી અબળાઓ તેની રક્ષા ક્યાં સુધી કરી શકવાની?"

વિઠ્ઠલદાસ: "સુમન, તું સાચું કહે છે, બેશક હિંદુ જાતિ અધોગતિએ પહોંચી છે, અને હમણા સુધીમાં તો તે ક્યારનીએ નષ્ટ થઇ ગઇ હતે, પણ હિંદુ સ્ત્રીયોએ હજી સુધી તેની મર્યાદાનું રક્ષણ કર્યું છે. તેમનાજ સત્ય અને સુકીર્તિએ તેને બચાવી છે. કેવલ હિંદુઓની લજ્જા જાળવવા લાખો સ્ત્રીયો આગમાં ભસ્મ થઇ ગઇ છે. આ એજ વિલક્ષણ ભુમિ છે જ્યાં સ્ત્રીયો નાના પ્રકારના કષ્ટ-ભોગ સહી, અપમાન અને નિરાદર સહી, પુરૂષોની અમાનુષીય ક્રુરતાઓને ચિત્તમાં ન આણી હિંદુ જાતિનું મુખ ઉજ્જવલ કરતી હતી. આ તો સાધારણ સ્ત્રિયોના ગુણ થયા અને બ્રાહ્મણિયો માટે તો પૂછવુંજ શું? પણ શોકની વાત છે, એજ દેવિયો આજે આ રીતે મર્યાદાનો ત્યાગ કરવા લાગી છે. સુમન હું કબુલ છું કે તને તારા ઘરમાં બહુ કષ્ટ હતું, આ પણ કબુલ્યું કે તારો પતિ દરિદ્ર હતો, ક્રોધી હતો, ચરિત્રહીન હતો, અને તેણે તને ઘરમાંથી કાઢી મૂકી, પણ બ્રાહ્મણી પોતાની જાતિ અને કુલના નામ ખાતર આ સર્વ દુઃખ સહી લે છે. આપત્તિઓ ઝીલવી અને દુરાવસ્થામાં સ્થિર રહેવું એજ સાચી બ્રાહ્મણિયોનો ધર્મ છે, પણ તેં તો નીચ જાતિની કુલટાઓ કરે છે, તેમ પતિથી રીસાતાં પિયર ત્યાગવું. અને પિયરમાં નિભાવ ન થતાં ચકલાનો માર્ગ લેવા, તેમ કર્યું છે. વિચારી જો ને, કેટલા ખેદની વાત છે કે જે અવસ્થામાં તારી લાખો બહેનો હસીખુશીમાં જીવન વ્યતિત કરી રહી છે, તેજ અવસ્થા તને આટલી અસહ્ય જણાઇ કે તેં લોકલાજ, કુલ મર્યાદાને લાત મારી આ કુપંથ ગ્રહણ કર્યો. શું તેં એવી સ્ત્રિયો નથી જોઇ જે તારાથી વિશેષ દીન-હીન, દરિદ્ર અને દુઃખી છે? પણ આવા કુવિચાર તેમની સમક્ષ આવવાએ નથી પામતા, નહિં તો આજ આ સ્વર્ગ—ભૂમિ નરક સમાન બની જતે. સુમન, તારાં આ કાર્યથી બ્રાહ્મણ જાતિનુંજ નહિં, સમસ્ત હિંદુ જાતિનું મસ્તક નીચે નમાવ્યું છે."

સુમનની આંખ સજલ થઇ આવી. લજ્જાથી માથું ઉપાડી ન શકી. વિઠ્ઠલદાસ ફરી બોલ્યા: "આમાં તો સંદેહ નથી કે અહિં તને ભોગવિલાસની પુષ્કળ સામગ્રિયો મળે છે, તું એક સરસ સુસજ્જિત ભવનમાં નિવાસ કરે છે, સુંદર નરમ ગાલિચા પર બેસે છે, ફૂલોની સેજ પર

સુવે છે, જાત જાતના પદાર્થ ખાય છે, પણ વિચાર તો ! તેં આ સામગ્રિયો કઇ કિમ્મતે ખરીદી છે? પોતાનાં માન મર્યાદા વેચીને. તારો કેટલો આદર હતો, લોક તારી પદ–રજ માથે ચડાવતા હતા, પણ આજ તને જોવું એ પાપ સમજવામાં આવે છે–"

સુમને વાત અટકાવી કહ્યું: "મહાશય, એ આપ શું બોલો છો? મારો તો અનુભવ છે કે જેટલો આદર મારો હમણા થાય છે તેનો શતાંશ પણ ત્યારે ન થતો હતો. એકવાર હું શેઠ ચિમનલાલના ઠાકોરદ્વારમાં ઝૂલો જોવા ગઇ હતી, આખી રાત બાહર ઉભી ભીંજતી હતી, કોઇએ અંદર ન જવા દીધી, પણ ગઇ કાલ એજ ઠાકોરદ્વારમાં મારૂં ગાણુ હતું તો જાણે એમ જણાતું હતું કે મારાં ચરણોથી તે મંદિર પવિત્ર થઇ ગયું."

વિઠ્ઠલદાસ: "પણ તેં આ પણ વિચાર્યું કે તેઓ કેવા આચરણના લોકો છે?"

સુમન: "તેમના આચરણ ભલે જોઇએ તેવાં હોયને પણ તેઓ તો કાશીની હિંદુ સમાજના નેતા અવશ્ય છે. અને તેઓજ એકલાની ક્યાં ગણત્રી છે, હું પ્રાતઃકાલથી સંધ્યા સુધી હજારો મનુષ્યોને એજ રસ્તે આવતા જતા જોઉં છું. ભણેલા કે અભણ, મૂર્ખ વિદ્વાન, ધનવાન ગરીબ, સર્વ નજરે પડે છે, પણ સર્વને મારી તરફ ખૂલ્લે કે છૂપીને દૃષ્ટી કરતાં જોઉં છું. એમાં કોઇ એવો નથી જણાયો જે મારી કૃપા દૃષ્ટી પર હર્ષથી મતવાલો ન બની જાય. એને આપ શું કહેશો? સંભવ છે શહેરમાં બે ચાર મનુષ્ય એવાંએ હશે જે મારો તિરસ્કાર કરતા હોય, તેમાંના એક તો આપ છો, તેઓમાં આપના મિત્ર પદ્મસિંહ છે, પણ જ્યારે સર્વ સંસાર મારો આદર કરે છે તો આ ગણ્યા ગાંઠયા મનુષ્યોના તિરસ્કારની મારે શું પરવાહ છે? પદ્મસિંહને પણ જે ચીઢ છે તે મારાથી છે, મારાજ ધંધાવાળીઓથી નથી. મેં આજ આંખોએ તેમને હોલીના દિને ભોલીથી હસતાં જોયા હતા."

વિઠ્ઠલદાસને કોઇ ઉત્તર ન સુઝયો. બુરી રીતે ફસાયા હતા. સુમને ફરી કહ્યું: "આપ વિચારતા હશો કે હું ભોગવિલાસની લાલસાથી આ કુમાર્ગે ચઢી, પણ વાસ્તવમાં એવું પણ નથી. હું એવી આંધળી નથી કે ભલું બુરૂં પિછાની ન શકું. હું જાણું છું કે મેં અત્યંત નઠારૂં કામ કર્યું છે, પણ હું વિવશ હતી, એ સિવાય મારા માટે બીજો કોઇ રસ્તો રહ્યો ન હતો. આપ જો સાંભળો તો હું મારી કર્મકથા સંભળાવું. એટલું તો આપ જાણોજ છો કે સંસારમાં સર્વની પ્રકૃતિ એક સરખી નથી હોતી, કોઇ પોતાને થયેલું અપમાન સહી શકે છે, કોઈ નથી સહી શકતું. હું એક ઉંચા કુલની છોકરી છું, પિતાની નાદાનીથી મારા વિવાહ એક દરિદ્ર મૂર્ખ મનુષ્ય સાથે થયાં, પણ દરિદ્ર હોતાંએ મારાથી મને થતું અપમાન સહિ ન શકાતું હતું. જેમનો નિરાદર થવો જોઇએ તેમનો આદર થતો જોઇ મારા હૃદયમાં કુવાસનાઓ ઉત્પન્ન થવા લાગી. પણ હું આ આગથી મનમાંજ બળ્યા કરતી હતી. કદી પોતાના ભાવ કોઇ પાસે પ્રકટ ન કરતી. સંભવ હતો કે કાલાન્તરે આ અગ્નિ આપોઆપ શાન્ત થઇ જતે, પણ પદ્મસિંહની બળત્રાથી આ અગ્નિએ ભડકો લીધો. આ પછી મારી જ દુર્ગતિ થઇ તે આપ જાણો છો. પદ્મસિંહના ઘરમાંથી નિકળી હું ભોલીબાઇના શરણે ગઇ પણ એ દશામાં પણ આ કુમાર્ગથી તો ભાગતી જ રહી છું. મેં બહુ ચાહ્યું કે કપડાં સીવી મારૂં ગુજરાન કરૂં પણ, દુષ્ટોએ મને એટલે દરજ્જે હેરાન કરી કે અંતે મને એજ કુવામાં કુદવું પડયું. જો કે આ કાજલની કોટડીમાં જઇ પવિત્ર રહેવું અત્યંત કઠિણ છે પણ મેં આ પ્રતિજ્ઞા કરી લીધી છે કે પોતાના સત્યની રક્ષા કરીશ, અને જો ઇશ્વરે ચાહ્યું તો હું મારૂં આ પણ પૂરૂં કરીશ. હું ગાઇશ નાચીશ પણ પોતાને ભ્રષ્ટ તો ન જ થવા દઇશ."

વિઠ્ઠલ: "તારૂં અહિં બેસવું એજ તને ભ્રષ્ટ કરવા માટે પૂરતું છે."

સુમન: "ત્યારે હું બીજું તે શું કહી શકું? આપ જ મને બતાવો, મારે માટે સુખથી જીવન વિતાડવાનો કયો ઉપાય છે?"

વિઠ્ઠલ: "અગર તારી આ આશા છે કે અહિં સુખથી જીવન વિતશે તો તેમાં તારી મોટી ભુલ છે. જો હમણા નહિ તો થોડાજ દિવસમાં તને ખબર પડી જશે કે અહિં સુખ નથી. સુખ સંતોષથી પ્રાપ્ત થાય છે, વિલાસથી કદી સુખ પ્રાપ્ત થઇ નથી શકતું."

સુમન: "સુખ નહીં તો નહીં પણ અહિં મારો આદર તો છે, હું કોઇની ગુલામ તો નથી!"

વિઠ્ઠલ: "આ પણુ તારી ભૂલ છે. તું અહિં ભલે બીજા કોઇનીએ ગુલામ ન હોય પણુ પોતાની ઇંદ્રિયોની તો ગુલામ છેજ. ઇંદ્રિયોની ગુલામી તે પરાધીનતાથી વધુ દુ:ખદાયી હોય છે. અહિં તને નથી સુખ મળનાર કે ન આદર મળવાનો. હા, થોડા દિવસ ભોગવિલાસ કરી લઇશ. પણુ અંતમાં એથીએ હાથ ધોવા પડવાના. વિચાર તો ખરી! થોડા દિવસ સુધી ઇંદ્રિયોના સુખ માટે તું પોતાના આત્મા અને સમાજ પર કેટલો મોટો અન્યાય કરે છે!"

સુમને આજ સુધી કોઇ પાસેથી આવી વાતો સુણી ન હતી. તે ઇંદ્રીયોના સુખ અને પોતાના આદરમાનને જીવનનો મુખ્ય ઉદ્દેશ સમજતી આવી હતી. તેને આજે ખબર પડી કે સુખ સંતોષથી પ્રાપ્ત થાય છે અને આદર સેવાથી.

તેણે કહ્યું: "હું સુખ અને આદર બંને તજી દઉં પણુ જીવન નિર્વાહ તો કોઇ ઉપાયે કરવો જોઇએ."

વિઠ્ઠલદાસ: "જો ઇશ્વર તને સદબુદ્ધિ આપે તો સામાન્ય રીતે જીવન નિર્વાહ કરવા માટે તને દાલમંડીમાં બેસવાની જરૂરી નથી. તારા જીવન નિર્વાહ માટે આજ એકલો ઉપાય નથી. એવા ઘણા ધંધા છે જે તું પોતાના ઘરમાં બેસી કરી શકે છે."

સુમનનું મન હવે કંઇ બહાનું શોધવા પર મંડયું. વિઠ્ઠલદાસના સદુત્સાહે તેને વશીભુત કરી લીધી હતી. સાચા માણુસને દગો દઇ શકાતો નથી. તેની સચ્ચાઇ આપણા હૃદયમાં ઉચ્ચ ભાવોને જાગૃત કરી દે છે. તેણે કહ્યું: "મને પોતાને અહિં બેસતાં લજ્જા આવે છે. બતાવો આપ મારા માટે શું બંદોબસ્ત કરી શકો છો. હું ગાવામાં નિપુણુ છું. ગાણું શિખવવાનું કામ કરી શકું છું."

વિઠ્ઠલદાસ: "એવી તો કોઇ પાઠશાળા અહિં નથી."

સુમન: "મેં કંઇ વિદ્યાભ્યાસ પણુ કર્યો છે. કન્યાઓને સારી રીતે ભણાવી શકું તેમ છું."

વિઠ્ઠલદાસે ચિંતિત ભાવથી ઉત્તર આપ્યો: "કન્યા પાઠશાળાઓ તો બહુએ છે, પણુ તને લોક સ્વીકારશે કે કેમ એનો સંદેહ છે."

સુમન: "ત્યારે આપ મને હવે શું કરવાનું કહો છો.? કોઇ એવો હિંદુ જાતિનો પ્રેમી છે જે મારા ગુજરાન માટે ૫૦ રૂપિયા માસિક દેવા રાજી થાય?"

વિઠ્ઠલદાસ: "એજ તો મુશ્કેલ છે ને?"

સુમન: "તો શું આપ મારી પાસેથી ઘંટી દળાવવાનો વિચાર રાખો છો? એવી સંતોષી તો હું નથી."

વિઠ્ઠલ: (ચમકીને) "વિધવા આશ્રમમાં રહેવું કબુલે તો તેનો બંદોબસ્ત થઇ શકે તેમ છે."

સુમન: (વિચારી) "મને એ પણુ કબુલ છે, પણુ ત્યાં સ્ત્રિયોને મારા સંબંધી વાતો કરતાં જોઇશ તો પળવાર નથી થોભવાની."

વિઠ્ઠલદાસ: "એજ આડી વાત છે ને! હું તે કોની કોની જીભે આડા હાથ દઉં? વળી મારા ધ્યાન પ્રમાણે આશ્રમવાળા તને લેવા પણુ રાજી ન થશે."

સુમને તાણાથી કહ્યું: "તો જ્યારે આપની હિંદુ જાતિ આટલી હૃદયશૂન્ય છે ત્યારે હું તેની મર્યાદાપાલન માટે કાં કષ્ટ ભોગવું, કાં મારા જાનનો ભોગ આપું? જ્યારે આપ મને પોતાની કરી લેવા માટે જાતિને પ્રેરિત નથી કરી શકતા, ત્યારે જાતિ પોતે લજ્જાહીન છે તો તેમાં મારો શો દોષ? હું આપને એક બીજી વિનંતી કરીશ. જો આપ તે પૂરી ન કરી શકશો તો પછી હું આપને વિશેષ કષ્ટ ન આપીશ. આપ પંડીત પદમસિંહને ફક્ત એક કલાક માટે મારી પાસે તેડી લાવો, હું તેમને એકાંતમાં કંઇ કહેવા માંગું છું. તે જ ઘડીએ હું અહિંથી ચાલી જઇશ. હું ફક્ત એટલુંજ જોવા ઇચ્છું છું કે જેમને આપ જ્ઞાતિના નેતા કહો છો તેમની દૃષ્ટિમાં મારા પશ્ચાતાપની કેટલી કિમ્મત છે."

વિઠ્ઠલદાસ ખુશ થઇ જઇ બોલ્યા: "હા, આ હું કરી શકું તેમ છે, બોલો કયે દિવસે?"

સુમન: "જ્યારે આપની મરજીમાં આવે ત્યારે."

વિઠ્ઠલદાસ: "ફરી તો ન જઇશ."

સુમન: "હજી એટલી નીચ નથી બની."

પ્રકરણ ૧૯ મું.

મહાશય વિઠ્ઠલદાસ આ સમય એવા ખુશ હતા જાણે તેમને કોઇ સંપત્તી મળી ગઇ હોય. તેમને વિશ્વાસ હતો કે પદમસિંહ આટલી સહેજ તકલીફથી મોં ન ફેરવશે, ફક્ત તેમની પાસે જવા જેટલી બોડી છે. વિઠ્ઠલદાસ હોળીની થોડા દિવસ પહેલાંથી પંડિતજી પાસે ગયા ન હતા. યથાશક્તિ

તેમની નિંદા કરવામાંએ કંઇ બાકી રાખી ન હતી, જે માટે હાલ તે મનમાં લજ્જિત હતા, તો પણ પંડિતજી પાસે જવામાં તેમને જતાં જરાએ સંકોચ ન થયો. તેમના ઘર તરફ ચાલ્યા. રાતના દસ વાગી ગયાં હતા. આકાશમાં વાદલ ઘેરાયા હતા અને ઘોર અંધકાર છવાઇ ગયું હતું. પણ રાગરંગનો બજાર પૂર રોનક પર હતો. અટારિયો પરથી પ્રકાશના કિરણો પ્રસરી રહ્યાં હતાં. કયાં સુરીલી તાનો સંભળાતી હતી, કયાં મધુર હાસ્ય ધ્વનિ, કયાં હસવા રમવાની વાતો થતી હતી. ચારે તરફ વિષયવાસના પોતાના નગ્નરૂપમાં દેખા દઇ રહી હતી. દાલમંડીથી નીકળતાં વિઠ્ઠલદાસને એવું લાગ્યું જાણે તે કોઇ નિર્જન સ્થાનમાં આવી પડયો છે. વિઠ્ઠલદાસને જેવો કોઇ પરિચિત મનુષ્ય મળતા તે તેને પોતાને મળેલી સફલતાની ખબર સંભળાવતા: "આપ કંઇ જાણો છો, કયાંથી આવું છું? સુમન બાઇની સેવામાં ગયો હતો. એવો મંત્ર ફૂંકયો છે કે માથું ન ઉપાડી શકી, વિધવા આશ્રમમાં જવા તૈયાર છે. કામ કરવાવાળા આમ કામ કરી બતાવે છે."

પદ્મસિંહ બિછાનામાં લેટેલા નિંદ્રાદેવીની આરાધના કરી રહ્યા હતા એટલામાં વિઠ્ઠલદાસે આવી બુમ પાડી. જીતન પોતાની કોટડીમાં બેઠા બેઠા આખા દિવસના કામનો હિસાબ કરી રહ્યો હતો. તેના કાને અવાજ ગયો. બહુ ચપલાઇથી તેણે હિસાબ એક કોરે મૂકી જવાબ દીધો: "કોણ છે?"

વિઠ્ઠલદાસે કહ્યું: "અરે એ તો હું છું. પંડિતજી સુઇ ગયા કે? જરા અંદર જઇ તેમને જગાડ તો. મારૂં નામ લેજે, કહેજે બાહર ઉભા છે, બહુ જરૂરતું કામ છે, જરા નીચે આવે."

જીતને કમાડ ખોલી પંડિતજીને ખબર કહી. તેઓ સમજી ગયા કે જરૂર કંઇ નવા સમાચાર હશે ત્યારેજ તે આ રીતે રાતના આવ્યા છે. તરત બાહર નીકળી આવ્યા.

વિઠ્ઠલ: "આવો આવો, મેં આપને બહુ તસ્દી આપી. ક્ષમા કરશો. કંઇ સમજ્યા, કયાંથી ચાલ્યો આવું છું? સુમનબાઇ પાસે ગયો હતો. આપનો પત્ર મળતાંજ ત્યાં દોડયો કે બની શકે તો તેને સીધા માર્ગ પર લાવું. એમાં એની બદનામી નથી, તમામ જ્ઞાતિની બદનામી છે. ત્યાં પહોંચતાં તેનો ઠાઠ જોઇનેજ દંગ થઈ ગયો. તે ભોળીબાઇ તો હવે દાલમંડીની રાણી બની ગઇ છે. ખબર નથી, આટલા થોડા સમયમાં તે આટલી ચતુર તે કેવી રીતે બની ગઈ. થોડી વાર તો ચુપચાપ મારી વાતો તેણે સાંભળ્યા કરી, પણ પછી રડવું શરૂ કર્યું. મેં ધાર્યું કે લોહ હાલમાં લાલચોળ છે, બે ચાર વધુ ફટકા લગાડયા કે આવી ગઇ પંજામાં. પહેલાં તો વિધવાશ્રમનું નામ સાંભળતાંજ ગભરાઇ; કહેવા લાગી મને ૫૦ રૂપિયા મહીનો ગુજરાન માટે અપાવો. પણ આપ તો જાણો છો કે અહિં ૫૦ આપવાવાળું કોઇએ નથી. મેં હાકાર ન પૂર્યો: અંતમાં બહુ કહેતાં સમજાવતાં એક શરત પર રાજી થઇ. તે શરત પૂરી કરવી એ આપનું કામ છે."

પદ્મસિંહે વિસ્મિત થઇ વિઠ્ઠલદાસની તરફ જોયું.

વિઠ્ઠલદાસ: "ગભરાતા ના, બહુ સીધી શરત છે, બસ એજ કે આપ જરા વાર માટે તેને ત્યાં જાઓ, તે આપને કંઇ કહેવા માગે છે. મને આની તો ખાત્રી હતી કે આ વાતમાં આપને કંઇ હરકત નથી આવવાની એટલે મેં એ શરત મંજુર કરી લીધી છે. ત્યારે હવે કહો કયારે ચાલવું છે? મારા ધારવા પ્રમાણે તો સવારનાજ ચાલો."

પણ પદ્મસિંહ વિચારશીલ મનુષ્ય હતા. તેઓ બહુ વાર સુધી વિચાર્યા વિના કોઇ વાતનો ફેંસલો કરતા ન હતા. વિચારવા લાગ્યા, આ શરતની શું મતલબ છે? તેમને તે વળી શું કહેવા ઇચ્છે છે? શું એ વાત કાગળ પત્રથી થઇ ન શકે? એમાં કઇં ને કઇં ભેદ અવશ્ય છે. આજે અબુલવફાએ ફેટીન પરથી પડી જવાની સર્વ વાત જરૂર એને કહી હશે. તેણે વિચાર્યું હશે કે આ મહાશય આમ નથી આવતા તો આ રીતે આવવાના. કેવલ મને નીચો પાડવા માગે છે. ઠીક અગર હું જાઉં પણ, છતાં પાછળથી જો તે પોતાનું વચન ન પાળે તો શું થાય? આ યુક્તિ તેમને પોતાનો જાન છોડવવા ઠીક જણાઇ, બોલ્યા: "વારૂં, જો તે પોતાના વચનથી ફરી જાય તો?"

વિઠ્ઠલ: "ફરી તે શું જશે, એમ નથી બનવાનું!"

પદ્મસિંહ: "હા, એમ થવું અસંભવ નથી."

વિઠ્ઠલ: "તો શું આપ કોઇ પ્રતિજ્ઞા પત્ર લખાવવા માગો છો?"

પદ્મસિંહ: "ના, મને એજ સંદેહ છે કે તે આ સુખવિલાસ મુકી દઇ આશ્રમમાં જવા કાં ચાહે છે અને આશ્રમવાળા તેને લેવાનું સ્વીકારશે કે કેમ?"

વિઠ્ઠલ: "આશ્રમવાળાઓને સમજાવવા એ મારૂં કામ છે. ન માનશે તો હું તેના નિર્વાહનો બીજો કંઇ બંદોબસ્ત કરીશ. છતાં જો એ પોતાના વચનને મિથ્યાએ કરે, તો તેમાં આપણું તે શું બગડવાનું છે? આપણું જે કંઇ કર્તવ્ય છે તે તો પૂરૂં થશે."

પદ્મસિંહ: "હા, એટલો સંતોષ ભલે થાય. પણ જોજો તે જરૂર દગો દેવાની."

વિઠ્ઠલદાસ અધીર બની ગયા, છછણી ઉઠી બોલ્યા: "જો દગોએ દીધો તો તમને તે તેમાં શું ખોટ આવવાની છે?"

પદ્મસિંહ: "આપની પાસે ભલે મારી કંઇ કિમ્મત ન હોય પણ હું મને પોતાને એટલો તુચ્છ નથી સમજતો."

વિઠ્ઠલ: "સારાંશ તો એજ કે આપ નથી જવાના?"

પદ્મસિંહ: "મારા જવામાં કંઇ લાભ નથી. હા, જો મારૂં અપમાનજ કરાવવું હોય તો બીજી વાત છે."

વિઠ્ઠલ: "કેટલા ખેદની વાત છે કે આપ એક જ્ઞાતિના કાર્ય માટે આટલા ચુંથણા પાડો છો! અફસોસ! આપ આંખોથી જુઓ છો કે એક હિંદુ જાતિની સ્ત્રી કુવામાં પડી ગયેલી છે, અને આપ તે જ જાતિના એક વિચારવાન પુરૂષ થઇ તેને બહાર કાઢવા માટે આવા હિલા બહાના કર્યા કરો છો. બસ જોઇ લીધું, આપ તો એજ કામના છો કે મૂર્ખ ખેડુતો અને જમીનદારોનું રક્ત ચુસ્યા કરો, આપથી બીજું કંઇ નથી બનનાર."

પંડિતજીએ આ તિરસ્કારનો કંઇએ ઉત્તર ન વાળ્યો. તેઓ મનમાં પોતાની અશક્યતા પર સ્વયં લજ્જિત હતા અને પોતાને આ તિરસ્કારના હકદાર સમજતા હતા. પણ એક આવા પુરૂષના મ્હોંમાંથી આ વાત તેમને અપ્રિય જણાઇ, જે પોતેજ તમામ બૂરાઇઓનું મૂળ હતો. તેઓ બહુ મુશ્કેલીએ પ્રત્યુત્તર આપવાના વેગને રોકી શક્યા. ખરેખર રીતે તો તેઓ સુમનની રક્ષા કરવા ચાહતા હતા, પણ ગુપ્ત રીતે. બોલ્યા: "એ ઉપરાંત તેની બીજી પણ કંઇ શરત છે કે?"

વિઠ્ઠલ: "જી, હા, છે ખરી, પણ આપમાં તે પૂરી કરવાનું સામર્થ્ય છે? તે ગુજરાન માટે ૫૦ રૂપિયા માસિક માગે છે, આપ આપી શકવાના?"

પંડિતજી: "૫૦ તો નહિં પણ ૨૦ આપવા તૈયાર છું."

વિઠ્ઠલ: "પંડિતજી, વાતોના તડાકા ન મારો. એક જરા જેટલું કષ્ટ તો આપથી ઉપડતું નથી, આપ ૨૦ માસિક આપવાના?"

પંડિતજી: "હું તમને વચન આપું છું કે ૨૦ માસિક આપ્યા કરીશ. અને જો મારી આવક કંઇ પણ વધી તો પૂરી રકમ આપી દઇશ. હા, આ સમયે વિવશ છું. આ ૨૦ પણ ઘોડાગાડી વેચતાં બચી શકશે. ખબર નથી કાં હાલમાં મારી ગ્રાહકી ઓછી થઇ ગઇ છે?"

વિઠ્ઠલ: "ઠીક, આપે ૨૦ આપી દીધા તો બાકીના ક્યાંથીએ આવશે. બીજાઓની સ્થિતિ તો આપ જાણો છો. આશ્રમનો ફાળો પણ કઠણાઇથી વસૂલ થાય છે. હું જાઉં છું. યથાશક્તિ પ્રયત્ન કરીશ, પણ જો કાર્યસીદ્ધિ ન થઇ તો સર્વ દોષ આપને શીર છે."

પ્રકરણ ૨૦ મું.

સંધ્યા સમય હતો. સદન પોતાના ઘોડાપર સવાર થઇ દાલમંડીમાં બન્ને તરફના ઝરૂખા અને બારિયો તરફ તાકતો ચાલ્યો જતો હતો. જ્યારથી સુમન અહિં આવી છે, સદન તેના ઝરૂખા સામે કોઇ ને કોઇ બહાનાથી જરા વાર માટે અવશ્ય થોભતો. આ નવકુસુમે તેની પ્રેમલાલસાને એવી ઉત્તેજીત કરી દીધી હતી કે હવે તેને કાંઇ પણ ચેન નથી પડતું, તેના રૂપ લાવણ્યમાં એક પ્રકારની મનોહારિણી સરલતા છે જે તેના હૃદયને જબરીથી પોતા તરફ ખેંચે છે. તે આ સરલ સૌન્દર્ય મૂર્તિને પોતાનો પ્રેમ અર્પણ કરવાંનો પરમાભિલાષી છે પણ તેને આ માટે કોઇ સુઅવસર નથી મળતો. સુમનને ત્યાં રસિકોનો નિત્ય જમાવ થતો હતો.

સદનને આ ભય જણાતો હતો કે આમાં કોઈ મારા કાકાના જાણુપિછાનના ન હોય! એ કારણે તેને ઉપર જવાનો સાહસ થતો ન હતો. પોતાની પ્રબલ આકાંક્ષાઓ હૃદયમાં છુપાવી તે નિત્ય આ રીતે નિરાશ થઈ પાછો વળી જતો હતો. પણ આજ તેણે સુમન સમક્ષ જવાનો નક્કી નિશ્ચય કર્યો છે, પછી જોઇએ તેટલી વાર લાગે. વિરહનો દાહ હવે તેનાથી

નથી સહી શકાતો. તે સુમનના ઝરૂખા સામે આવી પહોંચ્યો. શ્યામ–કલ્યાણનો મધુર ધ્વનિ આવી રહ્યો હતો. આગળ વધ્યો અને બે કલાક સુધી પાર્ક અને મેદાનમાં ચક્કર લગાવી નવ વાગે પાછો દાલમંડી તરફ ચાલ્યો. અશ્વીન માસના ચંદ્રના ઉજ્જવલ કિરણો દાલમંડીની ઉંચી અગાસીઓ પર રૂપેરી ચાદર જેવા પ્રસરી રહ્યા હતા. તે પાછો સુમનના ઝરૂખા સામે આવી થોભ્યો. સંગીતનો ધ્વનિ બંધ રહ્યો, કંઇ બોલચાલ ન સંભળાઇ. નિશ્ચય થઇ ગયો કે કોઇ નથી. તે ઘોડા પરથી ઉતર્યો, તેને નીચેની દુકાનના એક થાંભલા સાથે બાંધ્યો અને સુમનના દ્વાર પર જઇ ઉભો રહી ગયો. તેનો શ્વાસ બહુ વેગથી ચાલતો હતો અને છાતી જોરથી ધડકી રહી હતી.

સુમનનો મુજરો હમણાજ સમાપ્ત થયો હતો, અને તેના મન પર એવી શિથિલતા છવાઇ રહી હતી કે જે ધનઘોર તોફાન પછીની શાંતિ સમાન આમોદ પ્રમોદને પ્રતિકૂલ રૂપે હોય છે. એ એક પ્રકારની ચેતવણી હોય છે જે આત્માના ભોગવિલાસમાં લિપ્ત મનનેજ મળે છે. આ દશામાં આપણું અંતઃકરણ પુરાણી સ્મૃતિયોનો ક્રીડાક્ષેત્ર બની જાય છે. થોડા વખત માટે આપણા જ્ઞાનચક્ષુ ખુલી જાય છે અને આપણે વિચારસાગરમાં મગ્ન થઇ જઇએ છિયે. સુમનનું ધ્યાન આ સમયે સુભદ્રાની તરફ લાગી રહ્યું હતું. તે મનમાં તેની સાથે પોતાની તુલના કરી રહી હતી. જે શાન્તીમય સુખ તેને પ્રાપ્ત છે શું તે મને પણ મળી શકે? અસંભવ! આ તૃષ્ણાસાગર છે, અહિં શાન્તી સુખ તે ક્યાં? જ્યારે પદ્મસિંહનો કોર્ટમાંથી આવવાનો સમય થતો ત્યારે સુભદ્રા કેવી ઉલ્લાસમાં આવી જઇ પાનના બીડાં તૈયાર કરતી; ને ખાવાને ઉપહાર સામગ્રી બનાવતી. જ્યારે તે ઘરમાં આવતા ત્યારે તે કેવી પ્રેમ–વિહ્વલ બની તેને મળવા દોડતી હતી. આહ! મેં તેમનું પ્રેમાલિંગન પણ જોયું છે, કેટલું ભાવમય, કેટલું ઐક્ય હૃદયથી! મને તે આ સુખ ક્યાં? અહિં તો અંધા આવે છે કે વાતોના વીર. કોઇ પોતાના ધનની જાળ બિછાવે છે, કોઇ પોતાની ચીકણી વાતો કરે છે. તેમના હૃદયભાવ શૂન્ય, શુષ્ક અને ઓછાપણાથી ભર્યા હોય છે.

એટલામાં સદને ઓરડામાં પ્રવેશ કર્યો. સુમન ચોંકી ઉઠી. તેણે સદનને ઘણી વાર જોયો હતો. તેનો ચહેરો તેને પદ્મસિંહથી મળતો આવતો જણાતો હતો. ફક્ત તેમાંની ગંભીરતાને બદલે આમાં ઉદ્વેગતા ઝલકતી હતી. તે માંછકાકલાંપણું, તે ક્ષુદ્રતા જે આ માયાનગરના પ્રેમિયોમાં મુખ્ય લક્ષણ છે, તે ત્યાં નામ માત્ર માટે ન હતાં. તે સીધો સાધો, સહજ સુભાવનો સરલ નવયુવક જણાતો હતો. સુમને આજે તેને ઝરૂખાઓ તાકતા જોયો હતો. તે સમજી ગઇ હતી કે કબુતર કોઇ છાપરા પર બેસવા ચાહે છે. આજ તેને પોતાને ત્યાં જોઇ તેને તે ગર્વપૂર્ણ આનંદ થયો કે જે માત્ર અખાડામાં કુસ્તી જીતનાર પહેલવાનને થાય છે. તેણે ઉઠી સ્મિત કરી સદન તરફ હાથ લંબાવ્યો.

સદનનું મુખમંડળ લજ્જાથી અરૂણવર્ણ બની ગયું. આંખો ઝુકી ગઇ. તે પર એક રોઆબ જેવું છવાઇ ગયું. મુખથી એક શબ્દ સરખોએ ન નિકળ્યો.

જેણે કદી મદિરાનું સેવન ન કર્યું હોય તે મદલાલસા હોતાંએ તેને મ્હોંથી લગાડતાં અચકાય છે.

હમણા સુધી સદને સુમનબાઇને પોતાનો પૂરો પરિચય ન આપ્યો; તેને તેણે પોતાનું નામ કુંવર સદનસિંહ બતાવ્યું. પણ તેનો ભેદ બહુ દિવસ છુપો ન રહી શક્યો. સુમને હિરિયા દાસી મારફતે તેનો પત્તો પૂરેપૂરો લગાડી લીધો હતો ત્યારથી તે જબરી મુંઝવણમાં પડી હતી. સદનને જોયા વિના તેને ચેન નહિં પડતું. તેનું હૃદય દિવસે દિવસે તેની તરફ ખેંચાયું જતું હતું. તેનું ત્યાં જવું થતાં સુમનને ત્યાં કોઇ મોટામાં મોટા રઇસનો પત્તો લાગવોએ મુશ્કેલ હતો. પણ તે આ પ્રેમને અનુચિત અને નિષિદ્ધ સમજતી હતી; તેને છુપાવતી હતી. તેની કલ્પના કોઇ અવ્યક્ત કારણે, પ્રેમલાલસાને ભીષણ વિશ્વાસ-ઘાત લેખતી હતી. ક્યાં પદ્મસિંહ અને સુભદ્રાને ખબર પડી જતાં તેઓ મારે માટે શું ધારશે? તેમને કેટલું દુઃખ થશે? હું તેમની નજરમાં કેટલી નીચ અને ઘૃણિત થઇ પડીશ? જ્યારે પણ સદન પ્રેમ રહસ્યની વાતો કરવા લાગતા સુમન વાતને પલટી નાખતી, જ્યારે પણ સદનની આંગળિયો મસ્તી કરવા ચાહતી તો તે લજ્જાયુક્ત નેત્રોથી જોઇ ધીરેથી તેનો હાથ હટાવી દેતી. સાથે સાથે તે સદનને તે પોતાને ત્યાં ભેળવી–ફસાવી રાખવા પણ ઇચ્છતી હતી. આ પ્રેમકલ્પનાથી

તેને જે આનંદ મળતો તે ત્યાગવા એ અસમર્થ હતી.

પણ સદન તેના મનોભાવોથી અનભિજ્ઞ હોવાના કારણે પ્રેમશિથિલતાને પોતાની ધનહીનતા પર અવલમ્બિત સમજતો હતો. તેનું નિષ્કપટ હૃદય પ્રગાઢ પ્રેમમાં મગ્ન થઇ ગયું હતું. સુમન તેના જીવનનો આધાર બની ગઇ હતી. પણ વિચિત્રતા તો એ હતી કે પ્રેમલાલસા આટલી પ્રબળ હોતાંએ તે પોતાની કુવાસનાઓને દબાવતો હતો. તેની અકડાઇ લુપ્ત થઇ ગઇ હતી. જે સુમનને પસંદ હોય તે જ તે કરવા ચાહતો હતો. કામાતુરતા કે જે કલુષિત પ્રેમમાં વ્યાપ્ત હોય છે તે સાચા અનુરાગને આધીન થઇ સહૃદયતામાં પરિવર્તિત થઇ ગઇ હતી. પણ સુમનની અનિચ્છા દિવસે દિવસે વધતી જોઇ તેણે પોતાના મનમાં ધાર્યું કે પવિત્ર પ્રેમની કદર અહિં નહિં થઇ શકવાની. અહિંના દેવતા ઉપાસનાથી નહિ પણ ભેટથી પ્રસન્ન થાય છે. પણ ભેટ માટે રૂપિયા કયાંથી લાવવા? માગવા તે કોની પાસેથી? નિદાન તેણે પોતાના પિતાને એક પત્ર લખ્યો કે અહિં મારા ભોજનનો સારો બંદોબસ્ત નથી અને કાકાજીને લજ્જાવશ કંઇ કહી નથી શકતો, મને થોડા રૂપિયા મોકલી આપશો.

ઘેર આ પત્ર પહોંચતા ભામાએ પતિને તાણા મારવા શરૂ કર્યા: "એ જ ભાઇનો તમને એટલો બધો ભરોસો હતો કે ગર્વથી ધરતી પર પગ મૂકતા ન હતા. હવે તો ગર્વ તૂટયો કે નહિં? તે પણ કાકાજી પર બહુ લોભાયો હતો, હવે આંખો ખુલી હશે. આ યુગમાં ભલાઇ કોઇને યાદ નથી રહેતી, પોતાના દિવસો તો ભુલી જ જાય છે. એને માટે મેં કેવી મુસીબતો વેઠી; ફક્ત છાતીનું દૂધ કાઢી નથી પાયું. એનો આ બદલો મળે છે. તે બિચારાનો તો કંઇએ દોષ નથી. તેને તો હું ઓળખું છું, પણ આ બધાં કરતુક તેની તે મહારાણીના છે. હવે મને મળે તો ખરી, એવું સંભળાવું કે તે પણ યાદ કરતી રહેશે."

મોટાભાઇ મદનસિંહને સંદેહ થયો કે સદને આ પાખંડ રચ્યો છે કારણ ભાઇ પર તેમને અખંડ વિશ્વાસ હતો, પણ જ્યારે ભામાએ રૂપિયા મોકલવા માટે સખ્તાઇ કરી એટલે એમને મોકલવા પડ્યા. સદન રોજ ટપાલ ઓફીસમાં જતો, ટપાલીને વારંવાર પૂછતો. ટપાલી તેને ઓળખતો હતો, એટલે રૂપિયા મળતાં કંઇ મુશ્કેલી ન પડી. સદન હરખથી ફુલ્યો ન સમાયો. સાંઝના બજારમાંથી એક ઉત્તમ રેશમી સાડી વેચાતી લીધી. પણ મનમાં શંકા રહેતી હતી કે રખે સુમન તેને નાપસંદ કરે. તે કુંવર બની ચૂકયો હતો એ કારણે આવી તુચ્છ ભેટ આપતાં તે અચકાતો હતો. સાડી પાસે રાખી બહુ વાર સુધી તે ઘોડા પર અહિં તહિં ફરતો રહ્યો. ખાલી હાથે સુમનને ત્યાં તે નિત્ય બેધડક ચાલ્યો જતો. આજ આ ભેટ લઇ જતાં તેને સંકોચ થતો હતો. સારી પેઠે અંધારૂં છવાતાં મનને દઢ કરી સુમનની સીડી ચઢી ગયો અને સાડી ચુપચુપ પાછળથી કાઢી શૃંગારદાન પર રાખી દીધી. સુમન તેના આ વિલંબથી ચિંતિત બની ગઇ હતી. તેને જોતાંજ તે ફૂલ સમાન ખિલી ઉઠી અને બોલી: "આ શું લાવ્યા?"

સદને અચકાતાં કહ્યું: "કંઇ નહિં. આજ એક સાડી નજરે પડી ગઇ, મને પસંદ પડી એટલે લઇ લીધી, એ તમારે માટે ભેટ લાવ્યો છું."


સુમને સ્મિત કરી કહ્યું: "આને આટલી વાર લગાડી! શું તેનું આ પ્રાયશ્ચિત છે?" એટલું કહી તેણે સાડી જોઇ. સદનની વાસ્તવિક અવસ્થાના વિચારે તે બહુ મૂલ્ય કહી શકાય.

સુમને મનમાં પ્રશ્ન કર્યો કે આટલા રૂપિયા એને મળ્યા કયાંથી? કયાં ઘરમાંથી તો ઉપાડી નથી લાવ્યો? પંડિતજી એટલા રૂપિયા એને કાં આપે? કાં તો એણે તેમની પાસેથી કોઇ બહાને ઠગી લીધા હશે કે ઉપાડી લાવ્યો હશે. તેણે વિચાર કર્યો કે સાડી પાછી દઇ દઉં, પણ તેમ કરતાં તેનું મન દુઃખાવાનો તેને ભય લાગ્યો. આ સાથે વળી સાડી રાખી લેતા તેના દુરુત્સાહના વધવાની શંકા હતી. નિદાન તેણે નિશ્ચય કર્યો કે આ વેળાએ તો રાખી લઉં, પણ ભવિષ્ય માટે ચેતવી દઇશ. બોલી: "આ મહેરબાનીથી આભારી થઇ છું, પણ આપ પાસેથી ભેટની હું ભુખી નથી; આપની આ કૃપા શું ઓછી છે કે આપ અહિં સુધી આવવાની તસદી લ્યો છો. હું કેવલ આપની કૃપા દષ્ટી જ ચાહું છું."

જ્યારે આ ભેટ સોગાદથી સદનનો મનોરથ પૂરો ન થયો અને સુમનના વર્તાવમાં તેને કંઇ અંતર ન દેખાયો તો તેને વિશ્વાસ

થઇ ગયો કે મારા યત્નમાં હું નિષ્ફળ થયો છું. તે પોતાના મનમાં લજ્જીત થયો કે હું એક તુચ્છ ભેટ આપી તેની પાસેથી આટલા મોટા ફલની આશા રાખું છું. આ તો જમીન પર ઉભા ઉભા આકાશના તારા તોડવાની ચેષ્ટા કરવા જેવું છે. એટલે તે કોઇ મુલ્યવાન પ્રેમોપહાર આપવાની ચિંતામાં લીન બની ગયો. પણ મહીનાઓ સુધી તેને તેવો કોઇ અવસર ન મળ્યો.

એક દિવસ તે ન્હાવા બેઠો તો સાબુ ન હતો. તે અંદરનાં સ્નાનાલયમાં સાબુ લેવા



મેં આપને કહી દીધું હતું કે હું આ ચીજોની ભુખી નથી.

ગયો. અંદર પગ રાખતાંજ તેની નજર અભરાઇ ઉપર પડી, જે પર એક બાંગડી રાખેલી હતી. સુભદ્રા હમણાજ ન્હાઇને ત્યાંથી ગઇ હતી, તેણે બાંગડી ઉતારી રાખી હતી પણ જતી વેળાયે તેને ધ્યાન ન રહ્યું. કોર્ટમાં જવાનો વખત થવા આવ્યો હતો, તે રસોઇ તૈયાર કરવામાં રોકાઇ ગઇ. બાંગડી ત્યાંજ પડી રહી. સદને તે જોતાં કુદી પડી ઉપાડી લીધી. આ સમય તેના મનમાં કોઇપણ પ્રકારે બુરો ભાવ ન હતો. તેણે વિચાર્યું કાકીને આની પેઠ પજવ્યા પછીજ આપીશ. ઠીક મજાક પડશે.

બાંગડી છુપાવી બહાર લાવ્યો અને પેટીમાં રાખી દીધી. સુભદ્રા ભોજનથી નિવૃત થઇ બેઠી હતી. આળસમાંજ સુઇ ગઇ. તે ત્રીજા પહોરે ઉઠી. આ વચમાં પંડિતજી કોર્ટમાંથી પાછા આવી પણ ગયા હતા, તેઓ સાથે વાતચીત કરતાં તેને બાંગડીનું ધ્યાનજ ન રહ્યું. સદન ઘણીવાર અંદર ગયો કે જોઉં બાંગડીની કંઇ ચર્ચા થાય છે કે નહિં, પણ તે સંબંધી તેણે કંઇપણ ન સાંભળ્યું. સાંજના જયારે તે ફરવા તૈયાર થયો તો અકસ્માત તેના મનમાં વિચાર આવતાં તેણે બાંગડી ખિસામાં રાખી લીધી. તેણે વિચાર્યું, કાં ન આ બાંગડી સુમનબાઇને ભેટ આપું? અહિં તો કોઇ મને પૂછવાવાળું નથી અને જો પૂછશે તો કહી દઇશ કે હું જાણતોજ નથી. કાકી સમજશે કે નોકરોમાંથી કોઇએ ઉપાડી ગયું હશે. આ રીતના કુવિચારોએ તેનો સંકલ્પ દૃઢ કરી આપ્યો. તેનું મન હરવા ફરવાપર ન લાગ્યું. તે આ ભેટ આપવા માટે વ્યાકુલ બની રહ્યો હતો. નિયમિત સમયની કંઇ પહેલાજ ઘોડાને દાલમંડી તરફ ફેરવી દીધો. ત્યાં તેણે એક ન્હાનો મખમલી બાકસ લઇ લીધો જેમાં બાંગડી રાખી સુમનને ત્યાં જઇ પહોંચ્યો. તે આ બહુ મૂલ્ય વસ્તુને એ રીતે ભેટ આપવા ઇચ્છતો હતો કે જાણે કોઇ અતિ સામાન્ય વસ્તુ આપી રહ્યો છે. આજે તે બહુ વાર સુધી બેસી રહ્યો. સાંઝનો સમય તેણે તે માટે જ ખાસ રાખ્યો હતો. પણ આજ પ્રેમાલાપમાંએ તેનું મન લાગતું ન હતું. તેને ચિંતા લાગી રહી હતી કે આ બાંગડી કેવી રીતે ભેટ આપું. જ્યારે બહુ વખત થઇ ગયો તો તે ચુપકીદીથી ઉઠયો. ખીસામાંથી બાકસ કાઢી તે પલંગપર રાખી દરવાજા તરફ ચાલ્યો. મને જોતાંજ પૂછ્યું: "આ બાકસમાં શું છે?"

સદનઃ "કંઇ નથી, ખાલી બાકસ છે."

સુમનઃ "ના, ના, જરા થોભો, હું જોઇ લઉં." આટલું કહી તેણે સદનનો હાથ પકડી લીધો અને બાકસ ખોલી જોયું. આ બાંગડી તેણે સુભદ્રાના હાથમાં જોઇ હતી. તેની બનાવટ બહુ સરસ હતી, પીછાની ગઇ, હૃદય પર જાણે ભાર આવી પડવા જેવું લાગ્યું. ઉદાસ બની બોલીઃ "મેં આપને કહી દીધું હતું ને કે હું આ ચીજોની ભુખી નથી. આપ વ્યર્થ મને લજ્જિત કરો છો."

સદને બેપરવાહીથી કહ્યું: "બસ મને રાજા જાણી આ ગરીબ તરફની ફુલ નહિ તો ફુલની પાંખડી તમારે સ્વીકારવી જોઇએ."

સુમનઃ "મારા માટે સર્વથી અમુલ્ય વસ્તુ આપની કૃપા છે, તે જ મારા ઉપર સદા રાખજો. આ બાંગડી આપ મારી તરફથી આપની નવી રાણી સાહેબને આપી દેજો. મારા હૃદયમાં આપનો પવિત્ર પ્રેમ છે. તે આ ઇચ્છાથી રહિત છે. આપના આ વ્યવહારથી એમ લાગે છે કે આપ મને બજારની ઓરતજ સમજો છો. આપજ એક એવા પુરૂષ છો, જેની ઉપર મેં મારૂં સર્વસ્વ અર્પણ કરી દીધું છે પણ આપ હજી તેનું મૂલ્ય નથી સમજી શકયા."

સદનની આંખો ભરાઇ આવી. તેણે મનમાં વિચાર્યું ખરેખર મારોજ દોષ છે. હું એના પ્રેમ જેવી અમુલ્ય વસ્તુને આ તુચ્છ ભેટ સોગાદની ઇચ્છાવાન સમજુ છું. આજે આ નગરીમાં કોણ છે, જે તેના એક પ્રેમ કટાક્ષ પર પોતાનું સર્વસ્વ ન લુટાવી દે! મોટા મોટા ઐશ્વર્યવાન મનુષ્ય આવે છે અને તે કોઇની તરફ આંખ ઉપાડી જોતીએ નથી. પણ હું એવો ભાવ શૂન્ય, નીચ છું કે આ પ્રેમ રત્નને કોડીયોના મૂલ્યે લેવા ઇચ્છું છું. આ ગ્લાનિપૂર્ણ ભાવોથી તે રડી પડયો.

સુમન સમજી ગઇ કે મારાં આ વાકય ભારે પડયાં છે. કરૂણ સ્વરે બોલીઃ "સદન, તમે મારાથી નારાજ થઇ ગયા?"

સદને આંસૂ પી જઇ કહ્યું: "હા, નારાજ તો છું."

સુમનઃ "કાં નારાજ છો?"

સદનઃ "એ કારણે કે તું મને બાણોથી વિંધે છે. તું સમજે છે કે હું એવી તુચ્છ વસ્તુઓથી પ્રેમ વેચાતો લેવા ચાહું છું."

સુમનઃ "તો પછી આ ચીજો કાં લાવો છો?"

સદનઃ "મારી મરજી."

સુમનઃ "નહિં. હવેથી આપ મને ક્ષમા કરશો."

સદનઃ "ઠીક. જોઇશું."

સુમનઃ "આપની ખાતર હું આ ભેટ રાખી લઉં છું. પણ એને અનામત સમજી રાખીશ. આપ હજી સ્વતંત્ર નથી. જ્યારે આપ આપની રિયાસતના માલિક બનો ત્યારે હું આપ પાસેથી મનમાન્યું વસુલ કરીશ પણ હમણા નહીં."

પ્રકરણ ૨૧ મું.

બાબુ વિઠ્ઠલદાસ કોઇ પણ કામ અધુરું કરતા ન હતા. પદમસિંહની તરફ નિરાશ થતાં તેમને આ ચિંતા થવા લાગી કે સુમન માટે રૂ. ૫૦ માસિક મળે એવું ફંડ કેવી રીતે ભેગું કરવું. તેમની સ્થાપેલી સંસ્થાઓ આવાં ફંડોથીજ ચાલતી હતી, પણ આ ભરાયલા રૂપિયા વસુલ કરવા અતિ મુશ્કેલ થઇ પડતું હતું. વિધવાઆશ્રમની ઇમારત બંધાવવાનું હાથ તો ધર્યું હતું પણ બે વર્ષ થયાં તેની દીવાલો પડતી જતી હતી. તે ઉપર છાપરૂં બંધાવવાને રૂપિયા મળતા ન હોતા. ફ્રી લાઇબ્રેરીના પુસ્તકો જીવજંતુઓથી ખવાતાં જતાં હતાં તે માટેના કબાટ બનાવવાને ધન ન હોતું પણ વિઘ્નો છતાંએ ફંડ ભરાવ્યા સિવાય તેમને બીજો કોઇ ઉપાય ન સુઝયો. શેઠ બલભદ્રદાસ શહેરના મુખ્ય નેતા, ઓન. મેજીસ્ટ્રેટ અને મ્યુનિસિપલ બોર્ડના ચેરમેન હતા. તેથી પહેલા તેની પાસે ગયા. શેઠજી પોતાના બંગલામાં આરામખુરશી પર લેટીને હુકકો પીતા હતા. તે બહુજ દુર્બળ, પતલા, ગૌરવર્ણના રસિક શોખીન પુરૂષ હતા. વિઠ્ઠલદાસની વાત સાંભળી બોલ્યાઃ " વાત તો બહુ ઉત્તમ છે, પણ એ તો બતાવો કે સુમનને તમે રાખવા કયાં માંગો છો ? "

વિઠ્ઠલદાસઃ "વિધવાઆશ્રમમાં."

બલભદ્રઃ "એથી તો આશ્રમ આખા શહેરમાં બદનામ થઇ જશે અને સંભવ છે કે કદાચ અન્ય વિધવાઓ પણ મુકી ભાગી જશે."

વિઠ્ઠલઃ "તો જુદુ મકાન લઇ રાખીશ."

બલભદ્રઃ "મહોલ્લાના નવયુવકોમાં રમખાણ જાગશે."

વિઠ્ઠલઃ "ત્યારે તો હવે આપજ કાંઇ ઉપાય બતાવો ?"

બલભદ્રઃ "મારી તો એ સલાહ છે કે આપ આ ઝગડામાં ન પડો. જે સ્ત્રીને લોકનિન્દાની લાજ નથી તેને કોઇ પણ શક્તિ સુધારી નથી શકવાની. એ તો નિયમજ છે કે જ્યારે આપણું કોઇ પણ અંગ વિકૃત થઇ જાય છે તો તેને કાપી નાખવામાં આવે છે. સમાજમાં પણ તેજ નિયમનું પાલન થવું જોઇએ. હું જોઉં છું કે આપ મારી સાથે એક મત નથી, પણ મારો જે કંઇ પણ વિચાર હતો તે મેં તમને સ્પષ્ટ કહી દીધો છે. આશ્રયની પ્રબંધકારિણી સભાનો હું પણ એક સભ્ય છું, અને હું તો કોઇ રીતે પણ એક વેશ્યાને આશ્રમમાં રાખવાની સલાહ ન આપું."

વિઠ્ઠલદાસે રોષમાં આવી જઇ કહ્યુંઃ "ત્યારે સારાંશ એ કે આપ આ કામમાં મને કોઇ પણ રીતે સહાયતા નથી આપી શકતા ? જ્યારે આપ જેવા મહત્પુરૂષોની આ સ્થિતિ છે તો બીજાઓથી તે શી આશા રાખી શકાય ? ઠીક, મેં તમારો બહુ સમય નષ્ટ કર્યો તે માટે ક્ષમા કરશો."

આટલું કહી વિઠ્ઠલદાસ ઉઠી ઉભા થઇ ગયા અને શેઠ ચિમનલાલની સેવામાં જઇ પહોંચ્યા. આ શામળા રંગના બેડોળ મનુષ્ય હતા. બહુ સ્થૂલ, ઢીલાંઢચ, શરીરમાં હાડકાની જગ્યાએ માંસ અને માંસની જગ્યાએ વાયુ ભરેલો હતો. તેમના વિચાર પણ શરીરની માફક જ બેડોલ હતા. તે ઋષિ ધર્મ સભાના સભાપતિ, રામલીલા કમીટીના ચેરમેન અને રાસલીલા પરિષદના પ્રબંધકર્તા હતા. રાજનીતિને વિષભર્યા સર્પ સમાન ગણતા અને સમાચારપત્રોને તો સર્પની મુરલી ! ઉંચ્ચ અધિકારિઓ સાથે મળવા ભેટવાની ધુન હતી. અંગ્રેજોના સમાજમાં તેમનું વિશેષ માન હતું. ત્યાં તેમના સદ્ગુણોની બહુ પ્રશંસા થતી હતી. તેઓ ન હતા ઉદાર કે ન હતા કૃપણ, તે સંબન્ધમાં ફંડોનું લિસ્ટ તેમની ઉદારતા સ્પષ્ટ કહી દેતું હતું. તેમનો એક મોટો ગુણ જે તેમની દુર્બલતાને છૂપાવી દેતો તે તેમની વિનોદશીલતા હતી.

વિઠ્ઠલદાસની વાત સાંભળી તેઓ બોલ્યાઃ "મહાશય, આપ પણ બિલ્કુલ શુષ્ક મનુષ્ય છો. આપમાં જરા પણ રસવૃતિ નથી. બહુ લાંબે વખતે માંડમાંડ દાલમંડીમાં એક ચીજ નજરે પડી ! આપ તેને પણ ત્યાંથી ઉડાવી દેવા પ્રયત્ન કરો છો. કંઇ નહિ તો આ વખતની રામલીલા તો થઇ જવા દ્યો. રાજ્યાભિષેકને દિવસે તો એના જલસો થશે ને ધૂમ મચી રહેવાની. જ્યાં યવન સ્ત્રી આવીને મંદિર ભ્રષ્ટ કરે તો બ્રાહ્મણી હોય તો શું ખોટું ? ઠીક. એ તો જરાક મજાક મશ્કરી થઇ, ક્ષમા કરશો. આપને શાબાસી ઘટે છે કે આવા શુભ કાર્ય આપના હાથે થાય છે. કયાં છે ફંડની ટીપનું કાગળ ? "

વિઠ્ઠલદાસે માથું ખજવાળતા કહ્યુંઃ "હજી તો હુ ફકત શેઠ બલભદ્રદાસજી પાસે ગયો હતો, પણ આપ તો જાણો છોને કે તેઓ કેવા ખેલાડી માણુસ છે? અહિં તહિંની વાતો કરી મૂળ મુદ્દો ઉડાવી દીધો."

અગર બલભદ્રદાસે એક લખ્યું હતે તો અહિં એ લખવામાં સંદેહ ન હતો, અને એ લખાતે તો ચાર પણ થતે તેમાંય શક નથી. પણ હવે તો તેમને પણ એક બહાનું મળી આવ્યું. બોલી ઉઠયા : "મહાશય, મને આપના કામ પ્રત્યે પૂરી સહાનુભૂતિ છે. પણ બલભદ્રદાસે કંઇ સમજી વિચારીનેજ આ વાત ટાળી હશે. હું પણ જરા વધુ વિચાર કરી જોઉં છું તો આ બધી વાતમાં કંઇક રાજનીતિનોજ રંગ દેખાય છે, એમાં તો જરા પણ સંદેહ નથી. આપ ભલે એ નજરે ન જોતા હો પણ મને તો એમાં એ ગુપ્ત રાજનીતિ ભરેલી સાફ નજરે પડે છે. મુસલમાનોને તો આ વાત અવશ્ય ખરાબ લાગશે. તેઓ જઇ અધિકારિઓને આ બાબતની ફરિયાદ કરવાના. અધિકારિઓને તો આપ જાણો છો કે આંખો નથી હોતી, કેવલ કાન જ હોય છે. તેમને તરતજ આ બાબતમાં કંઇ ભેદભરમનો સંદેહ થઇ જવાનો."

વિઠ્ઠલદાસે ઉશ્કેરાઇ કહ્યું: "સારૂં સારૂં. કાં નથી કહી દેતા કે હું કંઇ આપવા જ નથી માંગતો ?"

ચિમનલાલ: "આપ એમજ સમજી લ્યો ને! આખી જ્ઞાતીનો ભાર કંઇ મેં થોડોજ મારે માથે લઇ લીધો છે."

વિઠ્ઠલદાસના મનોરથ અહિં પણ પૂરા ન થયા. પણ આ સર્વ તેમને માટે કંઇ નવીન વાત ન હતી. આવા નિરાશાજનક અનુભવ તો તેમને નિત્ય થતા. અહિંથી ડોકટર શ્યામચરણ પાસે પહોંચ્યા. ડોકટર સાહેબ બહુ સમજદાર અને વિદ્વાન પુરૂષ હતા. શહેરના મુખ્ય રાજનૈતિક નેતા હતા. તેમની વકીલાત બહુ ચાલતી હતી. બહુ તોલી તોલી મ્હોંમાંથી શબ્દ કાઢતા હતા. શાંતિના ભકત હતા. એ કારણને લીધે તેમના વિરોધથી ન કોઇને કંઇ હાની હતી કે ન તેમના યોગથી કોઇને લાભ હતો. સર્વ જાતિના લોક તેમને પોતાના મિત્ર તેમજ શત્રુ તરીકે ગણતા હતા. તેઓ પોતાની તરફની કમીશ્નરીના અંગે સુબાની સલાહકારી સભાના સભાસદ થયા હતા. વિઠ્ઠલદાસની વાત સાંભળી બોલ્યા: "મને આપના જેવાની પૂરી સહાનુભૂતિ છે, તો મારે યોગ્ય જે કંઇ સેવા હોય તે કરવા હુ તૈયાર છું, પણ પ્રયત્ન એવો થવો જોઇએ કે એવી કુપ્રથાઓમાં સુધારો થાય કે જેને લીધે આવા પ્રશ્નો ઉભા થાય છે. આ સમયે આપ એક જણની રક્ષા કરી લેશો તો તેથી શું થશે? અહિં તો નિત્ય આવા બનાવો બન્યા કરે છે. મૂલ કારણમાં સુધારો થવો જોઇએ. કહો તો કાઉન્સિલમાં કોઇ પ્રશ્ન મૂકુ ?"

વિઠ્ઠલદાસ ઉછળી બોલી પડયા: "જી, હા. તે તો બહુ ઉત્તમ થઇ પડશે."

ડોકટર સાહેબે તરતજ પ્રશ્નોની એક માળા તૈયાર કરી :

(૧) ગયા વર્ષમાં વેશ્યાઓની સંખ્યા કેટલી વધી તે શું ગવર્નમેન્ટ બતાવી શકશે ?

(૨) આ વૃદ્ધિનું કારણ શું છે, અને ગવર્નમેન્ટ તે રોકવા માટે શા ઉપાયો લેવા ઇચ્છે છે, એ બાબતમાં ગવર્નમેન્ટે કંઇ પ્રયત્ન કર્યો છે વારૂ ?

(૩) આ કારણને મનોવિકારો સાથે કેટલો સંબંધ છે, તેમજ આર્થિક સ્થિતિ અને સામાજિક કુપ્રથાઓ સાથે પણ કેટલો સંબંધ છે?

આટલું કર્યા પછી ડોકટર સાહેબ પોતાના કુલો સાથે વાતો કરવા લાગ્યા. વિઠ્ઠલદાસ અરધોએ કલાક બેઠા રહ્યા, અંતે અધીર થઇ બોલ્યા : "તો મને શું આજ્ઞા છે ?"

શ્યામચરણ : "આપ વિશ્વાસ રાખશો. હવેની કાઉન્સિલની બેઠકમાં હું ગવર્નમેન્ટનું ધ્યાન એ તરફ અવશ્ય ખેંચીશ."

વિઠ્ઠલદાસના મનમાં તો આવ્યું કે ડોકટર સાહેબને બરાબર સંભળાવી દે, પણ કંઇક વિચારી ચુપજ રહ્યા. આ પછી કોઇ મોટા માણસ પાસે આ સંબંધી જવા તેમને સાહસ ન થયો. છતાંએ આ કર્મવીરે યત્ન કરવામાં પાછા પગલાં ન ભર્યાં. નિત્ય કોઇ નવા નવા સજ્જન પાસે જતા અને તેની પાસેથી સહાયતાની યાચના કરતા. આ ઉદ્યોગ સર્વથા નિષ્ફલ તો નહિં નિવડયો. તેમને સો સો રૂપિયા માટેના અનેક વચનો અને કેટલીક સો સોની રોકડ રકમો મળી, પણ ૩૦ રૂપિયા માસિકમાં જે કમીપણું હતું, આટલાં ધનથી તે કયાંથી પૂરૂં થાય ? ત્રણ મહીનાની દોડધામ પછી તેઓ બહુ મુશ્કેલીએ ૧૦ રૂપિયા માસિકનો બંદોબસ્ત કરવામાં સફલ થઇ શકયા.

અંતમાં જ્યારે અધિક સહાયતાની કોઇ પાસે આશા નહિ રહી ત્યારે તેઓ એક દિવસે પ્રાત:કાલે સુમન પાસે ગયા. તે તેમને જોતાંજ કંઇ મન વગરની જેવી બની બોલી: "કહો મહાશય, આજે કાં કૃપા કરી ?"

વિઠ્ઠલ: "તને તારૂં વચન યાદ છે ?"

સુમન : "આટલા બધા દિવસોની વાતો, અગર કદાચ હું ભૂલીએ ગઇ હોઉં તો તેમાં મારો કંઇ પણ દોષ નથી."

વિઠ્ઠલ : "મેં તો બહુએ ઇચ્છયું કે શીઘ્ર પ્રબંધ થઇ જાય, પણ એવા લોકો સાથે પાલો પડયો છે કે ખરેખર રીતે કહું તો જાતિયતાનો સર્વથા લોપજ થઇ ગયો છે. તે છતાંએ મારી કોશેશ નકામી નથી ગઇ. મેં ૩૦ રૂપિયા માસિકનો બંદોબસ્ત કર્યો છે અને આશા છે કે બાકી જે કંઇ પણ કસર છે તે પણ પૂરી થઇ જશે. હવે તને મારી આ પ્રાર્થના છે કે આ સ્વીકારી લે અને આજેજ આ નર્ક કુંડને તજી દે."

સુમન : "પંડિત પદ્મસિંહને તમે લઇ ન આવી શકયા?"

વિઠ્ઠલ : "તેઓ તો કોઇ રીતે પણ આવવા રાજી ન થયા, આ ૩૦ માં ૨૦ માસિક માટે તેમણેજ વચન આપેલું છે."

સુમને વિસ્મિત થઇ કહ્યું : "ઠીક! તેઓ તો મોટા ઉદાર નિકળ્યા. શેઠોમાંથી પણ કંઇ મદદ મળી કે?"

વિઠ્ઠલ : "શેઠોની તો વાતજ ન પૂછ. ચિમનલાલ રામલીલા માટે હજાર બે હજાર રૂપિયા ખુશીથી આપી દેશે, બલભદ્રદાસ પાસેથી અમલદારોના માનમાં એથી પણ અધીક મળી શકે પણ આ વિષયમાં તો તેમણે કોરોજ જવાબ દીધો છે."

સુમન આ સમયે સદનની પ્રેમજાળમાં ફસેલી હતી. પ્રેમનો આનંદ તેને કદી પ્રાપ્ત થયો ન હતો. આ દુલર્ભ રત્નને પામતા તે તેને હવે હાથથી ન જવા દેવા ચાહતી હતી. જો કે તે જાણતી હતી કે આ પ્રેમનું પરિણામ વિયોગ સિવાય બીજું કંઇએ નથી આવનાર. પણ તેનું મન તેને કહેતું હતું કે જયાં સુધી આ આનંદ મળે છે ત્યાં સુધી તે કાં ન ભોગવું. આગળ જતાં ન જાણે શું થશે, જીવનની નાવ ન જાણે કેવા વમળોમાં ભેરવાશે, ન જાણે કયાં કયાં અથડાશે. ભાવી ચિંતાઓને તે પોતા પાસે ન આવવા દેતી હતી કારણ કે ત્યાં તો ભયંકર અંધકાર સિવાય બીજું કંઇ સુઝતું ન હતું. જીવન સુધારણાનો તે ઉત્સાહ જેને વશીભૂત થઇ તેણે વિઠ્ઠલદાસ સાથે ઠરાવ કર્યો હતો, તે ક્ષીણ થઇ ગયો હતો. આ સમય અગર વિઠ્ઠલદાસ ૧૦૦ રૂપિયા માસિકનો લોભ દેખાડતે તો પણ તે ખુશ ન થતે. પણ એક વાર જે વાત પોતેજ ઉપાડી હતી તે વાતથી ફરી જતાં તેને શરમ આવતી હતી. તે બોલી: "હું આનો જવાબ તમને કાલે આપીશ. હમણા મને વિચારવાનો સમય આપશો."

વિઠ્ઠલ: "એમાં તે વળી હવે શું વિચારવાનું બાકી છે?"

સુમન: "કંઇ નહિં, પણ કાલ પર જ રાખોને!"

રાતના દસ વાગ્યા હતા. શરદ ઋતુની સોનેરી ચાંદની છવાઇ હતી. સુમન બારીમાંથી નીલવર્ણ આકાશ તરફ જોઇ રહી હતી. જેવી રીતે ચાંદનીના પ્રકાશમાં તારાગણની જ્યોતિ મલિન પડી જાય છે, તે જ પ્રકારે તેના હૃદયમાં ચન્દ્રરૂપી સુવિચારે વિકારરૂપી તારાગણને જ્યોતિહીન કરી દીધા હતા.

સુમનની સામે એક કઠણ કોયડો ઉપસ્થિત થયો હતો: "વિઠ્ઠલદાસને શું જવાબ દઉં?"

આજ પ્રાત:કાલ તેણે કાલ જવાબ આપીશનું બહાનું કરી વિઠ્ઠલદાસને ટાળ્યો હતો. પણ આખા દિવસના ધ્યાન વિચારથી તેના વિચારોમાં બહુ ફેરફાર થઇ ગયો હતો.

સુમનને જો કે અહિં ભોગવિલાસની સઘળી સામગ્રી હતી, પણ તેને મુખ્ય કરી એવા મનુષ્યોની આગતા સ્વાગતા કરવી પડતી હતી કે જેની સૂરત જોતાંજ તેને તિરસ્કાર ઉત્પન્ન થતો અને જેમની વાતો સાંભળી તેનો જીવ બગડી જતો હતો. હજી તેના મનમાંથી ઉત્તમ ભાવોનો સર્વદા લોપ થયો ન હતો. તે અધોગતિના તે દરજ્જે ન પહોંચી હતી કે જ્યાં દુર્વ્યસન હૃદયના સમસ્ત ભાવોને નષ્ટ કરી દે છે. એમાં તો કંઇ સંદેહ નહીં કે તે વિલાસની સામગ્રીઓ ઉપર જાન આપતી હતી. પણ આ સામગ્રીઓની પ્રાપ્તિ માટે બેશરમીની જરૂરી હતી તે એના માટે અસહ્ય હતી. વળી કોઇ કોઇ વાર એકાન્તમાં તે પોતાની વર્ત્તમાન દશાની પૂર્વાવસ્થા સાથે તુલના કર્યા કરતી. તેના પતિના ઘરમાં આ ટીપટાપ ન હતી પણ તે પોતાના સમાજમાં આદરની દ્રષ્ટિએ જોવામાં આવતી. તે પોતાની પાડોસણ સામે પોતાની કુલીનતા માટે ગર્વ કરી શકતી હતી, પોતાની ધાર્મિકતા અને ભક્તિભાવનો રૂઆબ તેઓ પર જમાવી શકતી હતી. કોઇની સામે પણ તેનું માથું નીચું

ન થતું. પણ અહિં તેના સગર્વ હૃદયને ડગલે ડગલે લજ્જાથી મ્હોં છુપાવવું પડતું હતું. તેને જણાતું કે 'હું કોઇ કુટિલાની સામે પણ માથું ઉંચુ કરવા લાયક નથી.' જે નિરાદર અને અપમાન તેને તે સમયે સહન કરવા પડતા હતા તેની અપેક્ષા અહિંની પ્રેમવાર્તા અને આંખોના ઇશારાઓ અધિક દુ:ખજનક પ્રતિત થતાં હતા અને તેના ભાવપૂર્ણ હૃદય પર જાણે કુહાડાનો ઘા જઇ પડતો હતો. એવી વેળાયે તેનું વ્યથિત હૃદય પદ્મસિંહ પર દાંત કચકચાવી રહી જતું. જો તે નિર્દય મનુષ્યે પોતાની બદનામીના ભયે મારી અવગણના ન કરી હતે તો મને આ પાપ કુંડમાં કુદવાનો સાહસ ન થતે. જો તે મને બે ચાર દિવસ પણ પડી રહેવા દેતે તો કદાચિત હું મારે ઘેર પાછી વળતે અથવા તે (ગજાધર)જ મને મનાવી લઇ જતે, અને એ રીતે લડી વઢી જીવનના દિવસ કપાતે. આ કારણે તેણે વિઠ્ઠલદાસને પદ્મસિંહને પોતાની સાથે લઇ આવવાની શરત કરી હતી.

પણ આજે જ્યારે વિઠ્ઠલદાસ પાસેથી તેણે જાણ્યું કે પદ્મસિંહ તેના ઉદ્ધાર માટે કેટલા ઉત્સુક થઇ રહ્યા છે અને કેટલી ઉદારતા સાથે તેને સહાયતા કરવા માટે તૈયાર છે ત્યારે તો તેના પ્રતિ ઘૃણાને બદલે ઉલટી શ્રદ્ધા ઉત્પન્ન થઇ. તે બહુ સજ્જન પુરૂષ છે. હું જાણીબુજી મારા દુરાચરણનો દોષ તેમને માથે નાખું છુ. તેમણે તો મારા પર દયા કરી છે. હું જઇને તેમના ચરણોપર પડીશ અને કહીશ કે આપે આ અભાગણી પર જે આભાર કર્યો છે તેનો બદલો તો ઇશ્વરજ આપને આપશે. આ બાંગડી પણ પાછી આપી દઉં, જેથી તેમને એટલો સંતોષ થાય કે જે આત્માની મેં રક્ષા કરી છે, તે સર્વથા અયોગ્ય તો નથીજ. બસ ત્યાંથી આવી આ પાપની માયા જાળમાંથી ભાગી છુટું. પણ સદનને તે કેમ ભૂલું?

પોતાના મનની આ ચંચલતા પર તે છછણી ઉઠી. શું આ પાપમય પ્રેમ માટે જીવન-સુધારનો આ દુર્લભ અવસર હાથથી જતો કરૂં? ચાર દિવસની ચાંદની માટે સદૈવ પાપના અંધકારમાં પડી રહું? મારી સાથે સાથ એક સરલ હૃદય યુવાનનું જીવન પણ નષ્ટ કરૂં? જે સજ્જન પુરૂષે મારી સામે આ સદ્વ્યવહાર કર્યો છે તેની સાથે આ છલ, કપટ ના, હું આ દુષિત પ્રેમને હૃદયમાંથી કાઢી ફેંકી દઇશ. સદનને ભુલી જઇશ. તેને કહીશ કે તે પણ મને ભૂલી જાય. મને આ માયાજાળમાંથી નિકળવા દે.

આહ! હું પણ કેવી ઠગાઇ! આ સ્થાન દૂરથી કેટલું મનોરમ, કેટલું સોહામણું, કેટલું સુખમય દેખાતું હતું! હું તો એને ફૂલોનો બાગ સમજી! પણ ખરેખર રીતે શું છે? એક ભયંકર વન, માંસાહારી પશુઓ અને વિષવાળા કીડાઓથી ભરપૂર!

આ નદી દૂરથી ચાંદનીની ચાદર જેવી બિછાવેલી કેવી સુંદર દેખાય છે? પણ અંદર શું છે? મોટા મોટા વિકરાળ જલ-જન્તુઓનું ક્રીડાસ્થળ! સુમન આ પ્રકારે વિચારસાગરમાં મગ્ન હતી. તેને અત્યારે આ ઉત્કંઠા થઇ રહી હતી કે કોઇ પણ રીતે પ્રભાત થઇ જાય અને વિઠ્ઠલદાસ આવી જાય, કોઇ રીતે અહિંથી નિકળી ભાગું. અરધી રાત વીતી ગઇ છતાં તેને નિદ્રા ન આવી. ધીરે ધીરે તેને શંકા થવા લાગી કે જો સવારના વિઠ્ઠલદાસ ન આવશે તો કેમ થશે? શું મને ફરીને અહિં પ્રાત:કાલથી સંધ્યા સુધી ગવૈયાઓ અને નીચ બદમાસોની ચાપલુસીઓ સાંભળવી પડવાની? પાછી પાપની પુતળિયોનો આદર સન્માન કરવો પડવાનો? સુમનને અહિં રહેતાં હજી છ માસ પણ પૂરા ન થયા હતા પણ એટલાજ દિવસોમાં તેને અહિંનો પૂરો અનુભવ થઇ ચૂકયો હતો. તેને ત્યાં આખો વખત ગવૈયાઓનો જમેલો રહેતો હતો. તેઓ પોતાના દુરાચાર, અને ક્ષુદ્રતાની કથાઓ મોટા ગર્વથી કહેતા, તેઓમાં કોઇ ચતુર ખીસાકાતરુ હતા, કોઇ ધૂતારા ગંજીફા ખેલનારા હતા, કોઇ ટપકાની વિદ્યામાં નિપુણ, કોઇ દીવાલ કુદાવવાના હુન્નરમાં ઉસ્તાદ હતા તથા એ તમામ દુસ્સાહસ અને દુર્બલતાપર મગરૂર હતા. પડોસની રમણિયો પણ નિત્ય આવતી. તેઓ રંગીલી બની ઠની દીપક સમાન ઝગમગતી દેખાતી. પણ આ સર્વ હતાં નર્યા હલાહલથી ભર્યાં સુવર્ણ પાત્ર! તેઓમાં કેટલું છાલકામણું હતું! કેટલો છલ, કેટલી કુવાસના હતી! તેઓ પોતાની નિર્લજ્જતા અને કુકર્મોના વૃતાંત રસભરી રીતે કહી સંભળાવતી. તેઓમાં લજ્જાનો અંશ શેષ પણ ન રહ્યો હતો. આખો વખત ઠગવાની, છળવાની ધુન લાગી રહી હતી, મન સદૈવ પાપ તૃષ્ણામાં જ લુબ્ધ બન્યું હતું! શહેરમાં જે ધોઠ સારા

ચારિત્રવાન કહેવાતા તેમને અહિં પુષ્કળ ગાળો આપવામાં આવતી હતી. તેમની અતિશય મશ્કરી કરવામાં આવતી; તેમને નમાલા, પોચા, ઢબ્બુ વગેરે પદવીઓ આપવામાં આવતી; આખો દિવસ તમામ શહેરના–ચોરી, ધાડ, હત્યા, વ્યભિચાર, ગર્ભપાત અને વિશ્વાસઘાતના બનાવોની ચર્ચા થતી. અહિંના આદર અને પ્રેમ હવે તેને તેના યથાર્થ રૂપમાં દેખાઇ આવ્યાં હતાં. ત્યાં પ્રેમ પણ ન હતો, અને આદર પણ ન હતો, માત્ર કામપિપાસા હતી. હમણા સુધી સુમન ધીરજ રાખી આ સર્વ વિપત્તિઓ ઝિલતી હતી; તેણે સમજી લીધું હતું કે હવે તો આ જ નર્ક કુંડમાં જીવન વ્યતીત કરવાનું છે એટલે આ વાતોથી તે કયાં ભાગવું; નર્કમાં પડી નાકીય ધર્મનું પાલન કરવું અનિવાર્ય હતું. પહેલીવાર જ્યારે વિઠ્ઠલદાસ તેની પાસે આવ્યા હતા ત્યારે તો તેણે મનમાં તેની ઉપેક્ષા કરી હતી. તે સમયે તેને અહિના રંગઢંગનું પૂરૂ જ્ઞાન ન હતું. પણ આજે મુક્તિનો દ્વાર સામે ખૂલ્યો જોતાં આ કારાગૃહમાં ક્ષણવાર પણ રહેવું તેને અસહ્ય થઇ પડયું હતું. જે રીતે અવસર મળતાં મનુષ્યની પાપચેષ્ટા જાગૃત થઇ જાય છે, તે પ્રકારેજ અવસર આવતા તેની ધર્મ-ચેષ્ટા પણ જાગૃત થઇ જાય છે. રાતના ત્રણ વાગ્યા હતા. સુમન હમણા સુધી પાસાં ફેરવ્યાં કરતી હતી. તેનું મત બલાત સદન તરફ ખેંચાતું હતું. જેમ જેમ પ્રભાત પાસે આવતું જતું હતું તેમ તેમ તેની વ્યાગ્રતા વધતી જતી હતી. તે પોતાના મનને સમજાવી રહી હતી: તું આ પ્રેમપર ફૂલાઇ રહી છે? શું તને ખબર નથી કે આ પ્રેમનો આધાર ફક્ત રૂપ રંગ છે? આ પ્રેમ નથી, પ્રેમની લાલસા છે. અહિં કોઇ સાચો પ્રેમ કરવા પામતોજ નથી; જે રીતે મંદિરમાં સાચી ઉપાસના કરવા કોઇ નથી આવતું, તેવીજ રીતે આ મંડીમાં કોઈ પ્રેમનો સોદો કરવા નથી આવતું, સર્વ લોક કેવલ મન બહેલા-વવા માટે આવે છે. આ પ્રેમના ભ્રમમાં ન પડ.

અરૂણોદયના સમયે સુમનને નિદ્રા આવી ગઇ.

પ્રકરણ ૨૨ મું.

સાંજ થઇ ગઇ. સુમને આખો દિવસ વિઠ્ઠલદાસની વાટ જોઇ. પણ તે હમણા સુધી ન આવ્યા. સુમનના મનમાં જે નાના પ્રકારની શંકાઓ ઉઠી રહી હતી તે સ્થિર થતી ગઇ. વિઠ્ઠલદાસ હવે નહિં આવવાના; અવશ્ય કોઇ વિઘ્ન પડયું ખરૂં. કાં તો કોઇ બીજા કામમાં ફસાયા અગર તો જેમણે સહાયતા માટે વચન આપ્યું છે તેઓ પલટી ગયા. પણ કંઈ પણ હો, એકવાર વિઠ્ઠલદાસને અહિં આવવુ તો હતું જ. મને જણાતે તો ખરૂં કે શું નક્કી થયું. અગર કોઇ મારી સહાયતા ન કરતા હો તો ભલે ન કરે, હું મારી મેળે મારૂં ફોડી લઇશ; કેવલ એક સજ્જન પુરૂષની વ્હાર જોઇએ. શું વિઠ્ઠલદાસથી એટલુંએ ન બનશે? ચાલ, તેમને જઇ મળું અને કહી દઉં કે મને કાંઇ પૈસાની સહાયતાની ઇચ્છા નથી. તમે તે માટે હેરાન ન થાઓ, કેવલ મારા રહેવા માટેનો બંદોબસ્ત કરી દેઓ અને મને કોઇ એવું કામ સોંપાવી દેઓ, જેથી મને લુખી પણ રોટલી તો મળે. મને બીજું કંઇએ ન જોઇએ. પણ મને ખબર નથી કે તેઓ કયાં રહે છે; વગર ઠામ ઠેકાણે કયાં શોધું ને ભટકું? ચાલ જીવ, પાર્ક તરફ જાઉં, ત્યાં તેઓ હવા ખાવા આવે છે, કદાચ તેમનો ભેટો થઇ પણ જાય. પદમસિંહજી પણ નિત્ય ત્યાં ઘૂમવા ફરવા આવે છે, સંભવ છે કે કદાચ તેમની સાથે પણ મુલાકાત થાય. તેમને આ બાંગડી આપી દઇશ અને એ બહાને આ વિષયમાં પણ કંઇ વાતચીત કરી લઇશ.

આ નિશ્ચય કરી સુમને એક ભાડાની ગાડી મંગાવી અને એકલીજ ફરવા નીકળી પડી. બન્ને બારીઓ બંધ કરી દીધી પણ ફાટોમાંથી જોયા કરતી હતી. છાવણી તરફ દૂર સુધી અહિં તહિં તાકતા એ બન્નેમાંથી કોઇએ નજરે ન પડયું. તે કોચવાનને કવીન્સ પાર્ક તરફ ગાડી લેવા કહેવા જતી હતી કે સદન ઘોડો દોડાવતો આવતો દેખાયો. સુમનનું હૃદય ઉછળવા લાગ્યું. મનને એવું લાગ્યું કે જાણે વર્ષો પછી દેખાયો હોય! સ્થાન બદ-લતાં કદાચિત પ્રેમમાં નવો ઉત્સાહ આવી જાય છે. તેને બહુ થઇ આવ્યું કે તેને બુમ પાડું પણ થોભી ગઈ. જ્યાં સુધી તે આંખોથી દૂર ન થયો ત્યાં સુધી તેને તૃષિત પ્રેમની દૃષ્ટિએ જોતીજ રહી. સદનના સર્વાંગપૂર્ણ સૌન્દર્ય પર તે કદી આટલી મુગ્ધ થઇ ન હતી.

ગાડી કવીન્સ પાર્ક તરફ ચાલી. આ પાર્ક શહેરથી દુર હતો; બહુ થોડાજ લોક તે તરફ આવતા. પણ પદમસિંહનો એકાંત

સ્થાન માટેનો પ્રેમ તેમને ત્યાં ખેંચી લાવતો હતો. અહિં વિસ્તૃત મેદાનમાં એક બાંકડાપર કલાકો સુધી વિચારમાં મગ્ન બની બેઠા રહેતા. જેવી ગાડી દરવાજા અંદર દાખલ થઇ કે પદમસિંહ સુમનને મેદાનમાં એકલા બેઠેલા નજરે પડયા. સુમનનું હૃદય દીપશિખાની માફક થરથરવા લાગ્યું. ભય અને સંકોચ બન્ને તેને પછવાડે હટાવવાં લાગ્યાં. જો તેને પોતાના મનની આ દશાનું જ્ઞાન પહેલાથી હતે તો તે ત્યાં સુધી આવીજ ન શકતે. પણ આટલા છેટે સુધી આવીને અને પંડિતજીને સામે બેઠેલા જોયા પછી કામ કર્યા વગર પાછા જવું મૂર્ખતા લાગી. તેણે જરા દૂર જઈ ગાડી રોકી અને ગાડીમાંથી ઉતરી જેવી રીતે શબ્દ વાયુને પ્રતિકૂલ માર્ગ લે છે તે રીતે પંડિતજીની તરફ ચાલી.

પંડિતજી કુતુહલથી ગાડી તરફ જોઇ રહ્યા હતા. પ્રથમ તો તેમણે સુમનને પીછાની નહિં; અજબ થતા હતા કે આ કોઇ મહિલા આ તરફ ચાલી આવે છે. ધાર્યું કે કોઇ ખ્રિસ્તી બાઇ હશે, પણ જ્યારે સુમન સમીપ આવી ગઇ તો તેમણે તેને ઓળખી. એકવાર તેની તરફ દબેલી આંખોએ જોયું. સુમન માથું ઝુકાવેલી તેમની સામે આવી ઉભી રહી જતાં તેઓ ઝબકી ઉઠી દીનતાપૂર્ણ નેત્રોએ અહિં તહિં જોવા લાગ્યા, જાણે છૂપવા માટે કોઇ ખૂણું શોધતા હોય: એકાએક તેઓ ઉછળી ઉભા થઇ ગયા અને પછવાડે ફરી વેગથી ચાલવા માંડયું. સુમન પર જાણે વજ્રપાત થયો. તે મનમાં કઇ આશાએ આવી હતી અને આંખોથી હમણાતે કંઇ બીજું જ જોઇ રહી હતી: "પ્રભુ! તેઓ મને એટલી નીચ અને અધમ સમજે છે કે મારા પડછાયાથી પણ ભાગે છે." તે શ્રદ્ધા જે તેના હૃદયમાં પંડિતજી પ્રતિ ઉત્પન્ન થઇ ગઇ હતી, ક્ષણ માત્રમાં લોપ થઇ ગઇ. બોલી: "હું આપને જ કંઇ કહેવા આવી છું, જરા થોભો, મારી પર એટલી કૃપા કરો."

જાણે કોઇ ભુતથી ભાગે તેમ પંડિતજીએ ઉલટા વધુ ઝડપી પગલાં ભર્યાં, સુમનથી આ અપમાન ન સહી શકાયું. તીવ્ર સ્વરથી બોલી: "હું આપ પાસેથી કંઇ માગવા નથી આવી, કે આપ આટલા ડરો છો. હું આપને કેવલ આ બાંગડી આપવા આવી છું. એ લઇ લ્યો કે હું પોતેજ ચાલી જાઉં છું."

આટલું કહી તેણે બાંગડી કાઢી પંડિતજી તરફ ફેંકી.

પંડિતજી સડકજ બની ગયા; જમીન પર પડેલી બાંગડી જોઇ. આ તો સુભદ્રાની બાંગડી હતી.

સુમન ગાડી તરફ થોડા પગલાં જઇ ચૂકી હતી. પંડિતજી તેની પાસે આવી બોલ્યા: "તમને આ બાંગડી કયાં મળી?"

સુમન: "જો હું આપની વાત ન સાંભળું અને મ્હોં ફેરવી ચાલી જાઉં તો આપે ખોટું ન લગાડવું."

પદમસિંહ: "સુમનબાઇ, મને લજ્જિત ન કરો, હું તમારી સામે મ્હોં બતાવવા યોગ્ય નથી."

સુમન: "કાં?"

પદમસિંહ: "મને વારંવાર એજ વેદના થાય છે કે અગર તે સમયે મેં તમને મારા ઘરમાંથી ચાલી જવા માટે ન કહ્યું હતે તો આ સ્થિતિ ન થતે.

સુમન: "તો તે માટે આપને લજ્જિત થવાનું શું કારણ છે? પોતાના ઘરમાંથી બહાર કાઢી મૂકી આપે મારી પર બહુ કૃપા કરી; મારૂં જીવન સુધારી નાંખ્યું."

પંડિતજી આ તાનાથી તલમલી ઉઠી બોલ્યા: "જો એમ ગણુતી હો તો તે કૃપા ગજાધર પંડિત અને વિઠ્ઠલદાસની છે. હું એવી કૃપાનો પુણ્યશાળી થવા નથી ઇચ્છતો."

સુમન: "આપ તો 'નેકી કરી અને દરિયામાં નાંખ' વાળી કહેવત અનુસાર ચાલ્યા, પણ હું તો મનમાં આપનો આભાર માનું છું. પંડિતજી, મારી પાસે ન બોલાવો, મનની વાત મનમાં જ રાખવા દો, પણ આપ જેવા સહૃદય મનુષ્ય તરફથી મને આવી નિર્દયતાની આશા ન હતી. આપ ભલે ધારો કે આદર અને સન્માનની ભૂખ મોટા માણસોને જ હોય છે, પણ દીનદશાવાળા પ્રાણિયોને આની ભૂખ એથી પણ વિશેષ હોય છે, કારણ કે તેમની પાસે તે પ્રાપ્ત કરવાનાં કોઇ સાધન નથી હોતાં. તેઓ તે માટે ચોરી, છલ, કપટ સર્વ કંઇ કરે છે. આદરમાં સંતોષ છે કે જે ધન અને ભોગવિલાસમાં પણ નથી. મારા મનમાં નિત્ય એજ ચિન્તા રહેતી હતી કે આદર કેમ મેળવું. તેનો ઉત્તર મને કેટલીએ વાર મળી ચૂકયો, પણ આપના હોલીના દિવસવાળા જલસામાં જે ઉત્તર મળ્યો તેણે મારો ભ્રમ દૂર કરી દીધો. જો હું તે જલસામાં ન આવતે તો

આજે હું મારી ઝુંપડીમાં સંતુષ્ટ હતે ! આપને હું બહુજ ચારિત્રવાન પુરૂષ સમજતી હતી, આ કારણથી આપની રસિકતાનો મારા પર વધુ પ્રભાવ પડયો. ભોલીબાઇ તમારી સામે ગર્વથી બેઠી હતી, તમે તેની સામે આદર અને ભક્તિની મૂર્તિ બની ગયા હતા. આપનું મિત્ર મંડળ તેના ઇશારાઓ પર કાષ્ટપુતળીની માફક નાચતું હતું. એક સરલ હૃદય આદરની અભિલાષિણી સ્ત્રી પર આ દ્રષ્યનું જે ફલ નિપજે તે જ મારા પર પણ નિપજ્યું. પણ હવે તે વાતોની ચર્ચાજ શું કરવી ? જે થયું તે થયું. આપને તે શું દોષ દઉં, એ સર્વ મારૂંજ દુર્ભાગ્ય હતું."

સુમન કંઇ વધુ કહેવા જતી હતી, પણ પંડિતજી જે આ કથા અતિ ગંભીર ભાવે સાંભળતા હતા, તેમણે વાત અટકાવતાં પૂછયું: "સુમન, આ વાતો તમે મને લજ્જિત કરવા માટે કહી રહ્યાં છો ને, ખરૂં ?"

સુમનઃ "કહું છું તો આપને લજ્જિત કરવા માટે જ, પણ વાતો તો સર્વ સાચી છે. આ વાતો બહુ દિવસ થયાં હું ભૂલી ગઇ હતી પણ આ સમયે આપે મારા ઓળાથી પણ દૂર રહેવાની ચેષ્ટા કરી ત્યારે આ સર્વ વાતો મને ફરી યાદ આવી. પણ હવે મને પોતાને પશ્ચાતાપ થાય છે; મને ક્ષમા કરશો."

પંડિતજીએ માથુ ઉચું ન કર્યું; પાછા વિચારમાં ડૂબી ગયા. સુમન તેમને ધન્યવાદ દેવા આવી હતી, પણ વાતોનો ક્રમ કંઇ એવો બગડયો કે તેને તે માટે અવસરજ ન મળ્યો. અને હવે આટલી બધી અપ્રિય વાતો પછી તેને અનુગ્રહ અને કૃપાની ચર્ચા કરવી અજુગતી જણાઇ. તે પોતાની ગાડી તરફ ચાલી. એકાએક પંડિતજીએ પૂછયું: "અને આ બાંગડી ?"

સુમનઃ "એ મને કાલે એક શરાફની દુકાને દેખાઇ. મેં આપની વહુના હાથમાં એ જોઇ હતી, ઓળખી કાઢી, ને તરત ત્યાંથી મેં ઉપાડી લીધી."

પંડિતજીઃ "કેટલું આપવું પડયું ?"

સુમનઃ "કંઇએ નહિં. ઉલટી શરાફપર મેં ધમાલ કરી."

પંડિતજીઃ "શરાફનું નામ બતાવશો ?"

સુમનઃ "ના, વચન આપી આવી છું."

આટલું કહી સુમન ચાલતી થઇ. પંડિતજી થોડી વાર સુધી તો બેઠાજ રહ્યા; પછી બાંકડા પર ઢળી પડયા. સુમનનો એક એક શબ્દ તેમના કાનોમાં ગુંજી રહ્યો હતો. તેઓ એવા ચિન્તાગ્રસ્ત બની ગયા હતા કે કોઇ તેમની સામે આવી ઉભું રહેતે તોયે તેમને તેની ખબર ન પડતે. તેમના વિચારોએ તેમને સ્થંભિત કરી દીધા હતા. એવું જણાતું હતું કે જાણે તેમના મર્મસ્થાન પર સખત ફટકો પડયો હોય. શરીરમાં શિથિલતા જેવું પ્રતીત થતું હતું. તેઓ બહુ લાગણીવાળા મનુષ્ય હતા. સુભદ્રા અગર કદી હસવામાં કોઇ તીખી વાત કહી દેતી તો અનેક દિવસો સુધી તે વાત તેમનાં હૃદયમાં સાલ્યા કરતી. તેમને તેમના વ્યવહારપર, આચાર વિચારપર, અને કર્તવ્ય પાલનપર અભિમાન હતું. આજે તે અભિમાનના ચૂરેચૂરા થઇ ગયા હતા. જે અપરાધને તેમણે પહેલાં ગજાધર અને વિઠ્ઠલદાસને માથે ચઢાવી પોતાના મનમાં સંતોષ વાળ્યો હતો તે જ આજ સો ગણા બોજા સાથે તેમને માથે લદાઇ ગયો હતો. માથું હલાવવા જેટલી પણ જગા ન હતી. તેઓ આ અપરાધ નીચે જાણે દબાઇ જતા હતા. વિચારતીત્ર બની મૂર્તિમાન થઇ જતા હતા. જાણે કયાંક દૂરથી તેમના કાનમાં અવાજ આવતો હોય : તે જલસો ન હોત તો આજે હું મારી ઝુંપડીમાં મગ્ન હતે—એવામાં હવાની હલચલ થતાં વૃક્ષના પાંદડાં હલવા લાગ્યાં, જાણે વૃક્ષ પોતાના કાળાં, ભયંકર મસ્તકો હલાવી કહેતાં હોય: "સુમનની આ દુર્ગતિ તેં જ કરી."

પંડિતજી ગભરાઇ ત્યાંથી ઉઠયા. બહુવાર થઇ ગઇ હતી. સામે જ ખ્રિસ્તી દેવલનું ઉંચું શિખર હતું. તેમાં ઘંટ વાગી રહ્યા હતા. ઘંટાનો સુરીલો ધ્વનિ કહી રહ્યો હતોઃ "સુમનની આ દુર્ગતિ તેંજ કરી"

પંડિતજીએ બલપૂર્વક વિચારોને સમેટી લઇ આગળ પગલાં ભર્યાં. આકાશ તરફ દૃષ્ટિ ગઇ. કાળા પટલ પર ઉજ્જવળ, દિવ્ય અક્ષરોમાં લખ્યું હતું: "સુમનની આ દુર્ગતિ તેંજ કરી"

પંડિતજી ઉતાવળે પાર્કમાંથી વસ્તી તરફ ધસ્યા, આગળ વધ્યા, પણ વિચાર ચિત્ર તે તેમને કયાં મૂકી દેતા હતા ? સુમન તેમની પછવાડે પછવાડે આવતી હતી, કોઇ વાર સામે આવી રસ્તો રોકી લઇ કહેતીઃ "મારી આ દુર્ગતિ તમે જ કરી." કોઇ વાર આ તરફથી, કોઇ વાર પેલી તરફથી નીકળી આવી એ જ શબ્દ લંબાવતી. પંડિતજીએ બહુ કઠણાઇથી આટલો રસ્તો વિતાડયો. ઘેર આવી ઓરડામાં મ્હોં ઢાંકી પડયા રહ્યા. સુભદ્રાએ

ભોજન માટે આગ્રહ કરતાં તેને માથું દુખવાનું બહાનું કરી ટાળી. આખી રાત સુમન તેમના હૃદયમાં બેસી રહી તેમને શ્રાપતી જ રહી: "તમે વિદ્વાન બનો છો, તમને તમારી બુદ્ધિ વિવેકપર ગુમાન છે, પણ તમે તો ઘાસના ઝુંપડાઓ પાસે જાણે દારૂખાનું સળગાવો છો. જો તમે તમારૂં ધન સળગાવી દેવા જ માગતા હો તો મેદાનમાં જઇ ભલે તેમ કરો, પણ ગરીબ દુઃખિયોના ઘર કાં સળગાવો છો?"

પ્રાતઃકાલ પંડિતજી વિઠ્ઠલદાસને ઘર જઇ પહોંચ્યા.

પ્રકરણ ૨૩ મું.

સુભદ્રાને સાંજ સમયે બાંગડી યાદ આવી. દોડતી તે સ્નાનગૃહ તરફ ગઇ. તેને બરાબર ધ્યાન હતું કે ત્યાં તે અભરાઇ પર મુકી દીધી હતી. પણ ત્યાં તેનો પત્તો ન હતો. તે ગભરાઈ. તેના ઓરડાની અભરાઇ, ગોખ, કબાટ, ટાંકાબારી તપાસી જોઇ; રસોડામાં ચારે તરફ શોધી જોયું. ગભરાટ વધુ વધ્યો. પછી તો તેણે એકેએક પેટી, એકેએક ખુણું શોધ્યું, જાણે કોઇ સોય શોધતું હોય! પણ પત્તો ન મળ્યો. દાસીને પૂછતાં તેણે પોતાના દિકરાના સોગંદ ખાઇ કહ્યું તે જાણતી નથી. જીતનને બોલાવી પૂછતાં તે બોલ્યો: "શેઠાણીજી, બુઢાપામાં આ દાગ ન લગાડો. આખી ઉંમર ભલા માણસોની નોકરીમાં વીતી છે પણ કદી નીયત નથી બગાડી; હવે તે કેટલા દિવસ જીવવું છે કે નીયત બદ કરૂં."

સુભદ્રા હતાશ થઇ ગઇ; હવે પૂછે તે કોને? મન ન માન્યું, ફરી પેટી, કપડાની ગાંઠડીઓ આદિ ખોલી ખોલી જોઇ. આટા દાળના ઠામ પણ ન છોડયાં. પાણીના મટકામાં હાથ નાંખી શોધી જોયું. અંતમાં નિરાશ બની બિછાનામાં જઇને પડી. તેણે સદનને સ્નાનગૃહમાં જતાં જોયો હતો. શંકા થઇ કે, કયાં તેણે હસવા રમવામાં છૂપાવી રાખી હોય, પણ તેને પૂછવાની હિમ્મત ન થઇ. વિચાર્યું કે પંડિતજી ફરી આવી જમવા પધારશે ત્યારે તેમને કહીશ. જેવા પંડિતજી ઘરમાં આવ્યા કે સુભદ્રાએ તેમને રિપોર્ટ કર્યો. પંડિતજીએ કહ્યું: "બરાબર તપાસી શોધી જો, ઘરમાંજ હશે. લઇ તે કોણ જાય?"

સુભદ્રા: "ઘરની તો તસુએ તસુ જગ્યા ખોળી છે."

પંડિતજી: "નોકરોને પૂછ?"

સુભદ્રા: "બધાને પુછ્યું, બન્ને જણ કસમ ખાય છે; મને બરાબર યાદ છે કે મેં તે સ્નાનગૃહવાળા ઓરડાની અભરાઇ ઉપર રાખી હતી."

પંડિતજી: "તો શું તેને પાંખ આવી કે આપોઆપ ઉડી ગઇ?"

સુભદ્રા: "નોકરો પર તો મને સંદેહ નથી."

પંડિતજી: "તો બીજું તે કોણ લઇ જશે?"

સુભદ્રા: "કહો, તો સદનને પુછું? મેં તેને તે ઓરડામાં જતાં જોયો હતો. કદાચ મશ્કરીમાં છૂપાવી હોય."

પંડિતજી: "તારી પણ અક્કલ હવે ઠેકાણે નથી! તેણે છૂપાવી હતે તો કહી ન દેતે?"

સુભદ્રા: "તો પૂછવામાં તે નુકસાન શું છે? કદાચ તેના મનમાં હોય કે સારી પેઠે હેરાન કરી પછી આપીશ."

પંડિતજી: "નુકસાન કેમ નથી? જો તેણે બાંગડી ન જોઇ હોય તો તે તો એમજ સમજશેને કે મારા પર ચોરીનો આળ ચઢાવવમાં આવે છે."

સુભદ્રા: "તે ઓરડામાં તો તે જ ગયો હતો, મેં મારી આંખોએ જોયું."

પંડિતજી: "તો શું તારી બાંગડી ઉપાડવા ગયો હતો? કેવી નમાલી વાત કરે છે? તેને ભૂલતાંએ પૂછતી ના. એક તો તે લઇજ ન ગયો હશે અને લઇ પણ ગયો હોય તો આજે નહિં તો કાલે તે આપી દેશે, તેમાં ઉતાવળ શું છે?"

સુભદ્રા: "તમારા જેવું દિલ હું કયાંથી લાવું? અજબ છાતીના છો?"

પંડિતજી: "જોઇએ તેમ હો, તેને કદી ના પૂછતી."

સુભદ્રા તે સમયે તો ચૂપ થઇ ગઇ પણ રાતના કાકા ભત્રીજા ભોજન કરવા બેસતા તેનાથી રહેવાઇ ન શકાયું. સદનને બોલી: "બેટા, મારી બાંગડી નથી જડતી, છૂપાવી હોય તો આપી દો, કાં હેરાન કરો છો?"

સદનના મુખ પરથી રંગ ઉડી ગયો. કલેજું કાંપવા લાગ્યું. ચોરી કરી શીરજોરી કરવાનો ઢંગ તેને ખબર ન હતો. તેના મ્હોંમાંનો કોળિયો ચાવવાનો જ રહી ગયો. તે એવો મૌન બની ગયો જાણે તેણે કંઇ સાંભળ્યું જ નથી. પંડિતજીએ સુભદ્રા તરફ

એવા ક્રોધીત નેત્રોએ જોયું કે તેનું રક્ત સૂકાઇ ગયું. પાછો જીભ ઉપાડવાનો સાહસજ ન થયો. સદને આ પછી ઝડપથી બેચાર કોળિયા ખાધા ન ખાધા કે જમવું પૂરૂં કરી દઇ ઉઠી ગયો.

પંડિતજી બોલ્યા: "આ તારી કેવી આદત કે હું જે કામ માટે મના કરૂં છું તે જ તું ખાસ કરે છે."

સુભદ્રા: "તમે તેની સૂરત ન જોઇ? એજ લઇ જનારો છે. જો જૂઠું ઠરે તો જે ચોરની સજા તે મારી!"

પંડિતજી: "આ સામુદ્રિક વિદ્યા ક્યારથી શીખી?"

સુભદ્રા: "તેના ચેહેરા પરથી સાફ જણાતું હતું."

પંડિતજી: "ઠીક, માન્યું કે તે જ લઇ ગયો તો પછી? બાંગડીની તે શું બિસાદ છે, આ મારૂં શરીર જ તેનું પાળેલું છે. તે મારો જાન પણ માંગે તો હું ખુશીથી આપી દઉં. મારૂં સર્વ તે તેનું જ છે, તે જોઇએ તો માંગીને લે કે ઉપાડી લઇ જાય."

સુભદ્રા ચિઢાઇ બોલી: "તો તમે ગુલામી લખાવી છે, ગુલામી કર્યા કરો; મારી ચીજ કોઇ ઉપાડી જશે તો મારાથી તો ચુપ ન રહેવાશે."

બીજે દિવસ જ્યારે સાંજના પંડિતજી હવા ખાઇ પાછા વળ્યા તો સુભદ્રા તેમને જમવા માટે તેડવા ગઇ. તેમણે બાંગડી તેની સામે ફેંકી દીધી. સુભદ્રાએ આશ્ચર્યથી દોડી ઉપાડી લીધી અને ઓળખી જઇ બોલી: "મેં કહ્યું ન હતું કે તેણેજ છૂપાવી રાખી હશે? એજ વાત નીકળી ને?"

પંડિતજી: "પાછી વળી ઢંગધડા વગરની વાત! આ તો મેં બજારમાં શરાફની દુકાન પર જોઇ. તેં સદન પર સંદેહ કરી તેને પણ દુઃખી કર્યો અને પોતાને પણ કલુષિત કરી."

પ્રકરણ ૨૪ મું.

વિઠ્ઠલદાસને સંદેહ થયો કે સુમન ૩૦ રૂપિયા માસિક સ્વીકારવા નથી ચાહતી. આથીજ તેણે કાલે ઉત્તર આપીશનું બહાનું કરી મને ઉડાવ્યો છે. આ કારણે તે બીજે દિવસ તેની પાસે ન ગયા. અને એજ ચિંતામાં મચ્યા રહ્યા કે બાકીના રૂપિયાનો કેમ બંદોબસ્ત કરવો. કોઇ વાર વિચારતા, બીજા શહેરોમાં ડેપ્યુટેશન લઇ જાઉં, કોઈ વાર કોઇ નાટક તમાશો ખાસ કરી તેની ઉપજથી નાણાં ભેગા કરૂં, એવા એવા વિચારોમાં નિમગ્ન રહેતા. જો તેમનું ચાલતે તો આખા ગામના સર્વ ધનાઢયોને વહાણે ચઢાવી કાળા પાણીએ મોકલી દેતે. શહેરમાં એક કુંવર અનિરૂદ્ધસિંહ સજ્જન ઉદાર પુરૂષ રહેતા હતા. પણ વિઠ્ઠલદાસ તેમના બારણા સુધી જઇ આ કારણે પાછા વળી આવ્યા કે તેમને ત્યાં તબલાની થાપ સંભળાઇ. તેમણે મનમાં વિચાર્યું કે જે મનુષ્ય રાગરંગમાં આટલો મચેલો છે તે આ કામમાં મને શું સહાય કરવાનો. આ સંકલ્પ વિકલ્પમાં તે હતા કે સુમન પાસે જાઉં ન જાઉં એવામાં પંડિત પદ્મસિંહ સામેથી આવતા દેખાયા. તેમની આંખો લાલ થઇ જઇ ચઢેલી હતી. વદન મલિન હતું જણાતું હતું. તેઓ આખી રાતના જાગેલા ચિન્તા અને ગ્લાનિની મૂર્તિ બની ગયા હતા. ત્રણ મહિના થયા વિઠ્ઠલદાસ તેમની પાસે ગયા ન હતા; તેમની તરફ તેમનું મન ઉતરી ગયું હતું. પણ પંડિતજીની આ દશા જોતાં તે પીગલી ગયા અને પ્રેમથી હાથ મેળવી બોલ્યા: "ભાઈ સાહેબ, બહુ ઉદાસ દેખાવો છો, કુશલ તો છે?"

પંડિતજી: "જી, હા, સર્વ કુશલ જ છે, અહિં મહીનાઓ થયાં આપથી મુલાકાત નથી થઇ, મળવા માટે મન તલસી રહ્યું હતું. સુમનના વિષયમાં શું નિશ્ચય પર આવ્યા?"

વિઠ્ઠલ: "તે જ ચિંતામાં તો રાત દિવસ પડ્યો છું. આટલું મોટું શહેર છે પણ ૩૦ રૂપિયા માસિકનો બંદોબસ્ત થઇ નથી શકતો. મને તો એવું અનુમાન થાય છે કે મને માગતાં નથી આવડતું, કદાચિત મારામાં કોઇના હૃદયને આકર્ષિત કરવાનું સામર્થ્ય નથી. હું બીજાઓને દોષ આપું છું પણ વાસ્તવમાં દોષ મારોજ છે. હમણા સુધી કેવલ ૧૦ રૂપિયાનો પ્રબંધ કરી શકયો છું. જેટલાં રહીશ છે તેટલા સર્વના પાષાણ હૃદય છે. અરે રહીશોની વાત તો ન્યારી રહી, મી૦ પ્રભાકરરાવે પણ કોરો જવાબ આપ્યો. તેમના લેખ વાંચિયે છિયે તો તો એમજ જણાય છે કે દેશાનુરાગ અને દયાના અગાધ સાગર છે; હોલીના જલસા બાદ મહીનાઓ સુધી આપ માટે વિષનો વર્ષાદ વરસાવ્યા કરતા હતા પણ કાલે તેમની પાસે જતાં બોલ્યા: "શું જ્ઞાતિનો સર્વથી વધુ ઋણી હુંજ છું? મારી પાસે તો લેખિની છે તે દ્વારા જ્ઞાતિની સેવા કરૂં

છું. જેમની પાસે ધન હોય તેઓ ધનથી સેવા કરે. તેમની વાતો સાંભળતા હું ચકિતજ રહી ગયો. નવું મકાન બનાવી રહ્યા છે, કોયલાની કંપનીના શેરો ખરિદ્યા છે, છતાં આ જ્ઞાતિના કામમાંથી તો સાફ સરકી ગયા. બીજાઓ તો હજી કંઇ સંકોચે કરે! પણ તેમણે તો મનેજ ઉલટા સંભળાવવું શરૂ કર્યું."

પંડિતજી: "આપને નિશ્ચય છે કે સુમન ૫૦ રૂપિયા મળતાં વિધવાઆશ્રમમાં ચાલી આવશે?"

વિઠ્ઠલ: "હા. મારી ખાત્રી છે. આશ્રમની કમીટી તેને લેવી પસંદ ન કરે તે જૂદી વાત. તેમ થશે તો વળી બીજો કંઇ બંદોબસ્ત કરીશું."

પંડિતજી: "ઠીક, તો લ્યો હું તમારી ચિંતાઓનો અંત લાવી દઉં છું. હું ૫૦ રૂપિયા માસિક આપવા તૈયાર છું અને ઇશ્વરે ચાહ્યું તો જીવતો છું ત્યાં સુધી આપતો રહીશ."

વિઠ્ઠલદાસે વિસ્મયથી પંડિતજી તરફ જોયું. આ પછી કૃતજ્ઞપૂર્ણ ભાવથી તેમને ગળે વિંટાઇ જઇ બોલ્યા: "ભાઇ સાહેબ, તમને ધન્ય છે! આ સમયે તમે તે કામ કર્યું છે કે તમારા પગે પડવા જીવ થાય છે. તમે હિંદુ જાતિની લાજ રાખી લીધી. તમામ લખપતિયોના મ્હોં પર મેશ લગાડી. પણ આટલો ભારી બોજો સહી કેમ શકશો?"

પંડિતજી: "સર્વ કંઇ થશે. ઇશ્વર કંઇ ને કંઇ રસ્તો કરી આપશે."

વિઠ્ઠલ: "આજ કાલ કમાઇ સારી ચાલે છે કે?"

પંડિતજી: "કમાઇ તો કશીય નથી; પત્થરા છે. ઘોડાગાડી વેચી નાખીશ એટલે ૩૦ ની બચત થઇ જશે; વિજળીનો ખરચ કાઢી નાખીશ, તેમ કરતાં ૧૦ નીકળી જશે. ૧૦ અહિં તહિંથી ખેંચી તાણી કાઢી લઇશ."

વિઠ્ઠલ: "તમારા એકલા પર આટલો બોજો નાખતાં મને પણ કષ્ટ થાય છે, પણ શું કરૂં શહેરના મોટા માણસોથી હાર્યો છું. ગાડી વેચી દેશો તો કચેરીમાં કેવી રીતે જશો, રોજ ભાડે ગાડી કરવી પડશે?"

પંડિતજી: "જી ના. ભાડાની ગાડીની જરૂર ન પડશે. મારા ભત્રીજાએ એક ઘોડો લીધો છે. તે પરજ બેસીને જઇશ."

વિઠ્ઠલ: "અરે તે તો નહિં જે કોઇ કોઇ વાર સાંજના બાગમાં ફરવા નિકળ્યા કરે છે?"

પંડિતજી: "સંભવ છે એજ."

વિઠ્ઠલ: "એ છોકરો આપને બહુ મળતો આવે છે, ધારવાળી સર્જનો કોટ પહેરે છે, ખૂબ હૃષ્ટપુષ્ટ છે, ગોરો રંગ, મોટી મોટી આંખો, કસરતી જુવાન દેખાય છે?"

પંડિતજી: "જી હા, નિશાની આપે બરાબર કહી છે."

વિઠ્ઠલ: "આપ તેને બજારમાં રખડતાં રોકતા કાં નથી?"

પંડિતજી: "મને શું ખબર તે કયાં રખડવા જાય છે. સંભવ છે કોઇ કોઈ વાર બજાર તરફ પણ ચાલ્યો જતો હશે, પણ છોકરો સચ્ચરિત્ર દેખાય છે એટલે મેં કદી ચિંતા કરી નથી."

વિઠ્ઠલ: "એમ સમજવામાં આપની મોટી ભૂલ થઇ છે. પહેલાં તે જોઇએ તેટલો સદ્ચરિત્ર રહ્યો હોય, પણ આજ કાલ તેના રંગઢંગ ઠીક નથી. મેં તેને એક વાર નહિં. અનેક વાર ત્યાં જોયો છે, જયાં ન જોવો જોઇએ. સુમનબાઇની પ્રેમ જાળમાં પડયો જણાય છે."

પંડિતજીના હોશ ઉડી ગયાં. બોલ્યા: "આ તો આપે બહુ નઠારી ખબર સુણાવી. તે મારા કુલનો દીપક છે, અગર તે કુપંથે ચાલ્યો તો મારો જીવ નીકળી જવાનો. હું શરમનો માર્યો મોટા ભાઇને મ્હોં ન બતાવી શકવાનો."

આ કહેતાં કહેતાં પંડિતજીની આંખો સજલ થઇ ગઇ. પાછાં બોલ્યા: "મહાશય, તેને કોઇ રીતે પણ સમજાવશો. ભાઇ સાહેબના કાનમાં આ વાતનો ભણકારો જો પડયો તો તે મ્હારૂં મ્હોં કદી ન જોવાના."

વિઠ્ઠલ: "ના, તેને સીધે માર્ગે લાવવાનો યત્ન કરવામાં આવશે. મને તો આજ સુધી ખબરજ ન હતી કે એ આપનો ભત્રીજો છે. હું આજથીજ આ કામ પર મંડી જઇશ; અને સુમન પણ કાલ સુધીમાં ત્યાંથી ચાલી જશે પછી તો પોતેજ ઠેકાણે આવી જવાનો."

પંડિતજી: "સુમનના ચાલી જવાથી બજાર થોડુંજ ખાલી થઇ જવાનું. કોઇ બીજાના પંજામાં ફસાઇ જશે. શું કરૂં એને ઘર મોકલી દઉં?"

વિઠ્ઠલ: "ત્યાં તો એ હવે રહી જ ચૂકયો! પહેલાં તો જવાનો જ નહીં; અને ગયો પણ, તો તો બીજેજ દિવસે ભાગવાનો. યૌવનકાલની દુર્વાસનાઓ બહુ પ્રબળ હોય છે. કંઇ નહિં, આ સર્વ એજ કુપ્રથાઓની કરામત છે, જેણે નગરના સાર્વજનિક સ્થાનોને પોતાનું કાર્ય-

ક્ષેત્ર બનાવી દીધું છે. આ કેટલો બધો અત્યાચાર છે કે આવા મનોવિકાર પેદા કરવાવાળા દૃષ્યોને ગુપ્ત રાખવાને બદલે આપણેજ તેમની દુકાનો સજાવીએ છિયે અને આપણા ભોળા બિચારા સરલ બાલકોની કુપ્રવૃત્તિઓને જગાડીએ છિયે. ખબર નથી આ કુપ્રથા કેમ શરૂ થઇ. જ્યાં ગ્રંથાલય, ધર્મસભાઓ અને સુધારક સંસ્થાઓના સ્થાનો હોવાં જોઇએ ત્યાં પ્રેમના બજાર સજાય છે. એમ કરી કુવાસનાઓને આમંત્રણ કરવું નહિ તો બીજું શું કહેવાય? આપણે જાણીબુજી યુવકોને ખાડામાં નાંખિયે છિયે."

પંડિતજી: "આપે આ વિષયમાં કંઇ આંદોલન તો કર્યાં હતાં."

બિઠ્ઠલ: "હા, કર્યાં તો હતાં, પણ જે પ્રકારે આપ એકવાર મુખથી સહાનુભૂતિ પ્રગટ કરી મૌન સાધી ગયા તે પ્રકાર અન્ય સહાયકોએ પણ આનાકાની કરી; તો ભાઇ એકલાં મારાથી તો એ બધું થઇ શકે તેમ નથી! મારી પાસે ન ધન છે, ન ઐશ્વર્ય છે, ન ઉચ્ચ ઉપાધિયો છે, એટલે મારૂં સાંભળે પણ કોણ? લોક સમજે છે કે વાચાળ છે. નગરમાં આટલા સુયોગ્ય વિદ્વાન પુરૂષ ચેનથી સુખભોગ કરી રહ્યા છે. કોઇ ભુલમાંએ મારી વાત સાંભળતું નથી."

પંડિતજી શિથિલ પ્રકૃતિના મનુષ્ય હતા. તેમને કર્તવ્યક્ષેત્રમાં લાવવા માટે પ્રબલ ઉત્તેજનાની જરૂરી હતી. મિત્રોની વાહવાહ જે ઘણું કરી મનુષ્યની સુખાવસ્થાનો ભંગ કર્યા કરે છે, તેમના માટે પૂરતી ન હતી. તેઓ સુઇ તો ન રહેતા હતા; જાગતા હતા, પણ આલસ્યના કારણે પડયા રહેતા. આ કેવી અજબ જેવી યથાર્થ વાત છે કે સુતેલા મનુષ્ય કરતા જાગતા મનુષ્યને જગાડવુ કઠિન છે. સુતેલો મનુષ્ય પોતાનું નામ સાંભળતાં ચોંકી ઉઠી બેઠો થાય છે; જાગતો મનુષ્ય વિચારે છે કે આ અવાજ કોનો છે? તેને મારૂ શું કામ હશે? એમાં મને કંઇ લાભ છે કે કેમ? જ્યારે આ પ્રશ્નોનો સંતોષજનક જવાબ તેને મળે છે ત્યારે જ તે ઉઠે છે, નહિં તો પડયો જ રહે છે. પદમસિંહ એ જ જાગતા આળસુઓમાંના હતા. અનેકવાર જાતીય પુકારનો ધ્વનિ તેમના કાનોમાં આવ્યો હતો. પણ તેઓ સાંભળવા છતાં ઉઠયા ન હતા. આ સમયે જે પોકાર તેમના કાનોમાં પહોંચ્યો હતો તેણે તેમને જબરદસ્તીથી ઉઠાડયા હતા. પોતાનો ભત્રીજો કે, જેને તેઓ પુત્રથી પણ અધિક પ્યાર કરતા હતા, તેને કુમાર્ગથી બચાવવા માટે, અને પોતાના ભાઇની અપ્રસન્નતાનું નિવારણ કરવા માટે સર્વ કંઇ કરવા તેઓ તૈયાર હતા. જે કુવ્યવસ્થાનું આટલું ભયંકર પરિણામ નિપજયું તેને મૂલોચ્છેદ કરવા માટે કમર કસવા અન્ય પ્રમાણોની જરૂર ન હતી. બાલ વિધવા વિવાહના કટ્ટા શત્રુઓને પણ કેટલીક વખત તેનું સમર્થન કરતાં જોવામાં આવ્યા છે. પ્રત્યક્ષ દૃષ્ટાંતથી પ્રબલ બીજું કોઇ પ્રમાણ નથી હોતું. પંડિતજી બોલ્યા: "જો હું આપને કોઇ રીતે કામ આવી શકું તો આપને સહાય આપવા તૈયાર છુ."

વિઠ્ઠલદાસ ઉલ્લસિત થઇ બોલ્યા: "ભાઇ સાહેબ, અગર તમે મારો હાથ આગળ વધારો તો હું ધરતી આકાશ એક કરી દઉં. પણ ક્ષમા કરજો, તમારા સંકલ્પ દ્રઢ નથી હોતાં. હમણા તો એમ કહો છો પણ કાલે પાછા નિરાશ થઇ જવાના. આવા કામોમાં ધીરજની અતિ જરૂર છે."

પંડિતજીએ લજ્જિત થઇ કહ્યું: "ઇશ્વર કરશે તો આ વખતે તમારે એ માટે ફરિયાદ ન કરવી પડશે."

વિઠ્ઠલ: "તો તો આપણું સફલ થવું એ નિશ્ચય છે."

પંડિતજી: "તે તો ઇશ્વરને હાથ છે. મને ન તો બોલવું આવડે છે ન લખવું. બસ આપ જે માર્ગે ચલાવશો તે પર આંખ બંધ કરી ચાલ્યો જઇશ."

વિઠ્ઠલ: "અરે એ તો બધું બની શકશે, કેવલ ઉત્સાહ જોઇએ. દ્રઢ સંકલ્પ હવામાં કિલ્લા બનાવી દે છે; આપની વાકચાતુરીમાં તો એટલો પ્રભાવ છે કે લોક સાંભળી દંગ થઇ જવાના. હા, એટલું સ્મરણમાં રહે કે હિમ્મત હારવી ન જોઇએ."

પંડિતજી: "આપ મને સંભાળી લેશો."

વિઠ્ઠલ: "ઠીક, તો હવે મારા ઉદ્દેશ પણ સાંભળી લ્યો. મારો પહેલો ઉદ્દેશ છે, વેશ્યાઓને સાર્વજનિક સ્થાનોમાંથી હઠાવી દેવાનો, અને બીજો, વેશ્યાઓના નાચગાનાનો રિવાજ કાઢી નાખવાનો છે. આપ મારી સાથે આ બાબતમાં એકમત છો કે નહિં?"

પંડિતજી: "શું હજીએ તેમાં કંઇ સંદેહ છે?"

વિઠ્ઠલ: "નાચના વિષયમાં આપના તે વિચાર તો નથી ને?"

પંડિતજી: "શું એક ધર બાળીને હજીએ તેજ ખેલ ખેલ્યા કરવાનો? તે વખતે ખબર નથી મને શું થઇ ગયું હતું? મારી હવે ખાત્રી થઇ ગઇ કે મારા તે દિવસના જલસાએ સુમનને ઘરમાંથી કઢાવી! પણ અહિં મને એક શંકા થાય છે. આખર આપણે પણ શહેરોમાંજ આટલું જીવન વ્યતીત કર્યું છે, તો આપણે કાં આ દુર્વાસનાઓમાં ન સપડાયા? નાચ પણ શહેરમાં અવર નવર થયા કરે છે પણ તેનું આવું ભીષણ પરિણામ આવતાં તો બહુ ઓછું જણાયું છે. તેથી એજ સિદ્ધ થાય છે કે આ વિષયમાં મનુષ્યનો સ્વભાવજ પ્રધાન છે. આપ આ ચર્ચાઓથી સ્વભાવ તો નથી બદલી શકતા?"

વિઠ્ઠલ: "આપણો એ ઉદ્દેશજ નથી. આપણે તો જે દુર્બલ સ્વભાવને અનુકૂલ છે, કેવલ તે દશાઓનું સંશોધન કરવા ચાહિયે સિવાય બીજું કંઇ નથી ચાહતા. કેટલાક મનુષ્યો જન્મથીજ સ્થૂલ હોય છે, તેમને માટે ખાવા પીવાની કોઇ વિશેષ વસ્તુની જરૂરીયાત નથી; કેટલાક એવા હોય છે કે જેઓ ઘી, દૂધ આદિનું ઇચ્છાપૂર્વક સેવન કરવાથીજ સ્થૂલ થઇ જાય છે, અને કેટલાક એવા હોય છે જે હમેશાં નબળાજ રહે છે. તેમને જોઇએ તેટલા ઘી દૂધના મટકામાં રાખવામાં આવે તો પણ જાડા કે મોટા થઇ શકતા નથી. આપણું કેવલ બીજા પ્રકારના મનુષ્યોનું પ્રયોજન છે. તમારા મારા જેવા મનુષ્ય તે દુર્વ્યસનમાં શું પડવાના કે જેમને પેટના ધંધાથી કદીયે ફુરસદ નથી મળતી. કોઇવાર પ્રેમમંડીમાં આવજાવ થઇ હશે કે તેનો પણ વિશ્વાસ નથી. અહિં તો ફસાય છે, ધનવાન, રૂપવાન, ઉદાર અને રસિક. સ્ત્રીયોને જો ઇશ્વર સુંદરતા દે તો ધનથી વંચિત ન રાખો. ધનહીન સુંદર, ચતુર સ્ત્રી પર દુર્વ્યસનનો પટ જલદી લાગી જાય છે."

પ્રકરણ ૨૫ મું.

સુમનને પાર્કથી પાછી ફરતાં ખેદ થવા લાગ્યો કે મેં પંડિતજીને તેમનું મન દુઃખાય તેવી વાતો કાં કહી. તેમણે આટલી ઉદારતાથી મને સહાયતા કરી, તેનો તેમને મેં આ બદલો આપ્યો! વાસ્તવમાં મેં મારી દુર્બલતાનો અપરાધ તેમને માથે ચઢાવ્યો. સંસારમાં દરેક ઘેર નાચ ગાણા તો થાય છે. ન્હાના મોટાં, દીન દુઃખી સર્વ જુએ છે, આનંદ માને છે. જો હું મારી કુચેષ્ટાઓના કારણે આગમાં કુદી પડી તો તેમાં પંડિતજીનો કે કોઇ બીજાનો તે શો દોષ? વિઠ્ઠલદાસ શહેરના સર્વ મોટા માણસો પાસે દોડયા; શું તેઓ એવા શેઠો પાસે ન ગયા હશે કે જેઓ અહિં આવે છે? પણ કોઇએ તેમને મદદ કાં ન કરી? આ કારણે ન કરી હોય કે તેઓ એમ ઇચ્છતા નથી કે હું અહિંથી મુક્ત થાઉં. મારા ચાલ્યા જવાથી તેમની કામતૃષ્ણામાં વિઘ્ન પડશે; તેઓ દયાહીન વાઘ સમાન મારા હૃદયને ઘાયલ કરી મારા તડપવામાં પોતાનો આનંદ સમજે છે: કેવલ એક જ પુરૂષ છે જેણે મને આ અંધકારમાંથી કાઢવા માટે હાથ લંબાવ્યો અને તેનું મેં અપમાન કીધું. તેઓ મનમાં મને કેટલી કૃતઘ્ન સમજશે. તેઓ મને જોતાંજ કેવા ભાગ્યા. મારેજ લજ્જાથી ગરક થઇ જવાની જરૂર હતી પણ મેં આ પાપભયને લીધે પોતાની નિર્લજતાથી તેમનો ઉલટો તિરસ્કાર કર્યો. જે લોક પોતાના કલુષિત ભાવોથી મારા જીવનને ભ્રષ્ટ કરી રહ્યા છે, તેમનો હું કેટલો આદર કરૂં છું. પણ પારધીને કોઇ પક્ષીને પોતાની જાલમાં સપડાતું નહિં જોતાં તે ઉપર કેટલો ક્રોધ ચઢે છે! બાલક જ્યારે કોઇ અશુદ્ધ વસ્તુનો સ્પર્શ કરે ત્યારે તે અન્ય બાલકોને દોડી દોડી અડકવા ઇચ્છે છે જેથી તેઓ પણ અપવિત્ર બની જાય. શું હું પણ હૃદય-શૂન્ય પારધી છું કે નાદાન બાલક!

કોઇ ગ્રંથકારને પૂછો કે તે એક નિષ્પક્ષ સમાલોચકના કટુ વાકયો આગળ વિચારવિહીન લોકોની પ્રશંસાનું શું મૂલ્ય આંકે છે? સુમનને આ સમયે અન્ય પ્રેમિઓની રસિકતા કરતાં પંડિતજીની ઘૃણા અધિક પ્રિય જણાતી હતી.

આખી રાત તે આ વિચારોમાં ડુબેલી રહી. મનમાં નિશ્ચય કર્યો કે પ્રાતઃકાલ વિઠ્ઠલદાસ પાસે જઇશ અને તેમને કહીશ કે મને કયાં પણ આશ્રય અપાવો. હું આપ પાસેથી બીજી કંઇ પણ સહાયતા નથી ઇચ્છતી, કેવલ એક સુરક્ષિત સ્થાન ચાહું છું, દળણું દળીશ, કપડાં સીવીશ અને બીજી કોઇ રીતે પણ મારો નિર્વાહ કરી લઇશ.

સવાર થઇ. તે ઉઠી અને વિઠ્ઠલદાસને ઘેર જવાની તૈયારી કરવા લાગી. એટલામાં તો તેઓ જાતેજ આવી પહોંચ્યા. સુમનને એટલો આનંદ થયો જાણે કોઇ ભક્તને આરાધ્ય દેવના દર્શનથી થાય છે. બોલી:

"આવો, સાહેબ, હું તો ગઇ કાલે આખો વખત આપની વાટ જોતી બેઠી હતી. હમણાજ આપને ત્યાં આવવાનો વિચાર કરતી હતી."

વિઠ્ઠલદાસ: "ગઇ કાલ કેટલાક કારણોને લીધે હું નહિ આવી શકયો."

સુમન: "તો આપે મારા રહેવા માટે કંઇ બંદોબસ્ત કર્યો ?"

વિઠ્ઠલ: "મારાથી તો કંઇએ ન થઇ શકયું, પણ પદમસિંહે લાજ રાખી લીધી. તેમણે તમારૂ પણ પૂરૂ કર્યું. તેઓ હમણાજ મારી પાસે આવ્યા હતા અને વચન દઇ ગયા છે કે તમને ૫૦ રૂપિયા માસિક જીંદગીભર આપશે."

સુમનના વિસ્મયપૂર્ણ નેત્ર સજલ બની ગયાં. પંડિતજીની આ મહાન ઉદારતાએ તેના અંતઃકરણને ભક્તિ, શ્રદ્ધા અને વિમલ પ્રેમથી પ્લાવિત કરી દીધું. તેને પોતાના કટુ વાકયો પર અત્યંત ક્ષોભ થયો. તે બોલી: "પંડિતજી દયા અને ધર્મના સાગર છે. હું આ જીવનમાં એમના ઉપકારથી મુક્ત થઇ નથી શકવાની. ઇશ્વર તેમને સદૈવ સુખી રાખો. પણ મેં તે સમય જે કંઇ કહ્યું હતું તે તો કેવલ પરીક્ષા માટે જ હતું. હું જોવા ઇચ્છતી હતી કે આપ ખરેખર મને ઉદ્ધારવા ચાહતા હતા કે કેવલ ધર્મનો શિષ્ટાચાર કરી રહ્યા હતા. હવે મને વિદિત થયું કે આપ બન્ને સજ્જન દૈવરૂપ છો. હું આપ લોકને વૃથા કષ્ટ આપવા નથી ચાહતી. હું સહાનુભૂતિની ભૂખી છું; તે મને મળી ગઇ. હવે હું મારા જીવનનો ભાર આપ લોકો પર ન નાંખીશ. આપ કેવલ મારા રહેવા માટેનો પ્રબન્ધ કરી આપો, જ્યાં હું વિઘ્નરહિત સુરક્ષિત રહી શકું."

વિઠ્ઠલદાસ ચકિત થઇ ગયા. જાતીય ગૌરવ આંખમાં ચમકી ઉઠયું. તેમણે વિચાર્યું. "અમારા દેશની પતિત સ્ત્રિયોના વિચાર પણ આવા ઉચ્ચ હોય છે !" તે બોલ્યા: "સુમન, તારા મ્હોંમાંથી આવા પવિત્ર શબ્દો સાંભળી મને આ સમયે જે આનંદ ઉપજે છે તે હું વર્ણવી શકતો નથી. પણ રૂપિયા વિના તારો નિર્વાહ તે કેવી રીતે થવાનો ?"

સુમન: "હું પરિશ્રમ કરીશ. દેશમાં લાખો દુઃખિ સ્ત્રીઓ છે. તેમનો ઈશ્વર સિવાય કોણ સહાયક છે ? હું મારી નિર્લજતાનો કર તમારી પાસેથી ન લઇશ."

વિઠ્ઠલ: "એ કષ્ટ તારાથી સહી શકાશે ?"

સુમન: "પહેલાં નહિં સહી શકાતા હતા પણ હવે સર્વ કંઇ સહી લઈશ. અહિં આવીને મને જણાયુ કે નિર્લજતા સર્વ કષ્ટોથી દુઃસહ છે. બીજા કષ્ટોથી શરીરને દુઃખ થાય છે; આ કષ્ટથી આત્માનો સંહાર થઇ જાય છે. હું ઈશ્વરને ધન્યવાદ આપું છું કે તેણે આપ લોકોને મારી રક્ષા માટે મોકલી આપ્યા."

વિઠ્ઠલ: "સુમન, તું વાસ્તવમાં તો વિદુષીજ છે."

સુમન: "ત્યારે હવે હું અહિંથી કયારે ચાલું ?"

વિઠ્ઠલ: "આજે જ. હમણા મેં આશ્રમની કમીટીમાં તારા રહેવા માટેની દરખાસ્ત કરી છે, પણ કંઇ અડચણ નહિં, તું તારે ત્યાં રહેજે. અગર કમીટીએ અડચણ જો કંઇ કરી તો જોઇ લઇશું. હા, આટલું યાદ રાખજે કે તારા વિષયમાં કોઇને કંઇ કહીશ નહિ, નહિં તો વિધવાઓમાં ખળભળાટ મચી રહેશે."

સુમન: "આપ જેમ ઉચિત ધારો તેમ કરવા હું તૈયાર છું."

વિઠ્ઠલ: "તો સાંજના ચાલવું થશે."

વિઠ્ઠલદાસના ગયા પછી થોડીજવાર રહી બે વેશ્યાઓ સુમનને મલવા આવી. સુમને કહેવાડી દીધું કે મારૂં માથું અતિશય દુઃખે છે. સુમન પોતાના હાથેજ ભોજન બનાવતી હતી. પતિત છતાં પણ તે ખાનપાનમાં શુદ્ધિ જાળવતી હતી. આજે તેણે વ્રત આદરવાનો નિશ્ચય કર્યો હતો. છૂટીનાં દિવસે કેદીયોને પણ ભોજન ભાવતું નથી.

બપોરના ધાડિયોની ટોળી આવી પહોંચી. સુમને તેમને પણ બહાનું કાઢી ટાળ્યા. તેને હવે એ લોકને જોતાંજ ધૃણા ઉપજતી હતી. શેઠ વલ્લભદાસને ત્યાંથી નાગપૂરી સંત્રાની એક ટોપલી આવી. સુમને તે તરત પાછી મોકલી દીધી. ચિમનલાલે ચાર વાગે પોતાની ફેટીન સુમનને ફરવા જવા માટે મોકલી. તેણે તે પણ પાછી વાળી દીધી.

હવે સદનના આવવાનો સમય થયો. સુમન આજે તેને મળવા માટે બહુ ઉત્કંઠિત હતી. આજે આ અંતિમ મેળાપ હતો. આજે આ પ્રેમાભિનય સમાપ્ત થઇ જવાનો હતો. તે મોહિનિ મૂર્તિનું પાછું દર્શન નથી થવાનું. તેના દર્શન

માટે નેત્ર તરસ્યાંજ રહેવાના. તેના સરલ પ્રેમની મધુર ગોષ્ટિ ફરી સાંભળવા નથી મળવાની. જીવન પાછુ પ્રેમવિહીન અને નીરસ બની જવાનું. કલુષિત છતાં આ પ્રેમ સાચો હતો. ભગવાન! મને આ વિયોગ સહેવાની શક્તિ આપજે. ના આ સમય સદન ન આવે તો ઠીક. તેને ન મળવામાંજ કલ્યાણ છે. કોણ જાણે તેની સામે મારો સંકલ્પ સ્થિર રહી શકશે કે નહિં. પણ તે આવી જતે તો એક વાર દિલ ખોલી તેની સાથે વાતો તો કરી લેતે. તેને આ કપટસાગરમાં ડૂબતાં બચાવવાની ચેષ્ટા કરતે.

એવામાં સુમને વિઠ્ઠલદાસને એક ભાડાની ગાડીમાંથી ઉતરતાં જોયા. તેનું હૃદય વેગથી ધડકવા લાગ્યું.

એક ક્ષણુમાં વિઠ્ઠલદાસ ઉપર આવી ગયા અને બોલ્યા: "અરે હજી તેં કંઇ તૈયારી ન કરી?"

સુમનઃ "હું તૈયાર છું."

વિઠ્ઠલ: "હજી બિસ્તરો સુદ્ધાં બાંધ્યો નથી."

સુમન: "અહિંની કોઇ વસ્તુ સાથે નથી લેવાની. આ ખરેખર રીતે કહું તો મારો પુનર્જન્મ જ થાય છે."

વિઠ્ઠલ: "આ સામાનનું ત્યારે શું થશે?"

સુમન: "આપ એ વેચી કોઇ શુભ કાર્યમાં વાપરી નાંખશો."

વિઠ્ઠલ: "ઠીક વાત છે. હું અહિં તાળું લગાડી દઇશ. તો હવે ઉઠ, ગાડી તૈયાર છે."

સુમનઃ "દસ વાગ્યાની પહેલાં હું ચાલી શકું તેમ નથી. આજે મને મારા પ્રેમિઓથી વિદાય થવું છે. કંઇક તેમની વાત સાંભળવી છે, કંઇક મારી કહેવી છે. આપ ત્યાં સુધી ઉપર અગાસી પર જઇ બેસો; મને તૈયાર જ સમજો."

વિઠ્ઠલદાસને ખોટું તો લાગ્યું. પણ ધીરજ રાખી, મન સંભાળી, ખુલ્લી અગાસી પર વખત પસાર કરવા લાગ્યા.

સાત વાગી ગયા પણ સદન ન આવ્યો. આઠ વાગ્યા સુધી સુમન તેની રાહ જોતી રહી. અંતમાં તે નિરાશ થઇ ગઇ. જ્યારથી તે અહિં આવવા લાગ્યો, ત્યારથી આજે જ તે ગેરહાજર રહ્યો. સુમનને એવું જણાવા લાગ્યું જાણે તે કોઇ નિર્જન સ્થાનમાં ખોવાઇ ગઇ છે. હૃદયમાં એક અત્યંત તીવ્ર, કિન્તુ સરલ, વેદના પૂર્ણ કિન્તુ મનોહારી આકાંક્ષાનો ઉદ્વેગ થઇ રહ્યા હતો. મન પૂછતું હતું, "તેના ન આવવાનું શું કંઇ કારણ હશે?" કંઇ અનિષ્ટની આશંકાએ તેને બેચેન કરી દીધી.

આઠ વાગે શેઠ ચિમનલાલ આવ્યા. સુમન તેમની ગાડી જોતાં ઉપલા માળ પર જઇ બેઠી. શેઠજી બહુ કઠણાઇથી ઉપર આવ્યા અને હાંફતા હાંફતા બોલ્યા: "ક્યાં છો દેવીજી, આજ ગાડી કાં પાછી ફેરવી દીધી? શું મારાથી કંઇ અપરાધ થયો?"

સુમન: "અહિં ઉપર ચાલ્યા આવો. અંદર કંઇ ગરમી જણાય છે. આજે માથામાં દર્દ થાય છે. ફરવા જવાને મન ન થયું."

ચિમનલાલ: "હિરિયાને મારે ત્યાં કાં ન મોકલી? હકીમ સાહેબ પાસેથી કોઇ નુસ્ખો તૈયાર કરાવી દેતે. તેમની પાસે તેલના સારા સારા નુસ્ખા છે."

આમ કહેતા કહેતા શેઠજી ખુરશીપર બેઠા, પણ ત્રણ પગની ખુરસી ઉલટાઇ ગઇ; શેઠજીનું માથું નીચે થઇ જઇ પગ ઉપર થઇ ગયા. કેવલ એકવાર મ્હોંમાંથી અરે! નિકળ્યું અને પછી કંઇ ન બોલ્યા. જડે ચૈતન્યનો પરાસ્ત કરી દીધો.

સુમન ડરી કે કયાં માર વધુ ન લાગ્યો હોય. ફાનસ લાવી જોતાં હસવું ન રોકાયું. શેઠજી એવા અસાધ્ય પડયા હતા જાણે પહાડ પરથી ગબડી પડયા હોય. પડયા પડયા બોલ્યા: "હાય રામ, કમર ટૂટી ગઇ. જરા મારા ઘોડાવાલાને બોલાવો, ઘર જઇશ."

સુમન: "માર બહુ લાગ્યો શું? આપે પણ ખુરસી ખેંચી આગળ કરી. દીવાલને ટેકવી બેસતે તો કદી ન પડી જતે. ઠીક ક્ષમા કરશો, મારાથી ભૂલ થઇ ગઇ કે આપને સચેત ન કર્યા. પણ આપ પણ જરા સંભાળી ન શકયા. બસ એકદમ પડીજ ગયા."

ચિમન: "મારી તો કમર ટૂટી ગઇ અને તમને તો મશ્કરી સુજી છે."

સુમન: "તો હવે એમાં મારા વશમાં તે શું છે? અગર આપ હલકા હતે તો ઉપાડી બેસાડતેએ. જરા આપ પોતેજ જોર કરો, હમણા ઉઠી બેઠા થઇ જશો."

ચિમન: "હવે મારૂં તો ઘર પહોંચવું મુશ્કેલ છે. હાય, કઇ બુરી ઘડીએ નિકળ્યો. અહિંથી ઉતરતાં જ પૂરો થઇ રહીશ. બાઇજી, તમે તે આ ક્યારનું વેર વાળ્યું?"

સુમન: "શેઠજી, હું બહુ લજ્જિત છું."

ચિમન: "અરે હવે રહેવા દો; જૂઠી જૂઠી વાતો બનાવો છો! તમે જાણી કરી મને પાડી નાખ્યો."

સુમન: "શું આપ સાથે મને કંઇ વેરભાવ હતો? અને જો આપથી વેર પણ હોય, તો આપની બિચારી કમરે મારૂં શું બગાડ્યું હતું?"

ચિમન: "હવે અહિં આવવાવાળા પર લ્યાનત છે."

સુમન: "શેઠજી, આપ આટલા જલ્દી નારાજ થઇ ગયા. એમજ સમજી લ્યો કે મેં જાણી બુજી પાડી નાખ્યા, તોએ શું થયું?"

એટલામાં વિઠ્ઠલદાસ ઉપરથી ઉતરી આવ્યા. તેમને જોતાંજ શેઠજી ચોંકી પડયા.

વિઠ્ઠલદાસે હસવું રોકી પૂછયું: "કહો શેઠજી, આપ અહિં કયાંથી આવી ફસ્યા? મને આપને અહિં જોઇ આશ્ચર્ય ઉત્પન્ન થાય છે."

ચિમન: "આ ઘડીએ તો કંઇ ન પૂછતા. ફરી અહિં આવું તો મારી પર લ્યાનત છે. મને કોઇ રીતે પણ અહિંથી નીચે પહોંચાડો."

વિઠ્ઠલદાસે એક હાથ પકડયો, સુમને બીજો હાથ સંભાળ્યો, ઘોડાવાળાએ આવી કમર પકડી. આ રીતે લોકોએ તેમને કોઇ રીતે નીચે ઉતારી ગાડીમાં સૂવાડી દીધા.

ઉપર આવી વિઠ્ઠલદાસે કહ્યું: "ગાડીવાળો હજી સુધી ખોટી છે, દસ વાગી ગયા. હવે વિલંબ તું ન કર."

સુમને કહ્યું: "હજી એક કામ કરવાનું છે, પંડિત દીનાનાથ આવતા હશે. બસ તેમની સાથે ચૂકતે કરી લઉં. આપ થોડી વધુ તકલીફ ઉપાડો."

વિઠ્ઠલદાસ ઉપર આવી બેઠા નહિં કે પંડિત દીનાનાથ આવી પહોંચ્યા. બનારસી સાફો માથે હતો, શરીરે રેશમી અંગરખું શોભતું હતું. કાળી કિનારીવાળું ભારે ધોતિયું અને કાળા વારનિશના ચકચકતા જોડા તેમના ગોરા શરીર પર ખૂબ દીપી નિકળતા હતા.

સુમને કહ્યું: "આવો મહારાજ, ચરણે પડું છું."

દીનાનાથ: "આશીર્વાદ, જવાની વધે, આંખના અંધા ગાંઠના પૂરા ફસે."

સુમન: "કાલ આપ કેમ ન દેખાયા? સમાજિયો માટે અરધી રાત સુધી આપની વાટ જોતી રહી."

દીનાનાથ: "કંઇ પૂછો જ ના. કાલ એક મામલામાં ફસાઇ ગયો. ડૉ૦ શ્યામાચરણ અને પ્રભાકરરાવ સ્વરાજ્યની સભામાં ઘસડી ગયા. ત્યાં બકબક થઇ રહી. મને બધાઓએ વ્યાખ્યાન આપવા કહ્યું. મેં કહ્યું: 'મને શું કોઇ ઉલ્લુ સમજ્યા છો?' જેમ તેમ પિછો છોડવી ભાગ્યો. તેમાં વાર થઇ ગઈ."

સુમન: "કેટલા દિવસ થયા મેં આપને કહ્યું હતું કે કમાડોમાં વાર્નિશ લગાડી દેઓ. આપે કહ્યું વાર્નિશ કેથે મળતું જ નથી. આ જુઓ એક બાટલી વાર્નિશ મેં મંગાવી રાખ્યું છે. કાલ જરૂર લગડાવી દેજો."

પંડીત દીનાનાથ ગાદીવાળી બેઠક પર બેઠા હતા તેની ઉપરજ અભરાઇ હતી જે પર વાર્નિશ રાખવામાં આવ્યું હતું. સુમને બાટલી ઉપાડી પણ ખબર નથી કેવી રીતે બાટલીનું તળિયું અલગ થઇ ગયું અને પંડિતજી વાર્નિશથી ન્હાઇ ઉઠયા. તેઓ ચોંકી ઉઠી ઉભા થયા અને સાફો ઉતારી રૂમાલથી લુછવા લાગ્યા.

સુમને કહ્યું: "ખબર નથી, કોણ જાણે બાટલી તુટેલી હશે કે શું બધું વાર્નિશ ઢોળાઇ ગયું."

દીનાનાથ: "તમને તમારા વાર્નિશની પડી છે. અહિં સર્વ કપડાં તર થઇ ગયા છે. હવે તો ઘર સુધી પહોંચવું મુશ્કેલ છે."

સુમન: "રાતના કોણ જુએ છે, ગુપચુપ નિકળી જાઓ."

દીનાનાથ: "હવે રહેવા દોને, સર્વ કપડાની તો સત્યાનાશી કરી નાખી. હવે ઉપાય બતાવી રહી છે. હવે આ ધોવાઇ શકાય તેમ પણ નથી."

સુમન: "તો શું મેં જાણીબુઝીને પાડી?"

દીનાનાથ: "તમારા મનની વાત કોણ જાણે?"

સુમન: "ઠીક જાઓ, જાણી બુઝી પાડી, બસ."

દીનાનાથ: "અરે પણ તેનું હું કંઇ કહું છું એ? મનમાં આવતું હોય તો ઓર બીજીએ પાડી દોને."

સુમન: "બહુ થાય તો તમારા કપડાની કિંમત ભરી લેજો."

દીનાનાથ: "ખફા થાઓ છો સરકાર, હું તો કહી રહ્યો છું કે વાર્નિશ પાડયું તો ઠીક કીધું."

સુમનઃ "એવી રીતે બોલો છો કે જાણે મારા પર દયા કરી રહ્યા છો."

દીનાનાથઃ "કાં લજ્જિત કરો છો?"

સુમનઃ "જરા સરખાં કપડાં ખરાબ થઇ ગયાં તો તે પર એટલા ગરમ થઇ ગયા. એ જ આપની મહોબ્બત! જેની કથા સાંભળતાં સાંભળતાં મારા કાનો પાકી ગયા. ઠીક હું પણ હવે સમજી ગઇ. મને પણ ખબર પડી. હવે કૃપા કરી ઘેર પધારો, અહિં ફરી ન આવતા. મને આપ જેવા મિયાં મિઠુઓની જરૂરત નથી."

વિઠ્ઠલદાસ ઉપર બેઠા બેઠા આ કૌતુક જોઇ રહ્યા હતા. સમજી ગયા કે હવે અભિનય સમાપ્ત થઇ ગયા. નીચે ઉતરી આવ્યા. દીનાનાથે એકાએક ચોંકી તેમને જોયા અને છડી ઉપાડી શીઘ્રતાથી નીચે ઉતરવા માંડ્યું.

થોડી વાર રહી સુમન ઉપરથી ઉતરી. તેણે કેવલ એક સફેદ સાડી પહેરી હતી. હાથોમાં બાંગડી સુદ્ધાં ન હતી. તેનું મુખ ઉદાસ હતું; આ કારણે નહિં કે આ ભોગ-વિલાસથી તે છૂટી થાય છે. પણ એટલા માટે કે આ અગ્નિકુંડમાં તે કાં પડી હતી. આ ઉદાસિનતામાં મલિનતા ન હતી, ઉલટા એક પ્રકારનો સંયમ હતો આ કોઇ મદિરાસેવીના મુખ પર છવાનારી ઉદાસી હતી, બલ્કે તેમાં ત્યાગ અને વિચાર આભાસિત થઇ રહ્યાં હતાં.

વિઠ્ઠલદાસ મકાનને તાળું વાસી ગાડીના કોચબાકસ પર જઇ બેઠા. ગાડી ચાલી.

બજારમાંની દૂકાનો બંધ હતી. પણ રસ્તો હજી ચાલુ હતો. સુમને બારીમાંથી ઝાંખી જોયું. તેને આગળ ફાનસોની એક સુંદર માળા દેખાઇ, પણ જેમ જેમ ગાડી આગળ વધતી હતી તેમ તેમ તે પ્રકાશમાલા પણ આગળ વધતી જતી હતી. થોડે થોડે અંતરે ફાનસો આવતાં હતાં, પણ તે જ્યોતિમાલા અભિલાષાઓની પેઠે દૂર ભાગતી જતી હતી. ગાડી વેગથી જતી હતી. સુમનનું ભાવી–જીવનયાન પણ વિચારસાગરમાં વેગથી હાલતુ, ડગમગતું, તારાઓની જ્યોતિજાલમાં ઉઝલતું ચાલ્યું જતું હતું.

પ્રકરણ ૨૬ મું.

સદન પ્રાતઃકાલે ઘેર ગયો ત્યારે તેણે પોતાની કાકીના હાથમાં બંગડી જોઇ. લજ્જાથી તેની આંખો નીચે નમી ગઇ, નાસ્તો કરી તે જલદી બહાર નિકળી આવ્યો અને વિચારવા લાગ્યો આ બંગડી એમને તે કેવી રીતે મળી?

શું એ સંભવે છે કે સુમને તે અહિં મોકલી દીધી હોય? તે શું જાણે કે બંગડી કોની છે? મેં તો તેને મારૂં ઠેકાણું પણ નથી બતાવ્યું. કદાચ એમ બની શકે કે આ તે જ નમુનાની બીજી બંગડી હોય, પરંતુ એટલી જલદી તે તૈયાર ન થઇ શકે. સુમને અવશ્ય મારો પત્તો જાણી લીધેલો છે અને કાકી પાસે આ બંગડી મોકલી દીધી છે.

સદને બહુ વિચાર કર્યો પણ દરેક પ્રકારે તે એજ પરિણામપર પહોંચતો. તેણે ફરી વિચાર્યુંઃ "ઠીક એમ પણ માની લઇએ કે તેને મારા ઠેકાણાની ખબર પડી ગઇ તો શું તેને આ ઉચિત હતું કે તેણે મારી આપેલી વસ્તુને અહિં મોકલી દેવી? એ તો એક પ્રકારનો વિશ્વાસઘાત છે.

"જ્યારે સુમને મારૂં ઠેકાણું જાણી લીધું છે ત્યારે તો તે મને મનમાં ધૂર્ત, પાખંડી અને દગાબાજ સમજતી હશે. બંગડીને કાકી પાસે મોકલી તેણે આ પણ સાબીત કરી દીધું છે કે તે મને ચોર પણ સમજે છે."

આજે સંધ્યા સમયે સદનને સુમન પાસે જવાનો સાહસ ન થયો. ચોર અને દગાબાજ બની તેની પાસે કેવી રીતે જાય? તેનું ચિત્ત ખિન્ન હતું. ઘરપર બેસી રહેવું તેને ખરાબ લાગતું હતું. તેણે તે સર્વ સહન કર્યું પણ સુમન પાસે ન જઇ શક્યો.

આ પ્રમાણે એક સપ્તાહ વીતી ગયો. સુમનને મળવા માટે ઉત્કંઠા રોજ પ્રબલ થતી હતી અને શંકાઓ આ ઉત્કંઠાની નીચે દબાઇ જતી. સંધ્યા સમયે તેની દશા ઉન્મત્તોના જેવી થઇ જતી. જેમ બીમારી પછી મનુષ્યોનું ચિત્ત ઉદાસ રહે છે અને કોઇથી પણ વાત કરવાને જીવ નથી ચહાતું, ઉઠવું બેસવું મહા મુશ્કીલ થઇ જાય છે, જ્યાં બેસે છે ત્યાંનોજ થઇ જાય છે, તે જ દશા આ સમયે સદનની હતી.

અંતમાં તે અધીર થઇ ગયો. આઠમે દિવસે તેણે ઘોડો તૈયાર કરાવ્યો અને સુમનને મળવા માટે ચાલ્યો. તેણે નિશ્ચય કર્યો હતો કે આજે જઇ તેને મારી બધી કર્મકથા કહી દઇશ. જેનાથી પ્રેમ થઇ ગયો પછી તેનાથી છૂપાવવું શા માટે? હાથ જોડી કહીશઃ "સરકાર, ખરાબ છું યા સારો, હવે તો આપનો સેવક છું. જે દંડ આપવો હોય તે

આપો. શીર તમારી સામે ઝુકેલું છે. ચોરી કરી કે ભલે દગો કર્યો. સર્વ તમારા નિમિત્તે થયું: હવે ક્ષમા કરો."

વિષયવાસના, નીતિ જ્ઞાન અને સંકોચ, કોઇના રોકયા રોકાતા નથી. નિશામાં આપણે બેશુદ્ધ થઇ જઇએ છીએ.

તે વ્યાકુળ થઇ પાંચ વાગતાજ નિકળી પડયો અને ફરતા ફરતા નદીના તટ પર જઇ પહોંચ્યો. શીતલમંદ વાયુ તેના તપતા શરીરને અત્યંત સુખદ લાગતો હતો અને જલની નિર્મલ, શ્યામ, સુવર્ણ ધારામાં થોડી થોડી ઉછળતી માછલીઓ એવી દેખાતી હતી કે જાણે કોઇ સુંદરીના ચંચલ મૃગનયન ઝીણા ઘુંઘટમાંથી ચમકતા હોય.

સદન ઘોડા પરથી ઉતરી કિનારા પર બેસી ગયો અને આ મનોહર દૃશ્યની છટા જોવામાં મગ્ન થઇ ગયો. અકસ્માત તેણે એક જટાધારી સાધુને વૃક્ષોમાંથી પોતાના તરફ આવતો જોયો. તેના કંઠમાં રૂદ્રાક્ષની માળા હતી. નેત્ર લાલ હતાં. જ્ઞાન અને યોગની પ્રતિમાને સ્થાને તેના મુખમાંથી એક પ્રકારની સરલતા અને દયા પ્રકટ થતી હતી. તેને પોતાના નિકટમાં જોઇ સદને ઉઠી તેનો સત્કાર કર્યો.

સાધુએ એવા ઢંગથી તેનો હાથ પકડી લીધો કે જાણે તેનાથી પુરાણો પરિચય છે. તેણે કહ્યું: "સદન, હું ઘણા દિવસ થયા તમને મળવા માંગતો હતો. તમારા હિતની એક વાત કહેવા ચાહું છું. તમે સુમનબાઇની પાસે આવ જાવ છોડી દેઓ, નહિં તો તમારો સર્વ નાશ થઇ જશે. તમે નથી જાણતા તે કોણ છે? પ્રેમના નશામાં તમને તેના દૂષણ દેખવામાં આવતા નથી. તમે સમજો છો કે તે તમને પ્રેમ કરે છે. કિંતુ તે તમારી ભૂલ છે. જેણે પોતાના પતિને ત્યાગી દીધો તે વળિ શું બીજાના પ્રેમને પણ નિભાવી શકવાની? તમે આ વખતે ત્યાંજ જાઓ છો? સાધુના વચન માનો, પાછો ઘેર ચાલ્યા જાઓ, તેમાંજ તમારૂં કલ્યાણ છે." આમ કહી તે મહાત્મા જ્યાંથી આવ્યા હતા ત્યાંજ ચાલ્યા ગયા અને તે પૂર્વે સદન તેમનાથી કંઇ જીજ્ઞાસા કરવાને સાવધાન થઇ શકે કે તેઓ આંખેથી છૂપાઇ ગયા.

સદન વિચારવા લાગ્યો, આ મહાત્મા કોણ છે? તે મને ઓળખે છે. મારા ગુપ્ત રહસ્યો એને કેમ જ્ઞાત થયા? કંઇક તે સ્થાનની નીરવતા, કંઇક પોતાના ચિત્તની સ્થિતિ, કંઇક મહાત્માના આકસ્મિક આગમન અને કંઇક તેની અંતરદૃષ્ટિએ તેની વાતોને આકાશવાણી તૂલ્ય બનાવી દીધી. સદનના મનમાં કોઇ ભાવી અમંગલની આશંકા ઉત્પન્ન થઇ ગઇ. તેને સુમન પાસે જવાનો સાહસ ન થયો. તે ઘોડા પર બેઠો અને આશ્ચર્યજનક ઘટનાની વીવેચના કરતો કરતો ઘર તરફ ચાલી નિકળ્યો.

જ્યારથી સુભદ્રાએ સદનપર પોતાની બંગડીના વિષયમાં સંદેહ કર્યો હતો ત્યારથી પદમસિંહ તેનાથી રૂષ્ટ થઇ ગયા હતા તેથી સુભદ્રાનો હવે અહિં જીવ લાગતો નહોતો. પંડીતજી પણ એજ ચિંતામાં હતા કે સદનને હવે કોઇપણ રીતે અહિંથી ઘેર મોકલી દઉં. અહિં સદનનું ચિત્ત પણ ઉચાટ થઇ રહ્યું હતું. તે પણ ઘેર જવા ચાહતો હતો. પરંતુ બન્નેમાંથી કોઇપણ આ વિષયમાં મોં ઉઘાડી શકતું નહોતું. પણ બિજેજ દિવસે પંડીતજીના મોટાભાઇ અને સદનના પિતા મદનસિંહના એક પત્રે તેમની સર્વેની ઇચ્છા પૂરી કરી દીધી. તેમાં લખ્યું હતું: "સદનના વિવાહની વાતચીત ચાલી રહી છે. સદનને સુભદ્રા વહુ સાથે શીઘ્ર મોકલી દ્યો."

સુભદ્રા આ સૂચના સાંભળી બહુ પ્રસન્ન થઇ. વિચારવા લાગી, માસ બે માસ ધામધૂમ રહેશે, સંગીતની મજા મળશે, ચેનથી દિન વ્યતિત થશે. આ ઉલ્લાસને તે મનમાં છૂપાવી ન શકી. પંડિતજી તેની નિષ્ઠુરતા જોઇ વધારે ઉદાસ થઇ ગયા. મનમાં કહ્યું: "એને પોતાના આનંદમાં મારૂં કંઇ ધ્યાન પણ નથી. જ્યાં મહીના પછી મિલાપ થશે ત્યાં તે આવી ખુશાલી કયાંથી!"

સદને પણ જવા માટે તૈયારી કરી દીધી. પંડિતજીએ વિચાર્યું હતું કે તે અવશ્ય આનાકાની કરશે, પરંતુ તેમ ન થયું.

આ વખતે આઠ વાગ્યા હતા. દિવસે બે વાગે ગાડી જતી હતી. એટલા માટે પંડિતજી કચેરીમાં ન ગયા. અનેક વાર પ્રેમથી વિવશ થઇ સુભદ્રાવાળા ઓરડામાં ગયા. પરંતુ સુભદ્રાને તેમની સાથે વાતચીત કરવાને ફુરસદજ કયાં હતી. તે પોતાના દાગીના, વસ્ત્ર અને કેશ સજવામાં નિમગ્ન હતી. થોડાક ઘરેણાં આમલીના પાણીમાં પડયાં હતાં. થોડાક ચાકરડી સાફ કરી રહી હતી. પાનદાન સાફ થઇ રહ્યો હતો. પાડોસની કેટલીક સ્ત્રીઓ બેઠી હતી. સુભદ્રા આજ ખુશાલીમાં જમી પણ નહિં.

પૂરીઓ બનાવી પંડિતજી અને સદન માટે બહાર જ મોકલી દીધી.

એમ કરતાં એક વાગી ગયો. જીતને ગાડી લાવી દ્વાર પર ઉભી કરી દીધી. સદને પોતાનાં ટ્રંક અને બિસ્તરો વિગેરે ગાડીમાં મૂક્યાં. તે વખતે હવે સુભદ્રાને પંડિતજીની યાદ આવી; ચાકરડીને કહ્યું: 'જરા જો તો ક્યાં છે, બોલાવી લાવ." તેણે આવી બહાર જોયું, ઓરડામાં જોયું, નીચે જઇ જોયું, પંડિતજીનો પત્તો નહોતો. સુભદ્રા સમજી ગઇ. બોલી: "જ્યાં સુધી તેઓ નહિં આવે ત્યાં સુધી હું નહિં જઇશ." પંડિતજી ક્યાં બહાર નહોતા ગયા. ઉપર અગાસી પર જઇ બેઠા હતા. જ્યારે એક વાગી ગયો અને સુભદ્રા ન નિકળી ત્યારે તેઓ ફફડતા ઘરમાં ગયા અને સુભદ્રાને કહ્યું: "હજી સુધી તું અહીં છે? એક તો વાગી ગયો!"

સુભદ્રાની આંખોમાં જલ ભરાઇ આવ્યું. જવાની તૈયારી વખતે પંડિતજીની આ કઠોરતા અનુચિત હતી. પંડિતજી પોતાની નિષ્ઠુરતા પર પસ્તાયા. સુભદ્રાના આંસૂ લુછ્યાં, ગલે લગાડી અને તેને ગાડીમાં બેસાડી દીધી.

સ્ટેશને પહોંચ્યા, ગાડી ઉપડવાને તૈયાર હતી. સદન દોડી આવી ગાડીમાં બેસી ગયો. સુભદ્રા અંદર જઈ બેસતાં સાથે ગાડી ઉપડી ગઇ. તે બારી પાસે ઉભી પંડિતજીને તાકતી હતી. જ્યાં સુધી તે આંખથી અદૃષ્ય ન થયા ત્યાં સુધી તે બારી પરથી હઠી નહિ.

સંધ્યા સમયે ગાડી ઉતરવાના સ્ટેશને આવી પહોંચી. મદનસિંહ વાહન લઇને સ્ટેશન પર સામે લેવા આવ્યા હતા. સદને દોડી આવી પિતાજીના ચરણસ્પર્શ કર્યા.

જેમ જેમ ગામ નિકટ આવતું હતું તેમ તેમ સદનની ઉગ્રતા વધતી જતી હતી; જ્યારે ગામ અર્ધો માઇલ દુર રહ્યું અને ધાન્યના ખેતરોવાળી ભૂમિ પર ઘોડાને દોડાવવું કઠણ જણાયું ત્યારે તે ઉતરી પડયો અને વેગથી ગામ તરફ પગે ચાલવા લાગ્યો. આજે તેને પોતાનું ગામ બહુ સુમસામ જણાતું હતું. સૂર્યાસ્ત થયો હતો. ખેડુતો બળદોને હાંકતા ખેતરોથી ચાલી આવતા હતા. સદને કોઇને પણ કંઇ ન કહ્યું. સીધા પોતાના ઘરમાં દાખલ થઇ માતાના ચરણસ્પર્શ કર્યા. માતાએ છાતીએ લગાડી આશીર્વાદ આપ્યા.

ભામા: "તે ક્યાં રહી ગઇ?"

સદન: "આવે છે, હું સીધો ખેતરોમાંથી ચાલી આવ્યો."

ભામા: "કાકા કાકીથી મન ધરાઇ ગયુંને?"

સદન: "કાં?"

ભામા: "તે તો ચહેરોજ કહી દે છે."

સદન: "ત્યાં તો હું અંગમાં વધ્યો છું!"

ભામા: "ચાલ જુઠા. કાકીએ ખાવાનું પૂરું આપ્યું ન હશે!"

સદન: "કાકી એવી નથી. અંહિથી તો ત્યાં મને બહુ આરામ હતો. ત્યાં દૂધ સારૂં મળતું હતું."

ભામા: "તો પછી રૂપીઆ શા માટે મંગાવ્યા હતા?"

સદન: "એ તો તમારા પ્રેમની પરીક્ષા લેવા? આટલા દિવસમાં તમારી પાસેથી તો ૨૫) જ લીધાને? કાકા પાસેથી તો છ સાત સો તો લઇ ચૂકયો. ચારસોનો તો એક ઘોડોજ લીધો, રેશમી કપડા બનાવ્યા, શહેરમાં રઇસ બની ફરતો હતો. સવારમાં કાકી તાજો હલવો બનાવી આપતી હતી. તે પર શેર દૂધ, ત્રીજે પ્હોરે મેવા અને મિઠાઇઓ હું ઉડાવતો. મેં ત્યાં જે મોજ મારી તે કદિ પણ ન ભૂલવાનો. મેં પણ વિચાર્યું કે મારી કમાઇથી મજા કરૂં ત્યારની વાત ત્યારે, પણ હાલમાં આ અવસર શા માટે ચૂકવો જોઇએ! એટલે બધા સો પૂરા કરી લીધા."

ભામાને એવું અનુમાન થયું કે સદનની વાતોમાં કંઇ ઓર ઢંગ આવી ગયો છે. તેનામાં કંઈક શહેરીપણું આવી ગયેલું તેને દેખાયું.

સદને પોતાના નાગરિક જીવનનું તે ઉત્સાહથી વર્ણન કર્યું જે એક બીનઅનુભવી યુવાન કરવા તલપે છે.

સરલ સ્વભાવની ભામાનું હૃદય સુભદ્રાની તરફ નિર્મલ થઇ ગયું.

બીજે દિવસે સવારે ગામના માન્ય પુરૂષ નિમંત્રિત કરવામાં આવ્યા અને તેમની રૂબરૂ સદનના વેવિશાળની ક્રિયા કરવામાં આવી.

સદનની પ્રેમલાલસા આ વખતે એવી પ્રબલ થઇ રહી હતી કે વિવાહની સખ્ત ધર્મબેડીને સામે જોતાંએ તેને ચિંતા ન થઇ. તેનો સુમન સાથે જે પ્રેમ હતો તેમાં તૃષ્ણાનુંજ આધિક્ય હતું. સુમન તેના હૃદયમાં રહેતાંએ પણ તેના જીવનનો આધાર ન બની શકતી. સદન

પાસે યદિ કુબેરનું ધન હોત તો તે જરૂર સુમનપર અર્પણ કરી દેત. તે પોતાના જીવનના સમ્પૂર્ણ સુખ તેને અર્પી શકતો હતો. પરંતુ પોતાના દુઃખ, વિપત્તિ, કઠીણાઇઓ અને નિરાશાઓથી તો એ તેને દૂરજ રાખતો હતો. પરિણામે તેની પાસેથી તે સુખનો આનંદ મેળવી શકતો હતો. દુઃખની ઝાંખીએ તેને થતી ન હતી. પ્રેમનું જીવન ગણુનારો જે વિશ્વાસ તે તો સુમનપર તેને ક્યાં હતો?

હવે તે કપટ–પ્રેમની માયાજાળમાંથી મુક્ત થઇ જવાનો. હવે તેને બહુરૂપ થવાની આવશ્યકતા નથી. હવે તે પ્રેમને યથાર્થ રૂપમાં જોશે અને યથાર્થ રૂપમાં પ્રત્યક્ષ કરી બતાવશે. અહીં તેને તે અમૂલ્ય વસ્તુ મળશે જે સુમન પાસેથી તેને કોઇ પણ પ્રકારે મળી ન શકતે.

આ વિચારોએ સદનને આ નવા પ્રેમ માટે આતૂર કરી દીધો. હવે તેને માત્ર એજ સંશય રહ્યો હતો કે કદાચ તેની ભાવી પત્નિ રૂપવંતી ન નિવડી તો? રૂપલાવણ્ય પ્રાકૃતિક ગુણ છે જેમાં કોઇ પરિવર્તન નથી થઇ શકતું. સ્વભાવ એક ઉપાર્જિત ગુણ છે, તેમાં શીક્ષા અને સત્સંગથી સુધારો થઇ શકે છે. સદને આ વિષયમાં સાસરીઆના હજામ પાસેથી કંઇ જાણી લેવા તેને ખુબ ભાંગ પીવરાવી, સારી પેઠે મિઠાઇ ખવરાવી, પોતાનું એક ધોતિયું પણ તેને ભેટમાં આપ્યું. હજામે નિશામાં ચકચૂર બની વહુની એવી પ્રશંસા કરી, તેના નખશિખનું એવું ચિત્ર ખેંચ્યું કે સદનને તે વિષયમાં હવે કાંઇ પણ સંદેહ ન રહ્યો. આ નખશિખ સુમનથી ઘણું કરી મળતાં આવતાં હતાં. પરિણામે સદન ભાવી પત્નિનું સ્વાગત કરવા વધારે ઉત્સુક બન્યો.

પ્રકરણ ૨૭ મું.

આ વાત તદ્દન સાચી નથી કે ઇશ્વર સર્વને કોઇને કોઇ બહાને અન્ન વસ્ત્ર આપે છે. પંડીત ઉમાનાથ કોઇપણ બહાના વગર સંસારના સુખભોગ ભોગવતા હતા. તેમની વૃત્તિ ઇશ્વર પર અવલંબતી હતી. તેમની ત્યાં ભેંસ અને ગાયો નહોતી પણ ઘરમાં ઘી, દૂધની નદી વહેતી હતી. તેઓ ખેતીવાડી કરતા નહોતા પરંતુ ઘરમાં અનાજની કોઠીઓ ભરેલી રહેતી હતી. ગામમાં ક્યાંક નદીની માછલી તણાઇ આવતાં, ક્યાંક બકરો આવતાં, ક્યાં આંબા ઉતરતા, ક્યાં જમણ હોય તો ઉમાનાથનો હિસ્સો વગર માંગે પોતાની મેળે તેને મળી જતો. અમોલા મોટું ગામડું હતું. માણસોની સંખ્યા અઢી ત્રણ હજારની હતી. પણ સમસ્ત ગામમાં તેમની સંમતિ વિના કોઇ પણ કામ થતું નહોતું. સ્ત્રિઓને યદિ ઘરેણા બનાવવા હોય તો તે ઉમાનાથને કહેતી. છોકરા છોકરીઓના વિવાહ ઉમાનાથની મારફતેજ થતા. ખતપત્રો તથા દસ્તાવેજ ઉમાનાથની સમંતિથી લખાતા હતા. મુકર્દમા વગેરે મામલાઓનો નિકાલ તેમની મારફતેજ થતો. અને તેમાં ખૂબી તો એ હતી કે તેમનો આ પ્રભાવ અને સન્માન તેમની સજ્જનતાના કારણે નહોતો. ગામવાલાઓ સાથે તેમનો આ વ્યવહાર શુષ્ક અને લુખો હતો. તેઓ ચોખે ચોખી વાત કરતા, લલ્લુ પંજુ કરવું જાણતા નહોતા, પરંતુ તેમના કટુ વાકયોને લોકો દૂધ સમાન પીતા. ખબર નથી કે તેમના સ્વભાવમાં શું જાદુ હતું. કોઇ કહેતા હતા આ એમના સદભાગ્યના કારણે છે. કોઇ કહેતા એમને મહા વીરનુ ઇષ્ટ છે. પરંતુ અમારા વિચારે તો તે તેમના માનવ સ્વભાવના જ્ઞાનનું ફળ હતું. ક્યાં નમ્ર થવું અને ક્યાં અકડી બેસવું તે તેઓ સારી રીતે જાણતા હતા. ગામવાલાઓ સાથે અકડવામાં, અને અધિકારીઓ સાથે નમ્ર થવામાંજ તેમનું કાર્ય સિદ્ધ થતું હતું. ચોકીના અને તહેસીલના અમલદારો સીપાઇથી લઇ તહેસીલદાર સુધી સર્વે તેમના પર કૃપાદૃષ્ટિ રાખતા હતા. તહેસીલદાર સાહેબ માટે તેઓ વર્ષફળ બનાવતા, ડેપ્યુટી સાહેબ માટે ભાવી ઉન્નતિની સૂચના દેતા. કાનુનગો અને કુર્કઅમીન તેમના દ્વારપર વગર બોલાવે મહેમાન થઇ રહેતા. કોઇને મંત્ર દેતા, કોઇને ભગવદ્ ગીતા સંભળાવતા, અને જે લોકોની શ્રદ્ધા આ વાતોપર નહોતી, તેમને મીઠાં અથાણા અને નવરત્નની ચટની ખવરાવી પ્રસન્ન રાખતા. થાણેદાર સાહેબ તેમને પોતાનો જમણો હાથ સમજતા. જ્યાં આ વાતોથી તેમનું કાર્ય નિષ્ફળ જતું ત્યાં તેમના બારે દૂખી જતા. ભલા એવા પુરૂષની તે ગામવાલા પૂજા કેમ ન કરે?

ઉમાનાથને પોતાની બેન ગંગાજલી સાથે બહુજ પ્રેમ હતો. પરંતુ ગંગાજલીને પીયર આવ્યાને થોડાજ દિવસ થયા પછી જણાયું

કે ભાઈનો પ્રેમ ભોજાઈની અવજ્ઞના સામે ટકી શકતો નથી. ઉમાનાથ પોતાની બહેનને ઘેર લાવવા પછી મનમાં બહુજ પસ્તાતો હતો. તે પોતાની સ્ત્રીને પ્રસન્ન રાખવા માટે ઉપરટપકે તેની સાથે હામાં હા મેળવી દેતો હતો. બ્હેન ગંગાજલીને સાફ કપડા પહેરવાનો શું અધિકાર છે? તેની પુત્રી શાન્તાનું પાલન ભલે પહેલા જોઇએ તેટલા લાડ પ્યારથી થયું હોય, પણ હવે તેને ઉમાનાથની પુત્રીઓ સાથે બરોબરી કરવાનો શું અધિકાર હતો? ઉમાનાથ સ્ત્રીની આવી દ્વેષ-પૂર્ણ વાતોને સાંભળતો અને તેને અનુમોદન આપતો. ગંગાજલીને જ્યારે ગુસ્સો આવતો તો તે પોતાના ભાઇ પરજ ઉતારતી. તે સમજતી હતી કે તે પોતાની સ્ત્રીને ઉત્તેજન આપી મારી દુર્ગતિ કરાવી રહ્યો છે. જો પોતાની સ્ત્રીને એક ધમકી આપતે તો તેની મગદુર શું હતી કે તે મારી પાછળ આમ લાગી રહેતે. ઉમાનાથને જ્યારે અવસર મળતો ત્યારે તે ગંગાજલીને એકાંતમાં સમજાવી દેતો. પરંતુ એક તો તેની સ્ત્રી જાન્હવી તેને આવા અવસર પર મળવાજ ન દેતી, બીજું ગંગાજલીને પણ તેની સહાનુભૂતિપર વિશ્વાસ ન આવતો.

આ પ્રમાણે એક વર્ષ વીતી ગયું. ગંગાજલી ચિંતા, શોક અને નિરાશાથી બીમાર પડી ગઇ. તેને તાવ આવવો શરૂ થયો. ઉમાનાથે પહેલાં તો સાધારણ ઔષધિઓનું સેવન કરાવ્યું, પરંતુ જ્યારે કંઇ લાભ ન થયો ત્યારે તેને ચિંતા થઇ. એક દિવસે તેની સ્ત્રી કોઇ પાડોસીના ઘેર ગઇ હતી. ઉમાનાથ બહેનના ઓરડામાં ગયો. તે બેશુદ્ધ પડી હતી. પથારી ચીથરાં થઇ ગઇ હતી, સાડી ફાટી જઇ તાર તાર થઇ ગઇ હતી. ભાણેજ શાંતા તેની પાસે બેસી પંખો નાંખતી હતી, આ કરૂણાજનક દૃશ્ય જોઇ ઉમાનાથ રડી પડયો. એજ બહેન છે, જેની સેવા માટે બે દાસિઓ તત્પર રહેતી; આજે તેની આવી દશા છે! તેને પોતાની દુર્બલતાપર અત્યંત ગ્લાનિ ઉત્પન્ન થઇ. ગંગાજલીના શિર પાસે બેસી રડતાં રડતાં બોલ્યો: "બ્હેન, અહિં લાવી મેં તમને બહુજ કષ્ટ આપ્યું. હું જાણતો નહોતો કે આ પરિણામ આવશે. હું આજે કોઇ વૈદ્યને લઇ આવું છું. ઇશ્વર કરશે તો તું શીઘ્ર સારી થઇ જઇશ."

થોડી વારમાં જાન્હવી પણ આવી ગઇ આ વાતો તેના કાને પડી. તે બોલી: "હા હા. દોડો દોડો વૈદ્યને બોલાવો, નહિ તે અનર્થ થઇ જશે! હમણા હમણા મને મહિનાઓ થયા તાપ આવતો હતો ત્યારે વૈદ્ય પાસે ન દોડયા. હું ઓઢીને પડી રહેતે તો તમ નેએ જાણતે કે આને કંઇ થાય છે; મને તે પડી રહેવું કેમ પાલવે? આ સંસાર કોણ ચલાવતે? મારા કર્મમાં તે કંઇ શું સુખ છે?"

ઉમાનાથનો ઉત્સાહ શાંત થઇ ગયો. વૈદ્યને બોલાવવાને હિંમત ન થઇ. તે જાણતો હતો કે વૈદ્યને બોલાવતાં જાન્હવી એવું રમખાણ મચાવશે કે બે ચાર માસ જીવવાની હશે તે પણ તે નહિ જીવે.

ગંગાજલીની અવસ્થા દિવસે દિવસે બગડવા લાગી. અહિં સુધી કે તેને જ્વર અતિસાર થઇ ગયો. જીવવાની આશા ન રહી. જે ઉદરમાં સાબુચોખા પચાવવાની શક્તિ નહોતી, તે તે રોટીઓ કેમ જીરવી શકે? આખરે તેનું જર્જરિત શરીર આ કષ્ટોને અધિક સહન ન કરી શકયું. ૭ માસ બીમાર રહી તે દુ:ખિણી અકાલ મૃત્યુનો ગ્રાસ બની.

શાંતાનું હવે સંસારમાં કોઇ નહોતું. સુમનને તેણે બે ત્રણ પત્ર લખ્યા; પણ ત્યાંથી કંઇ જવાબ ન આવ્યો. શાંતાએ જાણ્યું કે બ્હેને પણ સગપણ તોડી નાખ્યું. વિપત્તિમાં કોણ સાથી થાય! જ્યાંસુધી ગંગાજલી જીવતી હતી, ત્યાં સુધી શાંતા તેના અંચળામાં મોઢું છૂપાવી રડી લેતી. હવે આ આસરો પણ ન રહ્યો. આંધળાના હાથમાંથી જાણે લાકડીએ જતી રહી. શાંતા હવે પોતાની કોટડીનાં ખુણામાં મોઢું છૂપાવી રોતી રહેતી પરંતુ ઘરના ખુણામાં અને માતાના અંચળામાં બહુ ફેર છે. એક શીતળ જલનો સાગર છે ત્યારે બીજી મરૂભૂમિ જેવી છે.

શાંતાને હવે શાંતિ નથી મળતી. તેનું હૃદય અગ્નિની માફક બળતું રહે છે. તે પોતાની મામી અને મામાને પોતાની માતાના ઘાતકજ ગણતી હતી; જ્યા ગંગાજલી જીવિત હતી ત્યારે શાંતા તેને કટુ વાકયોથી બચાવવા યત્ન કરતી હતી. તે પોતાની મામીનાં ઇસારાઓ પામી જઇ તે કહે તે પહેલાં કામ કરી નાખતી જેથી મામી માતાને કંઇ કહી ન બેસે. એક વખત ગંગાજલીના હાથમાંથી ઘીની તપેલી પડી ગઇ હતી. શાંતાએ મામીને કહ્યું કે તે તો મારા

હાથમાંથી પડી ગઇ. આ પરથી તેણે ખુબ ગાળો ખાધી; તે જાણુતી હતી કે માતાનું હૃદય વ્યંગના ઘા નથી સહી શકતું.

પરંતુ હવે શાંતાને આવી વાતોનો ભય નથી. તે નિરાધાર બનતા બલવાન પણ બની ગઇ છે. હવે તે આગળ જેટલી સહનશીલ નથી. તેને જલદી ક્રોધ આવી જાય છે. તે સ્હેજ પણ ઉકળાવનારી વાતોનો ઘણુ કરી તરત ઉત્તરજ આપી દે છે. તેણે પોતાના હૃદયને કઠોરથી કઠોર કષ્ટ માટે તૈયાર કરી લીધું છે. મામાથી તે દબાય છે પણ મામીથી નથી દબાતી. તેમાં મામીની બહેનોને તો તે ફડાફડ જવાબ દે છે. જીવના જોખમે બીજાના ખેતરમાં ચરનારી ગાય સમાન હવે શાંતા છે.

આ પ્રમાણે એક બીજું વર્ષ વીતી ગયું. ઉમાનાથે તેનો વિવાહ કરવા માટે ઘણી દોડ-ધામ કરી, પરંતુ જેવો સસ્તો સોદો તે કરવા માંગતો હતો તેવો કયાં બરાબર જામ્યો નહિ. તેણે આસપાસમાં ખરડો કરી બસો રૂપીઆ એકઠા કર્યા હતા. પણ આટલા સસ્તામાં વર તે કયાં મળે? જા-હવીનો અધિકાર હોત તો તે શાંતાને કોઇ ભિખારીને ગળે બાંધી પોતાનો જાન છોડાવી લેત. પણ ઉમાનાથે હમણા પહેલીજ વારે તેનો વિરોધ કર્યો અને સુયોગ વર શોધતો રહ્યો. ગંગા-જલીના બલિદાને તેના આત્માને બલવાન બનાવી દીધો હતો.

પ્રકરણ ૨૮ મું.

સાર્વજનિક સંસ્થાઓ પણ પ્રતિભાશાલી મનુષ્યોને આશ્રયે હોય છે. યદ્યાપિ વિઠલદાસના અનુયાયિઓ ઓછા નહોતા, પરંતુ તેમાં મુખ્ય ભાગે સામાન્ય અવસ્થાના લોક હતા. ઉંચી શ્રેણીના લોક તેમનાથી દૂર ભાગતા રહેતા હતા. પદમસિંહના સંબંધ થતાની સાથેજ આ સંસ્થામાં પ્રાણ આવ્યા. નદીની પાતળી ધાર મોટી થઇ વહેવા લાગી. મોટા માણસોમાં તેની ચર્ચા થવા લાગી. લોકો તેના પર થોડો થોડો વિશ્વાસ કરવા લાગ્યા.

પદમસિંહ એકલા ન આવ્યા. બહુધા કોઇ પણ કામને આપણે ઇષ્ટ સમજીને હાથમાં લઇએ છિએ પણ ડરીએ છિએ કારણ કે તેમાં અપજશ પામવાનો ભય સમાયેલો હોય છે. આપણે મોટા માણસો તેમાં સામેલ થાય તે માટે વાટ જોયા કરીએ છિએ. જેવો કોઇએ માર્ગ ખોલતાં આપણને હિંમત આવી જાય છે, પછી આપણને હાંસીની બીક નથી રહેતી. એકલા આપણે પોતાના ઘરમાં પણ ડરીએ છિએ; પણ બે થતાં જંગલમાં પણ નિર્ભય રહીએ છિએ. પ્રોફેસર રમેશદત્ત, લાલા ભગ-તરામ,અને મીસ્ટર રૂસ્તમજી ગુપ્ત રીતે વિઠ્ઠલદાસને સહાયતા કરતા હતા. હવે તે ભભકી ઉઠયા. સહાયકોની સંખ્યા દિવસે દિવસે વધવા લાગી.

વિઠ્ઠલદાસ સુધારાના વિષયમાં મૃદુભાષી બનવું અનુચિત્ત સમજતા એટલા માટે તેની વાતો રૂચિકર નહોતી થતી. મીઠી નીંદથી સુવાવાલાઓને તેનો કઠોર નાદ અપ્રિય લાગતો. વિઠ્ઠલદાસને તેની ચિંતા નહોતી.

પદમસિંહ ધુની માણસ હતા. તેમણે બહુજ ઉત્સાહથી વેશ્યાઓને શહેરના મુખ્ય સ્થાનોમાંથી કાઢી નાખવા માટે આંદોલન શરૂ કર્યું. મ્યુનિ-સિપાલિટીના અધિકારિઓમાં બે ચાર સજ્જન વિઠ્ઠલદાસના ભક્ત હતા. પરંતુ તેઓ આ પ્રસ્તાવને કાર્યરૂપમાં લાવવા પૂરો સાહસ રાખતા નહિ. સમસ્યા એટલી જટિલ હતી કે તેની કલ્પનાજ લોકોને ભયભીત કરી દેતી હતી. તેઓ વિચારતા કે આ પ્રસ્તાવને ઉપા-ડતાં શહેરમાં કોણ જાણે કેવી ચળવળ ઉભી થાય. શહેરના ઘણા રઇસ, રાજ્યપદાધિકારી અને સોદાગર આ પ્રેમમંડી-વેશ્યાવાડાથી સંબંધ રાખતા હતા. કોઇ ગ્રાહક હતો તો કોઇ પારખી. તેઓ સર્વે પાસેથી વેર વેચાતું લેવા સાહસ કોણ કરે? મ્યુનિસિપાલિટીના અધિકારી તેમના હાથમાં કાષ્ટના પુતળાં માફક હતા.

પદમસિંહે મેમ્બરોને ભેગા કરી તેમનું ધ્યાન આ પ્રસ્તાવ પ્રતિ આકર્ષિત કર્યું. પ્રભાકરરાવની તીવ્ર લેખિનીએ ઘણી સહાયતા કરી. ચોપાનિયા કાઢવામાં આવ્યા અને જન-તાને જાગૃત કરવાને વ્યાખ્યાનોનો ક્રમ બાંધવામાં આવ્યો. રમેશદત્ત અને પદમસિંહ આ વિષયનાં નિપુણ હતા. તેનો ભાર તેમણે પોતાના શીરે લઇ લીધો. હવે આંદોલનોએ એક નિયમિત રૂપ ધારણ કર્યું.

પદમસિંહે આ પ્રસ્તાવ ઉપાડી તો લીધો પરંતુ તેઓ આ ઉપર જેટલો વિચાર કરતા તેટલા અંધકારમાં પડી જતા. તેમને અસ્ત વિશ્વાસ નહોતો આવતો કે વેશ્યાઓના નિર્વા-સનથી આશાથી અધિક ઉપકાર થઇ શકશે. સંભવ છે ઉપકારના બદલે અપકાર થાય. બુરાઇઓનો મુખ્ય ઉપચાર મનુષ્યનું સદ્જ્ઞાન

છે. તે વિના કોઇપણ ઉપાય સફલ થઇ શકતો નથી. ક્યારે ક્યારે તે આ વિચારતા કંટાળી જતા. પરંતુ આ પક્ષના એક સ્તંભ બની પોતે સંદેહ રાખતા છતાં પણ બીજા પાસે તેને પ્રકટ કરતા નહિ. જનતાની સામે તો તેઓને સુધારક બનતા સંકોચ લાગતો નહિ પણ પોતાના મિત્રો અને આત્મિક સ્વજનો સામે તેઓ દ્દઢ ન રહી શકતા. તેમની સામે આવવું તે પંડિતજીને માટે ઘણી કઠીન પરીક્ષા હતી. કોઇ કહેતું, કાં, કેવા ચક્કરમાં પડયા છો, શું તમે પણ વિઠ્ઠલદાસના ચક્કરમાં આવી ગયા? ચેનથી જીવન વ્યતીત કરો, આ બધા ફાંદાઓમાં કાં વ્યર્થ પડો છો? કોઇ કહેતું, યાર, જણાય છે, તમને કોઇ ઓરતે તરછોડી દીધા છે. ત્યારેજ તમે વેશ્યાઓના પાછળ આવી રીતે લાગ્યા છો? આવા મિત્રો સામે આદર્શ અને ઉપકારની વાતચીત કરવી તે પોતાને બેવકુફ બનાવવા બરાબર હતું.

વ્યાખ્યાન દેતા પણ જ્યારે પંડિતજી કોઇ ભાવપૂર્ણ વાત કહેતા અને કરૂણાત્મક દૃશ્ય દેખાડવા પ્રયત્ન કરતા તો શબ્દ ન મળતા અને શબ્દ મળતા તો તે મોંઢામાંથી કાઢતા તેમને ઘણી લજ્જા આવતી. સત્ય તો એ છે કે તેઓ આ રસમાં પૂરા ડૂબ્યા નહોતા. તેઓ જ્યારે પોતાની ભાવ–મંદતા પર આલોચના કરતા તો તેમને જણાતું કે મારૂં હૃદય પ્રેમ અને અનુરાગથી ખાલી છે.

કોઇ વ્યાખ્યાન સમાપ્ત કરવા પછી શ્રોતાઓ પર તેનો શું પ્રભાવ પડયો તે જાણવાને પંડિતજીને તેટલી ઈચ્છા નહોતી થતી, જેટલી કે તેમનું વ્યાખ્યાન સુંદર, સપ્રમાણ અને તેજપૂર્ણ હતું યા નહિ.

પરંતુ આ પ્રકારની સભાઓ થવાથી પણ આ આંદોલનની દિવસે દિવસે પ્રગતી થતી હતી. આ સફલતા પંડિતજી માટે અનુરાગ અને વિશ્વાસ કરતાં ઓછી ઉત્સાહવર્ધક નહોતી.

સદનસિંહના વિવાહને હવે બે માસ રહ્યા હતા. ઘરની ચિંતાઓથી મુક્ત થઇ પંડિતજી પોતાની પુરી શક્તિથી આ આંદોલનમાં પ્રવૃત્ત થઇ ગયા. કચેરીના કામમાં તેમનું મન નહોતું લાગતું. ત્યાં પણ તેઓ ઘણું કરી આ ચર્ચાઓમાં લાગી રહેતા. એકજ વિષયપર બરાબર શોચતાં વિચારતાં રહેવાથી તે વિષયથી પ્રેમ થઇ જાય છે. ધીરે ધીરે પંડિતજીના હૃદયમાં આ વિષયના પ્રેમનો ઉદય થવા લાગ્યો.

પરંતુ જ્યારે વિવાહ નિકટ આવી પહોંચ્યા ત્યારેજ પંડિતજીનો ઉત્સાહ જરા ક્ષીણ થવા લાગ્યો. મનમાં એ સમસ્યા ઉઠી કે ભાઇ અહિં ગાનારીઓ માટે મને અવશ્ય લખશે ત્યારે હું શું કરીશ? નાચ વિના સભા ઝાંખી જણાશે, દૂર દૂરના ગામોથી લોકો નાચ જોવા આવશે, નાચ ન જોતાં તેમને નિરાશા થશે, ભાઇ સાહેબ ખોટું લગાડશે. આવી અવસ્થામાં મારૂં શું કર્તવ્ય છે? ભાઇ સાહેબને આ કુપ્રથાથી રોકવા જોઇએ. પરંતુ શું, હું આ વિકટ કાર્યમાં સફલ થઇ શકીશ? મોટાઓ સામે ન્યાય અને સિદ્ધાંતની વાતો અયોગ્ય જેવી જણાય છે. ભાઇસાહેબના મનમાં મોટી મોટી ઇચ્છાઓ છે; આ ઇચ્છાઓમાં ખામીની ઉણપ આવતાં, તેમને દુઃખ લાગશે. પરંતુ જોઇએ તે હોય પણ મારૂં કર્તવ્ય એજ છે કે મારા સિદ્ધાંતનું પાલન કરૂં.

યદ્યાપિ તેમના આ સિદ્ધાંત પાલનથી પ્રસન્ન થવાવાલાઓની સંખ્યા બહુ ઓછી હતી અને અપ્રસન્ન થનારાઓ ઘણા હતા, તથાપિ પંડિતજીએ આ ગણ્યાગાંઠયા માણસોને પ્રસન્ન રાખવા એ ઉત્તમ ધાર્યું. તેમણે નિશ્ચય કર્યો કે નાચ ન કરાવવો. પોતાના ઘરમાંજ સુધારો ન કરી શકાયો તો પછી બીજાઓને સુધારવા પ્રયત્ન કરવો તે તો અતિ ધુર્તત્તા છે.

આ નિશ્ચય કરી પંડિતજી મંડપની સજાવટનો સામાન એકત્ર કરવા લાગ્યા. તેઓ આવા આનંદોત્સવોમાં કરકસર કરવાનું અનુચિત્ત સમજતા. તેની સાથેજ તેઓ બીજી સામગ્રીઓની અધિકતાથી નાચની કસર પુરી કરવા ચાહતા હતા, જેથી તેમનાપર કરકસરના લોભનો આરોપ ન આવે.

એક દિવસે વિઠ્ઠલદાસે કહયું: "આ તૈયારીઓમાં તમે કેટલો ખરચ કર્યો?"

પંડિતજી: "તેનો હિસાબ પાછળથી થશે."

વિઠ્ઠલ: "તો પણ બે હજારથી ઓછું તો નહિ થશે?"

પંડિતજી: "હા, કદાચ તેનાથી ઓછું અધિક થશે."

વિઠ્ઠલ: "એટલા રૂપીઆ તમે પાણીમાં નાખી દીધા. કોઇ શુભ કાર્યમાં વાપર્યા હોત તો કેટલો ઉપકાર થાત. જ્યારે તમારા જેવા વિચારશીલ પુરૂષો ધનને આવી રીતે નષ્ટ કરે

છે તો પછી બીજાઓ પાસેથી શું આશા રાખી શકાય?"

પંડિતજી: "આ વિષયમાં હું તમારી સાથે સંમત નથી. જેને ઇશ્વરે આપ્યું છે, તેણે આનંદોત્સવમાં દિલ ખોલી વ્યય કરવું જોઇએ. હા, કરજ કરી અને ઘર વેચીને નહિ પણ પોતાની શક્તિને જોઇ; કારણ કે હ્રદયનો ઉમંગ આવા અવસર પરજ પ્રગટે છે."

વિઠ્ઠલ: "તમારાં અનુમાને ડોકટર શ્યામચરણની શક્તિ પાંચ દશ હજાર રૂપીઆ ખરચવાની છે કે નહિ?"

પંડિતજી: "તેથી ઘણી વધારે છે."

વિઠ્ઠલ: પણ હમણા પોતાના પુત્રના વિવાહમાં તેમણે વાજા ગાજા અને નાચ તમાશામાં બહુજ ઓછો ખરચ કર્યો."

પંડિતજી: "હા, નાચ તમાશામાં અવશ્ય ઓછો ખરચ કર્યો પરંતુ તેની કસર ડીનરપાર્ટીમાં નિકળી ગઇ; કદાચ તેથી પણ વધારે. તેમની કરકસરનું શું ફળ થયું? જે ધન ગરીબ વાજાંવાલા, ફુલવાડી બનાવવાવાલા અને આતશબાજીવાલાને પ્રાપ્ત થતે તે 'મરે કંપની' અને 'વ્હાઇટવે કંપની' નાં હાથોમાં પહોંચી ગયું. હું એને કરકસર નથી કહેતો. એ અન્યાય છે."

પ્રકરણ ૨૯ મું.

રાત્રીના નવ વાગ્યા હતા. પદમસિંહ પોતાના ભાઇ સાથે બેસી વિવાહના સંબંધમાં વાતચીત કરતા હતા. કાલે જાન જવાની છે. દરવાજાપર સરણાઇ વાગતી હતી. અંદર ગાણું થતું હતું.

મદનસિંહ: "તમે જે ગાડીઓ મોકલી છે તે કાલ સાંજ સુધી અમોલા પહોંચો જશે?"

પદમસિંહ: "જી નહિ, બપોરેજ પહોંચી જશે. કારણ કે અમોલા વિંધ્યાચલના નિકટમાં છે; આજે મેં બપોર પહેલાંજ તેમને રવાના કરી દીધી છે."

મદન: "ત્યારે અહિંથી શું શું લઇ જવાની આવશ્યકતા છે?"

પદમ: "થોડો ખાવા પીવાનો સામાન લઇ ચાલીએ. બાકી બધી સગવડ મેં કરી દીધી છે."

મદન: "નાચનું કેટલાપર નક્કી થયું? એ.........છેને?"

પદમસિંહ ડરતા હતા, કારણ કે હવે નાચની વાત ઉપસ્થિત થવાની તઇયારી હતી. તેટલામાં તો આ પ્રશ્ન સાંભળી લજ્જાથી તેમનું મસ્તક નમી ગયું. જરા દબાઈ બોલ્યા: "નાચનું તો મેં નક્કી નથી કર્યું."

મદનસિંહને જાણે કોઇએ ચુંટી ભરી તેમ ચોંકી ઉઠયા અને બોલ્યા: "ધન્ય છે મહારાજ! તમે તો નૌકાજ ડૂબાવી દીધી. તો પછી તમે જાનના ઉતારાની શી સામગ્રી કરી? કાં ફુરસતજ ન મળી કે ખર્ચથી અચકાઇ ગયા? તે માટે તો મેં ચાર દિવસ પહેલાંજ તમને લખી દીધું હતું. જે માણસ બ્રાહ્મણને આમંત્રે છે તે તેને દક્ષીણા આપવાનું પણ સામર્થ્ય રાખે છે. જો તમને ખર્ચની બીક હતી તો તમારે મને સાફ સાફ લખવું હતું હું અહિંથી મોકલી આપતે. હમણા ઈશ્વરની દયાથી કોઇનો આશ્રિત નથી. હવે કહો શું પ્રબંધ થઇ શકે છે? મોઢું કાળું થયું કે નહિ? એક ભલા માણસના દરવાજા પર જાઓ છો, તે પોતાનાં મનમાં શું કહેશે? દૂર દૂરથી તેનાં સંબંધી આવ્યા હશે, દૂર દૂરનાં ગામોના લોકો જાનમાં આવશે તેઓ પોતાનાં મનમાં શું કહેશે? રામ રામ!"

મુન્શી બૈજનાથ ગામના આઠ આનાના હિસ્સેદાર હતા. મદનસિંહ તરફ માર્મિક દ્રષ્ટિથી જોતાં બોલ્યા: "મનમાં નહિ જનાબ, ખુલ્લે ખુલ્લુ સંભળાવશે અને તાળીઓ વગાડશે. કહેશે કે 'મોટા એટલા નામે ખોટા' અને આખા સંસારમાં નીંદા થશે તે જુદી. નાચ વગર જાનવાસો પણ કેવો? મારી જીંદગીમાં તો મેં આવું કદી પણ નથી જોયું. કદાચ ભાઇને ખ્યાલજ નથી રહ્યો અથવા તો સંભવ છે કે લગનની ધામધુમમાં તઇયારી ન થઇ શકી હોય."

પદમસિંહે ડરતાં કહ્યું: "જી નહિ, એ વાત તો નથી......"

મદન: "તો પછી શી વાત છે. તમે તમારા મનમાં એમજ વિચાર્યું હશે કે બધો બોજો મારાજ શિરે પડશે. પણ હું તમને સત્ય કહું છું કે મેં તમને આ વિચારથી લખ્યું ન હોતું."

પદમસિંહ પોતાના ભાઇની આ કર્ણકટુ વાતો સહી ન શકયા; આંખો ભરાઇ આવી. બોલ્યા: "ભાઈ, ઇશ્વર માટે આપ મારા સંબંધમાં આવો વિચાર ન કરો. યદિ મારા પ્રાણ પણ આપના કામમાં આવી શકે તો

મને કંઇ દુઃખ નહિ થાય. મને એ અંતઃકરણથી અભિલાષા રહે છે કે આપની સેવા કરી શકું. આ અપરાધ મારાથી કેવળ આજ કારણથી થયો છે કે આજકાલ શહેરમાં લોકો નાચની પ્રથાને ખરાબ સમજવા લાગ્યા છે. શિક્ષિત સમાજમાં આ પ્રથાનો વિરોધ થઇ રહ્યો છે અને હું પણ તેમાં શામેલ થઇ ગયો છું તેથી મારા સિદ્ધાંતને તોડવા મને સાહસ ન થયો."

મદનઃ "સારી વાત છે. કોઇ પણ રીતે લોકોની આંખો તો ઉઘડી. હું પણ આ પ્રથાને નિંદ્ય સમજું છું, પરંતુ ભાઇ, બેઆબરૂ થવા નથી માંગતો. જ્યારે સર્વે લોક છોડી દેશે ત્યારે હું પણ છોડી દઇશ. મને એવી તે શું પડી છે કે હું સૌથી આગળ આગળ ચાલું. મારો એકજ છોકરો છે તેના વિવાહમાં મનની બધી હોંસો પૂરી કરવા ચાહું છું. વિવાહ પછી હું પણ તમારા મતનો સ્વીકાર કરી લઇશ. આ વખતે મને જુના રીવાજ પર ચાલવા દ્યો અને જો વધારે કષ્ટ જેવું ન હોય તો સવારની ગાડીમાં ચાલ્યા જાઓ અને બ્યાનું આપી ત્યાંથીજ પરભારા અમોલા ચાલ્યા જજો. તમને એટલા માટેજ કહું છું કારણ કે ત્યાંના લોકો તમને સારી રીતે ઓળખે છે."

પદમસિંહ મસ્તક નીચું કરી વિચારવા લાગ્યા. તેમને ચૂપ બેઠેલા જોઇ મદનસિંહે ઢંગ બદલી કહ્યું: "કાં ચુપ કેમ થઇ ગયા? શું જવા રાજી નથી?"

પદમસિંહે અત્યંત દીનભાવથી કહ્યું: "ભાઇ, આપ જો મને ક્ષમા કરો તો..............."

મદનઃ "નહીં, નહીં, હું તમને ફરજ નથી પાડતો, ન જવું હોય તો ન જાઓ. મુન્શી બૈજનાથ, આપને કષ્ટ તો થશે પણ મારી ખાતર આપજ જાઓ."

બૈજનાથઃ "મને કંઇ વાંધો નથી."

મદનઃ "પછી ત્યાંથીજ અમોલા ચાલ્યા જજો. આપનો ઉપકાર થશે."

બૈજનાથઃ "તમે વિશ્વાસ રાખો. હું જરૂર જઇશ."

થોડી વાર માટે ત્રણે જણુ ચૂપ બેસી રહ્યા. મદનસિંહ પોતાના ભાઇને કૃતઘ્ન સમજી રહ્યા હતા. બૈજનાથને ચિંતા થતી હતી કે મદનસિંહનો પક્ષ ગ્રહણ કરવાથી પદમસિંહ માઠું તો નહિ લગાડે. પદમસિંહ પોતાના મોટા ભાઇની અપ્રસન્નતાના ભયથી દબાયલા હતા. મસ્તક ઉંચું કરવા સાહસ નહોતું થતું. એક તરફ ભાઇની અપ્રસન્નતા અને બીજી તરફ પોતાના સિદ્ધાંત અને ન્યાયનું બલિદાન. એક તરફ અંધારી ઝાડી હતી બીજી તરફ સીધી ચઢાણુ. નિકળવાને કોઇ માર્ગ નહોતો. અંતમાં તેમણે ડરતા ડરતા કહ્યું: "ભાઇ સાહેબ, આપે કેટલીક વાર મારી ભૂલો ક્ષમા કરી છે માટે એક વધારે ધૃષ્ટતાને પણ ક્ષમા કરી દ્યો. આપ જ્યારે નાચના રીવાજને દૂષિત સમજો છો ત્યારે તે પર આટલું વજન કેમ આપો છો?"

મદનસિંહ છંછેડાઇ બોલ્યા: "તમે તો એવી વાતો કરો છો જાણે આ દેશમાં પેદાજ નથી થયા, કોઇ બીજાજ દેશમાંથીજ આવ્યા છો. એક શું, અસંખ્ય કુપ્રથાઓ છે, જેમને દુષિત સમજવા છતાં પણ તેમનું પાલન કરવું પડે છે. ગાળો ગાવી તે કંઇ સારી વાત છે? દાયજો લેવો કંઇ સારી વાત છે? પણ લોક રીવાજથી ન ચાલો તો લોકો આંગલીઓ ચીંધે છે. નાચ ન કરાવીએ તો લોકો એમજ કહેશે કે કંજુસાઇના કારણે અખાડાજ કર્યા. મર્યાદાને બટ્ટો લાગશે. મારા સિદ્ધાંતને કોણ જુએ છે?"

પદમસિંહે કહ્યું: "ઠીક, તો પછી આ રૂપીઆને કોઇ બીજી ઉચીત રીતિથી ખર્ચ કરી દ્યો એટલે કોઇને કંજુસાઇની શંકા નહિ રહે. આપ બે તંબુ લઇ જવા ચાહો છો. આજકાલ લગ્નની તેજી છે તેથી ત્રણસોથી ઓછો ખરચ નહિ થાય પરંતુ આપ ત્રણસોની જગ્યાએ પાંચસો રૂપીઆ કમ્મલ–ધાબલી લઇ અમોલાના દિન દરીદ્રોમાં વાંટી દ્યો તો કેવું સારૂં! ઓછામાં ઓછા બસો માણસ તમને આશીર્વાદ આપશે અને જ્યાં સુધી કમ્મલનો એક તાંતણો રહેશે ત્યાં સુધી તમારા યશ ગાતા રહેશે. યદિ આ ન સ્વીકારો તો અમોલામાં પાંચસો રૂપીઆ ખરચી એક પક્કો કુવો બંધાવી આપો. આથી ચીરકાલ સુધી તમારી કીર્તિ કાયમ રહેશે. રૂપીઆનો પ્રબંધ હું કરી દઇશ."

મદનસિંહે બદનામીનો જે બચાવ લીધો હતો તે આ પ્રસ્તાવની સામે ટકી ન શક્યો. તેઓ કોઇ ઉત્તર શોધતા હતા એટલી વારમાં બૈજનાથ, જેમને પદમસિંહના ગુસ્સે થવાનો ભય હતો છતાં પણ આ વાદમાં પોતાની બુદ્ધિની વિશાળતા દેખાડવાની ઇચ્છા તે ભયથીએ અધિક બલવાન હતી તેથી

બોલ્યા: "ભાઇ, દરેક કામ માટે એક અવસર હોય છે. દાનના અવસર પર દાન થવું જોઇએ અને નાચના અવસર પર નાચ. ઢંગ વિનાની વાત કદિ પણ સારી નથી લાગતી. વળી શહેરના જાણકાર માણસો હોય તો એક જુદી વાત છે, પરંતુ ગામડાના અભણ જમીનદારોની સામે આપ કામલીઓ વાંટવા લાગશો તો તેઓ આપનું મોઢું જ જોતાં રહેશે અને હસવાના તે જુદા!"

મદનસિંહ નિરૂત્તર જેવા થઇ ગયા હતા. તેઓ મુનશી બૈજનાથના આ કથનથી ભભકી ઉઠયા અને તેની તરફ કૃતજ્ઞતાથી જોઇ બોલ્યા: "હા, બીજું શું થશે? વસંતમાં મલાર ગાવાવાલાને કોણ વખાણનાર. કુમોસમની કોઇ પણ વાત સારી નથી દેખાતી તેથીજ હું કહું છું કે આપ સવારમાંજ ચાલ્યા જાઓ અને બે તંબુ માટે નક્કી કરી આવો."

પદમસિંહે વિચાર્યું કે આ લોકો પોતાના મનનું ધાર્યું કરશેજ પરંતુ જોઉં કઇ યુક્તિઓથી પોતાનો પક્ષ સિદ્ધ કરે છે. ભાઇને બૈજનાથપર અધિક વિશ્વાસ છે આ વાતથી પણ તેમને બહુ દુ:ખ થયું એટલે તેઓ નિસંકોચ થઇ બોલ્યા: "તો આ કેવી રીતે માન્ય કરી શકાય કે વિવાહ આનંદોત્સવનોજ સમય છે? મારી સમજમાં તો એમ છે કે દાન અને ઉપકાર માટે આથી ઉત્તમ બીજો કોઇ અવસર ભાગ્યેજ હશે. વિવાહ એક ધાર્મિક વ્રત છે. જ્યારે અમારા પગમાં ધાર્મિક બેડીઓ પડે છે, ત્યારે અમે સંસારિક કર્તવ્યની સામે પોતાનું મસ્તક નમાવી દઇએ છીએ અને જીવનનો ભાર અને તેની ચિંતાઓ અમારા શીરે પડે છે ત્યારે આવા પવિત્ર સંસ્કારના અવસર પર અમને ગાંભિર્યથી કામ લેવું જોઇએ. આ કેટલી બધી નિર્દયતા છે કે જ્યારે અમારો આત્મીય યુવક આવું કઠીન વ્રત ધારણ કરી રહ્યો હોય તે સમયે અમે આનંદોત્સવ મહાલવા બેસીએ. તે આ અધિક ભારથી દબાઇ જતો હોય અને અમે નાચરંગમાં મસ્ત હોઇએ. અગર દુર્ભાગ્યથી આજકાલ આ ઉલટી પ્રથા ચાલી રહી છે તો શું આની ખાસ જરૂરી છે કે અમે પણ તે જ લીટી પર ચાલ્યા જઇએ. કેળવણીનો ઓછામાં ઓછો આ પ્રભાવ તો હોવોજ જોઇએ કે આપણે ધાર્મીક ક્રિયાઓમાં મૂર્ખોની પ્રસન્નતાને પ્રધાન ન સમજીએ."

મદનસિંહ ફરી ચિંતાસાગરમાં ડૂબ્યા. પદમસિંહનું કથન તેમને સર્વથા સત્ય પ્રતીત થતું હતું પરંતુ રિવાજની સામે ન્યાય, સત્ય અને સિદ્ધાંત સર્વેને શિર નમાવવું પડે છે. તેમને સંશય હતો કે મુન્શી બૈજનાથ હવે કંઇ ઉત્તર આપી શકશે નહિ. પરંતુ મુન્શીજી હજી હારી જવા કબૂલ નહોતા. તેઓ બોલ્યા: "ભાઇ તમે વકીલ છો. તમારી સાથે વાદ કરવાની લાયકાત અમારામાં કયાંથી હોય? પરંતુ જે વાત સનાતનથી ચાલી આવે છે તે ચાહે ઉચિત્ત હો યા અનુચિત્ત, પણ તેને છોડી દેતાં બદનામી અવશ્ય થાય છે. અને આખરે અમારા પૂર્વજો જંગલી જટ તો નહોતા. તેમણે આ રિવાજનો કંઇક સમજીનેજ પ્રચાર કર્યો હશે!"

મદનસિંહને આ યુક્તિ નહોતી સૂજી. તેઓ બહુજ પ્રસન્ન થયા અને બૈજનાથ તરફ સન્માનપૂર્ણ ભાવથી જોઇ બોલ્યા: "અવશ્ય તેમણે જે પ્રથાઓ ચલાવી છે તેમાં કોઇને કોઇ વાત છૂપાએલી હોય છે. ભલે તે આજકાલ આપણી સમજમાં ન આવે. આજકાલના નવા વિચારોવાલા લોકો તે પ્રથાઓને અવલંબી ન ચાલવામાં પોતાનું ગૌરવ સમજે છે તેઓ પોતાની આગળ તેમને કંઇ પણ નથી સમજતા. તેઓ આ નથી જોતા કે અમારી પાસે જે વિદ્યા, જ્ઞાન, વિચાર અને આચરણ છે તે સર્વે તેજ પૂર્વજોની કમાઇ છે. કોઇ કહે છે યજ્ઞોપવીતથી શું લાભ? કોઇ શીખાની જડ કાપવા માટેજ જીદ કરે છે. કોઇ એજ ધૂનમાં છે કે શૂદ્ર અને ચંડાલ સર્વ ક્ષત્રિય થઇ જાય. કોઇ વિધવાઓના વિવાહના રાગ આલાપતો ફરે છે અને બીજા કેટલાક એવા મહાશયો પણ છે જેઓ જાતિ અને વર્ણને કાઢી નાખવા ચાહે છે. તો ભાઇ, આ બધી વાતોને અમે માન્ય નથી કરી શકતા. છતાં પણ જે તેમને માન્ય કરતું હોય તે ભલે કરે. અમને તો અમારી તે પુરાતન ચાલ પસંદ છે. બાકી જીવતા હોઇશું તો જોઇશું કે યૂરોપનો રોપો અંહી કેવા કેવા ફળ નિપજાવે છે? અમારા પૂર્વજોએ ખેતીને સૌથી ઉત્તમ કહી છે, પરંતુ આજકાલ યૂરોપની દેખાદેખી કરી લોકો મીલ અને મશીનોની પાછળ પડયા છે. પણ જોજો એવો સમય પણ કયારે આવશે જ્યારે યૂરોપવાલા સ્વયંમ ચેતશે અને મિલોને ખોદી ખોદી ખેતરો બનાવશે. સ્વાધીન કૃષકની સામે મિલના મજુરોની શું સ્થિતિ? તે પણ

કોઇ દેશ છે જ્યાં બહારથી વસ્તુઓ ન આવે તો લોકો ભુખે મરે. જે દેશોમાં જીવન આવા ઉલટા નિયમોપર ચલાવવામાં આવે છે તે અમારા આદર્શ બની શકતા નથી. શિલ્પ અને કળાકૌશલનો આ મહેલ ત્યાં સુધીજ છે જ્યાં સુધી સંસારમાં નિર્બલ, અસમર્થ જાતિઓ વર્તમાન છે. તેમના ગળે સસ્તો માલ ઓળગી યૂરોપવાલા ચેન કરે છે પરંતુ જ્યારે આ જાતિઓ ચેતશે ત્યારે યૂરોપની પ્રભુતા નષ્ટ થઇ જશે. અમે એમ નથી કહેતા કે યૂરોપવાલા પાસેથી કંઇ પણ ન શીખો. તેમ નહિ; આજે તેઓ સંસારના સ્વામી છે અને તેઓમાં ઘણા દિવ્ય ગુણ છે. મતલબ એટલીજ કે તેમના ગુણોને ગ્રહણ કરો અને દુર્ગુણોને છોડી દ્યો. અમારા પોતાના રીતિ રિવાજો અમારી અવસ્થાને અનુકૂલ છે, તેમાં કાપકુપ કરવાની જરૂર નથી."

મદનસિંહે આ કેટલીક વાતો એવા ગર્વથી કરી કે જાણે કોઇ વિદ્વાન પુરૂષ પોતાનો અનુભવ પ્રગટ કરી રહ્યો હોય, પરંતુ યથાર્થમાં તે અહિં તહીંથી સાંભળેલી વાતો હતી કે જેનો મર્મ તે સ્વયં સમજી શકતા નહોતા. પદમસિંહે આ વાતોને ઘણીજ ધીરજથી સાંભળી પરંતુ તેનો કંઇ ઉત્તર ન વાળ્યો. ઉત્તર આપવાથી વાત વધી જવાનો ભય હતો. કોઇ વાદ જ્યારે વિવાદનું રૂપ ધારણ કરી લે છે ત્યારે તે પોતાના લક્ષ્યથી દૂર થઇ જાય છે. વાદમાં વિનય અને નમ્રતા પ્રબલ યુક્તિઓથી પણ અધિક પ્રભાવ નાખે છે એટલે તેઓ બોલ્યાઃ "તો હુંજ ચાલ્યો જઇશ, મુન્શી બૈજનાથને શા માટે કષ્ટ આપો છો. તેઓ ચાલ્યા જશે તો અહીં ઘણું કામ પડયું રહેશે. આવો મુન્શીજી, આપણે બન્ને જણ બહાર ચાલીએ. મને આપની સાથે થોડી વાતો કરવી છે."

મદનસિંહઃ "તો અહિંજ શા માટે નથી કહેતા? કહોતો હુંજ ઉઠી જાઉં."

પદમસિંહઃ "જી નહીં એવી વાત નથી, પરંતુ આ વાતો હું મુન્શીજી પાસે શંકા સમાધાન કરવા માટે કરી રહ્યો છુ. હા, ભાઇ કહો, અમોલાના દર્શકોની સંખ્યા કેટલી હશે?"

"લગભગ એક હજાર."

"ઠીક તો તમારા વિચારે તેઓમાં કેટલા દરિદ્ર ખેડુતો અને કેટલા જમીનદાર હશે?"

બૈજનાથઃ "વધારે ખેડુતો હશે પરંતુ જમીનદાર બે ત્રણ સો થી કમી નહિ હશે."

પદમસિંહઃ "ઠીક તો આપ એમ માનો છો કે દીન ખેડુતો નાચ જોઇ તેટલા ખુશી નહિ થાય જેટલા ધોતીઆં અથવા તો કામળીઓ પ્રાપ્ત થતાં થશે?"

બૈજનાથ પણ સશસ્ત્ર હતા. તેમણે કહ્યું: "નહિ, હું તે નથી માનતો. ઘણાએ એવા ખેડુતો હોય છે જે દાન લેવું કદી પણ સ્વીકારશે નહિં. તેઓ જલસો જોવા આવશે અને નહિં હોય તો નિરાશ થઇ પાછા ફરશે."

પદમસિંહ મુઝવાયા...સોક્રેટીસના પ્રશ્નોનો જે ક્રમ તેમણે મનમાં બાંધ્યો હતો તે બગડી ગયો. તેઓ સમજી ગયા કે મુન્શીજી સાવધાન છે, માટે હવે કોઇ બીજો દાવ અજમાવવો જોઇએ. તેમણે કહ્યું: "આપ એ માનો છો કે બજારમાં તે જ વસ્તુ દેખાય છે જેના ગ્રાહક હોય છે અને ગ્રાહકોની વધઘટ હોવા પર તે વસ્તુનું ન્યૂનાધિક થવું નિર્ભર છે?"

બૈજનાથઃ "જી હા, તેમાં કોઇ સંદેહ નથી."

પદમસિંહઃ "આ વિચારથી કોઇ પણ વસ્તુના ગ્રાહકજ તે વસ્તુના બજારમાં આવવાના કારણરૂપ થાય છે. જો કોઇ માંસ ન ખાય તો બકરાની ગરદન પર છુરી કાં ચાલે?"

બૈજનાથ સમજી રહ્યા હતા કે આ મને કોઇ બીજા પેચમાં લાવી રહ્યો છે. પરંતુ હજી સુધી તેનું મર્મ સમજ્યા નહોતા. તેઓ ડરતાં બોલ્યા:"હા; વાત તો એજ છે."

પદમસિંહઃ "જ્યારે આપ એ માનો છો તો આપને આ પણ માનવુંજ પડશે કે જે લોકો વેશ્યાઓને બોલાવે છે અને તેમને ધન આપી તેઓ માટે સુખવિલાસની સામગ્રી એકત્રીત કરી દે છે અને તેમને ઠાઠમાઠથી જીવન વ્યતીત કરવા યોગ્ય બનાવે છે તેઓ કસાઇથી ઓછા પાપના ભાગી નથી. જે બકરાની ગર્દન પર છુરી ચલાવે છે. યદિ હું વકીલોને ઠાઠમાઠથી ગાડીમાં સવારી કરતાં ન જોત તો શું આજે વકીલ થાત!"

બૈજનાથે હસતાં કહયું: "ભાઇ, તમે ફેરવી ફેરવી પોતાની વાત મનાવી લ્યો છો પરંતુ વાત જે કહો છો તે સાચી છે."

પદમસિંહઃ "એવી અવસ્થામાં શું આ વાત સમજવી કઠન છે કે સેંકડો સ્ત્રિઓ જે દરરોજ બજારોમાં ઝરૂખાઓમાં બેઠેલી દેખાય છે,

જેમણે પોતાની લજ્જા અને સતીત્વને ભ્રષ્ટ કરી દીધાં છે તેમના જીવનનું સર્વ નાશ કરવાવાળા અમે લોકોજ છીએ. તે હજારો પરિવાર જે દરરોજ આ કુવાસનાના ચક્કરમાં પડી વિલોપ થઇ જાય છે, તે ઇશ્વરના દરબારમાં અમારોજ પાલવ પકડશે. જે પ્રથાઓથી આટલી બુરાઇઓ ઉત્પન્ન થાય તેનો ત્યાગ કરવો શું અનુચિત છે ?"

મદનસિંહ આ વાતો બહુજ ધ્યાનથી સાંભળી રહ્યા હતા. તેમણે આટલી ઉંચ શિક્ષા પ્રાપ્ત કરી નહોતી જેથી મનુષ્ય, વિચાર–સ્વાતંત્ર્યની ધુનમાં સામાજીક બંધનો અને નૈતિક સિદ્ધાંતોનો શત્રુ થઇ જાય છે. તેઓ સાધારણ બુદ્ધિના માણસ હતા. હારી જતાંએ તકરાર કરતા રહેવું તેમના સામર્થ્યથી બહાર હતું. તેમણે મોઢું મલકાવતાં મુન્શી બૈજનાથને કહ્યું: "કહો ભાઇ બૈજનાથ! હવે શું કહો છો? છે કોઇ નીકલવાનો ઉપાય?"

બૈજનાથે હસીને કહ્યું: "મને તો કોઇ રસ્તો નથી સુજતો."

મદનસિંહ: "ત્યારે હવે કંઇ વિતંડાવાદજ કરો."

બૈજનાથ: "થોડા દિવસ વકીલાત શીખ્યો હોત તો તેમ પણ કરત. અંહી તો કોઇ જવાબજ નથી સુજતો. કેમ ભાઇ પદમસિંહ, સમજો કે તમેજ મારી જગ્યાએ હોત તો આ સમયે શું જવાબ આપતે?"

પદમસિંહ: "(હસતાં) જવાબ તો કંઇને કંઇ જરૂરજ આપતે પછી ભલે જુગતું હો કે અજુગતું."

મદનસિંહ: "એટલું તો હું પણ કહીશ કે આ જલસાઓથી મન અવશ્ય ચંચલ થઇ જાય છે. જુવાનીમાં હું જ્યારે કોઇ જલસામાંથી પાછો આવતો પછી મહીના સુધી તે વેશ્યાના રંગરૂપ, હાવભાવની ચર્ચા કર્યા કરતો."

બૈજનાથ: "ભાઇ પદમસિંહની ઇચ્છા અનુસાર થવા દો પણ ધાબળીઓ તો અવશ્ય વહેંચાવજો."

મદનસિંહ: "એક કુવો બનાવી દેવામાં આવે તો સદા માટે નામ કાયમ રહેશે. બસ જેવી અંહિ ચોરી ચિતરાઇ કે ત્યાં મેં કુવા ખોદવાનું મૂહર્ત કર્યુંજ છે."

પ્રકરણ ૩૦ મું.

વર્ષાના દિવસ હતા; ઘટા છવાયલી હતી. પંડિત ઉમાનાથ ચુનારગઢના નિકટ ગંગાના તટપર ઉભા ઉભા નાવની વાટ જોઇ રહ્યા હતા. તેઓ ઘણા ગામો ઘુમી આવ્યા હતા. અને સંધ્યા થવા પૂર્વે ચુનારની પાસે એક ગામમાં જવા ચાહતા હતા. તેમને પત્તો મળ્યો હતો કે તે ગામમાં એક સુયોગ્ય વર છે. ઉમાનાથ આજેજ અમોલા પાછા જવા ચાહતા હતા, કારણ કે તેમના ગામમાં એક નાનો ફોજદારી મામલો બન્યો હતો તેની તપાસ કરવા કાલે થાણેદાર સાહેબ આવવાવાલા હતા. પરંતુ હજી સુધી નાવ તે પારજ ઉભી હતી. ઉમાનાથને નાવિકો પર ક્રોધ આવતો હતો અને તેથી અધિક ક્રોધ તે મુસાફરો પર આવતો હતો જેઓ તે પાર નાવમાં બેસવા ધીરે ધીરે આવી રહ્યા હતા. તેમને દોડતાં આવવું જોઇએ જેથી ઉમાનાથને જલદી નાવ મલી જાય. જ્યારે ઉભા ઉભા ઘણીવાર થઇ ગઇ ત્યારે ઉમાનાથે મોટા અવાજે ગર્જના કરી નાવિકોને બૂમ પાડી. પણ તેમના કંઠ ધ્વનીની ઇચ્છા નાવીકોના કાનમાં પહોંચવાને પ્રબલ નહોતી. તે લહેરોની સાથે રમણ કરતી તેઓમાંજ સમાઇ ગઇ.

એટલી વારમાં ઉમાનાથે એક સાધુને પોતાની તરફ આવતાં જોયો. લાંબા બાંધાનો મનુષ્ય હતો. મોટી છાતી, લાલ નેત્ર, મસ્તક પર જટા, ગલામાં રૂદ્રાક્ષની માલા, એક હાથમાં મોટી ચિલમ, બીજા હાથમાં લોખંડની છડી અને પીંઠ પર એક મૃગછાલા ઓઢી નદીના તટપર આવી ઉભો રહ્યો. તે પણ તે પાર જવા ઇચ્છતો હતો.

ઉમાનાથને એવી ભાવના ઉદભવી કે મેં આ સાધુને કયાંક જોયો છે. પણ કયાં જોયો હતો તેની યાદ આવતી નહોતી. જાણે સ્મૃતિ પર એક પડદો પડયો હતો.

અકસ્માત સાધુએ ઉમાનાથની તરફ તાકી જોયું અને તરત તેમને પ્રણામ કરતા કહ્યું: "મહારાજ, ઘરે તો બધા કુશલ છેને, અંહી કેમ આવવું થયું?"


ઉમાનાથના નેત્રો પરથી પડદો હઠી ગયો. સ્મૃતિ જાગૃત થઇ ગઇ. આપણે રૂપ બદલી શકીએ છિયે. પણ શબ્દ નથી બદલી શકતા. આ ગજાધર પંડિત હતા!

જ્યારથી સુમનનો વિવાહ થયો હતો ત્યારથી ઉમાનાથ તેમની પાસે કદી પણ ગયા નહોતા. તેને મોંઢું દેખાડવાનો તેમને સાહસ નહોતો થતો. આ વખતે ગજાધરને આ વેશમાં જોઇ ઉમાનાથને આશ્ચર્ય થયો. તેમણે વિચાર્યું

કયાંક ફરી મારી ભૂલ તો નથી થઇ. ડરતા પૂછ્યું: "શુભ નામ?"

સાધુ: "પહેલાં તો ગજાધર પંડિત કહેવાતો, હવે ગજાનંદ છું."

ઉમાનાથ: "અહો! ત્યારેજ તો હું તમને ઓળખી શકતો નહોતો. મને સ્મરણ થતું



સાધુએ ઉમાનાથની તરફ તાકી જોયું.

હતું કે તમને મેં કયાંક જોયા છે. પરંતુ આપને આ વેશમાં જોઇ અત્યંત અજબ થઇ રહ્યો છું. કહો બાલ બચ્ચાં કયાં છે?"

ગજાનંદ: "હવે તે માયાજાલમાંથી તો હું મુક્ત થઇ ગયો છું."

ઉમાનાથ: "સુમન કયાં છે?"

ગજાનંદ: "વેશ્યા બજારના એક માળ ઉપર."

ઉમાનાથે વિસ્મિત થઇ ગજાનંદ તરફ જોયું અને લજ્જાથી તેમનું મસ્તક નીચું નમી ગયું. એક ક્ષણ પછી ફરી તેમણે પૂછ્યું: "એમ કેમ બન્યું. કંઇ વાત સમજમાં નથી આવતી?"

ગજાનંદ: "તે જ રીતે જેમ સંસારમાં પ્રાય થયા કરે છે. મારી અસજ્જનતા અને નિર્દયતા, સુમનની ચંચલતા અને વિલાસલાલસા

બન્નેએ મળી અમારા બેનો સર્વનાશ કરી દીધો. હું હવે તે સમયની વાતોનો વિચાર કરૂં છું તો એવું જણાય છે કે એક મોટા ઘરની દીકરી સાથે વિવાહ કરવામાં મેં મોટી ભુલ કરી છે. અને તેથી પણ મોટી ભુલ એ છે કે વિવાહ થઇ રહ્યા પછી મેં તેનો ઉચિત આદર સન્માન ન કર્યો. હું નિર્ધન હતો એટલે આવશ્યક હતું કે હું ધનના અભાવને મારા પ્રેમ અને ભક્તિથી પૂરો કરતો પણ મેં તેથી વિપરીત તેનાથી નિર્દયતાથી વ્યવહાર કર્યો. તેને વસ્ત્ર અને ભોજન માટે કષ્ટ આપ્યું. તે ચોકા, ઠામ માંજવા અને ઘંટી દળવામાં નિપૂણ નહોતી અને થઇ શકતી પણ નહોતી. તો પણ હું તેની પાસેથી આ સર્વ કામ કરાવતો અને તેમાં જરા પણ વિલંબ થતાં હું બગડી જતો. હવે મને જણાય છે કે હુંજ તેના ગૃહ-ત્યાગનો કારણ છું. સુંદરતા ને માન અને સુખભોગની ઇચ્છાથી તે જ સંબંધ છે જે ફુલને સુગંધથી હોય છે. સુમનને મારે માટે પ્રેમ નહોતો, અને તે થઇ પણ નહોતો શકતો. પરંતુ તે મુજપર ભક્તિ તો અવશ્ય રાખતી. પણ તે સમયે હું આંધળો બની ગયો હતો. કંગાલ માણસ ધન પ્રાપ્ત થતાં જે પ્રકારે ફુલી જાય છે તે જ રીતે સુંદર સ્ત્રી મળવા સાથે તે સંશય અને ભ્રમમાં આસક્ત થઇ જાય છે. મારી પણ એજ અવસ્થા હતી. મને સુમન પર અવિશ્વાસ રહ્યા કરતો હતો અને પ્રત્યક્ષ આ વાતને ન કહેતાં હું મારા કઠોર વ્યવહારથી તેના ચિત્તને દુઃખી કર્યા કરતો હતો. મહાશય, મેં તેની સાથે જે જે અત્યાચાર કર્યાં છે તેનું સ્મરણ કરી આજે મને મારી ક્રુરતાપર એટલું બધું દુઃખ થાય છે–જીવ ચાહે છે–કે વિષ ખાઇ લઉં. તે જ અત્યાચારનું આજે પ્રાયશ્ચિત કરી રહ્યો છું. તેના ગૃહ-ત્યાગ પછી થોડા દિવસ તો મને તેજ કેફ રહ્યો પણ જ્યારે કેફ ઉતર્યો ત્યારે તો ઘર મને કરડવા લાગ્યું. હું ફરી તે ઘરમાં ન ગયો. એક મંદિરમાં પૂજારી બની ગયો. તેમ થતાં હાથે ભોજન બનાવવાની કડાકુટથી બચ્યો. મંદિરમાં બે ચાર સજ્જન રોજ આવી જતા. તેમની સાથે રામાયણ આદિ કથા વાંચ્યા કરતો હતો. કદિ કદિ સાધુ મહાત્મા પણ આવી જતા. તેમની સાથે સત્સંગનો સુઅવસર પણ પ્રાપ્ત થતો. તેમની જ્ઞાનમય વાતો સાંભળી મારૂં અજ્ઞાન થોડું થોડું મટવા લાગ્યું. હું આપને સત્ય કહું છું કે પુજારી થવા વખતે મારા મનમાં ભક્તિનો ભાવ નામ માત્ર પણ નહોતો. મેં કેવલ નિરૂદ્યમતાનુ સુખ અને ઉત્તમ ભોજનનો સ્વાદ લુંટવા માટેજ પૂજાવૃત્તિ ગ્રહણ કરી હતી. પણ ધર્મ કથાઓ વાંચતા તેમજ શ્રવણ કરતા મનમાં ભક્તિ અને પ્રેમનો ઉદય થયો અને જ્ઞાનિ-ઓના સત્સંગથી ભક્તિએ વૈરાગ્યનું રૂપ ધારણ કરી લીધું. ગામ ગામ ફરૂં છું અને મારાથી જ્યાં સુધી બને છે ત્યાં સુધી બીજા-ઓનું કલ્યાણ કરૂં છું. આપ શું કાશીથી આવો છો?"

ઉમાનાથ: "નહિ, હું પણ એક ગામથી આવું છું. સુમનની એક નાની બ્હેન છે તેને માટે ઘર શોધી રહ્યો છું."

ગજાનંદ: "પણ આ વખતે કોઇ સુયોગ્ય વર શોધજો."

ઉમાનાથ: "સુયોગ્ય વરની ખામી નથી પણ તેનું સામર્થ્ય પણ મારામાં હોવું જોઇએ! સુમન માટે શું મેં ઓછી દોડધામ કરી હતી?"

ગજાનંદ: "સુયોગ્ય વર પ્રાપ્ત કરવા માટે આપને કેટલા રૂપીઆની આવશ્યકતા છે?"

ઉમાનાથ: "એક હજાર તો દાયજાનાં માંગે છે અને બાકીનો ખર્ચ તો પછવાડે રહ્યો."

ગજાનંદ: "આપ વિવાહ નક્કી કરી લ્યો. એક હજાર રૂપીઆનો પ્રબંધ ઇશ્વર કરશે તો હું કરી દઇશ. આ વેશ ધારણ કરતાં હવે મને જણાય છે કે હું પ્રાણિઓ ઉપર ઘણો ઉપકાર કરી શકું તેમ છે. હું બે ચાર દિવસ પછી આપનાજ ઘરે આપને મળીશ."

નાવ આવી ગઇ. બન્ને નાવ પર બેઠા, ગજાનંદ તો નાવિકો સાથે વાતો કરવા લાગ્યો. પણ ઉમાનાથ ચિંતા સાગરમાં ડૂબેલા હતા. તેનું મન કહી રહ્યું હતું કે સુમનનો સર્વનાશ મારા કારણેજ થયો!

પ્રકરણ ૩૧ મું.

પંડિત ઉમાનાથ સદનસિંહના વેવિશાલની ક્રિયા કરી વળી આવ્યા છે. તેમણે જાન્હવી સાથે ગજાનંદની સહાયતાની ચર્ચા ન કરી કારણ કે તેઓ ડરતા હતા કે કદાચને તે રૂપીઆને પોતાની છોકરીઓના વિવાહ માટે રાખી મૂકવાની હઠ લઇ બેસશે. જાન્હવી પર તેમના ઉપદેશની જરા પણ અસર થતી

નહિ. તેની સામે તેઓ હામા હા મેળવી દેતા.

તેમણે એક હજાર રૂપીઆના દાયજા પર વિવાહ નક્કી કર્યો હતો. પણ હવે આ ચિંતામાં પડ્યા હતા કે જાન માટે ખરચનો કેમ પ્રબંધ થશે. ઓછામાં ઓછા એક હજાર રૂપીઆની જરૂર હતી. પણ તે મળવાનો તેને કોઇ પણ ઉપાય સૂઝતો નહોતો. તેને આ વિચારથી હર્ષ થતું હતું કે **શાંતાનો** વિવાહ ઉંચા કુટુંબમાં થશે.

અંતમાં તેમણે વિચાર્યું કે હજી વિવાહને ત્રણ મહીના છે. જો ત્યાં સુધી રૂપીઆનો પ્રબંધ થઇ જશે તો સારી વાત છે. નહિ તો પછી જાનના ઝગડાનેજ તોડી નાંખીશ. કોઇને કોઇ વાત પર વર વાંધો કાઢીશ એટલે જાનવાલા પોતેજ નારાજ થઇ ચાલ્યા જશે. તેથી મારી થોડીક બદનામી તો થશે પણ વિવાહ તો ઉકલી જશે અને છોકરી તો આરામથી રહેશે. હું કંઇક એવી ખુંટી શોધીશ કે બધો દોષ જાનીઓ પરજ આવશે.

એક વારના દારોગો પંડિત કૃષ્ણચંદ્રને તુરંગમાંથી છૂટવાને એક સપ્તાહ વીતી ગયો હતો પરંતુ હજી સુધી વિવાહના સંબંધમાં વાતચીત કરવાનો ઉમાનાથને અવસરજ નહોતો મળ્યો. તેઓ કૃષ્ણચંદ્રના સન્મુખ જવા લજ્જાતા હતા.

કૃષ્ણચંદ્રના સ્વભાવમાં હમણા એક મોટો ફેરફાર દેખાતો હતો. તેમાં ગંભીરતાના બદલામાં એક પ્રકારની ઉદ્ધતાઇ આવી ગઇ હતી અને સંકોચ નામ માત્ર પણ રહ્યો નહોતો. શરીર ક્ષીણ થઇ ગયું હતું, પણ તેમાં એક અદ્દભુત શક્તિ ભરેલી જણાતી હતી. તે રાતના દીર્ઘ નિશ્વાસ લઈ હાય! હાય! કરતો સંભળાતો હતો. અર્ધી રાત્રે નીરવતા છાઇ રહેતી; તે પોતાની પથારીમાં પાસાં ફેરવતાં ફેરવતાં આ ગીત ગાયા કરતો:

અગિયા લાગી સુંદર બન જરિ ગયો.

કદિ કદિ આ ગીત ગાતો:

લકડી જલ્ કોયલા ભઈ,
ઔર કોયલા જલ ભયો રાખ;
મૈં પાપિન ઐસી જલી,
કે કોયલા ભઇ ન રાખ!

તેના નેત્રોમાં એક પ્રકારની ચંચલતા જોવામાં આવતી હતી. જાન્હવી તેની સામે ઉભી ન રહી શકતી; તેને તેનાથી ભય લાગતું. ઠંડીની મોસમમાં કૃષકોની સ્ત્રીઓ બજારમાં કામ કરવા જતી હતી. કૃષ્ણચંદ્ર પણ બજાર તરફ નિકળી જતો અને ત્યાં સ્ત્રીઓની મશ્કરી કરતો. સાસરીયાના નાતાએ તેમને સ્ત્રીઓથી હસવા બોલવાનો અધિકાર હતો, પણ કૃષ્ણચંદ્રની વાતો એવી રહસ્યપૂર્ણ અને તેની ચિત્તવનો એવી કુચેષ્ટાપૂર્ણ થતી હતી કે સ્ત્રીઓ લજ્જાથી મુખ છૂપાવી લેતી. પછવાડેથી જાન્હવી પાસે આવી તિરસ્કાર દર્શાવતી. વાસ્તવમાં કૃષ્ણચંદ્ર કામસંતાપથી બળ્યા કરતો હતો.

અમોલામાં ઘણા સુશિક્ષિત સજ્જન મનુષ્યો હતા. પણ કૃષ્ણચંદ્ર તેમના સમાજમાં ન બેસતો. તે દરરોજ સાયંકાળે નીચ જાતિના માણસો સાથે ચરસના દમ ફૂંકતો દેખાતો હતો. તે અસભ્ય મંડલીમાં બેસી પોતાના જેલના અનુભવોનું વર્ણન કર્યા કરતો. ત્યાં તેનાં કંઠમાંથી નીચ વાતોની ધારા વહેવા માંડતી.

ઉમાનાથ પોતાના ગામમાં સર્વમાન્ય હતા. તેઓ પોતાના બનેવીના આ દુષ્કૃત્યોને જોઇ જોઇ કપાઇ જતા. ઇશ્વર પાસેથી યાચતા કે તે કોઇ પણ પ્રકારે અહિંથી ચાલ્યો જાય.

હવે **શાંતાને** પણ પોતાના પિતા પાસે ઘડી ઘડી આવવા સંકોચ થતો હતો. ગામની સ્ત્રીઓ જ્યારે જાન્હવી પાસે કૃષ્ણચંદ્રના કરતુકોની નિંદા કરતી ત્યારે તો **શાંતાને** અત્યંત દુઃખ થતું. તે નહિં સમજી શકતી કે પિતાજીને શું થઇ ગયું છે. તેઓ કેવા ગંભિર, કેવા વિચારશીલ, કેવા દયાશીલ અને કેવા સુચરિત્ર મનુષ્ય હતા! પણ હાય તદ્દન બદલાઇ ગયા! શરીર તો તે જ છે પણ આત્મા કયાં ગયો?

આવી રીતે એક માસ વીતી ગયો. ઉમાનાથ મનમાં ક્રોધ કરતા કે એની છોકરીનો વિવાહ થવાનો છે. મને શું ગરજ પડી છે કે વ્યર્થ વધુ જંજાળમાં પડું. કયાં જઇ ચાર પૈસા પેદા કરવાનો ઉપાય કરવો તો રહ્યો, ઉલટાં પોતાનું જીવન નષ્ટ કરી રહ્યો છે અને સાથે મને પણ ખરાબ લગાડે છે.

એક દિવસે ઉમાનાથે કૃષ્ણચંદ્રના સહકારોને ધમકાવી કહ્યું: "હવે જો તમોને તેની સાથે ચરસ પીતાં દેખીશ તો પછી જોજો કે તમારૂએ તેમાં ભલું નથી. એકે એકની બરાબર ખબર લઇશ." ઉમાનાથનો રોફ આખા ગામ પર છવાયલો હતો. તેઓ બધા ડરી ગયા. બીજે દિવસે કૃષ્ણચંદ્ર તેમની પાસે જતાંજ તેમણે કહ્યું દીધું: "મહારાજ, આપ અહિં આવ્યા ન કરશો. અમને પંડીત ઉમાના-

થના કોપમાં ન નાંખો. ક્યાંક કોઇ મામલો ઉભો કરી દેશે તો અમો વગર મોતે માર્યા જશું."

કૃષ્ણચંદ્ર ક્રોધમાં ચકચૂર થઇ ઉમાનાથ પાસે આવ્યો અને બોલ્યો: "લાગે છે કે મારૂં અહિં રહેવું તમને અનુચિત્ત ભાસ્યું છે."

ઉમાનાથ: "આપનું ઘર છે જ્યાં સુધી રહેવું હોય ત્યાં સુધી રહો પણ હું એજ ચાહું છું કે નીચ માણસો સાથે બેસી આપ મારી અને તમારી આબરૂ બેઆબરૂ ન કરો."

કૃષ્ણચંદ્ર: "તો કોની સાથે બેસું? અહિં જેટલા સારા માણસ છે તેઓમાંથી કોણ મારી સાથે બેસવા ખુશી છે? બધાએ મને તુચ્છ દૃષ્ટિથી દેખે છે. મારે માટે એ અસહ્ય છે. આપ તેઓમાં કોઇને બતાવી શકો છો જે પૂર્ણ ધર્મનો અવતાર હો. બધાએ દગાબાજ અને રંક ખેડુતોનું રકત ચૂસવાવાલા વ્યભિચારી છે. હું મને તેમનાથી નીચ નથી સમજતો. હું મારા કરેલા કૃત્યોનું ફળ ભોગવી આવ્યો છું. તેઓ હજી સુધી બચેલા છે. મારામાં અને તેમનામાં માત્ર આટલોજ ફેર છે. તેઓ એક પાપને છૂપાવવા માટે બીજા કેટલાક પાપ કર્યા કરે છે. આ વિચારે તેઓ મારા કરતાંએ વિશેષ પાતકી છે. આવા બગલા ભકતોની સામે હું દીન બની જઇ નથી શકતો. હું તેમની સાથે બેસું છું જેઓ આ અવસ્થામાં પણ મારો આદરસત્કાર કરે છે. તે પોતાને મારાથી શ્રેષ્ટ નથી સમજતા અને કાગ થઇ હંસ બનવાની કોશીષ પણ નથી કરતા. જો આપને મારા આ વ્યવહારથી બટ્ટો લાગતો હોય તો જબરદસ્તીથી હું પણ આપના ઘરમાં રહેવા નથી ચહાતો."

ઉમાનાથ: "મારો ઇશ્વર સાક્ષી છે કે મેં આ વિચારે તે માણસોને આપની સાથે બેસવાને મનાઇ નથી કરી. આપ જાણો છો કે મારો પ્રાયઃ સરકારી અધિકારીઓ સાથેજ સંસર્ગ રહ્યા કરે છે. આપના આ વ્યવહારથી મને તેમની સામે આંખો નીચી કરવી પડે છે."

કૃષ્ણ: "તો આપ તે અધિકારિઓને કહી દેજો કે કૃષ્ણચંદ્ર જોઇએ તેટલો ખરાબ છે તોપણ તેઓથી તો સારો છે. હું પણ ક્યારેક અધિકારી હતો અને અધિકારિઓના આચાર વ્યવહારનું થોડું ઘણું જ્ઞાન રાખું છું. એ સૌ ચોર છે. એ દુષ્ટ, ચોર, પાપી અને અધર્મીઓનો ઉપદેશ કૃષ્ણચંદ્ર લેવા નથી ઇચ્છતો."

ઉમાનાથ: "આપને અધિકારીઓની કંઇ પરવા નથી પણ મારૂં જીવન તેમનીજ કૃપાદૃષ્ટિ પરજ નિર્ભર છે, હું તેમની કેવી રીતે ઉપેક્ષા કરી શકું? આપે તો થાણદારી કરી છે. શું આપ નથી જાણતા કે અહિંનો થાણેદાર તમારી ઉપર છૂપી તપાસ રાખે છે? તે આપને દુર્જનો સાથે દેખશે તો અવશ્ય રિપોર્ટ કરશે અને આપની સાથે મારો પણ સર્વ નાશ થઇ જશે. આ લોકો કોઇના કદી મિત્ર થયા છે?"

કૃષ્ણચંદ્રઃ "અહિંનો થાણેદાર કોણ છે?"

ઉમાનાથઃ "સૈયદ મસઉદ આલમ."

કૃષ્ણ: "ઠીક, તેજ ધુર્ત, આખા જમાનાનો બેઇમાન, અને છટેલ બદમાશ છે. તે મારી સામે હેડ કોન્સટેબલ રહી ચૂક્યો છે. અને એક વાર મેંજ તેને જેલથી બચાવ્યો હતો. હવે તેને અહિં તો આવવા દો પછી એની ખબર લઉં કે તે પણ યાદ કરે."

ઉમાનાથઃ "જો આપને આ બધો ઉપદ્રવ કરવો છે તો કૃપા કરી મને સાથે ન સમેટો. આપનું તો કંઈ પણ નહિ બગડે હું પિસાઇ જઇશ."

કૃષ્ણચંદ્ર. "એટલા માટેજ કે આપ ઇજ્જતવાલા છો અને મારૂં કોઇ ઠેકાણુંજ નહિ. મિત્ર, કાં મોઢું બોલાવો છો. ધર્મનો સ્વાંગ કરી કાં ડીંગ મારો છો? થાણેદારોની દલાલી કરીને પણ તમને ઇજ્જતનું ઘમંડ છે?"

ઉમાનાથઃ "હું અધમ, પાપી, ધૂર્ત, દલાલ અને પાખંડી છું તો તેમ, પરંતુ આપની સાથે મેં જે ભલાઇ કરી છે તેને જોતાં આપના મુખમાંથી આ વાતો નિકળવી ન જોઇએ."

કૃષ્ણ: "તમે મારી સાથે ભલાઇ એવી કરી કે મારા ઘરનું નખોદ વાળી નાખ્યું. ભલાઇનું નામ લેતાં તમને લજ્જા નથી આવતી. તમારી ભલાઇના વખાણ અહિં સારી રીતે સાંભળી ચૂક્યો. મારી સ્ત્રીને મારી, મારી એક પુત્રીને એક લંપટના ગળે બાંધી દીધી અને બીજી પુત્રી પાસે ચાકરડીની માફક કામ કરાવો છો. મૂર્ખ સ્ત્રીને ફોસલાવી મુકરદમો લડવાના બહાનાથી બધા રૂપીઆ ઉડાવી લીધા અને પછી પોતાને ઘેરે લાવી તેની દુર્ગતી કરી, આજે પોતાની ભલાઇની વાતોની શેખી મારો છો?"

અભિમાની મનુષ્યને કૃતઘ્નતાથી જેટલું દુઃખ થાય છે તેટલું બીજી કોઇ વાતથી થતું નથી. તે ભલે પોતાના ઉપકારોને માટે કૃતજ્ઞતાનો ભુખ્યો ન હોય, ભલે તેણે નેકી કરી દરિયામાંજ નાખી દીધી હોય પરંતુ ઉપકારનો વિચાર કરતાં તેને અત્યંત ગૌરવને

આનંદ પ્રાપ્ત થાય છે. ઉમાનાથે વિચાર્યું: સંસાર કેવો કુટિલ છે. મેં એમના માટે મહીનાઓ સુધી કચેરી દરબારના ફેરા ખાધા, વકીલોની કેવી કેવી ખુશામદો કરી, કર્મચારીઓના કેવા કેવા નખરા સાંખ્યા, અને પોતાના સેંકડો રૂપીઆની હોળી કરી, અને આજે તેનો આ યશ! ત્રણ ત્રણ પ્રાણીઓનું વરસો સુધી પાલનપોષણ કર્યું, સુમનના વિવાહ માટે મહીના સુધી રખડયો રઝળ્યો અને શાંતાના વિવાહ માટે મહીનાથી ઘાટે ઘાટ ફરી વળ્યો છું. દોડતાં દોડતાં પગમાં છાલાં પડી ગયાં. રૂપીઆ પૈસાની ચિંતામાં શરીર ઘસાઇ ગયું અને આખરે તેનું આ ફલ! ઓ કુટિલ સંસાર! અહિં ભલાઇ કરવામાં પણ બટ્ટો લાગે છે. આ વિચારતાં તેમના નેત્રો અશ્રુપૂર્ણ થઇ ગયા. તેમણે કહ્યું: 'ભાઇ સાહેબ, મેં જે કંઇ કર્યું તે ભલું સમજીનેજ કર્યું છે. પણ મારા હાથમાં યશ નથી. ઇશ્વરની એજ ઇચ્છા છે કે મારૂં કર્યું કરાવ્યું બધું માટીમાં મળી જાય, તો તે જ સહી. મેં આપનું સર્વસ્વ લૂટી લીધું, બધું ખાઇ પી ગયો. હવે જે સજા કરવી હોય તે કરો, વધારે શું કહું?''

ઉમાનાથ આ કહેવા ચાહતા હતા કે હવે જે કંઇ બનવાનું હતું તે બની ગયું. હવે મારો પિછો છોડો. શાંતાના વિવાહનો પ્રબંધ કરો. પણ તેમ ન કહ્યું, કારણ કે તેઓ ડર્યા કે રખેને ક્રોધમાં તે શાંતાને લઇ ચાલ્યો જાય. તેણે મન મારી બેસવું જ ઉચિત ધાર્યું. નિર્બલ ક્રોધ ઉદાર હૃદયોમાં કરૂણાનો ભાવ ઉત્પન્ન કરી દે છે. કોઇ ભિક્ષુકના મોંમાંથી ગાળો ખાઇ સજ્જન મનુષ્ય ચૂપ રહેવા સિવાય બીજું શું કરી શકે છે.

ઉમાનાથની સહિષ્ણુતા-સહનશીલતાએ કૃષ્ણચંદ્રને પણ શાંત કર્યો. બન્ને જણાઓ વચ્ચે વાતચીત થઇ ન શકી. બન્ને પોતાની જગ્યા પર વિચારમાં ડૂબ્યા બેસી રહ્યા, જેમ બે કુતરા લડવા પછી સામસામાં બેસી રહે છે. ઉમાનાથ વિચારતા હતા કે બહુજ સારૂં થયું કે મેં ચૂપકીદી પકડી; નહિં તો સંસાર મને બદનામ કરતે. કૃષ્ણચંદ્ર વિચારતા હતા કે મેં બહુ ખરાબ કર્યું કે આ દટાયેલા મુડદાંઓ ખોદી બહાર કાઢયાં. અનુચિત કોપમાં સુતેલા આત્માને જગાડવા વિશેષ અનુરાગ થાય છે. કૃષ્ણચંદ્રને હવે પોતાનું કર્તવ્ય દેખાવા લાગ્યું. અનુચિત ક્રોધે અકર્મણ્યતાની નિદ્રા ભંગ કરી દીધી. સંધ્યાના સમયે કૃષ્ણચંદ્રે ઉમાનાથને પૂછયું: "શાન્તાનો વિવાહ તો આપે કયાંક નક્કી કર્યો છે ને?"

ઉમાનાથ: "હા ચુનારમાં. પંડીત મદનસિંહના છોકરા સાથે."

કૃષ્ણ: "વર તો કોઇ મોટા માણસ જણાય છે. દાયજાનું કેટલું ઠરાવ્યું છે?"

ઉમાનાથ: "એક હજાર."

કૃષ્ણ: "એક હજાર અને બીજા વિવાહ ખર્ચ માટે જોઇએ?"

ઉમા: "હા, તે તો જોઇએજ તો."

કૃષ્ણચંદ્ર સ્તંભિત થઇ ગયો. પૂછયું: "આટલા રૂપીઆનો પ્રબંધ કેવી રીતે થશે?"

ઉમા: "ઇશ્વર કોઇ ને કોઇ રીતે પાર પાડશે જ. એક હજાર મારી પાસે છે. કેવલ એક હજારની વધારે ચિંતા છે."

કૃષ્ણચંદ્રે અતિ ગ્લાનિપૂર્વક કહ્યું: "મારી દશા તો આપ જોઇ રહ્યા છો." આટલું કહેતા કહેતાં તેની આંખોમાંથી આંસુ ટપકી પડયાં.

ઉમા: 'આપ નિશ્ચિંત રહો. હું બધું કરી લઇશ."

કૃષ્ણ: "પરમાત્મા આપને આનું શુભ ફલ આપશે. ભાઇ, મારાથી જે અવિનય થયો છે તે માટે આપ માઠું ન લગાડશો. હવે હું મારા પોતાનાએ વશમાં નથી. આ કઠિન યંત્રણાએ મને પાગલ કરી દીધો છે. તેણે મારા આત્માને નષ્ટ કરી દીધો છે. હું આત્માહીન મનુષ્ય છું. એ જેલરૂપી નરકમાં પડી દેવતા પણ રાક્ષસ થઇ જાય તેમાં આશ્ચર્ય નથી. મુજમાં આટલું સામર્થ્ય કયાં છે કે હું આટલો ભારી બોજો ઉપાડતે. તમે મને ઉગાર્યો છે. મારી નાવ પાર લગાડી દીધી. પણ આ છાજતું નથી કે તમારા ઉપરજ આટલા મોટા કાર્યનું ભાર નાંખી હું આળસુ બની બેઠો રહું. મને પણ આજ્ઞા આપો કે કયાંક જઇ ચાર પૈસા પેદા કરવાનો ઉપાય કરૂં. હું આવતી કાલે બનારસ જઇશ. જો કે ત્યાં મારા પહેલાંના જાન પીછાણવાલા માણસો તો ઘણા છે પણ હું તેમને ત્યાં રહેવા નથી ઇચ્છતો. સુમનનું ઘર કયા મહોલ્લામાં છે?"

ઉમાનાથનું મુખ પીળું પડી ગયું. તેમણે કહ્યું: "વિવાહ સુધી તો આપ અહિંજ રહો. પછી ઇચ્છા હોય તો જજો."

કૃષ્ણચંદ્ર: "નહિ. મને આવતી કાલે જવા દ્યો. હું વિવાહથી એક સપ્તાહ પહેલાં આવી જઇશ. બે ચાર દિવસ સુમનને ત્યાં રહી કોઇ નોકરી શોધી લઇશ. કયા મહોલ્લામાં રહે છે?"

ઉમાઃ "મને બરાબર યાદ નથી. હું ઘણા દિવસ થયા ત્યાં ગયો નથી. શહેરવાલાનો તે શું પત્તો? દરરોજ ઘર બદલ્યા કરે છે. ખબર નથી હમણા તે કયા મહોલ્લામાં હશે."

રાતના ભોજન વખતે કૃષ્ણચંદ્રે શાંતાને સુમનનું ઠેકાણું પૂછ્યું. શાંતા ઉમાનાથના સંકેતને ન જોઇ શકી. તેણે પૂરો પત્તો બતાવી દીધો.

પ્રકરણ ૩૨ મું.

શહેરની મ્યુનિસિપાલિટીમાં કુલ ૧૮ સભાસદો હતા તેઓમાં ૮ મુસલમાન હતા અને ૧૦ હિંદુ. સુશિક્ષિત મેંબરોની સંખ્યા અધિક હતી. તેથી શર્માજીને વિશ્વાસ હતો કે મ્યુનિસિપાલિટીમાં વેશ્યાઓને શહેર બહાર કાઢવાનો ઠરાવ સ્વીકૃત થઇ જશે. તેઓ બધા સભાસદોથી મળી ચૂકયા હતા અને આ વિષયમાં તેમની શંકાઓનું સમાધાન પણ કરી ચૂકયા હતા. પરંતુ મેંબરોમાં કેટલાક એવા સભાસદ પણ હતા જેમની તરફથી સખ્ત વિરોધ થવાનો ભય હતો. આ લોકો મોટા વ્યાપારી, ધનવાન અને પ્રભાવશાલી માણસો હતા. તેથી શર્માજીને એ ધાસ્તી પણ હતી કે બીજા સભાસદો પણ તેમનાં દબાણમાં ન આવી જાય. હિંદુઓમાં વિરોધી પક્ષનાં નેતા શેઠ બલભદ્રદાસ અને મુસલમાનોમાં હાજી હાશિમ હતા. જ્યાંસુધી વિઠ્ઠલદાસ આ ચળવળમાં હર્તાકર્તા હતા ત્યાંસુધી આ લોકોએ તેની તરફ કંઇ ધ્યાન આપ્યું નહિ. પણ જ્યારે પદમસિંહ અને મ્યુનિસિપાલિટીના અન્ય મેંબર આ ચર્ચામાં સામેલ થઇ ગયા હતા ત્યારથી શેઠજી અને હાજી સાહેબના પેટમાં ઉંદર દોડી રહ્યા હતા. તેમને ખબર પડી ગઇ હતી કે આ ઠરાવ સભામાં વ્હેલો રજુ થશે, તે માટે બન્ને મહાશય પોતાના પક્ષને સ્થિર કરવા તત્પર થઇ રહ્યા હતા. પહેલાં હાજી સાહેબે મુસલમાન મેંબરોને એકત્રિત કર્યા. હાજી સાહેબનો જનતાપર ઘણોજ પ્રભાવ હતો અને તેઓને શહેરના સમસ્ત મુસલમાનોના નેતા સમજવામાં આવતા હતા. બાકી ૭ મેંબરોમાં મૌલાના તેગઅલી એક ઇમામવાડાના વાલી હતા. મુન્શી અબુલવફા અત્તર અને તેલના કારખાનાના માલિક હતા. મોટા મોટા શહેરોમાં તેમની ઘણી દુકાનો હતી. મુન્શી અબદુલ્લતીફ એક મોટા જમીનદાર હતા, પરંતુ બહુધા શહેરમાંજ રહેતા. તેમને કવિતાપર પ્રેમ હતો અને એક સારા કવિ પણ હતા. શાકિરબેગ અને શરીફહસન વકીલ હતા. તેમના સામાજીક સિદ્ધાંત બહુજ ઉન્નત હતા. સૈયદ શફ્કતઅલી પેન્શનર ડેપ્યુટી કલેકટર હતા અને ખાંસાહેબ શોહરતખાં પ્રસિદ્ધ હકીમ હતા. આ બન્ને મહાશય સભાઓ અને સમાજોથી ઘણું કરી અલગ રહેતા તો પણ તેઓમાં ઉદારતા અને વિચારશીલતા ઓછાં નહોતાં. બન્ને ધાર્મિક પ્રવૃત્તિનાં માણસ હતા. સમાજમાં તેમનુ ઘણું સન્માન હતું.

હાજી હાશિમે કહ્યું: "આપણા સ્વદેશી બંધુઓની આ નવી રીત આપ લોકોએ જોઇ? ખુદાના કસમથી કહું છું કે એમનામાં બહુ દૂરદેશીપણું છે."

અબુલ વફાએ કહ્યું: "પણ હવે ખુદાની મહેરબાનીથી આપણને આપણા નફા નુકસાનનો અંદાજ જણાવા લાગ્યો છે. આ તો આપણી આવકને ઘટાડવાની કાયદાપૂર્વક કોશેશ છે. ગાનારીઓ સેંકડે ૫૦ ટકા મુસલમાન છે, તેઓ રોજા પાળે છે, ધર્માનુસાર ચાલે છે, ધર્મની ક્રીયાઓ કરે છે અને જાત્રાઓ પણ કરે છે. આપણને તેમનાં અંગત કૃત્યો સાથે લાગતુંવળગતું નથી. નેકી અને બદીની સજા અને બદલો આપવું એ ખુદાનું કામ છે. આપણને તો ફકત તેમના કર સાથે કામ છે."

તેગઅલીઃ "પણ શું તેમના પરનો કર એટલો મોટો છે કે જેથી આપણા એકત્ર વોટ ઉપર તેની અસર પડી શકે છે?"

અબુલ વફાઃ "કંઇને કંઇ તો અસર જરૂર જ થશે. પછી ભલે તે થોડા કે વધુ પ્રમાણમાં હોય. આપણા સ્વદેશી ભાઇઓને જોશો, તેઓ અંત્યજ જેવા નીચ વર્ગનાઓને પણ મોટાની સાથે મેળવવાની કોશીશ કરે છે. જો કે ખરેખર રીતે તો તેઓ તેમનાં પડછાયાથી દૂર રહે છે. તેમને જાનવરો કરતાં પણ વધુ હલકા ધારે છે છતાં ફક્ત પોતાના પોલીટિકલ લાભ માટે તેમને પોતાના અંગના એક ભાગ તરીકે લેખી રહ્યાં છે. આપણને તો આ મામલામાં તેમની પાસેથી પણ સબક શિખવા જોઇએ."

સૈયદ શફ્કતઅલીએ વિચારપૂર્ણ ભાવથી કહ્યું: "આ હલકી જાતિઓ માટે ગવર્મેન્ટે પણ શહેરોમાં જુદો બંદોબસ્ત કર્યો છે. તેમના પર પોલીસની નજર રહે છે. ખુદ હું પોતે મારી નોકરીના સમયે તેમની હીલચાલના રિપોર્ટ લખતો હતો. પણ મારા ખ્યાલમાં

કોઇ પણ જોખમદાર હિંદુએ ગવર્ન્મેન્ટને આ રીતના કારોબારની વિરૂધમાં કંઇ કહ્યું નથી. જુઓને આ અંત્યજમાં પણ કોઇ ઓરત પોતાનું પતિવ્રતાપણું નથી જાળવી શકતી તો તેમને જ્ઞાતિ બહાર કરી દેવામાં આવે છે. જો કોઇ અંત્યજ પાસે પૂરતા પૈસા હોય છે તો તે પણ આ ખૂબસુરતીના ખૂલ્લા બજારમાં મનમાન્યા સોદા ખરીદી શકે છે. ખુદા એ દિવસ ન લાવે કે આપણે આપણા પોલિટિકલ લાભોને ખાતર આ હદ સુધી પોતાને આટલે હલકે દરજ્જે ઉતારી પાડીયે. જો આ વેશ્યાઓના સારા કૃત્યોના પુણ્યની બરકતથી આખી ઇસ્લામને ખુદા જન્નત આપે તો હું તો દોજખમાં જવુંજ પસંદ કરવાનો. મારો અંગત મત તો એજ છે કે વેશ્યાઓને શહેરથી જ નહિં, પણ શહેરની હદથી બહાર દૂર કરી દેવી જોઇએ."

હકીમ શોહરતખાં બોલ્યા: "જનાબ, મારૂં ચાલતું હોય તો એમને હિંદુસ્તાનમાંથી દૂર કરૂં. તેમનો એક જુદોજ ટાપુ વસાવું. હું તો એટલે સુધી. કહીશ કે આ વેશ્યાઓ કોલેરા અને પ્લેગના અવતારરૂપ જ છે. કોલેરા તો બે કલાકમાં કામ પુરૂં કરી દે છે, પ્લેગ બે દિવસમાં, પણ આ દોજખની જીવતી મૂર્તિઓ રડાવી રડાવી અને રીબાવી રીબાવી જાન લે છે. મુન્શી અબુલવફા સાહેબ તેમને સ્વર્ગની હુર સમજે છે પણ આ! વેશ્યાઓ તે કાલી નાગણો છે જેમની આંખોમાં ઝહેર છે. કેટલી ભલી બીબીઓ તેમને લીધે પોતાના ખાવિંદની બુરી ચાલથી આંસુ પાડયા કરે છે! કેટલા શરીફજાદાઓ એમની બરકતે તારાજ થઇ રહ્યા છે. આ તો આપણી કમનસિબી છે કે આ વેશ્યાઓમાંનો મોટો ભાગ પોતાને મુસલમાન તરીકે ઓળખાવે છે."

શરીફ હુસન બોલ્યા: "તેઓ પોતાને મુસલમાન કહેવાડે છે તેમાં તો કંઇ ખોટું નથી, પણ ખોટું તો આમાં છે કે ઇસ્લામ તેમને સીધે માર્ગે લાવવાને યત્ન નથી કરતો. હિંદુઓની દેખાદેખીમાં ઇસ્લામે પણ તેમને પોતાને ત્યાંથી તજી દીધી છે. જે ઓરત એકવાર કોઇ કારણે આડે માર્ગે ઉતરી ગઇ હોય તેમની તરફ ઇસ્લામ હમેશ માટે પોતાની આંખો બંધ કરી લે છે. બેશક અમારા મૌલાના સાહેબ લીલી પાઘડી બાંધી, આંખોમાં સુરમો લગાડી, લાંબા જૂલ્ફા લટકાવી, તેમની ધાર્મિક ક્રિયાઓ બજાવવા જઇ પહોંચે છે, તેમના સુફરાપર મીઠા નવાલાઓ ખાય છે અને તેમના ખાસ દાનમાંથી સુગંધી બીડાઓ ઉડાવે છે. બસ ઇસ્લામની ધાર્મિક સુધારણશક્તિ અહિં સુધી આવી ખતમ થઇ જાય છે. પોતાના બુરા કામો પર પસ્તાવો કરવો એ મનુષ્યોનો સ્વભાવ છે. આ ઉંધે રસ્તે જતી ઓરતો પહેલાં નહિ, તો શરાબનો નશો ઉતર્યા પછી જરૂર પોતાની હાલતપર અફસોસ કરે છે. પણ તે વેળાયે તેમનું પસ્તાવું બેફાયદા છે. તેમના ગુજરાન માટે આ તેમના ધંધા સિવાય બીજો કોઇ રસ્તો નથી રહેતો, સિવાય કે તેઓ પોતાની બેટી-ઓને પણ પાછા પોતાનીજ રીતિએ બીજા-ઓની મહોબતની જાળમાં ફસાવે આ રીતે આ સિલસિલો હમેશાં ચાલુજ રહે છે. જો તેમની બેટીયોની વ્યવહાર રીતે શાદી થઇ શકે અને તે સાથે આ વેશ્યાઓના પાલનપોષણનો પણ કંઇ બંદોબસ્ત થઇ શકે તો મારા વિચાર મુજબ વધુ નહિં તો સેંકડે ૭૫ ટકા વેશ્યાઓ ખુશીથી આ સુધરવાના માર્ગને કબુલવાની. આપણે પોતે ભલેને જોઇએ તેટલા ગુન્હાગાર હોઇએ પણ આપણી ઓલાદ સંતતિ તો ભલી ને સીધે માર્ગે રહે એવીજ આશા રાખિયે છિયે. વેશ્યાઓને શહેરથી બહાર કાઢતાં તેઓને સુધારી નથી શકાવાની."

તેગઅલી: "બંદેનિવાજ, સંભાળી વાતો કરો. એમ ન કહો કે આપ પર કોઇ જાતનો આરોપ પુરવાર થઇ જાય. આજ કાલ તો પોલિટિકલ લાભાલાભનોજ વિચાર પહેલો સર્વત્ર ચાલે છે. હક ને ઇનસાફનું તો નામજ નથી. અગર આપ શિક્ષક છો તો હિંદુ છોકરાઓને ફેલ કરી દ્યો, તહસિલદાર છો તો હિંદુઓપર ટેકસ લગાડો, મેજીસ્ટ્રેટ છો તો હિંદુઓને સજા કરો. સબ-ઇન્સપેકટર પોલીસ છો તો હિંદુઓપર જુઠા મુકદમાઓ દાખલ કરો. તપાસણીપર નિકળો તો હિંદુઓની સાક્ષિઓને જૂઠી તરીકે લખો, જો આપ ચોર છો તો પહેલાં ધાડ હિંદુના ઘર પર નાખો ત્યારે તો તમે કોમના નોકર, કોમી નાવના નાખુદા, સર્વ કંઇ છો."

હાજી હાશમ કંઇ બડબડયા, મુન્શી અબુ-લવફાના ભવાં ચઢયાં. તેગઅલીની તલવારે તેમને ઘાયલ કર્યા. અબુલવફા કંઈ કહેવા જતા હતા કે શાકિરબેગ બોલી ઉઠયા: "ભાઇ સાહેબ, આ તાના મિહ્‌ણાનો મોકો નથી. આપણે પોતાના ઘરમાં બેસી એક બાબત

ઉપર સલાહ કરી રહ્યા છિયે. તેજ જબાન સલાહ મસલત વખતે કાતેલ ઝેહેર જેવી છે. આપણે ઘર બનાવતાં તેમાં જે રીતે ખાળ વગેરે બનાવિયે છિયે તેવીજ આ વેશ્યાઓ છે. જેમ ખાળ સંડાસને મકાનના કોઇ અણુદીઠ ભાગમાં બનાવિયે છિયે તેવીજ રીતે આ શહેરની બદબોઇને પણ શહેરના તંદુરસ્ત ભાગમાંથી હટાવી કોઇ દૂરના એકાંત ખૂણે ખોચરે રાખવી જોઇએ."

મુન્શી અબુલવફા પહેલાના શબ્દોથી ખુશ થઇ ગયા હતા પણ ખાળની ઉપમા પર તેમનું મ્હોં બગડી ગયું. હાજી હાશમે નિરાશાથી અબદુલ લતિફની તરફ જોયું, જે હમણા સુધી ચુપચાપ બેઠા હતા. તેઓ બોલ્યા: "જનાબ, કંઇ આપ તો બોલશો? દોસ્તીના વેહમાં તમે તો નથી વહી ગયા ને?"

આ રીતની તકરારમાં અરધી રાત તો વિતી ચૂકી હતી. સભા સમાપ્ત થઇ. આ તકરારનું કંઇ ફલ ન આવ્યું. લોક મનમાં જે પક્ષ તરફની વલણ નક્કી કરી આવ્યા હતા બસ તેજ પક્ષ તરફ વળેલા રહ્યા. હાજી હાશમને પોતાના પક્ષની જીતનો જે પૂર્ણ વિશ્વાસ હતો તેમાં તેને સંદેહ પડવા લાગ્યો.

પ્રકરણ ૩૩ મું.

આ પ્રસ્તાવના વિરોધી હિન્દુ મેમ્બરોને હવે મુસલમીનોની સભાની સર્વ વિગતની ખબર પડતાં તેમની તરફની સ્હાયતાની આશા ભંગ થઇ. ડો. બલભદ્રદાસ પ્રમુખ, ડો. શ્યામચરણ ઉપ-પ્રમુખ, લાલા ચિમનલાલ ને દીનાનાથ તિવારી વેપારીઓના આગેવાન તરીકે, પદમસિંહ ને રૂસ્તમજી વકીલોમાંના, રમેશદત્ત કોલેજના અધ્યાપક, લાલા ભગતરામ કર ભરનારા, પ્રભાકરરાવ હિન્દી પત્ર "જગત"ના સમ્પાદક અને કુંઅર અનિરૂદ્ધસિંહ જીલ્લાના સઉથી મોટા જમીનદાર તરીકે એમ સર્વ દશ સભાસદ હતા. ચોકમાંની દુકાનોમાં મોટા ભાગે બલભદ્રદાસ તથા ચિમનલાલની હતી. ચાવલમંડીમાં દીનાનાથના કેટલાંક મકાન હતાં. આ ત્રણે જણ આ દરખાસ્તની વિરૂદ્ધ હતા. લાલા ભગતરામનું કામ ચિમનલાલની આર્થીક સહાયતાથી ચાલતું તેથી તેમની સમ્મતિ તેમની તરફ હતી. પ્રભાકરરાવ, રમેશદત્ત, રૂસ્તમજી ને પદમસિંહ આ દરખાસ્તની તરફનાઓ હતા. ડો. શ્યામચરણ ને કુંઅરજી આ વિષયમાં હજી તટસ્થ હતા. બન્ને પક્ષ તેથી તેમની સહાયતાની આશામાં હતાં. પદમસિંહ હજી વિવાહથી પરવારી આવ્યા ન હતા.

બલભદ્રદાસે આ અવસરને પોતાના પક્ષનું સમર્થન કરવા યોગ્ય ધાર્યો. તેથી તેણે સર્વે હિંદુ મેમ્બરોને પોતાના સુસજ્જિત બંગલામાં નિમંત્રિત કર્યા. આમ કરવાનો મુખ્ય ઉદ્દેશ એજ હતો કે ડોકટર સાહેબ અને કુંવર મહોદયની સહાનુભૂતિ પોતાના પક્ષમાં કરી લેવી. પ્રભાકરરાવ મુસલમાનોના કટ્ટર વિરોધી હતા. તે લોકો આ બનાવને હિંદુ–મુસલમાન વિવાદનુ રૂપ આપી પ્રભાકરરાવને પોતાની તરફેણમાં ખેંચવા ઇચ્છતા હતા.

દીનાનાથ તિવારી બોલ્યા: "અમારા મુસલમાન ભાઇઓએ તો આ વિષયમાં અતિ ઉદારતા દેખાડી, પરંતુ તેમાં એક ગૂઢ રહસ્ય છે. તેઓ એક પંથ બે કાજની ચાલ ચાલ્યા છે. એક તરફ સમાજ સુધારાની નેકનામી હાથમાં આવે છે, અને બીજી તરફ હિંદુઓને હાનિ પહોંચાડવાનું એક બહાનું મળે છે. આવો અવસર તે ભલા એ કેવી રીતે હાથથી જતો કરે?"

ચીમનલાલ: "મને પોલિટિકસ સાથે કંઇ સંબંધ નથી તેમજ ન તો હું તેની પડખે ચઢું છું. પરતું મને આ વાત કહેવામાં જરા પણ સંકોચ નથી કે અમારા મુસલમાન ભાઇઓએ અમારી ગરદન બહુજ બુરી રીતે પકડી છે. ભાત બજાર અને ચોકના અધીક મકાનો હિંદુઓના છે. જો બોર્ડ કદાચ આ માલેકીનો ઠરાવ સ્વીકારી લીધો તો તો હિંદુઓનો તો ચોકોજ વળી જશે. પડદા પાછળ રહી ઘા કરવાની કળા કોઇએ શીખવી હોય તો મુસલમાનો પાસેથી શીખી લે. હજી વધારે દિવસ નથી વિત્યા. જ્યારે વ્યાજને બહાને હિંદુઓ પર આક્રમણ કર્યું હતું, ત્યારે તેમાં ન ફાવ્યા અને આ નવો ઉપાય શોધી કાઢયો. દીલગીરીની વાત છે કે અમારા કેટલાક હિંદુ તેમના હાથમાં લાકડાની પુતળીઓ બની ગયા છે. તેઓ આ વાત નથી જાણુતા કે પોતાના દુરૂત્સાહથી પોતાની જાતિને કેટલી બધી હાનિ પહોંચાડે છે.

"સ્થાનીક કૌંસિલમાં જ્યારે વ્યાજનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે પ્રભાકરરાવે તેનો સખ્ત વિરોધ કર્યો હતો. ચિમનલાલે તેનો ઉલ્લેખ કરીને વર્તમાન વિષયને આર્થિક દૃષ્ટિબિંદુથી તપાસી પ્રભાકરરાવને નિયમબદ્ધ કરવાને પ્રયત્ન કર્યો. જાણે આ લોકો મને

ખાસ ફાંસમાં ફસાવે છે. તેમ જણાવતા હોય તેવી રીતે પ્રભાકરરાવે રૂસ્તમજી તરફ જોયું. તમે કોઇ પણ યત્ને મારો ઉદ્ધાર કરો. રૂસ્તમજી પક્કા નીડર અને સ્પષ્ટવાદી પુરૂષ હતા. તેઓ ચિમનલાલને ઉત્તર આપવા ઉભા થઇ ગયા અને બોલ્યા: "મને આ જોઇ ખેદ થાય છે કે આપ લોકો એક સામાજીક પ્રશ્નને હિંદુ–મુસલમાન વીવાદનું રૂપ આપી રહ્યા છો. વ્યાજના પ્રશ્નને પણ આ રૂપ આપવાની ચેષ્ટા કરવામાં આવી હતી. આવા રાષ્ટ્રિય વિષયોને વિવાદગ્રસ્ત બનાવવાથી કેટલાક હિંદુ સાહુકારોનું શ્રેય થતું હોય પરંતુ તેથી રાષ્ટ્રિયતાને કેટલું નુકસાન પહોંચે છે તેનું અનુમાન કરવું કઠિન છે. આમાં લેશ પણ સંદેહ નથી કે આ ઠરાવનો સ્વીકાર કરવાથી હિંદુ સાહુકારોને અધિક હાનિ પહોંચશે પરંતુ મુસલમાનો પર પણ આનો પ્રભાવ અવશ્ય પડશે. ચોક અને વેશ્યા–બજારમાં મુસલમાનોની દુકાનો ઓછી નથી. આપણને પ્રતિવાદ અને વિરોધની ધુનમાં પોતાના મુસલમાન ભાઈઓની ઇચ્છાની નીર્મલતા પર સંદેહ ન કરવો જોઇએ. તેમણે આ વિષયમાં જે કંઇ નિશ્ચય કર્યો છે તે સાર્વજનિક ઉપકાર માટે કર્યો અને કદાપિ હિંદુઓને આથી અધિક હાનિ થાય છે પણ, તો તે એક બીજી જ વાત છે. મને વિશ્વાસ છે કે મુસલમાનોને આથી અધિક હાનિ થતી હોત તો પણ તેમનો એજ ફેંસલો થતે. અને જો આપ સાચા હૃદયથી માનો છો કે આ પ્રસ્તાવ એક સામાજીક કુપ્રથાને સુધારવા માટે ઉપાડવામાં આવ્યો છે તો આપને તે સ્વીકારવામાં કોઇ પણ પ્રકારનો બાધ ન હોવો જોઇએ, પછી ભલે ધનની જેટલી હાનિ થતી હોય તેટલી થાય. ચારિત્ર આગળ ધનનું કંઇ પણ મહત્વ ન હોવું જોઇએ."

પ્રભાકરરાવને ધીરજ આવી. તેઓ બોલ્યા: "બસ, હું પણ એજ કહેવાનો હતો. જો થોડીક આર્થિક હાનીથી એક કુપ્રથાનો સુધારો થતો હોય તો તે હાનિને પ્રસન્નતાથી વેઠી લેવી જોઇએ. આપ લોકો જાણો છો કે આપણી ગવર્નમેંટને ચીન દેશ સાથે અફીણનો વ્યાપાર કરવામાં કેટલો લાભ હતો? કંઈ નહિ તો આઠ કરોડથી કંઇક વિશેષજ હશે. પરંતુ ચીનમાં અફીણ ખાવાની કુપ્રથાને નાબુદ કરવા માટે સરકારે આટલી ભીષણ હાનિ ઉપાડવામાં જરા પણ આનાકાની નથી કરી."

કુંવર અનિરૂદ્ધસિંહે પ્રભાકરરાવ તરફ જોતાં પૂછ્યું: "મહાશય, આપ તો પોતાની પત્રિકાના સંપાદનમાં લીન રહો છો, આપની પાસે જીવનના આનંદ અને લાભ માટે સમયજ કયાં છે? પરંતુ અમારા જેવા બેફીકરાઓ માટે તો તબીઅત બહેલાવવા માટે કોઇ પણ વસ્તુ હોવી જોઇએ. સાંજનો સમય તો પોલો ખેલવામાં ચાલ્યો જાય છે, બપોરનો સમય સુવામાં અને પ્રાતઃકાલ અમલદારોની ભેટ લેવામાં અથવા તો ઘોડા દોડાવવામાં વ્યતીત થઇ જાય છે. પરંતુ સાંજથી રાતના દશ વાગ્યા સુધી બેઠાં બેઠાં શું કરવું? આપ આજે આ ઠરાવ લાવ્યા છો કે વેશ્યાઓને શહેરમાંથી બહાર કાઢો અને કાલે કહેશો કે મ્યુનિસિપાલીટી પાસેથી આજ્ઞા લીધા વીના નાચ, ગાણું અને મુજરો ન કરી શકાય તો પછી અમારૂં તો રહેવું પણ કઠીન થઇ જશે."

પ્રભાકરરાવ મુખ મલકાવતાં બોલ્યા: 'શું પોલો અને નાચ ગાણા સિવાય સમય વિતાડવાનો બીજો કોઇ ઉપાયજ નથી? કંઇક વાંચનની ટેવ પાડો?"

કુંવર: "વાંચવાની અમો લોકોને મનાઈ છે. અમને પુસ્તકોના કીડા બનવાની જરૂર નથી. પોતાના જીવનમાં સફલતા પ્રાપ્ત કરવા માટે જે વાતોની જરૂર છે તેની શિક્ષા અમને મળી ચુકી છે. અમે ફ્રાન્સ અને સ્પેનનો નાચ જાણીએ છીએ જ્યારે આપે તેનું નામ પણ સાંભળ્યું ન હશે. પીયાનાપર બેસાડો તો એવો રાગ આલાપુ કે મોઝોર્ટ પણ લજ્જિત થઇ જાય. અંગ્રેજી રીતિ વ્યવહારનું અમને પુરૂ જ્ઞાન છે. અમે જાણીએ છીએ કે કયો સમય સોલા હેટ પહેરવાનો અને કયો પાઘડી પહેરવાનો છે. અમે પુસ્તકો પણ વાંચીએ છિએ. આપ અમારા દિવાનખાનામાં અસંખ્ય કબાટો પુસ્તકોથી સજેલી જોશો, પણ તે ગ્રંથોમાં અમે પરોવાઇ વળગી નથી રહેતા. આપના આ ઠરાવથી અમારો તો મરોજ થવાનો."

કુંવર સાહેબની હાસ્ય અને વ્યંગોક્તિથી ભરેલી આ વાતોએ બન્ને પક્ષોને સાવધાન કરી દીધા.

ડોક્ટર શ્યામચરણે કુંવર સાહેબની તરફ જોતાં કહ્યું: "હું આ વિષયમાં કંઇક પ્રશ્ન કરવાનો છું. જ્યાં સુધી ગવર્નમેંટ

તેનો ઉત્તર નહિ આપે ત્યાં સુધી હું મારો કોઇ પણ વિચાર પ્રકટ નથી કરી શકતો.”

આટલું બોલી ડૉક્ટર મહાશયે પોતાના પ્રશ્નો વાંચી સંભળાવ્યા.

રમેશદત્ત બોલ્યા: “આ પ્રશ્નનો કોઇ પણ ઉત્તર ગવર્નમેંટ કદાચ ન આપશે.”

ડૉક્ટર: “ઉત્તર મળે યા ન મળે, પ્રશ્ન પૂછાઇ જશે તે સિવાય આપણે કરી પણ શું શકીએ?”

શેઠ બલભદ્રદાસના મનમાં વિશ્વાસ ઉપજયો. વિજય અવશ્ય આપણો થવાનો. ડૉક્ટર સાહેબને મુકી દેતાં ૧૭ મતમાંથી ૯ તેમના પક્ષમાં હતા. એટલે તેઓ સભાપતિ ધર્માનુંસાર બેપરવાહ રહી શકયા હતા, તેમણે એક સારગર્ભિત ભાષણ આપતાં આ પ્રસતાવની મીમાંસા કરી કહ્યું: “સામાજીક વિપ્લવ પર મારો વિશ્વાસ નથી. મારો વિચાર છે કે સમાજને જે જે સુધારાની આવશ્યકતા હોય છે તે તે સ્વયં થતાજ રહે છે. વિદેશ યાત્રા, જાતિભેદ, ખાનપાનના નિરર્થક બંધન એ સર્વે સમયના પ્રવાહ સામે માથું ઝુકાવતા ચાલ્યા જાય છે. આ વિષયમાં હું સમાજને સ્વચ્છંદ રાખવા ઈચ્છુ છું. જે વખતે જનતા એકે અવાજે આમ કહેશે કે અમે વેશ્યાઓને ચોકમાં જોવા નથી ઇચ્છતા તો સંસારમાં એવી તે કઇ શક્તિ છે જે તેમની આ વાત તરફ બેદરકાર બની શકે.”

અંતમાં શેઠજીએ મોટા ભાવપૂર્ણ સ્વરથી આ શબ્દ કહ્યા: આપણને આપણા સંગીત પર ગર્વ છે. જે લોકો ઇટાલી અને ફ્રાન્સના સંગીતથી પરિચિત છે તે પણ ભારતીય ગાનના ભાવ, રસ અને આનંદમય શાંતિનો સ્વીકાર કરે છે. કિન્તુ કાલની ગતિ તે જ સંસ્થા જેની જડ ખોદવામાં આપણા કેટલાક સુધારકો મંડયા પડયા છે. તે આ પવિત્ર, આ સ્વર્ગીય ધનની જડમૂળ છે! શું આપ આ સંસ્થાનો સર્વનાશ કરી પોતાના પૂર્વજોનાં આ અમૂલ્ય ધનને આ નિર્દયતાથી ધુળમાં મેળવી દેશો? શું તમે નથી જાણતા કે આપણામાં જે જાતિય અને ધાર્મિક ભાવ શેષ રહી ગયા છે તેમનું શ્રેય આપણા સંગીત પર નિર્ભરિત છે, નહિ તો આજે રામ, કૃષ્ણ, અને શિવનું કોઇ નામ પણ ન જાણતે. આપણો મોટામાં મોટો શત્રુ પણ, આપણા હૃદયમાંથી જાતિયતાના ભાવ નષ્ટ કરવા માટે આથી સરસ બીજો કોઇ દાવ નહિ રમી શકે. હું એમ નથી કહેતો કે વેશ્યાઓથી સમાજને હાનિ નથી પહોંચતી અને કોઇ પણ સમજુ માણસ એમ કહેવાનો સાહસ પણ નથી કરવાનો. પરંતુ રોગનું નિવારણ મોતથી નહી પણ દવાથી થાય છે. કોઇ પણ કુપ્રથા ઉપેક્ષા અને નિર્દયતાથી નથી મટતી. તેનો નાશ શિક્ષા, જ્ઞાન અને દયાથી થાય છે. સ્વર્ગમાં પહોંચવા માટે કોઇ ખાસ સીધો માર્ગ નથી. વૈતરણીની સામે અવશ્ય થવું પડશે. જે લોકો એમ સમજે છે કે તેઓ કોઇ મહાત્માના આશીર્વાદથી કુદકો મારતા સ્વર્ગમાં જઇ બેસશે તો તે, જેઓ એમ સમજે છે કે ચોકમાંથી વેશ્યાઓને કાઢી દેતા ભારતના સર્વ દુઃખ દરિદ્ર મટી જશે અને એક નવીન સુર્યનો ઉદય થશે તેમનાથી અધિક હાસ્યાસ્પદ નથી.

પ્રકરણ ૩૪ મું.

જેવી રીતે કોઇ આળસુ માણસ કોઇની હાંકનો અવાજ સાંભળીને જાગી ઉઠે છે પરંતુ અહિ તહિ જોઇ ફરી નિદ્રામાં મગ્ન થઇ જાય છે તેવીજ રીતે પંડિત કૃષ્ણચંદ્ર પણ ક્રોધ અને ગ્લાનિનો આવેગ શાંત થતા પોતાના કર્તવ્યને ભૂલી ગયો. તેણે વિચાર્યું: “મારા અહિં રહેવાથી ઉમાનાથ પર એવો તે કયો બોજો પડે છે. બહુ તો ખાઇ ખાઇને અર્ધો શેર લોટનો ગ્રાહક છું.” પરંતુ તેજ દિવસથી તેણે નીચ માણસો સાથે બેસી ચરસ પીવાનું છોડી દીધું. એવી નજીવી વાત માટે ચોમેર અપમાનિત થવું તેને અયોગ્ય લાગ્યું. હવે તે ઘણું કરી ઓટલાપર બેસી રહેતો અને સામેથી આવતી જતી રમણિઓને તાકતો. તે પ્રત્યેક વિષયમાં ઉમાનાથની હામાં હા મેળવતો. ભોજન કરતી વખતે સામે જેટલું આવતું તેટલુંજ ખાતો; ઇચ્છા થતાં પણ વધુ ન માગતો. ઉમાનાથ સાથે કેટલીક વાતો ખાસ તેની ખુશામદ અર્થેજ કરતો. તેનો આત્મા નિર્બલ થઇ ગયો હતો.

ઉમાનાથ શાંતાના વિવાહના વિષયમાં તેને કંઇ કહેતા તો તે બહુજ સરલ ભાવથી ઉત્તર દેતો કે: “આપને જેમ ઠીક લાગે તેમ કરો. આપજ તેના મુખત્યાર છો.” તે પોતાના મનને સમજાવતો કે જ્યારે [illegible] એમના જ છે તો પછી બધું કામ [illegible] ઇચ્છાનુંસાર થવું જોઇએ.

પરંતુ ઉમાનાથ પોતાના બનેવીની કઠોર વાતો ન ભૂલ્યા.

જખમ પર માખણ લગાવતાં એક ક્ષણ માટે કષ્ટ ઓછું થઇ જાય છે કિન્તુ ફરી બળતરાની વેદના થવા લાગે છે કૃષ્ણચંદ્રની આત્મગ્લાનિથી ભરેલી વાતો જલદીથી ઉમાનાથ ભૂલી ગયો અને તેના કૃતઘ્ન શબ્દ કાનોમાં ગુંજવા લાગ્યા જ્યારે તેઓ સુવા ગયા ત્યારે જાન્હવીએ પૂછ્યું: "આજ શું લાલાજી (કૃષ્ણચંદ્ર) તમારાથી લડતા હતા?"

ઉમાનાથે અન્યાય પીડિત નેત્રોએ જોઇ બોલ્યા: "મારી નામના વધારતો હતો. તે કહેતો હતો કે તમે મને લૂટી લીધો, મારી સ્ત્રીને મારી નાખી, મારી એક દીકરીને કુવામાં ધકેલી દીધી અને બીજીને દુઃખ આપો છો."

"ત્યારે તમારા મ્હોંમાં જીભ નહોતી? કહેવું હતું ને કે હું કયાં કોઇને તેડવા ગયો હતો? તેમનું કયાં પણ ઠેકાણું ન્હોતું. ઉલટાં દરવાજે દરવાજે ઠોકરો ખાતી ફરતે. અહિ લાજ શરમમાં તણાતા તણાતા મરી રહ્યા છિયે તેનું આ ફળ! આટલા દિવસ થાણેદારી કરી, પરંતુ ગંગાજલીએ કદિ ભૂલે ચૂકે એક સિંદુર-ગંદ્ધની ડબી પણ ન મોકલી. મારે મ્હોડે કહેતે તો એને ધર્મ, નિયમ, બરાબર સંભળાવતે કે દાંત પણ ખાટ્ટા થઇ જતે. બે બે પહાડ જેવી છોકરીઓને ગલાપર લાધી દીધી અને વળી બોલવાની હિમત કરે છે? એના પાછળ ભિખારી તો થઇ ગયા! તેનોજ આ યશ છે. હજી એ અહિંથી નિકળતો કેમ નથી? શા માટે ચીટકી બેઠો છે?"

"હવે તો જાઉં જાઉં કરે છે અને તેથી તો તને સુમનનો પત્તો એણે પૂછ્યો હતો."

"તો હવે શું દિકરીને માથે ભાર થઇ પડશે? વાહરે નિર્લજ્જ!"

"ના, એમ તો નહિ કરે. કદાચ એક બે દિવસ ત્યાં રહેશે."

"શું વાત કરો છો? એનાથી હવે કાંઇ પણ નહિ થાય. એની આંખોના પાણી મરી ગયાં છે. એ જઇ તેને જ માથે પડશે. પરંતુ આ પણ જોશો કે ત્યાં એક દિવસ પણ નિભાવ નથી થવાનો."

હજી સુધી ઉમાનાથે સુમનના આત્મપતનની વાત જાન્હવીથી છૂપાવી હતી. તેઓ જાણતા હતા કે સ્ત્રીઓના પેટમાં વાત પચતી નથી. એટલે તે કોઇ ને કોઇને અવશ્ય કહી દેશે. તેમ થતાં વાત ફેલાઇ જવાની. જ્યારે જ્યારે જાન્હવીના સ્નેહ વ્યવહારથી તેઓ પ્રસન્ન થઇ જતા ત્યારે તેમને તેને સુમનની કર્મકથા કહી દેવાની બહુજ તીવ્ર આકાંક્ષા થતી. હૃદયસાગરમાં તરંગો ઉપડવા શરૂ થતા. પરંતુ પરિણામનો વિચાર કરી અટકી જતા. કિંતુ આજે કૃષ્ણચંદ્રની કૃતઘ્નતા અને જાન્હવીની સ્નેહમય વાતોએ ઉમાનાથને નિઃશંક કરી દીધો. પેટમાં વાત ન રહી શકી. જેવી રીતે ખાળમાં કોઇ અટકેલી વસ્તુ અંદરથી પાણીના પ્રવાહનો ધક્કો વાગતાં બાહેર નીકળી પડે છે તેમ તેમણે જાન્હવીને સંપૂર્ણ કથા કહી સંભળાવી. અર્ધી રાત્રે જ્યારે તેમની નિદ્રા ઉડી ત્યારે તેમને પોતાની ભૂલ પ્રત્યક્ષ થઇ. પરંતુ હવે શું થાય? તીર કમાનમાંથી નિકળી ચૂકયું હતું.

જાન્હવીએ પોતાના પતિદેવને વચન તો આપ્યું હતું કે આ વાત કોઇને પણ નહિ કહું. પરંતુ તેને પોતાના હૃદય પર એક બોજા જેવું પ્રતિત થતું હતું. તેનું કોઇ પણ કાર્યમાં મન ન લાગતું. તે ઉમાનાથ પર ચિઢાતી હતી કે આ વાત આટલા દિવસ તેમણે મને શા માટે ન કહી? તેને સુમન પર ઘૃણા નહોતી, સહાનુભૂતિ નહોતી તેમજ ક્રોધ પણ નહોતો. લાભમાં માત્ર એક કુતૂહલજનક વાત કહેવાની અને માનવહૃદયની દુર્બલતાની મીમાંસા કરવાની સામગ્રી મળતી હતી. સ્ત્રી-શિક્ષાના વિરોધમાં આ કેવો સસ્ફોટ પુરાવો હાથ આવી ગયો હતો? જાન્હવી પોતાને આ આનંદથી વધારે દિવસ વંચિત ન રાખી શકી. તેમ કરવું અસંભવ હતું. કારણ કે તેમ કરતાં તેની તે બે સખીઓ જેઓ પોતાના ઘરની રજે રજ વાત તેની પાસે કરતી તેમની સાથ વિશ્વાસઘાત કર્યા બરાબર હતું. તદુપરાંત આ જાણવાની ઉત્સુકતા પણ કંઇ ઓછી નહોતી કે અન્ય સ્ત્રીઓ આ વિષયની કેવી આલોચના કરે છે. જાન્હવી કેટલાએક દિવસ તો પોતાના મનને રોકતી રહી. એક દિવસ કુબેર પંડિતજીની ધર્મપત્ની સુભાગીએ આવી શ્રીમતી જાન્હવીને કહ્યું: "બ્હેન, આજે એકાદશી છે, ગંગા ન્હાવા ચાલશો?"

સુભાગીનો જાન્હવી સાથે બહુ ગાઢ પરિચય હતો. જાન્હવી બોલી: "ચાલતે તો ખરી પણ અંહિ તો દ્વાર પર એક યમદૂત બેઠો છે તેને લીધે કયાં પણ જઇ શકાતું નથી."

સુભાગી: "બ્હેન, એવી એવી વાતો તે તમને શું કહું! લજ્જા આવે છે. મારા પતિ ભૂલ્યે

ચૂક્યે સાંભળે તો તે માથું જ વાઢવા તૈયાર થઇ જાય. ગઇ કાલે મારી મોટી છોકરીને સંભળાવતાં કોણુ જાણે એ કેવી કવિતા કહેતો હતો કે આજ સવારે મેં બન્ને જણુને કુવા પર હસતાં ઉભા દીઠા. બ્હેન તમારાથી તે શું છૂપાવવું છે! જો કોઇ એવી વાત બની ગઇ તો આખી જ્ઞાતિનું નાક નહિં કપાય? એ ઘરડો થયો, શું હજી એને એ છાજે છે? મારી છોકરી સુમનથી બે એક વર્ષ મોટી હશે બીજું શું? ભલા જો સાળી હોત તો તો એક જુદી વાત હતી. પણુ આ તો એની પણુ દિકરી જેવી ગણાય! એને આટલોએ વિચાર નથી? કયાંક જો પંડિતજી સાંભળી જશે તો ખાનાખરાબી જાગશે. તે માટે તમને કહું છું કે કોઇ પણુ રીતે એને એક બાજુ પર બોલાવી સમજાવી દ્યો."

હવે જાન્હવીથી ન રહેવાયું. તેણે સુમનનું આખું જીવનચરિત્ર ખૂબ મરચાં મસાલો મેળવી કહી સંભળાવ્યું. જ્યારે કોઇ આપણુને પોતાનો ગુપ્ત ભેદ ખુલ્લો કરી કહે તો આપણે આપણો ભેદ તે ગુપ્ત કેમ રાખી શકીએ.

બીજેજ દિવસે કુબેર પંડિતે પોતાની છોકરીને સાસરીએ મોકલી દીધી અને મનમાં નિશ્ચય કર્યો કે આ અપમાનનો બદલો અવશ્ય લઇશ.

પ્રકરણ ૩૫ મું.

સદનના વિવાહનો દિવસ આવી પહોંચ્યો. ચુનારથી જાન અમોલા જવા ઉપડી. તેની તૈયારિઓનું વર્ણન કરવું વ્યર્થ છે. જેવી રીતે બીજી જાનો થાય છે, તેવીજ આ પણુ હતી. વૈભવ અને દરિદ્રતાનું અત્યંત કરૂણાત્મક દૃશ્ય હતું. પાલખીઓ ઉપર ઉત્તમ જરીદાર પડદા પડયા હતા, પરંતુ પાલખી ઉપાડનારા મજુરોના કપડાં ફાટેલાં અને બેડોળ હતાં. ગંગા યમુનાનાં સોટા–બાંણુ અને ભાલાં ચીથરેહાલ મજુરોના હાથોમાં જરા પણુ શોભતા નહોતા.

અમોલા અહિંથી લગભગ દશ કોસ દૂર હતું. રસ્તામાં એક નદી આવતી હતી. જાન નૌકાઓ પર ઉતરી. નાવિકોથી ભાડા માટે કલાકો સુધી માથાફોડ થઇ ત્યારે તો તેમણે નૌકાઓને ચાલુ કરી. મદનસિંહે અકડાઈ કહ્યું: "તમે લોકો મારા ગામમાં નથી, નહિં તો એટલી બધી વેઠ લેત કે યાદ કરતે. પરંતુ પદ્મસિંહ નાવિકોની આ ધૃષ્ટતાપર મનમાં પ્રસન્ન હતા. તેમને આમાં નાવિકોનો સત્તા પ્રેમ દેખાતો હતો.

સંધ્યા સમયે જાન અમોલા પહોંચી. મદનસિંહના કારભારીએ ત્યાં પહેલાંથી મંડપ બાંધી તૈયાર કરી રાખ્યો હતો. નાના તંબુઓ પણુ ઉભા કરવામાં આવ્યા હતા. આ તંબુઓની સામે કીટસનની બત્તીઓ લટકતી હતી. મંડપ ઝાડ ફાનસ અને હાંડિઓથી સુસજ્જિત હતો. ઝીકના પડદા, ગાદિ તકિયા અને છત્રદાનાદી તેમના સ્થાને રાખેલા હતા. જોશભેર ચર્ચાઓ થતી હતી કે નાચ માટેના કેટલાક તંબુ આવે છે.

દ્વારપૂજા થઇ. ઉમાનાથ ખભાપર ખેસ નાખી જાનનું સ્વાગત કરતા હતા. ગામની સ્ત્રીઓ ચોકમાં ઉભી મંગલાચરણુ ગાતી હતી. જાનમાંના લોકો એ જોવાની ચેષ્ટા કરી રહ્યા હતા કે તેઓમાં કોણુ સૌથી સુંદર છે. સ્ત્રિઓ પણુ મ્હોં મલકાવતી મલકાવતી તેમના પર નયનોની કટાર ચલાવી રહી હતી. પણુ જાન્હવી ઉદાસ હતી. તે મનમાં વિચારી રહી હતી કે આ વર મારી ચંદ્રાને મળતે તો કેવું સારૂં! સુભાગી એ જાણુવા માટે ઉત્સુક હતી કે સસરો કયો છે. કૃષ્ણુચંદ્ર સદનના ચરણોની પૂજા કરી રહ્યા હતા અને મનમાં શંકા કરતા હતા કે આ કેવો ઉલટો રિવાજ છે. મદનસિંહ ધ્યાનથી જોઇ રહ્યા હતા કે થાળમાં કેટલા રૂપીઆ છે.

જાન ઉતારા તરફ ચાલી. રસોઇનો સામાન તૈયાર થવા માંડયો. ચારે તરફ કોલાહલ થવા લાગ્યો. કોઇ કહેતું મને ઘી ઓછું મળ્યું. કોઇ લાકડા ન મળવા માટે ધમાલ કરતું. લાલા બૈજનાથ મદિરા માટે જીદ કરી રહ્યા હતા.

સામાન વહેંચાઇ રહ્યો કે લોકોએ લાકડા પેટવ્યા અને વાસણુ ચઢાવ્યા. ધુમાડાથી કીટસનનો પ્રકાશ પીળો પડી ગયો.

સદન ગાદી પર ચઢી બેઠો. મંડળી જામી. કાશી–સંગીત–સમાજે શ્યામ કલ્યાણુની ધુન છેડી.

હજારો માણુસો મંડપની ચોમેર ઉભા હતા. થોડા માણુસો મિર્જઇ પહેરી, પાઘડી બાંધી, બિછાત પર બેઠા હતા. લોકો એક બીજાને પૂછતા હતા તંબૂઓ ક્યાં છે? કોઇ આ મંડપમાં ઝાંકતા હતા, કોઇ બીજા મંડપમાં કુતુહલથી કહેતા હતા: "કેવી જાન છે



ચિત્રકાર:] [રા. ત્રિભુવન પટેલ.

" સ્ત્રિઓ પણ મ્હોં મલકાવતી મલકાવતી તેમના પર નયનોની કટાર ચલાવી રહી હતી."

કે એક પણ તંબૂ નથી! એ છે તે ક્યાંના ભિખારીઓ? આ મોટો મંડપ શા માટે ઉભો કરી રાખ્યો છે?" મદનસિંહ આ વાતો સાંભળી સાંભળી મનમાં પદ્મસિંહપર ખીજાઇ રહ્યા હતા અને પદ્મસિંહ લજ્જા અને ભયનાં કારણે તેમની સામે આવી નહોતા શકતા.

એટલામાં લોકોએ મંડપપર પત્થર ફેંકવા શરૂ કર્યા. લાલા બૈજનાથ ઉઠી ન્હાના તંબુમાં ભાગ્યા. કંઇ લોક ઉપદ્રવ કરનારાઓને ગાળો આપવા લાગ્યા. પૂરેપૂરી દોડધામ થઇ રહી, કોઇ અહિં ભાગતું, કોઇ ત્યાં! કોઇ ગાળો બકતું, કોઇ મારવા માટે તૈયાર હતું. અકસ્માત એક દીર્ઘવયનો પુરૂષ કે જેનું માથું મુંડાવેલું અને ભસ્મથી લેપિત હતું, હાથમાં એક ત્રિશૂલ લઇ લોકો વચ્ચે આવી ઉભો. તેના લાલ નેત્રો દીપકની માફક બળી રહ્યા હતા અને મુખમંડલમાંથી પ્રતિભાની જ્યોતિ સ્ફુટિત થઇ રહી હતી. મહેફીલમાં શાંતિ છવાઇ ગઇ. બધા લોકો આંખો ફાડી ફાડી મહાત્મા તરફ એક નજરે તાકી જોઇ રહ્યા. આ સાધુ કોણ છે? અહિં ક્યાંથી આવ્યો?

સાધુએ ત્રિશૂલ ઉંચો કર્યો અને તિરસ્કારપૂર્ણ સ્વરથી બોલ્યો: "અરેરે! શોક અહિં કોઇ નાચ નથી, કોઇ વેશ્યા નથી, બધા બાવાઓ ઉદાસ બેઠા છે. શ્યામ કલ્યાણની ધુન કેવી મનોહર છે પરંતુ કોઇ પણ સાંભળતું નથી, કોઇને પણ કાન નથી, સર્વ લોક વેશ્યાનું નૃત્ય જોવા ચાહે છે. જોઇએ તો તેમને નાચ દેખાડો અને નહિ તો તમારાં માથા ફોડાવો. ચાલો હું તમને નાચ બતાવું, દેવતાઓનો નાચ જોવા ઇચ્છો છો? જુવો, સામે વૃક્ષના પાંદડાં પર નિર્મલ ચંદ્રના કિરણો કેવાં નાચી રહ્યાં છે? જુવો તળાવમાં કમલના ફૂલ પર પાણીનાં બુંદ કેવાં નાચી રહ્યાં છે; જંગલમાં જઇ જુવો મોર પાંખો પ્રસારી કેવો નાચી રહ્યો છે? શું આ દેવતાઓનો નાચ પસંદ નથી? ઠીક તો ચાલો, પિશાચોનો નાચ બતાવું. તમારો પાડોસી દરિદ્ર ખેડુત જમીનદારના ખાસડા ખાઇ કેવો નાચી રહ્યો છે? તમારા ભાઇઓના અનાથ બાળક ક્ષુધાથી બાવરા બની કેવા નાચી રહ્યાં છે? પોતાના ઘરમાં જુવો, તમારી વિધવા ભોજાઇની આંખોમાં શોક અને વેદનાના આંસૂ કેવા નાચી રહ્યા છે? શું આ નાચ જોવો પસંદ નથી? તો જુવો પોતાના હૃદયમાં કપટ અને છળ કેવાં નાચી રહ્યાં છે. આખી દુનિઆ નૃત્યશાળા છે. તેમાં લોકો પોતપોતાના નૃત્ય નાચી રહ્યા છે. શું આ જોવા માટે તમારી આંખો નથી? આવો હું તમને શંકરનું તાંડવ-નૃત્ય બતાવું. પરંતુ તમે તે નૃત્ય જોવાને લાયક નથી. તમારી કામતૃષ્ણાને આ નાચથી શો આનંદ મળશે? અરેરે! અજ્ઞાનની મૂર્તિઓ! ઓ! વિષય ભોગના સેવકો! તમને નાચનું નામ લેતા લાજ નથી આવતી? પોતાનું કલ્યાણ ચાહતા હો તો આ રીતિને નષ્ટ કરો. આ કુવાસનાને તજો અને વેશ્યા પ્રેમનો ત્યાગ કરો."

સર્વ લોક મૂર્તિમંત બેસી મહાત્માની ઉન્મત વાણી સાંભળી રહ્યા હતા કે એટલી વારમાં તે અદૃશ્ય થઇ ગયા અને સામા ઉભેલા આંબાના વૃક્ષોની આડમાંથી તેમના મધુર ગાનનો ધ્વનિ સંભળાવા લાગ્યો. જેવી રીતે ચિંતારૂપી નાવ નિદ્રાસાગરમાં લુપ્ત થઇ જાય છે તેવી રીતે તે ધ્વનિ પણ અંધકારમાં લુપ્ત થઇ ગયો. અને જેવી રીતે જુગારીઓનું ટોળું કોઇ પોલિસનાં અધિકારીને જોતાં શાંતિમાં આવી જાય છે, કોઇ રૂપીઆ પૈસા એકઠા કરવા લાગે છે, કોઇ રમવાની કોડિયો છૂપાવી દે છે, તેવીજ રીતે સાધુના અચાનક આગમને અને તેમના તેજસ્વી સ્વરૂપ અને અલૌકિક ઉપદેશે લોકોને એક અપ્રકાશિત, અનિષ્ટના ભયે શંકિત કરી દીધા. ઉપદ્રવી દુર્જનોએ ચૂપકીદીથી ઘરનો માર્ગ લીધો; અને મહેફીલમાં બેઠેલા જે લોકો અધીર થઇ રહ્યા હતા અને મનમાં પસ્તાવો કરી રહ્યા હતા કે વ્યર્થ અંહિ આવ્યા તે ધ્યાનપૂર્વક ગાણું સાંભળવા લાગ્યા. થોડાક સરલ હૃદયના માણસ મહાત્મા પાછળ દોડ્યા પણ તેમનો ક્યાંએ પત્તો ન મળ્યો.

પ્રકરણ ૩૬ મું.

પંડિત મદનસિંહ પોતાના તંબુમાં બેસી કપડા દાગીના તપાસતા હતા એટલામાં મુન્શી બૈજનાથ દોડતા આવ્યા અને બોલ્યા: "ભાઇ જબરો અનર્થ થયો; આપે નાહક અહિં વિવાહ કર્યો."

મદનસિંહે ચકિત થઇ પૂછ્યું: "કાં? શું થયું? કંઇ ગડબડ જેવું છે?"

"હા, હમણા મને આ ગામનો એક માણસ મળ્યો હતો. તેણે આ લોકોની એવી પોલ ઉઘાડી કે મારા હોંસકોશ ઉડી ગયા."

"તો શું આ લોકો નીચ કુળના છે?"

"નીચ કુળના તો નથી પણ મામલો બહુજ ગડબડ જેવો છે. કન્યાનો પિતા હાલમાં તુરંગમાંથી છૂટી આવ્યો છે અને કન્યાની એક બ્હેન તો વેશ્યા થઇ ગઇ છે. વેશ્યા બઝારમાં જે સુમનબાઇ છે તે આ જ કન્યાની સગી બ્હેન છે!"

મદનસિંહને એવું જણાયું કે જાણે તેઓ કોઇ વૃક્ષ પરથી પડી ગયા હોય. તે આંખો ફાડી બોલ્યા: "એ માણસ આ લોકોનો કાંઇ વેરી તો નથી? કારણ કે વિઘ્ન નાખવા માટે લોકો ખોટાં ખોટાં કલંક લગાડયા કરે છે!"

પદમસિંહ બોલ્યા: "હા, એમજ વાત જણાય છે."

ઓજનાથ: "નહિં તે તેમની બ્હેનની દીકરી છે. અને જે થાણાદાર પર પહેલાં મુકર્દમો ચાલ્યો હતો તે જ ઉમાનાથનો બનેવી છે; એ હમણા થોડા મહીના થયા છૂટી આવ્યો છે."

મદનસિંહે માથું ઝાલી કહ્યું: "હે ઇશ્વર! તેં ક્યાં લાવી ફસાવ્યા."

પદમસિંહ: "ઉમાનાથને બોલાવવા જોઇએ."

એટલી વારમાં પંડિત ઉમાનાથ સ્વયં એક નાવી સાથે આવતા દેખાયા. વધૂ માટે વસ્ત્રાભૂષણની જરૂર હતી. જેવા તેઓ તંબુના દ્વાર પર આવી ઉભા રહ્યા કે મદનસિંહ વેગથી કુદ્યા અને તેમના બન્ને હાથ પકડી ખેંચતા બોલ્યા: "કાં ઓ તિલકધારી મહારાજ, તમને સંસારમાં બીજો કોઇ ન મળ્યો કે તમે તમારા મ્હોંની કાળાશ મારા મ્હોંએ લગાડી?"

બિલાડીનાં પંજામાં ફસેલા ઉંદરની માફક દીન ભાવથી જોતાં ઉમાનાથે ઉત્તર દીધો: "મહારાજ, મુજથી એવો કયો અપરાધ થયો છે?"

મદનસિંહ: "તમે તે અપરાધ કર્યો છે કે જે માટે જો તમારી ગરદન કાપી નાખું તો પણ પાપ ન લાગે. જે કન્યાની બહેન પતિતા-વેશ્યા થઇ જાય તેના માટે શું તમારે મારૂં ઘર જોવું હતું?"

"ઉમાનાથે દબેલા અવાજથી કહ્યું: "મહારાજ, શત્રુ મિત્ર સર્વ કોઇના હોય છે અને જો કદિ કોઇએ કંઇ કલંકની વાત કહી પણ હોય તો આપને તે પર વિશ્વાસ ન કરવો જોઇએ. એ માણસને બોલાવો, તેને જે કંઇ કહેવાનું હોય તે મારા મ્હોં પર ભલે કહે."

પદમસિંહ: "હા, એમ થવાની બહુજ જરૂર છે. તે માણસને બોલાવવો જોઇએ.

મદનસિંહે ભાઇ તરફ કડવી નજરથી જોતાં કહ્યું: "તમે તે ભલા વચમાં શા માટે બોલો છો? (ઉમાનાથને) સંભવે છે કે તમારા શત્રુએ કહ્યું હોય, પરંતુ એ વાત સત્ય છે યા નહિં?"

"કઇ વાત?"

"એજ કે સુમન કન્યાની સગી બ્હેન છે."

ઉમાનાથનું મુખ પીળું પડી ગયું. લજ્જાથી મસ્તક નીચે નમી ગયું. નેત્ર જ્યોતિહીન થઇ ગયાં. તેઓ બોલ્યા: "મહારાજ……" તેમના મ્હોંમાંથી બીજું કંઇ પણ ન નિકળ્યું.

મદનસિંહે ગરજતાં કહ્યું: "સ્પષ્ટ કાં નથી બોલતા? આ વાત સત્ય છે કે અસત્ય?"

ઉમાનાથે ફરી ઉત્તર આપવા વિચાર કર્યો પણ "મહારાજ" સિવાય બીજુ કંઇ પણ વધારે બોલી ન શકયા.

મદનસિંહને હવે જરા પણ સંદેહ ન રહ્યો. ક્રોધની આગ પ્રચંડ થઇ ગઇ. આંખોમાંથી જ્વાળા નિકળવા લાગી. શરીર કંપવા લાગ્યું. ઉમાનાથ તરફ અગ્નિ જેવી દ્રષ્ટિ નાખતા બોલ્યા: "હવે પોતાનું કલ્યાણ ઇચ્છતો હોય તો મારી દ્રષ્ટિથી દૂર થા. ધુર્ત દગાબાજ, પાખંડી કળામાં, ચંડાલ તિલક લગાડી મોટો પંડિત બની ફરે છે! હવે તારા દ્વાર પર પાણી પણ નહિ લઉં. તારી છોકરીને માંદળિયું બનાવી ગળામાં પહેરી ફર." આમ કહી મદનસિંહ ઉઠયા અને જે તંબુમાં સદન સૂતો હતો ત્યાં જઇ મોટેથી પાલખી ઉપાડનાર મજુરોને બૂમો પાડી બોલાવ્યા.

તેમના જવા પછી ઉમાનાથે પદમસિંહને કહ્યું: "મહારાજ, કોઇ પણ પ્રકારે પંડિતજીને મનાવો. મને કયાં મ્હોં દેખાડવા પણ સ્થાન ન રહેશે. સુમનની કર્મકથા તો આપે સાંભળીજ હશે. તે અભાગણિયે અમારૂં મ્હોં કાળું કર્યું છે. ઇશ્વરની એજ ઇચ્છા હશે. પરંતુ હવે દાટેલા મુડદાઓને ઉખેડવામાં શો સાર નિપજવાનો? આપજ ન્યાય કરો કે આ વાતને છૂપાવવા સિવાય હું બીજું તે શું કરી શકું? મારે આ કન્યાના વિવાહ તો કરવાજ હતા. એટલે એ વાત છૂપાવવા વગર કેવી રીતે બની શકતે. હું સત્ય કહું છું કે મને આ સમાચાર સંબંધ નક્કી થઇ ગયા પછીજ મળ્યા."

પદમસિંહે ચિંતિત સ્વરથી કહ્યું: "ભાઇસાહેબના કાને વાત ન પડતે તો આ સર્વ ન

બનત. છતાં પણ જુવો હું તેમની પાસે જાઉં છું. પરંતુ તેઓને રાજી કરવા અતિ મુશ્કેલ છે."

મદનસિંહ મજુરોને બૂમ પાડી કહી રહ્યા હતા કે, "અહિંથી જલ્દીથી ઉપડવાની તૈયારી કરો." સદન પણ પોતાના કપડાં ભેગા કરી રહ્યો હતો. તેના પિતાએ તેને બધો મામલો જણાવી દીધો હતો.

એટલી વારમાં પદમસિંહે આવી આગ્રહપૂર્વક કહ્યું: "ભાઇ, આટલી ઉતાવળ ન કરો; જરા વિચારી સમજી કામ કરો. દગો તો થઇજ ગયો, પણ પાછા ચાલી જવામાં તો દુનિઆ વધારે હાંસી કરશે."

સદને કાકાની તરફ અનાદરથી અને મદનસિંહે આશ્ચર્યથી જોયું.

પદમસિંહ: "બે ચાર માણસોને પુછો અને જુવો તો ખરા કે તેમની શું સલ્લાહ છે."

મદન: "શું કહો છો? શું ખૂલ્લી આંખે જીવતી માખી ગળી જાઉં?"

પદમસિંહ: "એમ કરવાથી લોકો ઓછી હાંસી નહિ કરે."

મદન: "તમે હજી છોકરા છો. એ બધી વાતો તમે ન જાણો, પાછા ચાલવા સામાનની તૈયારી કરો. આ હમણાની જગ હાંસી સારી છે. કુળમાં સદાને માટે કલંક તો ન લાગશે."

પદમસિંહ: "પરંતુ એ તો વિચારો કે કન્યાની શી ગતિ થશે. તે બીચારીએ શો અપરાધ કર્યો છે."

મદનસિંહે અકડી કહ્યું: "તમે તો બિલકુલ મૂર્ખ છો. જલદી જઇ તંબુ બંધાવો. કાંયે કોઇ વાત સંજોગોને લીધે બની જશે તો તમેજ ગાળો દેશો કે રૂપીઆના કારણે લપસી પડયા. સંસાર વ્યવહારમાં વકીલાતથીજ કામ નથી ચાલતું."

પદમસિંહે કાતર નેત્રોથી જોતાં કહ્યું: "હું આપની આજ્ઞાનો અસ્વીકાર નથી કરતો પરંતુ દિલગીર છું કે આ કન્યાનું જીવન નષ્ટ થઇ જશે."

મદન: "તમે મારા ક્રોધને વધારે ને વધારે ઉત્તેજીત કરો છો. શું છોકરીનો ઇજારો મેં લીધો છે? તેના ભાગ્યમાં જે કંઇ લખ્યું હશે તે થશે. મને તે સાથે શો સંબંધ?"

પદમસિંહે નિરાશાપૂર્ણ ભાવથી કહ્યું: સુમનની આવજાવ તો હવે બિલકુલ બંધ છે. એ લોકોએ તો તેને ત્યાગી દીધી છે."

મદન: "મેં તમને કહી દીધું છે કે મને ગુસ્સે ન કરો. તમને આવી વાત મને કહેતાં લજ્જા નથી આવતી. મોટા સુધારકના પૂછડા બન્યા છો. શું એક વાર વધૂની બહેન સાથે પોતાના પુત્રનો વિવાહ કરી દઉં? છટ! છટ! તમારી બુદ્ધિ કેવી ભ્રષ્ટ થઇ ગઇ છે."

પદમસિંહે લજ્જિત થઇ મસ્તક નમાવી દીધું. તેમનું મન કહી રહ્યું હતું કે ભાઇ આ સમયે જે કંઇ કરી રહ્યા છે તે જ આ અવસ્થામાં હું પણ કરતે. પરંતુ ભયંકર પરિણામનો વિચાર કરી તેમણે ફરી એક વાર બોલવાનો સાહસ કર્યો. જેવી રીતે કોઇ પરીક્ષાર્થી ગેઝેટમાં પોતાનું નામ ન જોતા નિરાશ થતાં છતાં પણ વધારાની ટીપ તરફ લપસે છે તે જ પ્રમાણે પોતાને ભૂલી જઈ પદમસિંહ ભાયથી દબાતાં બોલ્યા: "સુમનબાઇ પણ હવે વિધવાશ્રમમાં ચાલી ગઇ છે."

મદનસિંહ શિર નીચે કરી વાતો કરી રહ્યા હતા. ભાઇ સાથે આંખો મેળવવા હિંમત નહોતી થતી. જેવું આ વાક્ય મ્હોંમાંથી નિકળ્યું કે અચાનક મદનસિંહે તેમને એવા જોરથી ધક્કો માર્યો કે તેઓ લથડી જઇ પડી ગયા. ચોંકી જઇ મસ્તક ઉચ્ચું કર્યું. મદનસિંહ ઉભા ક્રોધથી કંપી રહ્યા હતા. તિરસ્કારના તે કઠોર શબ્દો તેમના મ્હોંમાંથી નિકળવાનાં હતા ત્યાં પદમસિંહને ભૂમિ પર પડતા જોઇ પશ્ચાતાપથી દબાઇ ગયા. ક્રોધમાં પોતાનું માંસ કરડવા લાગી જતાં મનુષ્ય જેવી મદનસિંહની આ વખતે દશા હતી.

જીવનમાં આજે આ જ પહેલો અવસર હતો કે પદમસિંહે ભાઇના હાથે ધક્કો ખાધો. આખી બાલ્યાવસ્થા વીતી ગઇ, કેટલાએક ઉપદ્રવ કર્યાં, પરંતુ ભાઇએ કદિ હાથ ન ઉપાડયો હતો. તેઓ એક બાલક રડે તેમ રડવા લાગ્યા. તેઓ સિસકારતા હતા અને ડચકાં ભરતા હતા. પરંતુ હૃદયમાં લેશ માત્ર પણ ક્રોધ નહોતો. પરંતુ કેવલ એજ દુઃખ હતું કે જેણે હંમેશા પ્યાર કર્યો, કદિ પણ કડવી વાત ન કહી, તેને આજ મારા દુરાગ્રહથી આ દરજ્જે દુઃખ ઉપજ્યું. આ માર નથી પરંતુ એ હૃદયમાં બળતા અગ્નિની જવાળા છે, એ લજ્જા, અપમાન અને આત્મગ્લાનિનું પ્રત્યક્ષ સ્વરૂપ છે, એ હૃદયમાં ઉભરાયેલા શોકસાગરનો ઉદ્વેગ છે. સદને દોડી જઇ પદમસિંહને ઉઠાડયો અને પિતા તરફ ક્રોધથી જોઇ બોલ્યો: "તમે તો ગાંડા જેવા થઇ ગયા છો."

એટલી વારમાં કેટલાએક માણસો આવી લાગ્યા અને પૂછ્યું: "મહારાજ, શી વાત બની? જાનને પાછી વાળવા શા માટે હુકમ આપો છો? કંઇક એવું કરો કે બન્ને તરફની મર્યાદા કાયમ રહે. હવે તેમની અને તમારી ઇજ્જત એકજ છે. લેવડ દેવડમાં કંઇ કસર હોય તો તમેજ દબાઇ જાઓ. નારાયણે તમને શું નથી આપ્યું? એમના ધનથી કયાં ધનવાન થઇ જવાના છો!" મદનસિંહે કંઇ પણ ઉત્તર ન વાળ્યો.

મીજલસમાં ગડબડ મચી ગઇ. એક બીજાને પૂછતા હતા કે વાત શું છે?

મીજલસમાં કન્યાના પક્ષના પણ કેટલાક માણસો હતા. તેઓ ઉમાનાથને પૂછવા લાગ્યા: "ભાઇ, આ લોકો જાન પાછી લઇ જવા શા માટે તૈયાર થઇ રહ્યા છે?" જ્યારે ઉમાનાથે સંતોષજનક ઉત્તર ન વાળ્યો ત્યારે તે સર્વે આવી મદનસિંહને વિનંતિ કરવા લાગ્યા: "મહારાજ, અમારાથી એવો શો અપરાધ થયો છે? અને આપને જે કંઇ દંડ કરવો હોય તે કરો પણ જાન પાછી ન વાળો, નહિ તો આખું ગામ બદનામ થઇ જશે." મદનસિંહે તેમને માત્ર એટલુંજ કહ્યું કે: "આનું કારણ ઉમાનાથને જઇ પૂછો તેઓજ કહેશે."

પંડિત કૃષ્ણચંદ્રે જયારથી સદનને જોયો હતો ત્યારથી હર્ષથી ફુલ્યા નહોતા સમાતા. વિવાહનું મુહૂર્ત નિકટ હતું. તેઓ વરના આવવાની પ્રતીક્ષા કરી રહ્યા હતા. એટલી વારમાં કેટલાએક માણસોએ આવી તેમને આ ખબર આપી. તેમણે પૂછ્યું. "શા માટે પાછા ચાલ્યા જાય છે? શું ઉમાનાથ સાથે ઝગડો થઇ ગયો છે?"

લોકોએ કહ્યું: "તે અમને ખબર નથી, ઉમાનાથ ત્યાં ઉભા મનાવી રહ્યા છે."

કૃષ્ણચંદ્ર ક્રોધથી ખળભળતા જાન તરફ ચાલ્યા. જાન પાછી જાય તે શું બાળકોની રમત છે? આ તે કંઇ ઢીંગલા ઢીંગલીના વિવાહ છે? અને જો વિવાહ નહોતો કરવો તો પછી અહિં જાન શા માટે લાવ્યા? જોઉં છું કોણ જાનને પાછી લઇ જાય છે?

ખુનની નદી વહેવરાવી દઇશ. ભલે ફાંસીની સજા થાય પરંતુ એમને તો મજા ચખાડી દઇશ. કૃષ્ણચંદ્ર પોતાના સાથીઓ સાથે આવી વાતો કરતા જોસથી જાનના ઉતારામાં પહોંચ્યા અને લલકારી બોલ્યા: "ક્યાં છે પંડિત મદનસિંહ? મહારાજ, જરા બહાર આવો."

મદનસિંહ આ લલકાર સાંભળી બહાર નિકળી આવ્યા અને દ્રઢતા સાથે બોલ્યા: "કહો શું કહેવું છે?"

કૃષ્ણચંદ્ર: "આપ જાન શા માટે પાછી લઇ જાઓ છો?"

મદન: "જેવી અમારી મરજી, અમે વિવાહ કરવા નથી ચાહતા."

કૃષ્ણ: "આપને વિવાહ ઉકેલવાજ પડશે. અહિં આવી, આવી રીતે પાછા નથી જઇ શકવાના."

મદન: "આપને જે કંઇ કરવું હોય તે કરો. અમો વિવાહ કરશું નહિ."

કૃષ્ણ: "કંઇ કારણ?"

મદન: "કારણ શું આપ નથી જાણતા?"

કૃષ્ણ: "જાણતે તો આપને કાં પૂછતે."

મદન: "તો પંડિત ઉમાનાથને પૂછો."

કૃષ્ણ: "હું આપને પૂછું છું."

મદન: "વાત દાબી રાખવામાંજ માલ છે. હું આપને લજ્જિત કરવા નથી ઇચ્છતો."

કૃષ્ણ: "ઠીક સમજ્યો. હું જેલખાનામાંથી આવ્યો છું. આ તેનો દંડ છે. ધન્ય છે આપના ન્યાયને!"

મદન: "આ વાત માટે જાન પાછી નથી જઈ શકતી."

કૃષ્ણ: "તો ઉમાનાથથી વિવાહનો દાયજો આપવામાં કંઇ કસર થઇ હશે."

મદન: "અમે એટલા નીચ નથી."

કૃષ્ણ: "તો પછી એવી કઇ વાત છે?"

મદન: "અમે કહીએ છીએ અમને ન પૂછો."

કૃષ્ણ: "આપનેજ તે કહેવું પડશે. દરવાજા પર જાન લાવી પાછી લઇ જવી તે શું તમો છોકરાઓનો ખેલ સમજો છો? અહિં લોહીની નદી વહી જશે. આપ એ ભરોસે ન રહેતા."

મદન: "તેની અમને ચિંતા નથી. ભલે અમે અહિં મરી જઇએ પરંતુ આપની દીકરી સાથે વિવાહ ન થશે. આપની પાસે પોતાની મર્યાદા ગુમાવવા નથી આવ્યા."

કૃષ્ણ: "તો શું અમે આપથી નીચા છીએ?"

મદન: "હા, અમારાથી નીચા છો."

કૃષ્ણ: "તેનું કંઇ પ્રમાણ?"

મદન: "હા, તે છે."

કૃષ્ણુ: “તો તે કહેવામાં તમને શા માટે સંકોચ થાય છે?”

મદન: “ઠીક તો સાંભળો. આપની પુત્રી સુમન, જે આ કન્યાની સગી બ્હેન છે તે પતિત થઇ ગઇ છે. જો આપની ઇચ્છા હોય તો તમે વેશ્યા બઝારમાં જઇ જોઇ આવો.”

કૃષ્ણુચંદ્રે અવિશ્વાસ કરવાની ચેષ્ટા કરતાં કહ્યું: “આ બિલકુલ અસત્ય છે.”

પરંતુ ક્ષણુમાત્રમાં તેમને યાદ આવી ગયું કે જ્યારે તેમણે ઉમાનાથને સુમનનું ઠેકાણું પૂછ્યું હતું ત્યારે તેમણે વાત ટાળી દીધી હતી. વળી એવા કેટલાક કટાક્ષોનો અર્થ સમજવામાં આવી ગયો જે જાન્હવી વાત વાત પર તેમના પર કર્યા કરતી હતી. વિશ્વાસ આવી ગયો. તેમનું મસ્તક લજ્જાથી ઝુકી ગયું. તેઓ અચેત થઇ જમીન પર પડી ગયા! બંને પક્ષના સેંકડો માણસ ત્યાં ઉભા હતા પરંતુ બધા ચૂપ થઇ ગયા. આ વિષયમાં કોઇને પણુ કંઇ બોલવાનો સાહસ ન થયો.

અર્ધરાત્રી થતાં પહેલાં તંબુ બધા ઉખડી ગયા. તે બગીચામાં ફરી અંધકાર છવાઇ ગયો. ફરી ગીધોની સભા થવા લાગી. અને ઘુવડ બોલવા લાગ્યાં.

પ્રકરણુ ૩૭ મું.

વિઠ્ઠલદાસે સુમનને વિધવાઆશ્રમમાં ગુપ્ત રીતિથી રાખી હતી. પ્રબંધકારિણી સભાના કોઇ પણુ સભ્યને ખબર નહોતી આપી. આશ્રમની વિધવાઓને તે વિધવા છે એમ કહ્યું હતું. પરંતુ અબુલવફા જેવા શોધકોથી આ વાત વધારે દિવસ ગુપ્ત ન રહી શકી. તેમણે હિરિઆ દાસીને શોધી કાઢી, તેને સુમનનો પત્તો પૂછી લીધો, અને પછી પોતાના બીજા રસિક મિત્રોને પણુ આ વાતની સૂચના આપી દીધી. તેનું પરિણામ એ આવ્યું કે આશ્રમપર આ ગૃહસ્થોની વિશેષ રીતે કૃપાદ્રષ્ટિ થવા લાગી. કદિ શેઠ ચિમનલાલ આવતા, કદિ શેઠ બલભદ્રદાસ, કદિ પંડિત દીનાનાથ વિરાજમાન થઇ જતા. આ મહાનુભવોને હવે આશ્રમની સફાઇ અને સજાવટ, તેની આર્થિક દશા તથા તેના પ્રબંધ આદિ વિષયોપ્રતિ અદ્‌ભૂત સહાનુભૂતિ થઇ ગઇ હતી. રાતદિવસ આશ્રમની શુભ કામનામાં મગ્ન રહેતા.

વિઠ્ઠલદાસ મોટા સંકટમાં પડયા હતા. કયારેક વિચાર કરતા કે આ પદનું રાજીનામું આપી દઉં. શું મેંજ આ આશ્રમનો જુમ્મો લીધો છે? કમીટીમાં બીજા પણુ કેટલાક માણુસો છે જે આ કામને સંભાળી શકે તેમ છે. તેઓ જેમ ઉચિત જાણુશે તેવો એનો પ્રબંધ કરશે. પછી મને મારી આંખોએ તો આ અત્યાચાર જોવો ન પડશે. કયારેક વિચારતા કે આ દુરાચારિઓને શા માટે મોઢે મોઢું એક દિવસ નહીં ફીટકારૂં? પછી જે કંઇ બનશે તે જોઇ લેવાશે. પરંતુ જ્યારે શાંત ચિત્ત કરી જોતા તો તેમને સર્વ કોઇ સાથે કામ લેવા વગર બીજો કંઇ ઉપાય ન સૂજતો. હા, તેઓ તેમની સાથે અતિ લુખ્ખી રીતે વાતચીત કરતા, તેમના પ્રસ્તાવોની ઉપેક્ષા કર્યા કરતા અને પોતાના બોલવાના ભાવમાં એ વાત પ્રકટ કરવા ઇચ્છતા હતા કે મને તમારા લોકોનું અંહિ આવવું અસહ્ય લાગે છે. પરંતુ ગરજના બાવળા મનુષ્ય જોયાં છતાં ન જોયું કરી જાય છે. બંને શેઠ વિનય અને શીલની સાક્ષાત્ મૂર્તિ બની જતા. તિવારીજી તો એવા સરલ બની જતા કે જાણે તેમને કદિ ક્રોધ પ્રગ્ટીજ નથી શકતો. આ કપટનીતિ આગળ વિઠ્ઠલદાસની અક્કલ કંઇ કામ નહોતી કરતી.

એક દિવસ પ્રાતઃકાલે વિઠ્ઠલદાસ એજ ચિંતાઓમાં બેઠેલા હતા કે એક ફ્રાઇટન આશ્રમના દ્વાર પર આવી ઉભી. તેમાંથી કોણુ ઉતર્યા? અબુલવફા અને અબ્દુલ્લતીફ!

વિઠ્ઠલદાસ મનમાં બળી બેસી રહ્યા. હજી તો હમણુા તેઓ શેઠો માટે રડતા હતા એટલી વારમાં એક બીજી બલા આવી. મનમાં તો આવ્યું કે બન્નેને ધર્મનીમ સંભળાવી દઉં પરંતુ, ધૈર્યથી કામ લીધું.

અબુલવફાએ કહ્યું: “સલામ સાહેબ, આજે કંઇ તબીયત ચેનમાં નથી કે? ખુદાના કસમ! તે કોમ ખુશનસીબ છે જેમાં આપ સમાન સાચા સેવકો મોજુદ છે. એક આ અમારીજ સ્વાર્થી, ફકત પોતાનોજ ખ્યાલ રાખનારી કોમ છે જેને આ વાતોનું ભાન નથી. જે લોક મોટા નેકનામ છે તેઓ પણુ સ્વાર્થથી બાકી નથી. કાં મુન્શી અબદુલલતીફ સાહેબ?”

અબદુલલતીફ: “જનાબ, અમારીકોમ વિશે તો તમારે કંઇજ ન કહેવું! સ્વાર્થી, પોતાને ભૂલી જનારી, ઓછી અક્કલની, બેવકુફ જે કંઇ કહો તે થોડું છે. મોટમોટાને જોશો તો

જાણે રંગેલા શિયાળ જેવા છે, ઉપર સદગૃહસ્થાઇનો જામો પહેરેલો છે. આપને તો ખુદાતાલાએ દેવોમાંથી ઉપાડી અહિં મોકલી આ સદભાગી કોમ પર નવાજેશ કરી છે."

અબુલવફા: "આપની નેકચલણુ રીતભાતો ખામખા દિલ પર અસર કરે છે. કાં, આપને ત્યાં કંઇ ભરતકામ કે વેલબુટાની ગુંથણીનું કામ તો થતુંજ હશે ? મારા એક દોસ્તે આવી ભરતકામવાળી કેટલાક ડજન ચાદરોનો ઓરડર મને લખી મોકલ્યો છે. હાલમાં શહેરમાં અનેક જગ્યાએ આવી કારીગીરી બને છે પણ મેં વિચાર કર્યો કે આશ્રમને ખાનગી કામ કરનારાઓ કરતાં પહેલી પસંદગી આપવી જોઇએ. આપને ત્યાં કંઇ નમુનાઓ હોય તો બતાવવાની તકલીફ લેશો."

વિઠ્ઠલ: "હું આ મહેરબાની માટે આપનો આભારી છું, પરંતુ કમીટીએ એ માટે ફેંસલો કરી દીધો છે કે અહિં આવા પ્રકારનું કોઇ કામ કરાવવામાં ન આવે. તેથી લાચાર છું."

આમ કહી વિઠ્ઠલદાસ ઉભા થયા. હવે બન્ને સજ્જનોને પાછા વળવા સિવાય બીજો ઉપાય ન સૂજ્યો. મનમાં વિઠ્ઠલદાસને ગાળો આપતા ફેટન પર સવાર થઇ ગયા.

પરંતુ હજી ફેટનનો અવાજ કાનોમાં આવતો હતો એટલી વારમાં તો શેઠ ચિમનલાલની મોટરકાર આવી પહોંચી. શેઠજી દબદબાથી ઉતર્યા. વિઠ્ઠલદાસથી હાથ મેળવ્યો અને બોલ્યા: "કાં, બાબૂ સાહેબ! નાટકના વિષયમાં આપે શું સલ્લાહ કરી ? શકુંતલા નાટક ભર્તૃહરિનો સૌથી ઉત્તમ ગ્રંથ છે. તેને અંગ્રેજ લોકો બહુજ પસંદ કરે છે. તે જરૂર ભજવાય તેમ કરો. જો થોડા પાઠ યાદ કરાવ્યા હોય તો હું પણ સાંભળું."

કદિ કદિ મુશ્કેલીમાં આપણને એવા વિચારો સૂઝે છે જે શાંત વિચાર કરતી વેળાયે કદી સુઝતા નથી. વિઠ્ઠલદાસે ઘણુંએ વિચાર્યું હતું કે આ શેઠજીથી કેવી રીતે જાન છોડવવી પરંતુ કોઇ ઉપાય ન સૂઝયો. આ વખતે અકસ્માત તેમને એક વાત સૂઝી આવી. તેઓ બોલ્યા: "જી નહિ, આ નાટક ભજવવાનું તો નક્કી ન થયું. મેં આ બાબતમાં મોટા સાહેબ પાસેથી સલ્લાહ લીધી હતી પરંતુ તેમણે મનાઇ કરી દીધી. ખબર નથી પડતી કે આ લોકો પોલિટિકસનો શો અર્થ કરે છે. આજે વાતો કરતાં કરતાં મેં પ્રસંગવશાત મોટા સાહેબને આશ્રમ માટે થોડી વાર્ષિક સહાયતા કરવા પ્રાર્થના કરી તો તેમણે કહ્યું કે: "હું પોલિટિકલ કાર્યોમાં સહાયતા નથી આપી શકતો." હું તો તેમની આ વાતો સાંભળી ચકિત થઇ ગયો. મેં પૂછયું: "આપ આશ્રમને કયા આધારે પોલિટિકલ સંસ્થા સમજો છો ?" તેમણે ઉત્તર માત્ર એટલોજ વાળ્યો કે: "હું તેનો ઉત્તર આપી શકતો નથી."

ચિમનલાલના મ્હોં પર હવાઇઓ ઉડવા લાગી. બોલ્યા: "તો સાહેબે શું આશ્રમને પણ પોલિટિકલ સમજી લીધો ?"

વિઠ્ઠલ: "જી હા, સાફ સાફ એમજ કહી દીધું."

ચિમન: "જ્યારે તેમનો એજ વિચાર છે ત્યારે તો અહિં આવનારા જનારાઓ ઉપર તપાસ પણ રહેતી હશે. મહાશય, આપનો શું મત છે ?"

વિઠ્ઠલ: "જી હા, પણ તેમાં શું થયું ? જેમને જ્ઞાતિ પર પ્રેમ છે તેઓ આ વાતોથી શું કદિ પણ ડરવાના છે ?"

ચિમનલાલ: "જી નહિ. હું તે જ્ઞાતિ–પ્રેમિઓમાંનો નથી. મને જો જણાય કે આ લોકો રામલીલાને પણ પોલિટિકલ સમજે છે તો હું તે પણ બંધ કરી દઉં. પોલિટિકલના નામથી મારા રૂંવા ઉભા થઇ જાય છે. આપ મારા ઘરમાં જોઇ આવો ભગવદ્‌ગીતાની પણ એક કોપી નથી. એટલુંજ નહિ પણ મેં મારા માણસોને સખ્ત તાકિદ આપી છે કે બજારમાંથી ચીજો પણ પાંદડા કે દડિયામાં લાવ્યા કરે. હું રદી સમાચારપત્રોની પડિઓ સુદ્ધાં ઘરમાં પ્રવેશવા નથી દેતો. રાણા પ્રતાપની એક જુની તસવીર હતી તેને મેં ઉતારી પેટીમાં બંધ કરી દીધી છે. હવે મને જવાની આજ્ઞા આપો." આમ કહેતાં તેઓ મોટાં પેટને સંભાળતા મોટર તરફ ગયા. વિઠ્ઠલદાસ મનમાં ખૂબ હસ્યા કે યુક્તિ તો સારી સૂઝી! પરંતુ કેટલું બધું અસત્ય બોલવું પડયું અને તેથી આત્માનું અધ:પતન કેટલું થયું! એ વાતનો જરા પણ વિચાર ન કર્યો. આ સેવાધર્મનું પુતળું પોતે પોતાના વ્યવહારોમાં અસત્ય અને છેતરપીંડીથી બાર ગાઉ દૂર રહેતો પરંતુ જાતીય કાર્યોમાં અવસર આવતાં તેની સહાયતા લેવામાં સંકોચ ન કરતો. ચિમનલાલના જવા પછી વિઠ્ઠલદાસે ફંડનું રજીસ્ટર ઉપાડયું અને ફંડ વસૂલ કરવા માટે ઉઠયા.

પરતુ હજી ઓરડા બહાર પગ પણ નહોતો મૂકયો કે શેઠ બલભદ્રદાસને પગગાડીપર આવતા જોયા. ક્રોધથી શરીર બળી ગયું. રજીસ્ટરને અફાળી ફેંકી દીધું અને લડવા માટે તૈયાર થઇ ઉભા.

બલભદ્રદાસે આગળ વધતા કહ્યું: "કહો મહાશય, કાલે મેં જે રોપાઓ મોકલ્યા હતા તે લગાડયા કે નહિં. હું જરા જોવા માગું છું. જો કહો તો મારા માલીને મોકલી આપું."

વિઠ્ઠલદાસે ઉદાસ ભાવથી કહ્યું: "જી નહિ. આપને માલી મોકલવાની આવશ્યકતા નથી તેમજ તે રોપાઓ પણ અહિં લગાડી શકાતા નથી."

બલભદ્ર: "કાં શા માટે નથી લાગી શકતા? મારો માલી આવી બરાબર કરી દેશે. તેમને આજેજ લગડાવી દ્યો. નહિં તો કાલે તે સુકાઇ જશે."

વિઠ્ઠલ: "સુકાઇ જાય કે ભલે લીલા રહે પણ અહિં તે લાગી નથી શકતા."

બલભદ્ર: "નહિ લગાડવાના હતા ત્યારે પહેલાંથીજ કહી દેવું હતું! મેં તો તેમને સહારનપૂરમાંથી મંગાવ્યા છે."

વિઠ્ઠલ: "ઓટલા પર પડયા છે. ઉપડાવી લઇ જાઓ."

શેઠ બલભદ્રદાસ અભિમાની સ્વભાવના મનુષ્ય હતા. એમ તો હતા શીલ અને વિનયના પુતળા. પરંતુ જરા કોઇએ અકડીને વાત કરી કે જરા નજર બદલી તો તેઓ તપી જતા. તેઓ અત્યંત નિડર, રાજનીતિકુશલ પુરૂષ હતા. આ ગુણોના કારણે જનતા તેમના પર જાન દેતી હતી. તેને તેમના પર પૂરો વિશ્વાસ હતો. તેને નિશ્ચય હતો કે ન્યાય અને સત્યના વિષયમાં તેઓ કદિ પાછળ પગ નહિ હટાવશે, અને પોતાના સ્વાર્થ અને સન્માન માટે જનતાનું અહિત ન કરશે. ડોકટર શ્યામચરણ પર જનતાનો આ વિશ્વાસ નહોતો. જનતાની દ્રષ્ટિમાં વિદ્યા, બુદ્ધિ અને પ્રતિભાનું તેટલું મૂલ્ય નથી જેટલું ચરિત્રબલનું.

વિઠ્ઠલદાસની આ લુખી વાતો સાંભળી બલભદ્રદાસની આંખો ક્રોધથી ભરાઇ ગઇ. તેઓ અકડાઇ બોલ્યા: "આજે આપ એટલા ઉદ્ધત કેમ થઇ રહ્યા છો?"

"મને મીઠી વાતો કરવાની રીત નથી આવડતી."

"મીઠી વાતો ન કરો પણ લાકડી તો ન મારો."

"હું તમારી પાસેથી શિષ્ટાચારનો પાઠ શીખવા નથી ચાહતો."

"આપ જાણો છો કે હું પણ પ્રબંધકારિણી સભાનો મેંબર છું."

"જી હા, જાણું છું."

"ઇચ્છા કરતે તો પ્રધાન થાત."

"જાણું છું."

"મારી સહાયતા કોઇથી પણ ઓછી નથી."

"આ પુરાણી વાતોની યાદ આપવાની શું જરૂર છે?"

"જો ઇચ્છા કરૂં તો આશ્રમને હતો નહતો કરી દઉં."

"અસંભવ."

"સભાના સર્વ મેંબર મારા ઇશારા પર નાચી શકે છે."

"સંભવે છે."

"એકજ દિવસમાં તેની સદ્‍ગતિ કરી દઉં."

"અસંભવ."

"આપ કયા ઘમંડમાં ભૂલ્યા છો?"

"ઇશ્વરના ભરોસાપર."

શેઠજી આશ્રમ તરફ ક્રોપભરી આંખોએ જોતા પગગાડીપર સવાર થઇ ગયા. પરંતુ વિઠ્ઠલદાસપર તેમની ધમકિઓની જરા પણ અસર ન થઇ. તેઓ નિશ્ચિંત હતા કે શેઠ સભાના મેંબરોને આશ્રમના વિષયમાં કંઇ પણ ન કહેશે. તેમનું અભિમાન તેમને આટલે નિચે પડવા ન દેશે. પરંતુ સંભવિત છે કે તેઓ આ શરમના માર્યા મેંબરો પાસે આશ્રમની પ્રશંસાએ કરે. પણ આ આગ કયારે ને કયારે ભભકશે તેમાં સંદેહ નહોતો. અભિમાન પોતાના અપમાનને નથી ભૂલતું. એ વાતની શંકા હતી તો પણ વિઠ્ઠલદાસને તે ક્ષોભ નહોતો જે કોઇ કજીઓ કર્યા પછી મેઘ સમાન હૃદયાકાશપર છવાઇ રહ્યા કરે છે. તેમને તો ઉલટો પોતાના કર્તવ્યને પૂરો કરવાનો સંતોષ હતો અને તેઓ પસ્તાતા હતા કે મેં તેમાં એટલો વિલંબ કાં કર્યો. આ સંતોષથી તેઓ એવી મોજમાં આવ્યા કે ઉંચ્ચા સ્વરથી આ પદ ગાવા લાગ્યા:

> પ્રભૂજી મોહિ કાહેકી લાજ,
> જન્મ જન્મયો હી ભરમાન્યો.
> અભિમાની એ કાજ,
> પ્રભુજી મોહિ કાહેકી લાજ.

એટલામાં તેમને પદમસિંહ આવતા દેખાયા. તેમના મુખમાં ચિંતા અને નિરાશા ઝળકી

રહી હતી; જાણે હમણાજ રોઇને આંસુ લૂછ્યા છે. વિઠ્ઠલદાસ આગળ જઇ તેમને ભેટ્યા અને પૂછ્યું: "શું બીમાર હતા ? બિલકુલ ઓળખાતા પણ નથી."

પદમ: "જી નહિં, બીમાર તો નહોતો પણ મુઝવણમાં બહુજ હતો."

વિઠ્ઠલ: "વિવાહ કુશલતાપૂર્વક થઇ ગયાં?"

પદમસિંહ છત તરફ જોતા બોલ્યા: "વિવાહના કંઇ પણ સમાચાર ન પૂછો. વિવાહ તો એવા થયા કે અબળા કન્યાનું જીવન નષ્ટ કરી આવ્યા. તે આ જ સુમનબાઇની બહેન નિકળી. ભાઇને જેવી તે વાતની ખબર પડી કે તેઓ દ્વાર પરથી જાન પાછી લઇ આવ્યા."

વિઠ્ઠલદાસે લાંબો નિશ્વાસ લઇ કહ્યું: "એ તો મોટો અન્યાય થયો. આપે ભાઇ સાહેબને સમજાવ્યું નહિં?"

પદમ: "મારાથી જે કંઇ બન્યું તે કરી અંતે હાર્યો.

વિઠ્ઠલ: "જો જો હવે બીચારી છોકરીની કેવી દુર્ગતિ થાય છે. સુમન સાંભળશે તો રડશે."

પદમ: "કહો અહિની શું ખબર છે? સુમનના આવવાથી વિધવાઓમાં ગડબડ તો નથી થઇ? તેઓ તો તેની અવશ્ય ઘૃણા કરતી હશે."

વિઠ્ઠલ: "વાત ફુટી જાય તો આજે જ આશ્રમ ખાલી દેખાય."

પદમ: "અને સુમન કેવી રીતે રહે છે?"

વિઠ્ઠલ: "એવી ઉત્તમ રીતે કે જાણે તે પહેલાથી સદા આશ્રમમાંજ રહેતી હતી. તેના હાલના ચરિત્ર પરથી જણાય છે કે તે પોતાના સદ્વ્યવહારથી પોતાની કાલિમાને ધોવા ચાહે છે. જે કામ હોય તે તે કરવા તૈયાર અને તે પણ પ્રસન્ન ચિત્તે. બીજી સ્ત્રીઓ સુઇ રહે છે અને તે તેમના ઓરડામાં ઝાડુ કાઢી આવે છે, કેટલીક વિધવાઓને સીવવાનું શિખવે છે, કેટલીએક તો તેની પાસેથી ગાવાનું શીખે છે. સર્વ કોઇ પ્રત્યેક વાતમાં તેની સલ્લાહ લે છે. કહેવાનો તાત્પર્ય એટલોજ કે આ ચાર દિવાલોમાં હવે તેનુંજ રાજ્ય છે. મને કદિ પણ એ આશા નહોતી. અહિં તેણીએ ભણવાનું પણ શરૂ કરી દીધું છે. ભાઇ તેના મનમાં શું છે તે તો ઇશ્વર જાણે પરંતુ જોતાં તો હવે તેનું જીવનજ બદલાઇ ગયું છે."

પદમ: "નહિ સાહેબ, તે સ્વભાવની ખરાબ સ્ત્રી નથી. મારે ત્યાં મહિના સુધી આવ્યા કરતી હતી. મારી સ્ત્રી પણ તેની બહુજ પ્રશંસા કરતી હતી. (આમ કહેતા કહેતા જરા અચકાઇ ગયા.) પરંતુ કેટલાક એવા કુસંસ્કાર થઇ ગયા, જેમણે તેણીને આ અભિનય કરાવ્યા. સત્ય પૂછો તો અમારા પાપોનોજ દંડ તેણીને ભોગવવો પડયો. શેઠ બલભદ્રદાસે બીજી કોઇ યુક્તિ ચલાવી?"

વિઠ્ઠલ: "હા સાહેબ, શું તેઓ કંઇ ચૂપ બેસી રહે તેવા માણસ છે? આજકાલ ખૂબ દોડધામ થઇ રહી છે. બે ત્રણ દિવસ થયા મેંબરોની પણ એક સભા થઇ હતી. હું તો જઇ ન શકયો પરંતુ વિજય તે લોકોનોજ થયો. પ્રેસિડેન્ટના બે વોટ સાથે ગણતા તેમની પાસે ૬ વોટ છે અને આપણી પાસે બધા ૪ મુસલમાનોના વોટ મેળવતાં બરાબર થઇ જશે."

પદમ: "તો આપણને ઓછામાં ઓછો બીજો એક વોટ મળવો જોઇએ તેની કંઇ આશા?"

વિઠ્ઠલ: "મને તો કોઇ આશા નથી લાગતી."

પદમ: "જો અવકાશ હોય તો ચાલો જરા ડોકટર સાહેબ અને લાલા ભગતરામની પાસે જઇએ."

વિઠ્ઠલ: "હા ચાલો. હું તૈયાર છું."

પ્રકરણ ૩૮ મું.

યદ્યપિ ડોકટર સાહેબનો બંગલો નિકટમાંજ હતો પરંતુ આ બન્ને જણાએ એક ભાડાની ગાડી કરી કારણ કે ડોકટર સાહેબને ત્યાં પગે જવું તે ફેશનથી વિરૂદ્ધ હતું. રસ્તામાં વિઠ્ઠલદાસે આજના બનેલા બધા બનાવોનું વર્ણન મીઠું મરચું મેળવી કરી પોતાની ચતુરાઇ બરાબર દર્શાવી.

પદમસિંહે આ સાંભળી ચિંતિત ભાવથી કહ્યું: "તો હવે આપણને વધારે સાવધાન થવાની જરૂર છે કારણ કે અંતમાં આશ્રમનો બધો ભાર આપણા પરજ આવી પડશે. બલભદ્રદાસ હમણા ભલે ચૂપકીદી પકડે પરંતુ આની કસર કયારે ને કયારે અવશ્ય વાળશે."

વિઠ્ઠલ: "હુ શું કરૂં. મુજથી આ અત્યાચાર જોઇ રહી શકાતું નથી. શરીરમાં એક જવાળાજ ઉઠવા લાગે છે. કહેવામાં આ લોકો વિદ્વાન છે, બુદ્ધિમાન છે, નીતિપરાયણ છે, પરંતુ તેમના કર્મો જુવો તો આવાં! પણ જો

મુજમાં કૌશલ્યથી કામ લેવાનું સામર્થ્ય હોત તો બલભદ્રદાસ સાથે લડવાની નોબત ન વાગતે."

પદ્મ: "તે તો એક દિવસ થવાનું જ હતું. એ પણ મારા કર્મોના ફળ છે. જોઉં હજી કેવા કેવા આગના ભભૂકા ઉઠે છે. જ્યારથી જાન પાછી આવી છે ત્યારથી મારી દશા વિચિત્ર થઇ ગઇ છે. ન ભૂખ છે ન તરસ. આખી રાત પાસા બદલાવ્યા કરૂં છું. એજ ચિંતા થયા કરે છે કે તે અભાગિની કન્યાનો બેડો કેવી રીતે પાર થશે. અને જો કયાંક આશ્રમનો ભાર સિર પર આવી પડશે તો જાનની તો કમ્બખ્તીજ આવી. એવી અગાધ કીચડવાળી ભૂમિમાં ફસી પડયો છું કે જેમ જેમ ઉપર આવવા ઇચ્છા કરૂં છું તેમ તેમ નીચે દબાતો જાઉં છું."

આ વાતો કરતા કરતા ડૉકટર શ્યામચરણનો બંગલો આવી ગયો. દશ વાગ્યા હતા. ડૉકટર સાહેબ પોતાના સુસજ્જિત ઓરડામાં બેસી પોતાની મોટી પુત્રી મિસ કાંતિ શ્યામચરણ સાથે સેતરંજ રમી રહ્યા હતા. મેજ પર બે ટેરિયર કુતરા બેસી અતિ ધ્યાનથી સેતરંજની ચાલોને જોઇ રહ્યા હતા અને કદિ કદિ જ્યારે તેમની સમજમાં ખેલાડિઓની કોઇ ભૂલ દેખાતી ત્યારે પંજાઓથી મોરાઓને ઉલટા સુલટા કરી દેતા હતા. મિસ કાંતી તેમની આ અડપલાઇ પર હસી અંગ્રેજીમાં કહેતી હતી: "યૂ નોટી."

ટેબલની જમણી બાજુએ એક આરામખુરસી પર સૈયદ તેગઅલીસાહેબ વિરાજમાન હતા અને વચ્ચમાં મિસ કાંતીને સેતરંજની રમતની ચાલો બતાવતા જતા હતા.

એટલી વારમાં આપણા બન્ને મિત્રો આવી પહોંચ્યા. ડૉકટર સાહેબે ઉઠી બન્ને સજ્જનો સાથે હાથ મેળવ્યો. મિસ કાંતિએ તેમની તરફ દબાયેલી નજરે જોયું અને ટેબલ પરથી એક પત્ર ઉપાડી વાંચવા લાગી.

ડૉકટર સાહેબે અંગ્રેજીમાં કહ્યું: "હું આપ લોકોને જોઇ બહુજ પ્રસન્ન થયો. આવો, આપ લોકોનું મિસ કાંતિ સાથે ઇન્ટ્રોડયૂસ કરાવું."

પરિચય થઇ જવા પછી મિસ કાંતિએ બન્ને જણ સાથે હાથ મેળવ્યો અને હસતાં બોલી: "પપા હમણાજ આપ લોકો વિષે વાતચીત કરી રહ્યા હતા. હું આપને જોઇ અત્યંત પ્રસન્ન થઇ."

ડૉકટર શ્યામચરણ: "મિસ કાંતિ હમણા ડેલ્હૌસી પહાડ પરથી આવી છે. એમની સ્કુલ થંડિના દિવસોમાં બંધ થઇ જાય છે. ત્યાં શિક્ષાનો પ્રબંધ અતિ ઉત્તમ છે. એ અંગ્રેજોની છોકરીઓ સાથે બોર્ડિંગ હાઉસમાં રહે છે. લેડી પ્રિન્સિપાલે હમણા એની ખૂબ પ્રશંસા કરી છે. કાંતિ, જરા તમારી લેડી પ્રિન્સિપાલની ચીઠ્ઠી એમને બતાવી દો. મિસ્ટર સિંહ, આપ કાંતિની અંગ્રેજી વાતો સાંભળી દંગ થઇ જશો. (હસતાં) એ મને કેટલીક રીતભાત ને સ્ટાઇલ શિખવે છે."

મિસ કાંતિએ લજ્જાતાં પોતાનો પ્રશંસાપાત્ર પદ્મસિંહને બતાવ્યો. તેમણે તે વાંચી કહ્યું: "આપ લેટીન પણ શીખો છો?"

ડૉકટર સાહેબે કહ્યું: "લેટિનની આ પરીક્ષામાં તો એમને એક પદક–ચાંદ મળ્યો છે. ગઇ કાલે કલબમાં કાંતિએ એવી સારી રમત દેખાડી કે અંગ્રેજ લેડિઓ દંગ થઇ ગઇ. શું આપ આ વખતે હિંદુ મેંબરોના જલસામાં નહોતા આવ્યા?"

પદ્મ: "જી નહિ, હું જરા ઘર પર ગયો હતો."

ડૉકટર: "આપનાજ પ્રસ્તાવ પર વિચાર ચલાવવામાં આવ્યો હતો. તે વિષયમાં હું તો એ ઉચિત્ત સમજુ છું કે તેને બોર્ડ પર લાવવાની ઉતાવલ ન કરવામાં આવે કારણ હાલમાં તે સફલ થાય તેવી આશા બહુજ ઓછી છે."

તેગઅલી બોલ્યા: "જનાબ, મુસલમાન મેંબરો તરફથી તો આપને પૂરી મદદ મળશે."

ડૉકટર: "હા, પરંતુ હિંદુ મેંબરોમાં તો મતભેદ છે."

પદ્મ: "આપની સહાયતા મળી જાય તો સફલતમાં કોઇ સંદેહ નથી."

ડૉકટર: "મારી તો આ પ્રસ્તાવ સાથે પૂર્ણ સહાનુભૂતિ છે પરંતુ આપ જાણો છો કે હું ગવર્નમેંટનો નેમાયલો મેંબર છું. તેથી જ્યાં સુધી એમ જણાય નહિ કે ગવર્નમેંટ આ વિષયને પસંદ કરે છે કે નહિ ત્યાં સુધી આવા સામાજીક પ્રશ્ન માટે હું કંઇ પણ સલ્લાહ આપી શકતો નથી."

વિઠ્ઠલદાસે તીવ્ર સ્વરથી કહ્યું: "જ્યારે મેંબર થવામાં આપના વિચાર સ્વાતંત્ર્યમાં બાધા પડે છે તો આપને રાજીનામું આપી દેવું જોઇએ."

ત્રણે માણસોએ વિઠ્ઠલદાસને ઉપેક્ષાની દૃષ્ટિએ જોયો કારણ કે તેમનું આ કથન અયો-

ગ્ય હતું. તેગઅલીએ મશ્કરીના ભાવથી કહ્યું : "રાજીનામું આપી દે પછી આ સન્માન કેવી રીતે થાય, ગવર્નર સાહેબ પાસે ખુરશી પર કેવી રીતે બેસે, ઓનરેબલ કેવી રીતે કહેવરાવે, મોટા મોટા અંગ્રેજો સાથે હાથ મેળવવાનું સૌભાગ્ય કેવી રીતે પ્રાપ્ત થાય, સરકારી ડીનરોમાં આગળ વધવાનું ગૌરવ કેવી રીતે મળે, નૈનીતાલની સહેલ કેવી રીતે કરે અને પોતાની વકૃતાનો ચમત્કાર કેમ બતાવે? તેનો પણ વિચાર તો કરો."

વિઠ્ઠલદાસ અતિ લજ્જિત થયા. પદમસિંહ પસ્તાયા કે વિઠ્ઠલદાસ સાથે નાહક આવ્યા.

ડૉકટર સાહેબ ગંભીર ભાવથી બોલ્યા : "સાધારણ લોકો સમજે છે કે આ જ લાલચના કારણે લોકો મેંબર થવા દોડે છે પણ તેઓ એ નથી જાણતા કે એ કેટલી જોખમદારીનું કામ છે. ગરીબ મેંબરને પોતાનો કેટલો સમય, કેટલો વિચાર, કેટલું ધન, કેટલો પરિશ્રમ એને અર્પણ કરવો પડે છે અને તેના બદલામાં તેને આ સંતોષ સિવાય બીજું શું મળે છે? માત્ર એટલુંજ કે હું દેશ અને જાતિની સેવા કરી રહ્યો છું. એટલુંએ ન હોય તો કોઇ મેંબર થવા પરવા ન કરે."

તેગઅલી: "જી હા, તેમાં શું શક છે, જનાબ ઠીક કહો છો. જેના સિર પર આ જબરદસ્ત જોખમદારી પડે છે તેનું જ દિલ એ સર્વ જાણે છે."

અગીઆર વાગી ગયા હતા. વિઠ્ઠલદાસે પદમસિંહને કહ્યું: "મારા ભોજનનો સમય થયો, હું હવે જાવું છું. આપ સંધ્યા સમયે મને મળશો."

પદમસિંહે કહ્યું: "હા, ખુશીથી જાઓ." તેમણે વિચાર્યું કે એ ભોજન કરવાને જરા વિલંબ થઇ જાય તેમાં આટલા ગભરાય છે તો પછી બીજાઓ પાસેથી શું આશા કરવામાં આવે? લોકો જાતિ અને દેશના સેવક બનવા તો ચાહે છે પરંતુ જરા પણ કષ્ટ ઉપાડવા નથી ચહાતા.

* * * *

લાલા ભગતરામ તડકામાં તખ્તાપર બેસી હુક્કો પી રહ્યા હતા. તેમની નાની છોકરી ગોદમાં બેસી ધુમાડાના ગોટા પકડવા વારંવાર હાથ લંબાવતી હતી. સામે જમીન પર મિસ્ત્રી અને કેટલાક કારીગર બેઠા હતા. ભગતરામ પદમસિંહને દેખતાં ઉભા થયા અને નમન કરતા બોલ્યા: "મેં સાંજના જ સાંભળ્યું કે આપ આવી ગયા છો. આજે પ્રાતઃકાલે આવવાનો હતો પણ એક એવી ખટપટ આવી પડી કે ફુરસદ ન મળી! આ કોન્ટ્રેકટરનું કામ બહુજ ખરાબ છે. એક તો કામ કરવું, વળી તે ઉપર પોતાના રૂપીઆ ખરચવા, ઉપરાંત બીજાઓની ખુશામદ કરવી. આજ કાલ એન્જીનીયર સાહેબ કોઇક વાત પર એવા નારાજ થઇ ગયા છે કે મારૂં કોઇ પણ કામ તેમને પસંદ નથી આવતું. એક પુલ બનાવવા કોન્ટ્રેકટ લીધો હતો. તેને ત્રણ વખત તોડી નખાવી ચૂકયા છે. કયારેક કહે છે કે આ નથી બન્યું, કયારેક કહે છે કે તે નથી બન્યું. આવા મામલામાં નફો કયાંથી થશે? ઉલટી નુકશાની થવાનો સંભવ છે. કોઇ પણ સાંભળવાવાળો નથી. આપે જાણ્યું તો હશે કે હિંદુ મેંબરોનો જલસો થયો હતો."

પદમસિંહ: "જી હા, સાંભળ્યું, અને સાંભળી શોક થયો. આપ માટે મને પૂરી આશા હતી. શું આપ આ સુધારાને ઉપયોગી નથી સમજતા?"

ભગતરામ: "તેને કેવળ ઉપયોગીજ નથી સમજતો પણ હૃદયથી તેની સહાયતા કરવા ઇચ્છું છું. પરંતુ હું મારા મતનો માલિક નથી. મેં મને સ્વાર્થના હાથમાં વેચી નાખ્યો છે. મને આપ ગ્રામોફોનની રેકોર્ડ સમજજો; જે કંઇ તેમાં ભરી દેવામાં આવે છે તે જ કહી શકું છું, બીજું કંઇ પણ નહિં."

પદમસિંહ: "પરંતુ આપ એ તો માનો છો કે જાતિના હિતને સ્વાર્થ પર પ્રધાનતા હોવી જોઇએ."

ભગતરામ: "જી હા, તેને સિદ્ધાંતના રૂપથી માનું છું પરંતુ તેને વ્યવહારમાં લાવવાની શક્તિ નથી ધરાવતો. આપ જાણો છો કે મારો આખો કારભાર શેઠ ચિમનલાલની મદદથી ચાલે છે અને જો તેમને નારાજ કરી દઉં તો આ બધો ઠાઠ બગડી જાય. સમાજમાં મારી જે કંઇ માનમર્યાદા છે તે બધી આ ઠાઠમાઠના કારણે છે. વિદ્યા અને બુદ્ધિની તો ખામીજ છે માત્ર આજ સ્વાંગનો ભરોસો છે. આજેજ જો આ વાત ફુટી જાય તો કોઇ ભાવ પણ ન પૂછે. દુધની માખી માફક સમાજમાંથી કાઢી નાખવામાં આવે. બતાવો શહેરમાં કોણ છે જે કેવળ મારા વિશ્વાસપર હજારો રૂપીઆ વગર વ્યાજે આપે. તેમજ આ ઉપરાંત પણ કેવળ મને પોતાની એક-

લાની ફીકર તો નથી. ઓછામાં ઓછું મહીને ૩૦૦) રૂપીઆ કુટુંબનું ખરચ છે. જાતિ માટે હું પોતે કષ્ટ સહન કરવા તૈયાર થાઉં પણ પોતાના બચ્ચાંઓને કેવી રીતે નિરાધાર કરી દઉં."

આપણે જ્યારે કોઇ કર્તવ્યથી મ્હોં મોડીએ છિએ ત્યારે દોષમાંથી બચવા માટે એવી એવી પ્રબલ યુક્તિઓ કાઢીએ છીએ કે કોઇ મ્હોં ન ઉઘાડી શકે. તે વખતે આપણે સંકોચ ત્યાગી પોતાના સંબંધમાં એવી એવી વાતો કહી નાખીએ છીએ જેમને ગુપ્ત રાખવામાંજ આપણું કલ્યાણ છે. લાલા ભગતરામના હૃદયમાં આજ ભાવ કામ કરી રહ્યો હતો. પદમસિંહ સમજી ગયા કે એમનામાં કોઇ આશા નથી. તેઓ બોલ્યા: "આવી અવસ્થામાં હું આપ પર કેવી રીતે દબાણ કરી શકું. મને કેવળ એક વોટ માટે ચિંતા છે. કોઇ ઉપાય બતાવો, તે કેમ મળે?"

ભગત: "કુંવર સાહેબ પાસે જાઓ. ઇશ્વર ચાહશે તો તેમનો વોટ આપને મળી જશે. શેઠ બલભદ્રદાસે તેમના પર ૩૦૦૦) ની ફરીઆદી માંડી હતી. ગઇ કાલે તેમના પર ડિક્રી પણ થઇ ગઇ. કુંવર સાહેબ આ વખતે બલભદ્રદાસ પર ખિજાઇ બેઠા છે. જો તેમનું ચાલે તો ગોળી મારી દે. તેમને ફસાવવા એક દાવ આપને બતાવી દઉં છું. તેમને કોઇ સભાના પ્રેસિડેન્ટ બનાવી દ્યો એટલે થયું. તેમની લગામ આપના હાથોમાં આવી જશે."

પદમસિંહે હસતાં કહ્યું: "સારી વાત છે. તેમને ત્યાંજ જાઉં છું."

બપોર થઇ હતી પરંતુ પદમસિંહને ભૂખ તરસ નહોતી. તેઓ ઘોડા-ગાડી પર બેસી રવાના થયા. કુંવર સાહેબ બરના કિનારે એક બંગલામાં રહેતા હતા. અર્ધા કલાકમાં ત્યાં જઇ પહોંચ્યા.

બંગલાના બગીચામાં નહોતી કંઇ સજાવટ કે નહોતી કંઇ સફાઇ. ફુલ પાનનું નામ પણ નહોતું. વંડામાં સાંકળોથી બાંધેલા કેટલાક કુતરા ઉભા હતા. એક તરફ કેટલાક ઘોડા ઉભા હતા. કુંવર સાહેબને કારનો બહુ શોક હતો. કયારે કયારે કાશ્મીર સુધીનો ચક્કર લગાડયા કરતા. આ વખત તેઓ પોતાના ઓરડામાં બેસી સિતાર વગાડી રહ્યા હતા. દિવાલો પર ચિત્તાઓના ચામડા અને હરણોના શિંગડાઓ શોભી રહ્યા હતા. એક ખુણામાં કેટલીક બંદુકો અને બરછિઓ રાખેલી હતી. બીજી તરફ એક મોટા ટેબલ પર મગર બેઠો હતો. ચામડામાં એવી સફાઇથી ભૂસો ભરવામાં આવ્યો હતો કે જાણે તેમાં જીવ આવી ગયો હોય. પદમસિંહ ઓરડામાં આવ્યા ત્યારે તેને જોતાં એકદમ ચોંકી ગયા.

કુંવર સાહેબે પંડિતજીનું અતિ પ્રેમથી સ્વાગત કર્યું: "આવો મહાશય, આપના દર્શન પણ દુર્લભ થઇ ગયા. ઘેરથી ક્યારે આવ્યા?"

પદમસિંહ: "ગઇ કાલે આવ્યો છું."

કુંવર: "ચહેરો ઉતરી ગયો છે, શું બીમાર હતા?"

પદમ: "જી નહિ, મજાહમાં છું."

કુંવર: "જલપાન કરો."

પદમસિંહ: "જી નહિ ક્ષમા કરો. શું સિતારનો અભ્યાસ થઇ રહ્યો છે?"

કુંવર: "જી હા, મને તો આપણી સિતારજ પસંદ છે. હારમોનિયમ અને પીયાનો સાંભળી કંટાળો આવવા લાગે છે. આ અંગ્રેજી વાજીંત્રોએ તો અમારા સંગીતનું સત્યાનાશ જ વાળ્યું. તેની ચર્ચા હવે નથી થતી. વળી જે કંઇ કસર રહી હતી તે થીએટરોએ પૂરી કરી દીધી. બસ જેને જોઇએ તે ગઝલ અને કવાલીને રટી રહ્યાં છે. થોડા દિવસમાં ધનુર્વિદ્યા માફક આનો પણ લોપ થઇ જશે. સંગીતથી હૃદયમાં પવિત્ર ભાવ પેદા થાય છે. જ્યારથી ગાવાનો પ્રચાર કમી થયો ત્યારથી આપણે લોકો ભાવશૂન્ય થઇ ગયા અને તેની સૌથી ખરાબ અસર આપણા સાહિત્યપર થઇ છે. કેટલા શોકની વાત છે કે જે દેશમાં રામાયણ જેવા અમૂલ્ય ગ્રંથની રચના થઇ, સૂરસાગર જેવું આનંદમય કાવ્ય રચાયું તે જ દેશમાં હવે સાધારણ વાર્તાઓ માટે આપણને અનુવાદનો આસરો લેવો પડે છે. બંગાળ અને મહારાષ્ટ્રમાં હમણા ગાવાનો થોડો પ્રચાર છે તેથીજ ત્યાં ભાવોનું આવું શૈથિલ્ય નથી. ત્યાં રચના અને કલ્પનાશક્તિનો એવો અભાવ નથી. મેં તો હિન્દિ સાહિત્યનું ભણવું પણ છોડી દીધું. અનુવાદોને બાદ કરી દ્યો તો પછી આપના નવીન હિંદિ સાહિત્યમાં હરિશ્ચંદ્રના બે ચાર નાટકો અને "ચંદ્રકાંતા સંતતિ" સિવાય બીજું કંઇ પણ રહેતું નથી. સંસારનું કોઇપણ સાહિત્ય આવું દરિદ્ર ન હશે. તેમાં પણ વળી મોટાઇ તો એ છે કે જે મહાનુભવોએ એક બે અંગ્રેજી ગ્રંથોના અનુવાદ મરાઠી અને બંગાલી અનુવાદોની

સહાયતાથી કરી લીધા તેઓ પોતાને ધુરંધર સાહિત્યજ્ઞ સમજવા લાગે છે. એક મહાશયે કાલિદાસના કેટલાક નાટકોના પદ્યબંદ્ધ અનુવાદ કર્યા છે પરંતુ તેઓ પોતાને હિન્દિનો કાલિદાસ સમજે છે. એક મહાશયે "મિલ"ના બે એક ગ્રંથોનો અનુવાદ કર્યો છે અને તે પણ સ્વતંત્ર નહિં પરંતુ ગુજરાતી, મરાઠી આદિ અનુવાદોની સહાયથી, પરંતુ તેઓ પોતાના મનમાં એવા સંતુષ્ટ છે કે જાણે તેમણે હિંદિ સાહિત્યનો ઉદ્ધાર કરી લીધો. મારો તો એ નિશ્ચય થતો જાય છે કે અનુવાદોથી હિંદિનો અપકાર થઇ રહ્યો છે, અસલ ચિજને ખિલવવાનો અવસર મળતો નથી."

પદમસિંહને આ જોઇ આશ્ચર્ય થયો કે કુંવર સાહેબનો સાહિત્યથી આવો ગાઢ પરિચય છે. તેઓ સમજતા હતા કે એમને શિકાર અને પોલો સિવાય બીજી કોઇ ચીજ સાથે પ્રેમ ન હશે. તેઓ પોતે હિંદિ સાહિત્યથી અપરિચિત હતા, પરંતુ કુંવર સાહેબની સામે પોતાની અનભિજ્ઞતા પ્રકટ કરતા સંકોચ આવતો હતો. તેમણે એવી રીતે હસી જોયું કે જાણે આ બધી વાતો તેમને પહેલાંથી જ્ઞાત હતી. તેઓ બોલ્યા: "આપે તો એવો પ્રશ્ન ઉપાડયો છે કે જેના પર બન્ને પક્ષો તરફથી ઘણુંએ કહી શકાય છે. પરંતુ આ સમયમાં હું આપની સેવામાં કોઇ બીજા કામ માટે આવ્યો છું. મેં સાંભળ્યું કે હિંદુ મેમ્બરોના જલસામાં આપે શેઠોનો પક્ષ ગ્રહણ કર્યો?"

કુંવર સાહેબ જોરથી હસ્યા. તેમનું હાસ્ય ઓરડામાં ગૂંજી ઉઠયું. પીતળની ઢાલ જે દિવાલ પર લટકી રહી હતી તે આ હાસ્ય ઝણુકારથી થરથરવા લાગી. તેઓ બોલ્યા: "સત્ય કહો કે આપે એ કોના પાસેથી સાંભળ્યું?"

પદમસિંહ આ કુસમયના હાસ્યનું તાત્પર્ય ન સમજતાં કંઇ ડધાઇજ ગયા. તેમને જણાયું કે કુંવર સાહેબ મને બનાવવા ચાહે છે. ચીઢાઇ જઇ બોલ્યા: "સઉ કોઇ કહે છે ત્યાં ખાસ તે કોનું નામ લઉં?"

કુંવર સાહેબે ફરી જોરથી ખડખડ હસતાં પૂછ્યું: "અને આપને વિશ્વાસ પણ આવી ગયો?"

પદમસિંહને હવે સંશય ન રહ્યો કે આ સર્વ મને બનાવવાના સ્વાંગ છે. તેઓ જોર દઇ બોલ્યા: "વિશ્વાસ ન કરવા માટે મારી પાસે કોઇ કારણ નથી."

કુંવરઃ "કારણ એજ કે આ મારી સાથે ઘોર અન્યાય થશે. મેં મારી સમજમાં પોતાની સંપૂર્ણ વાકયશક્તિ આપના પ્રસ્તાવના સમર્થનમાં ખરચ કરી દીધી હતી. એટલે સુધી કે મેં વિરોધને ગંભીર વિચારને લાયક પણ ન વિચાર્યો." હાસ્યમય ભાષાથીજ કામ લીધું (કંઇક યાદ કરી) હાં, એક વાત થઇ શકે છે. સમજી ગયો (ફરી ખડખડ હસીને) જો એમ વાત છે તો હું કહીશ કે મ્યુનિસિપાલિટી બિલકુલ નવા વાછરડા જેવા લોકોથી ભરેલી છે. વ્યંગોક્તિ તો આપ સમજતાજ હશો. બસ આ બધો કસુર તેનોજ છે. કોઇ પણ સજ્જન તેનો ભાવ ન સમજ્યો. કાશીના સુશિક્ષિત, સન્માનિત મ્યુનિસિપાલ કમિશનરોમાં કોઇએ પણ આ એક સાધારણ જેવી વાત ન સમજી. શોક, મહાશોક! મહાશય આપને બહુ કષ્ટ થયું. ક્ષમા કરશો. હું આ પ્રસ્તાવને હૃદયથી અનુમોદન આપું છું.

પદમસિંહ પણ મલકાયા. કુંવર સાહેબની વાતોપર વિશ્વાસ આવ્યો, તેઓ બોલ્યા:

"જો તે લોકોએ આવી ભૂલથાપ ખાધી ત્યારે વાસ્તવમાં તેમની સમજણશક્તિ તો બહુ મોટી છે. પરંતુ પ્રભાકરરાવ ભૂલથાપ ખાઇ જાય એ વાત તો સમજમાં નથી આવતી. જણાય છે કે નિત્ય અનુવાદ કરતાં કરતાં તેમની બુદ્ધિ પણ ગાયબ થઇ ગઇ છે."

પદમસિંહ જ્યારે અહિંથી નિકળ્યા ત્યારે તેમનું મન એટલું પ્રસન્ન હતું કે જાણે કોઇ મોટાં રમણીક સ્થાનની સહેલ કરી આવતા હોય. કુંવર સાહેબના પ્રેમ અને શીલે તેમને વશીભૂત કરી લીધા હતા.

પ્રકરણ ૩૯ મું.

સદન જ્યારે ઘેર પહોંચ્યો ત્યારે તેના મનની દશા તે મનુષ્ય જેવી હતી કે જે વરસોની કરેલી કમાઇ સાથે લઇ મનમાં હજારો મનોરથ બાંધતો, હર્ષથી ઉલ્લાસિત બની ઘેર આવી પેટી ઉઘાડતાં તેને જણાય કે થેલી તો ખાલી પડી છે!

વિચારોની સ્વતંત્રતા, વિદ્યા, સંગતિ, અને અનુભવ પર નિર્ભર હોય છે. સદન આ સર્વ ગુણોથી રહિત હતો: આ તેના જીવનનો તે સમય હતો જ્યારે આપણને આપણા ધાર્મિક વિચારો પર અને આપણી સામાજિક રીતિઓ પર અભિમાન હોય છે. તે વખતે

આપણને તેમાં કોઇ પણ ન્યુનતા જોવામાં નથી આવતી. જ્યારે આપણે આપણા ધર્મ વિરૂદ્ધ કોઇ પ્રમાણ અથવા દલીલ સાંભળવા સાહસ નથી કરી શકતા તો પછી ધર્મ વિષયની મિમાંસા કેવી રીતે કરી શકીએ? સદનને ઘરમાંથી નિકળી ભાગી જવું માન્ય હતું, પરંતુ ઘરની સ્ત્રીઓને ગંગા પર નહાવાને લઇ જવી એ, એ અનુચિત્ત માનતો. કદિ સ્ત્રીઓના હસવાનો અવાજ પુરૂષો બેઠા હોય ત્યાં સંભળાતો તો આંખો ચઢાવી ઘરમાં આવતો અને માને મોંઢે આડા હાથ આપતો. સુભદ્રાએ પોતાની સાસુનો શાસન પણ આટલો કઠોર નહોતો જોયો. આત્મપતનને તે દાર્શનિકની ઉદાર દ્રષ્ટિથી નહિ પરંતુ શુષ્ક યોગીની દ્રષ્ટિથી જોતો હતો. તેણે જોયું હતું કે તેના ગામના એક ઠાકુરે એક હલકી જાતિની સ્ત્રીને ઘરમાં બેસાડી તો આખા ગામે તેના બારણે જવું પણ મૂકી દીધું અને તેની પછવાડે એવી રીતે લાગ્યા કે તેને વિવશ થઇ તે સ્ત્રીને ઘરમાંથી કાઢવી પડી. નિ:સંદેહ તે સુમન પર જાન દેતો હતો, પરંતુ તેના લૌકિક શાસ્ત્રમાં આ પ્રેમ જેટલો ક્ષમાને પાત્ર હતો તેથી થોડો પણ સુમનનો પડછાયો સદનના ઘરમાં પ્રવેશવાને ક્ષમા પાત્ર નહોતો. તેણે આજ સુધી સુમનના ઘરે પાનની પટ્ટી સુદ્ધાં ખાધી નહોતી. તે પોતાની કુળ મર્યાદા અને સામાજિક પ્રથાને પોતાના આત્માથી બહુજ વધારે મહત્વની વસ્તુ સમજતો હતો. એ અપમાન અને નિંદાની કલ્પનાજ તેના માટે અસહ્ય હતી જે એક કુલ્ટા સ્ત્રી સાથે સંબંધ થઇ જવાના કારણે તેના કુળ પર આચ્છાદિત થઇ જતે. તે જાનના ઉતારામાં પંડિત પદ્મસિંહની વાતો સાંભળી સાંભળી અધીર થઇ રહ્યો હતો. તે ડરતો હતો કે ક્યાંક પિતાજી તેમની વાતોમાં ફસી ન જાય. તેની સમજમાં નહોતું આવતું કે કાકા સાહેબને તે શું થઇ ગયું છે. જો આ વાતો બીજા કોઇ મનુષ્યે કરી હોત તો તે અવશ્ય તેની જબાનજ પકડી લેત, પરંતુ તે પોતાના કાકાથી બહુજ દબી ચાલતો હતો. તેને તેમનો પ્રતિવાદ કરવાની અતિ પ્રબલ ઇચ્છા થઇ રહી હતી અને તેની તાર્કીક શક્તિ ક્યારે પણ આટલી સતેજ થઇ નહોતી. અને જો વિવાદ તર્ક સુધીજ રહેતે તો તે જરૂર તેમની સાથે અથડી પડતે. પરંતુ મદનસિંહની ઉદ્ધતાઇએ તેના પ્રતિવાદની ઉત્સુકતાને સહાનુભૂતિના રૂપમાં ફેરવી દીધી.

અહિંથી નિરાશ થઇ સદનનું લાલસાપૂર્ણ હૃદય ફરી સુમન તરફ દોડયું. વિષયવાસનાનો ચસ્કો પડી જવા પછી હવે તેની પ્રેમકલ્પના નિરાધાર રહી શકતી નથી. તેનું હૃદય એક વખત પ્રેમદીપકથી દીપિત થઇ. હવે અંધકારમાં રહેવા નથી ચાહતું. તે પદ્મસિંહ સાથેજ કાશી ચાલ્યો ગયો.

પરંતુ અહિં આવી તે મોટી મુશકેલીમાં પડી ગયો. તેને સંશય થવા લાગ્યો કે સુમનને આ બધા સમાચાર મળી તો ન ગયા હશે. તે પોતે તો અવશ્ય ત્યાં ન હશે કારણકે તે લોકોએ તેને અવશ્ય ત્યાગી દીધી હશે, પરંતુ તેને વિવાહની સૂચના તો અવશ્ય આપી હશે. અને જો આમ થયું હશે તો તે મારી સાથે સીધા મ્હોંએ વાત પણ ન કરશે ઉલટું સંભવિત છે કે મારો તિરસ્કાર કરે, પરંતુ સંધ્યા થતાજ તેણે કપડાં બદલ્યાં, ઘોડાપર જીન નખાવી અને વેશ્યા બજાર તરફ ચાલ્યો. પ્રેમ-મેળાપની આનંદપૂર્ણ કલ્પના સામે આ બધી શંકાઓ નિર્મૂલ થઇ ગઇ. તે વિચારી રહ્યો હતો કે સુમન મને પહેલાં શું કહેશે, અને હું તેનો શો ઉત્તર આપીશ. કદાચ તેને કંઇ પણ ખબર ન હોય અને જતાંજ તે પ્રેમથી મારા ગળે લપટાઇ જાય અને કહે કે તમો ઘણા નિષ્ઠુર છો! આ કલ્પનાએ તેના પ્રેમાગ્નિને વધારે ભડકાવ્યો. તેણે ઘોડાને એડી લગાડી અને એક ક્ષણમાં વેશ્યા બજારની નિકટ આવી પહોંચ્યો. પરંતુ જેવી રીતે એક રમતીયાળ છોકરો અંદર જતાં જતાં ડરે છે તેવીજ રીતે સદન વેશ્યા બજારની સામે આવી ગભરાઇ ગયો. તેની પ્રેમાકાંક્ષા મંદ થઇ ગઇ. તે ધીરે ધીરે એક એવા સ્થાન પર આવ્યો જયાંથી સુમનનુ ઘર સાફ દેખાતું. અંહિથી તેણે કાતર નેત્રોથી તે મકાનના દ્વાર તરફ જોયું. દ્વાર બંધ હતા, તાળુ લાગેલું હતું.

સદનના હૃદયપરથી પણ એક બોજો ઉતરી ગયો. તેને કંઇ તેવોજ આનંદ થયો જેવો તે મનુષ્યને થાય છે જે પૈસા પાસે નહોવા છતાંએ છોકરાની જિદથી વિવશ થઇ રમકડાંની દુકાન પર જાય છે અને તેને બંધ જુવે છે.

પરંતુ ઘેર પહોંચતાં સદન પોતાની ઉદાસિનતા પર અતિ પસ્તાયો. વિયોગની પીડા સાથે સાથે તેની વ્યગ્રતા વધતી જતી હતી. તેને કોઇ પણ પ્રકારે ધૈર્ય નહોતું આવતું. રાતના

જ્યારે સર્વ કોઇ ખાઇ પી સુઇ ગયા ત્યારે તે ગુપચૂપ ઉઠયો અને વેશ્યાબજાર તરફ ચાલ્યો. થંડીની રાત હતી. થંડી થંડી હવા વાતી હતી, ચંદ્રમાં ધુમ્મસમાંથી ઝાંકતો હતો અને કોઇ ગભરાયલા મનુષ્ય માફક સવેગ દોડતો ચાલ્યો જતો હતો. સદન વેશ્યાબજાર સુધી ખુબ વેગથી આવ્યો પરંતુ અહિં આવતાં તેના પગ પાછા બંધાઇ ગયા. હાથ પગની માફક ઉત્સાહ પણ થંડો પડી ગયો. તેને જણાયું કે આ વખતે મારૂં અહિં આવવું અત્યંત હાસ્યાસ્પદ છે. સુમનને ત્યાં જઇશ તો તે મને શું સમજશે. તેના નોકરો આરામથી સુઇ રહ્યા હશે. ત્યાં કોણ મારી ખબર લેશે? તેને આશ્ચર્ય થતું હતું કે હું અહિં કેવી રીતે ચાલી આવ્યો! મારી બુદ્ધિ તે વખતે કયાં ચાલી ગઇ હતી. આમ વિચારતાં તે પાછો ફર્યો.

બીજા દિવસે સંધ્યા સમયે તે ફરી ચાલ્યો. મનમાં નિશ્ચય કરી લીધો હતો કે જો સુમનની નજર મારા પર પડશે અને તે મને બોલાવશે તો જઇશ, નહિ તો સીધો મારા રસ્તે ચાલ્યો જઇશ. તેનો આવકારજ સાબીત કરી દેશે કે તેનું હૃદય મારી તરફ સાફ છે. નહિ તો આ ઘટના પછી તે મને બોલાવે પણ કેમ! જરા આગળ વધી તેણે ફરી વિચાર્યું, શું તે મને બોલાવવા માટે ઝરૂખામાં બેઠી હશે? તેને શું ખબર કે હું અહિ આવ્યો છું. એમ તો નહિ. એક વખત મને પોતાને તેની પાસે જવું જોઇએ. સુમન મારાથી કદિ પણ નારાજ નહિં થાય અને જો નારાજ થઇ તો શું હું એને મનાવી નથી શકવાનો? હું તેની સામે હાથ જોડીશ, તેના પગે પડીશ અને મારા આંસુઓથી તેના દિલનો મેલ ધોઇ નાખીશ. તે ગમે તેટલી રીસાય પરંતુ મારા પ્રેમ-ચિન્હને પોતાના હૃદયમાંથી દૂર નથી કરી શકવાની. અરે તે જો પોતાના કમળ જેવા, આંસૂઓથી ભરેલા, નેત્રોએ મારી તરફ જોશે તો હું તેના માટે શું શું ન કરવાનો? જો તેને કાંઇ ચિંતા હશે તો હું તે ચિંતાને દૂર કરવા અર્થે મારા પ્રાણ સુદ્ધાં સમર્પણ કરી દઇશ. એટલું કરતાંએ શું તે મારા આ અપરાધને ક્ષમા ન કરશે? પરંતુ જેવો તે વેશ્યાબજારની સામે પહોંચ્યો, કે તેની આ સર્વે પ્રેમકામનાઓ એવી રીતે નષ્ટ થઇ ગઇ જેવી રીતે પોતાના ગામમાં સંધ્યા સમયે લિંબડાના વૃક્ષ નીચે દેવીની મુર્તિ જોઇ તેની તર્કનાઓ નષ્ટ થઇ જતી હતી. તેણે વિચાર્યું, કદાચ તે મને જુવે અને પોતાના મનમાં કહે: "પેલા ચાલ્યા જાય છે, કુંવર સાહેબ, જાણે ખરેખર કોઇ રિયાસતના માલિકજ છે! કેવો કપટી ધૂર્ત છે!" આ વિચારતા તેના પગ આગળ ન વધી શકયા. તે આગળ ન ચાલી શકયો.

આવી રીતે કેટલાક દિવસ વીતી ગયા. રાત દિવસમાં તેની પ્રેમકલ્પનાઓ જે રેતીની દિવાલો ઉભી કરતી તે સંધ્યા સમયે વેશ્યા બજારની સામે અવિશ્વાસના એકજ ઝટકાથી પડી જતી.

એક દિવસ તે ફરતો ફરતો કવીન્સ પાર્કમાં જઇ ચઢયો. ત્યાં એક મંડપ ઉભો કર્યો હતો. લોકો સેતરંજીપર બેસી પ્રોફેસર રમેશદત્તનું પ્રભાવશાલી વ્યાખ્યાન સાંભળી રહ્યા હતા. સદન ઘોડાપરથી ઉતરી પડયો અને પૂર્ણ ધ્યાનથી વ્યાખ્યાન સાંભળવા લાગ્યો. તેણે મનમાં નિશ્ચય કર્યો કે વાસ્તવમાં વેશ્યાઓથી આપણી મોટી હાનિ થઇ રહી છે. તેઓ સમાજ માટે મહાવિષ તૂલ્ય છે. હું બહુજ અચ્છી રીતે બચી ગયો નહિ તો કયાંનોએ ન રહેત. એમને અવશ્ય શહેરમાંથી બહાર કાઢી દેવી જોઇએ. જો આ સર્વે બજારમાં ન હોત તો હું સુમનની જાળમાં કદિ પણ ન ફસાતે

બીજા દિવસે તે ફરી કવીન્સ પાર્ક તરફ ગયો. આજે ત્યાં મુન્શી અબુલવફાનું ભાવપૂર્ણ લલિત વ્યાખ્યાન ચાલી રહ્યું હતું. સદને તેને પણ ધ્યાનથી સાંભળ્યું. તેણે વિચાર કર્યો, નિસ્સંદેહ વેશ્યાઓથી અમારો ઉપકાર થાય છે. સત્ય તો એ છે કે જો એઓ (વેશ્યાઓ) ન હોય તો આપણા દેવતાઓની સ્તુતિ કરવાવાલું પણ કોઇ ન રહે અને એ પણ ઠીકજ કહ્યું કે વેશ્યાગૃહજ તે સ્થાન છે જ્યાં હિંદુ મુસલમાન દિલ ખોલી મળે છે, જ્યાં દ્વેષનો વાસ નથી. જ્યાં આપણે જીવન સંગ્રામમાંથી વિશ્રામ લેવા માટે, આપણા હૃદયના શોક અને દુ:ખ ભુલાવવા માટે, શરણ લીધા કરીએ છીએ. અને ખરેખર તેમને શહેરમાંથી કાઢી દેવાથી તેમના પરજ નહિં પરંતુ આખા સમાજ પર ઘોર અત્યાચાર થશે.

કેટલાક દિવસ પછી આ વિચાર પણ ફરી પલટો ખાઈ ગયો. આ ક્રમ બંધ નહોતો થતો. સદનમાં સ્વચ્છંદ વિચારની યોગ્યતા ન હોતી, તે કોઇ વિષયના દોષ અને ગુણને

તોળવા અને પરખવા સામર્થ્ય ધરાવતો નહોતો. અર્થાત પ્રત્યેક સબલ યુક્તિ તેના વિચારોને ઉલટ પલટ કરી દેતી હતી.

તેણે એક દિવસે પદમસિંહના વ્યાખ્યાનની ખબર વાંચી. ત્રણ વાગતાંજ તેણે જવાની તૈયારી કરી અને ચાર વાગે વેણીબાગમાં જઇ પહોંચ્યો. હમણા ત્યાં કોઇ મનુષ્ય નહોતો. થોડા માણસો સેતરંજી બીછાવી રહ્યા હતા. તે ઘોડા પરથી ઉતરી પડયો અને તે લોકોને મદદ કરવા લાગ્યો. પાંચ વાગતા લોકો આવવા લાગ્યા અને અર્ધા કલાકમાં તો ત્યાં હજારો માણસો એકત્રિત થઇ ગયા. આ વખતે એક ફ્રાઇટન પર પદમસિંહને આવતા જોયા. તેની છાતી ધડકવા લાગી. પહેલા રૂસતમજીએ એક નાની કવિતા વાંચી, જે આ અવસર માટે સૈયદ તેગઅલીએ રચી હતી. તેમના બેસવા પછી લાલા વિઠ્ઠલદાસ ઉભા થયા. જો કે તેમની વક્તૃતા રૂખી હતી, અર્થાત તેમાં કયાંએ ભાષા લાલિત્યનો અને કટાક્ષોનો પત્તો નહોતો તો પણ લોકો તેમની વાતોને પૂર્ણ ધ્યાનથી સાંભળતા હતા. તેમના નિશ્વાર્થ સાર્વજનિક કૃત્યોના કારણે તેમના પર જનતાની પૂર્ણ શ્રદ્ધા હતી. તેમની રૂખી વાતોને લોકો અતિ ઉત્કંઠાથી એવી રીતે સાંભળતા હતા જેમ તરસ્યો મનુષ્ય પાણી પીએ છે. તેમના પાણી સામે બીજાઓનું શરબત ફીકું પડી જતું હતું. અંતમાં પદમસિંહ ઉઠયા. સદનના હૃદયમાં ખળભળાટ થવા લાગ્યો. જાણે કોઇ અસાધારણ વાત થવાની છે. વ્યાખ્યાન અત્યંત રોચક અને કરૂણારસથી પરિપૂર્ણ હતું. ભાષાની સરલતા અને સરસતા મનને મોહતી હતી. વચ્ચ વચ્ચમાં તેમના શબ્દ એવા ભાવપૂર્ણ થઇ જતા કે સદનના રૂવાં ઉભાં થઇ જતાં. તેઓ કહી રહ્યા હતા કે આપણે વેશ્યાઓને શહેરથી બહાર રાખવાનો પ્રસ્તાવ એટલા માટે નથી કર્યો કે આપણને તેમના પર ઘૃણા છે. આપણને તેમની સાથે ઘૃણા કરવાનો કોઇ અધિકાર નથી. એમ કરવાથી તો તેમની સાથે ઘોર અન્યાય થશે. આ આપણીજ કુવાસનાઓ, આપણાજ સામાજિક અત્યાચારો, આપણીજ કુપ્રથાઓ છે જેમણે આ વેશ્યાઓનું રૂપ ધારણ કર્યું છે. આ વેશ્યા બજાર આપણા કલુષિત જીવનનું પ્રતિબિંબ અને આપણા પિશાચિ અધર્મનું સાક્ષાત સ્વરૂપ છે. આપણે ક્યા મ્હોંએ તેમની ઘૃણા કરીએ ! તેમની અવસ્થા બહુજ શોચનીય છે. આપણું કર્તવ્ય છે કે આપણે તેમને સુમાર્ગ પર લાવીએ, તેમના જીવનને સુધારીએ. એ ત્યારે બની શકે જ્યારે તેઓ શહેરથી બહાર દુર્વ્યસનોથી દૂર રહે. આપણી સમાજના દુરાચાર અગ્નિ સમાન છે અને આ અભાગિણી રમણિઓ તેમાં જાણે તૃણ સમાન. જો અગ્નિને શાંત કરવા ચાહતા હો તો તૃણોને તેનાથી દૂર કરી દો. ત્યારે અગ્નિ પોતેજ શાંત થઇ જશે. સદન તન્મય થઇ આ વ્યાખ્યાન સાંભળતો રહ્યો. જ્યારે તેની પાસેના માણસો વ્યાખ્યાનની પ્રશંસા કરતા અથવા તો વચ્ચ વચ્ચમાં કરતલ ધ્વનિ થતો ત્યારે સદનનું હૃદય ગદ્‌ગદ્ થઇ જતું. પરંતુ એ જોઇ તેને આશ્ચર્ય થતું હતું કે શ્રોતાઓ એક એક કરી ઉઠી ચાલ્યા જાય છે. તેમનામાં અધિકાંશ તે લોકો હતા જે વેશ્યાઓની નિંદા અને વેશ્યાગામિઓ પર ચચરાવનારી ચુંટિયો સાંભળવા માટે આવ્યા હતા. તેમને પદમસિંહની આ ઉદારતા અયોગ્ય જેવી જણાતી હતી.

પ્રકરણ ૪૦ મું.

સદનને વ્યાખ્યાનોનો ચસ્કો એવો પડયો કે જ્યાં કહીં વ્યાખ્યાન થવાના સમાચાર મળતા કે ત્યાં તે અવશ્ય જવાનો. બન્ને પક્ષોને મહીનાઓ સુધી સાંભળવાથી અને તેમના પર વિચાર કરવાથી તેનામાં પોતાનો મત સ્થિર કરવાની યોગ્યતા આવવા લાગી. હવે તે કોઇ યુકિતની નવીનતા પર એકાએક મોહિત થઇ જતો નહોતો, પરંતુ પ્રમાણોના સત્યાસત્યનો નિર્ણય કરવા પ્રયત્ન કરતો હતો. અંતમાં તેને એ અનુભવ થવા લાગ્યો કે વ્યાખ્યાનોમાં અધિઃકાશમાં કેવલ શબ્દોના આડંબર હોય છે. તેઓમાં કોઈ માર્મિક તત્વપૂર્ણ વાત તો થતીજ નથી, તેજ પુરાણી યુક્તિઓ નવી બનાવી ચલાવી દેવામાં આવે છે. તેનામાં સમાલોચક-દ્રષ્ટિ ઉત્પન્ન થઇ ગઇ. તેણે પોતાના કાકાનો પક્ષ ગ્રહણ કરી લીધો.

પરંતુ પોતાની અવસ્થાને અનુકૂલ તેની સમાલોચના પક્ષપાતથી ભરેલી અને તીવ્ર થતી હતી. તેનામાં એટલી ઉદારતા નહોતી કે તે વિપક્ષિઓના ભલા આશયોનો સ્વીકાર કરે. તેને નિશ્ચય હતો કે જે લોકો આ પ્રસ્તાવનો વિરોધ કરી રહ્યા છે તે બધા વિષયવાસનાના ગુલામ છે. આ ભાવોનો તેના પર એટલો તો પ્રભાવ પડયો કે તેણે વેશ્યા બજાર તરફ

જવાનું પણ છોડી દીધું. તે કોઇ વેશ્યાને પાર્કમાં ફ્રાઇટનમાં ફરતી અથવા તો એકલી જોતો તો તેને એવો ક્રોધ ચઢતો કે જઇને તેને ત્યાંથી ઉઠાડી દઉં. તેની સત્તા હોત તો આ વખતે તે વેશ્યા બજારને તોડી ફોડી ત્યાંની ઇંટે ઇંટ ઉખેડી દેતે. આ વખતે નાચ કરાવનારા અને જોનારા બન્ને તેની નજરમાં સંસારના સૌથી પતિત પ્રાણી હતા. જો તેમને તે ક્યાં એકલા મળતે તો કદાચિત તેમની સાથે તે જરા અસભ્યતાથી સામોએ થતે. જો કે હજી સુધી તેના મનમાં શંકાઓ હતી, પરંતુ આ પ્રસ્તાવના ઉપકારી હોવામાં તેને કોઈ સંદેહ નહોતો. તે માટે તે આ શંકાઓને દબાવી દેવાનુંજ ઉચિત સમજતો હતો કારણ રખે તેમને પ્રગટ કરવાથી તેનો પક્ષ ક્યાંક નિર્બલ ન થઇ જાય. સુમન હજી સુધી તેના હૃદયમાં વસી હતી. તેની પ્રેમ-કલ્પનાઓથી હજી પણ તેનું હૃદય સચેત રહ્યા કરતું હતું. સુમનનું લાવણ્યમય સ્વરૂપ તેની આંખોથી કદિ પણ દૂર થઇ શકતું ન હોતું. અને આજ ચિંતાઓથી બચવા માટે તેણે એકાંતમાં બેસવાનું છોડી દીધું. સવારે વહેલાં ગંગાસ્નાન કરવા ચાલી જતો રાતના ૧૦-૧૧ વાગા સુધી અંહિ તંહિના પુસ્તકો વાંચતો પરંતુ આટલા યત્ન કરતાં પણ સુમન તેની સ્મૃતિમાંથી દૂર નહોતી થતી. તે નાના પ્રકારના વેશ ધારણ કરી, તેના હૃદય નેત્રોની સામે આવતી, અને કદિ તેનાથી રીસાતી, કદિ મનાવતી, કદિ પ્રેમથી ગલામાં બાંઓ નાખતી, પ્રેમથી મલકાતી. એકાએક સદન સચેત થઇ જતો જેમ કોઇ નિદ્રામાંથી ચોંકી પડે. તે આ વિઘ્નકારી વિચારોને દૂર કરી વિચારમાં પડતો: આજકાલ કાકા આટલા ઉદાસ કેમ રહે છે, કદિ પણ હસતા દેખાતા નથી, જીતન તેમના માટે દરરોજ દવા કેમ લાવે છે, તેમને શું થયું છે? એટલી વારમાં સુમન ફરી હૃદયાગારમાં પ્રવેશ કરતી અને પોતાના કમળ નેત્રોમાં આંસૂ ભરી કહેતી, "સદન, તમારા તરફથી મને આવી સ્વપ્ને પણ આશા નહોતી. મને તમે સમજો છો કે આ એક નીચ વેશ્યા છે, પરંતુ મેં તમારી સાથે વેશ્યા જેવો વ્યવહાર તો નથી કર્યો. તમને તો મેં પોતાની પ્રેમસંપત્તિ સોંપી દીધી હતી. શું તમારી દ્રષ્ટિમાં તેનું મૂલ્યજ નથી." સદન ફરી ચોંકી પડતો અને મનને એ વાતથી દૂર કરવા પ્રયત્ન કરતો. તેણે એક વ્યાખ્યાનમાં સાંભળ્યું હતું કે મનુષ્યનું જીવન પોતાના હાથોમાં છે, તે પોતાને જેવો ચાહે તેવો બનાવી શકે છે, તેનો મૂળ મંત્ર એજ છે કે ખરાબ ક્ષુદ્ર, અશ્લીલ, વિચાર મનમાં પ્રવેશ કરવા ન પામે, તે બળપૂર્વક આ વિચારોને હટાવતો રહે અને ઉત્તમ વિચારો તથા ભાવોથી હૃદયને પવિત્ર રાખે. સદન આ સિદ્ધાંતને કદિ પણ ભૂલતો નહોતો. તે વ્યાખ્યાનમાં તેણે એ પણ સાંભળ્યું હતું કે જીવનને ઉચ્ચ બનાવવા માટે ઉચ્ચ શિક્ષાની આવશ્યકતા નથી, માત્ર શુદ્ધ વિચારો અને પવિત્ર ભાવોની આવશ્યકતા છે. સદનને આ કથનથી અતિ સંતોષ થયો હતો. તે માટે તે પોતાના વિચારોને નિર્મલ રાખવા યત્ન કરતો હતો. હજારો મનુષ્યોએ તે વ્યાખ્યાનમાં સાંભળ્યું હતું કે પ્રત્યેક કુવિચાર કેવળ આપણા આ જીવનને જ નહિ, પરંતુ ભવિષ્યના આવવાવાલા જીવનને પણ નીચે પાડી દે છે. પરંતુ બીજાઓ જેઓ બહુ સમજુ હતા તેઓએ સાંભળ્યું અને ભૂલી ગયા; સરલ હૃદયના સદને સાંભળ્યું. તેણે મનમાં ગાંઠ વાળી તેમને તેમ બાંધી લીધું, જેમ કોઇ દરિદ્ર મનુષ્યને સુવર્ણની એક મુદ્રા મળી જાય અને તેને પોતાના પ્રાણથી પણ પ્રિય સમજે. સદન આ દિવસોમાં એજ આત્મ સુધારની લહેરોમાં મચી રહ્યો હતો. રસ્તામાં કદાચ જો તેની નજર કોઇ યુવતી સ્ત્રી પર પડી જતી તો તેજ વખતે પોતાને તિરસ્કૃત કરતો અને મનને સમજાવતો કે શું આ ક્ષણ માત્રના સુખ માટે તું પોતાના ભવિષ્યના જીવનનો સર્વ નાશ કરી નાખે છે! આ ચેતવણીથી તેના મનને શાંતિ થતી હતી.

એક દિવસ સદન ગંગાસ્નાન કરવા માટે જતો હતો. ચોકમાં વેશ્યાઓનું એક સરઘસ નજરે પડ્યું. નગરની એક સૌથી નામાંકિત પ્રસિદ્ધ વેશ્યાએ એક ઉર્સ-મેળો કર્યો હતો. આ વેશ્યાઓ ત્યાંથી પાછી આવી રહી હતી. સદન આ દ્રશ્યને જોઇ ચકિત થઇ ગયો. સૌંદર્ય, સુવર્ણ અને સૌરભનો આવો ચમત્કાર, તેણે કદિ પણ જોયો નહોતો. રેશમ, રંગ અને રમણીયતાનું આવું અનુપમ દ્રશ્ય શ્રૃંગાર અને જગમગાટની આવી અદ્દભૂત છટા—તેના માટે બિલકુલ નવી ચીજ હતી. તેણે પોતાના મનને બહુજ રોક્યું, પરંતુ તે રોકી શકવા અસમર્થ નિવડ્યો. તેણે તે આલોકિત સૌંદર્ય મૂર્તિઓને,



ચિત્રકાર :] [રા. ત્રિભુવન પટેલ.

" સૌંદર્ય, સુવર્ણ અને સૌરભનો આવો ચમત્કાર, તેણે કદિ પણ જોયો નહોતો. રેશમ, રંગ અને રમણિયતાનું આવું અનુપમ દૃશ્ય શૃંગાર અને જગમગાટની આવી અદ્દ્ભૂત છટા–તેના માટે બીલકુલ નવી ચીજ હતી."

જેમ કોઇ વિદ્યાર્થી મહીનાઓના કઠીન પરિશ્રમ પછી, પરીક્ષાથી નિવૃત થઇ આમોદ-પ્રમોદમાં લીન થઇ જાય છે, તેમ એક વાર આંખો ભરી જોઇ. એક વારના નિરખવાથી તૃપ્ત ન થયો. તેણે ફરી નજર દોડાવી. તે એટલે સુધી કે તેની નજર તે તરફજ ચોંટી ગઇ અને તે ચાલવાનું એ ભૂલી ગયો. મૂર્તિની માફક ઉભો રહ્યો. જ્યારે ટોળું નિકળી ગયું ત્યારે તેને શુદ્ધિ આવી. તે ચોંકયો, મનને તિરસ્કૃત કરવા લાગ્યો: મહીનાઓની કમાઇ એક ક્ષણમાંજ ગુમાવી. અરે! મેં મારા આત્માનું કેટલું પતન કરી દીધું. મારામાં કેટલી નિર્બલતા છે. પરંતુ અંતમાં તેણે પોતાને સમજાવ્યો. કેવળ એમને જોવાથી હું પાપનો ભોગી થોડોજ થઇ શકું છું કારણ કે મેં તેમને પાપની દ્રષ્ટિએ જોઇ નથી. મારૂં હૃદય કુવાસનાઓથી રહીત પવિત્ર છે. પરમાત્માની સૌંદર્ય સૃષ્ટિથી પવિત્ર આનંદ લેવો તે આપણું કર્તવ્ય છે. આમ વિચારતો તે આગળ ચાલ્યો, પણ તેના આત્માને સંતોષ ન થયો. હું પોતાનેજ દગો આપવા ચાહું છું! એ સ્વીકારી લેવામાં શું આપત્તિ છે કે મારાથી ભૂલ થઇ ગઇ! હા તે થઇ ને અવશ્ય થઇ. પરંતુ મનની વર્તમાન અવસ્થા અનુસાર હું તેને ક્ષમ્ય સમજું છું. હું યોગી નથી, સંન્યાસી નથી, એક બુદ્ધિહીન મનુષ્ય છું. આટલો ઉચ્ચ આદર્શ સામે રાખી હું તેનું પાલન નથી કરી શકતો. અહો! સૌંદર્ય પણ કેવી વસ્તુ છે. લોકો કહે છે કે અધર્મથી મુખની શોભા જતી રહે છે પરંતુ આ રમણિઓનો અધર્મ તેમની શોભાને ઓર વધારે છે. કહે છે કે મુખ હૃદયનું દર્પણ છે. પણ એ વાત પણ મિથ્યા જણાય છે.



ઘાટની નિકટ પહોંચતા એક સ્ત્રીને આવતી જોઇ. તે સુમન હતી પણ કેટલી બદલાયલી દશામાં! તેણે કેવલ સફેદ સાડીથી પોતાના અંગને ઢાંકયું હતું.

સદને ફરી મનને સંભાળ્યું. અને તેને આ વાતોથી વિરક્ત કરવા માટે આ વિષયની બીજી બાજુ પર વિચાર કરવા લાગ્યો. હા, આ સ્ત્રિઓ બહુજ સુંદર છે, બહુજ કોમલ છે, પણ તેમણે પોતાના આ સ્વર્ગીય ગુણોનો કેવો દુરૂપયોગ કર્યો છે. તેમણે પોતાના આત્માને કેટલો નીચે ઉતારી પાડયો છે. હા, કેવળ આ રેશમી વસ્ત્રો માટે, આ ઝગમગાટ કરતા આભૂષણો માટે, તેમણે પોતાના આત્માઓનો વિક્રય કરી દીધો છે. તે આંખો જેમાંથી પ્રેમની દષ્ટિ નિકળવી જોઇતી હતી તે કપટ, કટાક્ષ અને કુચેષ્ટાઓથી ભરેલી છે. તે હૃદયો જેમાં વિશુદ્ધ, નિર્મલ પ્રેમ-શ્રોત વહેવો જોઇતો હતો, તે કેટલો દુર્ગંધિત, વિષાક્ત મલિનતાથી ઢાંકેલો છે. કેટલી અધોગતિ છે!

આ ઘૃણાત્મક વિચારોથી સદનને થોડી શાંતિ થઇ. તે ફરતો ફરતો ગંગાતટ તરફ

ચાલ્યો. આજ વિચારમાં આજે તેને મોડું થયું હતું એ કારણે તે, તે ઘાટ પર ન ગયો જ્યાં તે નિત્ય નહાતો હતો; કારણ તેણે ધાર્યું ત્યાં ગરદી થઇ ગઇ હશે. એટલે તે તે ઘાટ પર ગયો જ્યાં વિધવા–આશ્રમ હતું ત્યાં હમેશાં એકાંત રહેતું હતું. કારણ કે દૂર હોવાના કારણે શહેરના લોકો ત્યાં કમી જતા હતા.

ઘાટની નિકટ પહોંચતા, તેણે એક સ્ત્રીને ઘાટ પાસેથી આવતી જોઇ. તત્કાળ ઓળખી. તે સુમન હતી, પણ કેટલી બદલાયલી દશામાં! ન તે લાંબા લાંબા કેશ હતા કે ન તે કોમળ ગાલ, ન તે ગુલાબ જેવા ઓષ્ઠો, ન તે ચંચલ જ્યોતિથી ચમકતી આંખો, ન તે શૃંગાર, ન તે રત્નજડિત આભૂષણોની છટા. તેણે કેવલ એક સફેદ સાદી સાડીથી પોતાના અંગને ઢાંકયું હતું. તેની ચાલમાં ગંભીરતા અને મ્હોંમાંથી નિરાશા અને વૈરાગ્યનો ભાવ ઝળકતો હતો. કાવ્ય તો તે જ હતું, પણ અલંકાર રહિત એટલે તે સરલ અને માર્મિક હતું. તેને જોતાજ સદન, હર્ષથી વિહ્લલ થઇ, જોમથી ચાલ્યો. પરંતુ તેનું આ રૂપાંતર જોઇ તે ચોંકી પડયો. જાણે તેને ઓળખવામાં ભૂલ થઇ, માનો આ સુમન નથી, કોઇ બીજી સ્ત્રી હતી. તેનો પ્રેમોત્સાહ ભંગ થઇ ગયો. તેની સમજમાં ન આવ્યું કે આ કાયાપલટ કેમ થઇ ગઇ. તેણે ફરી સુમન તરફ જોયું, સુમન તેની તરફ તાકી રહી હતી પરંતુ તેની દૃષ્ટિમાં પ્રેમની જગાએ એક પ્રકારની ચિંતા હતી જાણે તે પાછલી વાતોને ભૂલી ગઇ છે. અથવા તો ભૂલવા ચાહે છે. તે હૃદયની દબાયલી આગને ફરી પ્રગટ કરવા નથી માંગતી. સદનને એવો અનુમાન થયો કે તે મને નીચ, દગાબાજ અને સ્વાર્થી સમજે છે. તેણે એક ક્ષણ પછી ફરી તેની તરફ જોયું, નિશ્ચય કરવા માટે કે મારો અનુમાન ભ્રાંતિપૂર્ણ તો નથી. ફરી બન્નેની આંખો મળી પણ મળતાંજ હટી ગઇ. સદનને પોતાના અનુમાનનો નિશ્ચય થઈ ગયો. નિશ્ચય સાથેજ અભિમાનનો ઉદય થયો. તેણે પોતાનાં મનને ધિક્કાર્યું. હમણાંજ મેં પોતાને આટલો સમજાવ્યો છે અને આટલીજ વારમાં ફરી તેજ કુવાસનાઓમાં પડી ગયો. તેણે ફરી સુમન તરફ ન જોયું. તે માથું નમાવી તેની સામેથી નિકળી ગઇ. સદને જોયું તેના પગ કંપી રહ્યા હતા, પણ તે ત્યાંજ ઉભો રહ્યો; તેણે કંઇ પણ ઇશારત ન કરી. પોતાના વિચારોમાં તેણે સિદ્ધ કરી દીધું કે જો તું મુજથી એક ગાઉ દૂર ભાગીશ તો હું તુજથી સો ગાઉ ભાગવાને તૈયાર છું. પણ તેને એ ધ્યાન ન રહ્યું કેઃ હું મારી જગ્યા પર મૂર્તિમંત ઉભો છું. જે ભાવોને તેણે ગુપ્ત રાખવા ઇચ્છા કરી હતી, સ્વયં તે જ ભાવોની પોતે મૂર્તિ બની ગયો.

જ્યારે સુમન થોડે દૂર ગઇ ત્યારે તે પાછો ફર્યો અને તેની પાછળ પાછળ પોતાને છૂપાવતો–સંતાડતો ચાલ્યો. તે એ જોવા ચાહતો હતો કે સુમન કયાં જાય છે. વિવેકે વાસના આગળ મસ્તક ઝુકાવી લીધું હતું.

પ્રકરણ ૪૧ મું.

જે **દિવસથી** જાન પાછી ગઇ તે દિવસથી કૃષ્ણચંદ્ર ફરી ઘરથી બહાર ન નિકળ્યો. મનને મારી તે પોતાના ઓરડામાં બેસી રહેતો. તેને હવે કોઇને પણ પોતાનું મ્હોં દેખાડતા લજ્જા આવતી હતી. દુશ્ચરિત્ર સુમને તેને સંસારની દૃષ્ટિમાં ભલે ઓછી નીચી દશાએ પહોંચાડયો હોય પરંતુ તે પોતાની દૃષ્ટિમાં તો કયાંનોએ ન રહ્યો. તે પોતાનાં અપમાનને સહન નહોતો કરી શકતો. તે ત્રણ વર્ષ કેદમાં રહ્યો તો પણ પોનાની આંખોમાં પોતાને એટલી બધી અધમ દશાએ પહોંચેલો દેખતો નહોતો. તેને આ વિચારથી જ્ઞાન થઇ ગયું હતું કે આ દંડભોગ મારા કુકર્મનું ફળ છે. પરંતુ આ કાલિમાએ તેના આત્મગૌરવનો સર્વનાશ કરી દીધો. તે હવે તે નીચ માણસોની પાસે પણ નહોતો જતો. જેમની પાસે બેસી તે ગાંજા અને ચરસના દમ ફૂકયા કરતો હતો. તે જાણતો હતો કે હું તેમનાથી પણ ખરાબ દશાએ પહોંચ્યો છું. તેને જણાતુ હતું કે આખા સંસારમાં મારી જ નિંદા થઈ રહી છે. લોકો કહેતા હશે કે 'આની દીકરી,'– આ ખ્યાલ આવતાંજ તે લજ્જા અને વિષાદના સાગરમાં નિમગ્ન થઇ જતો. હાય! જો હું જાણતે કે તે આવી રીતે કુળ મર્યાદાનો નાશ કરશે તો મેં તેનું ગળુંજ દબાવી દીધું હોત. હું એ જાણું છું તે અભિમાનિની હતી, કોઇ મોટા શ્રીમંત કુટુંબમાં રહેવા યોગ્ય હતી, ભોગવિલાસ પર જાન દેતી હતી, પણ એ હું નહોતો જાણતો કે તેનો આત્મા આટલો નિર્બલ છે. સંસારમાં કોના દિવસ સમાન હોય છે? વિપત્તિ સર્વ પર આવે છે. મોટા મોટા ધનવાનોની સ્ત્રીઓ અન્ન વસ્ત્રને માટે ટળવળે છે. પણ કોઇ તેમના

મુખપર ચિંતાનું ચિન્હ પણ જોઇ શકતું નથી. તેઓ રડતા રડતા દિવસો કાઢે છે પણ કોઇ તેમના આંસૂ નથી દેખી શકતું. તેઓ કોઇની સામે પોતાની વિપત્તીની કથા નથી કહેતી. તેઓ મરી જાય છે પણ કોઇનો આભાર માથાપર નથી લેતી. તેઓ દેવિઓ છે. તેઓ કુળ મર્યાદા માટે જીવે છે અને તેનીજ રક્ષા કરતાં મરે છે. પરંતુ આ દુષ્ટા, આ અભાગિની .... અને તેનો પતિ કેવો કાયર છે કે તેણે તેણીનું માથું કાં ન કાપી નાખ્યું. જે વખતે તેણે પોતાનો પગ ઘરથી બહાર કાઢયો ત્યારે કાં તેણે તેનું ગળુ ન દબાવી દીધું. જણાય છે કે તે પણ નીચ, દુરાચારી અને નામર્દ છે. તેને જો પોતાની કુળમર્યાદાનું અભિમાન હોત તો આ નોબત ન વાગતે. તેને પોતાના અપમાનની લજ્જા ન હશે પરંતુ મને છે. સુમનને તો તે માટે તેનાં દુષ્કર્મનો દંડ દઇશ. જે હાથોથી તેને પાળી, રમાડી, તેજ હાથોથી તેના ગળાંપર તલવાર ચલાવીશ. આજ આંખો જે કયારેક તેને રમતી જોઇ પ્રસન્ન થતી હતી હવે તેને રકતમાં લેટતી જોઇ તૃપ્ત થશે. નષ્ટ થયલી મર્યાદાના પુનરૂદ્ધારનો આના સિવાય બીજો ઉપાય નથી. સંસારને જણાશે કે કુળ મર્યાદાપર મરવાવાલા પાપાચરણનો શું દંડ આપે છે.

આ નિશ્ચય કરી કૃષ્ણચંદ્ર પોતાના ઉદ્દેશ્યને પૂરો કરવા માટેના સાધનો પર વિચાર કરવા લાગ્યો. કેદખાનામાં તે કેદીઓ પાસેથી હત્યાકાંડના કેટલાએક મંત્ર શિખ્યો હતો. ત્યાં રાત દિવસ આજ વાતોની ચર્ચાઓ થતી હતી. તેને સૌથી ઉત્તમ સાધન એજ જણાયું કે જઇ કરી તલવારથી તેને મારી નાખું અને પછી પોલિસમાં જઇ પોતેજ તેની ખબર આપુ. મેજીસ્ટ્રેટ પાસે પછી મારી જે જબાની આપીશ, તે સાંભળી લોકોની આંખો ઉઘડી જશે. મનમાં ને મનમાં આ પ્રસ્તાવથી પુલકિત થઇ તે તે જબાનીની રચના કરવા લાગ્યો. પહેલાં થોડો સભ્ય સમાજની વિલાસિતાનો ઉલ્લેખ કરીશ. પછી પોલિસના હત્યાકાંડની પોલ ખુલ્લી કરીશ. તે પછી વિવાહ વિષયના અત્યાચારોનું વર્ણન કરીશ. દહેજ દાયજાપર એવું માર્મિક વિવેચન કરીશ કે લોકો દંગજ થઇ જાય. પણ સર્વથી મહત્વશાલી તો તે ભાગ થશે કે જેમાં હું બતાવીશ કે પોતાની કુલ મર્યાદાને નષ્ટ કરનાર આપણે છીએ. આપણે આપણી કાયરતાથી પ્રાણભયથી, લોકનિંદાના ડરથી, ખોટા સંતાન પ્રેમથી, પોતાની બેશરમીથી, આત્મગૌરવની હીનતાથી, એવા પાપાચરણોને છૂપાવીએ છીએ, તેમના પર પડદો નાખી દઇએ છીએ. એનુંજ આ પરિણામ છે કે જેથી દુર્બલ આત્માઓનો સાહસ આટલો વધી ગયો છે.

કૃષ્ણચંદ્રે આ સંકલ્પ તો કરી લીધો પણ હજી સુધી તેણે એ ન વિચાર્યું કે શાંતાની શું ગતિ થશે. આ અપમાનની લજ્જાએ તેના હૃદયમાં બીજી કોઇ ચિંતાને માટે સ્થાનજ રાખ્યું નહોતું. તેની દશા તે મનુષ્ય જેવી હતી જે પોતાના બાલકને મૃત્યુ શય્યા પર છોડી પોતાના કોઇ શત્રુના વેરની વસુલાત લેવા ઉદ્ધત થઇ જાય. જેમ કોઇ નૌકાપર બેસી પાણીમાં એક સર્પ જોઇ તેને મારવા માટે છલાંગ મારે અને તેને એ ભાન ન રહે કે આ છલાંગ મારવાથી નૌકા ડૂબી જશે.

સંધ્યા સમય હતો. કૃષ્ણચંદ્રે આજે હત્યામાર્ગપર જવાનો નિશ્ચય કરી લીધો હતો. આ વખતે તેનું ચિત્ત જરા ઉદાસ હતું. આ તે ઉદાસીનતા હતી જે કોઇ ભયંકર કામ કરવા પૂર્વે ચિત્ત પર આચ્છાદિત થયા કરે છે. કેટલાક દિવસો સુધી ક્રોધાવેગથી ઉત્તેજીત અને ઉન્મત રહેવા પછી તેનું મન આ સમયે જરા શિથિલ થઇ ગયું હતું, જેમ વાયુ થોડીવાર વેગથી વાવા બાદ શાંત થઇ જાય છે. ચિત્તની આવી અવસ્થામાં આ ઉદાસીનતા બહુજ ઉપયોગી થાય છે. ઉદાસીનતા વૈરાગ્યનું એક સુક્ષ્મ સ્વરૂપ છે જે થોડીવાર માટે મનુષ્યને પોતાના જીવન પર વિચાર કરવાની ક્ષમતા આપે છે. તે પણ તે સમયે કે જ્યારે પૂર્વ સ્મૃતિઓ હૃદયમાં ક્રીડા કરવા લાગે છે. કૃષ્ણચંદ્રને તે દિવસ યાદ આવ્યા જ્યારે તેનું જીવન આનંદમય હતું, જ્યારે તે નિત્ય સંધ્યા સમયે પોતાની બન્ને પુત્રિઓને સાથે લઇ સહેલ કરવા જતો હતો. કદિ સુમનને ગોદમાં ઉપાડતો, કદિ શાંતાને. જ્યારે તે પાછો ફરતો ત્યારે ગંગાજલી પ્રેમથી દોડી બંને છોકરીઓને કેવી રીતે પ્યાર કરવા મંડી જતી હતી. તેના સ્મરણમાં જે સુખ સમાયેલું હતું તે કોઇ પણ આનંદમાં નહોતું. તેજ જંગલ અને પહાડ જે કયારેક તમને સુમસામ અને બિહામણા પ્રતીત થતા હતા, તેજ નદિઓ અને સરોવરો જેમના તટપર તમે આંખો બંધ કરી નિકળી જતા હતા, એજ થોડા સમય પછી એક અત્યંત મનોરમ્ય અને

શાંતિમય રૂપ ધારણ કરી તમારા સ્મરણ-નેત્રો સામે આવે છે અને તમે ફરી તેજ દ્રશ્યો જોવાની આકાંક્ષા કરવા લાગો છો. કૃષ્ણચંદ્ર તે ભૂતકાલિન જીવનનું સ્મરણ કરતાં કરતાં ગદ્‌ગદ્ થઇ ગયો. તેની આંખોમાંથી આંસૂના કેટલાંક ટીપાં ટપકી પડયાં. હાય! તે આનંદમય જીવનનો આવું વિષાદમય અંત આવી રહ્યો છે. હું પોતાના જ હાથેથી પોતાનીજ ગોદમાં રમાડેલ છોકરીનો વધ કરવા માટે તૈયાર થઇ રહ્યો છું. કૃષ્ણચંદ્રને સુમન પર દયા આવી. તે બિચારી કુવામાં પડી ગઇ છે તો શું હું એટલો નિર્દયી થઇ જાઉં કે સામા તેના પર પત્થર ફેંકું. અને તે પોતાનીજ પુત્રી પર કે જેને હું આંખોના તારા સમજતો હતો, જેને સુખથી રાખવા માટે, જેના લાલન પાલન માટે મેં કોઇ વાતની કચાસ રાખી નહોતી. પરંતુ આ દયાનો ભાવ કૃષ્ણચંદ્રના હૃદયમાં વધારે વાર ટકી શક્યો નહિ. સુમનના પાપાભિનયનો સૌથી ઘૃણોત્પાદક ભાગ એ હતો કે આજે તેનો દરવાજો સૌના માટે ખુલ્લો છે; હિંદુ, મુસલમાન, સર્વ ત્યાં પ્રવેશ કરી શકે છે. આ ખ્યાલ આવતાંજ કૃષ્ણચંદ્રનું હૃદય લજ્જા અને ગ્લાનિથી ગભરાઇ ગયું.



કૃષ્ણચંદ્રને તે દિવસ યાદ આવ્યા, જ્યારે તે નિત્ય સંધ્યા સમયે પોતાની બન્ને પુત્રીઓને સાથે લઇ સહેલ કરવા જતો હતો. કદી સુમનને ગોદમાં ઉપાડતો, કદી શાંતાને.

એટલી વારમાં પંડિત ઉમાનાથ તેની પાસે આવી બેસી ગયા અને બોલ્યા: "હું વકીલો પાસે ગયો તો. તેમની સલ્લાહ છે કે મુકદ્દમો માંડવામાં આવે."

કૃષ્ણચંદ્રે ચોંકતાં પૂછયું: "કેવો મુકદ્દમો?"

ઉમા: "તે લોકો પર જે દ્વાર પરથી જાન પાછી લઇ ગયા."

કૃષ્ણચંદ્ર: "તેથી શું થશે?"

ઉમા: "તેથી થશે એ કે કાં તો તે ફરી કન્યા સાથે વિવાહ કરશે અથવા તો નુકશાની આપશે."

કૃષ્ણ: "શું તેથી વધારે બદનામી નહિ થાય?"

ઉમા: "બદનામી જે થવાની હતી તે તો થઇ ચૂકી, હવે કઇ વાતનો ડર છે. મેં એક હજાર રૂપીઆ તિલકમાં આપ્યા, ચાર પાંચસો રૂપીઆ ખવરાવવા પીવરાવવામાં ખરચ કર્યા તે બધા શા માટે છોડી દઉં. આ રૂપીઆ કોઇ કંગાલ કુલિનને આપીશ તો ખુશીથી વિવાહ કરવા તૈયાર થઇ જશે. જરા આ શિક્ષિત મહાત્માઓની પોલ તો ખુલ્લી થશે."

કૃષ્ણચંદ્રે લાંબો નિશ્વાસ લઇ કહ્યું: "પહેલાં મને વિષ આપી દો પછી ભલે આ મુકદ્દમો માંડો."

ઉમાનાથે ક્રોધ કરી કહ્યું: "આપ કાં એટલા ડરો છો?"

કૃષ્ણચંદ્રઃ "તમે મુકદ્દમો કરવાનો નિશ્ચય કરી લીધો છે?"

ઉમાઃ "હા, મેં નિશ્ચય કરી લીધો છે. ગઇ કાલે આખા શહેરના મોટા મોટા વકીલ બારીસ્ટર એકઠા થયા હતા. તેમણે કહ્યું કે આ મુકદ્દમો એક જૂદીજ ઘાટીનો છે. તે લોકોએ બરાબર વિચારી તપાસી આ સલ્લાહ આપી છે. બે વકીલોને બેઆનું પણ આપી આવ્યો છું."

કૃષ્ણચંદ્રે નિરાશ થઇ કહ્યુંઃ "સારી વાત છે, ભલે માંડો."

ઉમાઃ "આપ તેનાથી આટલા અસંતુષ્ટ શા માટે છો?"

કૃષ્ણઃ "જ્યારે તમો પોતેજ નથી સમજતા તો હું શું કહું. જે વાત હમણા બે ચાર ગામોમાં પ્રસરી છે તે બધા શહેરોમાં ફેલાઇ જશે. સુમનને જરૂર જબાની માટે બોલાવવામાં આવશે. મારૂં નામ ગલી ગલીમાં વેચાશે."

ઉમાઃ "હવે તેનાથી ક્યાં સુધી ડરૂં. મને પણ મારી છોકરીઓના વિવાહ કરવા છે. આ કલંક માથે લગાડી તેમના વિવાહમાં શા માટે અડચણ નાખું."

કૃષ્ણઃ "તો તમે આ મુકદ્દમો એટલા માટે માંડો છો કે જેથી તમારા નામ પર કંઇ કલંક ન રહે."

ઉમાનાથે સગર્વ કહ્યુંઃ "હા, જો આપ તેનો એ અર્થ કરો છો તો એજ સહી. જાન મારા દરવાજા પરથી પાછી ગઇ છે, લોકોને ભ્રમ થઇ રહ્યો છે કે સુમન મારી છોકરી છે. આખા શહેરમાં મારૂંજ નામ લેવાય છે. મારો દાવો દશ હજાર રૂપીઆનો થશે, તેથી પાંચ હજારની ડીક્રી થઇ તો શાંતાનું કોઇ ઉત્તમ કુળમાં ઠેકાણું લાગી જશે. આપ જાણો છો કે એંઠી વસ્તુને મિઠાસના લોભથી લોકો ખાય છે. જ્યાં સુધી રૂપીઆનો લોભ ન હશે ત્યાં સુધી શાંતાનો વિવાહ કેવી રીતે થશે. એક પ્રકારે મારા કુળમાં પણ કલંક લાગી ગયું. પહેલાં જે લોકો મારે ત્યાં સંબંધ કરવામાં પોતાની મોટાઇ સમજતા હતા તે હવે લાંબી થેલી સિવાય વાત પણ નહિ કરે એ મુશ્કેલી છે."

કૃષ્ણચંદ્રે કહ્યુંઃ "સારી વાત છે. મુકદ્દમો માંડો."

ઉમાનાથ ચાલ્યા ગયા ત્યારે કૃષ્ણચંદ્રે આકાશ તરફ જોઇ કહ્યુંઃ પ્રભો! હવે ઉપાડી લ્યો, આ દુર્દશા સહન નથી થઇ શકતી. આજે તેને અપમાનનો વાસ્તવિક અનુભવ થયો. તેને વિદિત થયું કે સુમનને દંડ આપવાથી આ કલંક નષ્ટ થઇ શકતું નથી કે જેવી રીતે સાપને મારવાથી તેનું વિષ નથી ઉતરતું. તેની હત્યા કરી ઉપહાસ્ય સિવાય બીજું કંઇપણ ન થશે. પોલિસ પકડશે, મહીનાઓ સુધી અહિંથી ત્યાં અથડાતો પીટાતો ફરીશ, અને એટલી દુર્ગતિ પછી ફાંસી પર ચઢીશ, તેથી તો એજ ઉત્તમ છે કે ડૂબી મરૂં. તે દીપકનેજ હોલવી દઉં કે જેના પ્રકાશમાં આવા ભયંકર દશ્ય દેખાવ દે છે. હાય! આ અભાગિની સુમને બિચારી શાંતાને પણ સાથે લઇ ડૂબી તેના જીવનનો સર્વ નાશ કરી દીધો. પરમાત્મન્! તમેજ તેની રક્ષા કરો તો થઇ શકે છે. અસહાય બાલિકાને તમારા સિવાય બીજો કોઇ આશ્રય નથી. કેવળ મને અહિંથી ઉપાડી લ્યો એટલે આ આંખોથી તેની દુર્દશા જોઇ ન શકું.

થોડીવારમાં શાંતા કૃષ્ણચંદ્રને બોલાવવા માટે આવી, વિવાહના દિવસથી આજ સુધી કૃષ્ણચંદ્રે તેને જોઇ નહોતી. આ વખતે તેણે તેની તરફ કરૂણ નેત્રોથી જોયું. ઝાંખા દીપકના પ્રકાશમાં તેને તેના મુખપર એક અલૈકિક પ્રભા દેખવામાં આવી. તેની આંખો નિર્મલ આત્મિક જ્યોતિથી ચમકી રહી હતી. શોક અને માલિન્યનો આભાસ સુદ્ધાં નહોતો. જ્યારથી તેણીએ સદનને જોયો હતો ત્યારથી તેના હૃદયમાં એક સ્વર્ગીય વિકાસનો અનુભવ થતો હતો. તેને ત્યાં નિર્મલ ભાવોનો શ્રોત વહેતો હોય તેમ જણાતું હતું. તેના એક અદ્દભૂત આત્મબળનો ઉદય થઇ ગયો હતો. પોતાની મામી સાથે તે કદિ સીધા મ્હોંએ વાત નહોતી કરતી પરંતુ આજે કલાકો સુધી બેસી તેના પગ તેણે દાબ્યા હતા. પોતાની બેહેનો પ્રતિ હવે તેણીને જરા પણ ઇર્ષા નહોતી થતી. તે હવે હસતી હસતી કુવામાંથી પાણી ખેંચતી અને ઘંટી દળતા તેને એક પવિત્ર આનંદનો અનુભવ થતો હતો. તેના જીવનમાં પ્રેમનો ઉદ્દભવ થઇ ગયો હતો. સદન તેને ન મળ્યો પણ સદનથી ઉત્તમ વસ્તુ મળી ગઇ. તે સદનનો પ્રેમ હતો.

કૃષ્ણચંદ્ર શાંતાનું પ્રફુલ્લ વદન જોઇ કરી વિસ્મિતજ નહિ પણ ભયભીત થઇ ગયો. તેને પ્રતીત થયું કે શોકની વિષમ વેદના આંસુઓ દ્વારા પ્રકટ ન થઇ પણ તેણે ભીષણ ઉન્માદનું રૂપ ધારણ કર્યું છે. તેને એવું આભાસિત

થયું કે, તે મને પોતાની કઠોર વેદનાનો અપરાધી સમજી લે છે. તેણે તેની તરફ કાતર નેત્રોથી જોઇ કહ્યું: "શાંતા!"

શાંતાએ જિજ્ઞાસુ ભાવથી તેની તરફ જોયું. કૃષ્ણચંદ્ર કુંઠિત સ્વરથી બોલ્યો: "આજે ચાર વર્ષ થયા મારા જીવનની નૌકા ચક્રરમાં પડી છે. આ વિપત્તિકાળે મારૂં સર્વસ્વ હરણ કરી લીધું પણ હવે મારાથી પોતાના સંતાનની દુર્ગતિ દેખી શકાતી નથી. હું જાણું છું કે આ મારા કુકર્મનું ફળ છે. જો હું પહેલાંથીજ સાવધાન થઇ જાત તો આજે તારી આ દશા ન હોત. હું હવે વધારે દિવસ જીવું એમ નથી. જો કદિ અભાગિની સુમન સાથે તારી ભેટ થઇ જાય તો કહી દેજે કે મેં તેને ક્ષમા કરી દીધી છે. આજથી બે દિવસ પૂર્વે હું તેની હત્યા કરવા તૈયાર થયો હતો પરંતુ ઇશ્વરે મને તે પાપ માંથી બચાવી લીધો. તેને કેહી દેજે કે તે પોતાના અભાગી બાપ અને પોતાની અભાગિની માતાના આત્મા પર દયા કરે."



આમ કહેતા કહેતા કૃષ્ણચંદ્ર અટકી ગયો. શાંતા ચુપચાપ ઉભી રહી.

આ કહેતા કહેતા કૃષ્ણચંદ્ર અટકી ગયો. શાંતા ચૂપચાપ ઉભી રહી. પોતાના પિતા પર તેણીને અત્યંત દયા આવી રહી હતી. એક ક્ષણ પછી કૃષ્ણચંદ્ર બોલ્યો: "હું તને પણ એક પ્રાર્થના કરૂં છું."

શાંતા: "કહો શી આજ્ઞા છે?"

કૃષ્ણ: "કંઇ નહિ, એટલુંજ કે સંતોષને કદિ પણ ન છોડીશ. આ મંત્રથી કઠિનથી કઠિન સમયમાં પણ તારૂં મન વિચલિત નહિ થાય."

શાંતા સમજી ગઇ કે પિતાજી કંઇક બીજુ કહેવા ચાહતા હતા પણ સંકોચ વશ ન કહેતા વાત ફેરવી દીધી. તેના મનમાં શું હતું તે તેનાથી છુપૂ ન રહ્યું. તેણે ગર્વથી માથું ઉંચુ કર્યું અને સાભિમાન નેત્રોથી જોયું. તેની આ વિશ્વાસપૂર્ણ દ્રષ્ટિએ તે સર્વ કંઈ બલકે તેનાથીએ કંઇક અધિક, કહી દીધું કે જે કંઇ તે પોતાની વાણીથી કહી શકતી હતી. તેના મને કહ્યું: કે જેને પતિવ્રત્ય જેવું સાધન મળી ગયું છે તેને બીજા કોઇ સાધનની શી આવશ્યકતા છે? તેમાં સુખ, સંતોષ અને શાંતિ સર્વ કંઇ છે.

પ્રકરણ ૪૨ મું.

અર્ધી રાત વીતી ચુકી હતી. કૃષ્ણચંદ્ર ઘરમાંથી બહાર નિકળ્યો. પ્રકૃતિ સુંદરી કોઇ વૃદ્ધા સમાન ધુમ્મસની મોટી ચાદર ઓઢી નિંદ્રામાં નિમગ્ન હતી. આકાશમાં ચંદ્ર મ્હોં છૂપાવી વેગથી ચાલ્યો જતો હતો. તે ક્યાં જતો હતો તેની ખબર નથી.

કૃષ્ણચંદ્રના મનમાં એક તીવ્ર આકાંક્ષા ઉદ્દભવી. શાંતાને કેવી રીતે જોઉં? સંસારમાં એજ એક વસ્તુ–તેના આનંદમય જીવનનું ચિન્હ–રહી ગઇ હતી. નિરાશાના ઘોર અંધકારમાં એજ એક જ્યોતિ તેના મનને પોતાની તરફ ખેંચી રહી હતી. તે થોડીવાર સુધી દ્વાર પર ઉભો રહ્યો. પછી એક લાંબો શ્વાસ લઇ આગળ ચાલ્યો. તેને એવું જણાયું માનો ગંગાજલી આકાશમાં બેસી તેને બોલાવી રહી છે.

કૃષ્ણચંદ્રના મનમાં આ વખતે કોઇ ઇચ્છા, કોઇ અભિલાષા, કોઇ ચિંતા નહોતી. સંસારથી તેનું મન વિરક્ત થઇ ગયું હતું. તે ચાહતો હતો કે કોઇ પણ પ્રકારે જલદી ગંગા તટ પર પહોંચુ અને તેના અપાર જળમાં

કુદી પડું. તેને ભય હતો કે ક્યાંક મારો સાહસ છૂટી ન જાય તેથી તેણે પોતાના સાહસને ઉત્તેજીત કરવા માટે દોડવું શરૂ કર્યું.

પરંતુ થોડે દૂર જઇ તે અટકી ગયો અને વિચારવા લાગ્યો. પાણીમાં કુદી પડવું તે એવું તે કયું કઠિન કામ છે! જેવા ભૂમિ પરથી પગ ઉપડયા કે કામ ખલાસ. આ સ્મરણ કરી તેનું હૃદય એક વખત કંપી ઉઠયું. અકસ્માત શા માટે ન જાઉં, જ્યારે અહિં રહીશજ નહિ તો પછી અપમાન થતું કેવી રીતે સાંભળીશ. પરંતુ આ વાતને તેણે મનમાં રહેવા ન દીધી. મોહની કપટ લીલા તેને દગો ન દઇ શકી.

યદ્યપિ તે ધાર્મિક પ્રકૃતિનો મનુષ્ય નહોતો અને અદ્રશ્યના એક અવ્યક્ત ભયથી તેનું હૃદય કંપી રહ્યું હતું પણ પોતાના સંકલ્પને દ્રઢ રાખવા માટે તે પોતાના મનને આ વિશ્વાસ દઇ રહ્યો હતો કે પરમાત્મા મોટો દયાળુ અને કરૂણાશીલ છે. આત્મા ખુદ પોતાનેજ ભૂલી ગયો હતો. તે આ ઘડીએ એક એવા બાલક સમાન હતો જે પોતાના કોઇ સખાના રમકડા ભાંગી નાખવા પછી પોતાના જ ઘરમાં જતાં ડરે છે.

કૃષ્ણચંદ્ર આવી જ રીતે આગળ વધતાં વધતાં ચાર માઇલ ચાલ્યો ગયો. જેમ જેમ ગંગાતટ નિકટ આવતું હતું તેમ તેમ તેના હૃદયની ગતિ વધતી જતી હતી. ભયથી ચિત્ત અસ્થિર થતું હતું પરંતુ તે પોતાની આ આંતરિક નિર્બલતાને કંઇક તો પોતાના વેગ અને કંઇક તિરસ્કારથી હરાવવાની કોશેશ કરી રહ્યો હતો. અરે! હું કેટલો નિર્લજ્જ અને આત્મશૂન્ય છું. આટલી દુર્દશા થઇ તો પણ મરવાથી ભય પામું છું. અકસ્માત કોઇના ગાવાનો ધ્વનિ સંભળાયો. જેમ જેમ તે આગળ વધતો હતો, તેમ તેમ તે ધ્વનિ નિકટ આવતો હતો. ગાનારો તેની તરફ જ ચાલ્યો આવતો હતો. તે નિસ્તબ્ધ રાત્રિમાં કૃષ્ણચંદ્રને તે ગાયન અત્યંત મધુર લાગ્યું. તે કાન દઇ સાંભળવા લાગ્યો:

"હરિસો ઠાકુર ઔર ન જનકો."
જેહિ જેહિ વિધિ સેવક સુખ પાવે,
તે વિધિ રાખત તિનકો.
હરિસો ઠાકુર ઔર ન જનકો.
ભૂખે ભોજન જુ ઉદરકો,
તૃષા તોય પટ તનકો.
લાગ્યો ફિરત સુરભી જ્યોં સુતસંગ
ઉચિત ગમન ગૃહ વનકો.
હરિસો ઠાકુર ઔર ન જનકો.

યદ્યપિ ગાયન માધુર્ય પૂર્ણ નહોતું. તથાપિ તે શાસ્ત્રોક્ત હતું. તે માટે કૃષ્ણચંદ્રને તેથી બહુજ આનંદ પ્રાપ્ત થયો. તેને આ શાસ્ત્રનું જ્ઞાન સારી રીતે હતું. એ ગાયને તેના વિદગ્ધ હૃદયને શાંતી આપી.

ગાવું બંધ થઇ ગયું અને એક ક્ષણ બાદ કૃષ્ણચંદ્રે એક દીર્ઘકાય જટાધારી સાધુને પોતાની તરફ આવતાં જોયો. સાધુએ તેનું નામ અને સ્થાન પૂછયું. તેના ભાવથી એવું જ્ઞાત થયું કે તે તેનો પરિચિત્ત છે. કૃષ્ણચંદ્ર આગળ વધવા ચાહતો હતો કે તેણે કહ્યું: "આ વખતે આપ અહિ કઇ તરફ જાઓ છો?"

કૃષ્ણચંદ્ર. "કઇક એવુંજ કામ પડયું છે."

સાધુ: "અર્ધી રાત્રે આપનું ગંગાતટ પર તે શું કામ છે?"

કૃષ્ણચંદ્રે ગુસ્સે થઇ ઉત્તર આપ્યો: "આપ તો આત્મજ્ઞાની છો. આપને સ્વયં તે જાણવું જોઇએ."

સાધુ: "આત્મજ્ઞાની તો હું નથી, કેવલ ભિક્ષુક છું. આ વખતે હું આપને ત્યાં તો જવા ન દઇશ."

કૃષ્ણચંદ્ર: "તમે તમારે રસ્તે જાઓ. મારા કામમાં વિઘ્ન નાખવા આપને શું અધિકાર છે?"

સાધુ: "અધિકાર નહોત તો હું આપને રોકતેજ શા માટે. આપ મુજથી પરિચિત નથી પણ હું આપનો ધર્મપુત્ર છું, મારૂં નામ ગજાધર પાંડે છે."

કૃષ્ણચંદ્ર: "અહો! આપ ગજાધર પાંડે છો! આપે આ વેશ ક્યારથી ધારણ કર્યો? આપને મળવાની મારી બહુજ ઇચ્છા હતી. હું આપને ઘણુંએ પૂછવા ચાહ હતો."

ગજાધર: "મારૂં સ્થાન ગંગાતટ પર એક વૃક્ષ નીચે છે. ચાલો ત્યાં થોડી વાર વિશ્રામ કરો. ત્યાં હું મારો બધો વૃત્તાંત તમને કહીશ."

રસ્તામાં બન્ને વચ્ચે કંઇએ વાતચીત ન થઇ. થોડી વારમાં તેઓ તે વૃક્ષના નીચે પહોંચી ગયા. ત્યાં એક મોટું લાકડું બળતું હતું. જમીનપર ગુણપાટ બિછાવેલું હતું તેના પર એક મૃગચર્મ, એક કમંડલ અને પુસ્તકોની ગાંઠડી પડી હતી.

કૃષ્ણચંદ્ર ધુણીમાંથી આવતા તાપથી તાપતો બોલ્યો: "આપ સાધુ થઇ ગયા છો, સત્ય કહેશો સુમનની આ કુપ્રવૃત્તિ કેવી રીતે થઇ ગઇ?"

ગજાધર અગ્નિના પ્રકાશમાં કૃષ્ણચંદ્ર તરફ મર્મભેદી દ્રષ્ટિથી જોઇ રહ્યો હતો. તેને તેના

મુખપર તેના હૃદયના સમસ્ત ભાવ અંકિત દેખાઇ આવતા હતા. તે હવે તે ગજાધર નહોતો. સત્સંગ અને વિરક્તિએ તેના જ્ઞાનને વિકસિત કરી દીધું હતું. તે તે ઘટના પર જેમ જેમ વિચાર કરતો તેમ તેને પશ્ચાતાપ થતો હતો. આ પ્રકારે અનુતપ્ત થઇ જતાં તેનું હૃદય સુમન તરફ બહુજ ઉદાર થઇ જતું હતું. કદિ કદિ તેનું મન ચહાતું કે જઇ કરી તેના ચરણોપર મસ્તક રાખી દઉં.

ગજાધર બોલ્યો: "તેનું કારણ મારો અન્યાય હતો. એ સર્વ કંઇ મારી નિર્દયતા અને અમાનુષીય વ્યવહારનું ફળ છે. તે સર્વ ગુણસંપન્ના હતી. તે તો એક મોટા ઘરની સ્વામિની બનવા યોગ્ય હતી. તેના માટે મારા જેવો દુષ્ટ, દુરાત્મા અને દુરાચારી મનુષ્ય યોગ્ય નહોતો. તે વખતે મારી સ્થૂલદ્રષ્ટિ તેના ગુણોને જોઇ ન શકી. એવું એકે કષ્ટ બાકી નથી જે તેને મારી સાથે ભોગવવું ન પડયું હોય. પણ તેણે કદિ પણ મન મેલું ન કર્યું. તે મારો આદર કરતી હતી. પરંતુ તેનો આ વ્યવહાર જોઇ મને તેનાપર સંદેહ આવતો હતો કે તે મારી સાથે કોઇ ચાલાકી રમી રહી છે. તેનો સંતોષ, તેની ભક્તિ અને તેની ગંભીરતા મારા માટે દુર્બોધ હતી. હું સમજતો હતો કે તે મારી સાથે કોઇ ચાલ ચાલી રહી છે. જો તે મારી સાથે નાની નાની વસ્તુઓ માટે કજીઓ કરતી, રોતી, તીખી વાત કહેતી અને તાણા મારતે તો તે તેના પર મને વિશ્વાસ આવતે. તેનો ઉંચો આદર્શ મારા અવિશ્વાસનું કારણ બન્યું. હું તેના સતીત્વ પર સંદેહ કરવા લાગ્યો. અંતમાં એ દશા થઇ ગઇ કે એક રાત્રે એક સાહેલીના ઘર પર જરા વિલંબ થઇ જવાના કારણે મેં તેને ઘરમાંથી કાઢી મૂકી."

કૃષ્ણચંદ્ર વાતને કાપતાં બોલ્યો: "તમારી બુદ્ધિ તે વખતે કયાં ગઇ હતી? તમને જરા પણ ધ્યાન ન રહ્યું કે તમેં પોતાની આ નિર્દયતાથી કેટલા મોટા કુળને કલંકિત કરી રહ્યા છો?"

ગજાધર: "મહારાજ, હવે હું શું કહું કે તે વખતે મને શું થઇ ગયું હતું. મેં ફરી તેની તપાસ ન કરી. પરંતુ તેનું અંતઃકરણ શુદ્ધ હતું; પાપાચરણની તેને ઘૃણા હતી. તે હમણા વિધવાઆશ્રમમાં રહે છે અને સર્વે કોઇ તેની વર્તણુકથી પ્રસન્ન છે. તેની ધર્મનિષ્ટા જોઇ લોકો ચકિત થઇ જાય છે."

ગજાધરની વાતો સાંભળી કૃષ્ણચંદ્રનું હૃદય સુમન તરફ કંઇક નરમ પડી ગયું. પરંતુ તે જેટલું અહિં નરમ પડયું તેટલુંજ બીજી તરફ વધારે કઠોર થઇ ગયું, કે જેવી રીતે સાધારણ ગતિથી વહેતી જળધારા સામે ધસતાં અટકી જતાં બીજી તરફ તેથી પણ વધારે વેગથી વહેવા માંડે છે. તેણે ગજાધરને ક્રોધ-ભર્યાં નેત્રોથી જોયો કે જેવી રીતે કોઇ ભૂખ્યો સિંહ પોતાના શિકારને જુવે છે. તેને નિશ્ચય થઈ રહ્યો હતો કે એજ માણસ મારા કુળને કલંકિત કરવાવાલો છે. એટલુંજ નહિ પણ તેણે સુમન સાથે પણ અન્યાય કર્યો છે. તેને અનેક પ્રકારના કષ્ટ આપ્યાં છે તો શું હું હવે તેને એટલા માટેજ છોડી દઉં કે તે પોતાના દુષ્ટ કૃત્યો માટે લજ્જિત છે? પણ તેણે આ બધી વાર્તા મને કહી કેમ દીધી? કદાચ તે સમજતો હશે કે હું તેનું કંઇ પણ બગાડી શકતો નથી. વાત એજ છે નહિ તો તે મારી સામે પોતાનો અપરાધ આટલી નિર્ભયતાથી કાં સ્વીકારી લેતે? કૃષ્ણચંદ્ર ગજાધરના મનોભાવોને ન સમજી શકયો. તે ક્ષણ ભર અગ્નિ તરફ તાકતો રહ્યો. પછી કઠોર સ્વરથી બોલ્યો: "ગજાધર, તમે મારા કુળને ડૂબાવી દીધું. તમે મને કયાંએ મ્હોં દેખાડવા યોગ્ય પણ ન રાખ્યો. મારી પુત્રીનો જાન લીધો, તેનું સત્યાનાશ કરી દીધું છતાં પણ તમો મારી સામે એવી રીતે બેઠા છો કે જાણે તમો કોઇ મહાત્મા છો. તમને તો ડૂબી મરવું જોઇએ."

ગજાધર જમીનની માટી કોતરી રહ્યો હતો. તેણે માથું ઉપર નજ કર્યું.

કૃષ્ણચંદ્ર ફરી બોલ્યો: "તમે દરિદ્ર હતા તેમાં તમારો દોષ નથી. તમે તમારી સ્ત્રીનું પાલન પોષણ ઉચિત રીતિથી કરી ન શકયા તે માટે હું તમને દોષીત નથી ઠેરવતો. કારણ કે તમે તેના મનોભાવોને જાણી ન શકયા, તેણીના સદવિચારોનું મર્મ ન સમજી શકયા તે માટે પણ હું તમને દોષિત નથી ઠેરવતો. તમારો અપરાધ એજ છે કે તમે તેને ઘરમાંથી કેમ કાઢી મૂકી? તમને તેના પતિવ્રર્તત્વ પર સંદેહ હતો તો તેથી તેનું માથું કાં તમે ન કાપી લીધું? અને યદિ એટલો સાહસ નહોતો તો પોતાના પ્રાણ કાં ન ત્યાગી દીધા અર્થાત વીષ કાં ન ખાઇ લીધું? જો તમે તેનાં જીવનને

અંત લાવ્યા હોત તો જે દુર્દશા થઇ તે ન થાત અને મારા કુળમાં પણ જે કલંક લાગ્યું તે ન લાગતે. તમે પણ કહેશો કે હું પુરૂષ છું પણ તમારી કાયરતા પર અને આ નિર્લજ્જતા પર ધિક્કાર છે. જે પુરૂષ એટલો નીચ છે કે પોતાની સ્ત્રીને બીજાઓ સાથે પ્રેમાલાપ કરતાં જોઇ તેનું રૂધિર ઉકળી ઉઠતું નથી તે પશુઓથી પણ અધમ છે."

ગજાધરને હવે જણાયું કે સુમનને ઘરમાંથી કાઢી મૂકવાની વાત કહી એ બ્રહ્મફાંસમાં ફસવા સરખું થયું છે. તે મનમાં પસ્તાયો કે ઉદારતાની ધુનમાં એટલો અસાવધાન કેમ થઇ ગયો. તિરસ્કારની માયા પણ તેની આશાથી અધિક થઇ ગઇ. તે ન સમજ્યો હતો કે, કૃષ્ણચંદ્ર આ રૂપ ધારણ કરશે અને તેથી મારા હૃદય પર આટલો આઘાત થશે. પીડિત હૃદય, તે તિરસ્કાર ચાહે છે, જેમાં સહાનુભૂતિ અને સહૃદયતા હોય; અને નહિં કે જેમાં અપમાનસૂચક અને ક્રૂરતાપૂર્ણ શબ્દો હોય. પાકેલું ફોલ્લું નસ્તરનો ઘા ચાહે છે અને નહિં કે પત્થરનો આઘાત. ગજાધર પોતાના પશ્ચાતાપ પર પસ્તાયો. તેનું મન પોતાના પુર્વપક્ષનું સમર્થન કરવા માટે અધીર થવા લાગ્યું.

કૃષ્ણચંદ્રે ગરજી કરી કહ્યું: "કાં, તમે તેને શા માટે ન મારી નાખી?"

ગજાધરે ગંભીર સ્વરમાં ઉત્તર આપ્યો: "મારૂં હૃદય એટલું કઠોર નહોતું."

કૃષ્ણ: "તો પછી ઘરમાંથી શા માટે કાઢી મૂકી?"

ગજાધર: "માત્ર એટલા માટે જ કે તે સમયે તેનાથી જાન છોડવવાનો બીજો કોઇ ઉપાય નહોતો."

કૃષ્ણચંદ્રે ક્રોધભર્યા મુખે કહ્યું: 'કાં, ઝહેર તો ખાઇ શકતા હતા?"

ગજાધર આ સપાટાથી ધુંધવાઇ બોલ્યો, "વ્યર્થમાં જાન ગુમાવતે!"

કૃષ્ણ: "વ્યર્થ જાન ગુમાવવી તે વ્યર્થ જીવવા કરતાં ઉત્તમ છે."

ગજાધર: "આપ મારા જીવવાને વ્યર્થ નથી કહી શકતા. આપને પંડિત ઉમાનાથે કહ્યું ન હશે પણ મેં એજ યાચનાવૃત્તિથી તેમને શાંતાના વિવાહ માટે ૧૫૦૦) રૂપીઆ આપ્યા છે અને આ વખતે તેમનીજ પાસે આ ૧૦૦૦) રૂપીઆ લઇ જતો હતો કે જેમાંથી તેનો વિવાહ કોઇ બીજા ઠેકાણે કરી દે."

આ કહેતાં કહેતાં ગજાધર ચૂપ થઇ ગયો. તેને અનુભવ થયો કે આ વાતનો ઉલ્લેખ કરી મેં મારી પોતાની હલકાઇનો પરિચય આપ્યો. તેથી તેણે સંકોચથી માથું નીચે ઝુકાવી દીધું.

કૃષ્ણચંદ્રે સંદિગ્ધ સ્વરથી કહ્યું: "તેમણે આ વિષયમાં મારી સાથે કંઇ પણ વાત નથી કરી."

ગજાધર: "એ કોઇ એવી ખાસ વાત નહોતી કે જે તેઓ આપને કહે પણ મેં પ્રસંગવશ કહી દીધી તે માટે ક્ષમા કરશો. મારો અભિપ્રાય કેવલ એ છે કે આત્મઘાત કરી હું સંસારનો કોઇ ઉપકાર ન કરી શકતે. આ કાલિમાએ મને પોતાના જીવનને ઉર્જ્વલ બનાવવા ફરજ પાડી છે. સુતેલા આત્માને જગાડવા માટે આપણી ભૂલો એક પ્રકારની દૈવિક યન્ત્રણાઓ છે જે આપણને સદા માટે સચેત કરી દે છે. શિક્ષા, ઉપદેશ અને સત્સંગ કોઇનાથી પણ આપણા ઉપર તેટલો સુપ્રભાવ નથી પડતો કે જેટલો પોતાની ભૂલોનું પરિણામ જોઇ પડે છે. સંભવિત છે કે આપ એને મારી કાયરતા સમજો પણ તેજ કાયરતા મારા માટે શાંતિ અને સદુદ્યોગની એક અવિરલ ધારા બની ગઇ છે. એક પ્રાણીનો સર્વનાશ કરી આજે હું સેંકડો અભાગિની કન્યાઓનો ઉદ્ધાર કરવા યોગ્ય થયો છું અને મને એ જોઇ અસીમ આનંદ થઇ રહ્યો છે કે એજ સદ્પ્રેરણા સુમનપર પણ પોતાનો પ્રભાવ નાખી રહી છે. મેં મારી ઝુંપડીમાં બેસી કેટલીક વાર તેને ગંગાસ્નાન કરતા જોઇ છે અને તેની શ્રદ્ધા તથા ધર્મ નિષ્ટા જોઇ વિસ્મિત થઇ ગયો છું. તેના મુખ પર શુદ્ધ અંતઃકરણની વિમલપ્રભા દેખાઇ આવે છે. તે પહેલાં કુશળ ગૃહિણી હતી તો હવે પરમ વિદુષી છે અને મને વિશ્વાસ છે કે એક દિવસ તે સ્ત્રી સમાજનો શ્રૃંગાર બનશે."

કૃષ્ણચંદ્રે પહેલાં તો આ વાતોને એવી રીતે સાંભળી કે જેમ કોઇ ચતુર ગ્રાહક વ્યાપારીની અનુરોધ પૂર્ણ વાતોને સાંભળે છે. તે કદિ પણ એ વાત નથી ભૂલતો કે વ્યાપારી તેનાથી પોતાના સ્વાર્થની વાતો કરી રહ્યો છે. પરંતુ ધીરે ધીરે કૃષ્ણચંદ્ર પર આ વાતોનો પ્રભાવ પડવા લાગ્યો. તેને જણાયું કે મેં તે મનુષ્યને કટુવાકય કહી દુઃખ પહોંચાડયું, જે હૃદયથી પોતાની ભૂલ પર લજ્જિત છે અને જેના ઉપકારોના બોજાના નીચે હું દબાયલો છું. અરેરે! હું કેવો કૃતઘ્ન છું. એ સ્મરણ કરી તેના

લોચન સજલ થઇ ગયાં. સરલ હૃદયી મનુષ્ય, મીણની માફક જેટલી શીઘ્રતાથી કઠોર થઇ જાય છે તેટલીજ શીઘ્રતાથી પીગળી પણ જાય છે.

ગજાધરે તેના મુખ તરફ કરૂણ નેત્રોથી જોઇ કહ્યું: "આ સમયે આપ યદિ એક અતિથિને ત્યાં અતિથિ બની જાઓ તો ઠીક થાય. પ્રાત:કાળે હું આપની સાથે ચાલીશ. આ કમ્મલથી આપને ઠંડી ન પડશે."

કૃષ્ણચંદ્રે નમ્રતાથી કહ્યું: "કમ્મલની આવશ્યકતા નથી, અહિં લેટી રહીશ."

ગજાધર: "આપ સમજતા હશો કે મારો કમ્મલ ઓઢવામાં આપને દોષ લાગશે પરંતુ આ કમ્મલ મારો નથી. મેં તેને અતિથિ સત્કાર માટેજ રાખી મેલ્યો છે."

કૃષ્ણચંદ્રે અધિક આપત્તિ ન કરી. તેને સર્દી લાગી રહી હતી. કમ્મલ ઓઢી લેટી ગયો. અને તરતજ નિદ્રામાં મગ્ન થઇ ગયો. પણ તે શાંત્તિદાયિની નિંદ્રા નહોતી. તેની વેદનાઓનું દિગ્દર્શન માત્ર હતી. તેણે સ્વપ્ન જોયું, કે તે પોતે તે જેલખાનામાં મૃત્યુ શય્યાપર પડયો છે: અને જેલનો દારોગો તેની તરફ ઘૃણિત ભાવથી જોઇ કહી રહ્યો છે, કે તારો છુટકારો હવે નહિ થાય. એટલી વારમાં ગંગાજલી અને તેના પિતા બન્ને આવી ખાટલા પાસે ઉભા થઇ ગયા. તેમના મ્હોં વિકૃત હતા અને તેમનાપર કાલિમા લાગેલી હતી. ગંગાજલીએ રડતા કહ્યું: "તમારા કારણે અમારી આ દુર્દશા થઇ રહી છે." પિતાએ ક્રોધયુક્ત નેત્રોથી જોતાં કહ્યું: "શું અમારી કાલિમાજ તારા જીવનનું ફળ થશે, શું તે માટેજ તને જન્મ આપ્યો હતો? હવે આ કાલિમા કદિ પણ અમારા મુખ પરથી ન છુટશે. અમે અનંત કાળ સુધી આ યંત્રણા ભોગતા રહેશું. તેં કેવળ ચાર દિવસ જીવિત રહેવા માટે અમને આ કષ્ટ આપ્યું છે પણ અમે આજ પળે તારા પ્રાણ હરી લેશું." આમ કહેતાં તેઓ કુહાડી લઇ તેના પર ધસ્યા.

પંડિત કૃષ્ણચંદ્રની આંખો ઉઘડી ગઇ. તેની છાતી ધ્રૂજી રહી હતી. સુતી વખતે તે ભૂલી ગયો હતો કે હું કયાં કાર્ય માટે ઘેરથી નીકળ્યો હતો. આ સ્વપ્ને તેનું સ્મરણ કરાવી દીધું. તેણે પોતાને ધીક્કાર્યો કે હું કેવો કર્તવ્યહીન છું. તેને નિશ્ચય થયો કે એ સ્વપ્ન નહિ પણ આકાશવાણી છે.

ગજાધરના કથનની અસર ધીરે ધીરે તેના હૃદયમાંથી દૂર થવા લાગી. સુમન ભલે હવે સતી થઇ જાય કે સાધ્વી પણ તેથી તે કાલિમા તો નહિ જાય. જે તેણે મારા મુખમાં લગાડી દીધી છે. આ મહાત્મા કહે છે કે પાપમાં સુધરવાની બહુ શક્તિ છે. પણ તે શક્તિ મને તો કયાં નથી દેખાતી. મેં પણ પાપ તો કર્યાં છે પણ કદિ આ શક્તિનો અનુભવ નથી કર્યો. કંઇ નહિ એ બધી એની શબ્દ જાળ છે. એણે પોતાની કાયરતાને શબ્દોનાં આડંબરમાં છૂપાવી છે. એ મિથ્યા છે, પાપથી પાપજ ઉત્પન્ન થશે, જો પાપથી પુણ્ય ઉત્પન્ન થાત તો આજે સંસારમાં કોઇ પણ પાપી ન રહી જાત.

આમ વિચારતો તે ઉઠી બેઠો થયો. ગજાધર પણ અગ્નિ પાસે પડયો હતો. કૃષ્ણચંદ્ર ચુપચૂપ ઉઠયો અને ગંગાતટ તરફ જવા લાગ્યો. તેણે નિશ્ચય કર્યો હતો કે આ વેદનાઓનો હવે અંતજ લાવી દઇશ.

ચંદ્રમા અસ્ત થઇ ચૂકયો હતો. ધુમ્મસ વધારે ગાઢ થઇ ગયો. અંધકારે વૃક્ષ, પહાડ અને આકાશમાં કંઇ ફેર ન રહ્યો. કૃષ્ણચંદ્ર એક નાની પગવાટપર ચાલતો હતો પરંતુ નજર કરતાં અનુમાનથી વધારે કામ લેવું પડતું હતું. પત્થરના ટુકડાઓથી અને ઝાડિઓથી બચવામાં તે એટલો લીન થઇ રહ્યો હતો કે પોતાની અવસ્થાનું ધ્યાન ન રહ્યું.

નદિ કિનારે પહોંચતાં તેને કંઇક પ્રકાશ દેખાયો. તે નીચે ઉતર્યો. ગંગા ધુમ્મસની મોટી ચાદર ઓઢી આહ ભરી રહી હતી. આસપાસના અંધકાર અને ગંગામાં કેવળ પ્રવાહનો અંતર હતો. આ પ્રવાહિત અંધકાર હતો. એવી ઉદાસી છવાયલી હતી જે મૃત્યુ બાદ ઘરોમાં છવાઇ જાય છે.

કૃષ્ણચંદ્ર નદીના કિનારે ઉભો. તેણે વિચાર કર્યો, હાય! હવે મારો અંત કેટલો નિકટમાં છે. એક પળમાં આ પ્રાણ ન જાણે કયાં ચાલ્યા જશે. ન જાણે ત્યાં શું ગતિ થશે. સંસારથી આજે સંબંધ તૂટે છે! પરમાત્મન્ હવે તમારા શરણમાં આવું છું, મારાપર દયા કરો, ઇશ્વર! મને સંભાળો.

તે પછી તેણે એક પળ પોતાના હૃદયમાં બળનો સંચાર કર્યો. તેને જણાયું કે હું નિર્ભય છું. તે પાણીમાં ચાલ્યો. પાણી બહુ થંડુ હતું. કૃષ્ણચંદ્રનું આખું શરીર કંપી

ઉઠયું. તે કાંપતા ચાલ્યો ગયો. ગળાં સુધી પાણીમાં પહોંચી તેણે ફરી એકવાર વિરાટ–તિમિરને જોયું. આ સંસારપ્રેમરૂપી સાંકળની અંતિમ કડી હતી. એ મનોબળની અને આત્માભિમાનની અંતિમ પરીક્ષા હતી. હજી સુધી તેણે જે કંઇ કર્યું હતું તે માત્ર આજ પરીક્ષાની તૈયારી હતી. ઇચ્છા અને માયાનો આ અંતિમ સંગ્રામ હતો. માયાએ પોતાની સંપૂર્ણ શક્તિથી પોતાની તરફ ખેંચ્યો. સુમન વિદુષીનાં વેશમાં દ્રષ્ટિ-ગોચર થઇ, શાંતા શોકની મૂર્તિ બની સામે આવી. હજી શું બગડી ગયું છે? કાં સાધુ ન થઇ જાઉં? હું એવો તે કયો મોટો માણુસ છું કે સંસાર મારા નામ અને મર્યાદાની ચર્ચા કરશે. એવી ન જાણે કેટલીએક કન્યાઓ નિત્ય પાપનાં પંજામાં ફસે છે. સંસાર કોની પરવા કરે છે. હું મૂર્ખ છું કે એ વિચારૂં છું કે સંસાર મારી હાંસી કરશે. ઇચ્છા–શક્તિએ ઘણુંએ ઇચ્છયું કે આ તર્કનો પ્રતિવાદ કરે પણ તે નિષ્ફળ ગયું. એક ડૂબ-કીની કસર હતી. જીવન અને મૃત્યુ વચ્ચે માત્ર એક પગલાંનો અંતર હતો. પાછળનું એક પગલું કેટલું સુલભ અને કેટલું સરલ! આગળનું એક પગલું કેટલું કઠિન હતું, કેટલું ભયંકાર!

કૃષ્ણચંદ્રે પાછા ફરવા માટે પગ ઉપાડયો. માયાએ પોતાની વિલક્ષણ શક્તિનો ચમત્કાર દેખાડી દીધો હતો. વાસ્તવમાં એ સંસાર–પ્રેમ નહોતો; એ અદ્રશ્યનું ભય હતું.

તે સમયે કૃષ્ણચંદ્રને અનુભવ થયો કે હું હવે પાછો ફરી શકું તેમ નથી. તે ધીરે ધીરે સ્વયં આગળ ખસકયો જતો હતો. તેણે જોરથી ચીસ પાડી; પોતાના શીત–શિથિલ પગોને પાછળ હટાવવા પ્રબલ પ્રયત્ન કર્યો પરંતુ કર્મની ગતિ, તે આગળજ ખસકયો.

અકસ્માત તેના કાનોમાં ગજાધરના પુકા-રવાનો અવાજ આવ્યો. કૃષ્ણચંદ્રે બૂમ પાડી ઉત્તર આપ્યો. પરંતુ મ્હોંમાંથી પૂરી વાત પણ નિકળવા નહોતી પામી, કે તે હવાથી બુઝાઈ જઇ અંધકારમાં લીન થઇ જતા દીપકની માફક; લહેરોમાં મગ્ન થઇ ગયો. શોક, લજ્જા અને ચિંતાથી તૃપ્ત હ્રદયનો દાહ શીતલ જળમાં શાંત થઈ ગયો.

ગજાધરે માત્ર આ શબ્દ સાંભળ્યા. "હું અંહિ ડૂબી જાઉં છું." અને પછી લહેરોના પૈશાચિક ધ્વનિ સિવાય બીજું કંઇ પણ સાંભળવામાં ન આવ્યું.

શોકાકુળ ગજાધર ઘણી વાર સુધી તટ પર ઉભો રહ્યો. તે જ શબ્દો ચોમેરથી તેના સાંભળવામાં આવતા હતા. પાસેના ડુંગરો અને સામેની લહેરો અને ચારે તરફ છવાયલો દુર્ભેદ્ય અંધકાર આજ શબ્દોથી પ્રતિધ્વનિત થઇ રહ્યો હતો.

પ્રકરણ ૪૩ મું.

પ્રાતઃકાળે આ શોક સમાચાર અમોલામાં ફેલાઇ ગયા. પરંતુ ગણ્યા ગાંઠયા સજ્જનોને બાદ કરતાં કોઇપણ ઉમાનાથના દ્વારપર શોક પ્રકટ કરવા ન આવ્યું. જો સ્વાભાવિક મૃત્યુ થયું હોત તો તો સંભવિત છે કે તેના શત્રુ પણ આવી ચાર આંસૂ પાડી જાત પણ આત્મઘાત એક ભયંકર મુશ્કેલીની વાત છે કારણ કે અહિં પોલિસનો અધિકાર છે તેથી આ વખતે મિત્રવર્ગે પણ શત્રુના જેવો વ્યવહાર કર્યો.

ઉમાનાથને ગજાધરે જે સમયે આ સમાચાર કહ્યા ત્યારે તેઓ કુવાપર નહાતા હતા. તેમને લેશ માત્ર પણ દુઃખ કે કુતુહલ ન થયો. તેના બદલે ઉલટાં તેમને કૃષ્ણચંદ્રપર ક્રોધ આવ્યો કારણકે પોલીસની હાથકડીઓની શંકાએ શોકને પણ દબાવી દીધો. તેમને તે દિવસે સ્નાન ધ્યાનમાં બહુજ વિલંબ થયો. સંદિગ્ધ ચિત્તને પોતાની પરિસ્થિતિના વિચારથી અવકાશ નથી મળતો તે સમયે જ્ઞાન રહિત થઇ જાય છે.

જાન્હવીએ જબરો હાહાકાર મચાવ્યો. તેને રડતા જોઇ તેની બે પુત્રીઓ પણ રોવા લાગી. આસપાસની પાડોસણો સમજાવવા માટે આવી ગઇ. તેમને પોલિસનો ભય નહોતો. પણ તે આર્તનાદ શીઘ્ર સમાપ્ત થઇ ગયો. પછી કૃષ્ણચંદ્રના ગુણદોષની વિવેચના થવા લાગી. સર્વેની સંમતિથી નક્કી થયું કે તેનામાં ગુણની માત્રા દોષ કરતા બહુજ અધિક હતી. બપોરે જ્યારે ઉમાનાથ ઘરમાં શરબત પીવા આવ્યા અને કૃષ્ણચંદ્રના સંબંધમાં કંઇક અનુદારતાનો પરિચય આવતાં તો જાન્હવીએ તેમની તરફ વક્ર નેત્રોથી જોઈ કહ્યુ: "કેવી તુચ્છ વાતો કરો છો."

ઉમાનાથ લજ્જિત થઇ ગયા. જાન્હવી પોતાના હાર્દિક આનંદનુ સુખ એકલીજ ભોગવી રહી હતી. આ ભાવને તે એટલો તુચ્છ અને નીચ સમજતી હતી કે તે ઉમા-નાથથી ગુપ્ત રાખવા ચાહતી હતી. સાચો શોક શાંતા સિવાય બીજા કોઇને પણ ન થયો.

યદ્યપિ પોતાના પિતાને તે સામર્થ્યહીન સમજતી હતી તથાપિ સંસારમાં તેના જીવનનો આધાર મોજૂદ હતો. પોતાના પિતાની હીનાવસ્થાજ તેની પિતૃભક્તિનું કારણ હતી. હવે તે સર્વથા નિરાધાર થઇ ગઇ. પરંતુ નિરાશાએ તેના જીવનને ઉદ્દેશ્યહીન થવા ન દીધું. તેનું હૃદય વધારે કોમળ થઇ ગયું. કૃષ્ણચંદ્રે જતાં જતાં તેને જે શિક્ષા આપી હતી તેમાં હવે વિલક્ષણ પ્રેરણાશક્તિનો પ્રાદુર્ભાવ થઈ ગયો હતો. આજથી શાંતા સહિષ્ણુતાની મૂર્તિ બની ગઇ. વરસાદના અંતિમ બૂંદોની માફક મનુષ્યની વાણીના અંતિમ શબ્દ કદિ પણ નિષ્ફળ નથી થતા. શાંતા હવે મ્હોંમાંથી કોઇ એવો શબ્દ નથી કાઢતી કે જેથી તેના પિતાના આત્માને દુઃખ થાય. તેના જીવનકાળમાં કદિ કદિ તે તેની ટીકા કરતી હતી પરંતુ હવે તે અનુદાર વિચારોને હૃદયમાં પ્રવેશવા પણ દેતી નહોતી. તેને નિશ્ચય હતો કે ભૌતિક શરીરથી મુક્ત આત્મા માટે અંતર અને બાહ્યમાં કોઇ ભેદ નથી. યદ્યપિ તે હવે જાન્હવીને સંતુષ્ટ રાખવાના નિમિત્તે તે જે કંઇ કહેતી તે કરતી પરંતુ જાન્હવી દિવસમાં બે ચાર વખત અવશ્ય તેને ઉલટી સીધી સંભળાવતી. શાંતાને ક્રોધ આવતો પણ તે વિષનો ઘૂંટ પી જતી. તે એકાંતમાં પણ ન રોતી. તેને ભય હતો કે પિતાજીનો આત્મા મારા રડવાથી દુઃખી થશે. હોળીના દિવસે ઉમાનાથ પોતાની બે દિકરીઓ માટે ઉત્તમ સાડીઓ લાવ્યા. જાન્હવીએ પણ રેશમી સાડી કાઢી, પરંતુ શાંતાને પોતાની જુની ધોતી જ પહેરવી પડી. તેનું હૃદય દુઃખથી વિદીર્ણ થઇ ગયું. પણ તેનું મુખ જરાપણ મલિન ન થયું. બંને બ્હેનો મ્હોં ચઢાવી બેઠી હતી કે સાડિઓમાં ગોટ લગાડવામાં નથી આવી ત્યારે શાંતા પ્રસન્ન વદને ઘરનું કામકાજ કરી રહી હતી એટલે સુધી કે જાન્હવીને પણ તેના પર દયા આવી ગઇ. તેણે પોતાની એક જુની સાડી કાઢી શાંતાને આપી. શાંતાએ જરા પણ માન ન કર્યું. તે તે પહેરી ફરી પકવાન બનાવવામાં નિમગ્ન થઇ ગઇ.

એક દિવસ શાંતા ઉમાનાથનું ધોતીયું સુકાવવાનું ભૂલી ગઇ. બીજા દિવસે પ્રાતઃકાળે તે ભીનું પડયું હતું. તે જોઇ તેઓ કંઇ ન બોલ્યા પણ જાન્હવીએ શાંતાને એટલી ધમકાવી કે તે રડી પડી. રડતાં રડતાં તે ધોતીયું પણ નીચોવતી જતી હતી. ઉમાનાથને આ જોઇ બહુ દુઃખ થયું, તેમણે મનમાં વિચાર્યું: કેવળ પેટની રોટીઓ માટે અહિં આ અનાથાને આટલો કષ્ટ આપીએ છિયે પણ ઇશ્વરને ત્યાં શું જવાબ આપશું? જાન્હવીને તો તેમણે કંઇ ન કહ્યું પણ મનમાં નિશ્ચય કર્યો કે શીઘ્ર આ અત્યાચારનો અંત લાવવો જોઇએ. મૃતક સંસ્કારોથી નિવૃત્ત થઇ ઉમાનાથ આજ કાલના મદનસિંહ પર મુકદ્દમો માંડવાના પ્રબંધમાં મગ્ન હતા. વકીલોએ તેમને પૂર્ણ વિશ્વાસથી કહ્યું હતું કે વિજય તમારો થશે. પાંચ હજાર રૂપીઆ મળવાથી મારૂં કેટલું કલ્યાણ થશે. આ કલ્યાણકામના ઉમાનાથને આનંદોન્મત કરી દેતી હતી; આ કલ્પનાએ તેમની શુભાકાંક્ષાઓને જાગૃત કરી દીધી હતી. નવું ઘર બંધાવવાના મનસુબા બંધાતા હતા. તે ઘરનું ચિત્રપટ હૃદય પર દોરાઇ ગયું હતું. તેના માટે યોગ્ય સ્થાનની વાતચીત શરૂ પણ થઇ ગઇ હતી. આ આનંદ કલ્પનાઓમાં શાંતાની શુદ્ધિ પણ રહી નહોતી. જાન્હવીના આ અત્યાચારે તેમને શાંતાની તરફ આકર્ષિત કર્યો.

ગજાધરે આપેલા હજાર રૂપીઆ જે તેમણે મુકદ્દમાના ખરચ માટે અલગ રાખી દીધા હતા તે ઘરમાં મોજુદ હતા. એક દિવસે તેમણે જાન્હવી સાથે આ વિષયમાં કંઇ વાતચીત કરી. એક સ્થળે એક સુયોગ્ય વર મળવાની આશા હતી. શાંતાએ આ વાત સાંભળી અને મુકદ્દમાની વાતચીત પણ સાંભળી. તેને દુઃખ તો થયું હતું પણ તેમાં ખટપટ કરવી તેને અનુચિત્ત લાગતી હતી. પણ વિવાહની વાત સાંભળી તે ચુપ ન રહી શકી. એક પ્રબલ પ્રેરકશક્તિએ તેની લજ્જા અને સંકોચને હટાવી દીધા. જેવા ઉમાનાથ ચાલ્યા ગયા કે તે જાન્હવી પાસે જઇ બોલી: "મામા હમણા તમને શું કહેતા હતા ?" જાન્હવીએ અસંતોષના ભાવથી ઉત્તર આપ્યો: "કહે શું? પોતાના દુઃખો રોતા હતા. અભાગિની સુમને આ બધું કર્યું. નહિ તો આવું કુળ અને આવો સુંદર વર તે કયાંથી મળે ? થોડે દુર એક ગામ છે ત્યાં એક વર જોવા ગયા હતા." શાંતાએ ભૂમિ તરફ તાકતા ઉત્તર આપ્યો: "શું હું તમને એટલું કષ્ટ આપું છું કે મને કયાંક પણ નાંખી દેવાની જબરી કરવા જેવી જરૂર પડી છે? તમે મામાને કહી દેશો કે તેઓ મારા માટે વ્યર્થ કષ્ટ ન ભોગવે."

જાન્હવી: "તું તેમની વ્હાલી ભાણેજ છો તેથી તારૂં દુઃખ તેમનાથી દેખાતું નથી. મેં પણ તેમને એજ કહ્યું હતું કે હમણાં રહેવા દો. જ્યારે મુકદ્દમાના રૂપીઆ હાથ આવી જાય ત્યારે નિશ્ચિંત થઇ કરશો પણ તેઓ મારૂં માને ત્યારે ને ?"

શાંતા: "મને ત્યાં શા માટે નથી પહોંચાડી દેતા ?"

જાન્હવીએ વિસ્મિત થઇ પૂછ્યું: "ક્યાં ?"

શાંતાએ સરલ ભાવથી ઉત્તર વાળ્યો: "જોઇએ તો ચુનાર ને જોઇએ તો કાશી."

જાન્હવી: "કેવી બચ્ચાઓના જેવી વાતો કરે છે. જો એવું હોત તો આ તોફાનજ શા માટે ! તે લોકને તને ઘરમાં રાખવી હોત તો આ ઉપદ્રવ શા માટે મચાવતે ?"

શાંતા: "વહુ બનાવી ન રાખશે તો દાસી બનાવી તો રાખશે !"

જાન્હવીએ નિર્દયતાથી કહ્યું: "તો ચાલી જા, કોણ તને રોકે છે ? તારા મામાથી એમ કદિ પણ નથી બનવાનું કે તેઓ તને માથે ચડાવી તેમને ત્યાં લઇ જઇ ત્યાં પોતાનું અપમાન કરાવી તને પાછી અહિં લઇ આવે ! તેઓ તો એ લોકોના મ્હોં પર તમાચો મારી રૂપીઆ વસુલ કરશે."

શાંતા: "મામી, તે લોકો જોઈએ તેવા હોય પરંતુ હું તેમના દ્વારે જઇ ઉભી રહીશ તો તેમને મારાપર પર અવશ્ય દયા આવી જશે. મને વિશ્વાસ છે કે તે મને દ્વાર પરથી હટાવી ન દેશે. પોતાનો વેરી પણ જો દ્વાર પર આવી જાય તો તેને ભગાડતાં સંકોચ થાય છે. તો હું તો......"

જાન્હવી અધીર થઇ ગઇ. આ નિર્લજ્જતા તેનાથી સહન ન થઇ. તે વાત કાપી બોલી: "મ્હોં તો સંભાળ ! લાજ શરમ તો જાણે તને અડકીએ નથી. માન ન માન પણ હું તો તારો મહેમાન. હું તો જે મને ઝાંખીનેએ ન જુએ તે ભલે મારો શેઠ કાં ન હોય તોય તેની તરફ આંખ ઉંચી કરીનેએ ન જોઉં. મારી તો એ ટેક છે. હવે તો તે લોકો અહિં આવી નાક ઘસણી કરે તો પણ તારા મામા તેમને દૂરથીજ રવાના કરી દે."

શાંતા ચૂપ થઇ ગઇ. સંસાર ભલે તેને જેઇએ તે સમજે પણ તે તો પોતાને વિવાહિતાજ સમજતી હતી. એક વિવાહિતા કન્યાનો બીજાના ઘરે વિવાહ થાય એ તેને અત્યંત લજ્જાજનક અને અ[illegible] પ્રતીત થતું હતું. જાન આવવાના એક માસ પહેલાંથી તે સદનના રૂપગુણની પ્રશંસા સાંભળી સાંભળી તેને હાથ જાણે વેચાઇ ગઇ હતી. તેણે પોતાના દ્વારપર, દ્વારાચારના સમયે, સદનને તે દૃષ્ટિથી જોયો હતો જેમ કોઇ સ્ત્રી પોતાના પુરૂષને જોય છે પણ એવી રીતે નહિ કે તે કોઇ અપરિચિત મનુષ્ય છે. હવે કોઇ બીજા પુરૂષની કલ્પના તેના સતીત્વ પર લાંછન સમાન લાગતી હતી. તે આટલા દિવસ સદનને પોતાનો પતિ સમજ્યા પછી તેને હૃદયમાંથી કાઢી શકતી નહોતી, તેને ભૂલી શકતી નહોતી. તે હવે તેનો પતિ હતો. ભલે તે તેની પૂછા કરે કે ન કરે. ચાહે તેનો અંગીકાર કરે કે ન કરે. જો દ્વારાચાર પછી સદન તેની સામે આવતે તો તે તેવીજ રીતે તેનાથી સાક્ષાત વર્તતે કે જાણે તે તેનો પતિ છે. ચોરી ફેરા અથવા સિંદુર બંધન બીજું કંઈ નથી, કેવળ મનનો ભાવ છે.

શાંતાને હજી સુધી એ આશા હતી કે ક્યારે ને ક્યારે હું પતિના ઘેર અવશ્ય જઇશ અને સ્વામીના ચરણોમાં અવશ્ય આશ્રય પ્રાપ્ત કરીશ. પરંતુ આજે પોતાના વિવાહની–પુનર્વિવાહની–વાત સાંભળી તેનું અનુરક્ત હૃદય કંપી ઉઠ્યું. તેણે નિ:સંકોચ થઇ જાન્હવીને વિનંતિ કરી કે મને પતિને ઘેર મોકલી આપો. તેનું સામર્થ્ય એટલીજ હદ સુધી હતું. તે સિવાય તે બીજું શું કરી શકી હતી ? પણ જાન્હવીની નિર્દયતાપૂર્ણ ઉપેક્ષાને જોઇ તેનું ધૈર્ય હાથથી જતું રહ્યું. મનની ચંચળતા વધવા લાગી. રાતના જ્યારે સર્વ સુઇ ગયા ત્યારે તેણે પદ્મસિંહને એક વિનય પત્ર લખવો શરૂ કર્યો. એ તેનું અંતિમ સાધન હતું. એનાં નિષ્ફળ નિવડવા પછી તેણે પોતાના કર્તવ્યનો નિશ્ચય કરી લીધો હતો.

પત્ર શીઘ્ર સમાપ્ત થઇ ગયો. તેણે પહેલાંથીજ કલ્પનામાં તેની રચના કરી લીધી હતી. માત્ર લખવાનું બાકી હતું:

"પુજ્ય ધર્મપિતાના ચરણકમલોમાં. સેવિકા શાંતાના પ્રણામ સ્વીકારશો. હું બહુજ દુઃખમાં છું, મારા પર દયા કરી આપના ચરણોમાં આશ્રય આપો. પિતાજી ગંગામાં ડૂબી ગયા. અહિં આપ લોકો પર મુકદ્દમો ચલાવવાનો પ્રસ્તાવ થઇ ગયો છે. મારા પુનર્વિવાહની વાતચીત થઇ રહી છે. શીઘ્ર મારો ઉદ્ધાર કરશો. એક સપ્તાહ સુધી આપની વાટ

જોઇશ. તે પછી આપ આ અબળાનો પુકાર સાંભળી ન શકશો.”

એટલી વારમાં જાન્હવીની આંખો ઉઘડી. વીંછીઓએ આખા શરીરમાં ડંખ માર્યા હતા. ખંખુસતાં ખંખુસતાં બોલી: “શાંતા, આ શું કરી રહી છે?”

શાતાએ નિર્ભય થઇ કહ્યું: “પત્ર લખું છું.”

“કોને?”

“મારા સસરાને.”

“ડૂબી નથી મરતી?”

“સાતમે દિવસે ડૂબી મરીશ.”

જાન્હવીએ કંઇ પણ ઉત્તર ન આપ્યો. ફરી સુઇ ગઈ. શાંતાએ પરબીડિયા પર ઠેકાણું લખ્યું અને તેને પોતાની કપડાંની ગઠડીમાં રાખી લેટી ગઇ.

પ્રકરણ ૪૪ મું.

પદમસિંહનું પહેલું લગ્ન જયારે તેઓ કોલેજમાં ભણતા હતા ત્યારે થયું હતું અને જયારે તેઓ એફ. એ. પાસ થયા ત્યારે તો એક પુત્રના પિતા પણ થયા હતા. પણ બાલ–વહુ શિશુપાલનનું મર્મ જાણતી ન હોતી. બાલક જન્મ વખતે તો રૂષ્ટપુષ્ટ હતું પરંતુ ધીરે ધીરે ક્ષીણ થવા લાગ્યું તે એટલે સુધી કે ૭ મહીનામાં તો પુત્ર અને માતા બન્ને સંસાર છોડી ગયાં. પદમસિંહે નિશ્ચય કર્યો કે હવે વિવાહ ન કરીશ. પરંતુ વકિલાત પાસ કરવા પછી તેમને ફરી વિવાહના બંધનમાં ફસાવું પડયું. સુભદ્રા રાણી વધૂ બનીને આવી તેને આજે સાત વર્ષ થવા આવ્યાં છે.

પહેલાં બે ત્રણ વર્ષ સુધી તો પદમસિંહને સંતાનનું ધ્યાન પણ ન આવ્યું અને જો પત્ની કદિ એ વાતની ચર્ચા કરતી તો તે ઉડાવી દેતા. કહેતા કે મને સંતાનની ઇચ્છા નથી. મારાથી એ બોજો સંભાળાશે નહિ. હજી સુધી તેમને સંતાનની આશા હતી એટલે અધીરા નહોત થતા.

પરંતુ જ્યારે ચોથું વર્ષ પણ એમજ વીતી ગયું ત્યારે તેમને થોડી નિરાશા થવા લાગી. મનમાં ચિંતા ઉપસ્થિત થઇ કે શું ખરેખર હું નિઃસંતાન રહીશ? જેમ જેમ દિવસ વીતતા હતા તેમ તેમ એ ચિંતા વધતી જતી હતી. તેમને વેહ પોતાનું જીવન કંઇક શૂન્ય ભાસવા લાગ્યું. સુભદ્રા પર પહેલાં જે પ્રેમ હતો તે હવે ન રહ્યો. સુભદ્રા તે વાત સમજી ગઇ. તેને દુઃખ તો થયું પણ એ પોતાના કર્મોનું ફળ સમજી સંતોષ રાખ્યો.

પદમસિંહ પોતાને બહુ સમજાવતા કે સંતાન પ્રાપ્ત કરી શું કરવું છે. જન્મથી કરી પચ્ચીસ વર્ષના આયુષ્ય સુધી તેને પાળો પોષો, ખવરાવો, શીખાવો, ભણાવો તે છતાં પણ એ શંકા રહ્યા કરે છે કે કયાંક છોકરો મરી જતાં તો તેના નામને બેસી રડવાનું. અને કદાચ આપણે મરી ગયા તો તેની જીંદગી નષ્ટ થઇ ગઇ. માટે એ સુખ આપણને નથી જોઇતું. પણ આ વિચારોથી મનને શાંતી નહોતી થતી. તેઓ સુભદ્રાથી પોતાના ભાવોને છૂપાવવાની કોશેશ કરતા હતા. અને તેને નિર્દોષ સમજી પૂર્વવત પ્રેમ કરવા ચાહતા હતા; પણ હૃદય પર નિરાશાનો અંધકાર છવાયલો હોય તો મુખ પર પ્રકાશ કયાંથી આવે. સાધારણ બુદ્ધિનો મનુષ્ય પણ કહી શકે છે કે સ્ત્રી પુરૂષની વચ્ચે કંઇ ને કંઇ અંતર છે. આનંદની વાત એ હતી કે સુભદ્રા તરફથી પતિપ્રેમ અને સેવામાં કંઇ ઓછપ નહોતી પરંતુ દિવસે દિવસે તેમાં વધારે કોમળતા આવતી હતી. તે પોતાના પ્રેમાનુરાગથી સંતાન લાલસાને દબાવવા ચાહતી હતી પરંતુ, આ વિકટ કાર્યમાં કોઇ માણસ રોગીને ગીતોથી આરામ કરવામાં જેટલો સફળ થાય તેથી અધિક સુભદ્રા સફળ ન થઇ. ગૃહ–વ્યવહારની નાની નાની વાતોમાં, જે અનુચિત હોતાં પણ પતિ સાંભળી ચૂપ રહેતા તેથી તેને સદૈવ દબાવવુ પડતું હતું. અને જ્યારથી સદન અહિં રહેવા લાગ્યો ત્યારથી તેની પાછળ ઘણીએ વાર તિરસ્કૃત થવું પડયું હતું. સ્ત્રી પોતાના પતિના હાથે બરછીનો ઘા સહી શકે છે પરંતુ કોઇ બીજાની રજપણ તીવ્ર દ્રષ્ટિએ તેને માટે અસહ્ય થઇ જાય છે. સદન સુભદ્રાની આંખોમાં કાંટાની માફક ખટકતો હતો. અંતે ગઇ કાલે તે પોતાને સંભાળી ન શકી. ગરમી સખ્ત હતી. રસોઇ બનાવનારી કારણસર આવી નહોતી એટલે સુભદ્રાને ભોજન તૈયાર કરવું પડયું. તેણે પદમસિંહ માટે ફુલકાઓ બનાવ્યાં અને ગરમીથી વ્યાકુળ હોવાના કારણે સદન માટે મોટી રોટલીઓ બનાવી લીધી. પદમસિંહ ભોજન કરવા બેઠા, ત્યારે તેમની નજર સદનની થાળીમાં પડેલી મોટી રોટલીઓ પર પડી. ક્રોધથી પોતાના ફુલકાઓ તેની થાળીમાં મૂકી દીધા અને રોટલીઓ પોતાની

થાળીમાં મૂકી દીધી. સુભદ્રાએ તપી જઈ થોડાં કટુ વાક્ય કહ્યાં, પદમસિંહે પણ તેના તેવાજ ઉત્તર આપ્યા. ફરી પ્રત્યુત્તર માટે પ્રશ્નોની વારી આવી. તે એટલે સુધી કે તેઓ એકદમ તપી જઈ ચોકામાંથી ઉઠી બહાર આવ્યા. સુભદ્રાએ મનાવણી ન કરી. તેણે પણ રસોઈ કાઢી નાંખી અને જઈને સૂઈ રહી. પરંતુ હજી સુધી બન્નેમાંથી એકનો ક્રોધ પણ શાંત ન થયો. આજે રસોયણે રસોઈ બનાવી પણ પદમસિંહે કે સુભદ્રાએ ખાધું નહિ. સદન વારંવાર બન્નેની ખુશામદ કરી રહ્યો હતો. પરંતુ એક તરફથી એ ઉત્તર મળતો કે હમણા ભૂખ નથી અને બીજી તરફથી જવાબ મળતો કે: "ખાઈ લઈશ! ખાધા વગર કંઈ થોડુંજ ચાલવાનું છે અને એ વગર ચાલી જતે તો કોઈની ધમકી શા માટે સહન કરવી પડતે?" આશ્ચર્ય એ હતું કે સદન સાથે સુભદ્રા હસી હસી વાતો કરતી હતી જોકે તેજ આ કલહનું અસલ કારણ હતું. મૃગલો બરાબર જાણતો હતો કે ટટ્ટીની આડમાંથી આવનાર તીર એ વાસ્તવમાં શિકારીની માંસ તૃષ્ણા અથવા તો મૃગયા પ્રેમ છે.

ત્રીજો પ્રહર થઈ ગયો હતો. પદમસિંહ નિદ્રા કરી ઉઠયા હતા અને આલસ્યથી અંગ મરોડી રહ્યા હતા. તેમનું હૃદય સુભદ્રા પ્રતિ અનુદાર, અપ્રિય અને દગ્ધકારી ભાવોથી મલિન થઈ રહ્યું હતું. સુભદ્રા સિવાય તેઓ પ્રાણી માત્રથી સહાનુભૂતિ કરવા તૈયાર બેઠા હતા. આ વખતે ટપાલીએ એક નોટપેડ કાગળ તેમને આપ્યો. તેમણે ટપાલી તરફ અપ્રસન્નતાની દ્રષ્ટીથી જોયું. જાણે નોટપેડ કાગળ લાવી તેણે અપરાધજ કર્યો હોય. પહેલાં તો તેમને ઇચ્છા થઈ કે તે પાછો ફેરવી દે, કારણકે કદાચ કોઈ હરિદ્ર અસીલ તરફનો હોઈ તેણે તેમાં પોતાની વિપત્તિ રડી હશે. પણ ફરી કંઈક વિચારી પરબીડીયું લઈ લીધું અને ઉઘાડી વાંચવા લાગ્યા તે શાંતાનો પત્ર હતો. તેને એક વાર વાંચી મેજ પર મૂકી દીધો. એક ક્ષણ પછી ફરી ઉપાડી તેને વાંચવા લાગ્યા અને ઓરડામાં ફરવા લાગ્યા. આ વખતે જો મદનસિંહ ત્યાં હોત તો તે પત્ર તેમને બતાવતે અને કહેતે કે: આ આપની કુળ મર્યાદાના અભિમાનનું અને લોકનિંદાના ભયનું ફળ છે. આપે એક મનુષ્યનો પ્રાણ ઘાત કર્યો. તેની હત્યા આપને માથે પડશે. મુકદ્દમાની વાત વાંચી પદમસિંહને એક પ્રકારનો આનંદ થયો. આ મુકદ્દમો જો માંડવામાં આવે તો બહુજ સારૂં થાય જેથી એમની કુલીનતાનો ગર્વ ધૂળમાં મળે. ઉમાનાથની ડીક્રી અવશ્ય થશે, અને ત્યારેજ ભાઈ સાહેબને જણાશે કે કુલીનતા કેટલી મોંઘી વસ્તુ છે. હાય, તે અબળા કન્યાના હૃદય પર શું શું વીતી રહ્યું હશે. પદમસિંહે ફરી તે પત્ર વાંચ્યો, તેમને તેમાં પોતાના પ્રતિ શ્રદ્ધાનો એક સ્રોત વહેતો જણાયો, જેણે તેમની ન્યાયપ્રિયતાને ઉત્તેજીત કરી દીધી. "ધર્મપિતા" આ એક શબ્દે તેમના હૃદયને વશીભૂત કરી લીધું. તેણે તેમના હૃદયમાં વાત્સલ્યના તારને સ્વરકંપિત કરી દીધો. તેમણે કપડાં પહેર્યાં અને વિઠ્ઠલદાસના મકાન પર જઈ પહોંચ્યા. ત્યાં જણાયું કે તેઓ તો કુંવર અનિરૂદ્ધસિંહને ત્યાં ગયેલા હતા. તરતજ બાઈસીકલને તે તરફ જવા દીધી. તેઓ શાંતાના વિષયમાં કોઈ પણ નિશ્ચય આ વખતેજ કરી લેવા ચાહતા હતા. તેમને ભય હતો કે ક્યાંક વિલંબ થવાથી આ જોશ ઠંડો ન પડી જાય.

કુંવર સાહેબને ત્યાં આજે ગ્વાલિયરથી એક જલતરંગ વગાડવાવાળો આવ્યો હતો તેનું ગાનું સાંભળવા આજે તેમણે પોતાના મિત્રોને નિમંત્રિત કર્યા હતા. પદમસિંહ ત્યાં પહોંચ્યા તો વિઠ્ઠલદાસ અને પ્રોફેસર રમેશદત્ત વચ્ચે મોટા સ્વરથી વિવાદ થઈ રહ્યો હતો અને કુંવર સાહેબ, પંડિત પ્રભાકરરાવ તથા સૈયદ તેગઅલી બેઠા બેઠા તિતર પક્ષીઓની લડાઈનો તમાશો જોઈ રહ્યા હતા. પંડિતજીને જોતાં કુંવર સાહેબે તેમનું સ્વાગત કર્યું અને બોલ્યા: "આવો આવો, જુવો અહિં ઘોર સંગ્રામ થઈ રહ્યો છે. કોઈ પણ રીતે એમને જુદાં પાડો નહિંતો એઓ લડતાં લડતાં મરી જશે. એટલી વારમાં પ્રોફેસર દત્ત બોલ્યા: "થિયોસોફિસ્ટ થવામાં કંઈ ભુંડું નથી. હું થિયોસોફિસ્ટ છું અને તે વાત આખું શહેર જાણે છે. આ અમારા જ સમાજના ઉદ્યોગનું ફળ છે કે જે આજે અમેરિકા, જર્મની, રૂશિયા ઇત્યાદિ દેશોમાં આપના રામ અને કૃષ્ણના ભક્ત, અને ગીતા, ઉપનિષદ્ આદિ સદ્‌ગ્રંથોના પ્રેમી દેખાવા લાગ્યા છે. અમારી સમાજે હિંદુ જાતિનું ગૌરવ વધારી દીધું છે, તેની મહત્વતા પ્રસારી દીધી છે અને તેને પોતાના તે ઉચ્ચ આસન પર બેસાડી દીધો છે કે જેને તેઓએ પોતાની અકર્મણ્યતાના કારણે કેટલીક શતાબ્દિઓથી છોડ્યું હતું. જો અમે,

તે લોકો જેમણે પોતાના દીપકથી અમારા અંધકારને દૂર કરી એવાં રત્નો બનાવ્યાં કે જે જોવાનું અમારામાં સામર્થ નહોતું, તેમને યશ ન આપીએ તો અમારી મોટી કૃતઘ્નતા ગણાશે. આ દીપક બ્લાવેસ્ટીકનો હોય, અથવા તો આલ્કટનો યા તો કોઇ અન્ય પુરૂષનો તેનાથી અમને કોઇ પ્રયોજન નથી. જેણે અમારો અંધકાર દૂર કર્યો તેના અનુગૃહિત થવું તે અમારૂં કર્તવ્ય છે, ને જો તેને આપ ગુલામી કહેતા હો તો તો તે આપનો અન્યાય છે."

વિઠ્ઠલદાસે આ કથનને એવા હલકા ભાવથી સાંભળ્યું કે તે કોઇ નિરર્થક બકવાદ છે. તેઓ બોલ્યા: "એનુંજ નામ ગુલામી છે બલકે ગુલામ તો એક પ્રકારથી સ્વતંત્ર હોય છે કારણ કે માલેકનો અધિકાર શરીર પર હોય છે આત્મા પર નથી હોતો. આપ લોકોએ તો પોતાના આત્માઓને વેચી દીધા છે. આપની અંગ્રેજી શિક્ષાએ આપને એવા પદચ્યૂત કર્યા છે કે જ્યાં સુધી કોઇ યૂરોપનો વિદ્વાન કોઇ વિષયના ગુણ દોષ પ્રકટ ન કરે ત્યાં સુધી આપ તે વિષય માટે ઉદાસ રહો છો. આપ ઉપનિષદોનો આદર કંઇ એટલા માટે નથી કરતા કે તેઓ સ્વયં આદરણીય છે, પરંતુ બ્લાવેટસ્કીએ અને મેક્ષમુલરે તેમનો આદર કર્યો છે તે માટે કરો છો. તમારામાં પોતાની બુદ્ધિથી કામ લેવાની શક્તિનો લોપ થઇ ગયો છે. હમણા સુધી આપ તાંત્રિક વિદ્યાની વાત પણ પૂછતા નહોતા પણ હવે યૂરોપિય વિદ્વાનોએ એ રહસ્ય પણ ખોલવાનું શરૂ કરતાં આપને હવે એ તંત્રોમાં પણ ગુણ, ગુણ ને ગુણજ દેખાય છે આ માનસિક ગુલામી તે ભૌતિક ગુલામીથી કંઇ ઓછી છે? આપ ઉપનિષદોને અંગ્રેજીમાં વાંચો છો, ગીતાને જર્મનમાં, અર્જુનને અર્જુના, કૃષ્ણને કૃષ્ના કહી પોતાની સ્વભાષાજ્ઞાનનો પરિચય આપો છો. આપે આજ માનસિક દાસત્વને કારણે એવા ક્ષેત્રમાં પોતાનો પરાજય સ્વીકારી લીધો જ્યાં આપણે આપણા પુરૂષોની પ્રતિભા અને પ્રકાંડતાથી ચિરકાલ સુધી પોતાની વિજય પતાકા ફરફરાવી શકતા હતા."

રમેશદત્ત આનો કંઈ ઉત્તર આપવા ચાહતા હતા કે કુંવર સાહેબ બોલી ઉઠયા: "મિત્રો! હવે મારાથી બોલવા વગર રહેવાતું નથી. લાલા સાહેબ, આપ આપના આ "ગુલામી" શબ્દને પાછો ખેંચી લ્યો."

વિઠ્ઠલદાસ: "શા માટે પાછો ખેંચી લઉં?"

કુંવર: "આપને તેનો પ્રયોગ કરવા અધિકાર નથી."

વિઠ્ઠલ: "હું આપનો આશય નથી સમજ્યો."

કુંવર: "મારો આશય એ છે કે આપણામાં કોઇ પણ બીજાને ગુલામ કહેવાનો અધિકાર નથી રાખતો. આંધળાઓના શહેરમાં કોણ કોને આંધળો કહેશે. આપણે બધા રાજા હોઇએ કે રંક, પણ ગુલામ છિયે. આપણે જો અભણ, નિર્ધન અને મૂર્ખ છિયે તો સાથે કઇંક ગુલામ પણ છિયે; કારણકે આપણે આપણા રામનું નામ લઇએ છિયે, આપણા ધોતિઆ અને પાઘડીનો વ્યવહાર કરીએ છિયે, આપણી બોલી બોલીએ છિયે, આપણી ગાય પાળીએ છિયે અને આપણી ગંગામાં સ્નાન કરીએ છિયે. અને જો આપણે વિદ્વાન, ઉન્નત, ઐશ્વર્યવાન છિયે તો સાથે વધારે ગુલામ પણ છિયે કારણકે કોટ પહેરીએ છિયે, વિદેશી ભાષા બોલીએ છિયે, કુતરા પાળીએ છિયે, ટબમાં સ્નાન કરીએ છિયે અને આપણા દેશવાસિઓને નીચ સમજીએ છિયે. બધી જાતિ આ બે ભાગોમાં વિભક્ત છે. તે માટે કોઇ કોઇને ગુલામ કહી નથી શકતું. ગુલામીના માનસિક, આત્મિક, શારીરિક આદિ વિભાગ કરવા ભ્રાન્તિકારક છે. ગુલામી કેવળ આત્મિક હોય છે અને બીજી દશાઓ એનીજ અંતર્ગત છે. મોટર, બંગલા, પોલો અને થિયામો એ એક એક સાંકળ કે બેડીઓની તુલ્ય છે. જેમણે આ બેડીઓને ન પહેરી તેનેજ સાચી સ્વતંત્રતાનો આનંદ પ્રાપ્ત થઇ શકે છે અને આપ જાણો છો કે તેઓ કોણ છે. તે આપણા દીન ખેડુતો છે જેઓ પોતાના પસીનાની ખરી કમાઇ ખાય છે અને પોતાનાં જાતિય વેશ, ભાષા અને ભાવને ગ્રહણ કર્યાં છે અને કોઇની સામે પણ માથું નથી ઝુકાવતા."

પ્રભાકરરાવે હસી કહ્યું: "આપને ખેડુત બનવું જોઇએ."

કુંવર: "તો મારા પૂર્વજન્મના કુકર્મોને કેવી રીતે ભોગવીશ? સલામી માટે રસોઇયા ખાનસામાઓની ખુશામત કેવી રીતે કરીશ ઉપાધિને-ઇલકાબ માટે નૈનીતાલના ચક્કર કેવી રીતે જઇશ. ડિનરપાર્ટીઓ આપી વૈરિ-

ઓના કુતરાઓને ગોદમાં કેવી રીતે ઉપાડીશ? તેમજ દેવતાઓને પ્રસન્ન અને સંતુષ્ટ રાખવા માટે દેશહિતના કાર્યોમાં અસંમતિ કેવી રીતે આપી શકીશ? આ બધી માનવ અધ:પતનની અંતિમ અવસ્થાઓ છે. તેમને ભોગવવા સિવાય મારી મુક્તિ નથી થઇ શકતી. (પદ્મસિંહને) કહો પંડિતજી, આપનો ઠરાવ બોર્ડમાં ક્યારે આવશે? આજકાલ આપ કંઇક ઉત્સાહહીન દેખાઓ છો. શું આ પ્રસ્તાવની પણ એવીજ ગતિ થશે જે આપણા અન્ય સાર્વજનિક કાર્યોની થયા કરે છે?"

અહિં કેટલાક દિવસોથી વાસ્તવમાં પદ્મસિંહનો ઉત્સાહ કંઇક ક્ષીણ થઇ ગયો હતો. જેમ જેમ તેમના (પ્રસ્તાવની) પાસ થવાની આશા વધતી જતી હતી તેમ તેમ તેમનો અવિશ્વાસ પણ વધતો જતો હતો. વિદ્યાર્થીની પરીક્ષા જ્યાંસુધી નથી થતી ત્યાં સુધી તે તેની તૈયારીઓમાં મચ્યો રહે છે, પરંતુ પરીક્ષામાં બેઠા પછી ભાવી જીવનસંગ્રામની ચિંતા તેને નિરૂત્સાહી કરી દે છે. તેને અનુભવ થાય છે કે જે સાધનોથી હમણા સુધી સફલતા પ્રાપ્ત કરી છે તે આ નવા વિસ્તૃત, અગમ્ય ક્ષેત્રમાં અયોગ્ય છે. કંઇક એવીજ દશા આ વખતે પંડિતજીની હતી. પોતાનો પ્રસ્તાવ તેમને વ્યર્થ જણાતો હતો. માત્ર વ્યર્થજ નહિ પણ કદિ કદિ તેમને તેનાથી લાભને બદલે હાનિ થવાનો ભય લાગતો હતો. પરંતુ તેઓ પોતાના સંદેહાત્મક વિચારોને પ્રકટ કરવાનો સાહસ નહોતા કરી શકતા. કુંવર સાહેબ તરફ વિશ્વાસપૂર્ણ દ્રષ્ટિથી જોતા બોલ્યા: "જી નહિ, એવું તો નથી. પણ હા આજકાલ ફુરસદ ન હોવાથી તે કામ જરા ધીમું પડી ગયું છે."

કુંવર: "તેના પાસ થવામાં હવે તો કંઇ વાંધો નથી?"

પદ્મસિંહે તેગઅલી તરફ જોઇ કહ્યું: "મુસલમાન મેંબરોનો ભરોસો છે."

તેગઅલીએ માર્મિક ભાવથી કહ્યું: "તેમના પર ભરોસો કરવો એ રેતી પર દીવાલ બનાવવા જેવું છે. આપને ખબર નથી કે ત્યાં શી કેવી ચાલો ચલાય છે. જો તેઓ અત્યારે અમલ પર હશે તો અજબ થવા જેવું નથી."

પદ્મસિંહ: "મને તો એવી આશા નથી."

તેગઅલી: "એ તો આપની લાયકી ને ગૃહસ્થાઇ છે. ત્યાં તો આ હમણા ઉર્દુ હિન્દીનો ઝગડો, ગાયની કુરબાનીનો સવાલ, વ્યાજના કાનૂન, વગેરે સર્વ બાબતો સામે કરી મઝહબી વિરૂધતાઓ ઉશ્કેરવાની તૈયારીઓ થઇ રહી છે."

પ્રભાકરરાવ: "શેઠ બલભદદાસ નથી આવવાના શું? કોઇ રીતે પણ તેમને સમજાવવા જોઇએ."

કુંવર: "મેં તેમને નિમંત્રણજ નથી આપ્યું, કારણ કે હું જાણતો હતો કે તેઓ કદાપિ ન પણ આવે. તેઓ મતભેદને વેર સમજે છે. આપણા લગભગ બધા નેતાઓના એવા જ ઢંગ છે. એ જ એક વિષય છે જેમાં તેમની સજીવતા પ્રકટ થાય છે. આપનો તેમની સાથે જરા મતભેદ થયો કે જાણે તેઓ તમારા જાની દુશ્મન થઇ ગયા સમજવા. તે એટલે સુધી કે આપની સાથે બોલવાનું તો દૂર રહ્યુ પણ આપની સુરત પણ ન જોશે, બલકે અવસર મળતાં અધિકારીઓ પાસે આપની નિંદા કરશે, પોતાના મિત્રોની મંડળીમાં આપના આચાર વિચાર અને રીતિ વ્યવહારની આલોચના કરશે, આપ બ્રાહ્મણ છો તો ભિક્ષુક કહેશે, ક્ષત્રિય છો તો ઉદ્ધત મૂર્ખ કહેશે, વૈશ્ય છો તો ત્રાંકડી તોલનારા વાણીયાની પદવી મળવાની અને શુદ્ર છો તો તો પછી આપ બન્યા બનાવ્યા ચાંડાલ જ છો. આપ જો ગાણાથી પ્રેમ રાખો છો તો આપ દુરાચારી છો, સત્સંગી છો તો ઢોરની પદવી મળવાની જ. એટલે સુધી કે આપની માતા અને સ્ત્રી પર પણ નિંદાસ્પદ આક્ષેપો કરવામાં આવશે. આપણે ત્યાં મતભેદ મહાપાપ છે અને તેનું કંઇએ પ્રાયશ્ચિત નથી. અહા! આ જુવો ડોક્ટર શ્યામચરણની મોટર આવી લાગી."

ડોક્ટર શ્યામચરણ મોટરમાંથી ઉતર્યા અને ઉપસ્થિત સજ્જનો તરફ જોતાં બોલ્યા: "I am sorry, I was late."

કુંવર સાહેબે તેમનું સ્વાગત કર્યું. બીજાઓએ પણ હાથ મેળવ્યા અને ડોક્ટર સાહેબ એક ખુરસી પર બેસી બોલ્યા: "When is the performance going to begin?"

કુંવર: "ડોકટર સાહેબ, આપ ભૂલો છો. આ કાળા માણસોનો સમાજ છે."

ડોકટર સાહેબે હસી કરી કહ્યું: "માફ કરશો, મને યાદ ન રહ્યું કે આપને ત્યાં મલેચ્છોની ભાષા બોલવાની મનાઇ છે."

કુંવર: "પરંતુ દેવતાઓના સમાજમાં તો આપ કદિ આવી ભૂલ નથી કરતા."

ડોકટર: "તો મહાશય તેનું કંઇ પ્રાગશ્ચિત કરાવી લ્યો."

કુંવર: "તેનું પ્રાયશ્ચિત એજ છે કે આપ મિત્રોની સાથે માતૃભાષાંનો વ્યવહાર કરતા રહો."

ડોકટર: "આપ રાજા લોક છો, આપ એ પ્રતિજ્ઞા નિભાવી શકો છો પણ અમારાથી તેનું પાલન કેવી રીતે થઇ શકે અંગ્રેજી તો આપણી Lingua Franca (સાર્વદેશિક ભાષા) થઇ રહી છે."

કુંવર: "તેને આપ લોકોએજ તો આ ગૌરવ આપ્યું છે. ફારસ અને કાબૂલના મૂર્ખ સિપાહિઓ અને હિંદુ વ્યાપારિઓના સમાગમથી ઉર્દુ જેવી ભાષાનો ઉદય થઇ ગયો. જો આપણા દેશના ભિન્ન ભિન્ન પ્રાંતોના વિદ્વર્જન પરસ્પર પોતાની ભાષામાં સંભાષણ કરતે તો આજ સુધી ક્યારની એક ભાષા બની ગઇ હોત. જ્યાં સુધી આપ જેવા વિદ્વાન લોક અંગ્રેજીના ભક્ત બની રહેશો તો કદિ પણ એક સાર્વદેશિક ભાષાનો જન્મ ન થશે. પણ આ કામ કષ્ટસાધ્ય છે તેને કોણ કરે. અહિં તો લોકોને અંગ્રેજી જેવી ઉન્નત ભાષા મળી જતાં બસ તેના હાથેજ વેચાઇ ગયા. મારી સમજમાં એ વાત નથી આવતી કે અંગ્રેજી ભાષામાં બોલવા અને લખવામાં લોકો કાં પોતાનું ગૌરવ સમજે છે. હું પણ અંગ્રેજી ભણ્યો છું બે વરસ વિલાયત રહી આવ્યો છું અને આપના કેટલાએક અંગ્રેજીના ધુરંધર પંડિતો સાથે સારી અંગ્રેજી બોલી અને લખી શકું છું. પણ મને તેના પર એવી ઘૃણા થાય છે કે જેની ઘૃણા કોઇ અંગ્રેજના ઉતારેલાં કપડાં પહેરવાથી થાય."

પદમસિંહે આ તકરારમાં કાંઇ ભાગ ન લીધો. જેવી તક મળી કે તેમણે વિઠ્ઠલદાસને બોલાવી તેમને એકાંતમાં લઈ જઈ શાંતાનો પત્ર દેખાડયો.

વિઠ્ઠલદાસે કહ્યું: "આપ શું કરવા ચાહો છો?"

પદમ: "મારી સમજમાં તો કંઈ નથી આવતું. જ્યારથી આ પત્ર મળ્યો છે ત્યારથી એવુંજ લાગે છે કે જાણે નદીમાં તણાતો ચાલ્યો છું."

વિઠ્ઠલ: "કંઇને કંઇ કરવું તો જોઇશે."

પદમ: "શું કરૂં?"

વિઠ્ઠલ: "શાંતાને તેડી આવો."

પદમ: "આખા ઘર સાથે સંબંધ તૂટી જશે."

વિઠ્ઠલ: "ભલે તૂટી જાય. કર્તવ્યની સામે કોઇનો પણ ભય કેવો?"

પદમ: "એ તો આપ ઠીક કહો છો પણ મારામાં એટલું સામર્થ્યજ નથી. ભાઇને હું અપ્રસન્ન કરવાનો સાહસ નથી કરી શકતો."

વિઠ્ઠલ: "આપને ત્યાં ન રાખતાં વિધવા–આશ્રમમાં રાખશો. એમાં તો કઠિન નથી?"

પદમ: "હા, એ આપે સારો ઉપાય બતાવ્યો. મને એટલું નહોતું સૂઝ્યું. કઠણાઇમાં મારી બુદ્ધિ બ્હેર મારી જાય છે."

વિઠ્ઠલ: "પણ જવું તો આપને પડશે."

પદમ: "તે કાં વારૂં? શું આપના જવાથી કામ ન ચાલશે?"

વિઠ્ઠલ: "ઉમાનાથ મારી સાથે કેવી રીતે મોકલશે?"

પદમ: "તેમાં તેમને શું આપત્તિ થવાની છે?"

વિઠ્ઠલ: "આપ તો કયારેક બચ્ચાંઓ જેવી વાતો કરવા લાગો છો. શાંતા તેમની બેટી નથી એ બરાબર પણ આ વખતે તેજ તેના પિતા છે. તે તેને એક અપરિચિત મનુષ્યની સાથે આવવા કેવી રીતે રજા આપશે."

પદમ: "ભાઇ સાહેબ, નારાજ ન થાઓ. વાસ્તવમાં હું કંઇક ગુંચવાઇ ગયો છું. પરંતુ મારા જવાથી તો મોટી પંચાતી ઉભી થશે. ભાઇ સાંભળશે તો તે મને મારીજ નાખશે. જાનૈયાના ઉતારામાં તેમણે મને જે ધક્કો માર્યો હતો તે હજી સુધી મને યાદ છે."

વિઠ્ઠલ: "ઠીક આપ ન ચાલશો. હુંજ જઇશ. પરંતુ ઉમાનાથના નામે એક પત્ર લખી આપવામાં તો આપને કંઇ વાંધો નથી."

પદમ: "આપ કહેશો કે આ બિલકુલ બોટીનું ટેવું છે. પણ મારામાં તો એટલોએ સાહસ

નથી. એવી યુક્તિ બતાવો કે કોઇ અવસર પડતાં હું સાફ અલગ નિકળી જાઉં. ભાઇ સાહેબને મારા પર દોષારોપણ કરવાની તકજ ન મળે."

વિઠ્ઠલદાસે તપી જઇ ઉત્તર આપ્યો: "મને એવી યુક્તિ નથી સુઝતી. ભલા માણસ, આપ પણ પોતાને કંઇ મરદની ગણત્રીમાં ગણો છો કે નહિ ? ત્યાં તો તમે ગરમાગરમ વ્યાખ્યાન આપો છો, અને તે પણ એવા ઉચ્ચ ભાવોથી ભરેલું કે જાણે મુકતાત્માજ છો અને ક્યાં તમારી આ ભીરૂતા !"

પદમસિંહે લજ્જિત થઇ કહ્યું: "આ સમયે જે ચાહો તે કહી લ્યો. પણ આ કામનો સર્વ ભાર તમારી ઉપર જ છે."

વિઠ્ઠલ: "ઠીક, એક તાર તો આપી દ્યો કે એટલું પણ ન બનશે."

પદમ: (ઉકળી કરી) "હા, હું તાર કરી દેઇશ. હું તો જાણતોજ હતો કે તમે કંઇ ને કંઇ માર્ગ કાઢવાનાજ. હવે કદિ જો વાત આવીએ પડશે તો હું કહી દઇશ કે મેં તાર નથી કર્યો, કોઈએ મારા નામથી કરી દીધો હશે."

"પરંતુ એકજ ક્ષણમાં તેમનો વિચાર બદલી ગયો. પોતાની આત્મભીરૂતા પર લજ્જા આવી. મનમાં વિચાર્યું, ભાઇ સાહેબ એવા મૂર્ખ નથી કે આ ધર્મ કાર્ય માટે મારાથી અપ્રસન્ન થાય અને જો થઇ જાય તો પણ મને તેની કંઇ ચિંતા કરવી ન જોઇએ."

વિઠ્ઠલ: "તો આજે તાર આપી દ્યો."

પદમ: "પરંતુ આ ખુલ્લે ખુલ્લી ઠગાઇ થશે."

વિઠ્ઠલ: "હા થશેજ. તે તો આપજ વિચારી લ્યો."

પદમ: "હુંજ ચાલુ તો કેમ."

વિઠ્ઠલ: "બહુજ ઉત્તમ, બધુ કામ બની જાય."

પદમ: "સારી વાત છે હું અને તમે બન્ને ચાલીએ."

વિઠ્ઠલ: "કહો ક્યારે ?"

પદમ: "બસ આજે તાર દઇ દઉં છું કે અમે શાંતાને તેડી જવા આવીએ છિયે, અને પરમ દહાડે સાંજની ગાડીમાં ચાલ્યા જઇયે."

વિઠ્ઠલ: "નક્કી થઇ ગયું ?"

પદમ: "હા, નક્કી થઇ ગયું. હવે ભાગે તો મને મારો કાન પકડી લઇ જજો."

વિઠ્ઠલદાસે પોતાના સરલ હૃદયે મિત્રની તરફ પ્રશંસાની દ્રષ્ટિથી જોયું. પછી બન્ને જણ જલતરંગ સાંભળવા જઇ બેઠા, તેનો મનોહર ધ્વનિ આકાશમાં ગૂંજી રહ્યો હતો.

પ્રકરણ ૪૫ મું.

જ્યારે આપણે તંદુરસ્તી સુધારવા માટે કોઈ પહાડ પર જઇયે છિયે ત્યારે આ વાતની વિશેષ સંભાળ રાખીએ છિયે કે આપણાથી કંઇ કુપથ્ય ન થઇ જાય. નિયમિત વ્યાયામ કરીએ છિયે કારણકે આરોગ્યતાનો ઉદ્દેશ સદૈવ આપણી સામે રહે છે. સુમન વિધવાશ્રમમાં આત્મિક સ્વાસ્થ્યની લાભ-પ્રાપ્તિ માટે ગઇ હતી તેથી એ હેતુને એક ક્ષણ માટે પણ ભૂલતી નહોતી. તે પોતાની બીજી બ્હેનોની સેવામાં તત્પર રહેતી અને ધાર્મિક પુસ્તકો વાંચતી. દેવોપાસના, સ્નાનાદિમાં તેના વ્યથિત હૃદયને શાંતિ મળતી હતી.

વિઠ્ઠલદાસે અમોલાના સમાચાર તેનાથી છૂપાવી રાખ્યા હતા. પરંતુ જ્યારે શાંતાને આશ્રમમાં રાખવાનો વિચાર નિશ્ચિત થઇ ગયો ત્યારે તેણે સુમનને તે માટે તૈયાર કરવા ઉચિત ધાર્યું. તેણે કુંવર સાહેબને ત્યાંથી આવી તેને સર્વ સમાચાર કહી સંભળાવ્યા.

આશ્રમમાં શાંતિ છવાયલી હતી. રાત બહુ વીતી ગઇ હતી, પણ સુમનને કોઇ પણ પ્રકારે ઉંઘ નહોતી આવતી. તેને આજે પોતાના અવિચારનું યથાર્થ રૂપ પ્રતીત થતું હતું. જેવી રીતે કોઇ રોગી કલોરોફોર્મ સુંઘવા પછી થોડી વારે હોશમાં આવતાં પોતાના ચિરાયલા જખમનાં ઉંડા ઘાને જુવે છે અને પીડા તથા ભયથી ફરી મૂર્છિત થઇ જાય છે તેવીજ દશા આ સમયે સુમનની હતી. પિતા, માતા અને બ્હેન, ત્રણે તેને પોતાની સામે બેઠેલા જણાતા હતા. માતા લજ્જા અને દુઃખથી માથું ઝુંકાવી ઉદાસ થઇ રહી હતી, પિતા ક્રોધોન્મત થઇ તેની સામે ઉભા લાલચોળ નેત્રોથી તાકી રહ્યા હતા. શાંતા શોક, નિરાશા અને તિરસ્કારની મૂર્તિ બની કદિ ધર્તીની તરફ તાકતી હતી કદિ આકાશની તરફ. સુમનનું ચિત્ત વ્યગ્ર થઇ ઉઠતું હતું. તે ખાટલા પરથી ઉઠી અને બળપૂર્વક પોતાનું માથું પાછું જમીનપર અફાળવા લાગી. તે પોતાનીજ દ્રષ્ટિમાં પોતાને એક પિશાચિની

જણાતી હતી. માથામાં જખમ થતાં તેને ચક્કર આવી ગયાં. એક ક્ષણ બાદ તે શુદ્ધિમાં આવી, માથામાંથી રૂધીર વહેતું હતું. તેણે ધીરેથી ઓરડો ઉઘાડયો. આંગણામાં ઘોર અંધકાર હતું. તે દોડતી દરવાજા પર આવી. પણ તે બંધ હતો. તેણે કેટલીએકવાર તાળાંને હલાવતાં પણ તે ન ખૂલ્યો. બુઢ્ઢો ચોકીદાર બારણાથી થોડે દૂર સૂતેલો હતો. સુમન ધીરે ધીરે તેની પાસે આવી અને તેના માથા નીચે ચાવી માટે હાથ ફેરવવા લાગી. ચોકીદાર ગભરાઇ જઇ ઉઠી બેઠો અને ચોર ચોર પુકારવા લાગ્યો. સુમન ત્યાંથી ભાગી અને પોતાના ઓરડામાં જઇ તેણે બારણું બંધ કરી લીધું.

પરંતુ સવારના પવનની માફક ચિત્તની પ્રચંડ વ્યગ્રતા પણ શીઘ્ર શાંત થઇ જાય છે. સુમન ખૂબ ડચકાં ભરતી ભરતી રડવા લાગી. હાય ! મારા જેવી ડાકણ સંસારમાં ન હશે ! મેં વિલાસ તૃષ્ણાની ધુનમાં પોતાના કુળનો સર્વનાશ કરી દીધો; હું મારા પિતાની ઘાતક છું. મેં શાંતાના ગળાપર છરી ચલાવી છે. હું તેને આ કલંકિ કાળું મ્હોં કેવી રીતે બતાવીશ, તેની સન્મૂખ કેવી રીતે જોઇ શકીશ. પિતાજીએ જયારે આ વાતો સાંભળી હશે ત્યારે તેમને કેટલું દુઃખ થયું હશે! એ વિચારી તે ફરી રડવા લાગી. આ વેદના તેને પોતાના સર્વ કષ્ટોથી અધિક અસહ્ય જણાતી હતી. જો આ વાત તેના પિતાને કહેવાને બદલે મદનસિંહ તેને ઘાણીમાં પીલી દેત, કે હાથીના પગ તળે કચડાવી નાંખતે અથવા આગમાં હોમી દેત કે કુતરાને ખવરાવી દેત તો તે જરા ચૂં પણ ન કરત. જો વિલાસની ઇચ્છા અને નિર્દય અપમાને, તેની લજ્જા શક્તિને શિથિલ ન કરી દીધી હોત, તો તે કદાપિ ઘરથી બહાર પગ ન કાઢતે. તે પોતાના પતિના હાથે કઠિનમાં કઠિન પીડાઓ સહેતે અને ઘરમાં પડી રહેતે. જ્યારે ઘરમાંથી નિકળી ત્યારે તેને ખ્યાલ પણ નહોતો કે તેને વેશ્યા બજારમાં બેસવું પડશે. તે કંઇ પણ સમજે વિચારે ઘરમાંથી નિકળી ગઇ. તે શોક અને નિરાશાની અવસ્થામાં ભૂલી ગઇ કે મારા પિતા અને બ્હેન છે.

ઘણા દિવસના વિયોગે તેમનું સ્મરણ પણ નહોતુ રાખ્યું. તે પોતાને સંસારમાં એકલી અને અસાહ્ય સમજતી હતી. તે સમજતી હતી કે હું કોઇ બીજા દેશમાં છું અને હું જે કંઇ કરીશ તે સર્વ ગુપ્ત રહેશે. પણ હવે એવો સમય આવી ગયો કે તે ફરી પોતાને સ્વજનો સંબંધીઓના સૂત્રમાં બાંધેલી જોતી હતી. જેમને તે ભૂલી ગઇ હતી તે ફરી તેની સામે આવી ગયા અને આત્માઓનો સંસ્પર્શ થતા લજ્જાનો પ્રકાશ પ્રકાશિત થવા લાગ્યો.

સુમને શેષ રાત માનસિક વ્યાકુળતાની દશામાં કાપી. ચાર વાગતાં જેવો દરવાજો ઉઘડયો કે તે ગંગા પર સ્નાન કરવા ચાલી ગઇ. તે ઘણું કરી એકલીજ જતી હતી તેથી ચોકીદારે પુછપરછ ન કરી.

સુમન ગંગા તટપર પહોંચી અહિં તહિં જોવા લાગી કે કોઇ છે તો નહિ. તે આજે ગંગામાં ન્હાવાને માટે નહિ પણ ડૂબવા માટે આવી હતી. તેને કોઇ પ્રકારની શંકા, ભય કે ગભરાટ નહોતો. આવતી કાલે શાંતા આશ્રમમાં આવશે તેને મ્હોં દેખાડવા કરતાં ગંગાની ગોદમાં મગ્ન થઇ જવું કેટલું સહેલું કામ હતું!

અકસ્માત તેણે જોયું કે કોઇ માણસ તેની તરફ આવે છે હમણા કંઇક અંધકાર હતો. પણ સુમનને એટલું જણાઇ આવ્યું કે તે કોઇ સાધુ છે. સુમનની અંગુલીમાં એક વીંટી હતી. તેણે તે સાધુને દાનમાં આપી દેવા નિશ્ચય કર્યો પરંતુ જેવો તે નિકટમાં આવ્યો કે સુમને ભય, ઘૃણા અને લજ્જાથી પોતાનું મ્હોં છૂપાવી લીધું. એ સાધુ તે અન્ય કોઇ નહિ પણ ગજાનંદ હતો!

સુમન ઉભી હતી. ગજાનંદ તેના ચરણો પર પડી ગયો અને દબાયલા કંઠે બોલ્યો: "સુમન, મારા અપરાધો ક્ષમા કર."

સુમન પાછળ હઠી ગઇ. તેની આંખો સામે પોતાના અપમાનનું દૃશ્ય દોરાઇ ગયું. આઘાત તાજો થઇ ગયો. તેના હૃદયમાં આવ્યું કે એને ફિટકારી કહું કે: તમે મારા પિતાના ઘાતક, અને મારા જીવનનો નાશ કરનારા છો. પણ કંઇક ગજાનંદની અનુકંપાપુર્ણ ઉદારતા, કંઇક તેનો સાધુ વેષ અને કંઇક તે વૈરાગ્યભાવ જે પ્રાણઘાતનો સંકલ્પ કરી લેવા બાદ ઉદિત થઇ જાય છે તેણે તેને દ્રવિત કરી દીધી. તેના નેત્રો સજલ થઇ ગયાં, તે કરૂણ સ્વરથી બોલી: "તમારો કોઈ અપરાધ નથી. જે કંઇ થયું તે મારા કર્મોનું ફળ છે."

ગજાનંદ: "નહિં સુમન એવું ન કહે, એ બધું ફળ મારી મૂર્ખતા અને અજ્ઞાનનું છે. મેં



ચિત્રકારઃ] [રા ત્રિભુવન પટેલ.

સુમન ઉભી હતી. ગજાનંદ તેનાં ચરણોપર પડી ગયો અને દબાયલા કંઠે બોલ્યો:
"સુમન મારા અપરાધો ક્ષમા કર."

 Lakshmi Art, Bombay, 8.

વિચાર્યું હતું કે તેનું કંઇ પ્રાયશ્ચિત કરી શકીશ પણ પોતાના અત્યાચારનું ભીષણ પરિણામ જોઇ મને માલુમ પડ્યું છે કે તેનું પ્રાયશ્ચિત થઇ શકતું નથી. મેં આજ આંખોએ તારા પુજ્ય પિતાને ગંગામાં લુપ્ત થતા જોયા છે."

સુમને ઉત્સુકતાના ભાવથી પુછ્યું: "શું તમે પિતાજીને ડૂબતા જોયા?"

ગજાનંદ: "હા, સુમન, ડૂબતા જોયા. હું રાતના અમોલા જતો હતો, મને તેઓ માર્ગમાં મળ્યા. તેમને અર્ધ રાત્રિના સમયે ગંગા તરફ જતા જોઇ મને સંદેહ થયો. તેથી હું તેમને મારા સ્થાન પર લઇ ગયો અને તેમના હૃદયને શાંત કરવા પ્રયત્ન કર્યો. પછી મારો મનોરથ પૂરો થયો એમ સમજી હું નિદ્રાવશ થઇ ગયો. થોડી વાર પછી જ્યારે હું ઉઠયો ત્યારે તેમને ન જોતાં તત્કાળ ગંગા તટની તરફ દોડયો. તે વખતે મેં સાંભળ્યું કે તેઓ મને પુકારી રહ્યા છે પરંતુ જ્યાં સુધી હું એ નિશ્ચય કરી શકું કે તેઓ ક્યાં છે ત્યાં સુધી તો તે નિર્દયી લહેરોએ તેમનું ભક્ષણ કરી લીધું. તે દુર્લભ આત્મા મારી આંખો સામે સ્વર્ગમાં સંચર્યો ત્યાં સુધી મને ખબર નહોતી કે મારૂં પાપ આટલું ભીષણ છે. ખરેજ તે અક્ષમ્ય અને અદંડય છે. જણાતું નથી કે ઇશ્વરને ત્યાં મારી કેવી ગતિ થશે."

ગજાનંદની આત્મવેદનાએ સુમનના હૃદય પર જાણે એવી અસર કરી કે જેવી સાબુ મેલની ઉપર કરે છે. તેણે જામી ગયલી મલિનતાને જૂદી કરી. જે ગુપ્ત રાખવા ચાહતી હતી તે સંચિત ભાવ ઉપર આવી ગયા. તે બોલી: "પરમાત્માએ તમને સદ્બુદ્ધિ આપી છે એટલે તમે પોતાની સુકીર્તિથી જે ચાહો તે કરી પણ હયો, પણ મારી શી ગતિ થશે? હું તો બન્ને લોકથી ગઇ. હાય! મારી વિલાસ તૃષ્ણાએ મને ક્યાંનીએ ન રાખી! હવે શું છુપાવું, તમારા દારિદ્રય અને તેનાથી અધિક, તમારા પ્રેમવિહીન વ્યવહારે મારામાં અસંતોષનાં અંકુર જમાવી દીધાં અને ચારે તરફ પાપે જીવનની માન મર્યાદા, સુખ વિલાસ જોઇ કરી આ અંકુરે વધતાં, વધતાં કોતરીખાનાર જંતુ માફક આખાં હૃદયને ઘેરી લીધું. તે વખતે આ ગુમડું ફોડવા જરા જેટલી ઠેસ પણ પૂરતી હતી. તમારી નમ્રતા, તમારો પ્રેમ, તમારી સહાનુભૂતિ અને તમારી ઉદારતા તે વખતે ગુમડાં પર મલમપટ્ટીનું કામ આપતે, પણ તેને ચોળી નાખ્યું, અને હું પીડાથી વ્યાકુળ, સંજ્ઞાહીન થઇ ગઇ. તમારા તે પશુ જેવા પિશાચી વ્યવહારનું જ્યારે સ્મરણ થાય છે ત્યારે હૃદયમાં જાણે જ્વાળા પ્રજળવા લાગે છે અને અંતઃકરણમાંથી તમારા પ્રતિ શાપ નિકળી આવે છે. આ મારો અંતિમ સમય છે, એક ક્ષણમાં આ પાપમય શરીર ગંગામાં ડૂબી જશે પછી પિતાજીના શરણમાં પહોંચી જઇશ. આથી ઇશ્વરને એ પ્રાર્થના કરૂં છું કે તે તમારા અપરાધોને ક્ષમા કરે."

ગજાનંદે ચિંતિત સ્વરથી કહ્યું: "સુમન, જો પ્રાણ આપતાં પાપોનું પ્રાયશ્ચિત થઇ જાત તો હું અત્યાર સુધી ક્યારનોએ પ્રાણ આપી ચૂક્યો હોત."

સુમન: "કંઇ નહિ તો દુઃખોનો તો અંત આવી જશે."

ગજાનંદ: "હા, તારા દુઃખોનો અંત આવી શકે છે, પણ તેઓના દુઃખોનો અંત નહિ આવે જે તારા દુઃખથી દુઃખી થઇ રહ્યાં છે. તારાં માતા પિતા શરીરના બંધનથી મુક્ત થઇ ગયાં છે પણ તેમના આત્માઓ પોતાની વિદેહાવસ્થામાં તને પુછી રહ્યાં છે. તેઓ હવે તારા સુખથી સુખી અને દુઃખથી દુઃખી થશે. વિચાર કરી જો કે પ્રાણઘાત કરી તેમને દુઃખ પહોંચાડીશ કે પોતાનો પુનરૂદ્ધાર કરી તેમને સુખ અને શાંતિ આપીશ. પાપ અંતિમ ચેતવણી છે, જે આપણને આત્મસુધારણાને નિમિત્તે ઇશ્વર તરફથી મળે છે. જો તેનો અભિપ્રાય ન સમજી આપણે શોકાવસ્થામાં પોતાના પ્રાણોનો અંત લાવી દઇયે તો સમજજે કે આપણે આત્મોદ્ધારની આ અંતિમ પ્રેરણાને પણ નિષ્ફળ કરી દીધી. એ પણ વિચાર કે તારા અસ્તિત્વ વિના તે અબળા શાંતાની શી ગતિ થશે, જેણે હજી સુધી સંસારના સુખ દુઃખનો અનુભવ પણ નથી કર્યો; તારા સિવાય તેનું સંસારમાં બીજું કોણ છે? ઉમાનાથના ઢંગ તો તું જાણે છે કે તે તેનો નિર્વાહ નથી કરી શકતા. તેમનામાં દયા છે પણ લોભ તેથી અધિક છે. કદિ ને કદિ તે તેનાથી પોતાનું ગળું છોડવી લેશે, ત્યારે તે કોની થઇ રહેશે?

સુમનને ગજાનંદનાં આ કથનમાં સાચી સમવેદનાની લાગણી દેખાઇ. તેણે તેની તરફ દીનતાસૂચક દ્રષ્ટિથી જોઇ કહ્યું: "શાંતાને મળવા કરતાં પ્રાણ દેવા મને સહજ લાગે છે. તેણે ઘણા દિવસ થયાં પદ્મસિંહને એક પત્ર

મોકલ્યો હતો. ઉમાનાથ તેનો વિવાહ બીજે સ્થળે કરવા ચાહતા હતા. તે એ સ્વીકારતી નથી."

ગજાનંદ: "દેવી છે."

સુમન: "પંડિતજી બિચારા બીજું શું કરી શકે. તેમણે નિશ્ચય કર્યો છે કે તેને બોલાવી આશ્રમમાં રાખે. જો તેમના ભાઇ માની જશે તો તો ઠીક છે નહિ તો તે દુઃખિણીને કોણ જાણે કેટલા દિવસ સુધી આશ્રમમાં રહેવું પડશે. તે કાલ અંહિ આવી જશે. તેની સન્મુખ જવાનો ભય, તેનાથી આંખો મેળવવાની લજ્જા મને મોત જેવી લાગે છે. જ્યારે તે તિરસ્કાર ભરી આંખે મને જોશે તે સમયે હું શું કરીશ! અને તેમાં પણ જો તેણે ધૃણાને વશ થઇ મને ગળે વળગી મળવામાં સંકોચ કર્યો તો તેજ વખતે હું વિષ ખાઇ લઇશ. આ દુર્ગતિથી તો પ્રાણ આપી દેવાજ ઉત્તમ છે."

ગજાનંદે સુમનને શ્રદ્ધાભાવથી જોઇ, તેને અનુભવ થયો કે આવી અવસ્થામાં હું પણ તે કરતે જે સુમન કરવા ચાહે છે. તે બોલ્યો: "સુમન, તારા આ વિચાર યથાર્થ છે, તારા હૃદય પર ચાહે તે વીતે પણ શાંતાના હિત માટે તને સર્વ કંઈ સહન કરવું પડશે. તારે હાથે તેનું જેટલું કલ્યાણ થઇ શકવાનું તેટલું બીજા કોઇથી નથી થનાર. હમણા સુધી તું પોતાના માટે જીવિત હતી હવે બીજા માટે જીવ."

આ કહેતાં ગજાનંદ જ્યાંથી આવ્યો હતો તે તરફ ચાલ્યો ગયો. સુમન ગંગાજીના તટ પર ઘણીવાર ઉભી તેની વાતો પર વિચાર કરતી રહી. આ પછી સ્નાન કરી, જેમ કોઇ મનુષ્ય લડાઇમાં હારી જઇ ઘર તરફ જાય છે તેમ તે આશ્રમ તરફ ચાલવા લાગી.

પ્રકરણ ૪૬ મું.

શાંતાએ પત્ર મોકલ્યો પણ તેનો ઉત્તર મળવાની કોઇ આશા નહોતી. ત્રણ દિવસ વીતી ગયા, તેની નિરાશા દિવસે દિવસે વધતી જતી હતી. જો કંઇ અનુકુળ ઉત્તર ન આવ્યો તો ઉમાનાથ અવશ્યજ તેનો વિવાહ કરી દેશે એ વિચારી શાંતાનું હૃદય થરથરવા લાગતું હતું. તે દિવસમાં કેટલીએક વાર દેવીની બેઠક પર જતી અને નાના પ્રકારની માનતાઓ કરતી. કદિ શિવજીના મંદિરમાં જતી અને તેમને પોતાની મનોકામનાઓ કહેતી. સદન એક ક્ષણ માટે પણ તેના ધ્યાનમાંથી દૂર નહોતો થતો. તે તેની મૂર્તિને હૃદય નેત્રો સામે બેસાડી તેને હાથ જોડી કહેતી: "પ્રાણનાથ, મને શા માટે નથી સ્વીકારતા? શું લોકનિંદાના ભયથી! હાય! શું મારી જાત એટલી સસ્તી છે કે આ ભાવે વેચાય! તમે મને ત્યાગી રહ્યા છો, મને આગમાં હોમી દો છો, તે માત્ર એજ અપરાધ માટે કે હું સુમનની બ્હેન છું! એજ ન્યાય છે! તમે જો મને ક્યાંક મળતે તો હું તમને પકડીજ લેત પછી જોત કે તમે મારી પાસેથી કેમ ભાગી શકો છો. તમો પત્થર નથી કે મારાં આંસુઓથી ન પીગળતે. તમે પોતાની આંખોથી એક વખત મારી દશા જોઇ લેત તો પછી મને ગ્રહણ કરવા વગર આપનો છૂટકો થતેજ નહિ. એ વાત નિઃશંકજ છે. તમારૂં વિશાળ હૃદય કરૂણા–શૂન્ય હોવું અશક્ય છે. શું કરૂં? તમને મારા ચિત્તની દશા કેવી રીતે બતાવું?"

ચોથે દિવસે પ્રાતઃકાળે પદમસિંહનો તાર મળ્યો. શાંતા ભયભીત થઇ ગઇ. તેની પ્રેમાભિલાષાઓ શિથિલ પડી ગઇ. તેની ભાવી દશાની શંકાઓએ ચિત્તને અશાંત કરી દીધું.

પરંતુ ઉમાનાથ ફુલ્યા ન સમાયા. વાજાંઓનો પ્રબંધ કર્યો, સવારિઓ–ગાડીઓ એકત્રિત કરી, આખા ગામમાં નિમંત્રણ મોકલ્યાં. મહેમાનો માટે સ્વાગતની તૈયારિયો કરી. ગામના લોકો ચકિત થઇ ગયા કે આ તે કેવી વધૂ વિદાય? વિવાહ તો થયોજ નથી ને વિદાયગીરી કેવી? તેઓ સમજતા હતા કે ઉમાનાથે કંઇ ને કંઇ યુક્તિ કરી છે, તે ધુર્તજ છે. નક્કી સમય પર ઉમાનાથ સ્ટેશને ગયા અને વાજાં વગાડતા મહેમાનોને ઘર તેડી આવ્યા. માત્ર ત્રણ જણ હતા, પદમસિંહ, વિઠ્ઠલદાસ અને એક નોકર.

બીજા દિવસે સંધ્યા સમયે વિદાઇનું મુહૂર્ત હતું. ત્રીજો પહોર થઇ ગયો, પરંતુ ઉમાનાથના ઘરમાં ગામની કોઇ સ્ત્રી દેખવામાં નથી આવતી. ઉમાનાથ વારંવાર અંદર આવે છે, આંખો ચ્હડાવે છે, દિવાલોને ધમકાવી કરી કહે છે: "હું એકેએકને જોઇ લઇશ." જાન્હવી સાથે બગડી જઇ કહે છે; હું બધાઓની બરાબર ખબર લઇશ. પરંતુ તે ધમકીઓ જે કદિ બીજાઓને કોઇ વાર કંપાયમાન કરી દેતી

હતી તે આજે કોઇના પર પણ અસર નથી કરતી. જ્ઞાતિ કદીએ અનુચિત્ત દબાણ નથી માનતી. ધર્મંડિઓના માથાં નીચાં કરવા માટે તે આવા જ અવસરોની શોધમાં રહે છે.

સંધ્યા થઇ. પાલખી ઉંચકનાર માણસો પાલખીને દ્વાર પર લાવ્યા. જાન્હવી અને શાંતા ગળે વળગી ખૂબ રડયાં.

શાંતાનં હ્રદય પ્રેમથી પરિપુર્ણ હતું, આ ઘરમાં તેને જેજે કષ્ટો વેઠવા પડયા હતાં તે આ વખતે બધાં વિસરી ગઇ હતી. આ લોકો સાથે ફરી ભેટ ન થશે, આ ઘરના ફરી દર્શન ન થશે, એમનાથી હમેશ માટે નાતો તૂટે છે, એ વિચારી તેનુ હ્રદય વિદીર્ણ થઇ જતુ હતું. જાન્હવીનું હ્રદય પણ દયાર્થી ભરાઇ ગયું હતું. આ માતા--પિતા—વગરની બાલિકાને અમે બહુ કષ્ટ આપ્યું છે એ વિચારી તે પોતાના આંસુઓને રોકી શકતી નહોતી. બંનેના હ્રદયમાં સાચા, નિર્મલ અને કોમળ ભાવોનાં તરંગો આંદોલન મચાવી રહ્યાં હતાં.

ઉમાનાથ ઘરમાં આવતાં તો શાંતા તેમના ચરણોમાં લપટાઇ ગઇ અને વિનય કરતી કહેવા લાગી: "મારા પિતા તમેજ છો પોતાની પુત્રીને ભૂલી ન જશો, મારી બ્હેનોને ઘરેણા કપડાં આપજો, હોળી અને ત્રીજના તહેવારોમાં તેમને બોલાવજો પણ હું તો તમારા બે અક્ષરના પત્રનેજ મારૂં ધન્યભાગ સમજીશ." ઉમાનાથે તેને સંબોધતાં કહ્યું: "બેટી, જેવી મારી બીજી બે બેટીઓ છે તેવીજ તું છે, પરમાત્મા તમોને સદા સુખી રાખે," એમ કહી રડવા લાગ્યો.

સંધ્યા સમય હતો, મુન્ની ગાય ઘરમાં આવી તો શાંતા તેના ગળે ચોંટી કરી રોવા લાગી. તેણે ત્રણ ચાર વરસ તે ગાયની સેવા કરી હતી. હવે તે ચારો કે ભૂસો આપવા કોની પાસે જશે? કાળા દોરામાં કોડિઓ બાંધી કોનાં ગળામાં પહેરાવશે? મુન્ની માથું ઝુકાવી તેના હાથોને ચાટતી હતી. તેનો વિયોગ દુઃખ તેની આંખોમાંથી ઝળકી રહ્યું હતું.


મુન્ની ગાય ઘરમાં આવી તો શાંતા તેના ગળે ચોંટી કરી રોવા લાગી.

જાન્હવીએ શાંતાને લાવી પાલખીમાં બેસાડી દીધી. મજુરોએ પાલખી ઉપાડી. શાંતાને એવું જણાયું કે તે અથાગ સાગરમાં વહી રહી છે.

ગામની સ્ત્રીઓ પોતાને બારણે ઉભી રહી પાલખી જોતાં આંખો સજલ કરતી હતી.

ઉમાનાથ સ્ટેશન સુધી પહોંચાડવા આવ્યા. ટ્રેન ઉપડતાં પહેલાં તેમણે પોતાની પાઘડી ઉતારી પદ્મસિંહના ચરણો પર મૂકી દીધી. પદ્મસિંહ તેમને ગળે વળગી ભેટી પડયા.

જ્યારે ગાડી ચાલી ત્યારે પદ્મસિંહે વિઠ્ઠલદાસને પૂછ્યું: "હવે આ અભિનયનો સૌથી કઠિન ભાગ આવી પહોંચ્યો."

વિઠ્ઠલ: "હું ન સમજ્યો."

પદ્મ: "શું શાંતાને કંઇ પણ કહ્યા સમજાવ્યા વગરજ આશ્રમમાં લઇ જશું? તે તો ઠીક નહિ થાય. આપણે સઘળું તેને પહેલાં કહી સમજાવી તૈયાર રાખવી જોઇએ."

વિઠ્ઠલ: "હા, તે તમે બરાબર કહો છો. હું તેને જઇને કહી દઉં."

પદ્મ: "હા, પણ જરા વિચાર તો કરી લ્યો કે શું કહેવું. કારણકે હમણા સુધી તો તે એમજ સમજી રહી છે કે તે તો પોતાને સાસરે જાય છે. વિયોગના દુઃખમાં આ આશાએ તેને કંઇક સ્વસ્થ કરી છે, પરંતુ જ્યારે તેને

આપણી આ ચતુરાઇની ખબર પડશે ત્યારે તેને કેટલું કષ્ટ થશે? મને પસ્તાવો થાય છે કે તેને પહેલાંથીજ આ વાતો કાં કહી ન દીધી."

વિઠ્ઠલ: "તો હવે કહી દેવામાં શું બગડી જવાનું છે. મિર્ઝાપૂરમાં ગાડી ઘણી વાર ઉભી રહેશે ત્યારે હું તેને સમજાવી દઇશ."

પદમ: "મેં મોટી ભૂલ કરી છે."

વિઠ્ઠલ: "તો તે ભૂલ પર પસ્તાવો કર્યાથી જો કામ સરતું હોય તો પેટ ભરી પસ્તાવો કરી લ્યો."

પદમ: "આપની પાસે પેન્સીલ હોય તો આપો. એક પત્ર લખી સર્વ સમાચાર પ્રકટ કરી દઉં."

વિઠ્ઠલ: "નહિ. આપ તાર કરી દો તે વધારે ઉત્તમ થશે. ખરેખર આપ પણ વિચિત્ર માણસ છો. સીધી સાદી વાતમાં પણ આટલું આગળ પાછળ વિચારો છો."

પદમ: "મુશ્કેલી એવી આવી પડી છે ત્યાં હું એ શું કરૂં? ઠીક, પણ એક વાત મારા ધ્યાનમાં આવે છે, મુગલસરાયના સ્ટેશન પર ઘણી વાર થોભવું પડશે, બસ તો ત્યાં તેની પાસે જઇ બધો વૃતાંત કહી દઉં."

વિઠ્ઠલ: "આપનો આ વિચાર ખરેખર ઉત્તમ છે. હવે જણાય છે કે આપની બુદ્ધિ ઠેકાણા પર આવતી જાય છે, પરંતુ તે બહુ બહુ ફેરા ફરીને એજ વાત તમને પહેલાં ન સૂઝી."

* * *

શાંતા ઇંટરના ડબ્બામાં બેઠી હતી. ત્યાં બે બીજી ખ્રીસ્તી સ્ત્રીઓ બેઠી હતી. તેઓ શાંતાને જોઇ અંગ્રેજીમાં વાતો કરવા લાગી.

"જણાય છે કે આ કોઇ નવવિવાહિત સ્ત્રી છે."

"હા, કોઇ ઉંચા કુળની છે. સાસરે જાય છે."

"એવી રડે છે કે કોઇ જાણે બળજબરીએ લઇ જાય છે."

"પતિની હજી સુધી સુરત પણ ન દેખી હશે. ત્યાં પ્રેમ તો કેવી રીતે થઇ શકે. ભયથી તેનું હૃદય કાંપતુ હશે."

"એમને ત્યાં અધમ રિવાજ છે. બિચારી કન્યાને એક અજાણ્યા ઘરમાં મોકલી દેવામાં આવે છે, જ્યાં કોઇ પણ તેનું પોતાનું હોતું નથી."

"એ, તે કાળની પ્રથા છે જ્યારે, છોકરીઓને બળાત્કારે ઉપાડી લઇ જતા હતા."

"કેમ બ્હેન (શાંતાને) સાસરે જાઓ છો કે?"

શાંતાએ ધીરેથી માથું હલાવ્યું.

"તમે બહુ સુંદર છો, તમારા પતિ પણ તમારા જેવાજ હશે?"

શાંતાએ ગંભિરતાથી ઉત્તર આપ્યો: "પતિનું રૂપ અમારામાં આગળથી જોઇ નથી શકાતું."

"જો તે કાળો કુરૂપ હોય તો?"

શાંતાએ ગર્વથી ઉત્તર આપ્યો: "અમારા માટે તે દેવ તૂલ્ય છે, ભલે જોઇએ તેવો હોય."

"ઠીક ઘડી ભર એમજ માની લ્યો કે તમારી સામે બે મનુષ્ય લાવવામાં આવે, તેઓમાં એક રૂપવાન હોય અને બીજો કુરૂપ હોય તો તમો કોને પસંદ કરશો?"

શાંતાએ દ્રઢતાથી ઉત્તર આપ્યો: "જેને અમારા માતપિતા પસંદ કરે તેને."

શાંતા સમજી રહી હતી કે એ બન્ને આપણી વિવાહ પ્રથા પર આક્ષેપ કરી રહી છે. થોડી વાર પછી તેણે તેઓને પૂછ્યું: "મેં સાંભળ્યું છે કે તમો પોતાનો પતિ સ્વયં પસંદ કરી લ્યો છો."

"હા, અમે એ વિષયમાં સ્વતંત્ર છિયે."

"તમો તમને માબાપથી બુદ્ધિમાન સમજો છો?"

"અમારા મા બાપ શું સમજી શકે કે તેઓએ પસંદ કરેલા પુરૂપ સાથે અમારો પ્રેમ થશે કે નહિ."

"તો આપ લોકો વિવાહમાં પ્રેમને મુખ્ય સમજો છે?"

"હા, બીજું શું, વિવાહ પ્રેમનુ બંધન છે."

"અમે લોકો વિવાહને ધર્મનું બંધન સમજીએ છીયે. અમારો પ્રેમ ધર્મ પાછળ ચાલે છે."

નવ વાગે ગાડી મુગલસરાય પહોંચી ગઇ. વિઠ્ઠલદાસે આવી શાંતાને ઉતારી અને થોડે દૂર એક ગાલીચો બીછાવી તેના પર બેસાડી. બનારસની ગાડી ઉપડવાને અર્ધા કલાકનો વિલંબ હતો.

શાંતાએ જોયું કે તેના દેશવાસી, માથાપર મોટા મોટા ગાંસડાઓ લઇ એક નાના દ્વાર પર ઉભા છે અને બહાર નિકળવા માટે એક

બીજાપર તૂટી પડે છે. એક બીજા સાંકડા દરવાજા પર અસંખ્ય માણસો ઉભા રહીને અંદર આવવા માટે ધક્કમ ધક્કા કરી રહ્યા છે. પરંતુ બીજી તરફથી એક મોટા દરવાજામાંથી અંગ્રેજ ઘોડા સોટી ફેરવતાં, કુતરાઓને સાથે લઇ આવજાવ કરી રહ્યા છે. તેમને કોઇ નથી રોકતું, તેમને કોઇ પણ બોલી નથી શકતું.

એટલીવારમાં પંડિત પદ્મસિંહ તેની પાસે આવ્યા અને બોલ્યા: "શાંતા, હું તમારો ધર્મપિતા પદ્મસિંહ છું."

શાંતા ઉભી થઇ ગઇ અને બન્ને હાથ જોડી તેમને પ્રણામ કર્યા. પદ્મસિંહે કહ્યું: "તમને આશ્ચર્ય થતું હશે કે અમે ચુનાર કેમ ન ઉતર્યા. તેનું કારણ એજ છે કે હજી સુધી મેં ભાઇ સાહેબને તમારા વિષયમાં કંઇ પણ નથી પૂછ્યું. તમારો પત્ર મળ્યો એટલે હું એવો ગભરાઇ ગયો કે તમને બોલાવી લેવું આવશ્યક જણાયું. ભાઇ સાહેબને કંઈ કહેવા પૂછવાનો અવકાશજ ન મળ્યો. તે માટે હવે થોડા દિવસ સુધી તમને બનારસ રહેવું પડશે અને મને એ ઉચિત્ત લાગ્યું છે કે તમને આશ્રમમાં રાખું જ્યાં આજ કાલ તમારી બ્હેન સુમનબાઇ રહે છે. સુમન સાથે રહેવામાં તમને કોઇ પણ પ્રકારનું કષ્ટ નહિ થાય. તમે સુમન માટે જે કલંકિત વાતો સાંભળીછે તે હૃદયમાંથી કાઢી નાંખો. તેનું જીવન બીલકુલ નિર્દોષ અને ઉજ્જવલ થઇ ગયું છે. જો એમ ન હોત તો હું મારી ધર્મપુત્રીને તેની સાથે રાખવા કદિ પણ તૈયાર ન થાત. માસ બે માસમાં ભાઇને સમજાવી દઇશ. જો તમને આ પ્રબંધમાં કંઇ વાંધા જેવું લાગતું હોય તે સ્પષ્ટપણે કહો. વળી કોઇ બીજો પ્રબંધ કરૂં."

પદ્મસિંહે આ વાક્યને મહા મુશ્કેલીએ પૂરૂં કર્યું. સુમનની તેઓએ જે પ્રશંસા કરી તે પર તેમને પોતાને વિશ્વાસ નહોતો. મદનસિંહના સંબંધમાં પણ તેઓને કહેવું હતું તેથી વધારે કહી ગયા. તેમને આ સરલ હૃદયની કન્યાને આ પ્રમાણે દગો દેતાં માનસિક કષ્ટ થતું હતું.

શાંતા રડતાં રડતાં પદ્મસિંહના ચરણોપર પડી ગઇ અને લજ્જા, નિરાશા અને વિષાદ યુક્ત શબ્દો તેના મ્હોંમાંથી નિકળ્યા: "આપને શરણે છું, જે ઉચિત્ત લાગે તે કરો."

શાંતાનું હૃદય બહુ હલકું થઇ ગયું. હવે તેને પોતાના ભવિષ્યના વિષયમાં ચિંતા કરવાની આવશ્યકતા ન રહી. તેને અમુક દિવસ માટે તો પોતાનો જીવન માર્ગ નિશ્ચિત જણાવા લાગ્યો. તે આ વખતે એવા મનુષ્ય જેવી હતી જે પોતાના ઝુંપડામાં આગ લાગતાં એ કારણે પ્રસન્ન થાય કે થોડા સમય માટે તો તે અંધકારના ભયથી મુક્ત થઇ જશે.

અગીઆર વાગે આ ત્રણે જણ આશ્રમમાં પહોંચી ગયા. વિઠ્ઠલદાસ પહેલ વહેલાં ઉતર્યા કે અંદર જઇ કરી સુમનને ખબર આપું. પણ ત્યાં જઇને જોયું તો તે તાપમાં બેશુદ્ધ પડી હતી. આશ્રમની કેટલીએ સ્ત્રીઓ તેની શુશ્રુષામાં તત્પર હતી. કોઇ પંખો નાંખતી હતી, કોઇ તેનું માથું દાબતી હતી, કોઇ તેના પગ દબાવતી અને કોઇ તેના પગોને માલીશ કરતી હતી. વચ્ચે વચ્ચે તેનો રડવાનો ધ્વની સંભળાતો હતો. વિઠ્ઠલદાસે ગભરાઇ જઇ પૂછ્યું: "ડોકટરને લાવ્યા હતા?" ઉત્તર મળ્યો કે "તેઓ હમણાજ જોઇ ગયા છે."

કેટલીક સ્ત્રીઓએ શાંતાને ગાડી પરથી ઉતારી. શાંતા સુમનના ખાટલા પાસે ઉભી રહી બોલી: "બ્હેન, બ્હેન." સુમને આંખો ન ઉઘાડી. શાંતા મૂર્તિવંત ઉભી. પોતાની બ્હેનને કરૂણ તથા સજલ નેત્રે જોઇ રહી હતી. આ તે જ મારી વ્હાલી બ્હેન છે જેની સાથે હું ત્રણ ચાર વરસ પહેલાં રમતી હતી. તે લાંબા અને કાળા કાળા કેશ ક્યાં છે? તે કુંદન જેવું ચળકતું મુખ ક્યાં છે? તે ચંચલ આંખોના ચમકારા ક્યાં ગયા? તે કોમલ ચપલ ગાત્ર, તે ભરેલું શરીર, તે અરૂણ વર્ણ કપોલ, ક્યાં લોપ થઇ ગયા? આ સુમન છે કે તેનું શબ—તેની નિર્જીવ મૂર્તિ? તે વર્ણહીન મુખ પર વિરક્તિ, સંયમ તથા આત્મ—ત્યાગી નિર્મલ, શાંતિદાયિની જ્યોતિ ઝળકી રહી હતી. શાંતાનું હૃદય ક્ષમા અને પ્રેમથી ઉભરાઇ ગયું. તેણે બીજી સ્ત્રીઓને ત્યાંથી હઠી જવા અણુસારો કર્યો. અને પછી રડતી સુમનના ગળાથી લપટાઇ ગઇ અને બોલી: "બ્હેન, આંખો ઉઘાડ, શરીર કેમ છે, તારી શાંતા ઉભી છે."

સુમને આંખો ઉઘાડી અને ઉન્મત્તાની માફક વિસ્મિત નેત્રોથી શાંતા તરફ જોઇ બોલી: "કોણ, શાંતા તું હઠી જા મને ન અડક, હું પાપિની છું, હું અભા-

ગિની છું, હું ભ્રષ્ટ છું, તું દેવી છે, તું સાધ્વી છે મને અડકતી નહિં. આ હૃદયને વાસનાઓએ, અને દુષ્કર્મોએ મલિન કરી દીધું છે. તું પોતાના ઉજ્જ્વલ, સ્વચ્છ હૃદયને એની પાસ ન લાવ, અહિંથી ભાગી જા. પેલો મારી સામે નરકનો અગ્નિકુંડ પ્રચંડતાથી બળી રહ્યો છે. યમદૂતો મને તે કુંડમાં નાંખવા



"કોણ શાંતા ! તું હઠી જા. મને ન અડક."

માટે ઘસડી લઇ જાય છે, તું અહિંથી ભાગી જા." એ કહેતાં કહેતાં સુમન ફરી મૂર્છિત થઈ ગઇ.

શાંતા આખી રાત સુમન પાસે બેસી પંખો નાંખતી રહી.

પ્રકરણ ૪૭ મું.

શાંતાને આશ્રમમાં આવે એક માસથી અધિક સમય થઇ ગયો, પરંતુ પદમસિંહે પોતાના ઘરમાં કોઇની સાથે એ વિષયની ચર્ચા નથી કરી. કયારેક વિચારતા કે ભાઇને પત્ર લખું, કદિ વિચારતા તેમને જઇને કહું, કદિ વિચાર કરતા વિઠ્ઠલદાસને મોકલું ? પરંતુ કાંઇ નિશ્ચય કરી શકતા નહોતા.

અહિં તેમના મિત્રો વેશ્યાઓની બાબતના ઠરાવને બોર્ડમાં દાખલ કરવા હિલચાલ કરી રહ્યા હતા. તેમને તેની સફળતાની પૂરી આશા હતી. છતાં કહેવાય નહિ કદાચ વિલંબ થવાથી કાંઇ વાંધો ઉભો થાય. પદમસિંહ તેમને પણ આમ તેમ વાતો કહી ઠંડા પાડતા જતા હતા. તે એટલે સુધી કે મે મહીનો આવી ગયો અને વિઠ્ઠલદાસ તથા રમેશદત્ત એવા કંટાળ્યા કે તેમને આખરે થાકીને બોર્ડમાં નિયમાનુસાર પોતાના ઠરાવની સૂચના આપવી પડી. આથી તે તેને માટે દિવસ અને સમય નક્કી થયાં.

જેમ જેમ દિવસ નિકટ આવતો હતો તેમ તેમ પદમસિંહનું ચિત્ત અશાંત થતું હતું. તેમને અનુભવ થતો હતો કે માત્ર આ પ્રસ્તાવના સ્વીકૃત થવાથીજ ઉદ્દેશ પુરો નહિ થાય એને કાર્યરૂપમાં લાવવા માટે શહેરના બધા મોટા માણસોની સહાનુભૂતિ અને સહકારિતાની આવશ્યકતા છે. તે માટે તેઓ હાજી હાસમને કોઇ પણ પ્રકારે પોતાના પક્ષમાં લાવવા ચાહતા હતા. હાજી સાહેબનો શહેરમાં એટલો પ્રભાવ પડતો હતો કે વેશ્યાઓ પણ તેમના હુકમ વિરૂદ્ધ જઇ શકતી નહોતી. અંતમાં હાજી સાહેબ પણ પીગળી ગયા. તેમને પદમસિંહની નેક નીયત પર વિશ્વાસ આવી ગયો.

આજે બોર્ડમાં આ પ્રસ્તાવ ઉપસ્થિત થશે. મ્યુનિસિપાલના મીટીંગ હોલમાં બહુ ગીરદી છે. વેશ્યાઓએ પોતાના સઘળાં બળ સહિત જાણે હુમલો બોર્ડ પર કર્યો છે. જોઇએ બોર્ડની શું ગતિ થાય છે.

બોર્ડની કાર્યવાહી આરંભ થઇ ગઇ. બધા મેમ્બર હાજર છે. ડોકટર શ્યામચરણે શિતલ ટેકરી પર જવું મુલતવી રાખ્યું હતું, મુન્શી અબુલવફાને તો આખી રાત

નિદ્રા પણ ન્હોતી આવી. તેઓ કદિ અંદર જાય છે, કદિ બહાર આવે છે. આજે તેના પરિશ્રમ અને ઉત્સાહની સીમા નથી.

પદમસિંહે પોતાનો ઠરાવ સભા સન્મુખ ઉપસ્થિત કર્યો અને ભવ્ય શબ્દોમાં તેની પુષ્ટિ કરી. આ ત્રણ ભાગોમાં વિભક્ત હતો. (૧) વેશ્યાઓને શહેરના મુખ્ય ભાગોમાંથી કાઢી વસ્તીથી દૂર રાખવામાં આવે. (૨) તેમને શહેરના મુખ્ય સહેલ કરવાના સ્થાનો અને પાર્કોમાં આવવા નિષેધ કરવામાં આવે. (૩) વેશ્યાઓનો નાચ કરાવવા માટે એક ભારી ટેક્ષ રાખવામાં આવે અને એવા જલસા કોઇ પણ હાલતમાં ખુલ્લા-જાહેર સ્થાનોમાં કરવામાં ન આવે.

પ્રોફેસર રમેશદત્તે તેનું સમર્થન કર્યું.

સૈયદ શફકતઅલી (પેન્શનર ડેપ્યુટી કલેકટર): "આ બંદોબસ્ત ઉપર મને પૂરતો વિશ્વાસ છે પણ મારા મત મુજબ ઠરાવના પહેલા ભાગમાં આ શબ્દો વધારવામાં આવે: 'તેમના સિવાય કે જેઓ ૯ મહીનાની અંદર કાં તો પોતાના નિકાહ કરી લે કે કોઇ એવો હુન્નર શિખી લે જેથી તે કાયદાસર રીતે પોતાની જીંદગી ગુજારી શકે.'"

કુંવર અનિરૂદ્ધસિંહ બોલ્યા: "આ સુધારા સાથે હું એકમત છું. આપણને વેશ્યાઓને પતિત સમજવાનો કોઇ અધિકાર નથી. એમ કરવું એ આપણી પરમ ધૃષ્ટતા છે. આપણે જે રાત દિવસ લાંચ લઇએ છિયે, વ્યાજ ખાઇએ છિયે, ગરીબોને ચુસીયે છિયે, દીનોના ગળાં કાપિયે છિયે. તેઓને આ નથી છાજતું કે સમાજના કોઇ અંગને તેઓ નીચ કે તુચ્છ સમજે. સહુથી નીચ આપણે છિયે, સહુથી મોટા પાપી, દુરાચારી, અન્યાયી આપણે છિયે. આપણા શિક્ષિત ભાઇઓની કૃપાથી દાલમંડી-વેશ્યા બજારના ચોકમાં ધામધુમ છે, ચકલામાં રોનક છે. આ મીનાબજાર આપણે લોકોએજ શોભાવ્યું છે, આ ચકલીઓને આપણા લોકેજ ફસાવી છે, આ કાષ્ટ પુતળિઓ આપણેજ બનાવી છે જે સમાજમાં અત્યાચારી જમીન્દાર, લાંચ લેનાર રાજ્ય કર્મચારી, અન્યાયી મહાજન, સ્વાર્થી બંધુ આદર અને સન્માનને પાત્ર છે, ત્યાં દાલમંડી કાં ન આબાદ હોય: હરામનું ધન હરામખોરી સિવાય બીજે ક્યાં જવાનું છે? જે દિવસ નજરાણું, લાંચ અને ચક્રવર્તિ વ્યાજનો અંત આવશે, તે દિવસ દાલમંડી પણ ઉજ્જડ સમજવી તે પહેલાં તો નહિં. આથી સુધારા વિના મુખ્ય દરખાસ્ત જાણે નશ્તરનો તે ઘા છે જે પર મલમપટી નથી. તેથી હું તે સ્વીકારી નથી શકતો."

પ્રભાકરરાવે કહ્યું: "મારી સમજમાં નથી આવતું કે આ સુધારાને દરખાસ્ત સાથે શું સંબંધ છે. એને તો આપ લોક અલગ બીજી દરખાસ્તના રૂપમાં રજુ કરી શકો છો. સુધારા માટે આપ લોક જે કંઇ કરો તે ખરેખર પ્રશંસનીય છે, પણ આ કામ વસ્તીથી દૂર જેટલું સહેલ છે તેટલુંજ વસ્તીમાં રહેતાંએ. બલકે ત્યાં આ માટેની સગવડ અધિક જણાશે."

અબુલવફાએ કહ્યું: "મને આ સુધારા માટે પૂરી સહાનુભૂતિ છે."

અબદુલલતીફ: "આ સુધારા વિના હું દરખાસ્તને કબુલી નથી શકતો."

દીનાનાથ તિવારીએ સુધારાને અનુમોદન આપ્યું.

પદમસિંહ બોલ્યા: "આ દરખાસ્તથી અમારો ઉદ્દેશ વેશ્યાઓને કષ્ટ આપવાનો નથી. પણ તેમને સુમાર્ગપર લાવવાનો છે. આ માટે મને સુધારો સ્વીકારવામાં કંઇ વાંધો નથી."

સૈયદ તેગઅલીએ કહ્યું: "આ સુધારાથી અસલ દરખાસ્તનો મુદ્દો રદ થઇ જવાનો ભય છે. તમે જાણે એક મકાનનો મુખ્ય દરવાજો બંધ કરી પછવાડેની તરફ બીજો દરવાજો બનાવી રહ્યા છો. એ બની શકે તેમ નથી, કે આ સ્ત્રીઓ જેઓ હમણા સુધી મોજ મજાહ અને સ્વચ્છંદી જીવન ગુજારતી હતી, તેઓ મહેનત અને મજુરી ભરી જીંદગી ગુજારવા માટે રાજી થઇ જાય. તેઓ તો આ સુધારાથી ગેરકાયદાભર્યો લાભ મેળવવાની. કોઇ પોતાના દીવાનખાનામાં સિંગરનું એક મશીન રાખી પોતાનો બચાવ કરશે. કોઇ મોજાં ગુંથવાનો એક સંચો રાખી લેશે, કોઇ પાનની દુકાન ખોલી લેશે, કોઇ પોતાને ત્યાં સક્કરચંદ અને દાડમના થાલ સજાવી રાખશે. નકલી નિકાહ અને ફરજિયાત લગ્નોનું બજાર ગરમ થઇ જશે અને આ પરદાની આડમાં પહેલાં કરતાં પણ વધુ હરામખોરી થવા લાગવાની. આ સુધારાને પસાર કરવો એ ઇન્સાની ખસલતથી અજ્ઞાનતાને જાહેર કરવા બરાબર છે."

હકીમ શોહરતખાંએ કહ્યું: "મને સૈયદ તેગઅલીના વિચારો બરાબર જણાય છે. પહેલાં આ શયતાની હાજરીને શહેર બાહર કરી દેવી જોઇએ. તે પછી તેઓ જો રીતસરની જીંદગી ગુજારવા ચાહે તો તે માટેની પૂરતી ખાત્રી કર્યા પછી તેમને પરીક્ષા દાખલ શહેરમાં આવી વસવાની રજા આપવી જોઇએ. શહેરના દરવાજા બંધ નથી, જેને જોઇએ તે આવી વસી શકે છે. મને પૂરેપૂરી ખાત્રી છે કે સુધારાથી આ દરખાસ્તની મતલબ ઉડી જવાની."

શરીફહસન વકીલ બોલ્યા: "આમાં તો કંઇ શક નથી કે પંડિત પદ્મસિંહ એક બહુજ નેક અને દયા દિલના છે પણ આ સુધારાને કબુલી તેમણે અસલ મતલબ રાખવા ઉપરાંત દરેકને પ્રિય થઇ પડવાની કોશીષ કરી છે. આ કરતાં તો એજ બહેતર હતું કે આ દરખાસ્ત રજુ જ ન કરવામાં આવતે. સૈયદ શફકતઅલી સાહેબે જો વધુ દુરઅંદેશીથી વિચાર્યું હતે તો તેઓ કદી આ સુધારો પણ ન મૂકતે."

શાકીરબેગે કહ્યું: "સમજુતીથી નિવેડો કરવો. દેશના મામલામાં ભલે જોઇએ તેટલું પ્રશંસનિય હોય પણ નૈતિક મામલામાં તો તે દોષદાયકજ છે. આથી નૈતિક બુરાઇઓ પર ફક્ત પરદો પડે છે."

સભાપતિ શેઠ બલભદ્રદાસે ઠરાવના પહેલા ભાગ ઉપર મત લેતાં ૯ અનુકુલ અને ૮ પ્રતિકુલ મત પડયાં. ઠરાવ પસાર થયો.

પછી સુધારા પર મત લેતાં ૮ અનુકુલ અને ૮ પ્રતિકુલ થતાં સુધારો પણ પસાર થયો. સભાપતિએ તેને અનુકુલ મત આપ્યો. ડો૦ શ્યામચરણદાસે કોઇની પણ તરફમાં મત ન આપ્યો.

પ્રોફેસર રમેશદત્ત અને રૂસ્તમજી તથા પ્રભાકરરાવે સુધારો પસાર થયો એમાં પોતાની હાર ગણી અને પદ્મસિંહની તરફ એવા ભાવથી જોયું, જાણે તેઓએ વિશ્વાસઘાત કર્યો હોય. કુંવર સાહેબના વિષયમાં તેમણે એમજ માની લીધું કે તે તો કેવલ હઠીલો, જક્કી, સિદ્ધાન્તહીન મનુષ્ય છે.

અબુલવફા અને તેનો મિત્રવર્ગ એવા પ્રસન્ન થયા કે જાણે તેમનીજ જીત થઇ. તેમનું આ રીતે ખુશી થવું પ્રભાકરરાવ અને તેના મિત્રોના હૃદયમાં કાંટા મિસાલ ખટકતું હતું.

ઠરાવના બીજા ભાગ પર મત લેવામાં આવ્યાં. પ્રભાકરરાવ અને તેના મિત્રોએ હવે આ વેળાયે તેનો વિરોધ કર્યો. તેઓ પદ્મસિંહને વિશ્વાસઘાતી બનવા માટે શિક્ષા કરવા ચાહતા હતા. તે ઠરાવ અસ્વીકૃત થયો.

હવે ઠરાવના ત્રીજા ભાગની વારી આવી. કુંવર અનિરૂદ્ધસિંહે તેનું સમર્થન કર્યું. હકીમ શોહરતખાં, સૈયદ શફકતઅલી, શરીફહસન અને શાકિરબેગે પણ તેનું અનુમોદન કર્યું પણ પ્રભાકરરાવ અને તેના મિત્રોએ તેનો વિરોધ કર્યો. સુધારો પાસ થઇ જવા પછી તેમને આ સંબંધના અન્ય સર્વ ઉદ્યોગ નિષ્ફળ જણાયા. તેઓ તે લોકમાંના હતા જેઓ કાં તો સર્વ લેવાના અથવા કંઇજ ન લેવાના. આથી પ્રસ્તાવ પસાર ન થયો.

મોડી રાતે સભા સમાપ્ત થઇ. જેમની હારી જવાની શંકા હતી તેઓ હસતા બહાર નીકળ્યાં. જેમને જીતવાનો નિશ્ચય હતો, તેમના ચહેરા પર ઉદાસી છવાઇ હતી.

ચાલતી વેળાયે કુંવર સાહેબે મી૦ રૂસ્તમજીને કહ્યું: "આ તમે લોકોએ શું કરી દીધું?"

રૂસ્તમજીએ વ્યંગ ભાવથી ઉત્તર આપ્યો: "જે તમે લોકે કીધું તેજ અમે પણ કીધું. તમે ઘડામાં છિદ્ર કરી કાણું પાડયું, અમે તે પટકી પૂરૂં કરી નાખ્યું. પરિણામ બન્નેનું એક જ છે."

સર્વ લોક ચાલ્યા ગયા. અંધારૂં ગઢ હતું. ચોકીદાર અને માલી ફાટક બંધ કરી ચાલ્યા ગયા, પણ પદ્મસિંહ ત્યાંજ ઘાસ ઉપર નિરૂત્સાહ અને ચિંતાની મૂર્તિ બની બેઠા હતા.

પ્રકરણ ૪૮ મું.

પદ્મસિંહનો આત્મા કોઇ પણ રીતે આ સુધારાનો સ્વીકાર કરવામાં પોતાની ભૂલ કબુલ કરતો નહિ. તેમને કદિ પણ એ આશા નહોતી કે તેમના મિત્રો એક ગૌણ વાત માટે તેમનો આટલો વિરોધ કરશે. તેમને પ્રસ્તાવના એક અંશનો સ્વીકાર થવા માટે ખેદ નહોતો. ખેદ એ હતો કે એનો દોષ તેમના માથા પર મૂકવામાં આવતો હતો અને તેમને બરાબર એમ પ્રતીત થતું કે આ તો પોતાના સાથીઓની સંકીર્ણતા અને દૂરદર્શિતા છે. આ સુધારાને તેઓ ગૌણજ સમજતા હતા. તેના દુરૂપયોગની જે શંકાઓ કરવામાં આવતી હતી તે પર પદ્મસિંહને વિશ્વાસ નહોતો. આ અવિશ્વાસ આ પ્રસ્તાવની બધી જોખમદારી તેમના માથા પર નાખી દેતો હતો. તેમને હવે એ નિશ્ચય થવા

લાગ્યો હતો કે વર્તમાન સામાજિક દશામાં આ પ્રસ્તાવથી જે આશાઓ રાખવામાં આવી હતી, તે ફલીભૂત થવાની કોઇ સંભાવના નથી. તેઓ કદિ પસ્તાતા હતા કે મેં વ્યર્થ આ ઝગડો પોતાના માથે લઇ લીધો. તેમને આશ્ચર્ય થતું હતું કે, હું શા માટે આ કાંટાવાળી ઝાડીમાં ઘૂસ્યો. જો આ ભાવી અસફલતાનો ભાર આ સુધારાપર જઇ પડતે તો તેઓ આ મોટી જોખમદારીથી મુક્ત થઈ જતે. પણ આ તેમને માત્ર દુર્દશા પ્રતીત થતી હતી. હવે બધી બદનામી તેમના પરજ આવશે. વિરોધી દલ તેમની હાંસી કરાવશે અને તેમની ઉચ્છ્રંખલતાઇ પર ટીકા કરશે. આ બધી નિંદા તેમને એકલાનેજ સહન કરવી પડશે, કોઇ તેમનો મિત્ર નથી, કોઇ તેમને ધીરજ આપનાર નથી. વિઠ્ઠલદાસની આશા હતી કે તેમને ન્યાય આપશે, તેમનાં રીસાઇ ગયલા મિત્રોને મનાવી આવશે, પરંતુ વિઠ્ઠલદાસે ઉલટા તેમને અપરાધી ઠેરવ્યા તેણે કહ્યું: "આપે આ સુધારાને સ્વીકારી સર્વ ગોળને માટી બનાવી દઇ વરસોની મહેનતપર પાણી ફેરવી દીધું." માત્ર કુંવર અનિરૂધ્ધસિંહ એક જણ હતા જે પદમસિંહના વ્યથિત હૃદયને કંઇક શાંતિ આપતા હતા અને તેમના પ્રત્યે સહાનુભૂતિ રાખતા હતા.

લગભગ એક આખો મહીનો પદમસિંહ કોર્ટમાં ન જઇ શક્યા. બસ એકલા બેસી આ ઘટનાની આલોચના કરતા હતા. તેમના વિચારોમાં એક નિષ્પક્ષતા આવી ગઇ હતી. મિત્રોના વૈરથી તેમને દુ:ખ થતું હતું. તે પર ધ્યાન આપી તેઓ એ વિચારતા હતા કે જ્યારે આવા સુશિક્ષિત, વિચારશીલ પુરૂષ એક જરા જેવી વાત પર પોતાના નિશ્ચિત સિદ્ધાંતોથી પ્રતિકૂળ વ્યવહાર કરે છે તો પછી આ દેશના કલ્યાણની કાંઇ આશા નથી. સમજો કે મેં સુધારા સ્વીકારવામાં ભૂલ કરી, પરંતુ મારી ભૂલે તેમને કાં માર્ગથી વિચલિત કરી દીધા?

પદમસિંહને આ માનસિક કષ્ટની અવસ્થામાં પહેલી વાર અનુભવ થયો કે એક અબલા સ્ત્રી ચિત્તને સાવધાન કરવાની કેટલી શક્તિ ધરાવે છે. જો સંસારમાં આ વખતે એવું કોઇ પ્રાણી હોય કે જે પૂર્ણ રીતે તેમની અવસ્થાને સમજતું હતું તો તે સુભદ્રા હતી. તે, તે સુધારાને પદમસિંહ કરતાં વધારે આવશ્યક સમજતી હતી. તે તેમના સાથીઓની તેનાથી પણ સારી રીતે તીક્ષ્ણ સમાલોચના કરતી હતી. તેની વાતોથી પદમસિંહને બહુ શાંતિ થતી હતી. જો કે તેઓ સમજતા હતા કે સુભદ્રામાં આવા ગહન વિષયને સમજવાનું અને તોલવાનું સામર્થ્ય નથી અને એ જે કંઇ કહે છે તે કેવળ એમની વાતોનો પ્રતિધ્વનિ હતો, તથાપિ એને લીધે તેમના આનંદમાં કાંઇ વિઘ્ન નહોતું પડતું.

હજી મહીનો પૂરો પણ નહોતો થયો કે પ્રભાકરરાવે પોતાના પત્રમાં આ પ્રસ્તાવના સંબંધમાં એક લેખમાલા પ્રગટ કરવી શરૂ કરી. તેમાં પદમસિંહ પર એવા એવા માર્મિક પ્રહાર કરવા લાગ્યો કે તે વાંચી તેઓ વ્યાકુળ થઇ જતા હતા. એક લેખમાં તેણે પદમસિંહના પૂર્વ ચરિત્ર અને આ સુધારા વચ્ચે અનિષ્ટ સંબંધ દેખાડયો. એક બીજા લેખમાં તેમના આચરણ પર આક્ષેપ કરતાં લખ્યું: "એ વર્તમાન કાળના દેશસેવક છે કે જે દેશને ભલે ભૂલી જાય પણ પોતાને કદિ પણ નથી ભૂલતા, જે દેશ-સેવાની ઓથમાં પોતાની સ્વાર્થ સાધના કર્યા કરે છે. જાતિના નવયુવક કુવામાં પડતા હોય તો ભલે પડે પણ કાશીના હાજીની કૃપા આબાદ રહેવી જોઇએ." પદમસિંહને આ અનુદારતા અને મિથ્યા-દોષ પર જેટલો ક્રોધ આવતો હતો તેટલુંજ આશ્ચર્ય થતું હતું, કે અસજ્જનતા આ સીમા સુધી જઇ શકે છે એ અનુભવ તેમને આજેજ થયો. એ સભ્યતા અને શાલિનતાના કોંટ્રેકટર બને છે પરંતુ તેમનો આત્મા આટલો મલિન છે! અને કોઇમાં એટલો સાહસ પણ નથી કે એનો પ્રતિવાદ કરે?

સંધ્યા સમય હતો. આ લેખ પલંગપર પડયો હતો. પદમસિંહ સામે ટેબલપર બેસી આ લેખનો ઉત્તર લખવાની કોશેશ કરી રહ્યા હતા, પણ કંઇ લખવાનું સુઝતું નહોતું કે સુભદ્રાએ આવી કહ્યું: "ગરમીમાં અહિં શા માટે બેઠા છો. ચાલો બહાર બેસો."

પદમ: "પ્રભાકરરાવે આજે મને ખૂબ ગાળો આપી છે તેમનો જવાબ લખી રહ્યો છું."

સુભદ્રા: "એ તમારી પાછળ કાં એટલો પડયો છે?" એમ કહી સુભદ્રા તે લેખ વાંચવા લાગી અને પાંચ મિનીટમાં તો આખો લેખ તેણે વાંચી લીધો.

પદમ: "લેખ કેવો છે?"

સુભદ્રા: "એ તે કંઇ લેખ થોડોજ છે. એ તો ખુલ્લે ખુલ્લી ગાળો છે. હું સમજતી હતી કે ગાળોની લડાઇ સ્ત્રીઓમાંજ થાય છે પણ

જોઉં છું. કે પુરૂષો અમારાથી પણ આગળ વધેલા છે. એઓ વિદ્વાન પણ હશે?"

પદમ: "હા, વિદ્વાન કેમ નથી. આખી દુનિયાના પુસ્તકો ડહોળે છે તે!"

સુભદ્રા: "છતાં આ હાલ!"

પદમ: "હું તેનો ઉત્તર લખી રહ્યો છું, એવી ખબર લઇશ કે તે પણ યાદ કરે કે કેવા સાથે પ્રસંગ પડયો હતો."

સુભદ્રા: "પણ ગાળોનો શો ઉત્તર આપશો?"

પદમ: "ગાળો."

સુભદ્રા: "નહિ ગાળોનો ઉત્તર મૌન છે. ગાળોનો ઉત્તર ગાળો તો મૂર્ખ પણ આપે છે તો પછી તમારામાં અને તેનામાં ફેર પણ શું છે?"

પદમસિંહે સુભદ્રાને શ્રદ્ધાપૂર્ણ નેત્રોથી જોયું. તેની વાત તેના મનમાં બેસી ગઇ. કદિ કદિ આપણને તે લોકો પાસેથી પણ શિક્ષા મળે છે જેમને આપણે અભિમાનવશ અજ્ઞાન સમજીએ છિયે.

પદમ: "તો મૌન ધારણ કરી લઉં?"

સુભદ્રા: "મારી તો એ સલાહ છે. તેને જે મનમાં આવે તે બકવા દ્યો. કોઇ પણ વખતે તે અવશ્ય લજ્જિત થશે, બસ તેજ આ ગાળોની શિક્ષા થશે."

પદમ: "તે લજ્જિત કદિ પણ નહિ થાય. એ લોકો લજ્જિત થવું જાણતાજ નથી. હમણા હું તેની પાસે જાઉં તો તે મારો અતિ આદર કરે, હસી હસી બોલે, પરંતુ સંધ્યા થતાંજ ફરી તેને ગાળોનો નિશો ચઢી આવશે."

સુભદ્રા: "તો શું તેનો ઉદ્યમ બીજાઓ પર આક્ષેપ કરવાનોજ છે?"

પદમ: "નહિ, ઉદ્યમ તો એ નથી, પરંતુ સંપાદક લોકો પોતાના ગ્રાહક વધારવા માટે આ પ્રકારની કોઇ પણ ફુલછડી સળગાવતા રહે છે. આવા આક્ષેપપૂર્ણ લેખોથી પત્રોનું વેચાણ વધે છે, પ્રજાને આવા ઝગડાઓમાં આનંદ પ્રાપ્ત થાય છે. અને સંપાદકો પોતાના મહત્વને ભૂલી જઇ પ્રજાના આ વિવાદ–પ્રેમથી લાભ મેળવવા લાગે છે. પોતાના ગૌરવને છોડી પત્રના કોઇ સંપાદક તો એટલે સુધી કહે છે કે પોતાના ગ્રાહકોને પ્રસન્ન રાખવા એ અમારૂં કર્તવ્ય છે. અમો તેમનું ખાઇયે છિયે તો તેમનુંજ ગાશું."

સુભદ્રા: "ત્યારે તો આ લોકો કેવળ પૈસાના ગુલામ છે, એમના પર ક્રોધ કરવાના બદલે દયા કરવી જોઇયે."

પદમસિંહ મેજ ઉપરથી ઉઠી આવ્યા. ઉત્તર લખવાનો વિચાર છોડી દીધો. તેણે સુભદ્રાને આવી વિચારશીલ કયારે કદિ પણ જોઇ નહોતી. તેમને અનુભવ થયો કે યદ્યપિ મેં બહુ અભ્યાસ કર્યો છે પણ એના હૃદયની ઉદારતાને હું નથી પહોંચી શકવાનો. એ અશિક્ષિત હોવા છતાં પણ મારાથી અતિ ઉંચ્ચ વિચાર ધરાવે છે. તેમને આજે જ્ઞાન થયું કે સ્ત્રી સંતાનહીન હોઇને પણ પુરૂષ માટે શાંતિ અને આનંદનો એક અવિરલ શ્રોત છે. સુભદ્રા પ્રતિ તેમના હૃદયમાં એક નવો પ્રેમ જાગૃત થઇ ગયો–એક એવી લેહર ઉઠી કે જેણે વરસ સુધી જામેલા માલિન્યને કાપી વહેવરાવી દીધું. તેમણે વિપ્રલ વિશુદ્ધ ભાવથી તેને જોઇ. સુભદ્રા એનો આશય સમજી ગઇ અને તેનું હૃદય આનંદથી વિહ્‌વલ અને ગદ્‌ગદ્ થઇ ગયું.

પ્રકરણ ૪૯ મું.

સદન જ્યારે સુમનને જોઈ પાછો ફર્યો ત્યારે તેની દશા એવી એક દરિદ્ર મનુષ્ય જેવી હતી, કે જેનું વર્ષોનું સંચિત ધન જાણે ચોરોએ હરી લીધું હોય.

તે વિચારતો હતો કે: "સુમન મારી સાથે કેમ ન બોલી, તેણે મારી સામે ધરીને કાં ન જોયું? શું તે મને એટલો નીચ સમજે છે? નહિ, પણ તે પોતાના પૂર્વ ચરિત્રથી લજ્જિત પામી મને ભૂલી જવા ચાહે છે. સંભવિત છે કે તેને મારા વિવાહના સમાચાર પણ મળ્યા હોય અને તેથી મને અન્યાયી અને નિર્દય સમજતી હોય." તોપણ ફરી એક વાર સુમનને મળવા માટે તેને ઉત્કંઠા થઇ. બીજે દિવસે તે વિધવાશ્રમના ઘાટ તરફ ચાલ્યો, પરંતુ અડધે રસ્તેથી પાછો વળ્યો. તેને શંકા થઇ કે કયાંક શાંતાની વાત નિકળશે તો તે શું જવાબ આપશે. અને સાથે સ્વામી ગજાનંદનો ઉપદેશ પણ યાદ આવી ગયો.

સદન હવે કોઇ કોઇ વખત શાંતા પ્રતિ પોતાના કર્તવ્ય પર વિચાર કરતો હતો. મહિનાઓ સુધી સામાજિક અવસ્થા પર વ્યાખ્યાનો સાંભળવાથી તેના પર કંઇક પ્રભાવ પડયો

હતો. તે મનમાં પોતાનો દોષનો સ્વિકાર કરવા લાગ્યો કે: "અમે લોકોએ શાંતા સાથે અન્યાય કર્યો છે." પણ હજી સુધી તેનામાં એવી કર્તવ્યાત્મક શક્તિનો ઉદય નહોતો થયો કે જે અપમાનનું અપમાન કરે છે અને આત્માની આજ્ઞા સામે કોઇની પરવા નથી કરતી.

તે હાલમાં બહુ અધ્યયનશીલ થઇ ગયો હતો. વેશ્યાબજાર અને ચોકની સહેલથી વંચિત થઇ હવે તેનો આત્મા આ નવા માર્ગ પર જઇ ચઢયો. આર્યસમાજના ઉત્સવમાં તેણે કેટલાંક એવાં વ્યાખ્યાન સાંભળ્યાં કે જેમાં ચરિત્ર ગંઠનનું મહત્વપૂર્ણ વર્ણન કરવામાં આવ્યું હતું. તે સાંભળવાથી તેનો એ ભ્રમ દૂર થઇ ગયો કે મને જે કંઇ થવાનું હતું તે થઇ ગયું. ત્યાં તેને જણાવવામાં આવ્યું કે બહુ વિદ્વાન થવાથીજ મનુષ્ય આત્મિક ગૌરવ પ્રાપ્ત નથી કરી શકતો. તેને પ્રાપ્ત કરવા માટે સદ્ચરિત્ર થવું પરમાવશ્યક છે. ચારિત્ર સામે વિદ્યાનું મૂલ્ય બહુ ઓછું છે. તે તેજ દિવસથી ચારિત્ર ગંઠન અને મનોબલ સંબંધી પુસ્તકો વાંચવા લાગ્યો, અને દિવસે દિવસે તેની આ રૂચી વધતી જતી હતી. તેને હવે અનુભવ થવા લાગ્યો હતો કે તે વિદ્યાહીન હોવા છતાં પણ મનુષ્ય સંસાર ક્ષેત્રમાં કંઇ કામ કરી શકે છે. તે જે પુસ્તકો વાંચતો તેમાં ઇંદ્રિઓને રોકવા તથા મનને સ્થિર કરવા માટે જે સાધન બતાવવામાં આવ્યાં હતાં તેમને તે કદિ પણ ભૂલતો નહોતો.

જ્યારે વેશ્યાઓ સંબંધી ઠરાવ ઉપસ્થિત હતા, તે મ્યુનિસિપાલ બોર્ડની બેઠક વખતે તે હાજર હતો. સુધારો સ્વીકૃત થઇ જવાથી તે બહુ ઉદાસ થઇ ગયો હતો. અને પોતાના કાકાની ભૂલને સ્વીકારતો હતો પરંતુ જ્યારે પ્રભાકરરાવે પદ્મસિંહ પર આક્ષેપ કરવા શરૂ કર્યા ત્યારે તે પોતાના કાકાનું સમર્થન કરવા ઉત્સુક થવા લાગ્યો. તેણે એ ત્રણ લેખ લખ્યા અને પ્રભાકરરાવને પોસ્ટ મારફતે મોકલી દીધા. કેટલાએક દિવસ સુધી તેમના પ્રકટ થવાની આશામાં રહ્યો. તેને નિશ્ચય હતો કે તે લેખો પ્રકટ થતાંજ એક પ્રકારની ચળવળ થવા લાગશે અને સંસારમાં પરિવર્તન થઇ જશે. જેવો ટપાલવાળો પત્ર લાવતો કે તે ઉઘાડી પોતાના લેખોને શોધવા લાગતો પરંતુ તેમની જગાએ તેજ દ્વેષ અને દ્રોહથી ભરેલા લેખ જોવામાં આવતા. તેમને વાંચી તેના હ્રદયમાં એક પ્રકારની જવાળા ઉઠતી હતી. અંતમાં એક લેખ વાંચી તેનું ધૈર્ય હાથથી જતું રહ્યું. તેણે નિશ્ચય કર્યો કે હવે ગમે તે થાય પણ સંપાદક મહાશયની ખબર તો બરાબર લેવી જોઇયે. જો તે સજ્જન હોત તો મારા લેખોને પ્રકટ કરતે, ભલે તેમની ભાષા અશુદ્ધ છે તો અશુદ્ધ, પણ તે તર્કહીન તો નહતી. તેમને છૂપાવી રાખવાથી સાબીત થઇ ગયું કે તે સત્યાસત્યનો નિર્ણય કરવા નથી ઇચ્છતો, માત્ર જનસમાજને પ્રસન્ન કરવા નિત્ય ગાળો બકતો જાય છે. તેણે પોતાના વિચારોને કોઇ પણ પ્રકટ નથી કર્યા. સંધ્યા સમયે એક મોટી લાકડી લઇ સદન "જગત" કાર્યાલયમાં જઇ પહોંચ્યો. કાર્યાલય બંધ થઇ ચૂકયું હતું પણ પ્રભાકરરાવ પોતાની ઓફીસમાં બેસી કંઇક લખી રહ્યો હતો. સદન બેધડક અંદર જઇ તેની સન્મુખ ઉભો. પ્રભાકરરાવે ચોંકી માથું ઉંચું કર્યું તો એક લાંબા ભરાવ યુવકને ડંડો લઇ ઉદ્ધત ભાવથી ઉભેલો દીઠો. કંઇક કડક થઇ બોલ્યો: "આપ કોણ છો?"

સદન: "મારૂં ઘર નજદીકમાંજ છે, હું આપને માત્ર એટલુજ પૂછવા માંગું છું કે આપ આટલા દિવસ થયા પંડિત પદ્મસિંહને ગાળો શા માટે આપી રહ્યા છો?"

પ્રભાકર: "ઠીક. શું ત્યારે આપેજ એ ત્રણ લેખ મને મોકલ્યા છે?"

સદન: "જી હા, મેંજ મોકલ્યા હતા."

પ્રભાકર: "તો તે માટે હું આપને ધન્યવાદ આપું છું, આવો બેસો, હું તો તમને સ્વયં મળવા ચાહતો હતો. આપનું ઠેકાણું હું નહોતો જાણતો. આપના લેખ બહુજ ઉત્તમ અને સપ્રમાણ છે અને મેં તેમને કયારનાજ પ્રગટ કર્યા હોત પણ નનામા લેખોને છાપવા તે નિયમવિરૂદ્ધ છે તેથીજ લાચાર હતો. આપનું શુભ નામ?"

સદને પોતાનું નામ કહ્યું. તેનો ક્રોધ કંઇક શાંત થવા લાગ્યો હતો.

પ્રભાકર; "આપ તો પંડિતજીના પરમભકત જણાઓ છો!"

સદન: "હું તેમનો ભત્રીજો છું."

પ્રભાકર: "અહો, તમે તો ત્યારે પોતાનાજ છો, કહો પંડિતજી તો ખુશીમાં છે. તેઓ તો કદિ અંહિ મ્હાં પણ નથી દેખાડતા."

સદન: "હજી સુધી તો ખુશીમાં છે પણ જો આપના લેખોનો જોશ હમણા જેવો ચાલુ રહેશે તો ઇશ્વર જાણે તેમની શી ગતિ થશે. આપ તેમના મિત્ર થઇ આટલો દ્વેષ કેમ કરવા લાગ્યા?"

પ્રભાકર: "દ્વેષ? રામ રામ! આપ શું કહો છો? મને તેમની સાથે લેશ માત્ર પણ દ્વેષ નથી. આપ સંપાદકોના કર્તવ્યને નથી જાણતા. અમે પબ્લિકની સામે પોતાના હૃદયને ઉઘાડી રાખવું એ પોતાનો ધર્મ સમજીએ છિયે. પોતાના મનોભાવોને ગુપ્ત રાખવા એ અમારા નીતિશાસ્ત્રમાં પાપ છે. અમે ન કોઇના મિત્ર છિયે કે ન કોઇના શત્રુ. અમે પોતાના જન્મના મિત્રોને એક ક્ષણમાં ત્યાગી દઇયે છિયે અને જન્મના શત્રુઓને એક ક્ષણમાં ગળે વળગી ભેટી પડીએ છિયે. અમે સાર્વજનિક વિષયોમાં કોઇની ભૂલોને ક્ષમા નથી કરતા તે એટલા માટેજ કે અમારી ક્ષમાથી તેમનો પ્રભાવ વધારે હાનીકારક થઇ જાય છે.

"પદમસિંહ મારા પરમ મિત્ર છે અને હું તેમનો હૃદયથી આદર કરૂં છું. મને તેમના પર આક્ષેપ કરતાં અંતઃકરણમાં વેદના થાય છે. પરમ દિવસ સુધી મારો તેમની સાથે સિદ્ધાંતનો વિરોધ હતો પરંતુ હવે મને એવા પ્રમાણ મળ્યા છે અને તે પરથી એમ જણાય છે કે તે સુધારાને સ્વીકારવામાં તેમનો કોઇ બીજોજ ઉદ્દેશ હતો. આપને કેહેવામાં કંઇ હાની નથી તેથી કહું છું. કેટલાક મહિના થયા તેમણે સુમનબાઈ નામની એક વેશ્યાને ગુપ્ત રીતિથી વિધવા આશ્રમમાં દાખલ કરાવી દીધી છે અને લગભગ એક માસથી તેની નાની બ્હેનને પણ આશ્રમમાં રાખી છે. હું ઇચ્છું છું કે આ ખબર બીનપાયાદાર હોય પરંતુ જો સત્ય હશે તો કોઇ બીજા હેતુથી નહિ તો તેમનો પ્રતિવાદ કરવા માટે આ ખબરને પ્રકાશિત કરી દઇશ."

સદન: "આ ખબર તમને ક્યાંથી મળી?"

પ્રભાકર: "તે હું નથી કહી શકતો પરંતુ આપ પંડિતજીને કહી દેશો કે જો એ એમના પર મિથ્યારોપણ હોય તો મને સૂચિત કરી દે. મને એ પણ જણાયું છે કે આ પ્રસ્તાવના બોર્ડમાં આવવા પહેલાં પંડિતજી હાજીહાશિમને ત્યાં જતા હતા. એવી અવસ્થામાં આપ સ્વયં જોઇ શકો છો કે હું તેમના હેતુને ક્યાં સુધી નિસ્પૃહી સમજી શકું!"

સદનનો ક્રોધ શાંત થઇ ગયો, પ્રભાકરરાવની વાતોએ તેને વશીભૂત કરી લીધો. તે મનમાં તેમનો આદર કરવા લાગ્યો અને પછી અહિં તહિંની વાતો કરી પાછો ઘેરે આવ્યો. તેને હવે સૌથી મોટી ચિંતા એ હતી કે "શું શાંતાને ખરેખર આશ્રમમાં લાવવામાં આવી છે?"

રાત્રિના ભોજન કરતી વખતે તેણે બહુ વિચાર્યું કે પંડિતજી સાથે એ વિષયમાં કંઇ વાતચીત કરે પણ હિંમત ન થઇ. સુમનને વિધવાશ્રમમાં જતા તેણે જોઇ હતી કે જેનું તાત્પર્ય હમણા સુધી તેની સમજમાં નહોતું આવ્યું. શાંતાને લાવવાનો સંદેહ પણ તેને થવા લાગ્યો હતો.

તે આખી રાત વ્યાકુળ રહ્યો: શાંતા આશ્રમમાં શા માટે આવી છે? કાકાએ તેને અહિં શા માટે બોલાવી છે? શું ઉમાનાથ તેને પોતાના ઘરમાં રાખવા ખુશી ન હશે? આવાજ પ્રશ્નો તેના મનમાં ઉદ્દભવતા રહ્યા. પ્રાંતઃકાળે તે વિધવાશ્રમવાળા ઘાટ તરફ ચાલ્યો. તેની ઇચ્છા હતી કે જો સુમન મળી જાય તો તેને બધી વાતો પૂછું. તેને ત્યાં થોડી વાર બેઠા પછી સુમન આવતી દેખાઇ. તેની પાછળ એક બીજી સુંદરી આવતી હતી. તેનું મુખ ઘૂંઘટમાં ઢંકાયલું હતું.

સદનને જોતાંજ સુમન વિસ્મિત થઇ. તે અહિંઆં કેટલાક દિવસથી સદનને મળવા ચાહતી હતી. જો કે તેણે પહેલાં પોતાના મનમાં નિશ્ચય કર્યો હતો કે સદન સાથે કયારે પણ બોલીશ નહિં. પણ શાંતાના ઉદ્ધાર માટે તેને તેના સિવાય બીજો કોઇ પણ ઉપાય સૂઝતો નહોતો. તેણે શરમાતાં સદનને કહ્યું: "સદનસિંહ, આજે મોટાં ભાગ્ય કે તમારા દર્શન થયાં. તમે તો અહિં આવવાનું પણ છોડી દીધું. છો તો કુશળને?"

સદન: શરમાતાં બોલ્યો: "હા, સર્વ કુશળ છે."

સુમન: "નબળા બહુ દેખાવ છો, માંદા હતા શું?"

સદન: "નહિં, ઠીક છું. મારૂં મોતજ ક્યાં છે?"

આપણે હંમેશા આપણી શરમ છોડવાને તેમજ બીજાઓની સહાનુભૂતિ પ્રાપ્ત કરવાને માટે કૃત્રિમ ભાવોનો આશ્રય લઇયે છિયે.

સુમન: "એમ કેમ બોલો છો? એવો અપશુકન મ્હોંમાંથી શા માટે કાઢો છો? હું મરવાનું કહું તો તો એક વાત છે. જેને લીધે આ બધું થઇ રહ્યું

છે તે રામ-લીલાની કૈકેયી હું જ છું. પોતે પણ ડૂબી અને બીજાઓને પણ પોતાની સાથે લઇને ડૂબી. ઉભા ક્યાં સુધી રહેશો. બેસો, મને આજે તમારી સાથે ઘણી વાતો કરવાની છે. મને માફ કરજો, હવે હું તમને "ભાઇ" કહીશ. હવે મારો તમારાથી ભાઇ બ્હેનનો નાતો છે, હું તમારી મોટી સાળી છું. કદાચ કોઇ કડવી વાત મ્હોંમાંથી નિકળી જાય તો માઠું નહિ લગાડશો. મારી સ્થિતિ તો તમે જાણતાજ હશો. તમારા કાકાએ મારો ઉદ્ધાર કર્યો અને હવે હું વિધવાશ્રમમાં રહી પોતાના દિવસોને રડું છું, અને સદા રડીશ. અહિં એક મહીનાથી મારી અભાગિની બ્હેન પણ આવી ગઇ છે. ઉમાનાથને ઘેર તેનો નિભાવ નહિ થઇ શક્યો. પંડિતજીને પરમાત્મા ચિરંજીવી-દિર્ધાયુષ્ય કરો. તે પોતે અમોલા ગયા અને તેને લઇ આવ્યા. પરંતુ અહિં લાવીને તેમણે પણ તેની સંભાળ ન લીધી. હું તમને પૂછું છું, ભલા એ ક્યાંની નીતિ છે કે એક ભાઇ ચોરી કરે અને બીજો પકડવા જાય ? હવે તમારાથી કોઇ પણ વાત છાની નથી. પોતાના દુર્ભાગ્યથી દિવસ ફરવાથી, પૂર્વજન્મના પાપોથી મેં અભાગિણીએ ધર્મનો માર્ગ છોડી દીધો તેનો દંડ મને મળવો જોઇતો હતો તે મળ્યો. પરંતુ આ બિચારીએ શો અપરાધ કર્યો હતો કે જેને લીધે તમે લોકોએ એને મૂકી દીધી ? એનો જવાબ તમને આપવો પડશે. જુવો પોતાના વડીલોને વચ્ચે ન લાવતા એમ કરવું એ તો કાયર મનુષ્યની રીત છે. શુદ્ધ હ્રદયથી જણાવો, એ અન્યાય હતો કે નહિ ? અને તમે કેમ એવો ઘોર અન્યાય થવા દીધો ? શું તમને એક અબળા-નિરાધાર બાલિકા-નું જીવન નષ્ટ કરતાં જરા પણ દયા ન આવી ?"

જો શાંતા અહિં નહોત તો કદાચિત સદન પોતાના મનના ભાવોને પ્રગટ કરવાનો સાહસ કરી જોત, તે આ અન્યાયનો સ્વીકાર કરતે પરંતુ શાંતાની સન્મુખ તે એકાએક પોતાનો પરાજય માનવાને માટે તૈયાર ન થઇ શક્યો. તેમજ પોતાની કુળમર્યાદાનું શરણ લેતાં પણ તેને સંકોચ થતો હતો. તે એવું કોઇ વાક્ય મ્હોંમાંથી કાઢવા ચાહતો નહોતો કે જેનાથી શાંતાને દુ:ખ થાય. તેમજ ન કોઇ વાત પણ એવી કહી શકતો હતો જે ખોટી આશા ઉત્પન્ન કરે. તેની ઉડતી દ્રષ્ટિ જે શાંતા પર પડી હતી તેણે તેને મોટા સંકટમાં નાંખી દીધો હતો; તેની દશા એવા એક બાળક જેવી હતી કે જે કોઇ મહેમાને લાવેલી મીઠાઇને લલચાતી આંખોથી જૂવે છે, પરંતુ માતાના ભયથી તેમાંથી કાઢી ખાઇ નથી શકતો. તે બોલ્યો: "બાઇજી તમે તો પ્હેલાંથી મારૂં મ્હોં બંધ કરી દીધું છે એટલે કેમ કહું કે જે કંઇ કર્યું છે તે મારા વડીલોએ કર્યું. હું તેમના માથે દોષ મૂકી મારૂં ગળું છોડાવવા નથી ચાહતો. તે સમયે લોક લજ્જાથી હું પણ ડરતો હતો. એટલું તો તમે પણ માનશો કે સંસારમાં રહી સંસારની ચાલે ચાલવું પડે છે. હું આ અન્યાયનો સ્વીકાર કરૂં છું પરંતુ એ અન્યાય અમે નથી કર્યો પણ જે સમાજમાં આપણે રહીએ છિયે તે સમાજે કર્યો છે."

સુમન: "ભાઇ, તમે ભણ્યા ગણ્યા છો, હું તમને વાતોમાં નથી જીતી શકતી, જે તમને ઉચિત લાગે તે કરો, પણ અન્યાય અન્યાયજ છે; પછી ભલે તે એક મનુષ્ય કરે કે આખી જ્ઞાતિ કરે. બીજાઓના ભયથી કોઇ પર અન્યાય ન કરવો જોઇએ. શાંતા અહિં ઉભી છે એટલા માટે હું એ સર્વ ભેદ ઉઘાડવા નથી ચાહતી, પરંતુ એટલું અવશ્ય કહીશ કે તમને અન્ય સ્થળે ધન, સન્માન, રૂપ અને ગુણ, બધુ મળી જશે પણ આ પ્રેમ ન મળશે. જો તેનું હ્રદય પણ તમારા જેવું હોત તો આજે પોતાના નવા સાસરીયામાં આનંદથી બેઠી હોત પણ માત્ર તમારા પ્રેમે તેને અહિં ખેંચી લીધી છે. તમે એને જોઇએ તેવી રીતે રાખો, એ તો તમારા નામ પર આ જન્મ બેસી રહેશે."

સદને જોયું કે શાંતાની આંખોમાંથી આંસૂ વહી તેના ચરણો પર પડી રહ્યાં છે. તેનું સરલ, પ્રેમતૃષિત હ્રદય શોકથી ભરાઇ આવ્યું, તે અત્યંત કરૂણ સ્વરથી બોલ્યો : "મારી સમજમાં નથી આવતું કે શું કરૂં. ઇશ્વર સાક્ષી છે કે દુ:ખથી મારૂં હ્રદય ફાટી જાય છે."

સુમન: "તમે પુરૂષ છો, પરમાત્માએ તમને સર્વ સામર્થ્ય આપ્યું છે."

સદન: "મને જે કંઇ કહો તે કરવા તૈયાર છું."

સુમન: "વચન આપો છો ?"

સદન: "મારા ચીત્તની જે દશા થઇ રહી છે તે ઇશ્વરજ પૂરેપૂરી જાણતો હશે, મ્હોંથી શું કહું ?"

સુમન: "પુરૂષોની વાતો પર વિશ્વાસ નથી આવતો." એ કહી તે મલકાઇ.

સદને શરમાઇ કહ્યું: "જો મારા અધિકારની વાત હોત તો મારૂં હૃદય બહાર કાઢી તમને બતાવતે" એ કહી તેણે દબાયલી આંખોથી શાંતા તરફ જોયું.

સુમન: "ઠીક તો આપ આ ગંગા નદીના કિનારે શાંતાનો હાથ પકડી કહો કે: "તું મારી સ્ત્રી છો. અને હું તારો પતિ છું. હું તારી રક્ષા અને પાલન કરીશ."

સદનના આત્મિક બળે જવાબ દઇ દીધો. તે આજુબાજુ જોવા લાગ્યો. જાણે તે પોતાનું મ્હોં છૂપાવવા માટે સ્થાન શોધી રહ્યો છે. તેને એમ લાગ્યું કે ગંગા તેના પૂરથી આવે છે. તેણે ડૂબતા મનુષ્ય માફક આકાશની તરફ જોયું અને શરમથી આંખો નીચે કરી અટકતાં અટકતાં બોલ્યો: "સુમન, મને તે માટે વિચાર કરવા સમય આપો."

સુમને નમ્રતાથી કહ્યું: "હા, વિચાર કરી નિશ્ચય કરી લ્યો, હું તમને ધર્મસંકટમાં નાખવા નથી ચાહતી." એ કહેતા તેણે શાંતાને કહ્યું: "જો તારો પતિ તારી સામે ઉભો છે, તેને હું જે કંઇ કહી શકી તે બધું મેં કહ્યું છે પણ એ પીગળતો નથી. એ હવે સદાના માટે તારે હાથથી જાય છે. જો તારો પ્રેમ સત્ય છે અને તેમાં કંઇ બળ છે તો એને રોકી લે, અને એની પાસેથી પ્રેમ વરદાન લઇ લે."

એટલું કહી સુમન ગંગા તરફ ચાલી. શાંતા પણ ધીરે ધીરે પાછળ ચાલી ગઇ. તેનો પ્રેમ, માન નીચે દબાઇ ગયો. જેના નામપર તે આખું જીવન દુ:ખ સહન કરવા નિશ્ચય કરી ચૂકી હતી, જેના ચરણ પર તે કલ્પનામાં પોતાને અર્પણ કરી ચૂકી હતી, તેનીજ સામે તે આ સમયે માન કરી બેઠી. તેણે પોતાની અવસ્થાને ન જોઇ, મુશ્કેલીઓનો વિચાર ન કર્યો, પરાધીનતા પર ધ્યાન ન આપ્યું. આ વખતે જો તે સદન સામે હાથ જોડી ઉભી રહી જાત તો તેનો મનોરથ સિદ્ધ થઇ જાત પણ તેણે વિનયને સ્થાને માન કરવું ઉચિત્ત ધાર્યું.

સદન એક ક્ષણ ત્યાં ઉભો રહ્યો. પછી પસ્તાતો પસ્તાતો ઘર તરફ ચાલ્યો.

પ્રકરણ ૫૦ મું.

સદનને તેણે જાણે એક મોટું પાપ કર્યું હોય એવી ગ્લાનિ થઇ રહી હતી. તે વારંવાર પોતાના શબ્દો પર વિચાર કરતો અને ફરી ફરી નિશ્ચય પર આવતો કે તે અતિ નિર્દયી છે. પ્રેમાભિલાષાએ તેને ઉન્મત્ત કરી દીધો હતો.

તે વિચારતો હતો કે: "મને સંસારનો આટલો ભય શા માટે લાગે? શું સંસાર મને કંઇ આપી દે છે, ત્યારે શું માત્ર ખોટી બદનામીના ભયથી હું તે રત્નને ત્યાગી દઉં જે મારા પૂર્વજન્મની કોણ જાણે કેટલીએક કમાઇઓનું ફળ છે? જો સ્વધર્મનું પાલન કરવા મારા બંધુગણ મને મુક્ત કરી દે તો તેમાં શું હાનિ છે? લોકનિંદાનો ભય એટલા માટે છે કે તે આપણને બુરા કર્મોથી બચાવે છે પણ જો તે કર્તવ્ય માર્ગમાં આડે આવે તો પછી તેનાંથી ડરવું એ કાયરતા છે. જો આપણે કોઇ નિરપરાધી પર મુકદમો ચલાવીએ તો સંસાર આપણને બદનામ નથી કરતો; તે આ અકર્મમાં આપણી સહાયતા કરે છે, આપણને સાક્ષી અને વકીલ પુરા પાડે છે. આપણે કોઇનું ધન દબાવી બેસીએ, કોઇની મીલકત હડપ કરી જઇએ તો સંસાર આપણને કંઇ દંડ નથી આપતો અને આપે છે તો તે બહુજ ઓછો, પરંતુ આવા સુકર્મો માટે તે આપણને બદનામ કરે છે, આપણા માથા પર સદાને માટે કલંકનું ટીલું લગાડી દે છે. નહિં, લોકનિંદાનો ભય આ અધર્મ નથી કરાવતો. હું તેને અધ્ધ રસ્તે તો રખડાવી ન દઇશ. સંસારને જે કહેવું હોય તે કહે. મારા હાથે આ અન્યાય કદિ પણ નહિ થાય.

"હું જાણું છું કે માતા પિતાની આજ્ઞાનું પાલન કરવું એ મારો ધર્મ છે કારણ કે તેમણે મને જન્મ આપ્યો છે, મને પાળ્યો છે, બાપની ગોદમાં રમ્યો છું. માના સ્તન પી કરી ઉછર્યો છું. તેમના ઇસારાપર વિષનું પ્યાલું પી શકું છું. તલવારની ધારપર ચાલી શકું છું. અને આગમાં કુદકો મારી શકું છું," પણ તેમના દુરાગ્રહપર હું તે રમણીનો તિરસ્કાર કરી શકતો નથી કે જેની રક્ષા કરવી એ મારો ધર્મ છે. મા બાપ મારા અવશ્ય વિરોધી થઇ જશે અને સંભવિત છે કે મને ત્યાગી દે, મને મુવો સમજી લે પરંતુ થોડા દિવસોના દુ:ખ પછી તેમને ધૈર્ય આવી જશે, તેઓ મને ભૂલી જશે, કાળ તેમના જખમને રૂજવી દેશે,

"હાય! હું કેવો કઠોર અને પાષાણ હૃદય છું! તે રમણી જે કોઇ અંત:પુરની શોભા બને એવી છે તે મારી સન્મુખ એક દીન દયા-પ્રાર્થીની માફક ઉભી રહે અને હું જરા પણ ન પીગળું! તે એવો અવસર હતો કે



ચિત્રકાર: | રા. ત્રિભુવન પટેલ.

સુમન: "ઠીક; તો આપ આ ગંગા નદીના કીનારે શાંતાનો હાથ પકડી કહો કે: .
" તું મારી સ્ત્રી છો અને હું તારો પતિ છું હું તારી રક્ષા અને પાલન કરીશ "

Lakshmi Art Bombay. 8.

હું તેના ચરણોપર માથું નમાવી દેત અને હાથ જોડી કહેત, દેવી, મારા અપરાધ ક્ષમા કરો. ગંગામાંથી જળ લાવતે અને જેમ કોઇ ઉપાસક પોતાની ઇષ્ટદેવીના ચરણોપર ગંગા જળ ચઢાવે છે તેમ હું પણ ચઢાવતે. પણ હુ તો પત્થરની મૂર્તિ માફક પોતાની કુળ-મર્યાદનો બેસુરો રાગ આલોપતો ઉભો રહ્યો. અરે ! કેવી મંદ બુદ્ધિ ? મારી વાતોથી તેનું કોમળ હૃદય કેવું દુ:ખી થયું હશે. એ તેના માન કરવાથીજ પ્રકટ થાય છે. તેણે મને શુષ્ક, પ્રેમવિહીન, ઘમંડી અને ધુર્ત સમજ્યો હશે, મારી તરફ આંખો ઉંચી કરી જોયું પણ નહિં, વાસ્તવમાં હું એ વર્તનને યોગ્યજ છું."

આ પશ્ચાતાપવાળા વિચાર કેટલાક દિવસ સુધી ચાલુ સદનના મર્મસ્થળમાં દોડતા રહ્યા. તેણે અંતમાં નિશ્ચય કર્યો કે મારે પોતાની ઝુંપડી હવે જૂદી અલગ બનાવવી જોઇએ અને પોતાના પગોપર ઉભા રહેવું જોઇએ. તે સિવાય નિર્વાહ થવો અશકય છે. મા બાપના ઘરના દ્વાર તો હવે મારા માટે બંધજ છે. તે ખટપટ છતાંએ પણ ઉંઘડે તેમ નથી. કાકા અવશ્ય મને આશ્રય આપશે પરંતુ તેમને ત્યાં રહી ઘરમાં વેરના બીજ વાવવા એ પણ ઠીક નથી. કારણ કે માતા પિતા સમજશે કે એ મારા છોકરાને બગાડી રહ્યો છે. બસ મારા માટે હવે કોઇ અન્ય રસ્તો શોધવા સિવાય કંઇ ઉપાય નથી.

તે રોજ વિચાર કરતો હતો કે પોતે લગાડેલી આગને જાતે જઇ બુઝાવી આવે. પરંતુ જતી વખતે તેની હિમ્મત જવાબ દઇ દેતી. મનમાં પ્રશ્ન ઉઠતો કે શા આધારે ? ઘર કયાં છે ?

સદન નિત્ય એજ ચિંતામાં ડૂબ્યો રહેતો કે આ ગાંઠને કેવી રીતે સમજાવું ? તે આખા શહેરમાં ફરી વળ્યો. કદિ બોરીસો તરફ જતો, કદિ મોટાં મોટાં કારખાનાઓમાં ચક્કર લગાડતો. આખરે બે ચાર કલાક ફરી પાછો ઘેર આવતો. તેનું જીવન હજી સુધી સુખભોગમાં વીત્યુ હતું, તે નમ્રતા અને વિનયનો પાઠ શિખ્યો નહોતો. અભિમાન તેના રોમ રોમમાં ભરેલું હતું. રસ્તામાં ચાલતો તે પણ અકડીને. કોઇ જરા પણ તેના હીસાબમાં નહોતું. તેને સંસારનો જરા પણ અનુભવ નહોતો. તે જાણતો નહોતો કે આ સંસાર રૂપી દરબારમાં અતિ માથું નમાવવાની આવશ્યકતા છે. જે પત્થરની નિર્દયી લાદીઓ પર માથું ઘસડી જાણે છે, જે ઉદ્યોગી છે, નિપુણ છે, નમ્ર છે, જેણે કોઇ યોગીની માફક મનને જીતી લીધું છે, જે અન્યાય સામે ઝુકી જાય છે, અપમાનને દૂધની માફક પી જાય છે અને જેણે આત્માભિમાનને પગો નીચે કચડી દીધો છે તેનીજ પ્રાર્થના સ્વીકારવામાં આવે છે. તે નહોતો જાણતો કે તેજ સદ્દગુણ જે મનુષ્યને દેવતુલ્ય બનાવી દે છે તે આ ક્ષેત્રમાં નિરાદરની દૃષ્ટિથી જોવામાં આવે છે. તે ઇમાનદાર, સત્યવક્તા અને સરલ હતો. જે વાત કહેતો તે ઝટ મ્હોં પરજ કહી દેતો. પણ તે એમ નહોતો જાણતો કે આ ગુણોનું આત્મિક મહત્વ જોઇએ તે હોય પણ સંસારની દ્રષ્ટિમાં જે વિદ્યાની ઓછ છે તે તેમનાથી પૂરી થઇ શકતી નથી. સદનને હવે બહુજ પસ્તાવો થતો કે તેણે પોતાનું સર્વ સામર્થ્ય ગુમાવ્યું. કોઇ એવું કામ ન શીખ્યો જેનાથી સંસારમાં તે નિર્વાહ ચલાવી શકે. સદનને આ પ્રકારે ભટકતાં એક માસથી અધિક સમય થઇ ગયો પણ કોઇ કામ હાથ ન લાગ્યું.

આ નિરાશાએ તેના હૃદયમાં ધીરે ધીરે અસંતોષનો ભાવ જાગૃત કરી દીધો. તેને પોતાના માત પિતાપર, પોતાના કાકાપર, સંસારપર અને પોતાની ઉપર ક્રોધ આવતો. હમણા થોડા દિવસ પહેલાંજ તે પોતે ફાઇટન પર સહેલ કરવા નિકળતો હતો. પરંતુ હવે કોઇ ફાઇટનને આવતી જોતાં તેનું રક્ત ઉછળવા લાગતું હતું. તે કોઇ ફેશનેબલ મનુષ્યને પગે ચાલતા જોતો તો તેની સાથે ખભાં મેળવી ચાલતો અને મનમાં વિચારતો કે તે જરાએ નાક ભ્રકુટી ચઢાવતા હું તેની ખબર લઇ લઉં. હમેશાં તે કોચવાનોની બૂમોની પરવા નહોતો કરતો. તે બધાથી છેડછાડ કરી ઉદ્દડ કજીયા ઓરવા ઇચ્છતો. તેને આ ખટકતું હતું કે આ લોક ગાડીઓ પર સહેલ કરે છે, કોટ પાટલુન પહેરી બની ઠની હવા ખાવા જાય છે અને તે પોતે પરતંત્રતામાં જકડાયલો છે.

ઘેર સારી જમીનદારી હોવાના કારણે સદન સામે આજીવિકાનો પ્રશ્ન કદિ પણ નહોતો આવ્યો. તેથી તેણે ભણવા તરફ વિશેષ ધ્યાન આપ્યું નહોતું. પણ અકસ્માત એ પ્રશ્ન જ્યારે તેની સામે આવી પડયો ત્યારે તેને લાગ્યું કે એ વિષયમાં પોતે સદંતર અસમર્થ છે. યદ્યપિ તે અંગ્રેજી નહોતો શીખ્યો પણ અહિં આવી તેણે અંગ્રેજી ભાષાનું સારૂં

જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હતું. તે શિક્ષિત સમાજને, માતૃભાષામાં અશ્રદ્ધાના કારણે, દેશ અને જાતિના વિરોધી સમજતો હતો. તેને પોતાના સદ્ચરિત્ર માટે પણ ઘમંડ હતું. જ્યારથી તેના લેખ "જગત"માં પ્રકાશિત થયા હતા ત્યારથી તે અંગ્રેજી લખનારા વાંચનારા માણસોને અનાદરની દ્રષ્ટિથી જોવા લાગ્યો હતો: એ સર્વ કોઇ સ્વાર્થસેવી છે, એઓ માત્ર રંકોના ગળા દબાવવા માટે, પોતાનું પેટ પાળવા માટે અંગ્રેજી ભણ્યા છે. એ બધા ફેશનના ગુલામ છે, જેમની શીક્ષાએ તેમને અંગ્રેજોની મ્હોં ચઢાવવાની ફેશન શીખવી દીધી છે; જેઓમાં દયા નથી, ધર્મ નથી, પોતાની ભાષા પ્રતિ પ્રેમ નથી, ચરિત્ર નથી, આત્મબળ નથી, ભલાં એ પણ શું તે કંઇ માણસો કહી શકાય? સદનના મનમાં આવાજ વિચાર આવ્યા કરતા હતા. પણ હવે જ્યારે આજીવિકાની મુશ્કેલી ભરી વાત તેની સામે આવી ત્યારે તેને જણાયું કે: "હું તેમની સાથે અન્યાય કરતો હતો, તેઓ દયાને પાત્ર છે. ભલે હું ભાષાનો પંડિત નથી પણ એ ઘણાઓથી સારી ભાષા જાણું છું; મારૂં ચરિત્ર ભલે ઉચ્ચ નથી પણ તે ઘણાઓથી સારૂં છે. મારા વિચાર ઉચ્ચ ન હોય છતાં તે એવા નીચ પણ નથી, પરંતુ મારા માટે તો સર્વ દરવાજા બંધ છે. હું કાં તો ક્યાંક ચપરાસી થઇ શકું અને બહુ થાય તો કોન્સટેબલ સુધી વધી શકીશ. બસ મારૂં સામર્થ્ય આટલામાંજ આવી રહ્યું. આ આપણી ઉપર કેટલો મોટો અન્યાય કે આપણે જોઇએ તેટલા ચરિત્રવાન, બુદ્ધિમાન અને વિચારશીલ હોઇએ પણ અંગ્રેજી ભાષાનુ જ્ઞાન ન હોવાથી એ સર્વનુ કંઇએ મૂલ્ય નથી. આપણાથી બીજું અધર્મી કોણ હશે જે આ સર્વ અન્યાયને ચુપાચુપ સહે છે; માત્ર એટલુંજ નહિ પણ તે પર પણ ગર્વ ધરે છે. બસ મારે નોકરી કરવાનો વિચાર મનમાંથી કાઢીજ નાખવો જોઇએ."

સદનની દશા આ સમયે તે મનુષ્ય જેવી હતી જે રાતના જંગલમાં ભટકતાં રાત અંધારી હોવાના કારણે તે પર ચીઢાય છે.

આ નિરાશા અને ચિંતાની દશામાં એક દિવસ તે ફરતો ફરતો નદીના કિનારે તે સ્થાન પર જઇ પહોંચ્યો જ્યાં ઘણી નૌકાઓ હારબંધ ઉભી હતી. નદીમાં નાની નાની નૌકાઓ અહિં તહિં લાડમાં ઉંચી નીચી થતી ફરતી હતી. કોઇ કોઇ નૌકામાંથી તો સુરીલા તાન સંભળાતા હતા. કેટલીએક નૌકાઓ પરથી નાવિક લોકો માલની ગાંસડીઓ ઉતારતા હતા. સદન એક નૌકા પર જઇને બેઠો. સંધ્યા સમયની શાંતિદાયિની છટા અને ગંગા તટના મનોરમ્ય અને કાવ્યમય દશ્યે તેને વશીભુત કરી લીધો. તે વિચારવા લાગ્યો: "આ કેટલું આનંદમય જીવન છે, જો ઇશ્વર મને પણ આવું ઝુંપડું આપી દેત તો હું એની પરજ સંતોષ કરતે, અહિંજ નદી તટ પર ફરતે, લહેરો પર સહેલ કરતે અને આનંદનાં રાગ ગાતે. શાંતા ઝુંપડાના દ્વારપર ઉભી મારી વાટ જોતે. કદિ કદિ અમે બન્ને નાવ પર બેસી ગંગાની સહેલ કરતે." તેની રસિક કલ્પનાએ તે સરલ સુખમય જીવનનું એવું ચિત્ર ખેંચ્યું કે એ આનંદમય સ્વપ્ન જોવામાં સદન મગ્ન થઇ જતાં તેનું ચિત્ત વ્યાકુળ થઇ ગયું, ત્યાંની પ્રત્યેક વસ્તુ તે સમયે સુખ, શાંતિ અને આનંદના રંગમાં ડૂબેલી હતી. તે ઉઠયો અને એક નાવિકને પૂછ્યું:

"કાં ચોધરીજી, અહિં કોઇ નૌકા વેચવાની છે?"

નાવિક નારિયલ પીતો બેઠો હતો. સદનને જોતાં ઉઠી ઉભો થયો અને તેને તેણે ઘણી નૌકાઓ દેખાડી. સદને તેમાંથી એક નવી નૌકા પસંદ કરી, ભાવ તાલ થવા લાગ્યા. બીજા પણ કેટલાક નાવિકો એકત્ર થઇ ગયા. અને રૂ. ૩૦૦)માં તે નાવનો સોદો થયો અને સાથે સાથે આ પણ નક્કી થઇ ગયું કે જેની નાવ છે તે જ તે ચલાવવા માટે નોકરીએ પણ રહે.

સદન ઘર તરફ જતાં એટલો બધો પ્રસન્ન હતો કે જાણે હવે તેને જીવનમાં કોઇ વસ્તુની અભિલાષા નથી રહી. જાણે તેણે કોઇ મોટા સંગ્રામમાં વિજય પ્રાપ્ત કર્યો છે. આખી રાત તેની આંખોમાં નિંદ્રા ન આવી. તેજ નૌકા જે ચઢાવેલા સઢો સાથે ક્ષિતિજ તરફથી ચાલી આવતી તેના નેત્રો સામે નાચતી રહી. તેજ જોયેલા દશ્યો તેને દેખાતા હતા. તેની કલ્પનાએ તટ પર એક સુંદર લીલીછમ લતાઓથી સુસજ્જિત ઝુંપડું બનાવ્યું, પછી તેમાં શાંતાની મનોહારિણી મૂર્તિ આવી અને તેમાં બેઠી. ઝુંપડું પ્રકાશમાન થઇ ગયું. પછી એ આનંદ–કલ્પનાએ આગળ વધી ધીરે ધીરે નદી કિનારે એક સુંદર ભવન બાંધી, તેમાં એક વાડી બનાવી અને સદન તેના કુંજોમાં શાંતા સાથે વિહાર કરવા લાગ્યો—એક તરફ નદીનો કલકલ ધ્વનિ અને



ચિત્રકાર] [રા. ત્રિભુવન પટેલ.

એ આનંદ કલ્પનાઓ આગળ વધી......નદી કીનારે એક સુંદર ભવન બાંધી, તેમાં એક વાડી બનાવી અને સદન તેનાં કુંજોમાં શાંતા સાથે વિહાર કરવા લાગ્યો.

બીજી તરફ પક્ષિઓનું કલરવ ગાન. આપણો જેમાં પ્રેમ હોય છે તેને સદા આપણે એકજ અવસ્થામાં જોઇયે છિયે. સદન શાંતાને તે જ અવસ્થામાં જોતો હતો, જ્યારે તે સાદી સાડી પહેરી, માથું નીચું કરી, ગંગા તટ પર ઉભી હતી. આ ચિત્ર તેના આંખો પરથી દૂર નહોતું થતું.

સદનને આ સમયે એવું જણાતું હતું કે આ વ્યવસાયમાં લાભજ છે. હાનિનો સંભવ-જ તેના ધ્યાન બહાર હતો. સૌથી વિચિત્ર વાત તો એ હતી કે આ સર્વ માટે રૂપીઆ ક્યાંથી આવશે?

પ્રાતઃકાળ થતાંજ હવે તેને ચિંતા થઇ કે રૂપીઆનો શો પ્રબંધ કરવો? કોની પાસેથી માંગે? કયાં બહાને માંગે? કાકાને કહે કે નહિ? તેણે વિચાર્યું કે તેમની પાસે આજ કાલ રૂપીઆ ન હશે કારણકે તેઓ એક મહિનો થયાં કોર્ટમાં નથી જતા અને બાપા (મદનસિંહ) પાસેથી માંગવા એ તો પત્થરમાં-યા તેલ કાઢવા જેવું છે. જો આ વાયદા પ્રમાણે તે નાવ માટ ન જાય તો ચોધરી પોતાના મનમાં શું કહેશે? તે અગાસી પર આહિં તહિં ફરવા લાગ્યો. અભિલાષાઓનો તે વિશાલ ભવન જે હમણા થોડી વાર પહેલાં તેની કલ્પનાએ નિર્માણ કર્યો હતો તે જોતાં જોતાં પડવા લાગ્યો. યુવાકાળની આશા તે આગ છે, જેને બળતાં અને બુઝાતા વાર નથી લાગતી.

અકસ્માત સદનને એક ઉપાય સૂઝ્યો. જેમ કોઇ પોતાના શત્રુને ભૂમિ પર પાડી બેહદ હસે છે તેમ સદન જોરથી ખડખડ કરી હસવા લાગ્યો: "વાહ! હું પણ કેવો મૂર્ખ છું. મારી પેટીમાં મોહનમાળા પડેલી છે જે લગભગ રૂ. ૩૦૦) થી વધારે મૂલ્યની હશે. તેને શા માટે ન વચી નાંખું? જ્યારે કોઇ માગશે ત્યારે જોઇ લેવાશે. માંગે છે પણ કોણ અને કોઇએ માંગી તો સાફ સાફ કહી દઇશ કે વેચી કરી ખાઇ ગયો. જે કંઇ કરવું હશે તે કરી લેશે અને જો તે વખતે હાથમાં કંઇ રૂપીઆ આવી જશે તો આપી દઇશ." તેણે પેટીમાંથી માળા કાઢી અને વિચારવા લાગ્યો કે તેને વેચવી કેમ. બજારમાં કોઇ દાગીનો વેચવો એ પોતાની ઇજ્જત વેચવાથી ઓછી અપમાનની વાત નથી. એજ વિચારમાં બેઠો હતો ત્યાં નોકર જીતન ઓરડામાં ઝાડુ કાઢવા આવ્યો. સદનને મલિન જોઇ બોલ્યો: "ભાઇ, આજે ઉદાસ જણાઓ છો, આંખો ચઢેલી છે, રાતે સુતા નથી કે શું?"

સદને કહ્યું: "હા, રાતે ઉંઘ નથી આવી કારણકે માથા પર એક ચિંતા પડી છે."

જીતન: "એવી તે શું ચિંતા છે? હું પણ સાંભળું તો ખરો."

સદન: "તને કહીશ તો આખા ઘરમાં ઢંઢેરો પીટાવતો ફરશે."

જીતન: "ભાઇ, તમો લોકોની ગુલામીમાંજ ઉમ્મર વીતી ગઇ. પેટનો એવો હલકો હોત તો એક દિવસ પણ નીભવું મુશ્કેલ થઇ પડત. માટે એ વાતની તો ફિકરજ ન કરતા."

જેવી રીતે એક નિર્ધન કિંતુ શીલવાન મનુષ્યના મ્હોંમાંથી અતિ કઠિનતા, વિવશતા અને લજ્જા સાથે "ના"નો શબ્દ નિકળે છે તેવીજ રીતે સદનના મ્હોંમાંથી શબ્દો નિકળ્યા: "મારી પાસે એક મોહનમાળા છે તેને ક્યાંક વેચી આવ. મને રૂપીઆનું કામ છે."

જીતન: "તો એમાં શું મોટું કામ છે! એના માટે કાં ચિંતા કરો છો? વેચીને રૂપીયા શું કરશો? શેઠાણી પાસેથી કાં નથી માંગતા? તે કદિ પણ ના નહિં કહે. હા. શેઠને કહેશો તો ન મળશે કારણ કે આ ઘરમાં શેઠ કંઇ પણ કરી શકે તેમ નથી. લગામ શેઠાણીનાં હાથમાં છે."

સદન: "હું ઘરમાંથી કોઇની પાસેથી માંગવા નથી ચાહતો."

જીતને માળા લઇ જોઇ, તેનું હાથોથી વજન કરી જોયું અને સંધ્યાકાળે તેને વેચી આવશે એમ કહી ચાલ્યો ગયો. તે બજારમાં ન જતાં સીધો પોતાની કોટડીમાં ગયો, બંને કમાડ બંધ કરી લીધા અને પોતાના ખાટલાની નીચેની જમીન ખોદવા લાગ્યો. થોડી વારમાં એક માટીનું વાસણ નીકળી આવ્યું. એમાં તેના આખા જન્મની કમાઇ હતી. આખા જીવનની કરકસર, કંજૂસી, કુડ કપટ, બેઇમાની, દલાલી અને ગોલમાલ આજ વાસણમાં આ રૂપીઆનાં રૂપમાં સંચિત હતાં. રૂપીયાના મ્હોંપર પણ કદાચિત એજ કારણે કાલિમાં લાગી ગઇ હતી. પરંતુ આખા જન્મના પાપોનું આ કેટલું અલ્પ ફળ હતું! પાપ કેટલા સસ્તા વેચાય છે!

જીતને રૂપીયા ગણી ગણી ૨૦), ૨૦) ની ઢગલીઓ કરી. બધી ૧૭ ઢગલી થઇ. પછી તેણે માળાને કાંટા પર તોલી. ૧૫ તોલાથી કંઇક અધિક હતી. સોનાનો ભાવ બજારમાં

વધેલો હતો પણ તેણે તોલાના રૂ.૨૫)નો હીસાબ કર્યો. પછી ૨૫) ની ઢગલીઓ કરી. ૧૩ ઢગલી થઇ અને ૧૫) બચ્યા. તેના બધા રૂપીયા માળાના મૂલ્યથી ૩૫) ઓછા હતા. તેણે મનમાં કહ્યું: "હવે આ ચીજ હાથમાંથી જવા નથી દેવી. કહી દઇશ કે માળા તેર તોલાનીજ હતી. એટલે બીજા ૧૫) બચી જશે. ચાલો, માલારાણી તમે આ ગોખમાં આરામથી બેસો."

વાસણ ફરી ધરતીના નીચે ચાલ્યું ગયું. પાપોનો આકાર વધુ સૂક્ષ્મ થઇ ગયો.

જીતન આ સમયે ખુશીમાં નાચતો હતો. તેણે જરા વાતમાં ૫૦) પર હાથ માર્યો હતો, આવો સુઅવસર તેને કદિ પણ મળ્યો નહોતો. તેણે વિચાર્યું: "આજે અવશ્ય કોઇ ભલા માણસનું મ્હોં જોઇ ઉઠયો હતો." બગડેલી આંખોની માફક બગડેલા ઇમાનમાં પ્રકાશ-જ્યોતિ પ્રવેશ નથી કરી શકતી.

૧૦ વાગે જીતને ૩૨૫) લાવી સદનના હાથમાં આપ્યા. સદનને જાણે પડેલું ધનજ મળ્યું.

રૂપીયા આપી જીતને નિઃસ્વાર્થ ભાવથી મ્હોં ફેરવ્યું. સદને ૫) કાઢી તેની તરફ આગળ કર્યા અને બોલ્યો: "આ લે, તંબાકુ પાજે."

જેમ કોઇ વૈષ્ણવ મદિરાને જોઇ મ્હોં બનાવે તેમ જીતને મ્હોં બનાવી કહ્યું: "ભાઇ તમારૂં આપેલું તો ખાઉં છું એ કેમ પચશે?"

સદન: "નહિ, નહિ. હું ખુશીથી આપું છું. લઇ લે, કાંઇ વાંધો નથી."

જીતન: "ના ભાઇ, એમ તો નહિ બને, જો એમ કરતે તો હમણા સુધીમાં તો ચાર પૈસાના જીવવાળા થઇ જાત. નારાયણ તમને જીવતા રાખે."

સદનને વિશ્વાસ આવી ગયો કે તે ઇમાનદાર માણસ છે. એની સાથે કંઇક ભલાઇ કરવાનું તેણે ધાર્યું.

સંધ્યા સમયે સદનની નૌકા ગંગાની લહેરો પર એવી રીતે ચાલી રહી હતી જેવી રીતે આકાશમાં મેઘ ચાલે છે. પરંતુ તેના ચહેરા પર આનંદ વિકાશની જગાએ ભવિષ્યની શંકા ઝળકી રહી હતી–જેમ કોઇ વિદ્યાર્થી પરીક્ષામાં બેસવા પછી ચિંતામાં ગ્રસ્ત થઇ જાય છે. તેને અનુભવ થાય છે કે તે બંધ જે સંસારરૂપી નદીના પુરથી મને બચાવતો હતો તે તૂટી ગયો છે અને પોતે અથાગ સાગરમાં ઉભો છે. સદન વિચારી રહ્યો હતો કે તેણે નૌકા તો નદીમાં ઉતારી પણ તે સામે પાર પહોંચશે ખરી કે? તેને હવે જણાતું હતું કે પાણી બહુ ઉંડા છે, હવા ઉતાવળી છે અને જીવન–યાત્રા એટલી મંગલમય નથી જેટલી તે ધારતો હતો. લહેરો યદિ મીઠા સ્વરોમાં ગાય છે ખરી પણ ભયંકર ધ્વનિ ગરજે છે. એ હવા જો કે લહેરોને થાબડે છે પણ કદિ કદિ તેમને ઉછળાવી પણ દે છે.

પ્રકરણ ૫૧ મું.

પ્રભાકરરાવનો ક્રોધ તો સદનના લેખોથીજ શાંત થઇ ગયો હતો અને પદ્મસિંહે સદનના આગ્રહથી સુમનનો પૂરો વૃતાંત તેમને લખી મોકલતાં તે સાવધાન થઇ ગયો.

મ્યુનિસિપાલિટીમાં ઠરાવ પાસ થયો તેને લગભગ ત્રણ મહીના થઇ ગયા પણ તેના સુધારાના વિષયમાં તેગઅલીએ જે શંકાઓ પ્રકટ કરી હતી તે નિર્મૂલજ જણાઇ. ન તો વેશ્યા બજારના ઘરોમાં દુકાનો સજાઇ કે ના વેશ્યાઓએ વિવાહ–બંધનથી કોઇ વિશેષ પ્રેમ પ્રગટ કર્યો. હા, ઘણા ઘરો ખાલી થઇ ગયાં. તે વેશ્યાઓએ ભાવી નિર્વાસનના ભયથી બીજી જગાએ રહેવાનો પ્રબંધ કરી લીધો. એક કાયદાને ઘડવા માટે જેટલા બળની આવશ્યકતા હોય છે તેથી વિશેષ બળની આવશ્યકતા તે કાયદાનો વિરોધ કરવા માટે હોય છે. પ્રભાકરરાવનો ક્રોધ શાંત થવાનું આ પણ એક કારણ હતું.

પદ્મસિંહે આ પ્રસ્તાવને વેશ્યાઓ પ્રતિ ઘૃણાથી પ્રેરિત થઇ હાથમાં લીધો હતો પણ હવે આ વિષયમાં વિચાર કરતાં કરતાં તેમની ઘૃણા દયા અને ક્ષમાના રૂપને ધારણ કરી ચુકી હતી. આજ ભાવનાઓએ તેમને સુધારાથી સહમત થવા ફરજ પાડી હતી. તેઓ વિચારતા હતા: "આ બિચારી અબળાઓ પોતાની ઇંદ્રિઓના સુખભોગમાં પોતાનું સર્વસ્વ નાશ કરી રહી છે. વિલાસ પ્રેમની લાલસાએ તેમની આંખો બંધ કરી દીધી છે." આ અવસ્થામાં તેમના માટે દયા અને પ્રેમની આવશ્યકતા છે. આ અત્યાચારથી તેમની સુધારક શક્તિઓ વધારે નિર્બલ થઇ જશે અને જે આત્માઓનો આપણે ઉપદેશથી, પ્રેમથી, જ્ઞાનથી અને શિક્ષણથી ઉદ્ધાર કરી શકીએ તે સદાને માટે આપણા હાથમાંથી છટકી જશે. આપણે લોકો જે સ્વયં માયાના, મોહના અંધકારમાં પડેલા છિયે એટલે તેમને દંડ આપવા માટે

કોઈ અધિકાર ધરાવતા નથી. તેમના કર્મ શું તેમને ઓછો દંડ આપી રહ્યા છે કે આપણે આ અત્યાચાર કરી તેમના જીવનને વધારે દુઃખમય બનાવીએ!"

આપણા મનના વિચાર કર્મના પ્રથમદર્શક હોય છે. પદ્મસિંહે ડર અને સંકોચને ત્યાગી કર્મક્ષેત્રમાં પગ મૂક્યો. જે પદ્મસિંહ સુમનની ભેટ લેતાં ડરતા હતા તે જ આજે વેશ્યા-બજારના ધરો પર બેઠેલા દેખાવા લાગ્યા. તેમને હવે લોકનિંદાનું ભય નહોતું, તેમને લોકો શું કહેશે તેની ચિંતા નહોતી. તેમનો અવકાશકજ નહોતો મળતો. માત્ર સાધુ ગજાનંદે આ કાર્યમાં પદ્મસિંહને મદદ કરી. તે સદુદ્યોગી પુરુષમાં સેવાનો ભાવ પૂર્ણ રૂપથી ઉદય થઈ ગયો હતો.

પ્રકરણ પર મું.

એક મહીનો વીતી ગયો. સદને પોતાના આ ધંધાની ચર્ચા ઘરમાં કોઈની સાથે પણ ન કરી. તે નિત્ય સવારે ઉઠી ગંગા સ્નાનના બહાને ચાલી જતો. ત્યાંથી પાછો દશ વાગે ઘેર આવતો. ભોજન કરી પાછો



તેને જણાયું કે એ મહાશય માત્ર માટીના ઢગલા નથી. કામ પડતાં એ એકલાજ નૌકાને પાર લઈ જવા સમર્થ છે.

આત્મા બળવાન થઈ ગયો હતો. કાચ્ચું ફળ પત્થર મારવાથી પણ પડતું નથી પણ પાકી જતાં તે આપોઆપ ધરતીની તરફ આકર્ષિત થઈ જાય છે. પદ્મસિંહના અંતઃકરણમાં સેવા-પ્રેમનો ભાવ હમણા પરિપક્વ થઈ ગયો હતો.

વિઠ્ઠલદાસ આ વિષયમાં તેમનાથી જુદા થઈ ગયા. તેમને જન્મની વેશ્યાઓના સુધારા પર વિશ્વાસ નહોતો. સૈયદ શફકતઅલી પણ જે આ સુધારાના જન્મદાતા હતા, તે પણ તેમનાથી હારી ગયા અને કુંવર સાહેબને તો પોતાના સાહિત્ય, સંગીત અને સત્સંગમાંથી ચાલ્યો જતો. તે એક ઘડી રાત વીતે ઘેર આવતો. હવે તેની નૌકા ઘાટ પરની સર્વ નૌકાઓ કરતાં સજ્જિત અને દર્શનીય બની. તે પર બે ત્રણ નેતરની બેઠકો રાખેલી હતી. ગાલીચો બીછાવેલો રહેતો. તેથી શહેરના ઘણા રસિક, વિનોદી મનુષ્ય તે પર સહેલ કરતા હતા. સદન ભાડાના વિષયમાં પોતે વાતચીત નહોતો કરતો. એ કામ તેનો નોકર ઝીંગુર નાવિક કરતો હતો. તે પોતે તો કદિ તટ પર બેસી રહેતો અને કદિ નૌકા પર જઈ બેસતો. તે પોતાને બહુજ સમજાવતો કે કામ કરવામાં શું શરમ છે? આપણે કોઈ

ખરાબ કામ તો નથી કર્યું, કોઇના ગુલામ તો નથી? પરંતુ જ્યારે પણ તે કોઇ મોટા માણસને પોતાની નૌકા તરફ આવતા જોતો તો તેના કદમ પોતાની મેળે પાછળ હટી જતા અને લજ્જાથી આંખો નીચી નમી જતી. તે એક જમીનદારનો પુત્ર અને એક વકીલનો ભત્રીજો હતો. ઉંચ્ચ પદ પરથી ઉતરી નાવિકનો ઉદ્યમ કરવામાં તેને સ્વાભાવિક લજ્જા આવતી હતી, જે તર્ક વિતર્કથી કોઇ પણ પ્રકારે મટતી નહોતી. આ સંકોચથી તેની ઘણી હાનિ થતી હતી. જે કામ માટે તે સુગમતાથી એક રૂપીઓ લઇ શકતો તે માટે તેને તેનાથી અર્ધા મૂલ્યમાં રાજી રહેવું પડતું હતું. ઉંચી દુકાનનો પકવાન ફીક્કા હોવા પર પણ બજારમાં શ્રેષ્ટ ગણાય છે. પણ અહિં તો પકવાન સારા હતા. માત્ર એક ચતુર સજીલા દુકાનદારની ઓછ હતી. સદન એ વાતને સમજતો હતો પણ સંકોચવશ કંઇ પણ કહી શકતો નહોતો. છતાં પણ રોજ દોઢ બે રૂપીયા મળી જતા. વળી તે સમય પણ હવે નિકટ આવતો હતો કે જ્યારે તે પોતાનું ગંગાતટ પર ઝુંપડું બનાવી તેમાં રહે. તે હવે પોતાના પગપર ઉભો રહેવા યોગ્ય થતો હતો. આ વિચારથી તેના આત્મસન્માનને અતિશય આનંદ થતો હતો. તે હંમેશા રાતોની રાતો એજ અભિલાષાઓની કલ્પનામાં જાગતો રહેતો.

એજ સમયે મ્યુનિસિપાલિટીએ વેશ્યાઓ માટે શહેરથી દૂર મકાન બાંધવાનો નિશ્ચય કર્યો. લાલા ભગતરામને તેનું કૉન્ટ્રેકટ મળ્યું. તેને નદીની આ પાર એવી જમીન ન મળી શકી જ્યાં તે ચુના અને ઇંટોની ભઠ્ઠીઓ બનાવી શકે. તેથી તેને નદીની તે પાર જમીન લેવી પડી હતી અને ત્યાંજ બધો સામાન તૈયાર કરતો હતો. તે પારથી ચૂનો આદિ લાવવા માટે તેને એક નૌકાની જરૂર પડી. તે નૌકા નક્કી કરવા માટે નાવિકો પાસે આવ્યો. તેની સદન સાથે ભેટ થઇ ગઇ. સદને પોતાની નૌકા બતાવી. ભગતરામે તે પસંદ કરી. ઝીંગુર સાથે મજુરી નક્કી થઇ. બે ખેપ દરરોજ લઇ જવાનું ઠર્યું. ભગતરામ બાનું આપી ચાલ્યો ગયો.

પૈસાનો ચસ્કો ખરાબ હોય છે. સદન હવે ઉડાઉ કે પૈસા લૂંટાવી દે-એવો નથી. તેના માથા પર હવે ચિંતાઓનો બોજો અને કર્તવ્યનું રૂણ છે. તે તેનાથી મુકત થવા ચાહે છે. તેની નજર હમણા એક એક પૈસા પર રહે છે. તેને હવે રૂપીયા કમાવવાની અને ઘર બનાવવાની ધુન છે. તે દિવસે તે, ઘડી રાત હતી ત્યારે ઉઠી નદી કિનારે આવી પહોંચ્યો અને ઝીંગુરને જગાડી નૌકા રવાને કીધી. પ્રાતઃકાળ થતાં તે પાર જઇ પહોંચ્યો પાછા ફરતી વખતે તેણે એક હલેસું પોતાના હાથમાં લીધું અને હસતાં બે ચાર હાથ માર્યા; તેથી નૌકાની ચાલ વધતી જોઇ તે ખૂબ જોશથી હલેસાં મારવા લાગ્યો. નૌકાની ચાલ ડબલ થઇ ગઇ. ઝીંગુર પહેલાં તો જરા મુસ્કેરાતો હતો પણ હમણા તો તે ચકિત થઇ ગયો. આજથી તે સદનનો દબાવ અધિક માનવા લાગ્યો. તેને જણાયું કે એ મહાશય માત્ર માટીના ઢગલા નથી. કામ પડતાં એ એકલાજ નૌકાને પાર લઇ જવા સમર્થ છે તેથી હવે અકડવું એ અનુચિત્ત છે.

તે દિવસે બે ખેપ થઇ. બીજે દિવસે એકજ ખેપ થઇ કારણ કે સદનને આવવામાં વિલંબ થઇ ગયો. ત્રીજા દિવસે રાતના નવ વાગે તેણે ત્રીજી ખેપ પૂરી કરી પરંતુ પસીનાથી તરબોળ થઈ ગયો. અને થાકી પણ એવો ગયો કે ઘર સુધી પહોંચવું પણ ડુંગર ચઢવા જેવું મુશ્કેલ લાગ્યું. આ પ્રમાણે બે માસ તેણે સખ્ત કામ કર્યું અને તેમાં તેને સારો લાભ થયો. તેણે હવે બીજા બે નાવિકો રાખી લીધા.

હવેથી સદન નાવિકોનો નેતા હતો. તેનું ઝુંપડું તૈયાર થઇ ગયું હતું. તે ઝુંપડામાં ત્રણ ઓરડા હતા. એક બેઠકનો, એક રસોઇ કરવાનો, અને એક સુવાનો. એક આસન, બે પલંગ અને બે લેંપ યોગ્ય સ્થાને રાખવામાં આવ્યા હતા. દ્વાર પર ઇંટોનો ઓટલો હતો. તેની પાસે કયારિયોમાં ફૂલના કુંડાઓ પડયા હતા. લતાઓ લાગેલી હતી જે ઝુંપડાપર ચઢતી જતી હતી. આ ઓટલો હવે નાવિકોનો અડ્ડો બની ગયો હતો. તેઓ હંમેશાં અહિં બેસીનેજ તંબાકુ પીતા હતા. સદને તેમના પર એક મોટો ઉપકાર કર્યો હતો. તેણે અમલદારો સાથે પત્ર વ્યવહાર કરી તેમને અમુક બેગારથી મુકત કરાવી દીધા હતા. આ સાહસે તેનો સિક્કો જમાવી દીધો હતો. તેની પાસે હવે થોડા રૂપીયા પણ જમા થઇ ગયા અને તે નાવિકોને વગર વ્યાજે રૂપીયા ઉધાર આપવા લાગ્યો. તેને હવે એક પગ ગાડીની ચિંતા હતી. શોકીન માણસોની સહેલ માટે તે એક સુંદર વહાણ પણ લેવા ચાહતો હતો, તેમજ એક હારમોનિયમ માટે તો તેણે પત્ર પણ

લખી નાંખ્યો હતો. આ બધી તે દેવીના આગમનની તૈયારિઓ હતી જે એક ક્ષણ માટે પણ તેના ધ્યાનથી ટળતી નહોતી.

હાલમાં સદનની અવસ્થા ઘરકુટુંબનો ભાર ઉપાડી લેવા યોગ્ય હતી. પરંતુ તે પોતાના કાકાની સલ્લાહ વગર શાંતાને લાવવાનો સાહસ કરી શકતો નહોતો. તે ઘેરે જયારે પદમસિંહ પાસે ભોજન કરવા બેસતો ત્યારે નિશ્ચય કરતો કે આજે આ વિષયને છેડી નિર્ણય કરાવી લઇશ પણ આ તેનો ઇરાદો હમણા સુધી સફળ થયો ન હતો. તેના મ્હોમાંથી વાતજ નહોતી નિકળતી.

જો કે તેણે પદમસિંહને આ વ્યવસાયની વાત જણાવી નહોતી પણ તેમણે લાલા ભગતરામ પાસેથી બધી બીના જાણી લીધી હતી. તેઓ સદનની ઉદ્યોગશીલતા પર બહુજ પ્રસન્ન હતા. તેઓ ચાહતા હતા કે એક બે બીજી નાવો ખરીદી લઇ કારોબાર વધારી દેવો. પરંતુ સદન પોતે કંઇ પણ નહોતો કહેતો એટલે તેઓ પણ આ વિષયમાં ચૂપ રહેવું ઉચિત સમજતા હતા. તેઓ પહેલાંથીજ તેને ચાહતા હતા, પણ હવે તેનો આદર કરવા લાગ્યા. સુભદ્રા તો તેને પુત્ર સમાન માનવા લાગી.

એક દિવસ રાત્રી સમયે સદન પોતાના ઝુંપડામાં બેસી નદી તરફ જોઇ રહ્યો હતો. આજે કોણ જાણે શા કારણે નૌકાને આવતાં વિલંબ થયો હતો. સામે લેંપ બળતો હતો. સદનના હાથમાં એક સમાચાર-પત્ર હતો પણ તેનું ધ્યાન વાંચવામાં લાગતું નહોતું. નૌકાના ન આવવાથી તેને કોઇ અનિષ્ટની શંકા થઇ રહી હતી. તેણે પત્ર બાજૂએ મૂકી દીધો અને બહાર નિકળી તટપર આવ્યો. રેતીપર ચાંદનીની રૂપેરી ચાદર બીછાયલી હતી. અને ચંદ્રમાનાં કિરણો નદીના હલચલ કરતાં જળપર એવા દેખાતા હતા કે જાણે ઝરણમાંથી નિર્મલ જળની ધારા ક્રમશઃ ચોવડી થતી નિકળે છે. ઝુંપડા સામેના ઓટલા પર કંઇ નાવિકો બેસી વાતો કરી રહ્યા હતા. અકસ્માત સદને બે સ્ત્રીઓને શહેર તરફથી આવતાં જોઇ. તેમાંની એકે નાવિકાને પૂછયું: "અમને તે પાર જવું છે. કોઇ નાવ લઇ સાથે આવશો?"

સદને શબ્દ ઓળખ્યા. એ સુમનબાઇ હતી. તેના હ્રદયમાં ગલગલિયાં થઇ આવ્યાં. આંખોમાં એક પ્રકારના ઘેન જેવું થઇ આવ્યું. દોડતો ઓટલા પાસે આવ્યો અને સુમનને કહ્યું: "બાઇજી, તમે તે વળી અહિં કયાં?"

સુમને ધ્યાનથી સદનને જોયો, જાણે તેને ઓળખતીજ નથી. તેની સાથેની સ્ત્રીએ ઘૂંઘટ કાઢયો અને ફાનસના પ્રકાશથી કેટલાંક પગલાં દૂર હટી અંધારામાં ચાલી ગઇ. સુમને આશ્ચર્યથી કહ્યું:

"કોણ? સદન?"


નાવિકો ઉઠી તેમને ઘેરી વળ્યા. પરંતુ સદને કહ્યું: "તમે સઉ અહિંથી હમણા ચાલ્યા જાઓ. એ અમારા ઘરની સ્ત્રીઓ છે. આજે અહિંજ રહેશે." તે પછી તેણે સુમનને પૂછયું: "બાઇજી કુશળ સમાચાર! કહો, મામલો શું છે?"

સુમન: "બધું કુશળ છે, ભાગ્યમાં જે કંઇ લખ્યું છે તે ભોગવી રહી છું. આજનો પત્ર તમે હજી વાંચ્યો ન હશે. પ્રભાકરરાવે કોણ જાણે શું છાપી દીધું છે તેથી આશ્રમમાં ગડબડ મચી ગઇ છે જો અમે બે બ્હેનો ત્યાં એક દિવસ પણ વધુ રહ્યા હોત તો આશ્રમ બીલકુલ ખાલી થઇ જાત. ત્યાંથી નિકળી જવામાંજ કુશળ હતું. હવે એટલી કૃપા કરો કે અમને તે પાર જવા માટે એક નૌકા નક્કી કરી આપો. ત્યાં અમે એક્કો કરી મુગલસરાય ચાલ્યા જશું. અમોલા માટે કોઇને કોઇ ગાડી મળી જશે. અહિંથી રાતના કોઇ ગાડી નથી જતી."

સદન: "હવે તો તમે પોતાના ઘરમાંજ આવી પહોંચી છો, અમોલા શા માટે જશો. તમો બેઉંને કષ્ટ તો બહુ થયું પણ આ સમય તમારા આવવાથી મને કેટલો આનંદ થયો તે હું વર્ણવી નથી શકતો. હું પોતે કેટલાક દિવસથી તમારી પાસે આવવા ઇરાદો કરી રહ્યો હતો પણ કામમાંથી ફુરસદજ નથી મળતી. હું ત્રણ ચાર મહિના થયા નાવિકોનું કામ કરવા લાગ્યો છું. આ તમારૂંજ ઝુંપડું છે ચાલો. અંદર ચાલો."

સુમન ઝુંપડામાં ચાલી ગઇ, પણ શાંતા તો ત્યાંજ અંધારામાં ચુપચાપ માથું નમાવી ઉભી રોઇ રહી હતી. જ્યારથી તેણે સદનસિંહના મુખથી તે વાતો સાંભળી હતી ત્યારથી તે દુઃખીનીએ રોઇ રોઇ દિવસ વિતાડયા હતા. તેને વારંવાર પોતાના માન કરવા પર પસ્તાવો થતો. તે વિચારતી: "જો હું તે સમયે તેમના પગોપર પડી જાત તો તેમને અવશ્ય મારા પર દયા આવી જાત." સદનની સૂરત તેની

આંખોમાં ફરતી અને તેની વાતો તેના કાનોમાં ગુંજતી. વાતો કઠોર હતી પણ શાંતાને તે પ્રેમ અને કરૂણાથી ભરેલી પ્રતીત થતી હતી. તેણે પોતાના મનને સમજાવી લીધું હતું કે એ બધાં તેના દુર્દિનનાં ફળ છે, સદનનો કોઇ અપરાધ નથી. કારણ કે તે વાસ્તવમાં વિવશ છે. પોતાના માતપિતાની આજ્ઞાનું પાલન કરવું એ તેનો ધર્મ છે: "એ મારીજ નીચતા છે કે હું તેમને ધર્મના માર્ગથી ફેરવવા ચાહું છું. હા, મેં પોતાના સ્વામી સાથે માન કર્યું! મેં મારા આરાધ્ય દેવનો નિરાદર કર્યો. મેં મારા કુટિલ સ્વાર્થને વશ થઇ તેમનું અપમાન કર્યું." જેમ જેમ દિવસ વીતતા હતા



"સુમન, જુઓ જુઓ આની કેવી અવસ્થા થતી જાય છે!"

તેમ તેમ શાંતાની આત્મગ્લાનિ વધતી જતી હતી. આ શોક, ચિંતા અને વિરહ પીડાથી તે રમણી એવી રીતે સુકાઇ ગઇ હતી કે જેવી રીતે જેઠ મહિનામાં નદી સુકાઇ જાય છે.

સુમન ઝુંપડામાં ચાલી ગઇ ત્યારે સદન ધીરે ધીરે શાંતાની સામે આવ્યો અને કંપિત સ્વરથી બોલ્યો: "શાંતા!"

એ કહેતાં કહેતાં તેનું ગળું રૂંધાઇ ગયું.

શાંતા પ્રેમથી ગદ્ગદ્ થઇ. તેનો પ્રેમ તે વિરક્ત દશાને પહોંચી ગયો હતો કે જ્યારે તે સંકુચિત સ્વાર્થથી મુક્ત થઇ જાય છે.

તેણે મનમાં કહ્યું: "જીવનનો શો ભરોસો છે, જાણુતી નથી કે જીવતી રહું કે ન રહું, એમના દર્શન ફરી થાય કે ન થાય તો પછી એક વખત એમના ચરણોપર માથું રાખી રોવાની અભિલાષા શા માટે રહેવા દેવી. આથી ઉત્તમ તે એ માટે કયો અવસર મળશે? સ્વામી તમે એકવાર મને તમારા હાથોથી ઉઠાડી મારા આંસૂ લુંછી દેશો તો મારૂં ચિત્ત શાંત થઇ જશે, મારો જન્મ સફળ થઇ જશે, હું જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી આ સૌભાગ્યના સ્મરણનો આનંદ પ્રાપ્ત કરતી રહીશ. મેં તો જો કે આપના દર્શનનીએ આશા ત્યાગી દીધી હતી કિંતુ ઇશ્વરે તે દિન પણ દેખાડી દીધો તો પછી મારી મનોકામના કાં પૂરી ન કરી લઉં? જીવનરૂપી મરૂભૂમિમાં આ વૃક્ષ પ્રાપ્ત થયો છે તો પછી તેના છાંયડામાં બેસી મારા દગ્ધ હૃદયને શીતળ કાં ન કરી લઉં?"

એ વિચારતી શાંતા રડતાં રડતાં સદનના ચરણો પર પડી ગઇ પણ કરમાઇ ગયેલું ફુલ હવાનો ઝટકો લાગતાંજ વીખરાઇ ગયું. સદન ઝુકયો કે તેને ઉઠાડી છાતી સાથે લગાડી લે, દાબી લે પણ શાંતાની દશા જોઇ તેનું હૃદય ધ્રુજી ગયું. જ્યારે પહેલા તેણે તેને નદીના કિનારે જોઈ હતી ત્યારે તે સૌંદર્યની એક નવી કોમળ પત્તી હતી પણ આજે તે એક સૂકેલી પીળી પાંદડી હતી, કે જે વસંતઋતુમાં ખરી પડે છે.

સદનનું હૃદય નદીમાં ચમકતા ચંદ્ર–કિરણોની માફક થરથરવા લાગ્યું. તેણે કંપિત હાથોવડે તે સંજ્ઞાશૂન્ય શરીરને ઉપાડી લીધું. નિરાશાભરી અવસ્થામાં તેણે ઇશ્વરનું શરણ લીધું. તે રડતાં બોલ્યો: "પ્રભો, મેં મોટું પાપ કર્યું છે, મેં એક કોમળ, સંતપ્ત હૃદયને અતિ નિર્દયતાથી ખુંદી નાખ્યું છે પણ તેનો આ દંડ અસહ્ય છે, આ અમૂલ્ય રત્નને

આટલી જલદીથી મારી પાસેથી છીનવી ન લ્યો, તમે દયામય છો. મારા પર દયા કરો."

શાંતાને છાતી સરસી લગાડી સદન ઝુંપડામાં ગયો અને તેને પલંગપર લેટાડી શોકાતુર સ્વરથી બોલ્યો: "સુમન, જુવો જુવો આની કેવી અવસ્થા થતી જાય છે! હું ડોકટર પાસે દોડું છું."

સુમને સમીપ આવી બ્હેનને જોઇ. માથાપર પસીનાના બુંદો આવી ગયા હતા, આંખો પથરાઇ ગઇ હતી, નાડીનો કંઇ પત્તો ન મળે અને મુખ વર્ણહીન થઇ ગયું હતું. તે તરત પંખો ઉપાડી હવા કરવા લાગી. તે ક્રોધ જે શાંતાની દશા જોઇ જોઇ મહીનાઓથી તેના હ્રદયમાં એકત્ર થયો હતો તે આજે બહાર ઉછળી પડયો. તે સદન તરફ તિરસ્કારપૂર્ણ નેત્રોએ જોતી બોલી: "આ તમારાજ અત્યાચારનું ફળ છે, એ તમારીજ કરણી છે, તમારાજ નિર્દય હાથોએ આ ફુલને પગ તળે આવું કચડી નાંખ્યું છે. તમેજ આ ઉગતા રોપાને પગ તળે ખુંદી નાખ્યો છે. લ્યો હવે તમારૂં ગળુએ છુટી જાય છે. સદન, જે દિવસથી આ દુઃખીનીએ તમારી તે અભિમાનભરી વાતો સાંભળી તે દિવસથી તેના મુખપર હાસ્ય નથી દેખાયું, તેના આંસૂ કદિ પણ બંધ નથી થયા. એ ન છૂટકે ગળાને દબાવી માંડ માંડ બે ચાર કોળીઆ અન્નના ખાઇ લેતી હતી. તમે તેની સાથે આ અત્યાચાર માત્ર એજ કારણે કર્યો કે હું તેની બ્હેન છું, કે જેના ચરણોપર પડી તમે વરસો સુધી નાક ઘસતા હતા. જેના પગના તળીઆં તમે વરસો સુધી ચાટયા છે, જેના કુટિલ પ્રેમમાં તમો મહીનાઓ સુધી મતવાલા–દિવાના બની ગયા હતા. તે સમયે પણ તો તમેજ તમારા મા બાપના આજ્ઞાકારી પુત્ર હતા કે કોઇ બીજું? તે સમયે પણ ઉચ્ચ કુળના બ્રાહ્મણ તમેજ હતા કે કોઇ બીજું? તે વખતે તમારા દુષ્કર્મોથી ખાનદાનીનું નાક નહોતું કપાતું? આજે તમે આકાશના દેવતા બની ફરો છો! અંધારામાં એઠું ખાવા તૈયાર પણ ઉજરડામાં નિમંત્રણનો પણ અસ્વીકાર! એ ખુલ્લી ધુર્તતા અને દગાબાજી છે. તમે આ દુઃખીની સાથે જે કંઇ કર્યું છે તેનું ફળ તમને ઇશ્વર આપશે. એને તો જે ભોગવવું હતું તે ભોગવી ચૂકી છે. આજે ન મરી તો કાલે મરી જશે પણ તમે તો તેને યાદ કરી કરી રડશો. જો કોઇ બીજી સ્ત્રી હોત તો તમારી વાતો સાંભળી ફરી તમારી તરફ આંખો ઉંચી કરી પણ ન જોત. તમને સદા શ્રાપ્યા કરતે, પણ આ અબળા તો સદા તમારા નામ પરજ મરતી રહી. થોડું થંડુ પાણી લાવો."

સદન અપરાધિ માફક માથું નમાવી એ વાતો સાંભળતો હતો. એ વાતોથી તેનું હૃદય થોડું હલકું થયું. સુમને તેને જો ગાળો આપી હોત તો તેને વધારે બોધ મળતે. તે પોતાને આ તિરસ્કારને સર્વથા યોગ્ય સમજતો હતો.

તેણે થંડા પાણીનો કટોરો સુમનને આપ્યો અને પોતે પંખો નાંખવા લાગ્યો. સુમને શાંતાના મ્હોંપર થંડા પાણીના છાંટા નાખ્યા તો પણ શાંતાએ આંખો ન ઉઘાડી ત્યારે સદને કહ્યું: "ડોકટરને બોલાવી આવું?"

સુમન: "નહિ, ગભરાવો નહિ, થંડક થતાં હોશમાં આવી જશે. ડોકટર પાસે એની દવા નથી."

સદનને જરા ધીરજ આવી. તે બોલ્યો:

"સુમન, ભલે તમે સમજો કે હું બનાવટી વાતો કરી રહ્યો છું પણ હું તમને સત્ય કહું છું કે તે બુરી ઘડીથી મારા આત્માને કદિ શાંતિ નથી મળી. વારંવાર હું મારી મૂર્ખતાપર પસ્તાતો હતો. કેટલીએક વાર વિચાર કર્યો કે અપરાધની ક્ષમા લેવા તમારી પાસે આવું પણ વળી વિચાર થતો કે કયા સામર્થ્યના આધારે જાઉં? ઘરવાળાઓ પાસેથી સહાયતાની કંઇ આશા નહોતી અને મને તો તમે જાણો છો કે હું હંમેશા સ્વાર વગરનો સણગારેલો ઘોડો છું. બસ એજ ચિંતામાં ડૂબ્યો રહેતો કે કોઇ પણ પ્રકારે ચાર પૈસા પેદા કરૂં અને પોતાની ઝુંપડી અલગ બનાવું. મહીનાઓ સુધી નોકરીની શોધમાં રખડયો પણ કયાં ઠેકાણું ન લાગ્યું. અંતમાં મેં ગંગામાતું શરણ લીધું અને હવે ઇશ્વર કૃપાથી મારી નૌકા પાર પડી છે. હવે મને કોઇના આશરાની અથવા તો મદદની જરૂર નથી. આ ઝુંપડી બનાવી લીધી છે. હવે વિચાર છે કે થોડા બીજા રૂપીયા આવી જાય તો તે પાર કોઇ ગામમાં ઘર બનાવી લઉં. જુવો, હવે એની તબીઅત કંઇક સુધરી જણાય છે!"

સુમનનો ક્રોધ જરા શાંત પડયો. તે બોલી: "હા, હવે કોઇ ભય નથી; લાગે છે કે મૂર્છાજ હતી. આંખો હવે બંધ થઇ છે અને હોઠ પરની લીલાશ જતી રહી છે."

સદનને એવો આનંદ થયો કે જો ત્યાં ઇશ્વરની કોઇ મૂર્તિ હોત તેના ચરણો પર માથું રાખી દેત. તે બોલ્યોઃ "સુમન, તમે મારી સાથે જે ઉપકાર કર્યો છે તેને હું જીંદગી ભર સંભારતો રહીશ. જો આજે કંઇ ઉંધુંજ પરિણામ આવતે તો એની સાથે મારૂં શબ પણ જોતે."

સુમનઃ "આવી કેવી વાત મ્હોંમાંથી બોલો છો? પરમાત્મા ચાહશે તો તે વગર દવાએજ સારી થઇ જશે અને તમે બન્ને ચિરકાલ સુખથી રહેશો. તમેજ તેની દવા છો અને તમારો પ્રેમજ એનું જીવન છે. તમને પ્રાપ્ત કરવા પછી હવે તેને કોઇ પણ લાલસા નથી. પણ જો તમે ફરી ભૂલી જઇ તેનો અનાદર યા અપમાન કર્યો તો તો પાછી તેની એજ દશા થઇ પડવાની અને તમે હાથ ઘસતા રહી જશો."

એટલી વારમાં શાંતાએ પાસું બદલી પાણી માગ્યું. સુમને પાણીનો વાટકો તેના મ્હોંને લગાડયો. તે બે ત્રણ ઘુંટ પી ફરી ફરી પલંગ પર લોટી ગઇ. તે વિસ્મિત નેત્રાથી અહિં તંહિં તાકી રહી હતી, જાણે તેને તેની આંખો પર અવિશ્વાસજ આવી ગયો હતો. તે ચોંકીને બેઠી થઇ ગઇ અને સુમન તરફ તાકતાં બોલીઃ "કાં, આ જ મારૂં ઘર છે ને? હા, હા એજ છે અને એઓ (સદન) કયાં છે? મારા સ્વામી, મારા જીવનના આધાર, તેમને બોલાવ. તે આવી મને દર્શન આપે. તેમણે મને બહુજ બાળી છે; તે દાહને બુઝાવે. હું તેમને કંઇક પૂછીશ. આવતા કેમ નથી? ઠીક તો લે હુંજ જાઉં છું. આજે મારી તેમની સાથે તકરાર થશે. ના, ના હું તેમની સાથે તકરાર નહિ કરૂં. માત્ર એજ કહીશ કે હવે મને છોડી કયાં પણ જતા ના. જોઇએ તો ગળાનો હાર બનાવી રાખો અને જોઇએ તો પગની બેડી બનાવી રાખો પણ તમારી સાથે રાખો. હવે વિયોગ દુઃખ સહન નથી થતું. હું જાણું છું કે તમે મારી સાથે પ્રેમ કરો છો, તો તેમજ સહી અને કદી નથી એ કરતા કે મને નથી એ ચાહતા તો તેમ પણ નહિ હું તો તમને ચાહું છું. જો તે પણ નહિ તો ભલે હું તમને નથી ચાહતી પણ મારો વિવાહ તો તમારી સાથે થયો છે ને જો તેમ પણ નહિ તો, નહિં. હું તમારી સાથે વિવાહ નથી કરતી પણ હું તમારી સાથે રહીશ અને જો ફરી તમે આંખ ફેરવી તો ઠીક નહિ થાય. હું સંસારમાં માત્ર રડવા માટે નથી આવી. વ્હાલા રિસાઓ નહિં. થશે તો એટલુંજ ને કે બે ચાર માણસો હસશે, તાના મારશે, તો તે મારી ખાતર સહી લેશો. શું એમ ધારો કે મા બાપ છોડી દેશે? કેવી વાત કરો છો? મા બાપ પોતાના છોકરાને નથી છોડતા. તમે જોજો હું તેમને મનાવી લઇશ. હું મારી સાસુના પગ ધોઇ પીશ અને મારા સસરાના પગ દબાવીશ. શું, છતાંએ તેમને મારી દયા નહિ આવે?" એ કહેતાં કહેતાં ફરી શાંતાની આંખો બંધ થઇ ગઇ.

સુમને સદનને કહ્યું: "હવે એ સુઇ રહે છે તો એને સુવા દ્યો. એક ઉંઘ સારી રીતે કરશે તો એના જીવને ચેન આવી જશે. રાત અધિક વીતી ચૂકી છે માટે હવે તમે ઘેર જાઓ. પંડિતજી વિલંબ થવાથી ગભરાતા હશે."

સદનઃ "આજે હું નહિં જાઉં."

સુમનઃ "નહિ, નહિ તે લોકો ગભરાતા હશે. શાંતાને હવે ઠીક છે. જુવો કેવાં સુખથી સુઇ રહી છે. આટલા દિવસોમાં આજેજ મેં તેને આવી રીતે ચેનથી સૂતાં જોઇ છે." સદને ન માન્યું. તે બહાર આવી ઓટલા પર બેસી વિચાર કરવા લાગ્યો.

પ્રકરણ ૫૩ મું.

બાબુ વિઠ્ઠલદાસ પ્રિય અને સરલ માણસ હતા. તેમને જ્યાં ન્યાય ખેંચી જતો ત્યાં ચાલ્યા જતા. તેમાં તેમને લેશ માત્ર પણ સંકોચ નહોતો થતો. જ્યારે તેમણે પદમસિંહને ન્યાય પથ પરથી હટતા જોયા ત્યારે તેમનો સાથ છોડી દીધો અને કેટલાક મહીના તેમને ઘેર પણ ન ગયા, પરંતુ પ્રભાકરરાવે જ્યારે આશ્રમપર આક્ષેપ કરવા શરૂ કર્યા અને સુમનના વિષયમાં કંઇક ગુપ્ત રહસ્યોનો ઉલ્લેખ કર્યો ત્યારે તો વિઠ્ઠલદાસના વિરોધી પણ વધવા લાગ્યા. હવે આખા શહેરમાં તેમનો કોઇ મિત્ર નથી. હવે તેમને અનુભવ થવા લાગ્યો કે આવી સંસ્થાના અધ્યક્ષ થઇ, જેનું અસ્તિત્વ બીજાઓની સહાયતા અને સહાનુભૂતિ પર નિર્ભર છે, ત્યાં મારે કોઇ પણ પક્ષને ગ્રહણ કરવો એ બિલકુલ અનુચિત્ત છે. વળી તેમને એ પણ અનુભવ થતો હતો કે આશ્રમનું કુશળ તેમાંજ રહ્યું છે કે તેઓ તેનાંથી અલગ રહીને પણ બધાથી મળતા રહે. એજ માર્ગ તેમના માટે સૌથી ઉત્તમ છે. સંધ્યા સમય હતો. તેઓ વિચારમાં બેઠા

તા કે: "પ્રભાકરરાવના આક્ષેપોનો શો ઉત્તર આપું. વાતો તો ઘણીખરી સાચી છે, સુમન વાસ્તવમાં હતી તો વેશ્યા અને તે જાણતાંએ હું તેને આશ્રમમાં લાવ્યો, મેં પ્રબંધકારિણી સભામાં તેની કંઇ ચર્ચા ન કરી, તેનો કોઇ પ્રસ્તાવ ન કર્યો. મેં વાસ્તવમાં આશ્રમને મારી બાપુકી સંસ્થા સમજી. ભલે મારો ઉદ્દેશ જોઇએ તેવો પ્રસંશનીય હોય પણ તેને ગુપ્ત રાખવો એ સર્વથા અનુચિત્ત હતું."

વિઠ્ઠલદાસ હજી કોઇ નિશ્ચય નહોતા કરી શકયા કે આશ્રમની અધ્યાપિકાએ આવી કહ્યું: "મહાશય, આનંદી, રાજકુમારી અને ગૌરી ઘેર જવા તૈયાર થઇ બેઠી છે. મેં તેમને ઘણુંએ સમજાવ્યું પણ તેઓ નથી માનતી." વિઠ્ઠલદાસે ખીજવાઇ કહ્યું: "કહી દ્યો ભલે ચાલી જાય. મને તેની બીક નથી. તેમના માટે હું સુમન અને શાંતાને કાઢી નથી શકતો."

અધ્યાપિકા ચાલી ગઇ અને વિઠ્ઠલદાસ ફરી વિચારવા લાગ્યા: "આ સ્ત્રીઓ પોતાને તે શું સમજે છે? શું સુમન એટલી બધી પતિત અવસ્થાને પહોંચી છે કે તે તેઓ તેની સાથે રહી પણ નથી શકતી? તેમનું કહેવું છે કે આશ્રમ બદનામ થઇ રહ્યું છે અને અહિં રહેવામાં તેમની પણ બદનામી થઇ રહી છે. હા, જરૂર બદનામી છે, ભલે ચાલી જાય, હું તેમને રોકતો નથી."

તત્કાળ ટપાલીઓ પત્રો લાવ્યો. વિઠ્ઠલદાસના નામે પાંચ પત્ર હતા.

એકમાં લખ્યું હતું કે: "હું મારી કન્યા (વિદ્યાવતી) ને આશ્રમમાં રાખવું ઉચિત્ત નથી સમજતો. હું તેને તેડવા માટે આવીશ." બીજા મહાશયે ધમકી આપી હતી કે "જો વેશ્યાઓને આશ્રમમાંથી કાઢી મૂકવામાં નહિ આવે તો તે ફંડમાં પૈસા નહિં આપે." ત્રીજા પત્રનો પણ એજ ઉદ્દેશ હતો. બીજા બે પત્રો વિઠ્ઠલદાસે ન ઉઘાડયા. આ ધમકિઓએ તેમને ભયભીત ન કર્યા પણ ઉલટાં તેમને હઠપર મક્કમ કરી દીધા: "આ લોકો સમજતા હશે કે હું તેમના રોફથી કંપવા લાગીશ, પણ એ નથી સમજતા કે વિઠ્ઠલદાસ કોઇની પણ પરવાહ નથી કરતો. આશ્રમ ભલે વીખરાઇ જાય પણ હું શાંતા અને સુમનને કદાપિ અલગ નથી કરી શકતો." વિઠ્ઠલદાસના અહંકારે તેમની સદ્બુદ્ધિને પરાસ્ત કરી દીધી. સદુત્સાહ અને દુસ્સાહસ બન્નેનો શ્રોત એકજ છે. ભેદ માત્ર તેમના વ્યવહારમાં છે.

સુમન જોતી હતી કે તેનાજ કારણે આ બધી ખટપટ મચેલી છે. તેને દુઃખ થતું કે તે અહિં શા માટે આવી. તેણે કેટલી બધી શ્રદ્ધાથી તે વિધવાઓની સેવા કરી હતી પણ તેનું આ ફળ આવ્યું! તે જાણતી હતી કે વિઠ્ઠલદાસ કદિ પણ તેને ત્યાંથી જવા ન આપશે. તેથી તેણે નિશ્ચય કર્યો કે કાં હું ગુપચુપ ચાલી ન જાઉં? ત્રણ સ્ત્રીઓ ચાલી ગઇ હતી, બે ત્રણ મહીલાઓ તૈયારી કરી રહી હતી અને કેટલીક બીજી દેવીઓએ પોતાના ઘેર પત્ર લખી મોકલ્યા હતા. માત્ર તેઓજ ચૂપચાપ બેઠેલી હતી જેમનું કયાંય ઠેકાણું નહોતું તેઓ પણ સુમનથી મ્હોં સંતાડી ફરતી હતી. સુમન આ અપમાન સહન ન કરી શકી. તેણે શાંતા સાથે સલાહ કરી. શાંતા મોટી મુંજવણમાં પડી. પદમસિંહની આજ્ઞા વિના તે આશ્રમમાંથી નીકળવું અનુચિત્ત સમજતી હતી. માત્ર એટલા માટે નહિં કે એક આશાના પાતળા સૂત્રે અહિં બાંધી રાખી હતી. તે વિચારતી હતી કે: "જ્યારે મેં પોતાનું સર્વસ્વ પદમસિંહના હાથોમાં રાખી દીધું છે ત્યારે હવે સ્વેચ્છા પથપર ચાલવાનો મને કોઇ અધિકાર નથી." પણ સુમને નિશ્ચિંત રૂપથી કહી દીધું કે: "તને રહેવું હોય તો ભલે રહે પણ હું કોઇ પણ રીતે અહિં ન રહીશ." ત્યારે શાંતાને ત્યાં રહેવું અસંભવ પ્રતીત થવા લાગ્યું. જંગલમાં ભટકતા તે માણસની માફક જે બીજાને જોઇ માત્ર એટલા માટેજ તેનો સાથી થઇ જાય છે કે એકમાંથી બે થઇ જશું, તેમ શાંતા પણ પોતાની બ્હેન સાથે જવા તૈયાર થઇ ગઇ.

સુમને પૂછ્યું: "જો પદમસિંહ નારાજ થઇ જશે તો?"

શાંતા: "તેમને એક પત્રદ્વારા સર્વ સમાચાર લખી મોકલીશ."

સુમન: "ને જો સદનસિંહ ચીઢાશે તો?"

શાંતા: "જે દંડ આપશે તે ભોગવી લઇશ."

સુમન: "બરાબર વિચાર કરી લે, પાછળ પસ્તાવું ન પડે."

શાંતા: "રહેવું તો મને અહિંજ જોઇયે, પણ તારા વિના હું રહી ન શકીશ. હા, પણ એ તો કહે કે જશું કયાં?"

સુમન: "તને અમોલા પહોંચાડી દઇશ."

શાંતા: "અને તું?"

સુમનઃ "મારો માલીક નારાયણ છે. ક્યાંક તીર્થ યાત્રા કરવા ચાલી જઇશ."

બન્ને બ્હેનમાં દીર્ઘકાળ વાતચીત્ત થઇ. પછી બન્ને મળી રડી. જેવા આઠ વાગ્યા અને વિઠ્ઠલદાસ ભોજન કરવા માટે પોતાને ઘેર ગયા કે બન્ને બ્હેનો સૌની આંખોથી પોતાને છૂપાવતી ચાલી નિકળી.

આખી રાત કોઇને ખબર ન પડી. સવારના ચોકીદારે આવી આ સમાચાર વિઠ્ઠલદાસને કહ્યા. તેઓ ગભરાયા અને દોડતા સુમનના ઓરડામાં ગયા. બધી વસ્તુઓ પડેલી હતી. માત્ર બે બ્હેનોનોજ પત્તો નહોતો. બિચારા મોટી ચિંતામાં પડયા: "પદમસિંહને શું મ્હોં દેખાડીશ." તેમને આ સમયે સુમન પર ક્રોધ આવ્યો. આ બધા એનાજ કરતુક છે, એજ શાંતાને બહેકાવી લઇ ગઇ છે એમ માની લીધું. એકાએક તેમને સુમનના પલંગપર એક પત્ર પડેલો નજરે ચઢયો. તેને દોડી ઉપાડી લીધો અને વાંચવા લાગ્યા. આ પત્ર સુમને જતી વખતે લખી રાખી દીધો હતો. તેને વાંચતાં વિઠ્ઠલદાસને કંઇક ધૈર્ય આવ્યું. પણ તેની સાથેજ દુઃખ થયું કે સુમનના કારણે તેમને નીચું જોવું પડયું. તેમણે નિશ્ચય કરી લીધો હતો કે તેમને ધમકિઓ આપનારાઓને તે નિચું જોવરાવશે પણ તે અવસર તેમના હાથમાંથી નિકળી ગયો. હવે લોકો તો એજ સમજશે કે તેઓ ડરી ગયા, એ વિચારી તેમને બહુ દુઃખ થયું.

આખરે તેઓ ઓરડામાંથી નિકળ્યા. દરવાજા બંધ કરાવ્યા અને સિધા પદમસિંહના ઘેરે જઇ પહોંચ્યા.

પંડિતજી આ સમાચાર સાંભળી ટાઢા થઇ ગયા. તેઓ બોલ્યાઃ "હવે શું કરવું?"

વિઠ્ઠલઃ "તે અમોલા પહોંચી ગઇ હશે."

પંડિતજીઃ "હા, સંભવિત છે."

વિઠ્ઠલઃ "સુમન આટલા દૂરની મુસાફરી તો સારી રીતે કરી શકે છે.

પંડિતજીઃ "હા, એવી કંઇ નાસમજ તો નથી."

વિઠ્ઠલઃ "સુમન તો અમોલા ગઇ ન હશે."

પંડિતજીઃ "કોણ જાણે બંને કયાં ડૂબી મરી હોય તો?"

વિઠ્ઠલઃ "તાર કરી પૂછી કાં ન લઇયે?"

પંડિતજીઃ "કયા મ્હોંએ પૂછાવું? જ્યારે મારાથી શાંતાની રક્ષા કરવા જેવું અદના કાર્ય પણ ન થયું ત્યારે તેના વિષયમાં કંઇ પૂછપરછ કરવી એ તો મારા માટે લજ્જાજનક છે. મને આપ પર પૂર્ણ વિશ્વાસ હતો. જો જાણતે કે આપ આવી બેપરવાહી કરશો તો મેં તેને મારા ઘરમાંજ રાખી હોત."

વિઠ્ઠલઃ "આપ તો એવી વાતો કરો છો કે જાણે મેં તેમને જાણી વિચારી કાઢી મૂકી છે."

પંડિતજીઃ "આપ જો તેમને ધીરજ આપતે તો તેઓ કદિ પણ ન જાત અને આપે મને પણ હમણાંજ કહ્યું કે અવસર હાથથી નિકળી ગયો છે."

વિઠ્ઠલઃ "આપ તો બધી જોખમદારી મારા પરજ નાખવા ચાહો છો."

પંડિતજીઃ "ત્યારે બીજા કોના માથે નાખું? આશ્રમના સંરક્ષક આપજ છો કે કોઇ બીજો છે?"

વિઠ્ઠલઃ "શાંતાને, ત્યાં રહેતાં ત્રણ માસથી અધિક સમય થઈ ગયો પણ આપ ભૂલે ચૂકે પણ કદિ આશ્રમ તરફ વળ્યા? જો આપ કદિ કદિ ત્યાં જઇ તેના કુશળ સમાચાર પૂછતા રહ્યા હોત તો તેને ધૈર્ય રહેતે. પણ જ્યારે આપે તેની કદિ વાત પણ ન પૂછી ત્યારે તે કયા આધારે ત્યાં પડી રહે. હું મારા દોષનો સ્વીકાર કરૂં છું પણ આપ પણ દોષમુક્ત થઇ શકતા નથી."

પંડિતજી આજકાલ વિઠ્ઠલદાસ પર ખીજાયલા હતા. તેમણે તેનાજ અનુરોધથી વેશ્યા સુધારના કામમાં હાથ નાંખ્યો હતો પણ આખરે જ્યારે કામ કરવાનો અવસર આવ્યો ત્યારે તેઓ સાફ નિકળી ગયા. ત્યાં વિઠ્ઠલદાસ પણ વેશ્યાઓ પ્રતિ તેમની સહાનુભૂતિ જોઇ તેમને સંદેહની નજરે જોતા હતા. તેઓ આ સમયે પોતપોતાના હૃદયની વાત ન કહેતાં એક બીજા પર દોષારોપણ કરવાની ચેષ્ટા કરી રહ્યા હતા. પદમસિંહ તેમની ખૂબ ખબર લેવા ચાહતા હતા. પણ આ પ્રત્યુત્તર સાંભળી ચૂપ થઇ ગયા. તેઓ બોલ્યાઃ "હા એટલો દોષ મારો અવશ્ય છે."

વિઠ્ઠલઃ "મારો આશય આપને દોષ આપવાનો નથી. દોષ બધો મારો છે કારણ કે આપે જ્યારે તેમને મને સોંપી દીધી એટલે આપને નિશ્ચિત રહેવું એ સ્વભાવિક હતું."

પંડિતજીઃ "નહિ, વાસ્તવમાં આ બધુ ફળ મારી કાયરતા અને આલસ્યનું છે. આપ તેને બળજબરીએ રોકી શકતા નહોતા."

પદ્મસિંહે પોતાનો દોષ સ્વીકારી બાજી પલટી દીધી હતી. આપણે ઝુકી કરી બીજાને ઝુકાવી શકીએ છિયે પણ અકડીને ઝુકાવવાનું કામ કઠિન છે.

વિઠ્ઠલ: "કદાચ સદનસિંહને કંઇ ખબર હોય. જરા તેમને બોલાવો તો."

પંડિતજી: "તે રાતથી ગેબ થઇ ગયો છે. તેણે જમુના કિનારે એક ઝુંપડી બનાવી લીધી છે, થોડા નાવિકો રાખી લીધા છે અને એક નૌકા ચલાવે છે, રાત કદાચ ત્યાંજ રહી ગયો હશે."

વિઠ્ઠલ: "સંભવે છે બન્ને બ્હેનો ત્યાંજ પહોંચી ગઇ હોય. કહો તો જાઉં."

પંડિતજી: "નહિજી, આપ કયા ભ્રમમાં છો. તે એટલો લિબરલ નથી. તે તેમના પડછાયાથી પણ દૂર ભાગે છે."

અકસ્માત સદને ઓરડામાં પ્રવેશ કર્યો.

પદ્મસિંહે પૂછ્યું: "તું આખી રાત ક્યાં હતો? તારી ચિંતામાંજ રાત કાઢી."

સદનસિંહે ધરતી તરફ તાકતા કહ્યું: "હું સ્વયંવર્જિત છું. પણ કામ એવું હતું કે વિવશ થઇ રોકાવું પડયું. એટલો સમય પણ ન મળ્યો કે આવી આપને કહી જાત. મેં શરમના લીધે આપની પાસે ચર્ચા નથી કરી પણ અહિં કેટલાક મહિનાથી મેં એક નાવ ચલાવવાનું કામ શરૂ કર્યું છે અને ત્યાંજ નદીના કિનારે એક ઝુંપડી પણ બનાવી લીધી છે. મારો વિચાર છે કે આ કામ બરાબર ચલાવું. તે માટે આપની પાસેથી ત્યાં તે ઝુંપડીમાં રહેવાની આજ્ઞા ચાહુ છું."

પંડિતજી: "તેની ચર્ચા તો લાલા ભગતરામે એક વખત મારી સાથે કરી હતી, પણ ખેદ છે હમણા સુધી તેં મારાથી છૂપાવ્યું, નહિ તો હું પણ કંઇક સહાયતા કરતે. ખેર, હું આ કામને ખરાબ નથી સમજતો. ઉલટાં તને આ અવસ્થામાં જોઇ મને અતિ આનંદ થઇ રહ્યો છે. બાકી આ વાતનો તો હું કહિ પણ સ્વીકાર નહિ કરૂં કે તું પોતાનું ઘર હોવા છતાં પોતાની હાંડી જુદી ચઢાવે. શું એક બીજી નૌકાનો પ્રબંધ થઇ જાય તો અધિક લાભ થઇ શકે ખરૂં કે?"

સદન: "જી હા, હું સ્વયં તેજ ચિંતામાં છું. પણ તે માટે મને ઘાટપર રહેવું જરૂરી છે."

પંડિત: "ભાઇ, એ શર્ત તો તારી ખરાબ છે. શહેરમાં રહી તું મારાથી જુદો રહે તે તો મને પસંદ નથી. તેમાં ભલે તને હાનિ હોય. પણ હું તો માનીશ નહિં."

સદન: "નહિ કાકા, આપ મારી આ પ્રાર્થના સ્વીકારો. હું બહુજ લાચાર થઇ આપને કહી રહ્યો છું."

પંડિતજી: "એવી તે શું વાત છે જે તને લાચાર કરે છે. તને જે સંકોચ હોય તે સાફ સાફ કાં નથી કહેતો?"

સદન: "મારા આ ઘરમાં રહેવાથી આપની બદનામી થશે. મેં હવે મારા તે કર્ત્તવ્યનું પાલન કરવા સંકલ્પ કરી લીધો છે જેને હું કેટલાક દિવસ સુધી મારી અજ્ઞાનતા અને થોડા સમય સુધી મારી કાયરતા અને નિંદાના ભયથી ટાળતો આવ્યો હતો. હું આપનો પુત્ર છું. જ્યારે પણ મને કંઇ કષ્ટ થશે ત્યારે આપનો આશ્રય લઇશ, કોઇ જરૂરત પડશે તો આપને કહીશ પણ રહીશ જુદો. અને મને વિશ્વાસ છે કે આપ મારી વાતને અનુમોદન આપશો."

વિઠ્ઠલદાસ પણ વાતના અંત સુધી પહોંચી ગયા. પૂછ્યું: "કાલે સુમન અને શાંતા સાથે તમારી મુલાકાત તો નથી થઇ?"

જેમ કોઇ રમણીના મુખપરથી ઘુંઘટ હટી જાય તેમ સદનના ચહેરાપર લજ્જાની લાલિમા છવાઇ ગઇ. તે દબાયલા અવાજે બોલ્યો: "જી હા."

પદ્મસિંહ મોટા ધર્મસંકટમાં પડયા. ન હા કહી શકતા હતા કે ન ના કહેવાનું બનતું હતું. હમણા સુધી તે શાતાના સંબંધમાં પોતાને બિલકુલ નિર્દોષ સમજતા હતા. તેમણે આ અન્યાયનો બધો ભાર પોતાના ભાઇના માથે નાખી દીધો હતો. સદન તો તેમના વિચારમાં એક કાષ્ઠનું પુતળું હતો. પણ હવે આ જાળમાં ફસાતા તેઓ ભાગી છૂટવાનો પ્રયત્ન કરતા હતા. સંસારનો ભય તો તેમને નહોતોજ. ડર એ હતો કે ક્યાંક ભાઇ એ ન સમજી લે કે આ બધું તેમનીજ મદદથી થયું છે અને સદનને તેમણેજ બગાડયો છે. જો આ સંદેહ તેમના મનમાં ઉત્પન્ન થઇ ગયો તો પછી તેઓ કદિ પણ તેમને ક્ષમા ન કરશે.

પદ્મસિંહે કેટલીએક મિનીટ આ ફસી પડવાની સ્થિતિ સંબંધી વિચાર કર્યો. અંતમાં બોલ્યા: "સદન, એ એવી મુશ્કેલીભરી વાત છે કે હું મારા ભરોસે કંઇ પણ કરી નથી શકતો. ભાઇની સલાહ લીધા વગર હા કે ના કેમ કહી શકું? તું મારા સિદ્ધાંતોથી

પરિચિત છે. હું તારી પ્રશંસા કરૂં છું. અને પ્રસન્ન છું કે ઇશ્વરે તને સદ્બુદ્ધિ આપી. પણ હું ભાઇ સાહેબની ઈચ્છાને સર્વોપરિ સમજું છું તેથી એમ કરવું કે બંને બહેનોને અલગ અલગ રાખવાનો પ્રબંધ કરવામા આવે. જેથી તેમને કોઇ કષ્ટ ન થાય. બસ આથી વધારે મારૂં જરાએ સામર્થ્ય નથી. બાકી ભાઇ સાહેબની જેવી ઇચ્છા હોય તે પ્રમાણે કર."

સદનઃ "તેઓ શું ઉત્તર આપશે તે શું આપ નથી જાણતા?"

પદમઃ "હા, તે પણ જાણું છું."

સદનઃ "તો પછી તેમને પૂછવું વ્યર્થ છે. માતા પિતાની આજ્ઞાથી હું મારી જાન આપી શકું છું કે જે તેમની આપેલી છે, પણ કોઇ નિરપરાધીની ગરદન પર તલવાર ચલાવી શકતો નથી."

પદમઃ "બંને બહેનોને એક જુદા ઘરમાં રાખવામાં આવે તેમાં તને શું આપત્તિ છે?"

સદને તપી જઇ કહ્યું: "એમ જો હું કરૂં તો તે ચોરીછુપીએ કર્યું થયું. હું કોઇ પાપ કરવા નથી જતો કે જેને ગુપ્ત રાખું. એ તો મારા જીવનનું પરમ કર્તવ્ય છે, તેને ગુપ્ત રાખવાની આવશ્યકતા નથી. હજી સુધી વિવાહના જે સંસ્કાર પૂરા નથી થયા તે કાલે ગંગા કિનારે પૂર્ણ કરવામાં આવશે. જો આપ ત્યાં આવવાની કૃપા કરશો તો હું મારા સૌભાગ્ય સમજીશ, નહિ તો ઇશ્વરના દરબારમાં સાક્ષીઓ સિવાય પણ પ્રતિજ્ઞા થઇ જાય છે.

એમ કહેતાં સદન ઉઠયો અને ઘરમાં ચાલ્યો ગયો. સુભદ્રાએ કહ્યું: "વાહ ભેબ તો બરાબર થઇ જાય છે. આખી રાત જીવ લાગી રહ્યો. કયાં રાતવાસો કર્યો હતો?"

સદને રાતનો બધો વૃતાંત કાકીને કહ્યો. કાકી સાથે વાત કરવામાં તે જરા પણ સંકોચાતો ન હોતો. સુભદ્રાએ તેનાં સાહસની ખૂબ પ્રશંસા કરી. તે બોલી: "માબાપના ડરથી કોઇ પોતાની પરણેતરને થોડીજ છોડી દે છે. દુનિયા હસે તો ભલે હસ્યા કરે. શુ તેના ડરથી પોતાના ઘરના પ્રાણીની જાન લઇ લેવી? શું કરૂં તારી માથી હું ડરૂં છું નહિ તો તેને તો અંહિજ રાખી હોત."

સદને કહ્યું: "મને હવે આ બાબતમાં માબાપની પરવાહ નથી."

સુભદ્રાઃ "બહુએ પરવાહ કરી. આટલા દિવસ બિચારીને રીબાવી રીબાવી મારી નાખી. બીજો કોઇ છોકરો હોત તો પહેલે દિવસેજ ફીટકારી દેત. એ તો તું જ છે કે આટલું સહે છે"

"સુભદ્રા! જો એજ વાતો તેં પવિત્ર ભાવથી કહી હોત તો અમે તારો કેટલો આદર કરતે. કિંતુ તું આ સમયે ઇર્ષા—દ્વેષના વશમાં સદનને બહેકાવી તારી જેઠાણીને નીચું જોવરાવવા ચાહે છે, તુ એક માતાના પવિત્ર હૃદય પર આઘાત કરી તેનો આનંદ મેળવી રહી છે."

સદનના ચાલી જવા પછી વિઠ્ઠલદાસે પદમસિંહને કહ્યું: "આ તો આપની મનમાંની વાત થઇ. આપ આટલું આગળ પાછળ શા માટે કરો છો?"

પંડિતજીએ ઉત્તર ન આપ્યો.

વિઠ્ઠલદાસ ફરી બોલ્યા: "એ પ્રસ્તાવ આપને સ્વયં કરવો જોઇતો હતો તે તો રહ્યું, પણ હવે સ્વીકાર કરવામાં આટલો સંકોચ કરી રહ્યા છો!"

પંડિતજીએ એનો પણ કોઇ ઉત્તર ન આપ્યો.

વિઠ્ઠલઃ "જો તે પોતાની સ્ત્રી સાથે અલગ રહે તો તમાં શું હાનિ છે? આપ ન તો આપની સાથે રાખો, ન જુદા રહેવા દેવો, એ તો ભલા કંઇ નીતિનો સિદ્ધાંત છે?"

પદમસિંહે વ્યંગના ભાવથી કહ્યું; "ભાઇ સાહેબ, જ્યારે પોતાના પર આવી પડે છે ત્યારેજ માણુસ જાણે છે. જેમ તમે મને માર્ગ બતાવો છો તેમ હું પણ બીજાઓને માર્ગ બતાવતો રહ્યો છું. હમણા આપજ વેશ્યાઓના ઉદ્ધાર કરવા માટે કેવી લાંબી ચોડી વાતો કરતા હતા, પણ જ્યારે કામ કરવાનો સમય આવ્યો ત્યારે કેવા ગલ્લા તલ્લા કર્યાં. એ પ્રમાણે બીજાઓનું પણ સમજી લ્યો. હું પણ સર્વ કંઈ કરી શકું છું પણ મારા ભાઇને નારાજ નથી કરી શકતો. મને કોઇ પણ સિદ્ધાંત એટલો પ્યારો નથી જેને હું તેમની ઇચ્છા પર ન્યોછાવર ન કરી શકું."

વિઠ્ઠલઃ "મેં આપને એ કદિ પણ નથી કહ્યું કે હું જન્મની વેશ્યાઓને દેવીઓ બનાવી દઇશ. શું આપ એમ સમજો છો કે એક સ્ત્રી પોતાના કુટુંબીઓના અન્યાયથી અથવા તો દુર્જનોના બહેકાવવાથી પતિત થઇ જાય છે તેમાં અને જન્મની વેશ્યામાં કંઇ અંતર નથી? મારા વિચારમાં તો સાધ્ય અને અસાધ્ય રોગ જેટલો અંતર છે. જે આગની શરૂઆત છે અને અંદર પહોંચવા

નથી પામી તેને આપ શાંત કરી શકો છો પરંતુ જવાળામુખી પર્વતને શાંત કરવાનો પ્રયત્ન પાગલ કરે, તો ભલે કરે, બુદ્ધિમાન કદિ પણ નથી કરતો."

પંડિતજી: "કંઈએ નહિ. પણ આપને મારી સહાયતા તો કરવી જોઈતી હતી. આપ જો એક કલાક માટે વેશ્યા બજારમાં ચાલો તો જણાઈ આવશે કે જેને આપ જવાળામુખી પર્વત સમજી બેઠા છો તે માત્ર બુઝાઈ ગયલી આગનો ઢગલો છે. સારાં અને ખરાબ માણસો બધા સ્થળે હોય છે. વેશ્યાઓ પણ આ નિયમથી બહાર નથી. આપને એ જોઈ આશ્ચર્ય થશે કે તેઓમાં કેટલી ધાર્મિક શ્રદ્ધા, પાપ જીવનથી કેટલી બધી ઘૃણા અને પોતાના જીવનોદ્ધારની કેટલી બધી અભિલાષા છે. મને સ્વયં તે પર આશ્ચર્ય થાય છે. તેમને માત્ર એક આસરાની આવશ્યકતા છે કે જેને પકડી તેઓ બહાર નિકળી આવે. પહેલાં તો તેઓ મારી સાથે વાત સુદ્ધાં નહોતી કરતી પણ જ્યારે મેં તેમને સમજાવ્યું કે "મેં આ પ્રસ્તાવ તમારા ઉપકાર માટે કર્યો છે જેનાથી તમો દુરાચારિઓ, દુષ્ટો તથા કુમાર્ગિઓના આક્રમણથી બચી શકો," ત્યારે તેમને મારાપર જરા જરા વિશ્વાસ આવવા લાગ્યો. હું નામ નહિ બતાવું પણ કેટલીક ધનિક વેશ્યાઓએ ધનથી એ મારી સહાયતા કરવા તત્પર છે. કેટલીક પોતાની છોકરીઓના વિવાહ કરવા ચાહે છે. પણ હાલમાં જેઓ પોતાના યૌવનના મદમાં ભૂલેલી છે અને સુખવિલાસને છોડવા નથી ચહાતી તેમની સંખ્યા બહુજ છે. તેઓ મારી હાંસી ઉડાવે છે અને કહે છે: 'હમણા ચેન કરવા દ્યો, બુઢાપામાં તોબા કરી લેશું.' પણ મને આશા છે કે સ્વામી ગજાનંદના ઉપદેશનું કંઈ ને કંઈ ફળ અવશ્ય આવશે. શોક એટલોજ છે કે કોઈ મારી સહાયતા કરવાવાલો નથી. બાકી મજાક ઉડાવનારાઓના તો ઢગલા પડ્યા છે. આ સમયે એક એવા અનાથાલયની જરૂર છે જ્યાં વેશ્યાઓની છોકરીઓ રાખી શકાય અને તેમની શિક્ષાનો ઉત્તમ પ્રબંધ થાય. પણ મારૂં તે અહિં કોણ સાંભળે છે."

વિઠ્ઠલદાસે આ વાતો બરાબર ધ્યાનથી સાંભળી. પદમસિંહે જે કંઈ કહ્યું હતું તે તેમનો અનુભવ હતો અને અનુભવપૂર્ણ વાતો સદૈવ વિશ્વાસોત્પાદક હોય છે. વિઠ્ઠલદાસને જ્ઞાન થવા લાગ્યું કે તે જે કાર્યને અસાધ્ય સમજતા હતા તે વાસ્તવમાં તેવું નથી. તેઓ બોલ્યા: "અનિરૂદ્ધસિંહને આપે આ વિષયમાં કંઈ ન કહ્યું?"

પંડીતજી: "ત્યાં તો મસાલેદાર વાતો અને તિવ્ર સમાલોચનાઓ સિવાય બીજું શું દાટયું છે?"

પ્રકરણ ૫૪ મું.

સદનસિંહનો વિવાહસંસ્કાર થઈ ગયો. ઝુંપડી ખૂબ શણગારવામાં આવી હતી અને મંડપનું કામ પણ તેજ આપી રહી હતી. પણ ત્યાં ઝાઝા માણસ કે ગીરદી જેવું ન હતું.

પદમસિંહ તેજ દિવસે મદનસિંહને ત્યાં ગયા અને તેમને સર્વ સમાચાર કહી સંભળાવ્યા. તેઓ સાંભળતાંજ ક્રોધાગ્નિથી ભભકી બોલ્યા: "હું એ છોકરાનું માથું કાપી લઈશ. તે પોતાને શું સમજે છે."

ભામાએ કહ્યું: "હું આજેજ જાઉં છું. તેને સમજાવી મારી સાથે તેડી આવીશ. હજી નાદાન છોકરો છે. તે કુટણી સુમનની વાતોમાં ફસી ગયો છે. તે મારૂં કહેવું કદિપણ અમાન્ય નહિ કરે."

પણ મદનસિંહે ભામાને તિરસ્કારી ધમકાવતા કહ્યું: "જો તેં ત્યાં જવાની વાત કરી તો તારૂં અને મારૂં એકજ સાથે ગળુ દાબી દઈશ. એ આગમાં કુદે છે તો કુદવા દે, તે કંઈ દૂધ પીતું નાદાન બચ્ચું નથી એ બધી તેની જીદ છે. એ બચ્ચાને ભીખ માંગતો ન કરી દઉં તો કહેજે. તે તો વિચારતો હશે કે બાપ મરી જશે તો આનંદ કરીશ. ભલે મ્હોં ધોઈ રાખે. એ કંઈ વડિલોપારજિત મિલ્કત નથી. તે મારા પસીનાની કમાઈ છે. તે કૃષ્ણાર્પણ કરી દઈશ. એક ફૂટી કોડી પણ મળશે નહિ."

ગામમાં ચોમેર વાતો થવા લાગી. લાલા બૈજનાથનો તો નિશ્ચય થઈ ગયો કે: "સંસારમાંથી ધર્મ ઉઠી ગયો છે. જ્યારે લોકો આવા આવા નીચ કર્મ કરવા લાગ્યા ત્યારે ધર્મ કયાં રહ્યો. શું કરૂં કે નવાબી ન મળી, નહિ તો આજે તે બચ્ચાને બેઆબરૂ કરી દેત. હવે જોઈએ શું મ્હોં લઈ ગામમાં આવે છે."

પદમસિંહ રાતના ઘણા સમય સુધી ભાઈ પાસે બેસી રહ્યા પણ જેવી તેઓ સદનની કંઈ ચર્ચા કરતા કે મદનસિંહ તેમની તરફ એવી ક્રોધભરી દ્રષ્ટિએ જોતા કે તેમને બોલવાની હિંમત ન થતી. અંતમાં જ્યારે તેમની આંખ નિંદ્રાથી ઘેરાતી જોઈ ત્યારે પદમ-

'હે લાચાર થઇ કહ્યું: "ભાઇ, સદન આપથી દો રહે તો પણ આપનોજ પુત્ર કહેવાશે. જે કંઇ સારૂં નરસું કરશે તેની બદનામી પણ બધાપર આવશે. જે લોકો આ વસ્થાને સારી પેઠે જાણે છે તે ભલે પણ લોકોને નિર્દોષ સમજે પણ જનતા દનમાં અને આપણામાં કોઇ જુદાઇ ગણવાની ી. તો પછી એમાં શું ફાયદો કે પ પણ ન મરે અને લાકડી પણ તુટી ય. એક બાજુ બન્ને બુરાઇઓ છે: બદનામી ગુ થાય છે અને છોકરો પણ હાથથી જાય બીજી બાજુ એક બુરાઇ છે, બદનામી ો પણ છોકરો હાથમાં રહેશે. તે માટે મને એજ ઉચિત્ત જણાય છે કે આપણે, ત્યાં ઇ સદનને સમજાવીએ અને જો કોઇ પણ તે તે ન માને તો..........."

મદનસિંહે વાત કાપી કહ્યું: "તો તે ડેલ સાથે તેનો વિવાહ નક્કી કરી દઇએ, એજ કહેવા ચાહે છે ને? તે મારાથી હે થાય. એક વખત નહિ, હજાર વાર હિ."

એ કહી તેઓ ચુપ થઇ ગયા. એક ક્ષણ ાદ પદમસિંહને લાંછિત કરી બોલ્યા: આશ્ચર્ય છે કે આ સર્વ તારી સામે થયું ને તને જરા પણ ખબર ન પડી. ણે હોડી લીધી, ઝુંપડી બનાવી, બન્ને ડેલો સાથે મળી મેલાપ કર્યો અને તું ાંખો બંધ કરી બેસી રહ્યો. મેં તો તેને તારા રોસાપર મોકલ્યો હતો. હું તે કેમ જાણું , તું તો ત્યાં કાનોમાં તેલ નાખી બેસી હે છે. જો તેં જરા પણ ચતુરાઇથી ામ લીધું હોત તો આ ફજેતો ન થાત. તેં આ વાતોની સૂચના સુદ્ધાં મને ન આપી. ાહિં તો હું પોતે જઇ તેને કોઇ પણ ઉપાયે ?રે લઇ આવતે. હવે જ્યારે બધી થાળી ટી હાથથી ગઇ અને બધો ખેલ બગડી ાયો ત્યારે તું મને ત્યાંથી સલાહ આપવા ાહિં આવ્યો છે. પણ હું સાફ કહી દઉં છું કે ારી આનાકાનીથી મને તારાપર પણ સંદેહ આવે છે. તેં જાણી જોઇ તેને આગમાં પડવા ોધો હોય એમ લાગે છે. મેં તારી સાથે ાહુએ બુરાઇયો કરી હતી કે જેનો તેં આ દલો લીધો. ખેર, કાલે સવારે એક દાન પત્ર ખી આપ એટલે ત્રણ પાઇ જે મુળ વડિ- ોપાર્જિત મીલકત છે તે મુકી દેતાં બાકીની જમીન અને બધી મીલકત કૃષ્ણાર્પણ કરૂં છું. અહિં ન લખી શકે તો ત્યાં જઇ લખી મોકલજે. હું તે તપાસી સહી કરી દઇશ અને પછી તેની રજીસ્ટરી થઇ જશે."

એ કહી મદનસિંહ સુવા ચાલ્યા ગયા પણ પદમસિંહના મર્મસ્થાનપર એવો આઘાત કરી ગયા કે તેઓ આખી રાત તડપતા રહ્યા. જે અપરાધથી બચવા માટે તેમણે પોતાના સિદ્ધાંતોની પણ પરવાહ નહોતી કરી અને પોતાના સાથીઓમાં બદનામ થયા તે અપરાધ તો આખરે તેમના પર આવ્યોજ. એટલુંજ નહિ પણ ભાઇના હૃદયમાં તેમના તરફ મલિનતા ઉત્પન્ન થઇ ગઇ. હવે તેમને પોતાની ભૂલ દેખાતી હતી નિસ્સંદેહ જો તેમણે બુદ્ધિપૂર્વક કામ લીધું હોત તો આ નોબત ન વાગતે. પરંતુ આ વેદનામાં આ વિચારથી કંઇક સંતોષ થતો હતો કે જે કંઇ થયું તે થયું પણ એક અબળાનો ઉદ્ધાર તો થઇ ગયો.

સવારે જ્યારે પદમસિંહ ઘરથી જવા લાગ્યા ત્યારે ભામા રોતી આવી અને બોલી: "ભાઈ, એમનો હઠ તો તમે જોઇ રહ્યા છો, છોકરાની જાન લેવાનેજ તૈયાર છે, પણ તમે જરા સમજી વિચારી કામ કરજો. ભૂલ ચૂક તો મોટાઓથી પણ થઇ જાય છે. તે બિચારો હજી તો નાદાન છોકરો છે. તમે તેના માટે જરા પણ ઓછું મન કરશો નહિ. તેણે કોઇની આડી નજર સહન નથી કરી. એવું ન થાય કે કયાં દેશ વિદેશનો રસ્તો પકડે. તો તો હું કયાંનીએ ન રહીશ. તેની સંભાળ લેતા રહેજો. ખાવાપીવાની તકલીફ ન થવા પામે. અંહિ હતો ત્યારે એક ભેંસનું દૂધ પી જતો હતો. હવે આટલી સેવા સંભાળ કોણ કરશે? કોણ જાણે બિચારો કેમ હશે? અહિં ઘરે કોઇ ખાનાર નથી અને ત્યાં તે આ ચીજો માટે તરસતો હશે? ભાઇ, શું તે પોતાના હાથે હોડી ચલાવે છે?

પદમ: "નહિં, બે નાવિકો રાખી લીધા છે."

ભામા: "તોય પણ આખો દિવસ દોડ- ધામ તો કરવીજ પડતી હશે. મજુર, વગર દેખરેખે કામ તો થોડાજ કરે. મારે તો અંહિ કંઇ વંશ નથી: તેને તમને સોંપું છું. તેને અનાથ સમજી ખબર લેતા રહેજો. મારૂં રૂવું રૂવું તમને આશીર્વાદ આપશે. આવતા કાર્તિ- કસ્નાનમાં તેને હું જરૂર જોવા આવીશ. કહી દેજો કે તારી મા તને યાદ કરતી હતી અને બહુજ રડતી હતી. તે સાંભળી તેને શાંતિ આવશે. તે જીવનો બહુજ કાચો છે, મને યાદ

ફરી તે રોજ રડતો હશે. આ થોડા રૂપીઆ છે તે લઈ જાઓ તેને મોકલી આપશો."

પદ્મ: "એની શી જરૂર છે. હું તો ત્યાંજ છું, મારા દેખતાં તેને કોઇ પણ વાતની તકલીફ થવા ન પામશે."

ભામા: "નહિ, ભાઇ લેતા જાઓ, તેમાં શું થયું. આ હાંડીમાં થોડું ઘી છે તે પણ તેને મોકલી દેજો. બજારનું ઘી ઘરના ઘીની બરાબરી કેમ કરી શકે. તેમાં તો તે સુગંદ અને સ્વાદનો પત્તોજ ન હોય. તેને આંબાની ચટણી બહુજ ગમે છે. થોડા આંબા પણ રાખી દઉં છું. ચુંટેલા મીઠા મીઠા આંબાના રસની એ બનાવેલી છે. તેને સમજાવી કહી દેશો કે બેટા, કોઇ વાતની ચીંતા નહિ કરતો. જ્યાં સુધી તારી મા બેઠી છે ત્યાં સુધી તને કંઇ પણ કષ્ટ નહિ થાય. મારી તો તે એકજ આંધળાની લાકડી છે. સારો છે કે ખરાબ છે તોયે પોતાનો છે. સંસારની લાજના કારણે આંખોથી ભલે દૂર કરી દઉં પણ મનથી થોડોજ દૂર કરી શકું છું."

પ્રકરણ ૫૫ મું.

જેવી રીતે સુંદર ભાવોના સમાવેશથી કવિતામાં અને સુંદર રંગોથી ચિત્રોમાં જાન આવી જાય છે તેવી રીતે બન્ને બ્હેનોના આવવાથી ઝુંપડીમાં જાન આવી ગઇ છે. આંધળી આંખોમાં તારાઓ આવી ગયા છે.

સુકાયલી કળી શાંતા હવે ખીલી અનુપમ શોભા દેખાડી રહી છે. સુકાઇ ગયલી નદી હવે ઉછળી રહી છે. જેમ જેઠ વૈશાખના તાપથી પીડીત ગાય શ્રાવણમાં પ્રફુલ્લ થઇ ચમકવા લાગે છે અને ખેતરોમાં ગર્જના કરવા લાગે છે તેમ વિરહની સતાયલી રમણી હવે પ્રફુલ્લ થઇ ગઇ છે અને પ્રેમમાં મગ્ન છે.

પ્રતિ પ્રાતઃકાળે આ ઝુંપડીમાંથી બે તારા નીકળે છે અને ગંગામાં જઇ ડુબી જાય છે. તેમાંથી એક બહુજ દિવ્ય અને ઉતાવળી ચાલનો છે. બીજો મધ્યમ અને મંદ છે. એક નદીમાં નિપુણતાપૂર્વક નાચે છે; બીજો પોતાના વૃત્તથી બહાર નથી નિકળતો. પ્રભાતના સુવર્ણ કિરણોમાં આ તારાઓનો પ્રકાશ મંદ નથી થતો. તે તો વધારે ઝગમગી ઉઠે છે.

શાંતા ગાય છે અને સુમન રસોઇ તૈયાર કરે છે. શાંતા પોતાના કેશોને શૃંગારે છે. ત્યારે સુમન કપડાં સીવે છે. શાંતા ભૂખ્યા માણસની પેઠે ભોજનના થાળપર ધસે છે અને સુમન કોઇ રોગીની માફક વિચારે છે કે તે હવે કંઇક ઠીક થશે કે નહિ.

સદનના સ્વભાવમાં પણ હવે કાયા પલટ થઇ ગઇ છે. તે પ્રેમાનંદ ભોગવવામાં તન્મય બની ગયો છે. તે હવે દિવસ ચઢે ઉઠે છે; કલાકો સુધી ન્હાય છે, બાલ વેળે છે, કપડાં બદલે છે અને સુગંધ લગાડે છે. નવ વાગ્યા પહેલાં તે પોતાની બેઠકમાં નથી આવતો અને કદાચ આવે તો નિશ્ચિંત થઇ બેસતો નથી, તેનું મન તો ક્યાંક બીજેજ સ્થળે રહે છે. એક એક પળે અંદર જાય છે અને જો કદિ બહાર કોઇની સાથે વાત કરવામાં વિલંબ થઇ જાય છે તો ખીજાવા લાગે છે. શાંતાએ તેનાં પર વશીકરણ મંત્રનો પ્રયોગ કરી દીધો છે.

સુમન ઘરનું અને બહારનું બધું કામ કરે છે. તે ઘડી રાત રહે તે પહેલાં ઉઠે છે અને સ્નાન પૂજા કર્યા પછી સદન માટે નાસ્તો પાણી બનાવે છે. પછી નદી કિનારે આવી નૌકા ચાલૂ કરાવે છે. નવ વાગે રસોઇ કરવા બેસી જાય છે. અગીઆર વાગે આ કામમાંથી પરવારી તે બીજું કંઇ ને કંઇ કામ કરવા લાગી જાય છે. રાત્રે નવ વાગે જ્યારે બધા સુવા ચાલ્યા જાય છે ત્યારે તે વાંચવા બેશી જાય છે. તુલસીદાસની વિનય-પત્રિકા અને રામાયણપર તેનો અતિ પ્રેમ છે. કદિ ભક્તમાલ વાંચે છે, કદિ વિવેકાનંદના વ્યાખ્યાન અને રામતીર્થના લેખ વાંચે છે. તે વિદુષી સ્ત્રીઓના જીવનચરિત્રોને અતિ ચાહથી વાંચે છે. મીરાં પર તેને અસીમ શ્રદ્ધા છે. તે ઘણું કરી ધાર્મિક ગ્રંથોજ વાંચે છે. પણ જ્ઞાનની અપેક્ષાની તેને ભક્તિમાં અધિક શાંતિ પ્રાપ્ત થાય છે.

નાવિકોની સ્ત્રીઓમાં તેના માટે અતિ આદર છે. તે તેમના કજીઆ પતાવે છે, કોઇનાઓ માટે કુર્તા ટોપી સીવે છે, કોઇના અંજન અને ગોળી બનાવે છે. તેઓમાંથી બીમાર પડે છે તો તેને ઘરે જાય છે અને દવા દારૂ કરવાની ચીંતા રાખે છે. તે પોતાની પડી ગયલી દિવાલને ફરી ઉભી કરી રહી છે. તે વસ્તીના બધા નર-નારી તેની પ્રશંસા કરે છે અને તેના યશ ગાય છે. હા, પણ જો તેનો કંઇ આદર નથી તો તે માત્ર પોતાના ઘરમાં! સુમન આવી રીતે જીવ તોડી ઘરનો બધો બોજો સંભાળે છે પણ સદનના મ્હોંમાંથી કૃતજ્ઞતાનો એક શબ્દ પણ નથી નિકળતો. શાંતા પણ તેના આ

પરિશ્રમનું કંઇ મૂલ્ય નથી સમજતી. બન્ને તેના માટે નિશ્ચિંત છે, જાણે તે તો ઘરની ઘોડી હોય ઘાણીમાં જોત્રાઇ રહેવું તેનો ધર્મ છે. કદિ કદિ તેના મસ્તકમાં દરદ થવા લાગે છે, કદિ દોડધામમાં તાપ ચઢી આવે છે તો પણ તે ઘરનું બધું કામ હમેશા માફક કર્યા કરે છે. તે કદિ કદિ એકાંતમાં પોતાની હીનદશાપર કલાકો સુધી રડે છે. પણ કોઇ તેને શાંતિ આપનાર કે આંસૂ લુંછનાર નથી.

સુમન સ્વભાવથીજ માનિની અને સગર્વા સ્ત્રી હતી. તે જ્યાં પણ રહી હતી ત્યાં રાણી બની રહી હતી. પોતાના પતિના ઘરે તે સર્વ કષ્ટ સહન કરતાં પણ રાણી હતી. વિલાસ નગરમાં તે જ્યાં સુધી રહી ત્યાં સુધી તેનો સિક્કો ચાલતો હતો. આશ્રમમાં તે સેવા-ધર્મનું પાલન કરી સર્વમાન્ય થઇ હતી. તેથી હવે અંહી હીનાવસ્થામાં રહેવું તેને અસહ્ય હતું. જો સદન કદિ કદિ તેની પ્રશંસા કર્યા કરતે, કદિ તેની સલાહ લીધા કરતે, તેને પોતાના ઘરની સ્વામિની સમજતે અથવા તો શાંતા તેની પાસે બેસી કરી તેની હામાંહા મેળવતે, તેનું મન બહેલાવતે તો સુમન તેથી પણ અધિક પરિશ્રમ કરત અને પ્રસન્નચિત્તે રહેત પણ બન્ને પ્રેમીઓને પોતાના તરંગમાં બીજું કંઇ પણ સૂઝતું નહોતું. નિશાનો મારતી વખતે દ્રષ્ટિ માત્ર એકજ વસ્તુપર રહે છે. મનુષ્યના પણ એજ હાલ થાય છે!

પરંતુ શાંતા અને સદનની આ ઉદાસીનતા પ્રેમલિપ્સાનાજ કારણે હતી તેમાં સંદેહ છે. સદન સુમનથી એટલો દૂર રહેતો કે જેટલા આપણે એક દુષ્ટ રોગીથી દૂર રહીએ છીએ; તેનાપર દયા કરવા છતાંએ તેના સમીપ જવાની હિંમત નથી કરતા. શાંતા તેનાપર અવિશ્વાસ રાખતી હતી અને તેના રૂપ-લાવણ્યથી ડરતી હતી. એટલું સારૂં હતું કે સદન પોતે તેનાથી દૂર રહેતો હતો, નહિ તો શાંતા એથી બળીને રાખજ થઇ જાત. કહે-વાનું તાત્પર્ય એજ કે તે બન્ને ચાહતા હતા કે આ બાંયમાંનો સાપ આંખોથી દૂર થઇ જાય. પણ સંકોચવશ તેઓ આપસમાં પણ આ વિષયને છેડતાં ડરતા હતા.

આ રહસ્ય સુમનના પણ ધીમે ધીમે સમજ-વામાં આવ્યો.

એક વખત જીતન પંડિતજીને ત્યાંથી સદન માટે કંઇક સોગાદ લાવ્યો હતો. આ પહેલાં પણ ઘણીવાર તે આવ્યો હતો પણ તેને જોતાંજ સુમન સંતાઇ જતી. આ વખતે જીતનની નજર તેનાપર પડી ગઇ. બસ પછી શું કહેવું! તેના પેટમાં ઉંદર દોડવા લાગ્યા. તે પત્થર ખાઇ પચાવી શકતો હતો પણ કોઇ વાતને પચાવવાની તેનામાં શક્તિ નહોતી. નાવિકોના ચોધરી પાસે ચીલમ પીવાના બહાને ગયો અને બધી રામકહાણી કહી સંભળાવી: "અરે! એ તો કસ્બી છે, ધણીએ ઘરમાંથી બહાર કાઢી તો અમારે ત્યાં રસોઇયાણી બની રહી. ત્યાંથી કાઢી મૂકવામાં આવી તો ચોકમાં વેશ્યાપણું કરવા લાગી અને હવે જોઉં છું તો અહિં વિરાજમાન છે." ચોધરી વિચારમાં પડયો. મહિલા-મંડળમાં પણ ઇશારાબાજી થવા લાગી. તે દિવસથી કોઇપણ નાવિક સદનના ઘરનું પાણી નથી પીતો. તેમની સ્ત્રીઓએ સુમન પાસે જવા આવવાનું છોડી દીધું. એક વખત લાલા ભગતરામ ઇંટોની મજુરીનો હીસાબ કરવા આવ્યા. તેમને તરસ લાગી ત્યારે એક નાવિકને પાણી લઇ આવવા કહ્યું. નાવિક કુવાપરથી પાણી લાવ્યો. સદનના ઘરમાં બેસી બહારથી પાણી મંગાવી પીવું તે સદનની છાતીમાં છુરી મારવાથી કમી નહોતું.

અંતમાં બીજું વરસ જતાં જતાં એટલે સુધી વાત વધી કે સદન નજીવી વાતપર સુમનપર ચીઢાતો, ભલે તે કંઇ સ્પષ્ટ વાત ન કરતો પણ તેના મનના ભાવ પ્રકટ થઇ જતા.

સુમનને જણાતું હતું કે હવે તેનો નિર્વાહ ત્યાં નહિં થાય. તે સમજી હતી કે બ્હેન અને બનેવીને ત્યાં તેમની સાથે જીવન સમાપ્ત થઇ જશે. તે તેમની સેવા કરતા એક ટુકડો ખાશે અને એક ખુણામાં પડી રહેશે. તે સિવાય હવે તેને જીવનમાં કોઇ લાલસા નહતી. પણ અરેરે શોક! આ આધારપટ પણ તેના પગો નીચેથી સરકી ગયો અને હવે તે નિર્દયી લહેરોની ગોદમાં હતી.

સુમનને પોતાની પરિસ્થિતિપર જોઇએ તેટલું દુ:ખ થયું હોય પણ તેને સદન કે શાંતા સામે કંઇ પણ ફરિયાદ નહોતી. કંઇક તો તેના પ્રેમ અને કંઇક તેની પોતાની અવસ્થાના વાસ્તવિક જ્ઞાને તેને અત્યંત નમ્ર અને વીનીત બનાવી દીધી હતી. તે બહુ વિચારતી હતી કે તે કોઇ એવા ઠેકાણે જાય જ્યાં તેનો જાણુ-પીછાણવાળો કોઇ માણસ નહોય, પણ તેને કોઇ એવું સ્થાન ધ્યાનમાં આવતું નહોતું. હજી સુધી તેના નિર્બળ આત્માને કોઇ પણ આધારની જરૂર હતી, જોઇતા આસરા વીના

સંસારમાં રહેવાનો વિચાર કરતાં તેનું હૃદય કંપવા લાગતું હતું. તે એકલી અસહાય સંસાર-સંગ્રામમાં આવવાનો સાહસ કરી શકતી નહોતી. જે સંગ્રામમાં મોટા મોટા કુશળ, ધર્મશીલ અને દૃઢ સંકલ્પવાળા મનુષ્યો મ્હોં ખોતા રહી જાય છે, ત્યાં તેની શું ગતિ થશે. તેની કોણ રક્ષા કરશે? નિરાદર થવા પર પણ આ શંકા તેને અહિંથી નિકળવા નહોતી દેતી.

એક દિવસ સદન દસ વાગે ક્યાંકથી ફરીને આવ્યો અને બોલ્યો: "જમવાને હજી કેટલો સમય છે, જલ્દી કરો. મને પંડિત ઉમાનાથને મળવા જવું છે. તેઓ કાકાને ત્યાં આવેલા છે."

શાંતાએ પૂછ્યું "તેઓ અહિં કેમ આવ્યા?"

સદન: "તેની મને શું ખબર? હમણા જીતન આવી કહી ગયો છે કે તેઓ આવેલા છે અને આજેજ ચાલ્યા જશે. અંહિ આવનાર હતા પણ (સુમન તરફ ઇશારો કરીને) કોઇ કારણસર ન આવ્યા."

શાંતા: "ત્યારે જરા બેસી જાઓ. અંહિ તો હજી ઘણીવાર છે."

સુમને ચીઢાઇ કહ્યું: "વાર શું છે, બધું તૈયાર છે. આસન બીછાવી દે, પાણી રાખ. હું થાળીમાં પીરસું છું."

શાંતા: "અરે પણ જરા રોકયા તો શું થઈ જવાનું છે? શું કોઇ મેલ ગાડી છુટી જવાની છે? કાચું પાકું ખાવાનું શું કામ છે?"

સદન: "મારી સમજમાં નથી આવતું કે આખો દિવસ એવું તે શું કામ પડયું છે? જરા જેટલા ભોજન બનાવવામાં આટલો વિલંબ થઇ જાય છે."

સદન જ્યારે જમી કરી ચાલ્યો ગયો ત્યારે સુમને શાંતાને પૂછ્યું: "કાં શાન્તિ, સાચે સાચું કહી દે શું મારૂં અંહિ રહેવું તને સારૂં નથી લાગતું? તારા મનમાં જે કાંઇ છે તે હું જાણું છું પણ જ્યાં સુધી તું મને તારા મ્હોંથી તિરસ્કૃત નહિ કરે ત્યાં સુધી હું જવાનું નામ ન લઇશ. મારા માટે ક્યાંએ ઠેકાણું નથી."

શાંતા: "બ્હેન, કેવી વાત કહે છે. તું રહી છે એટલે ઘર સંભાળી બેઠી છે નહિ તો મારાથી શું થાત?"

સુમન: "એ ઉપર ઉપરથી વાતો નહિ કર, હું એવી નાદાન નથી. હું તમો બન્ને માણસોમાં મારા માટે અભાવ થયેલા જોઉં છું."

શાંતા: "તું દેખે છે. તારી આંખોની તે શું વાત કહેવી? તે તો મનમાંની વાત પણ જોઇ લે છે."

સુમન: "આંખો સીધી કરીને બોલ, શું હું જે કંઇ કહું છું તે ખોટું છે?"

શાંતા: "જ્યારે તું જાણે છે તો પછી શા માટે પૂછે છે?"

સુમન: "એટલા માટે કે બધુંએ જોતાંએ પણ આંખોપર વિશ્વાસ નથી આવતો. સંસાર મને જોઇએ તેટલી નીચ સમજે, મને તેથી તેના માટે કહેવું નથી; તે મારા મનની સ્થિતિ નથી જાણતો. પણ તું બધુંએ જુવે છે તોપણ મને નીચ સમજે છે તે માટે આશ્ચર્ય થાય છે. હું તમારી સાથે લગભગ બે વરસ થયાં છું એટલા દિવસોમાં તમોને મારા ચરિત્રનો પરિચય સારી રીતે થઇ ગયો હશે, અને થઇ જવોએ જોઇતો હતો."

શાંતા: "નહિ બ્હેન, હું પરમાત્માને હાજર સમજી કહું છું, એ વાત નથી. અમારાપર એટલો મોટો કલંક ન લગાડ. તેં મારાપર જે ઉપકારો કર્યા છે તે કદી પણ ન ભૂલીશ. પણ વાત એ છે કે તેમની બદનામી થઇ રહી છે. લોકો મનમાની વાતો ઉઠાવ્યા કરે છે. તેઓ (સદનસિંહ) કહેતા હતા કે સુભદ્રા અહિં આવવા તૈયાર હતી પણ તારી અહિં રહેવાની વાત સાંભળી ન આવ્યાં. અને બ્હેન માઠું ન લગાડીશ, જ્યારે સંસારમાં કથાજ ચાલી રહી છે ત્યારે અમે લોક શું કરી શકીએ?"

સુમને વિવાદ ન કર્યો. તેને આજ્ઞા મળી ગઇ. હવે માત્ર એક અડચણ હતી. શાંતા થોડાજ દિવસોમાં બાળકની મા થનાર હતી. સુમને પોતાના મનને સમજાવ્યું કે: "આ સમયે એને છોડી ચાલી જઇશ તો એને કષ્ટ થશે. થોડા દિવસ બીજા પણ સહન કરી લઉં. જ્યાં આટલા દિવસ વિતાવ્યા ત્યાં મહિનો બે મહિના બીજા પણ સાથે. મારા કારણેજ એઓ આ વિપત્તિમાં ફસેલા છે. એવી અવસ્થામાં એમને છોડી જવું એ મારો ધર્મ નથી.

સુમનનો અહિં એક એક દિવસ એક એક વરસની માફક કપાતો હતો. પણ ધીરજ ધરી પડી હતી.

પંખહીન પક્ષી પિંજરામાં પુરાઇ રહેવામાંજ પોતાની સહીસલામતી સમજે છે.

પ્રકરણ ૫૬ મું.

પંડિત પદમસિંહના ચાર પાંચ મહીનાનાં સદુદ્યોગથી એ પરિણામ આવ્યું કે ૨૦-૨૫ વેશ્યાઓએ પોતાની છોકરીઓને અનાથાલયમાં મોકલવાને સ્વીકારી લીધું. ત્રણ વેશ્યાઓએ પોતાની બધી સંપત્તિ અનાથાલયના નિમિત્ત અર્પણ કરી દીધી. પાંચ વેશ્યાઓ નિકાહ કરવાને માટે પણ રાજી થઇ ગઇ. સાચી હિતાકાંક્ષા કદિ નિષ્ફળ નથી જતી. જો સમાજને વિશ્વાસ આવી જાય કે તમે તેના સાચા સેવક છો, તમે તેનો ઉદ્ધાર કરવા ચાહો છો, તમે નિઃસ્વાર્થ છો તો તે તમારી પાછળ ચાલવાને તૈયાર થઇ જાય છે. પરંતુ આ વિશ્વાસ સાચા સેવાભાવ વિના કદિ પ્રાપ્ત નથી થતો. જ્યાં સુધી અંતઃકરણ દિવ્ય અને ઉજ્જવલ ન થાય ત્યાં સુધી તે પ્રકાશનો પ્રતિબિંબ બિજાઓ પર નાખી નથી શકતું. પદમસિંહમાં સેવાભાવનો ઉદય થઇ ગયો હતો. આપણામાં કેટલાએક એવા સજ્જન છે, જેમના મસ્તકમાં રાષ્ટ્રની કોઇ સેવા કરવાનો વિચાર ઉત્પન્ન થાય છે પરંતુ ઘણું કરી એ વિચાર ખ્યાતિ પ્રાપ્ત કરવાની આકાંક્ષાથી પ્રેરીત થાય છે. આપણે તે કામ કરવા ચાહીએ છીયે જેમાં આપણું નામ પ્રાણી માત્રની જીભપર રહે અને કોઇ લેખ અથવા તો પુસ્તક એવો લખવા ચાહીએ છિયે કે જેની લોકો મુક્ત કંઠથી પ્રશંસા કરે અને ઘણું કરી આપણા આ સ્વાર્થ પ્રેમનો કંઇને કંઇ બદલો પણ આપણને મળી જાય છે. પણ જનતાના હૃદયમાં આપણે ઘર નથી કરી શક્તા. કોઇ મનુષ્ય, જોઇએ તેટલા દુઃખમાં હોય, તે, તે વ્યક્તિના સામે પોતાનો શોક પ્રકટ કરવા નથી ચાહતો કે જેને તે પોતાનો ખરો મિત્ર ન સમજતો હોય.

પદમસિંહને હવે વેશ્યાબજારમાં જવાને વારંવાર પ્રસંગ આવતો અને તેઓ વેશ્યાઓના જીવનનો જેટલો અનુભવ કરતા તેટલું દુઃખ તેમને થતું હતું. આવી આવી સુંદર, સુકોમળ રમણિઓને ભોગવિલાસ માટે પોતાનું સર્વસ્વ ખોતાં જોઇ તેમનું હૃદય કરૂણાથી પીડીત થઇ જતું અને તેમની આંખોમાંથી આંસુ ટપકી જતાં. તેમને હવે જણાતું હતું કે એ સ્ત્રિઓ વિચારશૂન્ય નથી, ભાવશૂન્ય નથી, બુદ્ધિહીન નથી, પરંતુ માયાની જાળમાં ફસી જવાથી તેમની સર્વ સદ્વૃત્તિઓ ઉંધા માર્ગપર ચાલી જાય છે. તૃષ્ણાએ તેમના આત્માઓને નિર્બલ અને ડરપોક બનાવી દીધો છે. પદમસિંહ આ માયા જાળને તોડવા ચાહતા હતા. તેઓ તે ભૂલા પડેલા આત્માઓને સચેત કરવા ચાહતા હતા અને તેમને આ અજ્ઞાનાવસ્થામાંથી મુક્ત કરવા ચાહતા હતા. પણ માયા જાળ એટલી દ્રઢ હતી, અજ્ઞાન બંધન એટલું પુષ્ટ અને નિદ્રા એટલી બધી ગહેરી હતી કે પહેલા છ મહીનામાં તેમને ઉપર વર્ણવેલી સફળતાથી વિશેષે સફળતા ન મળી. શરાબના નશામાં મનુષ્યની જે દશા થઇ જાય છે તે જ દશા આ વેશ્યાઓની થઇ ગઇ હતી.

ત્યાં પ્રભાકરરાવ અને તેમના મિત્રોએ તે પ્રસ્તાવના શેષ ભાગોને ફરી બોર્ડમાં ઉપસ્થિત કર્યો. તેમણે માત્ર પદમસિંહ સાથે દ્વેષ થઇ જવાના કારણે તે રજુ કરવાનો વિરોધ કર્યો હતો પણ હવે પદમસિંહનો વેશ્યાનુરાગ જોઇને તેઓ તેમનાજ બનાવેલા હથિઆરોથી તેમના પર આઘાત કરી બેઠા. પદમસિંહ તે દિવસે બોર્ડમાં ન ગયા. ડોકટર શ્યામચરણ નૈનીતાલ ગયેલા હતા એટલે બન્ને ઠરાવો નિર્વિઘ્ને પસાર થઇ ગયા.

બોર્ડ તરફથી અલઇપૂરના નિકટ વેશ્યાઓ માટે મકાનો બંધાતાં હતાં. લાલા ભગતરામ ત્યાં બાંધકામનું કામ કરાવતા હતા. કેટલાક ઘર કાચા, કેટલાક પક્કા અને કેટલાક બે મજલાનાં ઘર હતાં. એક નાનું બજાર, એક નાનકડું ઔષધાલય અને એક નાની પાઠશાળા પણ બનતી હતી. હાજી હાશમે એક મસ્જિદ બનાવવાનો આરંભ કર્યો હતો અને ચીમનલાલ તરફથી એક મંદિર પણ તૈયાર થતું હતું. ધારેલા સમયની અંદર ભગતરામ કામ સમાપ્ત કરી દેશે કારણ કે મિસ્ટર દત્ત, પંડિત પ્રભાકરરાવ અને મિસ્ટર શાકિર બેગ તેમને સુખે બેસવા ન્હોતા દેતા. પરંતુ કામ ઘણું હતું એટલે બહુજ જલ્દી કરતાંએ પુરૂ કરતાં એક વરસ લાગી ગયું. માત્ર એજ ખોટી હતી. બીજેજ દિવસે વેશ્યાઓને પોતાની બજાર છોડી આ નવા મકાનોમાં રહેવાને નોટીસ આપી દેવામાં આવી.

લોકોને શંકા હતી કે વેશ્યાઓ તરફથી તેનો વિરોધ થશે પણ તેમને એ જોઇ આનંદપૂર્ણ આશ્ચર્ય થયો કે વેશ્યાઓએ પ્રસન્નતાપૂર્વક આ આજ્ઞાનું પાલન કર્યું. આખી વેશ્યાબજાર એકજ દિવસમાં ખાલી થઇ ગઇ.

ત્યાં સંધ્યા થતાં થતાં તો શાંતિ છવાઇ ગઇ. મહબૂબજાન એક ધનસંપન્ન વૃદ્ધા વેશ્યા હતી. તેણે પોતાનું સર્વસ્વ અનાથાલયને દાનમાં આપી દીધું હતું. સંધ્યા સમયે બધી વેશ્યાઓ તેના મકાન પર એકઠી થઇ. ત્યાં એક વેશ્યાઓની સભા મળી. શાહજાદીએ કહ્યું: "બહેનો, આજે આપણી જીંદગીનો એક નવો દૌર શરૂ થાય છે. ખુદાતાલા આપણા ઇરાદામાં બરકત આપે અને આપણને નેક રસ્તા પર લઇ જાય. આપણે ઘણા દિવસ ઐશરમા અને જિલ્લતની જીંદગી ગુજારી, ઘણા દિવસ શેતાનની કેદમાં રહી, ઘણા દિવસ સુધી પોતાની રૂહ (આત્મા) અને ઇમાનનું ખુન કર્યું અને બહુ દિવસો સુધી મસ્તી અને એશઆરામમાં ભૂલી રહી. વેશ્યાબજારની જમીન આપણા ગુન્હાઓથી કાળી થઇ રહી છે. આજે ખુદાવંદ કરીમે આપણી હાલત પર રહમ કરી ગુન્હાઓની કેદમાંથી નિજાત (મુક્તિ) કરી દીધી છે, તે માટે આપણને તેનો શુક્ર કરવો જોઇએ. એમાં તો શક નથી કે આપણી કેટલી બહેનોને અહિંથી જવું બહુ ભારે લાગ્યું હશે અને એમા પણ શક નથી કે તેમને ત્યાં આવનારાને દિવસની કાળાશ નજર આવતી હશે. તે બહેનોને મારી એજ ઇલ્તમાસ છે કે ખુદાએ રિજકનો (જીવિકા) દરવાજો કોઇના આધાર પર બંધ નથી કર્યો. આપની પાસે તે હુન્નર છે કે જેના કદરદાનો હંમેશાં રહેશે. પરંતુ જો આપણને ભવિષ્યમાં તકલીફો પણ ખમવી પડે તો પણ સાબિર અને શાકિર (શાંત) રહેવું જોઇએ. આપણને ભવિષ્યમાં જેટલી પણ તકલીફો થશે તેટલો આપણા ગુનાહોનો બોજો હલકો થશે. હું ફરી ખુદા પાસેથી દુઆ માંગુ છું કે તે આપણા દિલોને પોતાની રોશનીથી રોશન કરે અને આપણને નેક રાહપર ચાલવાની તૌફીક (સામર્થ્ય) આપે.

રામભોલી બાઇ બોલી: "આપણે પંડિત પદમસિંહને હૃદયથી ધન્યવાદ આપવો જોઇએ જેમણે આપણને ધર્મમાર્ગ દેખાડ્યો છે. તેમને પરમાત્મા સદા સુખી રાખે."

જોહરાજાન બોલી: "હું મારી બહેનોને એજ કહેવા ઇચ્છું છું કે તેઓ ભવિષ્યમાં હલાલ, હરામનો ખ્યાલ રાખે. ગાવું બજાવવું આપણા માટે હલાલ છે. એજ હુન્નરમાં કમાલ હાંસિલ કરો. બદકાર રઇસોના શહવત (કામાતુરતા) ના રમકડા બનવાનું છોડી દેવું જોઇએ. આપણને ખુદાએ શું એટલા માટેજ પેદા કરી છે કે આપણી ખુબસુરતી, જવાની અને રૂહ, આપણો ઇમાન આપણી ગૈરત, શરમ, હરામકાર શહવતપરસ્ત (કામાતુર) માણસોને નજરભેટ કરીએ? જ્યારે કોઇ મનમોજી નૌજવાન રઇસ આપણા પર દીવાનો થઇ જાય છે તો આપણે ફૂલી નથી સમાતી.

આપણને તો એવું જણાય છે કે જાણે સોનાની ચકલી ફસી ગઇ. પણ બહેનો, એ આપણી હિમાકત છે. આપણે તેને આપણા દામમાં નથી ફસાવ્યો પણ આપણે ખુદ તેના દામમાં પોતે ફસી ગઇ. તેણે સોના અને ચાંદીથી આપણને ખરીદી લીધી. આપણે આપણી અસ્મત (પવિત્રતા) જેવી બેબહા (અમુલ્ય) જણસને ખોઇ દીધી, હવેથી આપણો એ નિશ્ચય થવો જોઇએ કે આપણામાંથી કોઇને બુરાઇ કરતા જોઇએ તો તેને તે જ વખતે જાતિમાંથી બહાર કરી દેવી."

સુંદરબાઇએ કહ્યું: "જોહરા બહેને આ બહુજ સારી તજવીજ કરી છે. હું પણ એજ ચાહું છું. જો આપણે ત્યાં કોઇની શાદી, નિકાહ થવા લાગે તો પહેલાં એ જોવું જોઇએ કે તે કેવો માણસ છે અને જો તે આપણી મહોબત ચાહે અને આપણું દિલ તે કબુલે તો શાદી કરવી જોઇએ. પરંતુ જો તે શાદી ન કરતાં મોજ, કામાતુરતાના ઇરાદાથી આવતો હોય તો તેને તરત ધિક્કારી દેવો જોઇએ. આપણને આપણી ઇજ્જત કોડિઓ માટે વેચવી ન જોઇએ."

રામપ્યારીએ કહ્યું: "સ્વામી ગજાનંદે અમને એક ચોપડી આપી છે જેમાં લખ્યું છે: "સુંદરતા આપણા પૂર્વ જન્મના સારા કર્મોનું ફળ છે, પરંતુ આપણે આપણા પૂર્વજન્મની કમાઇ પણ આ જન્મમાં નષ્ટ કરી દઇયે છિયે. જે બહેનો જોહરાની વાતને પસંદ કરતી હોય તે હાથ ઉંચો કરે."

વીસ પચ્ચીસ વેશ્યાઓએ હાથ ઉંચા કર્યા.

રામપ્યારીએ ફરી કહ્યું: "જે એ વાતને પસંદ ન કરતી હોય તે પણ હાથ ઉંચા કરે."

કોઇએ પણ હાથ ઉંચો ન કર્યો.

રામપ્યારી: "કોઇ પણ હાથ ઉંચો ન થયો એનો એ આશય છે કે આપણે જોહરાની વાત કબુલ કરી લીધી. આજનો દિવસ ઘણોજ મુબારક છે."

વૃદ્ધા મહબૂબજાન બોલી: "મને કંઇ પણ કહેતાં એ ડર લાગે છે કે તમો સર્વ કહેશો

કે 'સૌ ચૂહે ખા કરકે બિલ્લી ચલી હજકો,' પણ આજથી સાતમા દિવસે હું ખરેખર હજ કરવા ચાલી જઇશ. મારી જીંદગી તો જેમ કપાઇ તેમ કપાઇ ગઇ પણ આ વખતે આપની આ નીયત જોઇને મને જેટલી ખુશી થાય છે તેને હું જાહેર નથી કરી શકતી. પાક ખુદા તમારા ઇરાદાઓને પુરા કરે."

કેટલીક વેશ્યાઓ આપસમાં ગુસગુસ કરી રહી હતી. તેમના ચહેરાઓ પરથી જણાતું હતું કે એ વાત તેમને પસંદ નહોતી, પણ તેમને બોલવા માટે સાહસ નહોતો થતો. કારણ કે ક્ષુદ્ર વિચાર પવિત્ર ભાવોની સામે દબાઇ જાય છે.

તે પછી સભા સમાપ્ત થઇ અને વેશ્યાઓ જેમ યાત્રાળુ કોઇ ધામના દર્શન કરવા જાય તેમ પગે અલઈપુર તરફ રવાના થઈ ગઈ.

વેશ્યાબજારમાં અંધકાર છવાયલો હતો. આજે ત્યાં તબલાની થાપો, સારંગીઓના આલાપ, મધુર સ્વરનું ગાણું અને રસિક જનોનો સમૂહ એમાંનું કંઇએ નહોતું. અનાજ કપાઇ જતાં, ખેતરની જે દશા થાય છે તે દશા આજે વેશ્યાબજારની થઈ ગઇ.

પ્રકરણ ૫૭ મું.

પંડિત મદનસિંહની કેટલાક મહીના સુધી એ દશા હતી કે જે કોઇ તેમની પાસે આવતું તેની પાસે સદનની નીંદા કરતા તેઓ કહેતા: "કપૂત છે, ભ્રષ્ટ છે, નામ ડૂબાડનારો લુચ્ચો છે, હું તેને એક કાણી કોડી પણ નહિ આપું, જ્યારે ભીખ માંગતો થશે ત્યારે તેને આટા દાળના ભાવ જણાશે."

પદમસિંહને દાનપત્ર લખવા માટે ઘણીએ વાર લખ્યું. ભામા કદિ સદનની ચર્ચા કરતી તો તેના પર ગુસ્સે થતા અને ઘરમાંથી નિકળી જવાની ધમકી આપતાં કહેતા: "જોગી થઇ જઇશ, સન્યાસી થઈ જઈશ પણ તે છોકરાનું મ્હોં ન જોઇશ."

ત્યાર પછી તેમની માનસિક અવસ્થામાં એક પરિવર્તન થયું. તેમણે સદનની ચર્ચા કરવાનુંજ છોડી દીધું. જો કોઇ તેની નીંદા કરતું તો જરા નારાજ થઇ કહેતા: "ભાઇ, હવે શા માટે તેને શાપ આપો છો, જેવું તેણે કર્યું છે તેવું તે ભોગવશે, સારો છે કે નઠારો છે, પણ માથાંનો તો દૂર છે, પોતાના ચાર પૈસા કમાઇ ખાય છે અને ત્યાં પડયો છે તો પડી રહેવા દો." લાલા બૈજનાથ એક દિવસ ખબર લાવ્યા કે ઉમાનાથે સદનને કેટલાક હજાર રૂપીઆ આપ્યા છે તેથી હવે નદી કિનારે ઘર બંધાય છે, બગીચો બનાવવાનું કામ પણ ચાલુ છે, ચૂનો પીસવાનું એક યંત્ર પણ ખરીદયું છે. બસ ખૂબ રૂપીઆ કમાવે છે અને ઉડાવે છે."

મદનસિંહે ગુસ્સે થઇ કહ્યું: "ત્યારે શું તમો ચાહો છો કે તે ભીખ માગે અને બીજાઓની રોટી ખાય? ઉમાનાથ તેને રૂપીઆ કયાંથી આપશે? હમણા એક દીકરીનું લગ્ન કર્યું તેના માટે પણ ખરડો કરવો પડયો હતો તે પોતે પૈસા પૈસા માટે મોતાજ થઇ રહ્યો છે, બાકી સદને જે કંઇ કર્યું હશે તે પોતાની કમાઇથીજ કર્યું હશે. તે ભલે જોઇએ તેવો ખરાબ છે પણ નિરૂદ્યમી નથી. હજી જવાન છે, શોકીન છે ને જો તે કમાવીને ઉરાડતો હોય તો પછી કોઇને શા માટે ખરાબ લાગે. તમારા આ જ ગામમાં એવા કેટલાએક છે જેઓ એક પૈસો પણ નથી કમાવતા અને ઘરમાંથી રૂપીઆ ચોરી લઇ જાય છે અને ચમારિઓના પેટ ભરે છે. સદન તેઓથી તો સારો છે."

મુન્શી બૈજનાથ લજ્જિત થઇ ગયા.

થોડા સમય પછી મદનસિંહની મનોવૃત્તિ પર પ્રતિક્રિયાનું અધિપત્ય થયું. સદનની સુરત આંખોમાં ફરવા લાગી અને તેનીજ વાતો યાદ આવ્યા કરતી. તેઓ કહેતા: "જુવો તો ખરા કેવો નિર્દય છે કે મારાથીજ રીસાયો છે. જાણે હું આ જગ્યા, જમીન, માલ અસ્બાબ સર્વે મારા માથા પર રાખી લઇ જવાનો હોઉં! એક વખત અહિં આવવાનું પણ નથી બનતું. પગમાં જાણે મહેંદી લગાડી બેઠો હોય! પાપી કયાંનો, મારી સાથે ઘમંડ કરે છે. તલ્પી તલ્પી મરી જઇશ ત્યારે બેસીને મારા નામનું રડયા કરશે. તે વખતે પછી ભલે તે ત્યાંથી દોડતો આવશે પણ હમણા આવવાનું નથી બનતું. ઠીક. જોઇએ કે તું ભાગી ભાગીને કયાં જાય છે, ત્યાંજ આવીને તારી ખબર લઉં છું.

ભોજન કરીને જ્યારે વિશ્રામ લેવા બેસતા તો ભામાની સાથે સદનની વાતો કરવા લાગતા. "તે બચપણમાં પણ જીદ્દી હતો. જે વસ્તુ માટે હઠ લેતો તે લઇનેજ છોડતો. તને પણ યાદ આવતું હશે એક વખત મારી પૂજાની ઝોળી માટે કેટલી મોટી ધાંધલ મચાવી અને આખરે તે લઇનેજ ચૂપ થયો. બહુજ

રહી છે, જોતો ખરી તેની કઠોરતા, એક પત્ર પણ નથી મોકલતો, ચુપચાપ કાનમાં તેલ નાખી બેઠો છે. જાણે આપણે મરીજ ગયા છીએ."

ભામા એ વાતો સાંભળતી અને રોતી. મદનસિંહના આત્માભિમાને પુત્રપ્રેમના આગળ સિર ઝુકાવી દીધું હતું.

આ પ્રમાણે એક વર્ષથી વધારે સમય વીતી ગયો. મદનસિંહ વારંવાર સદન પાસે જવાનો વિચાર કરતા પણ તે વિચારને કાર્યરૂપમાં લાવી ન શકતા. એક વખત સામાન બંધાવી ચૂક્યા હતા પણ થોડી વાર પછી તે ખોલાવી નાખ્યું. એક વખત સ્ટેશનપરથી પાછા વળી આવ્યા. તેમનું હૃદય મોહ અને અભિમાનનું રમકડું બની ગયું હતું.

હવે ઘરના કામોમાં તેમનું મન નથી લાગતું. ખેતરોમાં સમય પર પાણી ન દેવાયાથી પાક ખરાબ થઇ ગયો. આસામિઓ પાસેથી લેણા વસુલ કરવામાં ન આવ્યા તેઓ બિચારા રૂપીઆ લઇ આવતા પણ મદનસિંહને રૂપીઆ લઇ રશીદ આપવાનું કામ ભારી લાગતું. તેઓ કહેતાઃ "ભાઇ, હમણા જાઓ પછી આવજો." ગોળ ઘરમાં પડી પડી પીગળી ગયો પણ તેનો વેચવા માટે પ્રબંધ ન કર્યો. ભામા કંઇ કહેતી તો તેને ગુસ્સે થઇ કહેતાઃ "ચૂલ્લામાં જાય આ ઘરબાર; જેના માટે હું સર્વ કંઇ કરતો હતો તે જ જ્યારે નથી ત્યારે પછી આ ઘરબાર શું કામના છે?" હવે તેમને જ્ઞાન થયું કે તેમનું આખું જીવન, બધી ધર્મનિષ્ઠા, સર્વ કર્મશીલતા, બધો આનંદ, માત્ર એકજ આધાર પર અવલંબિત હતા અને તે આધાર સદનનો હતો.

હમણા કેટલાક મહીનાથી પદમસિંહ પણ આવ્યા નહોતા. એક મોટું કાર્ય હાથમાં લેવા પછી ચિત્ત પર જે શિથિલતા છવાઇ જાય છે તે જ અવસ્થા તેમની થઇ રહી હતી. મદનસિંહ તેમના પર પણ પત્ર મોકલતા નહોતા. હા માત્ર તેમના પત્ર આવતા તો શોકથી વાંચતા પણ સદનના કંઇ સમાચાર ન જોઇ ઉદાસ થઇ જતા.

એક દિવસ મદનસિંહ દરવાજા પર બેઠા બેઠા પ્રેમસાગર વાંચી રહ્યા હતા. કૃષ્ણની બાળલીલામાં તેમને બચ્ચાંઓની માફક આનંદ મળતો હતો. સંધ્યાકાળ થઇ ગયો હતો. અક્ષર સૂઝતા નહોતા પણ તેમનું મન તેમાં એવું ચોંટી ગયું હતું કે ઉઠવાની ઇચ્છા નહોતી થતી. અકસ્માત કુતરાઓના ભસવાના અવાજે કોઇ નવો માણસ ગામમાં આવે છે તેની સૂચના કરી. મદનસિંહની છાતી ધડકવા લાગી. સદન તો નથી આવતો! એમ વિચારતાં પુસ્તક બંધ કરી ઉઠયા અને જોયું તો પદમસિંહ આવતા હતા. પદમસિંહે તેમના ચરણ સ્પર્શ કર્યા અને પછી બન્ને ભાઇઓ વચ્ચે વાતચીત થવા લાગી.

મદનઃ "બધા કુશળ છે ને?"

પદમઃ 'જી હા, ઇશ્વરની દયા છે."

મદનઃ "ભલા, તે બેઇમાનની પણ કંઇ ખબર મળી છે?"

પદમઃ "જી હા, સારી પેઠે છે. પાંચ દશ દિવસે મારા ઘરે આવતો રહે છે. અને હું પણ કદિ કદિ સમાચાર પૂછી મંગાવું છું. કોઇ ચિંતાની વાત નથી."

મદનઃ "ભલા તે પાપી ક્યારે પણ અમને યાદ કરે છે કે બિલકુલ મુવા સમજી બેઠો છે? શું તેણે અંહિ આવવા માટે તો સોગંદજ ખાઇ લીધા છે? શું જ્યારે અમે મરી જશું ત્યારે આવશે! જો તેની એજ ઇચ્છા હોય તો ઘરબાર લે અને સંભાળે. હું સાંભળું છું કે ત્યાં ઘર ચણાવી રહ્યો છે. તો પછી તે ત્યાં રહેશે. અહિ કોણ રહેશે આ બધું કોના માટે છોડી દે છે?"

પદમઃ "જી નહી, ઘરબાર તો નથી બંધાવતો. એ તો આપને કોઇએ જુઠું કહી દીધું છે. હા, એક ચૂનાની મીલ ઉભી કરી લીધી છે અને એ પણ ખબર પડી છે કે નદી પર થોડી જમીન પણ ખરીદવા ચાહે છે."

મદનઃ "તો તેને કહી દેજો કે પહેલાં આવી આ ઘરમાં આગ લગાડી જાય પછી ભલે ત્યાં જગા જમીન લે."

પદમઃ "એ આપ શું કહો છો? તે માત્ર તમો લોકોની અપ્રસન્નતાના ભયથી અંહિ નથી આવતો. જો તેને આજે ખબર પડી જાય કે આપે તેને ક્ષમા કરી છે તો આ પળે દોડતો આવે. મારા પાસે આવે છે ત્યારે કલાકો સુધી આપનીજ વાતો કર્યા કરે છે. જો આપની ઇચ્છા હોય તો તે કાલેજ અંહિ આવી પહોંચે."

મદનઃ 'ના, હું તેને બોલાવતો નથી. અમે તેના કોણ થઇયે છિયે કે તે અંહિ આવે. પણ જો આવે તો તેને કહી દેશો કે

જરા પીઠ મજબુત કરી રાખે. કારણ કે તેને જોતાં મારા માથા પર શેતાન સવાર થઇ જશે અને હું ડંડો લઇ કુદી પડીશ. જુવો તો ખરા કે મૂર્ખ મારી સાથે રીસ કરવા લાગ્યો છે. તે ત્યારે નહોતો રીસાયો જ્યારે પૂજાના સમયે પોથીપર લાર ટપકાવતો હતો, ખાવાની થાળી પાસે પીસાબ કરતો હતો. તેનાં લીધે મારાં કપડાં પણ સાફ નહોતાં રહી શકતાં અને ઉજળા કપડા માટે હું તલસતો રહેતો. મને સાફ કપડાં પહેરેલાં જોતો તો શરીરપર ધુળ માટી ચોળીને મારા માથા પર સવાર થઇ જતો. ત્યારે કાં નહોતો રીસાયો આજે તે રીસાવા ચાલ્યો છે. હવે જો તેને જોઉં તો એવી ખબર લઉં કે છઠ્ઠીનું દૂધ પણ યાદ આવી જાય."

બન્ને ભાઇ ઘરમાં ગયા. ભામા બેસી ગાયને ભૂસો ખવરાવતી હતી અને સદનની બન્ને બહેનો રસોઇ કરતી હતી ભામા દિયરને દેખતાંજ ઉભી થઈ ગઇ અને બોલી: "તમારા તો દર્શન પણ દુર્લભ છે. એટલું પણ નથી બનતું કે મહિનામાં એક વખત જઇને જોઇ તો આવું કે કુટુંબીઓ મુવા છે કે જીવતા છે. કહો હતા તો કુશળ ને?"

પદમ: "હા, આપના આશીર્વાદથી આનંદ છે. કહો જમવાનું શું તૈયાર થઇ રહ્યું છે? મને આ વખતે દૂધ હલવો અને મલાઇ જમાડો તો તમને એવા એવા શુભ સમાચાર સંભળાવું કે આનંદથી કુદવા લાગો. ચૈત્રની વધાઇ છે."

ભામાના મલિન મુખપર આનંદની લાલિમા છવાઇ ગઇ અને આંખોની પુતલિઓ પુષ્પ સમાન હસી પડી. તે બોલી: "ચાલો ઘી સાકરના ટાંકામાં ડુબાડી દઉં પછી જેટલું ખાઇ શકો તેટલું ખાઓ."

મદનસિંહે ઠાવકું મ્હોં રાખી કહ્યું: "અરે, આ તો તમે ખરાબ ખબર સંભળાવી. શું ઇશ્વરનાં દરબારમાં ઉલટો ન્યાય થાય છે? મારો છોકરો મારેથી જાય અને તેને છોકરો મળી જાય? હવે તો તે એકમાંથી બે થયો હવે હું તેને કેવી રીતે જીતી શકીશ. હારવું પડયું. તે મને અવશ્ય ખેંચી લઇ જશે. મારા પગ તો હમણાથીજ ઉખડી ગયા. ખરેખર ઇશ્વરને ત્યાં બુરાઇ કરતા ભલાઇ થઇ છે, જુવો તો ખરા ઉલટી વાત છે કે નહિ? પણ હવે મને ચિંતા નથી. સદન ભલે જોઇયે ત્યાં જાય ઇશ્વરે અમારી સાંભળી લીધી છે."

પદમ: "કાલે સવારે રવાના થઇએ તો છઠ્ઠીના સમયપર પહોંચી જઇએ."

મદન: "બસ, તો ભોજન કરી સરસામાન બાંધી તૈયારી કરો."

પ્રકરણ ૫૮ મું.

જેવી રીતે કોઇ માણસ લોભવશ થઇ કોઈ આભૂષણ ચોરી લે છે પણ વિવેક ઉત્પન્ન થવા પછી તેને જોવાથી પણ તેને લજ્જા થાય છે, તેવીજ રીતે સદન પણ સુમનથી છૂપાતો ફરતો એટલુંજ નહિં પણ તે તેને નીચી દ્રષ્ટિથી જોતો અને તેની ઉપેક્ષા કરતો હતો. આખો દિવસ કામ કરવા પછી સાંજના તેને પોતાનો આ વ્યવસાય બહુજ ભારે પડતો, તેમાં પણ વિશેષ કરી ચૂનાના કામમાં તેને અતિ પરિશ્રમ કરવો પડતો હતો. તે વિચારતો કે: "આજ સુમનના કારણે હું ઘરથી તજાયો છું, એણેજ મને આ વનવાસ આપ્યો છે. કેવા આરામથી ઘરમાં રહેતો હતો, ન કોઇ ચિંતા હતી, કે નહોતી કોઇ ખટપટ, ચેનથી ખાતો હતો અને મોજ કરતો હતો. બસ એણેજ મારા માથાપર આ મુસીબત નાખી દીધી." શરૂઆતના પહેલાં પ્રેમના ઉમંગમાં તેણે તેના હાથનું બનાવેલું ભોજન ખાઇ લીધું હતું પણ હવે તેને બહુજ પસ્તાવો થતો હતો. તે ચાહતો હતો કે કોઇ પણ રીતે એનાથી હવે હું છુટું આ તે જ સદન છે જે સુમનપર જાન આપતો હતો, જેના સ્મિતપર, મધુર વાતોપર, કૃપા કટાક્ષપર પોતાનું જીવન સુદ્ધાં ન્યોછાવર કરવાને તૈયાર હતો! પણ આજે સુમન તેની દ્રષ્ટિમાં એટલી બધી નીચી પંક્તિની દેખાય છે કે તે પોતે અનુભવ કરીને પણ ભૂલી જતો હતો કે માનવપ્રકૃતિ કેટલી ચંચલ છે.

સદને અહિં વર્ષોથી લખવા વાંચવાનું છોડી દીધું હતું અને જ્યારથી ચૂનાની મીલ કરી ત્યારથી તો તેને દૈનિક પત્ર વાંચવાનો પણ અવકાશ મળતો નહોતો. હવે તે સમજતો હતો કે આ કામ તે લોકોનું છે કે જેમને બીજું કંઇ કામ નથી, જેઓ આખો દિવસ પડયા માંખો માર્યા કરે છે. પરંતુ કોણ જાણે તેને વાળને ઓળવાને અને હારમોનિયમ વગાડવા માટે કેમ અવકાશ મળી જતો હતો.

કહિ કહિ પાછલી વાતોનું સ્મરણ કરી મનમાં કહેતો: "હું તે વખતે કેવો મૂર્ખ

હતો કે આ.જ સુમન પાછળ લટ્ટુ બની ગયો હતો." તે હવે પોતાના ચરિત્રપર ઘમંડ કરતો હતો. નદીના તટપર તે નિત્ય સ્ત્રિયોને જોયા કરતો હતો, પણ કદિ તેના મનમાં કુભાવ પેદા નહોતા થતા. સદન એને પોતાનું ચારિત્રબળ સમજતો હતો.

પરંતુ જ્યારે ગર્ભિણી શાંતાનો પ્રસૂતિ-સમય નિકટ આવ્યો અને તે ઘણું કરી પોતાના ઓરડામાંજ મંદ, મલિન અને શિથિલ પડી રહેવા લાગી ત્યારે સદનને જણાયું કે તે ભૂલાવામાં હતો. કારણ કે જેને તે ચારિત્રબળ સમજતો હતો તે વાસ્તવમાં તેની તૃષ્ણાઓના સંતુષ્ટ થવાનું ફળ માત્ર હતું. હમણા તે કામપરથી પાછો વળતો તો શાંતા મધુર મુસ્કેરાટસહ તેનું સ્વાગત નહોતી કરતી, તે પોતાના પલંગપર પડી રહેતી. કદિ તેના માથામાં દર્દ થતું તો કદિ શરીરમાં, કદિ જ્વર ચઢી આવતો, કદિ ઉલટીઓ થવા લાગતી. તેનો મુખચંદ્ર કાન્તિહીન થઇ ગયો હતો. અને એવુ જણાતું હતું કે જાણે શરીરમાં રક્તજ નથી. સદનને તેની આ દશા જોઇ દુઃખ થતું, તે કલાકો સુધી તેની પાસે બેસી તેનું દિલ બહેલાવતો રહેતો, પણ તેના ચહેરા પરથી જણાતું હતું કે તેને ત્યાં બેસવું ભારે પડતું હતું. તે કોઇ ને કોઇ બહાને જલદી ઉઠી જતો. તેની વિલાસ તૃષ્ણાએ મનને ફરી ચંચલ કરવું શરૂ કરી દીધું. અને કુવાસનાઓ ઉઠવા લાગી. તે નાવિકોની યુવાન સ્ત્રીઓની મશ્કરી કરતો અને ગંગા તટ પર જતો તો સ્નાન કરતી સ્ત્રીઓને કુદ્રષ્ટિથી જોતો. તે એટલે સુધી કે એક દિવસ આ વાસનાઓથી વિકલ થઇ તે વેશ્યાબજાર તરફ ચાલ્યો. તે કેટલાક મહીનાથી અહિં નહોતો આવ્યો. આઠ વાગી ગયા હતા. કામભોગની પ્રબલ ઇચ્છા તેને આગળ ઘસડયા જતી હતી. તેનું જ્ઞાન અને વિવેક આ સમયે આ આવેગની નીચે દબાઇ ગયા હતા. કયારે તે બે પગલાં આગળ ચાલતો, પછી ચૂપચાપ ઉભો રહી કંઈક વિચારતો અને ફરી પાછો ફરતો. પરંતુ બે ચાર પગલાં ચાલી તે ફરી પાછો ફરી પડતો. આ સમયે તેની દશા તે રોગીના જેવી થઇ રહી હતી જે મીઠા પદાર્થને સામે જોઇ તે પર તૂટી પડે છે અને પથ્યાપથ્યનો વિચાર નથી કરતો.

પરંતુ જ્યારે તે વેશ્યાબજારમાં પહોંચ્યો તો ગલીમાં તે આવજાવ ન જોઇ જે પહેલાં દેખાતી હતી. પાનવાળાઓની દુકાન બે ચાર હતી પણ અત્તારીયો અને હલવાઇયોની દુકાનો બંધ હતી. ઘરો પર વેશ્યાઓ ઝાંકતી ન દેખાઇ તેમજ સારંગી અને તબલાનો ધ્વનિ પણ ન સંભળાયો. હમણા તેને યાદ આવ્યું કે વેશ્યાઓ અહિંથી ચાલી ગઇ છે, તેનું મન ખિન્ન થઇ ગયું પણ એકજ ક્ષણમાં તેને એક વિચિત્ર આનંદનો અનુભવ થયો. તેણે પોતાની કામવૃતિપર વિજય મેળવ્યો, માનો તે કોઇ કઠોર સીપાઇના હાથમાંથી છૂટી નિકળ્યો. તે સીપાઇ તેને ખેંચી જતો હતો તેના પંજામાંથી પોતાને છોડવાનું તેમાં સામર્થ્ય નહોતું, પણ ચોકી પર પહોંચતા સિપાઇએ જોયું કે ચોકી બંધ છે, ત્યાં ન તો થાણેદાર છે કે ન કોન્સટેબલ કે ચોકીદાર. સદનને હવે પોતાના મનની દુર્બલતાપર લજ્જા આવી. તેને પોતાના મનોબલ પર જે ઘમંડ હતું તે ટુકડા ટુકડા થઇ ગયુ.

તે પાછો વળવા ચાહતો હતો પણ મનમાં આવ્યું કે આવ્યો છું તો સારી રીતે સહેલ કેમ ન કરી લઉં. આગળ ચાલ્યો તો તે મકાન દેખાયું જેમાં સુમન રહેતી હતી ત્યાં ગાવાનો મધુર ધ્વનિ તેના કાનમાં આવ્યો. તેણે આશ્ચર્યથી ઉપર જોયું તો એક મોટી "સંગીત પાઠશાલા." સદન ઉપર ચઢી ગયો. આજ ઓરડામાં તે મહીનાઓ સુધી સુમન પાસે બેઠો હતો તેના મનમાં કેટલીએક જુની સ્મૃતિઓ આવવા લાગી. તે એક બાજઠ પર બેસી ગયો અને ગાણું સાંભળવા લાગ્યો. વીસ પચ્ચીસ માણસો બેઠા હતા અને ગાણાનો અભ્યાસ કરતા હતા. કોઇ સિતાર વગાડતો હતો, કોઇ સારંગી અને કોઇ તબલા પર થાપ મારતો. એક વૃદ્ધ પુરૂષ તે સર્વેને વારા પ્રમાણે શિખવતો હતો. તે ગાયન વિદ્યામાં નિપુણ જણાતો હતો. સદનનું મન ગાયન સાંભળવામાં એટલું ચોંટયું કે તે પંદર મીનીટ સુધી ત્યાં બેસી રહ્યો. તેના મનમાં બહુજ ઉત્કંઠા થઇ કે તે પણ અહિં ગાણું શીખવા આવે પણ એક તો તેનું ઘર અહિંથી બહુજ દૂર હતું, બીજું સ્ત્રીઓને એકલી મૂકી રાતના અહિં આવવાનું કઠિન હતું. તે ઉઠવા ચાહતો હતો એટલામાં તે જ ગાયનાચાર્યે સિતાર પર આ ગાયન શરૂ કર્યું:

દયામયી, ભારતકો અપનાઓ.
તવ વિયોગસે વ્યાકુલ હૈ મા, સત્વર ધૈર્ય ધરાઓ;
પ્રિય લાલન કહ કર પુચકારો, હસ કર ગલે લગાઓ.

દયામયી, ભારતકો અપનાઓ.
સોયે આર્ય જાતિકે ગૌરવ, જનની ફેર જગાઓ,
દુખદા પરાધીનતા રૂપી બેડી કાટ બહાઓ.
દયામયી, ભારતકો અપનાઓ.

આ પદે સદનના હૃદયમાં ઉચ્ચ ભાવોનો શ્રોત વહેવરાવી દીધો. દેશોપકાર, જાતિસેવા તથા રાષ્ટ્રગૌરવની પવિત્ર ભાવનાઓ તેના હૃદયમાં ગૂંજવા લાગી. આ બાહ્યધ્વનિ તેના અંતરમાં પણ એક વિશાલ ધ્વનિ પેદા કરી રહ્યો હતો. જગજ્જનનીની દયામય મૂર્તિ તેના હૃદયનેત્રોની સનમુખ ઉભી થઇ ગઇ. એક દરિદ્ર, દુખી, હીન, ક્ષીણ, બાળક દીનભાવથી દેવીની તરફ તાકી રહ્યો હતો અને પોતાના બન્ને હાથ ઉંચા કરી, સજલ આંખોથી જોતો કહી રહ્યો હતો, 'દયામયી ભારતકો અપનાઓ.' તેણે કલ્પનામાં પોતાને દીન કૃષકોની સેવા કરતાં જોયો. તે જમીનદારના લેણદારોને વિનય કરી કહી રહ્યો હતો કે આ દીનજનો પર દયા કરો. કૃષકગણ તેના ચરણોપર પડી જતા હતા, તેમની સ્ત્રીઓ તેને આશીર્વાદ આપી રહી હતી. પોતેજ આ કલ્પિત જાતનો વરરાજા બનેલો સદન અહિંથી જાતિસેવાનો સંકલ્પ કરી ઉઠયો અને નીચે ઉતરી આવ્યો. તે પોતાના વિચારોમાં એવો લીન થઇ રહ્યો હતો કે કોઇની સાથે કંઇ પણ ન બોલ્યો. થોડે દૂરજ ગયો હતો કે તેને સુંદરબાઇના ભવનની સામે ઘણા મનુષ્યો દેખાયા. તેણે એક માણસને પૂછ્યું: "આ વળી કેવી ધામધુમ છે?" જણાયું કે આજે કુંવર અનિરૂદ્ધસિંહ અહિં એક "કૃષી સહાયક સભા" ઉઘાડવાના છે. સભાનો ઉદ્દેશ એ રહેશે કે ખેડુતોને જમીનદારોના અત્યાચારથી બચાવવા. સદનના મનમાં હમણા જે ખેડુતો પ્રતિ સહાનુભૂતિ પ્રગટ થઇ હતી તે મંદ પડી ગઇ. તે જમીનદાર હતો અને ખેડુતોપર દયા કરવા ચાહતો હતો પણ તેને એ વાત મંજૂર નહોતી કે કોઇ તેને દબાવે અને ખેડુતોને ભડકાવી જમીનદારોનો વિરોધ કરવા ઉભા કરી દે. તેણે મનમાં કહ્યું: "આ લોકો જમીનદારોના સ્વત્વોને નિર્મૂળ કરવા ચાહે છે. દ્વેશભાવથીજ પ્રેરિત થઇ આ લોકોએ આ સંસ્થા ખોલવાનો વિચાર કર્યો છે. તો હવે અમો લોકોને પણ સત્વર—સાવધાન થવું જોઇએ, અમને અમારી રક્ષા કરવી જોઇએ. સદને અહિં ઉભા રહેવાનું વ્યર્થ સમજ્યું. નવ વાગી ગયા હતા. તે ઘર તરફ ફર્યો.

પ્રકરણ ૫૯ મું.

સંધ્યા સમય છે. આકાશપર લાલિમા છવાયલી છે અને મંદ પવન ગંગાની લહેરોપર ક્રિડા કરી રહ્યો છે. તે પોતાના અરૂણ નેત્રોથી મુસ્કેરાય છે અને કદિ કદિ સ્મીત કરી હસી પડે છે ત્યારે તેના મોતી જેવા દાંત ચમકી ઉઠે છે. સદનની રમણીય ઝુંપડી આજે ફુલો અને લતાઓથી સજેલી છે. દરવાજાપર નાવિકોની ગીરદી છે. અંદરની બાજુ તેમની સ્ત્રીઓ બેસી ગાઇ રહી છે. આંગણામાં ભઠ્ઠી ખોદેલી છે અને મોટા વાસણ ચઢેલા છે. આજે સદનના પુત્રની છઠ્ઠી છે. એ તેનોજ ઉત્સવ છે.

પરંતુ સદન બહુજ ઉદાસ દેખાય છે, તે સામેના ઓટલાપર બેસી ગંગા તરફ જોઇ રહ્યો છે, ના! તે લોકો નહિ આવે. જો આવવાના હોત તો આજે છ દિવસ વીતી ગયા તો આવી ન જતે. જો હું જાણતે કે તે લોકો નહિ આવશે તો હું આ સમાચાર કાકાને પણ ન કહેત. તેમણે મને મુવેલોજ સમજી લીધો છે અને તેઓ મારી સાથે કોઈ સંબંધ રાખવા નથી ચાહતા; હું જીવું કે મરૂં તેની તે લોકોને પરવા નથી. લોકો આવા અવસર પર પોતાના શત્રુઓના ઘરે પણ જાય છે. ખરા પ્રેમથી નહિ તો લોક વ્યવહારના અંગે પણ આવતે, તો મને જણાતે તો ખરૂં કે સંસારમાં મારૂં કોઇ છે. ઠીક ન આવ્યા તો હવે આ કામમાંથી છુટો થાઉં તો એક વખત હું સ્વયં જઇશ અને સદાને માટે નીવેડો કરી આવીશ. છોકરો કેટલો સુંદર છે, કેવા લાલ લાલ હોઠ છે, બરાબર મારી અણુસાર પર ગયો છે. મારી તરફ કેવા ધ્યાનથી ટગર ટગર જોતો હતો. પિતાના માટે તો હું નથી કહી શકતો પણ માજી તેને જુવે તો એક વખત ખોળામાં અવશ્યજ લઇ લે. એકાએક સદનના મનમાં એ વિચાર આવ્યો કે જો હું મરી જાઉં તો શું થાય? આ બાલકનું કોણ પાલણ પોષણ કરશે? કોઇ નહિ. સંસારમાં મારા સિવાય તેનું બીજું કોઇ નથી. નહિ, હું મરી જઇશ તો પિતાજીને તેનાપર અવશ્ય દયા આવશે. તે એટલા બધા નિર્દય નથી થઇ શકતા. જરા જોઉં સેવિંગ બેંકમાં મારા કેટલા રૂપીયા છે! હજી એક હજાર પણ પૂરા નથી. વધારે નહિ પણ દર મહીને ૫૦) જમા કરૂં તો પણ વરસે ૬૦૦) થઇ જશે અને જેવા બે

હજાર પૂરા થશે કે ઘર બંધાવવાની શરૂઆત ફરી દઇશ.

સદન આજ કલ્પનાઓનો આનંદ લઇ રહ્યો હતો. ચારે તરફ અંધારૂં છવાતું હતું એટલામાં તેણે સડકની તરફથી એક ગાડી આવતી જોઇ. તેની બન્ને બાજુની બત્તી બિલાડીની આંખો માફક ચમકી રહી હતી. કોણ આવે છે? કાકા સાહેબ સિવાય તે વળી બીજું કોણ હશે. મારૂં બીજું છે પણ કોણ. એટલી વારમાં ગાડી નિકટ આવી પહોંચી અને તેમાંથી મદનસિંહ ઉતર્યા. આ ગાડીની પાછળ બીજી એક ગાડી હતી. તેમાંથી સુભદ્રા અને ભામા ઉતરી. સદનની બન્ને બહેનો પણ હતી. જીતન કોચબોક્ષ-પરથી ઉતરી લાલટેન વડે પ્રકાશ પાડવા લાગ્યો. સદન આટલા માણસોને ઉતરતા જોઇ સમજી ગયો કે ઘરના માણસો આવી પહોંચ્યા. પણ એ તેમને મળવા માટે દોડયો નહિ. તે સમય વીતી ગયો હતો કે જ્યારે તે તેમને મનાવવા જતો. હવે તેનો માન કરવાનો સમય આવી પહોંચ્યો હતો. તે એટલા પરથી ઉઠી ઝુંપડીમાં ચાલ્યો ગયો, જાણે તેણે કોઇને જોયા પણ નથી. તેણે મનમાં કહ્યું: "આ લોકો સમજતા હશે કે તેમના વિના હું બેહાલ થતો જાઉં છું પણ એમને જેમ મારી પરવાહ નથી તેમ હું પણ એમની પરવાહ નથી કરતો."

સદન ઝુંપડામાં જઇ જોતો હતો કે જોઇયે તો ખરા એ લોકો શું કરે છે. એટલામાં તેણે જીતનને દરવાજા પર આવી પુકારતો જોયો. કેટલાએક નાવિકો અહિં તહિંથી દોડયા. સદન બહાર નિકળી આવ્યો અને દૂરથીજ પોતાની માતાને પ્રણામ કરી એક બાજુ ઉભો રહ્યો.

મદનસિંહ બોલ્યા: "તું તો એવી રીતે ઉભો છે જાણે અમને ઓળખતોજ નથી. મારા નહિ તો કંઇ નહિ પણ તારી માના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ તો લઇ લે."

સદન: "મારા સ્પર્શથી આપનો ધર્મ બગડી જશે."

મદનસિંહે ભાઇની તરફ જોઇ કરી કહ્યું: "જુવે છે એની વાતો. હું તો તને કહેતો હતો કે તે અમો લોકોને ભૂલી ગયો હશે, પરંતુ તું ઘસડી આવ્યો. પોતાના માતા પિતાને દ્વાર પર ઉભેલા જોઇને પણ તેને દયા નથી આવતી."

ભામાએ આગળ જતાં કહ્યું: "બેટા સદન! તારા પિતાજીના ચરણ સ્પર્શ કર, તું બુદ્ધિમાન થઇ આવી વાતો કરે છે."

સદન વધારે માન ન કરી શકયો. આંખોમાં આંસુ ભરી પિતાના ચરણો પર પડી ગયો. મદનસિંહ પણ રડવા લાગ્યા.

તે પછી તે માતાના ચરણો પર પડયો. ભામાએ ઉપાડી તેને છાતીથી લગાડી લીધો અને આશીર્વાદ આપ્યો.

પ્રેમ, ભક્તિ અને ક્ષમાનો કેવો મનોહર, કેવો દિવ્ય અને કેવો આનંદમય દૃશ્ય છે. માતાપિતાનું હૃદય પ્રેમથી પુલકિત થઇ રહ્યું છે અને પુત્રના હૃદયસાગરમાં ભક્તિના તરંગો ઉછળી રહ્યા છે. આ પ્રેમ અને ભક્તિની નિર્મલ જ્યોતિથી હૃદયની અંધારી કોટડીઓ પ્રકાશમય થઇ ગઇ છે. મિથ્યાભિમાની અને લોકલજ્જા ભયરૂપી કીટ પતંગ ત્યાંથી નિકળી ગયા છે, હવે ત્યાં ન્યાય, પ્રેમ અને સદ્વ્યવહારનો નિવાસ છે.

આનંદના કારણે સદનના પગ જમીનપર નથી પડતા. તે હવે નાવિકોને કોઇને કોઇ કામ કરવાનો હુકમ દઇ દેખાડી રહ્યો છે કે તેનો કેટલો રોફ છે. કોઈ પલંગ કાઢવા જાય છે, કોઇ ગંગાજલ લાવવા જાય છે, કોઇ બજારમાં જાય છે. મદનસિંહ ફુલ્યા નથી સમાતા અને પોતાના ભાઇના કાનમાં કહે છે: "સદન તો બહુ ચતુર નિવડયો. હું તો સમજતો હતો કે કોઇ પણ રીતે પડયો દિવસ વિતાડતો હશે પણ અહિં તો મોટો ઠાઠ છે."

ત્યાં ભામા અને સુભદ્રા અંદર ગઇ. ભામા ચારે તરફ ચકિત થઇ જોતી હતી. કેવી સફાઇ છે? બધી ચીજો યથાસ્થાને ગોઠવેલી છે. એની બહેન બહુ ગુણવાન જણાય છે.

તે સૌરગૃહમાં ગઇ તો શાંતાએ પોતાની બન્ને સાસુના ચરણ સ્પર્શ કર્યા. ભામાએ બાલકને ગોદમાં લઇ લીધો તેને એવું લાગ્યું કે જાણે તે કૃષ્ણનો અવતાર છે. તેની આંખોમાંથી આનંદાશ્રુઓ વહેવા લાગ્યાં.

થોડા સમય પછી તેણે મદનસિંહને આવી કહ્યું: "બીજું ભલે જોઇયે તે હોય પણ વહુ તો બહુજ રૂપવંતી મળી છે. ગુલાબનું ફુલ છે. અને બાલક તો સાક્ષાત્ ભગવાનનો અવતારજ છે.

મદન: "એવો તેજસ્વી ન હોત તો પછી મદનસિંહને ખેંચી કેમ લાવતે."

ભામા: "વહુ ઘણી સુશીલ જણાય છે."

સદન: "ત્યારે તો તેની પાછળ મા–બાપને ત્યાગી દીધા હતા."

સર્વ લોક પોતપોતાની ધુનમાં મગ્ન હતા પણ કોઇને સુદ્ધિ નહોતી કે અભાગિની **સુમન** ક્યાં છે.

પ્રકરણ ૬૦ મું.

સુમન ગંગાતટપર સંધ્યા કરવા ગઇ હતી. જ્યારે તે પાછી આવી ત્યારે ઝુંપડાના દ્વારપર ગાડીઓ ઉભેલી દેખાઇ. દરવાજાપર ઘણા માણસો બેઠા હતા. તે **પદમસિંહને** ઓળખી ગઇ તે સમજી ગઇ કે **સદનના** માતા પિતા આવી પહોંચ્યા છે. તે આગળ ન વધી શકી. જાણે તેના પગમાં બેડીજ પડી ગઇ. તેને જણાયું કે હવે તેના માટે ત્યાં સ્થાન નથી, હવે તેનો સંબંધ અંહિથી તૂટે છે. તે મૂર્તિવત્ ઉભી રહી વિચારવા લાગી કે ક્યાં જાય.

અહિં એક મહિનાથી **શાંતા** અને **સુમન** વચ્ચે અણગમો થઇ ગયો હતો. તેજ **શાંતા** જે વિધવા આશ્રમમાં દયા અને શાંતિની મૂર્તિ બનેલી હતી, એજ આજે **સુમનના** હૃદયને બાળવા અને તેને સંતાપવા માટે તત્પર રહેતી હતી. ઉમેદવારીના દિવસોમાં આપણે જેટલા વિનયશીલ અને કર્ત્તવ્યપરાયણ રહીયે છિયે તેટલા જો સ્થાન પ્રાપ્ત થયા પછી રહીયે તો આપણે દેવતુલ્ય બની જઇયે. તે સમયે **શાંતાને** સહાનુભૂતિની જરૂર હતી, પ્રેમની આકાંક્ષાએ તેના ચિત્તને ઉદાર, કોમળ અને નમ્ર બનાવી દીધું હતું પણ હવે પોતાના પ્રેમરત્નને પ્રાપ્ત કરી કોઇ દરિદ્રમાંથી પૈસાદાર થઇ જનાર મનુષ્યની માફક તેનું હૃદય કઠોર થઇ ગયું હતું. તેને એ ભય ખાધ્યા કરતું કે ક્યાંક **સદન** **સુમનની** જાળમાં ન ફસી જાય. **સુમનની** પૂજા, પાઠ અને ભક્તિનું તેની દ્રષ્ટિમાં કંઇ મૂલ્ય નહોતું. તે એ સર્વને પાખંડ સમજતી હતી. **સુમન** શિરમાં તેલ નાખવા અને સાફ કપડાં પહેરવા માટે તલસતી, તે **શાંતા** સમજતી હતી. તે **સુમનના** આચાર, વ્યવહારને બહૂજ તીવ્ર દ્રષ્ટિથી જોતી હતી. વાત એટલે સુધી ગઇ હતી કે **સુમનને** **સદનને** કંઇ કહેવું હોય તો તે **શાંતા** દ્વારા કહેતી. ભોજન કરવાના સમયે **શાંતા** કોઇ પણ બાનું કાઢી રસોડામાં આવી બેસતી તે પોતાના પ્રસવકાળ પહેલાં **સુમનને** કોઇ પણ રીતે ત્યાંથી ટાળવા ચાહતી હતી કારણ કે પ્રસૂતિગૃહમાં પૂરાઇ તે **સુમનની** તપાસ રાખી શકે નહિ. તે બીજા બધા કષ્ટ સહન કરવા કબૂલ હતી પણ આ દાહ સહન કરવા અશક્ત હતી.

પણ **સુમન** બધું જોતાંએ કંઇ પણ દેખતી નહોતી, સર્વ કંઇ સાંભળવા છતાં કંઇ પણ સાંભળતી નહોતી. નદીમાં ડૂબતા મનુષ્યની માફક આ તૃણના આધારને પણ છોડી શકતી નહોતી. તે પોતાનો જીવન માર્ગ સ્થિર કરી શકતી નહોતી. પણ આ સમયે **સદનના** માબાપને જોઇ આ આશરો પણ તેને છોડવો પડયો, ઈચ્છાશક્તિ જે નહોતી કરી શકતી તે અવસ્થાએ કરી બતાવ્યું. તેણે નદીમાં ડૂબવાનો નિશ્ચય કરી લીધો.

તે દબાતા પગલે ધીરે ધીરે ઝુંપડા પાછળ આવી અને કાન લગાડી સાંભળવા લાગી કે તે લોકો તેની તો કંઇ ચર્ચા નથી કરતા. અર્ધો કલાક તે એમજ ઉભી રહી. **ભામા** અને **સુભદ્રા** અંહિંતંહિની વાતો કરી રહી હતી. અંતમાં તેણે **ભામાને** એ કહેતાં સાંભળી: "શું હમણા એની બ્હેન અંહિ નથી રહેતી?"

સુભદ્રા: "રહે કેમ નહિ તે ક્યાં જવાની છે?"

ભામાં: "દેખાતી નથી."

સુભદ્રા: "કોઇ કામે ગઇ હશે. ઘરનું બધુ કામ એજ સંભાળી બેઠી છે."

ભામા: "આવે તો તેને કહી દેજો કે બહારજ સૂવે. **સદન** એના હાથેજ બનાવેલું ખાતો હશે?"

શાંતા પ્રસૂતિગૃહમાંથી બોલી: "નહિં, હમણા સુધીતો હુંજ રાંધતી હતી. અને આજ કાલ તો એ પોતાના હાથે બનાવી જમે છે."

ભામા: "તો પણ મટકા અને વાસણને તો તે અડકતી હશે આ ઘડો ફેંકાવી દ્યો, અને વાસણ ફરી ધોવાઇ જશે."

સુભદ્રા: "બહાર સૂવાને જગ્યા પણ ક્યાં છે?"

ભામા: "હોય કે ન હોય પણ હું ત્યાં તો તેને સુવા ન દઇશ. એવી સ્ત્રીનો તે કેવો વિશ્વાસ?"

સુભદ્રા: "નહિ, હમણા તે એવી નથી. હવે બહુજ ધર્મનીમથી રહે છે."

ભામા: "જોઇ તે મોટી ધર્મનીમથી રહેનારી. સાત ઘાટનું પાણી પી આજે ધર્મની પૂતળી બની છે. દેવતાની મૂર્તિ ખંડિત થવા

પછી સંધાતી નથી. તે ભલે હવે દેવી બની જાય તો પણ હું તેનો વિશ્વાસ ન કરૂં."

સુમન એથી વિશેષ ન સાંભળી શકી. તેને એમજ લાગ્યું કે જાણે કોઇએ લોઢું લાલ કરી તેના હૃદયમાં ઘોંચી દીધું. ઉલટા પગે તે પાછી ફરી અને તે અંધકારમાં એક તરફ ચાલી ગઇ.

અંધકાર ખૂબ છવાયલો હતો. રસ્તો ઠીક સુઝતો નહોતો. પણ સુમન પડતી આખડતી ચાલી જતી હતી. તે ક્યાં જાય છે તેની તેને ખબર નહોતી, તે પોતાના હોશમાં નહોતી. લાકડી ખાઇને ગભરાયલા કુતરાની માફક તે મૂર્ચ્છાવસ્થામાં ઠોકરો ખાતી જતી હતી. તે સાવચેત થવા ઇચ્છતી હતી પણ ન થઇ શકી. આખરે તેના પગમાં એક મોટો કાંટો ખૂંચી ગયો. તે પગ પકડી બેસી ગઇ. ચાલવાની શક્તિ ન રહી.

બેશુદ્ધિમાંથી શુદ્ધિમાં આવનાર માણસની પેઠે તેણે અહિં તહિં ચોંકીને જોયું. ચોમેર શૂન્ય! ભીષણ અંધકાર! માત્ર શિયાળો પોતાના રાગ આલાપી રહ્યા હતા. "અહિં હું એકલી છું" એ વિચારી સુમનના રોમાંચ ઉભા થઇ ગયા. એકલાપણું કોને કહે છે તે આજે તેને જણાયું. પરંતુ એ જાણતી કે અહિં કોઇ નથી તે એકલીજ છે, તેને નીચે ઉપરં નાના પ્રકારના જીવ આકાશમાં ઉડતા દેખાતા હતા. એટલે સુધી કે તેણે ગભરાઇને આંખો બંધ કરી લીધી. નિર્જનતા કલ્પનાને અત્યંત રચનાશીલ બનાવી દે છે.

સુમન વિચારવા લાગી હું કેવી અભાગિણી છું. બીજાની વાત તો દૂર રહી પોતાની સગી બ્હેન હવે મારૂં મ્હોં જોવા નથી ઇચ્છતી. મેં તેને અપનાવવા ઇચ્છા કરી પણ તે મારી ન થઇ. મારા શિરપર કલંકનો ટીકો લાગી ગયો છે તે હવે ધોવાથી મટી નથી શકતો. હું તેમને તેમજ અન્ય કોઇને શા માટે દોષ આપું? એ બધું મારા કર્મોનું ફળ છે. અરેરે! એડીમાં કેવી પીડા થાય છે આ કાંટો કેમ નિકળશે? અંદર તેનો એક ટુકડો તૂટી ગયો છે. તે કેવો અટકી રહ્યો છે! નહિં, હું કોઇને પણ દોષ નથી દઇ શકતી. ખોટા કર્મો તો મેં કર્યા છે, તેમનાં ફળ કોણ ભોગવશે? વિલાસ લાલસાએ મારી આ દુર્ગતિ કરી છે. હું કેવી આંધળી થઇ ગઇ હતી કે માત્ર ઇન્દ્રિઓના સુખભોગ માટે પોતાના આત્માનો નાશ કરી બેઠી. મને કષ્ટ અવશ્ય હતું. પણ હું વસ્ત્રાભૂષણ માટે, સારા ભોજન માટે અને પ્રેમ માટે તલસતી હતી. તે સમયે મને મારૂં જીવન દુઃખમય દેખાતું હતું. પરંતુ તે અવસ્થા પણ મારા પૂર્વ જન્મનુંજ ફળ હતું. શું એવી સ્ત્રીઓ નથી કે જે તેથી પણ અધિક દુઃખો સહન કરીને પણ પોતાના આત્માનું રક્ષણ કરે છે? દમયંતીપર કેવાં કેવાં સંકટ આવ્યા, સીતાને રામચંદ્રે ઘરમાંથી કાઢી મૂકી અને તે વરસો સુધી જંગલમાં નાના પ્રકારના કલેશ ભોગવતી રહી. સાવિત્રીએ કેવી આફતોને સહન કરી, પણ તે ધર્મપર દઢ રહી. અરે એટલે દૂર શા માટે જાઉં, મારા પડોસમાં કેટલીએક સ્ત્રીઓ રોઇ રોઇને દિવસ કાપતી હતી. અમોલામાં તે બિચારી આયરણી કેવી વિપત્તીમાં હતી. તેનો પતિ પરદેશથી વર્ષો સુધી આવતો નહોતો, તે બિચારી ઉપવાસ કરી પડી રહેતી. હાય, આ સુંદરતાએ મારી તો મિટ્ટી ખરાબ કરી. મારા સૌંદર્યના અભિમાને મને આ દિવસ દેખાડ્યા.

હે પ્રભુ! તું સુંદરતા આપી મનને ચંચલ શા માટે બનાવી દે છે? મેં સુંદર સ્ત્રીઓને ઘણે ભાગે ચંચલજ જોઇ. કદાચિત ઇશ્વર આ યુક્તિથી અમારા આત્માની પરીક્ષા કરે છે. અથવા જીવન માર્ગમાં સુંદરતારૂપી બાધા નાંખી અમારા આત્માને બળવાન, પુષ્ટ બનાવવા ચાહે છે. સુંદરતારૂપી આગમાં આત્માને નાખી તેને ચમકાવવા ચાહે છે. પણ હાય! અજ્ઞાનવશ અમને કંઇ નથી સુઝતું, આ આગ અમને બાળી દે છે આ બધા અમને વિચલિત કરી દે છે.

આ ખટક કેમ બંધ થાય, કોણ જાણે કેવો કાંટો હતો. અરે પણ અહિં આવી મને કોઇ પકડી લે તો બૂમો મારતાંએ કોણ સાંભળશે? કંઇ નહિં એ તો ન સુંદરતાનો દોષ છે કે ન મારા વિલાસ પ્રેમનો. એ સર્વ મારા અજ્ઞાનનો દોષ છે. ભગવાન્! મને જ્ઞાન આપો. હવે તો તમેજ મારો ઉદ્ધાર કરી શકો છો. મેં ભૂલ કરી કે વિધવા આશ્રમમાં ગઇ. સદન સાથે રહેવામાં પણ ભૂલી; કારણ કે મનુષ્યો પાસેથી ઉદ્ધારની આશા રાખવી વ્યર્થ છે. એઓ પોતે પણ મારી માફક અજ્ઞાનમાં પડેલા છે. તે મારો ઉદ્ધાર શું કરશે? હું તેનાજ શરણમાં જઇશ, પણ કેમ જાઉં? કયો માર્ગ છે, બે વર્ષથી ધર્મગ્રંથો વાંચું છું પણ કંઇ પણ સમજમાં નથી આવતું. ઇશ્વર તમને કેમ પ્રાપ્ત કરૂં? મને આ અંધ-

કારમાંથી કાઢો. તમે દિવ્ય છો, જ્ઞાનમય છો, તમારા પ્રકાશથી સંભવ છે કે આ અંધકાર નાશ પામે! આ પાંદડાં કેવાં ખડખડી રહ્યાં છે. કોઇ જાનવર તો નથી આવતું? નહિં કોઇ આવે છે તો જરૂર.

સુમન ઘણીવાર સુધી આવાજ વિચારોમાં મગ્ન રહી. તેને તેનાથી શાંતિ થતી હતી. આજ સુધી તેણે કદિ આવી રીતે આત્મ-વિચાર કર્યો નહોતો. આ સંકટમાં પડતાં તેની સદેચ્છા જાગૃત થઇ ગઇ હતી.

રાત્રિ પડી ચુકી હતી. વસંતની શીતળ હવા વહાતી હતી. સુમને સાડી સમેટી ગુંઠણોપર શિર રાખી દીધું. તેને એ દીન યાદ આવ્યો કે જ્યારે તે આજ ઋતુમાં, આજ સમયે પોતાના પતિના દ્વારપર બેઠી વિચાર કરતી હતી કે તે ક્યાં જાય. આજે ભક્તિની શીતળ છાંયાએ તેને આશ્રય આપ્યો હતો.

એકાએક તેની આંખો સ્થંભી ગઇ. તેણે જોયું કે સ્વામી ગજાનંદ મૃગચર્મ ધારણ કરી તેના સામે દયાપૂર્ણ નેત્રોથી તેની તરફ તાકતા ઉભા છે. સુમન તેમના ચરણોપર પડી અને દીન ભાવથી બોલી: "સ્વામી, મારો ઉદ્ધાર કરો."

સુમને જોયું કે સ્વામીજીએ તેના શિરપર દયાથી હાથ ફેરવી કહ્યું: "ઇશ્વરે તે માટેજ મને તારી પાસે મોકલ્યો છે. બોલ તારી શી ઇચ્છા છે, દોલત?"

સુમન: "નહિં, મહારાજ દોલતની ઇચ્છા નથી."

સ્વામી: "સન્માન?"

સુમન: "નહિ મહારાજ, સન્માનની પણ ઇચ્છા નથી."

સ્વામી: "ભોગ વિલાસ?"

સુમન: "મહારાજ એનું નામ સુદ્ધાં ન લ્યો. મને જ્ઞાન આપો."

સ્વામી: "ઠીક ત્યારે સાંભળ, સત્યુગમાં મનુષ્યની મુક્તિ જ્ઞાનથી થતી હતી, દ્વાપરમાં ભક્તિથી, ત્રેતામાં સત્યથી પણ આ કલિયુગમાં એનો માત્ર એકજ માર્ગ છે અને તે સેવા છે. એજ માર્ગપર ચાલ અને તારો ઉદ્ધાર થશે. જે લોકો તારાથી પણ દીન, દુઃખી અને દલિત છે તેમના શરણમાં જા અને તેમના આશીર્વાદ તારો ઉદ્ધાર કરશે.

સુમનની આંખો ઉઘડી ગઇ. તેણે અંહિ તંહિં જોયું તે પોતાની જાગૃતાવસ્થા માટે નિશ્ચિંત હતી. આટલી વારમાં સ્વામીજી અદ્રશ્ય થઇ ગયા. એકાએક તેને એમ જણાયું કે સામે વૃક્ષોની નીચે સ્વામીજી ફાનસ લઇ ઉભા છે. તે ઉઠી લંગડાતી લંગડાતી તેમના તરફ ચાલી. તેણે અનુમાન કર્યું કે તે વૃક્ષસમૂહ ૧૦૦ ગજના અંતરપર હશે. પણ તેતો સોના બદલે ચારસો ગજ દૂર ગઇ છતાં તે વૃક્ષકુંજ અને તેના સ્વામીજી ફાનસ લઇ તેટલાજ દૂર ઉભા હતા.

સુમનને ભ્રમ થયો કે: "હું નિંદ્રિત તો નથી આ સો સ્વપ્નલીલાતો નથી. આટલું ચાલવા પછી પણ તે તેટલાજ દૂર છે. તેણે જોરથી બૂમ પાડી કહ્યું: "મહારાજ, હું આવું છું, આપ જરા થોભો."

તેના કાનોમાં આ શબ્દ સંભળાયા: "આવ, હું ઉભો છું."

સુમન ફરી ચાલી પણ બસો કદમ ચાલતાં તે થાકીને બેસી ગઇ. તે વૃક્ષસમૂહ અને સ્વામીજી જેમના તેમ સામે સો ગજના અંતરે ઉભા હતા.

ભયથી સુમનના રોમાંચ ઉભા થયા! તેની છાતી ધડકવા લાગી અને પગ થરથર કંપવા લાગ્યા. તેણે બૂમ પાડવા ઇચ્છા કરી પણ અવાજ ન નિકળ્યો.

સુમને સાવચેત થઇ વિચાર કરવા ઇચ્છા કરી કે તે શું રહસ્ય છે; "હું કોઇ પ્રેતલીલા તો જોઇ નથી રહી?" પરંતુ કોઇ અજ્ઞાત શક્તિ તેને ત્યાં ખેંચીને લઇ જતી હતી. જાણે ઇચ્છાશક્તિ મનને છોડીને તેજ રહસ્ય પાછળ દોડી જાય છે.

સુમન ફરી ચાલી. હમણા તે શહેરના નિકટમાં આવી પહોંચી હતી. તેણે જોયું કે સ્વામીજી એક નાની ઝુંપડીમાં ચાલ્યા ગયા અને વૃક્ષ સમૂહ અદ્રસ્ય થઇ ગયો. સુમન સમજી કે એજ તેમની કુટિ છે. તેને બહુજ ધીરજ આવી. તેણે વિચાર્યું: "હવે સ્વામીજીની અવશ્ય ભેટ થશે. તેઓજ એ રહસ્યને સ્પષ્ટ કરશે."

તેણે પર્ણકુટિના દ્વાર પર જઇને કહ્યું: "સ્વામીજી, હું સુમન છું."

આ ઝુંપડી ગજાનંદનીજ હતી. પણ તે સુઇ ગયા હતા. સુમનને કંઇ જવાબ ન મળ્યો.

સુમને સાહસ કરી કુટિમાં દ્રષ્ટિપાત કર્યો. આગ બળતી હતી અને ગજાનંદ ધાબળી ઓઢી સુતેલા હતા. સુમનને અચંબો થયો કે એ હમણા તો આવે છે અને આટલી વારમાં

સુઈ કેમ ગયા! અને તે ફાનસ પણ ક્યાં ગયું? તેણે બૂમ મારી: "સ્વામીજી."

ગજાનંદ ઉઠીને બેઠા થયા. અને વિસ્મિત નેત્રોથી સુમનને જોવા લાગ્યા. તે એક મિનીટ સુધી ધ્યાનપૂર્વક તેને જોતા રહ્યા. પછી બોલ્યા: "કોણ સુમન?"

સુમન; "હા, મહારાજ હુંજ છું."

ગજાનંદ: "હું હમણાજ તને સ્વપ્નમાં જોઈ રહ્યો હતો."

સુમને ચકિત થઇને કહ્યું: "આપ તો હમણાજ ઝુંપડીમાં આવો છો."

ગજાનંદ: "નહિં, મને સુવાને તો ઘણો સમય થઇ ગયો છે, હું તો ઝુંપડીમાંથી બહાર નિકળ્યો પણ નથી. હમણા સ્વપ્નમાં તનેજ જોઇ રહ્યો હતો."

સુમન: "અને હું આપનીજ પાછળ પાછળ ગંગા તટને ઓળંગી ચાલતી આવી છું. આપ ફાનસ લઇ મારી આગળ ચાલ્યા જતા હતા."

ગજાનંદે મુસ્કેરાઇ કહ્યું: "તને ભ્રમ થયો."

સુમન: "જો ભ્રમ હોત તો હું વગર જોયે કે સાંભળે અહિં કેમ પહોંચી? હું નદી કિનારે એકલી બેસી વિચાર કરી રહી હતી કે મારો ઉદ્ધાર કેમ થશે. હું ઇશ્વરને મને શરણમાં લેવા માટે વિનય કરી રહી હતી. એટલીવારમાં આપ ત્યાં આવી પહોંચ્યા અને મને સેવાધર્મનો ઉપદેશ આપ્યો. હું આપને કેટલીએક વાતો પૂછવા ચાહતી હતી પણ આપ અદ્રશ્ય થઇ ગયા. કિંતુ એક ક્ષણમાં મેં આપને ફાનસ લઇ થોડે દૂર ઉભેલા જોયા. બસ આપની પાછળ દોડી. એ રહસ્ય મારી સમજમાં નથી આવતું કૃપા કરી મને સમજાવો."

ગજાનંદ: "સંભવ છે કે એમ થયું હોય પણ એ વાતો હમણા તારી સમજમાં નહિં આવે."

સુમન: "કોઇ દેવતા તો નહોતા કે જેઓ આપનો વેશ ધારણ કરી મને આપના શરણમાં લાવ્યા હોય?"

ગજાનંદ: "એ પણ સંભવિત છે. તેં જે કંઇ કહ્યું તે સર્વ હું સ્વપ્નમાં જોઇ રહ્યો હતો. અને તને સેવાધર્મનો ઉપદેશ આપી રહ્યો હતો. સુમન, તું મને સારી રીતે જાણે છે, તેં ઘણા સંકટ ઉપાડયા છે, ઘણા કષ્ટ વેઠયા છે. તું જાણે છે હું કેટલો નીચ પ્રકૃતિનો અધમ જીવ છું પરંતુ મારી તે નીચતાઓનું સ્મરણ કરૂં છું તો મારૂં હૃદય વ્યાકુળ થઇ જાય છે. તું આદર પામવા યોગ્ય હતી મેં તારો નિરાદર કર્યો. એજ આપણી દુરાવસ્થા અને દુ:ખોનું મૂળ કારણ છે. ઇશ્વર તે દિવસ ક્યારે દેખાડશે કે જ્યારે આપણી જાતિમાં સ્ત્રીઓનો આદર થશે. સ્ત્રી મેલા, ગંદાં, જૂના, ફાટેલા વસ્ત્ર પહેરી, આભૂષણ વિહીન થઇ, અર્ધ ભૂખી સુકી રોટલી ખાઇને, ઝુંપડીમાં રહીને, મહેનત મજૂરી કરીને સર્વ કષ્ટોને સહીને પણ જીવન વ્યતીત કરી શકે છે. માત્ર ઘરમાં તેનો આદર થવો જોઇએ; તેનો પ્રેમ થવો જોઈએ. આદર અને પ્રેમ વિહીન મહિલા મહેલોમાં પણ સુખપૂર્વક નથી રહી શકતી. પણ હું અજ્ઞાન અને અવિદ્યાના અંધકારમાં પડયો હતો. પોતાનો ઉદ્ધાર કરવાનું મારી પાસે કોઇ સાધન નહોતું. ન જ્ઞાન હતું કે ભક્તિ અને કર્મ સામર્થ્ય હતું. એટલે મેં મારા બંધુઓની સેવા કરવાનો નિશ્ચય કર્યો. એજ માર્ગ મારા માટે સર્વથી સરલ હતો. ત્યારથી હું યથાશક્તિ આ માર્ગનેજ અવલંબું છું. અને હવે મને અનુભવ થઇ રહ્યો છે કે આત્મોદ્ધારના માર્ગોમાં માત્ર નામનો અંતર છે મને આ માર્ગપર ચાલતાં શાંતિ મળી છે. અને હું તારા માટે પણ આ માર્ગ સર્વથી ઉત્તમ સમજું છું. મેં તને આશ્રમમાં અને સદનના ઘરમાં જોઈ ત્યાં તું સેવાવૃત્તમાં મગ્ન હતી. હું તારા માટે ઇશ્વરને એજ પ્રાર્થના કરતો હતો. તારા હૃદયમાં દયા, પ્રેમ અને સહાનુભૂતિ છે. અને સેવાધર્મના એજ મુખ્ય સાધન છે. તારા માટે સેવાના દ્વાર ખુલ્લા છે. તે તને પોતાની તરફ બોલાવી રહી છે. સુમન, તેમાં પ્રવેશ કર ઇશ્વર તારૂં કલ્યાણ કરશે."

સુમનને ગજાનંદના મુખારવિંદ પર એક નિર્મળ જ્યોતિનો પ્રકાશ દેખાયો. તેના અંતઃકરણમાં એક અદ્દભૂત શ્રદ્ધા અને ભક્તિના ભાવનો ઉદય થયો. તેણે વિચાર્યું કે એમના આત્મામાં કેટલી દયા અને પ્રેમ છે. હાય! આવા નરરત્નનો તિરસ્કાર કર્યો. જો એમની સેવામાં રહેતે તો મારૂં જીવન સફલ થઇ જતે. તેણે કહ્યું: "બોલો, મહારાજ આપ મારા ઇશ્વર સ્વરૂપ છો, આપનીજ દ્વારા મારો ઉદ્ધાર થઇ શકે છે. હું મારૂં તનમન આપની સેવામાં આજે ફરીને અર્પણ કરૂં છું. એજ પ્રતિજ્ઞા એક વખત મેં કરી હતી પણ અજ્ઞાનવશ તેનું પાલન ન કરી શકી. એ પ્રતિજ્ઞા મારા

હૃદયમાંથી નિકળી નહોતી. આજે તે ખરા મનની છે. આપે મારી બાંય પકડી હતી, અને જો કે હું પતિત થઇ ગઇ છું પણ આપ પોતાની ઉદારતાથી મને ક્ષમાદાન આપો અને મને સન્માર્ગપર લઇ જાઓ."

ગજાનંદને આ વખતે સુમનના ચહેરાપર પ્રેમ અને પવિત્રતાની છાંયા દેખાઇ. તે વ્યાકુળ થઇ ગયો. જે ભાવોને તેણે વર્ષો સુધી દાબી રાખ્યા હતા તે જાગૃત થવા લાગ્યા. સુખ અને આનંદની નવી ભાવનાઓ ઉત્પન્ન થવા લાગી. તેને પોતાનું જીવન શુષ્ક, નીરસ અને આનંદ વિહીન ભાસવા લાગ્યું. તે આ કલ્પનાઓથી ભયભીત થઇ ગયો. તેને શંકા થઇ કે જો આ વિચાર મારા મનમાં રહી જશે તો મારો સંયમ વૈરાગ્ય અને સેવાવ્રત એના પ્રવાહમાં તૃણની માફક વહી જશે. તે બોલી ઉઠયો: "તને ખબર છે અંહિ એક અનાથાલય ઉઘાડવામાં આવ્યું છે?"

સુમન: "હા, તેની ચર્ચા સાંભળી તો હતી."

ગજાનંદ: "આ અનાથાલયમાં વિશેષ કરીને તેજ કન્યાઓ છે જેમને વેશ્યાઓએ અમને સોંપી છે; જે લગભગ ૫૦ છે."

સુમન: "એ આપના ઉપદેશોનું ફળ છે."

ગજાનંદ: નહિ, એમ તો નથી. તેનો સંપૂર્ણ શ્રેય પંડિત પદમસિંહને છે. હું તો માત્ર તેમનો સેવક છું. આ અનાથાલય માટે એક પવિત્ર આત્માની આવશ્યકતા છે, અને તુંજ તે આત્મા છે. મેં બહુ શોધ કરી પણ કોઇ એવી મહિલા ન મળી જે આ કામની સેવા પ્રેમભાવથી કરે, જે કન્યાઓનું માતાની માફક પાલન કરે અને પોતાના પ્રેમથી તે એકલીજ તેમની માતાઓનું સ્થાન પૂરૂં કરી દે. તેઓ જો બીમાર પડે તો તેમની સેવા કરે, તેમના ખસ આદિ દર્દોને, કે મલ મૂત્રને જોઇ ઘૃણા ન કરે અને પોતાના વ્યવહારથી તેમનામાં ધાર્મિક ભાવોનો એવો સંચાર કરી દે કે તેમના પાછલા સંસ્કાર નાશ પામે અને તેમનું જીવન સુખમાં વીતે. એ ઉદ્દેશ્ય વાત્સલ્ય વીના પૂરો નથી થઇ શકતો. ઇશ્વરે તને જ્ઞાન અને વિવેક આપ્યાં છે, તારા હૃદયમાં દયા, કરૂણા અને ધર્મ છે. અને તુંજ આ કર્તવ્યનો ભાર સંભાળી શકે છે. મારી પ્રાર્થના સ્વીકારશે?"

સુમનની આંખો સજલ થઇ ગઇ. "મારા વિષયમાં એક જ્ઞાની મહાત્માના આ વિચાર છે એ વિચારી તેનું ચિત્ત ગદ્‌ગદ્‌ થઇ ગયું. તેને સ્વપ્ને પણ એવી આશા નહોતી કે તેના પર આટલો વિશ્વાસ મૂકવામાં આવશે અને તેને આવી મહાન્ સેવાનું ગૌરવ પ્રાપ્ત થશે. તેને નિશ્ચય થયો કે પરમાત્માએ ગજાનંદને આ પ્રેરણા કરી છે. હમણા થોડા સમય પહેલાં તે કોઇ બાલકને ગંદુ જોતી તો તેના તરફથી મ્હોં ફેરવી લેતી. પણ ગજાનંદે તેના પર વિશ્વાસ મૂકી તેની ઘૃણાને જીતી લીધી હતી. તેનામાં પ્રેમનો સંચાર કરી દીધો હતો. આપણે આપણા પર વિશ્વાસ મૂકનારાને કદિ નિરાશ નથી કરવા ઇચ્છતા અને એવા બોજાને ઉપાડવા તૈયાર થઇ જઇએ છિયે જેને આપણ અસાધ્ય સમજીએ છિયે. વિશ્વાસથી વિશ્વાસ ઉત્પન્ન થાય છે. સુમને અત્યંત વિનીત ભાવથી કહ્યું: "આપ લોકો મને એને યોગ્ય સમજો છો એ મારૂં પરમ સૌભાગ્ય છે. હું કોઇને પણ કંઇ કામ આવી શકું, કોઇની સેવા કરી શકું એ મારી પરમ લાલસા હતી. આપે બતાવેલા આદર્શ સુધી હું પહોંચી ન શકીશ પણ યથાશક્તિ હું આપની આજ્ઞાનું પાલન કરીશ. એટલું કહી સુમન ચૂપ થઇ ગઇ. તેનું માથું ઝુકી ગયું. અને આંખો અશ્રૂ પૂર્ણ થઇ ગઇ. તેની વાણીથી જે ન થઈ શકયું તે તેના મ્હોંના ભાવે પ્રકટ કરી દીધું, જાણે તે કહી રહી હોય કે એ આપની અસીમ કૃપા છે કે, આપ મારા પર આવો વિશ્વાસ મૂકો છે; કયાં મારા જેવી નીચ, દુશ્ચરિત્રા અને કયાં આ મહાન્ પદ. પણ ઇશ્વર ઇચ્છા હશે તો આપને આ વિશ્વાસદાન માટે પસ્તાવું નહિ પડે."

ગજાનંદે કહ્યું: "હું એજ આશા રાખતો હતો. પરમાત્મા તારૂં કલ્યાણ કરે."

એટલું કહી ગજાનંદ ઉઠી ઉભા થયા. પ્રાતઃકાળની તૈયારી હતી. પપૈયાનો પિયુ-પિયુનો રસીલો ધ્વનિ સંભળાતો હતો. તેમણે પોતાનું કમંડલ ઉપાડયું અને ગંગા સ્નાન કરવા ચાલ્યા ગયા.

જેમ આપણે ઉંઘમાંથી જાગીને જોઇએ છિયે તેમ સુમને ઝુંપડી બહાર નિકળીને જોયું સમય કેટલો સોહામણો છે, કેટલો શાંતિમય અને ઉત્સાહપૂર્ણ છે! શું તેનું ભવિષ્ય પણ એવુંજ થશે? શું તેના ભવિષ્ય જીવનનો પ્રભાત હશે! તેમાં પણ કદિ કદિ ઉષાની ઝલક દેખાવ દેશે, કદિ સૂર્યનો પ્રકાશ થશે? હા, થશે અને તે પણ આ સોહામણો શાંતિમય પ્રભાત તેજ આવનાર દિનરૂપી જીવનનો પ્રભાત છે.

પ્રકરણ ૬૧ મું.

એક વર્ષ વીતી ગયું. પંડિત મદનસિંહ પહેલાં તીર્થયાત્રા માટે અડગ નિશ્ચય કરી બેઠા હતા એવું જણાતું કે સદન ઘેર આવતાં એક દિવસ પણ નહિ થોભે, સીધા બદ્રીનાથ પહોંચી દમ લેશે પણ જ્યારથી સદન આવ્યો છે ત્યારથી તેમણે ભૂલે પણ તીર્થયાત્રાનું નામ નથી લીધું. પૌત્રને ગોદમાં લઇ આસામિઓનો હિસાબ કરે છે ખેતરોની દેખરેખ કરવા જાય છે. માયાએ તેમને વધારે જકડી લીધા છે. હા, ઘરમાં ભામા હવે કંઇક નિશ્ચિંત થઇ ગઈ છે. પાડોસણો સાથે વાર્તાલાપ કરવાનુ કર્તવ્ય તેણે પોતાના શિરપરથી નથી હટાવ્યું. શેષ કામ શાંતા ઉપર નાંખી દીધા છે.

પંડિત પદમસિંહે વકીલાત છોડી દીધી. હવે તેઓ મ્યુનિસિપાલીટીના મુખ્ય કર્મચારી છે. એ કામ પર તેમને બહુજ રૂચી છે, શહેર દિવસે દિવસે ઉન્નતિ કરી રહ્યું છે. વર્ષમાંજ કેટલીએક સડકો, ત્રણ નવા બાગ તૈયાર થઇ ગયા છે. હવે તેમનો ઇરાદો છે કે એક્કા અને ગાડીવાલાઓ માટે શહેર બહાર એક મહોલ્લો બનાવવો પંડિતજીના પહેલાના કેટલાક મિત્રો હવે તેના વિરોધી થઈ ગયા છે. અને પહેલાના કેટલાક વિરોધીઓથી મેળ થઇ ગયો છે, પરંતુ મહાશય વિઠ્ઠલદાસપર તેમની શ્રદ્ધા દિનપ્રતિદિન વધતી જાય છે. તે બહુજ ઇચ્છા કરે છે કે મહાશયજીને મ્યુનિસિપાલીટીમાં કોઇ અધિકાર આપે પણ વિઠ્ઠલદાસ ખુશી નથી. તે નિઃસ્વાર્થ કર્મની પ્રતિજ્ઞાને તોડવા નથી ચાહતા. તેમની માન્યતા છે કે અધિકારી બની તેઓ એટલુ હિત નથી કરી શકતા જેટલું અલગ રહી કરી શકે છે. તેમનો વિધવા-આશ્રમ આજ કાલ બહૂજ ઉન્નતિએ ચઢેલો છે અને મ્યુનિસિપાલિટી તરફથી વિશેષ સહાયતા મળે છે. હમણા તેઓ ખેડુતોની સહાયતા માટે એક સારી રકમ એકત્ર કરી રાખવા ઉદ્યોગ કરી રહ્યા છે. જેમાંથી ખેડુતોને બીજ અને રૂપીયા નજીવા વ્યાજપર ઉધાર આપી શકાય. આ સત્કાર્યમાં સદન બાબૂ વિઠ્ઠલદાસનો જમણો હાથ બન્યો છે.

સદનનું મન પોતાના ગામપર ન લાગ્યું. તે શાંતાને ત્યાં છોડી ફરી ગંગા કિનારાની ઝુંપડીમાં આવી ગયો છે અને તે વ્યવસાયને ખુબ વધારી રહ્યો છે. તેની પાસે હમણા પાંચ નૌકાઓ છે અને સેંકડો રૂપીઆની દર મહિને પેદાશ છે. તે હવે એક સ્ટીમર વેચાતી લેવાનો વિચાર કરે છે.

સ્વામી ગજાનંદ વધારે ભાગે ગામડીઆઓમાં રહે છે. તેમણે નિર્ધનોની કન્યાઓના ઉદ્ધાર માટે પોતાનું જીવન અર્પણ કરી દીધું છે. શહેરમાં આવે તો એક બે દિવસથી અધિક નથી રોકાતા.

* * * *

કાર્તિક માસ હતો. પદમસિંહ સુભદ્રાને ગંગા સ્નાન કરાવવા માટે લઇ ગયા હતા. પાછા વળતી વખતે તેઓ અલઈપૂરના રસ્તે આવતા હતા. સુભદ્રા ગાડીની બારીમાંથી બહાર જોતી બેઠી હતી અને વિચારતી હતી કે અંહિ આ શૂન્યકારમાં લોકો કેમ રહી શકે છે. તેમનું મન કેમ અંહિ લાગતું હશે. એટલી વારમાં તેને એક સુંદર ભવન દેખાયું જેના ફાટકપર મોટા અક્ષરોમાં લખ્યું હતું:—

સેવાસદન.

સુભદ્રાએ પંડિતજીને પૂછ્યું: "શું આજ સુમન બાઇનું "સેવા સદન" છે?

પંડિતજીએ કંઇક ઉદાસ ભાવથી કહ્યું: "હા." તેઓ પસ્તાઇ રહ્યા હતા કે આ રસ્તાથી શા માટે આવ્યા. એ તો હવે જરૂર આ આશ્રમને જોશે. મને પણ જવું પડશે. ફસ્યા તો બરાબર. પંડિતજીએ હજી સુધી એક વખત પણ સેવા સદનનું નિરીક્ષણ કર્યું નહોતું. ગજાનંદે કેટલીએક વાર તેમને લાવવા ઇચ્છા દર્શાવી હતી પણ એકને એક બાનું કાઢી છટકી જતાં. તે સર્વ કંઇ કરી શકતા હતા પણ સુમનના સન્મુખ જવું તેમના માટે અતિ કઠિન હતું. તે સુમનની પહેલાની વાત કદિ પણ ભૂલી શકતા નહોતા જે તેણે બંગડી આપતી વખતે તેમને પાર્કમાં કહી હતી. તે સમયે તેઓ સુમનથી એટલા માટે છૂપાતા કે તેમને લજ્જા આવતી હતી. તેમના ચિત્તમાંથી આ વિચાર કદિ દૂર નહોતો થતો કે જે સ્ત્રી આટલી સાધ્વી તથા સચ્ચરિત્રા થઇ શકે છે તે માત્ર મારા કુસંસ્કારોના કારણે કુમાર્ગ ગામિની બની; મેંજ તેને કુવામાં ડૂબાડી!

સુભદ્રાએ કહ્યું: "જરા ગાડી ઉભી રખાવો હું તે જોવા ઇચ્છું છું."

પદમસિંહ: "આજે બહુજ સમય થઈ ગયો છે ફરી ક્યારે આવશું."

સુભદ્રા: "એક વર્ષ થયા તો આવીએ છિયે પણ કદિ જઇ ન શકી. અહિંથી જઇને ફરી કોણ જાણે ક્યારે ફુરસદ મળશે."

પદ્મસિંહ: "તું પોતે શા માટે ન આવી શું કોઇ રોકતું હતું?"

સુભદ્રા: "તે વાતને રહેવા દ્યો હમણા આવી છું ત્યારે તો ચાલો."

પદ્મસિંહ: "ચાલવામાં મને વાંધો થોડોજ છે માત્ર મોડું થઇ જવાનું ભય છે. નવ વાગ્યા હશે."

સુભદ્રા: "અહિં તે ક્યાં વધારે વખત લાગવાનો છે દશ મીનીટમાં તો આવતા રહેશું."

પદ્મસિંહ: "તારી હઠ કરવાની ખરાબ આદત છે. કહી દીધું કે હમણા મને મોડું થાય છે પણ માનતી નથી."

સુભદ્રા: "ઘોડાને જરા તેજ કરી દેજો કસર વળી જશે."

પદ્મ: "ઠીક તો તું જા. હમણાંથી તે સાંજ સુધી જ્યારે મન માને ત્યારે આવજે. હું જાઉં છું રસ્તામાં ગાડી કરી લઇશ."

સુભદ્રા: "એવી શું જરૂર છે તમે અહિં બેઠા રહો હું હમણા પાછી આવું છું."

પદ્મ: "(ગાડીમાંથી ઉતરી) હું જાઉં છું તારી મરજી થાય ત્યારે આવજે."

સુભદ્રા આ આનાકાનીનુ કારણ સમજી ગઇ. તેણે 'જગત'માં કેટલીએક વાર 'સેવા સદન' ની પ્રશંસા વાંચી હતી. પંડિત પ્રભાકર રાવની આજકાલ સેવા સદન પર પૂરી દયાદ્રષ્ટિ હતી. મતલબ કે સુભદ્રા આ આશ્રમ પર અતિ પ્રેમ રાખતી હતી અને સુમન પ્રતિ તેના હૃદયમાં ભક્તિ ઉત્પન્ન થઇ ગઇ હતી. તે સુમનને આ નવી અવસ્થામાં જોવા ઇચ્છતી હતી. તેને આશ્ચર્ય થતું હતું. સુમન એટલી નીચે ગયેલી આવી વિદુષી કેમ થઇ ગઇ કે પત્રોમાં પણ તેની પ્રશંસા છપાય છે. તેને તો મરજી થઇ કે પંડિતજીની બરાબર ખબર લે, પણ સાઇસ ઉભો હતો એટલે કંઇ બોલી ન શકી. તે ગાડીમાંથી ઉતરી આશ્રમમાં દાખલ થઇ.

તે જેવી આંગણામાં પહોંચી કે એક સ્ત્રીએ અંદર જઇ સુમનને તેના આવવાની સૂચના આપી અને એક ક્ષણમાં સુભદ્રાએ સુમનને આવતાં જોઇ. તે, "તે કેશવિહીના અને આભૂષણ રહિત સુમનને જોઇ ચકિત થઇ ગઇ." તેમાં નહોતી તે કોમલતા કે ન તે ચપલતા. પહેલાની મુસ્કેરાતી આંખ અને તે હસતા હોઠ આજે નહોતા. રૂપલાવણ્યની જગાએ પવિત્રતાની જ્યોતિ ઝળકી રહી હતી.

સુમન નિકટ આવી સુભદ્રાના ચરણ પર પડી ગઇ અને સજલ નયને બોલી:

"આજે મારા ધન્ય ભાગ છે કે તમને અહિં જોઇ રહી છું."

સુભદ્રાની આંખો ભરાઇ ગઇ. તેણે તરત સુમનને ઉપાડી છાતી સરસી ચાંપી લીધી અને ગદ્‌ગદ્ સ્વરથી કહ્યું: "બાઇ, આવવા માટે તો જીવ તલપતો હતો પણ આલસ્ય વશ હમણા સુધી આવી નહોતી શકી."

સુમન: "પંડિતજી સાથે આવ્યા છે કે એકલા આવ્યા છો?"

સુભદ્રા: "સાથે તો હતા પણ તેમને મોડું થતું હતું એટલે એક બીજી ગાડી કરી ચાલ્યા ગયા."

સુમને ઉદાસ થઇ કહ્યું: "મોડું તો એમા શું થવાનું હતું પણ તેઓ અહિં આવવાજ નથી ઇચ્છતા. મારા અભાગ્ય, દુઃખ માત્ર એ છે કે જે આશ્રમના તેઓ પોતે જન્મદાતા છે તેનાપર મારા કારણે તેમને આટલી ઘૃણા છે. મારી હૃદયથી એ અભિલાષા હતી કે એક વખત તમે અને તે બંન્ને અંહિ આવો. અર્ધી તો આજે પૂરી થઇ શેષ વળી ક્યારે ને ક્યારે પૂરી થશેજ. અને તેજ મારા ઉદ્ધારનો દિવસ થશે.

એટલુ કહી સુમને સુભદ્રાને આશ્રમ બતાવવો શરૂ કર્યો. ભવનમાં પાંચ મોટા ઓરડા હતા. પહેલા ઓરડામાં લગભગ ત્રીસ બાલિકાઓ બેઠી કંઇક વાંચતી હતી. તેમની અવસ્થા બાર વરસથી પંદર વરસ સુધીની હતી. અધ્યાપિકાએ સુભદ્રાને આવતી જોતાંજ તેની સાથે હાથ મેળવ્યો. સુમને બંન્નેનો પરિચય કરાવ્યો. સુભદ્રાને એ સાંભળતા અતિ આશ્ચર્ય થયો કે તે મહિલા મિસ્ટર રૂસ્તમભાઈ બેરિસ્ટરની સુયોગ્ય પત્નિ છે. તે નિત્ય બે કલાક માટે આશ્રમમાં આવી આ યુવતિઓને શીખવતી હતી.

બીજા ઓરડામાં પણ એટલીજ કન્યાઓ હતી. તેમની અવસ્થા ૮ થી ૧૨ વરસની હતી. તેઓમાંથી કોઇ કપડા કાપતી હતી કોઇ સીવતી હતી. અને કોઇ પોતાની પાસેની બાલિકાને ચીમટી ભરતી હતી. અંહિ કોઇ અધ્યાપિકા નહોતી. એક બુઢો દરજી કામ કરી રહ્યો હતો સુમને છોકરીઓએ તૈયાર કરેલા કુરતા, જાકીટ આદિ સુભદ્રાને દેખાડયા.

ત્રીજા ઓરડામાં ૧૫-૨૦ નાની છોકરીઓ હતી તેમાં કોઇ પણ પાંચ વરસથી મોટી નહોતી. તેઓમાં કોઇ ઢીંગલીઓથી રમતી હતી. કોઇ દીવાલ પર લટકતી તસ્વીરો જોતી હતી. સુમન પોતેજ આ વર્ગની અધ્યાપિકા હતી.

સુભદ્રા અંહિથી સામેના બગીચામાં આવી. એજ છોકરીઓએ લગાડેલા ફૂલપાન જોવા લાગી. કેટલીએક છોકરીઓ ત્યાં બટાટા અને કોબીના કયારામાં પાણી આપી રહી હતી. તેમણે સુભદ્રાને એક સુંદર ફુલોનો તુરો ભેટ કર્યો.

ભોજનાલયમાં કેટલીએક છોકરીઓ બેસી રસોઇ તૈયાર કરતી હતી. સુમને સુભદ્રાને આ કન્યાઓએ બનાવેલા અથાણાં આદિ બતાવ્યા.

સુભદ્રાને અંહિનો સુપ્રબંધ, શાંતિ અને કન્યાનો શીલ સ્વભાવ જોઇ અતિ આનંદ થયો. તેણે મનમાં વિચાર્યું કે, સુમન આટલા મોટા આશ્રમને એકલી કેમ ચલાવતી હશે; મારાથી તો કદિ ન થઇ શકતે. કોઇ પણ છોકરી મલિન યા ઉદાસ નથી દેખાતી.

સુમને કહ્યું: "મેં આ ભાર મારે માથે વહોરી તો લીધો પણ મારામાં તેને સંભાળવાની શક્તિ નથી. લોકો જે સલાહ આપે છે તેજ મારો આધાર છે. તમને પણ જે કંઇ ખામી જણાતી હોય તે કૃપા કરી બતાવી દ્યો. તેથી તમારો ઉપકાર થશે.

સુભદ્રાએ હસી કહ્યું: "બાઇજી, મને લજ્જિત ન કરો, મેં તો જે કંઇ જોયું છે. તેનાથી ચકિત થઇ રહી છું, તમને સલાહ શું આપું, બસ એટલુંજ કહી શકું છું કે આવો ઉત્તમ પ્રબંધ વિધવા આશ્રમનો પણ નથી.

સુમન: "તમે સંકોચ કરી રહ્યા છો."

સુભદ્રા: નહિ સત્ય કહું છું. મેં જેવું સાંભળ્યું હતું તેથી પણ વિશેષ જોયું. હા, એતો કહો, આ બાલિકાઓની માતાઓ એમને જોવા આવે છે કે નહિ?"

સુમન: "આવે છે, પણ હું યથાસાધ્ય આ મેળ મેળાપને રોકું છું."

સુભદ્રા: "ઠીક પણ એમનો વિવાહ કયાં થશે?"

સુમન: "એજ તો પંચાત છે. અમારૂ કર્તવ્ય એ છે કે આ કન્યાઓને ચતુર-ગૃહિણી બનવાને યોગ્ય બનાવી દઇયે. તેમનો આદર સમાજ કરશે કે નહિ તે હું નથી કહી શકતી."

સુભદ્રા: "બારિસ્ટર સાહેબની પત્નિને આ કામ અતિ પ્રિય લાગે છે?"

સુમન: "એમજ કહોને કે આશ્રમની સ્વામિની તેજ છે. હું તો માત્ર તેમની આજ્ઞાનુ પાલન કરૂં છું."

સુભદ્રા: "શું કહું, હું કોઇ કામને યોગ્ય નથી નહિં તો હું પણ અંહિ કંઇ કામ કર્યા કરતે."

સુમન: "આવતાં આવતાં માંડ આજે તો આવ્યા છો તે પણ વળી પંડિતજીને નારાજ કરીને. પંડિતજી ફરી અંહિ આવવા પણ નહિ આપે."

સુભદ્રા: "નહિ, આવતા રવીવારે હું તેમને જરૂર અહિં તેડી આવીશ. બસ હું છોકરીઓને રસોઇનું કામ શીખવ્યા કરીશ."

સુમન: "(હસીને) આ કામમાં તમે કેટલીએક છોકરીઓને તમારાથી નિપુણ જોશો."

એટલી વારમાં ૧૦ છોકરીઓ સુંદર વસ્ત્ર પહેરી આવી અને સુભદ્રા સામે ઉભી રહી મધુર સ્વરથી ગાવા લાગી.

હે જગત પિતા, જગત પ્રભૂ,
મુઝે અપના પ્રેમ ઔર પ્યાર દે.
તેરી ભક્તિમેં લગે મન મેરા,
વિષય કામનાકો બિસાર દે.

સુભદ્રા આ ગીત સાંભળી બહુજ પ્રસન્ન થઇ અને છોકરીઓને પાંચ રૂપીયા ઇનામ આપ્યા.

જ્યારે તે ચાલવા લાગી ત્યારે સુમને કરૂણ સ્વરથી કહ્યું: "હું આવતા રવીવારે તમારી વાટ જોઇશ."

સુભદ્રા: "હું અવશ્ય આવીશ."

સુમન: શાંતિ તો કુશલ છે ને?"

સુભદ્રા: "હા, પત્ર આવ્યો હતો. સદન તો અંહિ નથી આવ્યા?"

સુમન: નહિ પણ ૨) માસિક ફંડમાં મોકલતા રહે છે."

સુભદ્રા: "હવે તમે બેસો, મને આજ્ઞા આપો."

સુમન: "તમારા આવવાથી હું કૃતાર્થ થઇ ગઇ."

સુભદ્રા: "અને હું તમારા દર્શનોથી તરી ગઇ. તમારી ભક્તિ, કાર્ય કુશળતા વગેરે કોના કોના વખાણ કરૂં, તમે વાસ્તવમાં સમાજના શૃંગાર છો."

સુમનઃ—"(સજલ નેત્રોથી) હું તો મને તમારી તેજ દાસી સમજું છું. હું જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી આપ લોકોના યશ માનતી રહીશ. મારી હમણા સુધી કોણ જાણે કેવી દશા થાત પણ તમો લોકોએજ મારી બાંય પકડી અને મને ડૂબતાં બચાવી લીધી. પરમાત્મા આપ લોકોનું સદૈવ કલ્યાણ કરે.

* * * *

વાંચક! "આજે લગ્ન સમારંભ છે." જેમાં આપણા તે જીતનનાં લગ્ન આ અનાથાલયની તેનીજ કોમની બાળિકા સાથે છે. જેમાં ગજાનંદ અને સુમન તેમજ જાણીતા બેરીસ્ટર રૂસ્તમજીનાં પત્નિ સેવા સદન તરફથી કન્યાનાં વાલી રૂપે છે. જ્યારે સદને તેજ રૂપિઆથી સઘળું સારૂં થયું ધારી બહુજ હોંશથી જીતન માટે ખર્ચ કરેલો છે. જીતને પણ પેલા ખાડામાંથી માળા કાઢી છે અને તેને સોની પાસે ધોવરાવી ચળકતી કરી ડોકમાં ધારણ કરી સઘળા સામે શરમથી જોતો ફરે છે. લગ્ન સમારંભમાં સઘળાઓ ભાગ લેવા હાજર થયા છે. વર કન્યા પરણી ઉઠતાં કન્યા સ્ત્રી વર્ગમાં પગે પડવા ચાલી ગઈ છે. અને વરરાજા જીતન પુરૂષ વર્ગમાં દરેકને નમે છે. અને ચળકતા રૂપિઆ તથા ગીનીઓથી ગજવું ભરે છે. મહાશય પ્રભાકરરાવે પોતાના "જગત" પત્રમાં મરી મસાલાથી લગ્ન સભારંભનો હેવાલ પ્રગટ કર્યો છે. અને આગલી પાછલી વાતોનો સારો સ્ફોટ કરી પંડિતજી પદમસિંહ અને સુમનના ભારે વખાણ કર્યા છે. જીતનને એક હજાર રૂા. તથા પોતાની ઝુંપડી પાસે રહેવા માટે એક ઘર સદને બંધાવી આપ્યા છે. તેનો પણ હેવાલ ભારે મસાલા પૂર્વક આવેલો છે અને સઘળાઓને જીતનનાં લગ્ને એક ગાંઠથી જોડી દીધા છે. કહેવાની જરૂર નથી કે, હવે મ્યુનિસીપાલ બોર્ડમાં ટંગ કે કાંઇ હરિફાઇ જેવું છેજ નહિં. વળી "સેવા સદન" અને "વિધવા આશ્રમ" આખા શહેરની માલેકોની માનીતી સંસ્થાઓ થઇ રહી છે.

સમાપ્ત.